બ્રિટિશ હિન્દુસ્તાનનો

આર્થિક ઇતિહાસ.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી.

શેઠ હરિવલ્લભદાસ ખાળગોવિંદદાસ ગ્રન્થમાળા નં. ૩૦

બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ.

વિભાગ ૧ લો.

ઇ. સ. ૧૭૫૭ થી ઇ. સ. ૧૮૬૭ સુધી.

રમેશચન્દ્ર દત્તના અંગ્રેજી પુસ્તક ઉપરથી

લખનાર

ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી

બી. એ., એલ્એલ્. બી.

વકીલ, હાઇકોર્ટ–મુંબાઈ.

શેઠ હરિવલ્લભદાસ ખાળગોવિંદદાસ ગ્રન્થમાળા ફંડ ખાતેથી

છપાવી પ્રસિદ્ધકર્ત્તા

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.

સંવત્ ૧૯૬૫ સન ૧૯૦૯

કીમત રૂ. ૦-૧૨-૦

સર્વ પ્રકારના હક્ક ગુ. વ. સોસાઈટીને સ્વાધીન છે.

વડોદરા: વીરક્ષેત્ર મુદ્રાલય પ્રિં. પ્રે. કં. લિ.

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રંથમાળા.

ઉપોદ્ઘાત.

સુરતના વતની અને ધંધાર્થે મુંબઇનિવાસી સ્વર્ગવાસી શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસે તા. ૧૬ સપ્ટેમ્બર સન ૧૮૭૭ ના રોજ વીલ કર્યું છે, તે અન્વયે પ્રથમ સન ૧૮૮૦ માં રૂ. ૨૦૦૦ સોસાઇટીને મળ્યા. તે એવી શરતથી કે તેના વ્યાજમાંથી સામાજીક સુધારો થાય એવાં પુસ્તકો તૈયાર કરાવી છપાવવાં. સદરહુ વીલથી શેઠ હરિવલ્લભદાસે અમુક પ્રસંગ બન્યા પછી બાકી રહેલી પોતાની તમામ મીલકત પુસ્તક પ્રસાર માટે સોસાઇટીને અર્પણ કરેલીછે. તે અન્વયે સન ૧૮૯૪ માં રૂ. ૧૮૦૦૦ ની સરકારી પ્રૉમીસરી નોટો પુસ્તકો તૈયાર કરાવવા તથા તે પ્રસિદ્ધ કરાવવા માટે સદરહુ વિદ્યાવિલાસી અને પરોપકારી ઉદાર ગૃહસ્થ તરફથી મળેલીછે, તેમાંથી આજ પર્યંત નીચેનાં પુસ્તકો **"શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રન્થમાળા"** તરીકે પ્રસિદ્ધ થયાં છેઃ—

૧.	કયી કયી નાતો કન્યાની અછતથી નાની થતી જાયછે, તેનાં કારણો તથા તેમાં સુધારો કરવાના ઉપાય.	રૂ. ૦– ૭–૦
૨.	માને શિખામણ.	રૂ. ૦– ૬–૦
૩.	નીતિમંદિર.	રૂ. ૦–૧૨–૦
૪.	બાળલગ્નથી થતી હાનિ.	રૂ. ૦– ૬–૦
૫.	પુનર્વિવાહ પક્ષની પૂરેપૂરી સોળેસોળ આના ફજેતી !	રૂ. ૦– ૫–૦
૬.	ભોજન વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર.	રૂ. ૦– ૪–૦
૭.	ધાર્મિક પુરૂષો.	રૂ. ૦– ૪–૦
૮.	ઉદ્યોગી પુરૂષો.	રૂ. ૦– ૪–૦

૯. બેન્જામીન ફ્રાંકલીન.	૩. ૧– ૦–૦
૧૦. બોધક ચરિત.	૩. ૦– ૪–૦
૧૧. સદ્ગર્તન.	૩. ૧– ૮–૦
૧૨. રઘુવંશકાવ્ય.	૩. ૧– ૦–૦
૧૩. જાવજી દાદાજી ચોધરીનું જીવનચરિત્ર.	૩. ૦– ૨–૦
૧૪. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ભા. ૧ લો.	૩. ૦–૧૨–૦
૧૫. ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ ભા. ૨ જો.	૩. ૧– ૦–૦
૧૬. નીતિસિદ્ધાંત.	૩. ૧– ૦–૦
૧૭. ફ્રાન્સિસ બેકનનું જીવનચરિત્ર.	૩. ૧– ૪–૦
૧૮. શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસનું જીવનચરિત્ર.	૩. ૦– ૬–૦
૧૯. પરોપકાર.	૩. ૦–૧૨–૦
૨૦. ઢોરનું બાતર.	૩. ૦– ૪–૦
૨૧. જગત્નો અર્વાચીન ઇતિહાસ.	૩. ૨– ૦–૦
૨૨. કીરાતાર્જુનીય કાવ્યનું મૂળ સાથે ગુજરાતી ભાષાંતર	૩. ૧– ૦–૦
૨૩. વિવિધ પ્રકારના હુન્નરોપયોગી તેન્જો.	૩. ૦–૧૨–૦
૨૪. વાર્નિશ.	૩. ૧– ૦–૦
૨૫. જીવનનો આદર્શ.	૩. ૦–૧૨–૦
૨૬. કીર્તિકૌમુદી.	૩. ૦– ૮–૦
૨૭. શિશુપાલવધ કાવ્ય–પૂર્વાર્ધ (સર્ગ ૧ થી ૧૦).	૩. ૧– ૦–૦
૨૮. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો ઉદય.	૩. ૦– ૬–૦
૨૯. રસાયનશાસ્ત્ર.	૩. ૦–૧૦–૦
૩૦. બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ, વિભાગ ૧ લો.	૩. ૦–૧૨–૦

ગુજરાત વર્નાકયુલર સોસાઇટીની ઓફીસ,
અમદાવાદ—તા. ૪, નવેંબર સન ૧૯૦૯.

પ્રસ્તાવના.

ગુજરાત વર્નાકયુલર સોસાઇટિની આજ્ઞાથી રમેશચન્દ્ર દત્તકૃત 'The Economic History of India, અને India in the Victorian Age એ બે પ્રમાણભૂત ગ્રન્થોને આધારે આ (બ્રિટિશ હિન્દુસ્તાનનો આર્થિક ઇતિહાસ) લખાયલો છે. આપણી ભાષામાં આ વિષયની માહિતી માટે બીજાં સાધનોને અભાવે ઉક્ત-ગ્રન્થોના સારોદ્ધારમાત્રથી વાંચનારની જિજ્ઞાસા તૃપ્ત નહિ થાય એમ લાગવાથી, તેમ મૂળ ગ્રન્થ અને ગ્રન્થકારના અપાર ગૌરવનો પણ યોગ્ય ખ્યાલ નહિ આપી શકાય એમ સમજાયાથી, મૂળ ગ્રન્થને ગુજ-રાતીભાષામાં બનતાસુધી યથાસ્થિત ઉતારવાનો જ યત્ન કર્યો છે; અને આ લેખકને ખાત્રી છે કે તેથી આ ગ્રન્થની ઉપયોગિતામાં વૃદ્ધિ થશે.

હાઇકોર્ટ; મુંબાઇ
નવેમ્બર ૧૯૦૯

ઉત્તમલાલ કે. ત્રિવેદી.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું.

સામ્રાજ્યનો ઉદય ૧–૧૮

પ્રકરણ ૨ જું.

બંગાળાની હકીકત ૧૯–૯૨

પ્રકરણ ૩ જું.

મદ્રાસ ૯૩–૧૨૭

પ્રકરણ ૪ થું.

ગ્રામસંસ્થાઓ કે વ્યસ્ત બેડુતો ૧૨૮–૧૯૧

પ્રકરણ ૫ મું.

ઉત્તર હિંદુસ્તાન ૧૯૧–૨૪૪

પ્રકરણ ૬ ઠું.

ઉદ્યોગની પડતી ૨૪૪–૨૯૭

પ્રકરણ ૭ મું.

રાજ્યવ્યવસ્થા ૨૯૮–૩૧૬

પ્રકરણ ૮ મું.

મુંબઈમાં એલ્ફિન્સ્ટન (૧૮૧૭ થી ૧૮૨૭).... ૩૧૬–૩૫૨

પ્રકરણ ૯ મું.

નાણાં પ્રકરણ અને આર્થિક અપવાહ ૩૫૩–૩૮૫

પ્રકરણ ૧૦ મું.

મહારાણી વિક્ટોરિયાનું રાજ્યારોહણ ... ૩૮૫–૩૯૬

અગત્યની ભૂલોનું શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	લિટિ	અશુદ્ધ	શુદ્ધ
૬૪–૬૫	૧૩–૨–૯	દુર્લભરાય	દુલાલરાય
૮૨	૧૨–૧૩	બડામહાલ	બારામહાલ
૧૪૧	૭	રૈયતદારી	રૈયતવારી
૧૮૧	૭ આકાશને	આ જમીનની કાંઇ પણ દરકાર ન હતી.	આકાશીઆ જમીનની કોઇને કાંઇ પણ દરકાર ન હતી અને
૨૦૬	૧૨	અર્થે ફરવાથી	ક્ષર્થે
૨૨૫	૧૩	સાલો	સાળો
૨૨૫	૧૪	સાલ	સાળ
૨૨૭	૩	જતીઅને	જતી
૨૩૩	૧૬	અપાય એ	અપાય આ
૨૩૭	૭	તમારા	મારા
૨૪૮	૧૯	અને ધર્માદાની વૃત્તિનો	(એ શબ્દો ન જોઇએ)
”	૨૦	સ્ત્રીઓ,	સ્ત્રીઓ તરફ
૨૫૪	૧૮–૧૯	અંગ્રેજનું નામ કરવાની હિમ્મત પણ ન ધરે તે ગુન્હાને	કરવાની હિમ્મત પણ ન ધરે તે ગુન્હાને અંગ્રેજનું નામ
૨૫૯	૧૧	કપાસ	૩
૨૬૯	૧૫	૧૪૦૦૦	૧૪૬૦૦૦
૨૮૩	૧૮ (કોલમ ૧ લું)	+	લોં. ઠર્લાય +
”	૧૯ ”	+	મજલીદ +
”	૨૦ ”	+	તાકા +

પૃષ્ઠ	લિટિ	અશુદ્ધ	શુદ્ધ
૨૮૪	૧	+	સાટીન +
,,	૨	+	રેશમી માલ +
,,	૩	+	બનાત +
,,	૪	૧૮૧	શાલ ૧૮૧
,,	૫	+	ઉનનું કામડ +
,,	૬		બીજો ઉનનો માલ
૨૮૫	૧૩	શાળાને	શાલોને
૨૮૬	૨૫	બળતા	લખતા
૨૮૮	૨૪–૨૫	એ નીતિ સ્વીકારમાં ગ્રહણ કર્યા હતા.	એ ગ્રહણ કર્યો હતો.
૨૮૯	૧૦	રક્ષક નીતિ	રક્ષક
૨૯૦	૯	વેરા પોતાની	વેરા સામે પોતાની
૩૦૭	૨	૧૮૮૨	૧૮૨૨
૩૦૮	૨૩	શાળો	શાળાઓ
૩૧૧	૪	સ્થિતિ ચિનાઓ	ચિનાઓ
,,	૧૬	૧૮૧૫	૧૮૧૮
૩૨૬	૧૯	પ્રભાર	પ્રજાસ્વર
૩૩૭	૪	તેમનો મૂળ	મૂળ
૩૪૩	૪	રાખનારી	નાખનારી
૩૮૦	૧૭	તેમની	ત્યાં તેમની
૩૮૪	૧૨	જેને	જે જે
૩૯૧	૧૭	વાગ્મિતાની	વાગ્મિતાથી
૩૯૧	૧૮	કર્યો હતો	કરી હતી.

બ્રિટિશ હિંદુસ્તાનનો આર્થિક ઇતિહાસ.

પુસ્તક ૧ લું.

સને ૧૭૫૭ થી સને ૧૮૩૭ સુધી.

પ્રકરણ ૧ લું.

સામ્રાજ્યનો ઉદય.

ઊંચા પ્રકારના કર્ત્તવ્યનિશ્ચયથી પ્રેરાયલા મહાત્માઓને કેટલીકવાર ભવિષ્યમાં બનનારા મોટા બનાવો દૃષ્ટિગોચર થાય છે. આવા કોઇ ભવિષ્ય દર્શનના બળથી, અને અભિમાનથી નહિ પણ પોતાની સત્તાના જ્ઞાનથી વિલિયમ પિટ (પછીથી લૉર્ડ ચેથમ) એક વાર બોલ્યો હતો કે, 'હું મારા દેશને બચાવી શકીશ, અને બીજું કોઇ બચાવી શકશે નહિ.' વિલિયમ પિટે પોતાનું વચન પાળવા ઉપરાંત ઘણું કરી બતાવ્યું. સને ૧૭૫૭ થી ૧૭૬૧ સુધી બ્રિટિશ રાજ્યનો કારભાર એણે ચલાવ્યો, અને તેજ પાંચ વર્ષમાં હાલના

બ્રિટિશ સામ્રાજ્યના ઉદયકાળનો આરંભ થયો. ઈંગ્લંડના મિત્ર ફ્રેડ્રિક ધિ ગ્રેટે સને ૧૭૫૭ માં રોસબૅકના યુદ્ધમાં વિજય મેળવ્યો, પ્રશિયાનો ઉદ્ભવ કર્યો, અને ફ્રાન્સને નમાવ્યું; વુલ્ફે સને ૧૭૫૯ માં ક્વેબેક લીધું, અને સને ૧૭૬૦ માં ફ્રાન્સ પાસેથી આખું કેનેડા પડાવ્યું; સને ૧૭૫૭ માં જ ક્લાઇવ પ્લાસીના યુદ્ધમાં જય પામ્યો અને ૧૭૬૧ માં આયરકૂટે આપણા દેશમાં ફ્રાન્સની સત્તાને કચરી નાંખી. આ પાંચ વર્ષમાં એક જગત્સત્તા તરીકે ઈંગ્લંડની સ્થિતિ નિશ્ચિત થઇ; અને ફ્રાન્સ, યુરોપમાં હલકું પડ્યું, અને એશિયા અને અમેરિકામાંથી અદૃશ્ય થયું.

આપણો ઇતિહાસ આપણા દેશમાં બ્રિટિશ સામ્રાજ્યના ઉદયની સાથે સંબંધ ધરાવે છે; અથવા તે સામ્રાજ્ય નીચે વસતા લોકોની આર્થિક પરિસ્થિતિ સાથે. અને આ ઇતિહાસ મૂળથી સમજવાનું સરળ પડે તે સારૂ સને ૧૭૫૭ થી તે સને ૧૮૩૭ સુધીના રાજ્યકીય ઇતિહાસનું આ પ્રકરણમાં દિગ્દર્શન કરવું જરૂરનું છે.

આ એંશી વર્ષના અરસામાં બ્રિટિશ કારભારીઓના ત્રણ જમાના થઇ ગયા; અને તેમણે હિંદી સામ્રાજ્યનો વિસ્તાર વધારવામાં અને તેની જમાવટ કરવામાં પોતાની શક્તિ વાપરી. દરેક જમાનાની રાજ્યનીતિ પણ બીજાથી જૂદી અને લાક્ષણિક હતી. પહેલો યુગ ક્લાઇવ અને વૉરન હેસ્ટિંગ્સનો. આ યુગ નિર્ભય સાહસ અને ખંતીલા વિગ્રહનો હતોઃ જેથી વેપારીઓની એક કમ્પની હિંદુસ્તાનમાં એક મોટી રાજ્યસત્તા થવા પામી. સને ૧૭૮૪ માં પિટના ઇન્ડિયા એક્ટથી અને સ્હામે વર્ષે વૉરન હેસ્ટિંગ્સની હિંદુસ્તાનમાંથી વિદાયગીરીથી, આ યુગનો અંત આવ્યો. બીજો યુગ તે કૉર્નવૉલિસ, વેલ્સ્લી અને લૉર્ડ હેસ્ટિંગ્સનો. આ યુગમાં મ્હૈસૂર અને મરાઠા સાથે છેલા વિગ્રહો થયા અને કમ્પનીની હિંદમાં સર્વોપરિ સત્તા થઇ. સને ૧૮૧૭ માં મુંબાઇ ઇલાકાને ખાલસા કરવાની અને સ્હામે વર્ષે છેલ્લા પેશ્વાને કેદ કરવાની સાથે તે યુગનો અંત આવ્યો. ત્રિજો યુગ, શાન્તિ કરકસર અને સુધારાનો હતો.

તે એલ્ફિન્સ્ટન અને એન્ટિન્કનો યુગ. આમનાં નામો, મોટા લશ્કરી સરદારો અને વિજેતાઓના કરતાં, વધારે ઉપકારવૃત્તિથી હજી સુધી સંભારાય છે. સને ૧૮૩૬ માં લૉર્ડ ઑકલન્ડના આવાગમનથી અને સ્હામે વર્ષે મહારાણી વિકટોરિયાના રાજ્યારોહણથી આ યુગનો અંત આવ્યો.

૧. ક્લાઈવ અને વૉરન હેસ્ટિંગ્સનો સમય. સને ૧૭૮૫ સુધી.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પની સને ૧૬૦૦ માં ૭૦,૦૦૦ પાઉંડની મુડીથી સ્થપાઇ. ૧૬૩૯ માં આ કમ્પનીએ મદ્રાસમાં સેન્ટ જ્યોર્જનો કિલ્લો બાંધ્યો. ૧૬૮૭ માં ચાર્લ્સ્ બીજા પાસેથી મુંબાઇનો ટાપુ ખરીદ કર્યો અને પોતાનાં કારખાનાં ત્યાં લઇ ગઇ. સને ૧૭૦૦ માં કલકત્તાને બંગાળાનું મુખ્ય મથન બનાવ્યું. આ વખતે મદ્રાસની દક્ષિણે પૉંડિશેરિમાં અને કલકત્તાની ઉત્તરે ચન્દ્રનગરમાં ફ્રેન્ચોનાં સંસ્થાન હતાં.

સને ૧૭૪૪ થી ૧૭૬૩ સુધી ફ્રેડરિક ધિ ગ્રેટનાં યુધ્ધોને પરિણામે ઇંગ્લંડ અને ફ્રાન્સ, યુરોપ એશિયા અને અમેરિકામાં સામસામે આવી ગયાં હતાં. અંગ્રેજ અને ફ્રેન્ચ કમ્પનીઓના નોકરોએ હિંદુસ્તાનમાં પણ તેજ વિગ્રહ ઉપાડી લીધો. હિંદી રાજાઓ સાથે સંધિઓ કર્યા, એકમેકનાં વ્યાપારી સંસ્થાનો ઉપર ઘેરા ઘાલ્યા, અને પશ્ચિમમાં જે કડવાશથી તેઓ લડતા હતા તેજ કડવાશ અહીં પણ ચલાવી. આ અરસામાં અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે ત્રણ મોટી લડાઇઓ થઇ, જે કર્ણાટકના વિગ્રહો એ નામથી ઇતિહાસમાં ઓળખાય છે.

કર્ણાટક.

પેહેલા કર્ણાટક વિગ્રહમાં ફ્રેન્ચનો જય થયો. તેમણે અંગ્રેજ પાસેથી મદ્રાસ લીધું, અને તે શહેર પાછું જીતી લેવા આવેલા કર્ણાટકના નવાબના

સૈન્યને મારી કહાડયું. પણ એકસ-લા-શાપેલના સંધિથી સને ૧૭૪૮ માં મદ્રાસ અંગ્રેજોને પાછું આપવામાં આવ્યું.

તથાપિ ફ્રેન્ચ કમ્પનીના ડિરેક્ટર જનરલ ડુપ્લેને પોતાના સ્વદેશીઓને હિંદુસ્તાનમાં સર્વોપરિ સત્તાધીશ બનાવવાનો ઊંચો અભિલાષ થઇ આવ્યો, અને થોડા વખત સુધી તેને સંપૂર્ણ પ્રતેહ મળી. તેણે પોતાના એક હિંદી મળતિયાને દક્ષિણના નિઝામ થવામાં મદદ આપી અને બીજાને કર્ણાટકના નવાબ થવાને શક્તિવાન કર્યો. આમ તે દક્ષિણ હિંદમાં સહુથી વધારે સમર્થ 'રાજકર્ત્તા' થઇ પડયો, અને ઇંગ્રેજોનો પ્રભાવ તદન નાશ પામ્યો હોય એમ જણાયું. હવે રૉબર્ટ ક્લાઇવની પ્રતિભાએ તાજવાં ફેરવી નાંખ્યાં. એણે કર્ણાટકના નવાબના એક હરીફને કર્ણાટકની રાજધાની પાછી મેળવવામાં મદદ કરી. આખરે બીજો કર્ણાટક વિગ્રહ બંધ પડયો ત્યારે બ્રિટિશનો મળતિયો કર્ણાટકના નવાબ તરીકે કાયમ રહ્યો, અને ફ્રેન્ચનો મિત્ર નિઝામ તરીકે કાયમ રહ્યો. આમ યુરોપની બે રાજ્યસત્તાઓ વચ્ચે હિંદમાં એક પ્રકારે સત્તાની સમધારણ થઇ, અને ફ્રેન્ચને ઉત્તર સિરકારને નામે ઓળખાતો આખો પૂર્વનો દરિયાકિનારો પ્રાપ્ત થયો.

ત્રીજા કર્ણાટક વિગ્રહે ફ્રેન્ચસત્તાનો સંપૂર્ણ નાશ કર્યો. ફ્રેન્ચના સ્વદેશાભિમાની પણ તરંગી સરદાર લાલીએ મદ્રાસ ઉપર ઘેરો ઘાલ્યો પણ તે તેને સર કરી શકયો નહિ. પછી સને ૧૭૬૧ માં વૉન્ડિવૉશના યુદ્ધમાં આયરકૂટે તેને હરાવ્યો, અને અંગ્રેજોએ પૉંડિશેરિનું ફ્રેન્ચ સંસ્થાન એક હઠીલી ટક્કર દઇને સર કર્યું. સને ૧૭૬૩ માં પૅરિસના સંધિથી પૉંડિશેરિ ફ્રેન્ચોને પાછું મળ્યું; પણ ફ્રેન્ચની હિંદની સત્તાનો સખીજ નાશ થયો. સને ૧૭૬૩ પછી બ્રિટિશનો કોઈ યુરોપિયન હરીફ આપણા દેશમાં રહ્યો નહિ.

બંગાળો.

દરમિયાન બંગાળામાં મોટા બનાવો બનવા લાગ્યા હતા. બંગાળાના

નવાબ સિરાજ-ઉદ્દ-દૌલાએ અંગ્રેજ પાસેથી ૧૭૫૬ માં કલકત્તા લઇ લીધું અને ઇલેકહોલ ઓફ કલકત્તા-કલકત્તાની **કાળી કોટડી**-ને નામે પ્રસિદ્ધ થયેલો બનાવ બન્યો.

વળતાજ વર્ષમાં યુરોપથી પાછા આવીને કલાઇવે કલકત્તા પાછું લીધું, નવાબ સાથે સંધિ કર્યો, અને પછીથી તેની સાથે એક તરકટમાં ઉતર્યો. જ્યારે બધી તયારી થઇ રહી ત્યારે તેણે નવાબ રહામે કૂચ કરી; અને ૧૭૫૭ ની પ્લાસીની લડાઇમાં તેને હરાવ્યો; અને આમ આખા બંગાળાને વારતવિક રીતે સર કર્યું. કલાઇવે ફ્રેન્ચ પાસેથી ઉત્તર સિરકાર પણ જીતી લીધું અને ૧૭૬૦ માં યુરોપ ગયો તે પહેલાં ઇસ્ટઇંડિયા કમ્પનીને એક મોટી રાજ્ય-સત્તા બનાવી.

હવે બંગાળાના નવાબ કમ્પનીના નોકરોના હાથમાં રમકડાં જેવા થઇ રહ્યા. પ્લાસીના યુદ્ધ પછી મિરજાફરને નવાબ બનાવવામાં આવ્યો હતો. તેને ૧૭૬૦ માં પદભ્રષ્ટ કર્યો, અને મિરકાસિમને નવાબ બનાવ્યો. મિર કાસિમ મજબૂત રાજા હતો અને બંગાળાના આંતર વેપારની બાબતમાં કંપ-નીના નોકરોની ગેરવર્તણુંકને અટકાવવા યત્ન કરતો. તેના પરિણામમાં એક લડાઇ થઇ; મિરકાસિમ હાર્યો અને નાઠો; અને મિરજાફરને ફરી રાજ્યાસન મળ્યું. તે પછી થોડે કાળે તે મરી ગયો અને તેના અનૌરસ પુત્રને બંગાળાના નામના રાજા તરીકે તાબડતોબ બેસારી દીધો. બંગાળાનો રાજ્યવહીવટ એકદમ અવ્યવસ્થિત થઈ ગયો, અને લોકોના ઉપર ત્રાસદાયક જુલમો થવા લાગ્યા.

સને ૧૭૬૫ માં કલાઇવ ત્રીજીવાર હિંદમાં આવ્યો, અને આ વખતે તેણે એક નવી અને સ્મરણીય રાજ્યનીતિ હાથ ધરી. દિલ્હીનો નબળો બાદશાહ અત્યારે ઘર ગામ વિનાનો થઇ ગયો હતો, પણ હજી તે હિંદનો બાદશાહ લેખા-તો હતો. હિંદના બધા રાજા રજવાડાઓ એને નામની પણ સલામ ભરતા, અને સ્વસત્તાથી મેળવેલાં રાજ્યોમાં પણ તેઓ જે સત્તા ભોગવતા તે

બધી તેના તરફથી મળી હોય એવો ડોળ રાખતા હતા. ક્લાઈવે આ દૃષ્ટાંતનું અનુકરણ કર્યું, અને ૧૭૫૭ માં તેણે સ્વસત્તાથી બંગાળા જીત્યું હતું, તોપણ સને ૧૭૬૫ માં તેણે મોગલ બાદશાહ પાસેથી બંગાળાની દીવાનગિરી ઈસ્ટ ઈન્ડિયા કમ્પનીને માટે મેળવી. આવી રીતે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને એક વ્યાવહારિક પદવી મળી; અને આઠ વરસ ઉપર જીતી લીધેલા ઇલાકાનો રાજ્યવહીવટ હવે તેમણે પ્રબંધપુરઃસર હાથમાં લીધો. તે સિવાય રાજ્યવહીવટના દીવાની અને લશ્કરી ખાતામાં લૉર્ડ ક્લાઇવે કેટલાક સુધારાદાખલ કર્યા. સને ૧૭૬૭ માં તેણે છેવટને માટે આ દેશ છોડ્યો.

પણ તેના રાજ્યવહીવટની યોજના નિષ્ફળ નીવડી. નવાબ અને કમ્પનીના બેવડા અમલમાં લોક ઉપર જુલમ ખૂબ થયો; ઉપજ આવી શકી નહિ અને ૧૭૭૦–૭૧ માં એક ભયંકર દુષ્કાળે બંગાળાની વસ્તીના ત્રીજા ભાગને યમપુરીમાં મોકલી દીધી.

મદ્રાસ.

મદ્રાસમાં બ્રિટિશ સત્તાધારીઓ હૈદરઅલ્લીની સાથે લડાઇમાં ઉતરી પડ્યા હતા. આ હૈદરઅલ્લી અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં હિંદુસ્તાનમાં નિરતિશય સામર્થ્યવાળો સેનાપતિ હતો. હૈદરે કર્ણાટકને ઉજ્જડ કર્યું, અને મદ્રાસથી થોડે છેટે પડાવ નાંખ્યો. મદ્રાસની રાજ્યસભા ભય પામી અને તે ભયંકર દુશ્મન સાથે સને ૧૭૬૯ માં એકદમ સલાહ કરી.

આ અરસામાં, સને ૧૭૭૩ માં બ્રિટિશ પાર્લમેન્ટે હિંદની સ્થિતિ સુધારવા માટે 'રેગ્યુલેટિંગ એક્ટ' એ નામનો એક કાયદો પસાર કર્યો. આ કાયદાથી હિંદુસ્તાનના કમ્પનીના રાજ્યને પાર્લમેન્ટથી હકપત્ર મળ્યું અને કમ્પનીના સર્વ મુલકો ઉપર દેખરેખ રાખવાની સત્તા સાથે–ગવર્નર જનરલ–એ પદવીથી એક જગા સ્થાપી. આ વખતે વૉરન હેસ્ટિંગ્સ બંગાળાનો ગવર્નર હતો, તેજ સને ૧૭૭૪ માં હિંદુસ્તાનનો પહેલો ગવર્નર જનરલ થયો.

કમ્પનીના હિંદના નોકરોમાં વૉરન હેસ્ટિંગ્સ કરતાં વધારે સામર્થ્યવાળો કોઇ બીજો અંગ્રેજ આ વખતે ન હતો, અને હિંદની પ્રજાના સ્વભાવનું સહુથી વધારે સંગીન જ્ઞાન પણ તેનેજ હતું. તે સને ૧૭૫૦ માં બાલ્યાવસ્થામાં આ દેશમાં આવ્યો હતો. બંગાળા અને મદ્રાસમાં પોતાના સ્વદેશીઓ સત્તાનો જે દુરુપયોગ કરતા હતા તેની સહામે તેણે વાંધા ઉઠાવ્યા હતા; અને હવે કુલ સત્તા મળવાથી રાજ્યવહીવટ સુધારવાની તેને નિર્મળ ઇચ્છા થઇ આવી. પણ નાણાં સંબંધી મુશ્કેલીઓ, પોતાનીજ સભામાં ફ્રિલિપ ફ્રાન્સિસની આગેવાની નીચે શરૂ થયેલો વિરોધ, વારંવાર કરવી પડતી લડાઇઓ, અને પોતાનો સ્વચ્છંદી સ્વભાવ; આ બધાંએ એકઠાં થઇને એને એવાં કૃત્યો તરફ દોર્યો કે જેથી બ્રિટિશ પાર્લમેન્ટમાં તેના ઉપર કામ ચલાવવાનો વખત આવ્યો.

હેસ્ટિંગ્સે દિલ્હીના બાદશાહને મુકરર કરેલી પેશકશી આપવી બંધ કરી. કોરા અને અલાહાબાદમાં આવેલી બાદશાહી મીલકત તે ઉપાડી ગયો અને તે અયોધ્યાના નવાબને પાંચ લાખ પાઉન્ડ માટે વેચી; અને રોહીલાઓને કચરી નાંખવા ચાર લાખ પાઉન્ડ લઇ તેણે એક ઇંગ્રેજ સેના, તે નવાબની મદદમાં મોકલી.

મુંબઈ.

આ વખતે મરાઠાઓ સહુથી વધારે સત્તા ધરાવતા હતા અને મુંબઇ સરકાર તેમની સાથે મુશ્કેલીઓમાં ગુંચાઇ હતી. પેશ્વાઇને માટે આ અરસામાં બે હકદાર હતા. મુંબઇ સરકારે આમાંના એકને મદદ કરવાનું માથે લીધું અને તેના પરિણામમાં પહેલું મરાઠા યુદ્ધ થયું. બ્રિટિશ સેનાએ અમદાવાદ અને ગ્વૉલિયર સર કરી પોતાની હાક વગાડી; પણ યુદ્ધનો મુખ્ય હેતુ સફળ ન થયો. અંગ્રેજના મિત્રે પેન્શન લઇ હક છોડી દીધો, અને સાલ્સેટ અને બીજા કેટલાક ટાપુઓ સને ૧૭૬૨ ના સંધિથી બ્રિટિશ મુલકમાં ઉમેરાયા.

મ્હૈસૂર.

તેવામાં મ્હૈસૂરના હૈદરઅલ્લી સાથે બીજી લડાઇ થઇ. ચાર ઠેકાણે સર આયરકૂટે તેને હરાવ્યો. પણ હૈદરઅલ્લી દરેક ઠેકાણે રણક્ષેત્રમાંથી પોતાનું સૈન્ય બચાવી શકયો અને તેનું બળ ઓછું થયું નહિ. એટલુંજ નહિ પણ ઉત્તમ વ્યૂહરચનાથી કર્નલ બેલી અને બ્રેથવેટની સરદારી નીચેની બે બ્રિટિશ ટુકડીઓને તેણે ઘેરી લીધી અને તેનો સમૂળ નાશ કર્યો. પણ હૈદર સને ૧૭૮૨ માં મરણ પામ્યો અને સને ૧૭૮૩ માં તેના પુત્ર ટીપુસુલતાન સાથે સલાહ કરવાથી તે લડાઇ બંધ થઇ.

હેસ્ટિંગ્સનાં કૃત્યો.

હેસ્ટિંગ્સે સને ૧૭૭૫ માં અયોધ્યાનો તે વખતનો નવાબ મરણ પામતાં તેના વારસ પાસે બનારસ પ્રાન્ત પોતાને સોંપાવરાવ્યો. આથી બનારસનો રાજા એક બ્રિટિશ પટાવત થયો. હેસ્ટિંગ્સે મુકરર કરેલી ખંડણી ઉપરાંત બીજી મોટી રકમો બનારસના રાજા પાસેથી માગી; તેનો ભારે દંડ કર્યો; તેને પકડયો અને કેદ કર્યો; અને તેની રૈયતને બળવો કરવા જરૂર પાડી. પરિણામે રાજાને પદભ્રષ્ટ કર્યો, અને તેનું રાજ્ય તેના એક સગાને ખંડણીની રકમમાં વધારો કરીને સોંપ્યું.

અયોધ્યાના નવા નવાબ પાસે પણ ખંડણીની પાછલી બાકીની ઉઘરાણી કરી, અને એણે પોતાની અશક્તિ બતાવી તેથી તેની મા અને વડીઆઇને લૂંટવામાં તેને મદદ કરી અને તેવી રીતે દસ લાખ પાઉંડ કરજમાં ભરાવ્યા. વળી અયોધ્યા અને મદ્રાસમાં બ્રિટિશ લેણદારોને જમીનો માંડેલી હોવાથી લોકોના ઉપર ઘણો ત્રાસ થતો; અને બંગાળામાં વંશપરંપરાના જમીનદારોના હકની અવગણના કરીને કમ્પનીની ઉપજમાં વધારો કરવાના હેતુથી હેસ્ટિંગ્સે તેમની જાગીરો હરાજ કરી નાંખી.

આ બધાં કૃત્યોથી વૉરન હેસ્ટિંગ્સના રાજ્યવહીવટને બહુ ઝાંખ લાગી. પિટનો ઇન્ડિયા એક્ટ સને ૧૭૮૪ માં પસાર થયો અને તેણે પહેલીવાર ઇન્ડિયાનો વહીવટ અંગ્રેજની બાદશાહી સત્તા નીચે મૂક્યો. વળતા વર્ષમાં વૉરન હેસ્ટિંગ્સે આપણો દેશ છોડ્યો.

આ સને ૧૭૮૫ સુધીની ટુંકામાં હકીકત. ફ્રેન્ચની સાથેના ત્રણ યુદ્ધોથી અંગ્રેજ કર્ણાટકમાં સર્વોપરિ થયા; સુરાજ્જુદ્દૌલા અને મિરકાસિમ સાથેની લડાઇઓને પરિણામે તેઓ બંગાળાના ધણી થયા, અને માઇસોર અને મરાઠાની સાથેના વિગ્રહોથી તેમના મુલકોમાં પગપેસારો થઇ ચૂક્યો. બંગાળા, ઉત્તર સિરકાર, બનારસ, મુંબઇ અને મદ્રાસમાં કેટલોક પ્રદેશ, એટલું સને ૧૭૮૫ માં જે વખતે વૉરન હેસ્ટિંગ્સ ગયો તે વખતે અંગ્રેજ સરકારના હાથમાં આવી ગયું હતું.

૨. કૉર્નવૉલિસ, વેલ્સ્લી અને લૉર્ડ હેસ્ટિંગ્સનો સમય. ૧૭૮૫ થી ૧૮૧૭.

પિટનો ઇન્ડિયા એક્ટ ૧૭૮૪ માં ૧૩ મી ઓગસ્ટને રોજ પસાર થયો. તેથી કમ્પનીનો તમામ કારભાર દીવાની–લશ્કરી અને ઉપજ ખરચ સંબંધી, બ્રિટિશ ક્રિરીટશ્વર તરફથી નીમાયલા છ કમિશનરોની દેખરેખમાં સોંપવામાં આવ્યો. બ્રિટિશ રાજ્યના પહેલા ભાગમાં જે જુલમ અને અવ્યવસ્થા થયાં હતાં તેમાંથી લોકોને ઉગારવાની અંતઃકરણની ઇચ્છા હતી. કમ્પનીના કાર્ય ધુરંધરોને પણ પોતાનો વહીવટ વ્યવસ્થિત કરવાની પૂરી ઇચ્છા હતી. તેમણે હેસ્ટિંગ્સ પછી લૉર્ડ કૉર્નવૉલિસને ગવર્નર જનરલ તરીકે નીમ્યો; અને લોકો, પોતાની સ્થિતિ સુધારવા સારૂ ખેતીવાડીમાં સુધારો વધારો કરવા તરફ ધ્યાન આપે, ને સારૂ જમીનની મેહેસુલ 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' મુકરર કરવાની ખાસ સૂચના આપી.

અંધકાર અને તોફાનના એક યુગ પછી આ એક પ્રકાશનો ઝળકાટ આવી ગયો. લૉર્ડ કૉર્નવૉલિસના સંબંધમાં જે ધારણાઓ રાખવામાં આવી હતી તે તેણે પાર પાડી. તેણે રાજ્યવહીવટમાં સુધારો કર્યો. પોતાના નોકરોને પુરતો પગાર આપવાની તેણે કમ્પનીને ફરજ પાડી; અને તેમને પ્રામાણિક અમલદારો બનાવ્યા. તેણે હિંદુસ્તાનની સિવિલ સર્વિસનો પાયો નાંખ્યો જે હજી સુધી તેવીજ સ્થિતિમાં છે. તેને માત્ર એકજ લડાઇ લડવી પડી હતી, તે મ્હૈસૂરના ટિપુસુલતાન સાથે. તેણે સુલતાનની રાજધાની સર કરી; અને તેની હદનો કેટલોક ભાગ ખાલસા કરીને તેની સત્તા નરમ કર્યા પછી તેની સાથે સલાહ કરી. સને ૧૭૯૩ માં તેણે આપણો દેશ છોડયો તે પહેલાં બંગાળાની મહેસુલની, જથુકને માટે, જમીનદારી વ્યવસ્થા કરી. આ કૃત્યથી હિંદુસ્તાનની બ્રિટિશ રૈયતની આબાદી અને સુખને માટે જેટલું થયું છે તેટલું બ્રિટિશ રાજ્યના બીજા કોઇપણ કૃત્યથી થયું નથી એમ કહી શકાય.

સને ૧૭૯૩ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો પટો નવો થયો. ઇન્ડિયાના કારભાર ઉપર પાર્લમેન્ટમાં ચર્ચા થઇ અને પિટના બિલનાં મુખ્ય ધોરણો કાયમ રહ્યાં. પણ હવે ઇસ્ટ ઇન્ડિયા કમ્પની ઉપર ૩૦૦૦ ટન જેટલાં વહાણ પૂર્વ તરફ વેપાર કરતા બીજા વેપારીઓને પુરાં પાડવાની ફરજ પાડવામાં આવી. કમ્પનીના અનન્યાધિકારમાં આ પહેલવહેલું ભંગાણ પડયું. સર જૉન શૉર (પછીથી લૉર્ડ ટેનમથ) લૉર્ડ કૉર્નવૉલિસ પછી ગવર્નર જનરલ થયો; અને તેણે તેની તેજ શાન્તિની રાજ્યનીતિ સ્વીકારી. તેણે લૉર્ડ કૉર્ન વૉલિસ વાળી અચળ જમાબન્દીની નીતિનો બતારસને લાભ આપ્યો.

સર જૉન શૉર પછી લૉર્ડ મૉર્નિંગ્ટન–પછીથી માકવેંસ ઑફ વેલ્સલી ગવર્નર–જનરલ થયો. તે ૧૭૯૮ માં હિંદુસ્તાનમાં આવ્યો. પૂર્વે જેમ ફ્રેડ્રિક ધિ ગ્રેટની લડાઇઓથી હિંદની બ્રિટિશ રાજ્યનીતિ રંગાઇ હતી તેમ અત્યારે નેપોલિયનની સાથેની લડાઇઓથી રંગાઇ. વિલ્યમ પિટ

નેપોલિયનની સ્હામે લશ્કરો તયાર રાખવા સારૂ યુરોપનાં રાજ્યોને નાણાંની મદદ આપતો. વેલ્સ્લી પિટનો મિત્ર અને ચતુર શિષ્ય હતો. તેણે પણ નાણાંની મદદની રીત હિંદમાં દાખલ કરી, પણ એક અગત્યના ફેરફાર સાથે. દેશી રાજ્યોનાં સૈન્યો નકામાં હતાં અને તેવાં સૈન્યો વધારવા સારૂ તેમને નાણાં આપવાં એ કાંઇ ઉપયોગનું નહતું. તેથી વેલ્સ્લીએ તેમના રાજ્યમાં બ્રિટિશ લશ્કર રાખવા સારૂ તેમની પાસેથી નાણાં કઢાવ્યાં. આથી કમ્પનીને નાણાંની છૂટ થઇ અને હિંદના રાજાઓ કમ્પનીના કાબુમાં આવ્યા. આ નીતિ આશ્રિતમૈત્રી ('સબસિડ્યરી એલાયન્સ') ની નીતિના નામથી ઓળખાય છે.

ટિપુ સુલતાન.

મ્હૈસૂરના ટિપુ સુલતાને ફ્રેન્ચની સાથે સંદેશા ચલાવવા શરૂ કર્યા હતા. તેને દાબી નાંખવાની પાકી જરૂર હતી, તેથી ટિપુની સામે એક ચોથું યુદ્ધ માંડવામાં આવ્યું. પોતાની રાજધાનીનો બચાવ કરતાં ટિપુ સને ૧૭૯૯ માં મરણ પામ્યો. મ્હૈસૂરનો કેટલાક ભાગ વિજેતાઓએ ખાલસા કર્યો; તેમાંનો એક ભાગ મરાઠાઓ જો આશ્રિતમૈત્રીમાં સામીલ થાય તો તેમને આપવાનું કહેવામાં આવ્યું, પણ તેમણે ના પાડી. એક ભાગ નિઝામને આપવામાં આવ્યો, પણ પાછળથી તેના રાજ્યમાં રાખવાના બ્રિટિશ સૈન્યના પગાર પેટે તે ભાગ વેલ્સ્લીએ પાછો લીધો. મ્હૈસૂરનું જે બાકી રહ્યું તેનું એક નાનું રાજ્ય બનાવ્યું અને તે ઉપર ત્યાંના પ્રાચીન હિંદુ વંશની પ્રરીથી સ્થાપના કરી.

વેલ્સ્લીની રાજ્યનીતિ.
આશ્રિતમૈત્રી.

વેલ્સ્લીએ નબળાં રાજ્યો તરફ વધારે સરળતાથી કામ લીધું. વેલ્સ્લી રીતિની બાબતમાં બહુ સંભ્રમમાં પડે તેવી પ્રકૃતિનો નહતો. સુરતનો નવાબ

૧૭૯૯ માં મરણ પામ્યો, વેલ્સ્લીએ એના ભાઇને પેનશન આપી તેનો હક છોડાવી લીધો. અને રાજ્ય ખાલસા કર્યું. કર્ણાટકનો નવાબ ૧૮૦૧ માં મરણ પામ્યો. તેના વારસે હક છોડી દેવા કબૂલ ન કર્યું. એટલે તેને ઠેકાણે એક બીજો નવાબ ઉભો કર્યો, જેણે પોતાનું રાજ્ય બ્રિટિશને આપી દીધું, અને પોતે સાલિયાણું લઇ ચાલતો થયો. ફરકાબાદનો સગીર નવાબ ઉમર લાયક થવાની તયારીમાં હતો; તેની પાસે પોતાનું રાજ્ય બ્રિટિશને સોંપાવ્યું અને તેને સાલિયાણું આપ્યું. અયોધ્યાના નવાબ આગળ બે વાત મૂકવામાં આવી. કાંતો એણે પોતાના રાજ્યનો દીવાની અને લશ્કરી વહીવટ બ્રિટિશ સરકારને સોંપવો, અથવા રાજ્યનો અર્ધ ભાગ તેના રાજ્યમાં બ્રિટિશ સૈન્ય રાખવા સારૂ હમેશને માટે સોંપી દેવો, એ સરતે આશ્રિતમૈત્રીમાં દાખલ થવું. આમાંની બીજી દરખાસ્ત સ્વીકારવાની તેને ફરજ પાડવામાં આવી. અને તેને અનુસરીને તેણે ૧૮૦૧ માં અલાહબાદ અને બીજો કેટલોક મુલક બ્રિટિશ સરકારને સોંપાયો.

બીજો મરાઠા વિગ્રહ.

હજી હિંદમાં મરાઠાની મોટી સત્તા અવશિષ્ટ રહી હતી. લૉર્ડ વેલ્સ્લીના સારા ભાગ્યે પેશ્વા સરકાર ઉપર બીજા મરાઠા સરદારોનું ભારે દબાણ ગુજરવા લાગ્યું અને તેથી પેશ્વાને બ્રિટિશની મદદ લેવાની જરૂર પડી. સને ૧૮૦૨ માં તેમની આશ્રિતમૈત્રી બંધાઇ અને પેશ્વા બ્રિટિશ સૈન્યની મદદથી ગાદીએ બેઠા. પોતાના રાજ્યમાં આમ બ્રિટિશ સરકારનો પગપેસારો થયાથી સિંધિયા હોલ્કર ભોંસલે વગેરે મરાઠા સરદારો ચમક્યા અને તેમાંથી બીજો મરાઠા વિગ્રહ ઉદ્ભવ પામ્યો. ડ્યુક ઑફ વેલિન્ગ્ટનની પદવીથી પાછળથી પ્રસિદ્ધ થયેલા બ્રિટિશ સરદાર જનરલ વેલ્સ્લીએ સિંધિયા અને ભોંસલેના સૈન્યોને સને ૧૮૦૩ માં એસે અને આર્ગામનાં યુદ્ધોમાં હરાવ્યાં. બીજી તરફ લૉર્ડ લેક વિજયપતાકા ફરકાવતો દિલ્હીમાં દાખલ થયો, લાસ્વારીના યુદ્ધમાં સિંધિયાની

સેનાને માત કરી. પણ હોલ્કર સરકાર જે અત્યાર સુધી લાગ જોવાની રમત રમતા હતા તે હવે જોડાયા અને મરાઠા મંડળ સાથેની લાંબી લડાઇ હજી સુધી ચાલતી હતી તેવામાં કમ્પનીના ધુરંધર મંડળે તેમના યુદ્ધ શીઘ્ર ગવર્નર-જનરલને પાછા બોલાવ્યા અને ઇન્ડિયામાં શાન્તિ વર્તાવવા લાર્ડ કૉર્નવૉલિસને મોકલ્યા.

લૉર્ડ વેલ્સ્લી ઇંગ્લંડ ગયા પછી પિટને મળ્યો. પિટ આ વખતે મરણ-પથારીએ હતો. બન્નેએ પોતપોતાના સત્તાના પ્રદેશોમાં મોટાં યુદ્ધો ચલાવ્યાં હતાં. પિટ યુરોપનાં યુદ્ધો બંધ કરવા શક્તિવાન્ થયો નહતો તેમ વેલ્સ્લીનાં હિંદનાં યુદ્ધો પણ હજી ઘણાં બાકી હતાં. પિટનાં યુદ્ધોને ૧૮૧૫ નું અને વેલ્સ્લીનાં યુદ્ધોને સને ૧૮૧૭ નું વર્ષ જોવાનું નિર્માણ થયેલું હતું.

દરમિઆન આપણા દેશમાં તાત્કાલિક શાંતિ પસરી. હિંદમાં પહોંચ્યા પછી થોડેજ કાળે કૉર્ન વૉલિસને દૈવજ્ઞા થઇ અને તેના ઉત્તરાધિકારીઓ, સર જોન બાર્લો અને લોર્ડ મિન્ટોએ મરાઠાને છેડ્યા નહિ. ઇસ્ટ ઇન્ડિયા કં-પનીનો પટો સને ૧૮૧૩ માં નવો થયો; પણ આ વખતે તેમનો વેપા-રનો અનન્યાધિકાર નાશ પામ્યો. ચીનાઇ ચાહ સિવાયની બીજી ચીજોનો વેપાર જેનો સને ૧૬૦૦ થી એટલે રાણી એલીઝાબેથના વખતથી તે અત્યાર સુધી કંપનીનો અનન્યાધિકાર હતો, તે હવે બધા બ્રિટિશ વેપારી-ઓ માટે ખુલ્લો થયો.

લૉર્ડ મોઇરા: છેલ્લો મરાઠા વિગ્રહ.

સને ૧૮૧૩ માં જ્યારે લોર્ડ મોઇરા (પાછળથી લોર્ડ હેસ્ટિંગ્સ) ગવ-ર્નર જનરલ તરીકે આવ્યો ત્યારે મરાઠા સાથે છેલ્લા વિગ્રહનો સમય આવી પહોંચ્યો હતો. નેપાલ સાથે યુદ્ધ થતાં કેટલીક હિમાલયની સરહદ બ્રિટિશને મળી અને પિન્ડારીઓને નાબુદ કરવા એક લડાઇ આ વખતે લડવામાં આવી. તે પછી ત્રીજો અને છેવટનો મરાઠા વિગ્રહ આવ્યો. ૧૮૦૨ માં

પેશ્વા બ્રિટિશ સાથે આશ્રિતમૈત્રીમાં જોડાયા હતા પણ તેમને તે ગમતું નહોતું. છેવટે તેણે ઢોંગ છોડી દીધો અને બીજા મરાઠા સરદારો તેની સાથે સામીલ થયા. પેશ્વાનું જ સૈન્ય ખડકી આગળ, ભોંસલેનું સૈન્ય સીતાબાલ્દી આગળ અને સર જોન માલ્કમને હાથે હોલ્કરનું લશ્કર મહીદપુર આગળ હારી ગયું. અંગ્રેજે સને ૧૮૧૭ માં પેશ્વાનો મુલક ખાલસા કર્યો અને તેનો મુંબઇ ઇલાકો બનાવ્યો. વળતે વર્ષે પેશ્વાને ખુદને કેદ કર્યા અને પેશ્વા પેન્શન લઇ તીર્થ યાત્રાએ ગયા. સિંધિયા, હોલ્કર, ભોંસલે, ગાયકવાડ એ મરાઠા સરદારોને પોતપોતાના રાજ્યમાં ઇંગ્લંડની બાદશાહી સત્તા નીચે રાજ્ય કરવા દીધા.

આ, બ્રિટિશ સત્તાના ઉપર જણાવેલા બીજા યુગનો, ટુંકામાં ઇતિહાસ. ૧૭૯૩ નો બંગાળાનો, ૧૭૯૫ નો બનારસનો અને ૧૮૦૨. અને ૧૮૦૫ નો ઉત્તર સરકાર અને બીજા વિભાગોમાં દાખલ થયલા અચળ જમાબંદીનો બંદોબસ્ત એ આ યુગનું મોટામાં મોટું અને કલ્યાણકારક વહીવટી કૃત્ય છે. મ્હૈસૂર અને મરાઠાને છેવટને માટે નાબુદ કર્યો એ આ યુગનું મોટામાં મોટું રાજકીય કૃત્ય છે.

૩. મનો એલિફન્સ્ટન અને બેન્ટિન્ક.

૧૮૧૭ થી ૧૮૩૭.

હવેનો યુગ યુરોપ તેમજ હિન્દમાં શાંતિ કરકસર અને સુધારાનો છે. યુરોપની પ્રજાઓ નેપોલીયનનાં યુદ્ધોથી કંટાળી ગઇ હતી, અને વોટર્લુના યુદ્ધ પછીજ તેમને લાંબા કાળ સુધી શાન્તિનાં સુખ મળ્યાં. તે પછી સને ૧૮૩૦ નો પરિવર્ત્ત થયો. સર્વત્ર વહીવટી સુધારા અને પ્રજાને માટે નાગરિક હકો સંપાદન કરવા તરફ યત્નો થયા. ઇંગ્લંડમાં ૧૮૩૨ નો રિફોર્મ એક્ટ થયો. બેલ્જીયમ હોલંડથી છૂટું પડ્યું અને પોતાનું સ્વદેશી રાજ્ય સ્થાપ્યું. જર્મની

અને ઇટલીમાં રાષ્ટ્રીય ઐક્ય અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય માટે મોટી હીલચાલો શરૂ થઇ. સને ૧૮૩૦ માં ગ્રીસ સ્વતંત્ર થયું. સને ૧૮૩૩ માં ગુલામગિરી નાબુદ થઇ. વહીવટી સુધારા કરવા અને લોક સ્થિતિને સારા પાયા ઉપર મૂકવી, એ આ યુગનું દૈવત હતું. તેજ દૈવતે હિન્દના રાજ્યકર્ત્તાઓની રાજ્યનીતિ પણ પ્રેરી.

લૉર્ડ હેસ્ટિંગ્સે ૧૮૧૭ માં કલકત્તાની હિંદુ કૉલેજ સ્થાપી. ૧૮૨૩ માં લૉર્ડ એમ્હર્સ્ટ કલકત્તાના તખ્ત ઉપર આવ્યા. તેમના વખતમાં ૧૮૨૬ માં આસામ, આરાકાન અને તેનાસરીમ ઇંગ્રેજી રાજ્યમાં ઉમેરાયાં. એ વરસ પછી લૉર્ડ એન્ટિન્ક ગવરનર-જનરલ થયા. તેમણે પણ સને ૧૮૩૦ માં કુર્ગને ખાલસા કરીને અને મ્હૈસૂરની રાજ્યધુરા હાથમાં લઇને બ્રિટિશ મુલકનો વધારો કર્યો. પણ આ યુગની વિશેષતા આટલામાં સમાએલી નથી. મનરો, એલ્ફિન્સ્ટન અને એન્ટિન્કનાં નામો સાથે જોડાયલા વહીવટી સુધારા એ આ યુગની વિશેષતા છે.

વૉરન હેસ્ટિંગ્સ અને કૉર્ન વૉલિસે સ્થાપેલી ન્યાયપદ્ધતિ નિષ્ફલ નીવડી તેનું કારણ એ હતું કે સ્વદેશીઓને વહીવટીના કામમાંથી બાતલ કર્યા હતા. ન્યાયનું કામ ચડી ગયું, અને બ્રિટિશ ન્યાયાધીશોને હાથે થતો વિલંબ ન્યાયના અભાવરૂપ થઈ પડ્યો. કમ્પનીના મુલકમાં ગુનાઓ વધવા માંડ્યા તેથી બાતમીદારો રાખીને માણસોની ધરપકડ કરવાની રીત દાખલ કરવામાં આવી; પણ તેનાથી તો અનિષ્ટ વધવા લાગ્યું. સને ૧૮૧૦માં લૉર્ડ મિન્ટો લખે છે કે 'ખૂન અને લૂંટફાટ બંગાળામાં બધે ઠેકાણે ચાલે છે.' આ સ્થિતિમાં કમ્પનીના રાજ્યપુરૂષોને વહીવટી કામમાં સ્વદેશીઓને વધારે ભાગ આપવાની જરૂર સમજાઇ. કલકત્તાના જજ સર હેન્રિ રટ્ટેચિ લખે છે કે 'હિંદ જેવા સુધરેલા અને જૂહોળી વસતિવાળા મુલકમાં સ્વદેશીઓ દ્વારાજ ન્યાય સારી રીતે આપી શકાય.'

આ ધોરણને અમલમાં મૂકનાર હિંદમાં પહેલો અંગ્રેજ ટૉમસ મનરો હતો. તેણે પ્રજામાં વિશ્વાસ રાખવાની રીતિ અંગીકાર કરી. તે ૧૭૮૦ માં

એક જુવાન સિપાહી તરીકે હિંદમાં આવ્યો હતો. હૈદરઅલ્લી સાથેનાં યુદ્ધમાં તે સામેલ હતો. સને ૧૭૯૩-૯૯ અને ૧૮૦૦ મૈસૂર અને દક્ષિણમાંથી જે મુલકો મળ્યા તેમાં મહેસુલનો બંદોબસ્ત કરીને તેણે નામ કહાડ્યું હતું. સને ૧૮૧૪ માં ફરીથી મદ્રાસની ન્યાયપદ્ધતિને તપાસવા અને સુધારવા સારૂ નિમાયેલી એક ખાસ સભાના પ્રમુખ તરીકે તે હિંદમાં આવ્યો; અને જવાબદારીવાળા વહીવટી કામમાં સ્વદેશીઓને વધારે ભાગ આપનારા પ્રસિદ્ધ કાયદાઓ તેણે પસાર કરાવ્યા. ૧૮૨૦ માં તે પાછો મદ્રાસના ગવરનર તરીકે ત્રીજી વાર હિન્દમાં આવ્યો. તેણે મદ્રાસનો રૈયતવારી જમાબન્દી-બંદોબસ્ત કર્યો, અને ૧૮૨૭ ના જુલાઇ માસમાં લોકનો આશીર્વાદ લઇ દેશને શોકમાં ડુબાવી હિંદમાંજ બેહેસ્તનશીન થયો.

સર ટૉમસ મન્રોએ જે મદ્રાસમાં કર્યું તે માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને મુંબાઇમાં કર્યું. તે મનરો કરતાં અઢાર વર્ષે નાનો હતો. તે ૧૭૯૬ માં આપણા દેશમાં આવ્યો હતો અને ૧૮૦૩ માં એસેનું યુદ્ધ થયું ત્યારે ડયુક ઑફ વેલિન્ગટનનો પોલિટિકલ સેક્રેટરી જેવો હતો. ૧૮૦૮ માં લૉર્ડ મિન્ટોએ તેને રાજદૂત તરીકે અફઘાનીસ્તાન મોકલ્યો અને તે વખતે તેણે અફઘાનોના સંબંધમાં પહેલું અને હજી સુધી પ્રમાણભૂત ગણાતું પુસ્તક લખ્યું. ૧૮૧૧ માં પેશ્વા સરકારમાં બ્રિટિશ એલચી તરીકે તેને નીમ્યો અને સને ૧૮૧૭ ના છેવટ મરાઠા વિગ્રહમાં તેણે અગ્રભાગ લીધો. આ રીતે મેળવેલા મહારાષ્ટ્રના લાંબા અને બહોળા અનુભવથી જ્યારે પેશ્વાનો મુલક ખાલસા કરવામાં આવ્યો ત્યારે તેને મુંબઇના ગવર્નર તરીકે નીમવાનું યોગ્ય જણાયું. આ મોટા હોદ્દાની ફરજો તેણે સાત વર્ષ સુધી બજાવી. તેણે મુંબઇના કાયદાઓ એકત્રિત કર્યા, સ્વદેશીઓને સરકારી કામમાં વધારે સંખ્યામાં દાખલ કર્યા; અને દેશમાં કેળવણીનો વિસ્તાર કર્યો. સને ૧૮૨૭માં તે નિવૃત્તિપરાયણ થઇ ઇંગ્લંડ ગયો.

આ પ્રમાણે જ્યારે સને ૧૮૨૮ માં બેન્ટિન્ક ગવર્નર જનરલના સિંહાસન ઉપર આવ્યો ત્યારે વહીવટી સુધારાનું કામ સારીરીતે આગળ વધેલું

હતું. બેન્ટિન્ક બોગણીસમા સૈકાની શરૂઆતમાં મદ્રાસનો ગવર્નર હતો, પણ ત્યાં સેનાપ્રકોપ થવાથી તેને પાછો બોલાવી લેવામાં આવ્યો હતો. પછી યુરપના રાજ્યકારભારમાં પડતાં તેણે ૧૮૧૪ માં જીનોઆ સર કર્યું. ત્યાંનું જુનું રાજ્યબંધારણ ફરીથી સ્થાપ્યું, અને તે વખતે સંયુક્ત ઇટલિની ભાવના તેનામાં જન્મ પામી. આ પછી ચૌદે વર્ષે ચોપન વર્ષની પાકી ઉમ્મરે તે હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે હિંદમાં આવ્યો.

મન્ત્રોએ બતાવેલા કાયદાઓ મદ્રાસમાં પસાર થયા હતા; જેથી દીવાની ન્યાય વારતવિક રીતે સ્વદેશી ન્યાયાધીશોને સોંપવામાં આવ્યો. એલ્ફિન્સ્ટને મુંબાઇમાં આવોજ સુધારો દાખલ કર્યો હતો. બેન્ટિન્કે પણ બંગાળામાં દીવાની ઇન્સાફ સ્વદેશી ન્યાયાધીશોને સોંપ્યો. તેમના પગાર અને અધિકાર ઉદાર બુદ્ધિથી નિર્માણ કર્યા; અને મહેસુલના કામમાં યુરોપીયન અધિકારીઓને મદદ કરવા સ્વદેશી મદદનીશ મહેસુલાતી અધિકારીઓની યોજના કરી. સ્વદેશીઓને આ પ્રમાણે વહીવટમાં વધારે ભાગ આપવાથી લૉર્ડ વિલ્યમ બેન્ટિન્ક દર વર્ષે દસ લાખ પાઉંડની બોટને બદલે વીસ લાખ પાઉંડનો વધારો બતાવી શક્યો. ૧૮૩૩ માં સુધરેલા પાયા ઉપર ઉત્તર હિંદુસ્તાનમાં મહાલવારી બંદોબસ્ત કરવાની શરૂઆત થઇ, અને મુંબઇમાં ૧૮૩૫ માં રૈયતવારી બંદોબસ્ત કરવાનું શરૂ થયું.

સને ૧૮૩૩ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો પટો ફરીથી તાજો થયો. આ વખતે તેમને વેપાર કરવાની બંધી કરી અને ફક્ત રાજ્યનો વહીવટ કરવાનીજ સત્તા આપવામાં આવી; અને આની સાથે એવી સરત કરવામાં આવી કેઃ—

"માત્ર ધર્મ, જન્મભૂમિ, વંશ, વર્ણ કે તેમાંના ગમે તે કોઇ કારણથી હિંદનો સ્વદેશી કોઇપણ જગા, હોદ્દો કે કામગિરી માટે અયોગ્ય ગણવામાં આવશે નહિ."

એન્ટિન્ક પછી સર ચાર્લસ્ મેટકાફ ગવર્નર જનરલ થયા. પછી સને ૧૮૩૬ માં લૉર્ડ ઓકલન્ડ આવ્યા; અને વળતે વર્ષે મહારાણી વિકટોરિયા બ્રિટિશ સામ્રાજ્યના સિંહાસન ઉપર આરૂઢ થયાં.

આપણા દેશમાં આ વર્ષ એક ઐતિહાસિક યુગનો અંત અને બીજાનો આવિર્ભાવ સૂચવે છે. ૧૮૩૭ પહેલાં બંગાળા, મદ્રાસ, મુંબઇના ઇલાકાઓ અને ઉત્તર હિંદના સારામાં સારા પ્રદેશો બ્રિટિશના હાથમાં આવી ગયા હતા. હિંદની મહાન્ સિવિલ સર્વિસની સ્થાપના થઇ ચૂકી હતી. ઘણા નિષ્ફળ પ્રયોગો કર્યા પછી દેશની ન્યાયપદ્ધતિ સંતોષકારક પાયા ઉપર મૂકવામાં આવી હતી. જમીનની મહેસુલના ગંભીર અને કઠિન પ્રશ્નનું પણ યોગ્ય-અયોગ્ય સમાધાન થઇ ગયું હતું. દેશમાં સર્વત્ર શાન્તિ સંપાદન થઇ હતી. કમ્પનીનો વેપાર બંધ થયો, અને હિંદના રાજ્યકર્ત્તાજ તરીકે હવે તે ઉભી રહી. ૧૮૧૭ માં કલકત્તામાં, અને ૩૪ માં મુંબઇમાં, ઈંગ્રેજી પાઠશાળાઓ સ્થપાઈ. સને ૧૮૩૬ માં છાપાનું સ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું. યુરોપ અને હિંદ વચ્ચે વરાળથી વ્યવહાર શરૂ થયો. ખરચમાં કરકસર કરવામાં આવી. વાર્ષિક ઉપજમાં વધારો જણાવા લાગ્યો. અને સ્વદેશીઓને રાજ્ય વહીવટના કામમાં વધારે કામગિરી આપવામાં આવી. બ્રિટિશ રાજ્યનો હેતુ હિંદના લોકોનું કલ્યાણજ છે, એ ધોરણ, ધોરણ તરીકે તો સ્વીકારાયું. આ ઇચ્છાને પ્રજાએ વધાવી લીધી. તેમનામાં માનસિક જાગ્રતિનો ઉદ્ભવ થયો; અને ઉત્કર્ષ અને અભ્યુદયનાં ચિન્હો દેખાવા માંડ્યાં. એટલા માટે આ વર્ષ હિંદના અર્વાચીન ઇતિહાસમાં એક સ્વાભાવિક મુકામનું સ્થાન છે. આ વર્ષ સુધીના આર્થિક ઇતિહાસનું અવલોકન કર્યા પછી વિકટોરિયન યુગનું અવલોકન બીજા ભાગમાં કરવાનું ધાર્યું છે.

પ્રકરણ ૨ જું.

બંગાળાની હકીકત.

૧. મુલકી વેપાર. ૧૭૫૭-૬૫

અઢારમા સૈકામાં જેમ દુનિયાના બીજા ભાગોમાં હતું તેમ આપણે ત્યાં પણ એક ઠેકાણેથી બીજે ઠેકાણે માલ લાવવા લઇ જવામાં ચીલાવેરો આપવો પડતો. પરંતુ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ પોતાનો માલ ચીલાવેરામાંથી મુક્ત કરવાનું ફરમાન મેળવ્યું હતું. યુરોપમાંથી જે માલ તે આયાત કરતી અને અહીંથી નિકાસ કરવા જે માલ તે લેતી તેના ઉપર ચીલાવેરો લેવામાં આવતો નહિ. જકાતની ચોકીએ ઇંગ્રેજ પ્રેસિડન્ટ અથવા કારખાનાના વડાના હાથ-દસ્કત બતાવ્યા એટલે કમ્પનીનો માલ સર્વ તરેહના વેરામાંથી મુક્ત થતો.

૧૭૫૭ માં પ્લાશીના યુદ્ધમાં વિજય પામ્યાથી બંગાળામાં ઈંગ્રેજી પ્રજાની આબરૂ વધી; અને કમ્પનીના નોકરો હવે પોતાને ખાનગી જોખમે કેટલોક વેપાર કરવા લાગ્યા. જે લાભ કમ્પનીના માલને મળતો તેજ લાભ કમ્પનીના નોકરો પોતાના ખાનગી વેપારને માટે પણ લેવાનું મન કરવા લાગ્યા. બંગાળાના નવાબોએ કમ્પનીનો આમદાની રવાનગી વેપાર વેરો લીધા વિના ચલાવવા દેવાનું કબુલ કર્યું હતું; પણ કમ્પનીના નોકરોએ તે હક પોતાના ખાનગી વેપારને પણ લાગુ પાડયો, અને બંગાળાના એક ભાગમાંથી બીજા ભાગમાં જે માલ તેઓ લઇ જાય તે પણ વેરા વગર લઇ જવાનો દાવો કર્યો.

૧૭૫૭ માં કલાઇવે મીરજાફરને બંગાળાનો નવાબ બનાવ્યો. મીર જાફર નાલાયક રાજા નીવડયો. અને બ્રિટિશની સાથેના કોલકરાર પાળી શકયો નહિ; એટલે ૧૭૬૦ માં તેને પદભ્રષ્ટ કર્યો અને મીર કાસમને નવાબ બનાવ્યો.

નવા નવાબે બર્દવાન ચિતાગોંગ અને મિદનાપુર એ ત્રણ પરગણાંની ઉપજ કમ્પનીને આપવાનું કબુલ કર્યું. મીરજાફર પાસે જે લહેણું બાકી હતું તે પણ આપવાનું તેણે સ્વીકાર્યું; અને તે ઉપરાંત દક્ષિણમાં કમ્પનીને લડાઇઓ લડવી પડી તેમાં પોતાના પ્રાળા તરિકે પાંચ લાખ રૂપીઆ બીજા આપ્યા. ગાદીએ આવ્યા પછી બે વર્ષની અંદર મીરકાસમે આ તમામ દેવું પતાવી દીધું.

પણ વેપારના સંબંધી મુશ્કેલીઓ વધવા માંડી. કમ્પનીના નોકરો પોતાનો માલ વેરો આપ્યા વિના એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જતા, અને સ્વદેશી વેપારીઓને ભારે ચોલાવેરો આપવો પડતો. આથી સ્વદેશી વેપારીઓ પાયમાલ થયા; નવાબની ઉપજને ધક્કો પહોંચ્યો; અને કમ્પનીના નોકરોને અદ્ધળક સમૃદ્ધિ પ્રાપ્ત થઇ.

કલાઇવ પછીનો ગવર્નર હેન્રી વેન્સીટાર્ટ આની અનિષ્ટતા સમજ્યો હતો. તે તેનું નીચે મુજબ વર્ણન આપે છેઃ—

" વેપારના સંબંધમાં મીરજાફર પાસે નવા હક્ક માગ્યા ન હતા. કમ્પનીને કંઇ જોઇતા પણ ન હતા. ૧૭૬૬ માં તેમની સાથે જે સરતો કરવામાં આવી હતી તેનાથી તેને સંતોષ હતો અને નવાબે આપખુદીથી જે જવાબદારીઓ તેમના ઉપર નાંખી હોય તેનાથી મુક્ત થવા માગતી હતી. પણ જ્યાં આપણો પ્રભાવ જણાવા લાગ્યો કે તરતજ કમ્પનીના નોકરો અને તેમની દેખરેખ નીચે કામ કરતા બીજા માણસોએ કેટલીક નવી રીતો દાખલ કરી. જે ચીજોનો વેપાર કરવાની પહેલાં મનાઇ હતી તેનો તેઓ વેપાર કરવા લાગ્યા અને નવાબના મુલકના કારભારમાં હાથ ઘાલવા માંડયો."

તેમના પછી મિ. વન્સ્ટર્ટ આવ્યા. તેઓ પણ તેજ મતલબનું લખી ગયા છે.

" વેરો આપ્યા વિના વેપાર ચલાવવામાં આવતો, અને તેને અંગે લોકના ઉપર બેસુમાર જુલમ થતો. અંગ્રેજ ગુમાસ્તાઓ લોકોને ત્રાસ આપીને સંતોષ ન માનતાં રાજાની સત્તાને પણ પગતળે ચાંપતા અને જ્યારે નવાબના અધિકારી જુલમ અટકાવવાનાં પગલાં ભરતા ત્યારે તેમજ બાંધીને માર

મારવા સુધી ચૂકતા નહિ. મીરકાસમ સાથે લડાઈ થવાનું તાત્કાલિક કારણ આ હતું."

નવાબ મીર કાસિમે પોતે પણ આ બાબતમાં કમ્પનીને એક સખત પત્ર લખ્યો હતો.

"કલકત્તાથી કાસમબજાર, પટના, ધાકા વિગેરેનાં સર્વ કારખાનામાંથી અંગ્રેજ મુનીમો તથા તેમના ગુમાસ્તા, કામદારો તથા આ�ડતીઆઓ મારા રાજ્યમાં ઉઘરાતદાર, ઇજારદાર, જમીનદાર, અને તાલુકદારની માફક વર્તેછે અને કમ્પનીનો વાવટો ચડાવીને મારા અમલદારોને કંઇ સત્તા ભોગવવા દેતા નથી. આ સિવાય આ દરેક ગામમાં, પરગણામાં અને ગામડામાં આ ગુમાસ્તાઓ તેલ મરચાં ઘાસ, વાંસી ચોખા,ડાંગર, સોપારી અને બીજી ચીજોનો વેપાર કરે છે. અને કમ્પનીના દસ્તક વાળો દરેક માણસ કમ્પની જેટલોજ હક પોતાને છે એમ માને છે.*"

મીરકાસમની ફરીયાદ પાયાવાળી હતી, અને કમ્પનીનો પટનાનો આડતીઓ મિ. એલિસ પોતાની વર્તણુંકથી નવાબનો ખાસ દુશ્મન થયો હતો. એક-આર્મિનિયન વેપારી ઉપર નવાબને માટે થોડોક જવખાર ખરીદવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આથી કમ્પનીના હકને નુકશાન પહોંચ્યું મનાયું; અને એલિસે એને પકડાવીને બેડી ઘાલી કલકત્તે મોકલાવી દીધો. બ્રિટિશ લશ્કરના બે સિપાહીઓ ભાગીને નવાબના રક્ષણ નીચે મોંઘીરના કિલ્લામાં રહ્યાનું ધારવામાં આવ્યું. એલિસે પોતાના નોકરોને આ કિલ્લાની ઝડતી લેવા મોકલ્યા પણ સિપાહીઓ જડયા નહિ. આવી વર્તણુકનું ગેરવાજબીપણું તે વખતે, વૉરન હેસ્ટિંગ્સ જે તે વખતે ગવર્નરની સભાનો એક સભાસદ હતો, તે પાગી ગયો હતો. અને તેમાંથી કોઇક દહાડો ઉઘાડો ડૂબ થશે એમ તે માનતો.

* મીરકાસમનો પત્ર તા. ૨૬ મી માર્ચ સને ૧૭૬૨.

એલિસના સંબંધમાં તે લખે છે કે:—

"એલિસના સંબંધમાં મારે શું કરવું તે મને સૂઝતું નથી. તેની નવાબ તરફની વર્તણુંક કેવળ અક્ષન્તવ્ય છે. જગતની દૃષ્ટિએ તો એમજ દેખાય છે કે આપણે નવાબની સત્તાની અવગણના કરીએ છીએ; એના અમલદારોને કેદ કરીએ છીએ; એના કિલ્લાઓ સામે આપણા સિપાહીઓને મોકલીએ છીએ અને એમ કહેવામાં આવેછે કે અંગ્રેજના કારખાનાનો મુનીમ નવાબની સુબાગિરીનો હક સ્વીકારતો નથી. આવાં ચિન્હો હોય ત્યાં કોઇ દહાડો ઉઘાડો દ્વેષ થશે એ નિર્વિવાદ છે."

કમ્પનીના નોકરો ખાનગી વેપાર, વેરો આપ્યા વિના ચલાવે, તેની સહામે હેસ્ટિંગ્સ મૂળથી વાંધો લેતો આવ્યો હતો અને તેથી બંગાળાના લોકોના વેપારને ધક્કો પહોંચે છે તેમ તે સમજતો; અને તે તેને સારૂં લાગતું નહિ. એ સ્વાર્થમાં આંધળો થયો નહોતો, અને પોતાના સ્વદેશીઓ તરફ સ્વાભાવિક પ્રેમ છતાં બંગાળાના લોકોને થતા ગેરઇન્સાફની સહામે પોતાનો અવાજ ઉઠાવવામાં તે અચકાયો ન હતો. બંગાળાના ગવર્નરને લખેલા એક પત્રમાં અંગ્રેજના નામથી જે જુલમ વર્તતો તેની સહામે તેણે સખત વાંધો ઉઠાવ્યોછે, અને તે કારણથી નવાબ અને અંગ્રેજ વચ્ચે દૃઢ અને લાંબો વખત નભી શકે એવી મૈત્રી બાંધવાના બધા પ્રયત્નો મિથ્યાજ છે એમ સ્પષ્ટ લખેછે. વળી લખેછે કે " હું જે જે જગા આગળ થઇને જાઉછું ત્યાં ત્યાં ઈંગ્રેજી વાવટા ફરકતા જોઇને મને અન્નયથી થાયછે." નદીમાં એક પણ હોડી ઈંગ્રેજી વાવટા વિનાની મારા જોવામાં આવતી નથી. ગમે તે હુકથી આ વાવટા ફરકાવવામાં આવતા હોય પણ આટલું તો ચોક્કસછે, કે તેથી નવાબની ઉપજને, દેશની શાન્તિને અને આપણી પ્રજાની આબરૂને નુકશાન પહોંચ્યા વિના રહેવાનું નથી."

" અમારી આગળ ચાલતી સિપાહીઓની મંડળી જે લૂટફાટ અને ઉદ્ધતાઇથી ફામ ફરતી તેની મને ખબર છે અને તેઓને એકલા

મૂકયા હોય ત્યારે તેઓ કેવો જુલમ કરે છે. તે પૂરતો પુરાવો આપેછે. તેમના સ્હામી મારી પાસે ઘણી ફરિયાદો લાવવામાં આવી હતી. ઘણાં ખરાં નાનાં શેહેરો અને સીરાજઓ તો અમે પહોચ્યા એટલે ખાલી થઈ ગયાં, તે એવા ભયથી કે અમારા તરફથી પણ તેમને તેવીજ રીતે પરખાવવામાં આવશે. સાહેબ, આપ જાણો છો કે આવી નાની નાની ભૂલો-ઉઘાડી ફરિયાદ કરવા જેવી પણ નહિ તેવી નજીવી ભૂલો આપણે હાથે ફરી ફરીને થવાથીજ આપણા રાજ્યના સંબંધમાં બહાર ગામના લોકો બહુજ પ્રતિકૂળ અભિપ્રાય ધરાવતા થયા છે."

હેસ્ટિંગ્સ્ હિંદમાં ઘણો વખત રહ્યો હતો અને બ્રિટિશના રાજ્ય સ્હામે લોકો આવુંજ મો ધરાવતા તે વાત બરાબર જાણીનેજ તેણે લખી હતી. આ બાબતની સિયરમુતખરીનનો લેખક પણ પુષ્ટિ આપેછે.

તે લખેછે કે એમનામાં (અંગ્રેજમાં) નિશ્ચય અને હિંમતની સાથે સાવધાની અને ડાહાપણ છે. વ્યૂહરચનામાં અને યુદ્ધકૌશલમાં પણ તેમની બરોબરી કરી શકે તેવા કોઇ નથી. આટલા બધા યુદ્ધકૌશલની સાથે જો તેઓ રાજ્યકલામાં કુશલ હોય, પોતાની લશ્કરી જરૂરીયાતો ઉપર જેટલું ધ્યાન આપેછે અને જેટલી બુદ્ધિ ખરચે છે તેટલું ધ્યાન ખેડુ અને ગૃહસ્થવર્ગની જરૂરીયાતો ઉપર અને બુદાના લોકને દુઃખમાંથી છૂટા કરી સુખી કરવા તરફ આપતા હોત તો તેમના કરતાં વધારે લાયક પ્રજા ભાગ્યેજ મળી આવે. પણ વતનીઓના કલ્યાણને માટે તેઓ એવા તો બે દરકાર છે કે તેમની પ્રજા જ્યાં ત્યાં પોકાર કરેછે અને દરિદ્ર અને દુઃખી થઇ ગઇછે. ઓ બુદા ! "તારા દુઃખી નોકરોની વારે આવ, અને તેમને જે જુલમો ખમવા પડેછે તેમાંથી તેમને છોડવ."

બંગાળાનો નવાબ પણ સરકારને વાજબી પણ પરિણામે નિષ્ફળ ફરિયાદો કર્યે ગયો.

એક પત્રમાં તે લખેછે કે કમ્પનીના ગુમાસ્તાઓ દરેક પરગણામાં અને દરેક ગામમાં મીઠું, સોપારી, ઘી, ચોખા, ઘાસ, વાંસરી, મચ્છી, ગુણપાટ,

આદુ, ખાંડ, તંબાકુ, અફીણ વિગેરે ઘણી ચીજોનો વેપાર કરે છે. રૈયતનો અને વેપારીનો માલ તેઓ કિંમતના ચોથા ભાગના પૈસા આપી ભારે જુલમે ઉપાડી જાયછે; અને તેવીજ રીતે જોર જુલમથી એક રૂપીયાના માલના પાંચ રૂપીયા રૈયત પાસેથી લેછે. દરેક પરગણામાં મારા અમલદારો પોતાનો અમલ બજાવતા બંધ થયા છે; અને આ જુલમથી મારી ફરજ હું બજાવી શકતો નથી, તેથી મને વર્ષે દિવસે લગભગ પચીસ લાખ રૂપીયાનું ઉપજમાં નુકસાન છે. ખુદાની મહેરબાનીથી મેં જે સંધિપત્ર કર્યું છે તેની શરતો મેં તોડી નથી તેમ તોડવા ઇરાદો પણ નથી; ત્યારે ઇંગ્રેજી કારખાનાઓના વડાઓ મારા રાજ્યકારભારને નિંદાપાત્ર બનાવવામાં અને મને નુકસાન પહોંચાડવામાં શા માટે શામિલ થતા હશે ?*"

કમ્પનીના ગુમાસ્તાનાં કૃત્યોનો વધારે વિગતવાર હેવાલ સાર્જન્ટ લેગોના પત્ર ઉપરથી મળી આવેછે.

" એક કોઇ ગૃહસ્થ અહીં પોતાને માટે કંઇ માલ લેવા કે વેચવા કોઇ ગુમાસ્તાને મોકલે છે. તે તરતજ કોઇપણ રૈયતને પોતાનો માલ લેવા કે વેચવા ફરજ પાડવાને પોતાને અધિકાર મળ્યો એમ માની લેછે. અને જો સામો માણસ અશક્તિને લીધે ના પાડે, તો કાં તેને સોટીઓ પડે છે કે કેદખાનાને શરણ થવું પડે છે. એટલુંજ નહિ પણ પોતે જે ચીજનો વેપાર કરતા હોય તે ચીજનો વેપાર બીજા કોઇને કરવા ન દેવો તે સારૂ બીજું બળ વપરાય છે. અને જો ગામડાંના લોકો તે પ્રમાણે કરે તો તરત પોતાની સત્તાનો અમલ થાયછે. વળી જે માલ તેઓ લેછે તે માટે પણ ઘણામાં ઘણી મહેરબાની કરે તો બીજા જે કિંમત આપે તેના કરતાં ઘણી થોડીજ આપવી; અને વખતે તેના પૈસા આપવાની ના પણ કહેવી. જો હું વચમાં પડું તો તરતજ ફરિયાદ થાય. આવા જુલમો હમેશ થાયછે તેથી આ–બાકરગંજ જેવો મહાલ ઉજ્જડ થઇ ગયો છે. હમેશાં વધારે સલામતી વાળી જગાની શોધમાં લોકો ચાલ્યા

* નવાબનો પત્ર તા. મે ૧૭૬૨.

જાય છે અને જ્યાંના બજારોમાં પહેલાં લક્ષ્મી ઉભરાતી હતી, ત્યાં અત્યારે કાંઇજ પેદા થતું નથી. તેમના પટાવાળાઓને લોકો ઉપર જોર જુલમ કરવાની છૂટ છે. અને જો જમીનદાર અટકાવવા આવે તો તેને પણ ધમકી આપવામાં આવે છે. પૂર્વે ઇન્સાફ કચેરીમાં અપાતો હતો, પણ હવે તો દરેક ગુમાસ્તો ન્યાયાધીશ થયો છે, અને દરેકનું ઘર કચેરી થઇ પડી છે. તેઓ ખુદ જમીનદારને શિક્ષા સંભળાવે છે, અને જમીનદારના પટાવાળાઓ સાથે બોલાબોલી થવાનું અથવા તેઓ કાંઇ ચોરી ગયા છે એવું કાંઇ બહાનું બતાવી તેમની પાસેથી પૈસા પણ કઢાવે છે.*"

એવોજ હેવાલ ડાકાના કલેકટર મહમદઅલીએ કલકત્તાના ગવર્નર ઉપર લખેલા પત્રમાં પણ મળી આવે છે.

(૧) કેટલાક વેપારીઓ ઇંગ્રેજી કારખાનાંવાળાઓ સાથે પોતાનું હિત જોડી પોતાના મછવા ઉપર ઇંગ્રેજી વાવટા ઉડાડે છે અને પોતાનો માલ અંગ્રેજોનો માલ છે એવું ખોળ કરી જકાત વગેરેની બાબતમાં ફાયદો કરવાના હેતુથી ઉપાડી જાય છે. (૨) લક્ષ્મીપુર અને ડાકાના ગુમાસ્તાઓ તમાકુ, રૂ, લોહ વિગેરે પરચુરણ ચીજો બજાર ભાવ કરતાં વધારે કિમ્મત આપીને લોકને ખરીદવાની ફરજ પાડે છે; અને પછી જોરજુલમથી પૈસા વસુલ કરે છે. વળી પટાવાળાઓને માટે ભથ્થાના પૈસા લે છે અને કરાર તોડવા માટે દંડ પણ લે છે. આથી એ રંગ અને બીજી જગાઓ કેવળ ઉજ્જડ થઇ ગઇ છે. (૩) લક્ષ્મીપુરના ગુમાસ્તાઓએ તાલુકદારના બજારનાં પરગણાં તાહસીલદાર પાસેથી ખુંચાવી લીધાં છે અને હવે ભાગ દેતા નથી. કેટલાક લોકોની ઉશ્કેરણીથી તેઓ કાંઇ ફરિયાદી કરવાનું કારણ હોય ત્યાં દસ્કત આપીને યુરોપીયનો અને સિપાહીઓને ગામોમાં મોકલે છે અને ત્યાં તેઓ તોફાન કરે છે. જુદી જુદી જગાઓએ તેઓ ચોકીઓ મૂકે છે, અને ગરીબ

* પત્ર તા. ૨૬ મે ૧૭૬૨.

લોકોના ઘરમાંથી જે હાથમાં આવે તે વેચાવી નાંખે છે; અને પૈસા પોતે ગાંઠે બાંધે છે. આવા તોફાનોથી દેશ પાયમાલ થઇ ગયો છે; લોકો પોતાનાં ગામોમાં અને ઘરોમાં રહી શકતાં નથી અને માલ ગુજરી આપી શકતા નથી. (૪) કેટલીક જગોએ મિ. કેવેલીયરે જોરજુલમથી નવાં બજારો સ્થાપ્યાં છે અને નવાં કારખાનાં ઉઘાડયાં છે અને પોતાના નામના ખોટા સિપાહીઓ રાખ્યા છે; અને તેઓ જેને જોઇએ તેને પકડીને દંડે છે. આવા જુલમગાર કૃત્યોથી ઘણાં હાટ, ઘાટ, પરગણાં, ઉજ્જડ થઈ ગયાંછે. ”

ઉદ્યોગ.

જ્યારે આખો અંદરનો વેપાર દરેક જીલ્લામાં કમ્પનીના નોકરો અને આડતીયાઓને લીધે આમ અવ્યવસ્થિત થઇ રહ્યો હતો ત્યારે જે રીતોથી તેઓ પાકો માલ વેપાર માટે મેળવતા તે પણ એટલીજ જુલમગાર હતી. મિ. વિલ્યમ બૉલ્ટ નામનો એક અંગ્રેજ વેપારી આંખ્યે દેખ્યાના પુરાવાને આધારે લખે છે કે:–

“ હવે એમ કહી શકાય કે કમ્પનીનો આખો અંદરનો વેપાર અને ખાસ કરીને યુરોપને માટે જેમાં નાણાં રોકવામાં આવ્યાં છે, તેનો વહીવટ એક સતત જુલમનો પ્રસંગ થઇ પડયો છે. આની નુકસાનકારક અસર દેશના દરેક વણકર ભોગવે છે, કારણ કે જે માલ નીકળે છે તે બધો એકહથ્થો કરી નાંખવામાં આવ્યો છે. ઇંગ્રેજો અને તેમના વાણીયા અને કાળા ગુમાસ્તાઓ કંઇપણ ધોરણ વિના તે માલ કેવો કહાડવો તે અને તેની કિમ્મત નક્કી કરે છે. એક ગુમાસ્તો એક શહેરમાં આવ્યો એટલે એક રહેવાનું મકાન લે છે જેને તે કચેરી એવું નામ આપે છે. ત્યાં પોતાના પટાવાળા અને હલકારાને મોકલી, આવેલા દલાલોને અને વણકરોને બોલાવે છે. પછી એમના શેઠ પાસેથી પૈસા આપી આ વણકરો પાસે અમુક માલ અમુક તારીખે અમુક

કિમ્મતે આપીશું એવા દસ્તાવેજો કરાવી લે છે; અને થોડાક પૈસા અગાઉથી આપે છે. ગરીબ બીચારા વણકરની કબુલત કંઇ જરૂરની ગણાતી નથી. કારણ કે, જ્યારે ગુમાસ્તા કમ્પનીના નામથી આવે છે ત્યારે પોતાની મરજી પ્રમાણે વણકરો પાસે લખાવી લે છે, અને જો વણકરો પૈસા લેવાની ના પાડે તો તેમના લુગડાને છેડે પૈસા બાંધવામાં આવે છે અને પછી માર મારીને તેમને ઘેર મોકલી દેવામાં આવે છે. આમાંના કેટલાક વણકરોનાં નામ કમ્પનીના ગુમાસ્તાનાં પત્રકોમાં દાખલ કરવામાં આવેલાં છે, અને તેમને બીજા કોઇને માટે કામ કરવા દેતા નથી, એટલુંજ નહિ પણ જેમ ગુલામ હોય તેમ એક ગુમાસ્તાના પત્રકમાંથી બીજા ગુમાસ્તાના પત્રકમાં તેમની બદલીઓ થાય છે અને ઉત્તરોત્તર તેમને નવા નવા ગુમાસ્તાની લુચ્ચાઇ અને જુલમને તાબે થવું પડે છે. આ ખાતામાં જે લુચ્ચાઇ ચાલે છે તે કલ્પી પણ શકાતી નથી. પણ બધાનો છેડો બીચારા વણકરને દઇ દેવામાં આવે છે. કારણ કે નીમતાનદારોની સાથે સંપ કરીને કમ્પનીના ગુમાસ્તાઓ માલની જે કિમ્મત ઠરાવે છે કે જાહેર બજાર ભાવ કરતાં ૧૫ થી ૪૦ ટકા જેટલી ઓછી હોય છે. વળી કમ્પનીના આઉતીઆઓ જે વણકરો કરાર પ્રમાણે માલ પૂરો ન પાડી શકે તેમની ધરવખરી માલ મતા વિગેરે જપ્ત કરે છે અને ખોટ પૂરી કરવા સારૂ હરાજ કરાવે છે, અને કાચા રેશમના કોકડાં કરનારાઓ ઉપર કેટલેક ઠેકાણે એવા જુલમો થાય છે કે કેટલાકે તો પોતાના અંગુઠા કાપી નાંખ્યા છે તે એટલા સારૂ કે તેમના ઉપર કોકડાં કરવા માટે જુલમ ન થઇ શકે.

ખેતી.

કારીગરોની આ દશા હતી એટલુંજ નહિ પણ ખેતીની પણ એવીજ સ્થિતિ હતી. કારીગરો ખેતી પણ કરતા હતા.

"જે રૈયત ખેતી પણ કરેછે અને બીજો હુનર પણ કરેછે, તેઓ કમ્પનીના ગુમાસ્તાઓના જુલમથી ખેતી સુધારી શકતા નથી અને મહેસુલ આપ-

વાની પણ શક્તિ ધરાવતા નથી. મહેસુલ ન આપવાથી વસુલાતી અધિકારીઓ તેમના ઉપર જુલમ કરેછે, અને ઘણીવાર તો આ ગીધોએ તેમને જમીનની મહેસુલ આપવા સારૂ પોતાનાં છોકરાં વેચવાની અથવા બીજી રીતે દેશ છોડીને નાસી જવાની ફરજ પાડીછે."

આટલા ઉતારા બસછે.

અંગ્રેજ ગવર્નર, અંગ્રેજ કાઉન્સીલના સભાસદ, અંગ્રેજ વેપારી, નવાબની ખુદની ફરિયાદો અને એક મુસલમાન ઇતિહાસકારના લેખોમાંથી આ ઉતારા લીધા છે અને આ બધા જુદા જુદા સ્થળોમાંથી એકજ શોકવાર્તા ખડી થાયછે. બંગાળાના લોકોને જુલમનો અનુભવ હતો પણ તેઓ આવો, ગામે ગામે અને ઝુંપડે ઝુંપડે અને સાળે સાળે પહોંચે એવા જુલમ નીચે કોઇ દિવસ રહ્યા નહતા. સત્તાધીશોનાં આપખુદી કૃત્યોનો પણ તેમને અનુભવ હતો પણ તેમના વેપાર, ઉદ્યોગ અને જીવનને આવી રીતે ધક્કો પહોંચાડનાર વ્યવસ્થિત પદ્ધતિનાં દુઃખો તેમણે પહેલાં કદી જોયાં નહતાં એમના ઉદ્યોગના ઝરા બંધ થઇ ગયા, એમની લક્ષ્મીનાં મૂળો સુકાઇ ગયાં.

વાન્સિટાર્ટ અને હેસ્ટિંગ્સ.

બંગાળામાં બે અંગ્રેજો આ અનિષ્ટતાનો છેડો લાવવાને મથતા હતા. તે વાન્સિટાર્ટ અને હેસ્ટિંગ્સ. તેઓ નવાબ મીરકાસમને મળી ધરમેળે સમાધાન કરવા સારૂ મોંધીર આવ્યા. મીરકાસમ સ્વચ્છંદી રાજા હતો. તેની પણ બુદ્ધિ સ્વચ્છ હતી. પોતે બલવાન અને સ્વચ્છંદી હોવાનો તો પુરાવો તેણે આપ્યો હતો; પણ કમ્પનીની સામે પોતાની અશક્તિ તે સમજતો હતો અને વાન્સિટાર્ટ અને હેસ્ટિંગ્સ એ બેનેજ પોતાના મિત્રો માનતો હતો. જે બાબતોમાં છૂટ મૂકવાની માગણી કરવામાં આવી તે છૂટો તેણે મૂકી અને ત્રણે જણા સમાધાની ઉપર આવ્યા તે આ પ્રમાણેઃ—

(૧) દરીઆ રસ્તે જે આમદાની અથવા રવાનગી વેપાર થાય તેને માટે કમ્પનીના દસ્કત આપવા; તેને કંઈ કનડગત ન કરવી અને તેના ઉપર કંઈ જકાત ન લેવી.

(૨) દેશમાં ને દેશમાં જે વેપાર ચાલે તેમાં જે ચીજો દેશમાં પાકતી અને પેદા થતી હોય તેને માટે કમ્પનીના દસ્કત આપવા; અને તેવા માલ ઉપર નક્કી કર્યા પ્રમાણે જકાત આપવી.

આ સિવાય બીજી પણ સરતો તેમાં હતી.

આના કરતાં વધારે વાજબી સરતો શી હોઇ શકે? પણ કલકત્તામાં તો આના ઉપર એક મોટું તોફાન જાગ્યું. એલિઅટ, હે, અને વૉટ્સે એવો અભિપ્રાય દફ્તર ઉપર નોંધ્યો કે વાન્સિટાર્ટે કબુલ કરેલા ધારા અંગ્રેજ તરીકે આપણી આબરૂને ધક્કો પહોંચાડે એવા છે; અને તમામ જાહેર તથા ખાનગી વેપારને પાયમાલ કરે એવા છે. કાઉન્સિલની સભા તા. ૧૫ મી ફેબ્રુઆરીને રોજ મળી. તા. ૧ લી માર્ચે તેના ઉપર ગંભીર ચર્ચા થઇ. એવો ઠરાવ કરવામાં આવ્યો કે કમ્પનીના નોકરોને અંદરનો વેપાર જકાત વિના ચલાવવાનો હક છે. નવાબના હકના અંગીકાર તરીકે માત્ર મીઠા ઉપર અઢી ટકા જકાત આપવામાં આવશે. અને વાન્સિટાર્ટની તમામ માલ ઉપર નવ ટકા જકાત આપવાની કબુલત નામંજુર કરવી." આ ઠરાવથી વાન્સિટાર્ટ અને હેસ્ટિંગ્સ જુદા પડ્યા.

આ પ્રમાણે સ્વાર્થી માણસોએ સ્વાર્થ સાચવવાનો ઠરાવ કર્યો. વૉરન હેસ્ટિંગ્સનો મત ન્યાયી હતો. હેસ્ટિંગ્સના શેરામાંથી નીચેનાં થોડાં વાક્યો સંભારી રાખવા જેવાં છે.

" હું એક ઘણીજ હલકી સ્થિતિમાં હતો તે વખતે આ દેશના લોકોમાં રહ્યો છું. તે વખતે આપણે નવાબી રાજ્યમાં એક ગુલામ જેવા પરતંત્ર હતા, તોપણ નવાબીના અમલદારો અને જમીનદારો આપણે માટે ઘણી દરગુજર કરતા અને કંઇક માન પણ આપતા. તેથી આજે જે ઠરાવ રાજ્યસભા કરે

છે તે બ્હોળા અનુભવથી, ન્યાયી નથી એમ હું ખાત્રીથી કહું છું. અને ઉમેરવાની રજા લઉંછું કે જો આપણા લોકો ધણી થઇ પડવાની અને પ્રજાને પીડવાની દાનત ન રાખતાં વાજબી અને પ્રમાણિકપણે વેપાર કરે અને નવાબીની વાજબી સત્તાને તાબે થાય તો તેમને માન મળે અને તેમની ચાહના થાય; અને ઇંગ્રેજનું નામ કબકાને પાત્ર થવાને બદલે સર્વત્ર માન પામે. આપણા વેપારથી દેશને ફાયદો થાય, અને આપણી સત્તાને ગરીબ પ્રજાને નુકસાન અને જુલમને તાબે કરનાર એક ' હાઉ તરીકે ન ગણતાં, અભયદાતા અને આશીર્વાદ રૂપ ગણવામાં આવે."

કલકત્તાની સભાએ કરાર નામંજુર કર્યાનું મીરકાસમે સાંભળ્યું. અને કરાર પ્રમાણે જે હુકમો તેણે કહાડેલા તેનો અમલ થતો અંગ્રેજોએ અટકાવ્યો. આ વખત થઇ આવેલા અમીરી ક્રોધમાં મીરકાસમે પૂર્વે કોઇ પણ રાજાએ ન કરેલું એવું એક પગલું ભર્યું. એણે પોતાની ઉપજનું બલિદાન કર્યું અને તમામ મુલકી જકાત રદ કરી; તે એવા હેતુથી કે પોતાની રૈયત ઇસ્ટઇન્ડિયા કમ્પનીના નોકરોની સાથે સરખા હકથી વેપાર કરી શકે.

હવે શું થયું ? માનતાં આંચકો ખાવા જેવું છે પણ વાત ખરી છે કે કલકત્તાની રાજ્યસભાએ આ પગલું 'બ્રિટિશ સાથે વિશ્વાસઘાત' જેવું છે એમ જણાવી વાંધો લીધો ! જેમ્સમિલ એના હિંદુસ્તાનના ઇતિહાસમાં લખે છે કે " આ વખતની કમ્પનીના નોકરોની વર્તણુંક, ન્યાય અને શરમના ભાનને પણ ભુલાવી નાંખવાની જે સત્તા, સ્વાર્થના અંગમાં રહેલી છે, એનો એક નામીચો દાખલો છે; અને વિલ્સન આના ઉપર ભાષ્ય લખેછે કે " આ કામના સંબંધમાં કંઇપણ મતભેદ હોઇ શકે નહિ. વેપારના લોભથી જન્મેલી અત્યંત ટુંકી નજરના સ્વાર્થિપણાથી, કાઉન્સિલના સભાસદોએ વિવેક-વિચાર ન્યાયબુદ્ધિ અને રાજ્ય નીતિનાં સ્પષ્ટ વચનોને પણ હડીલાઇથી પોતાની પાસે

આવવા દીધા નહિ. માત્ર વાન્સિટાર્ટ અને હેસ્ટિંગ્સ આના અપવાદ હતા અને તે માટે એમને ઘણું માન ઘટે છે."

વાન્સિટાર્ટે અને હેસ્ટિંગ્સે પોતાના મતભેદની અણીદાર નોંધ કરી; એક સ્થળે લખ્યું છે કે, " જો કે, તમામ વેપાર આપણે આપણા હાથમાંજ રાખવો અને આપણે આપણા બધા લોકોને મીઠું પેદા કરવામાં કામે લગાડવા, અને જમીનમાં પેદા થાય તે ચીજે ચીજ આપણે લેવી, એવો ઠરાવ કરવો એમાં આપણો સ્વાર્થ હશે; પણ આ મુલકના બધા વેપારીઓને વેપાર કરવાનાં સાધનો વિનાના કરી મૂકવાના આપણા પ્રયત્નમાં નવાબ આપણી "શામિલગિરી કરશે એ ધારવા જેવું નથી." આ શબ્દો આ પ્રકરણમાં શાં શાં પરિણામો સમાયલાં હતાં તેનો બરો ખ્યાલ આપે છે. કમ્પનીના નોકરો, પોતાને માટે ખાનગી સમૃદ્ધિ ભેળી કરવાના હેતુથી, એક સંપત્તિ વાળા અને સુધરેલા દેશના વતનીઓ પાસેથી, પૃથ્વી ઉપરની બધી સુધરેલી પ્રજા નિઃશંક રીતે ભોગવે છે એવા, નિરંકુશ ખેતી અને નિરંકુશ વાણિજ્યના હકો, જે આ લોક સારા અને નરસા રાજ્યતંત્રોમાં પણ ભોગવતા હતા, તે હકો છીનવી લેવાની ઇચ્છા કરતા હતા. કમ્પનીના નોકરોને એક બે ચીજના વેપારનો અનન્યાધિકાર જોઇતો નહતો, પણ બધી ચીજોમાં પોતાના વેપાર અને સ્વદેશી વ્યાપારીઓના વેપારની વચ્ચે એવો અંતર કરવા ઇચ્છતા હતા કે જેથી પરિણામે બંગાળાના લોકોના, માનવસમાજના સામાન્યમાં સામાન્ય હક, પણ નાબુદ થાય. પરદેશી વેપારીઓએ એક મોટા અને આબાદ દેશના તમામ વેપારને પોતાના હાથમાં લેવાનો આવો સર્વદેશી દાવો હથિયારના બળથી કર્યાનો એક પણ બીજો દાખલો ઇતિહાસમાં ભાગ્યેજ મળી આવશે. નવાબ મીરકાસમ આ દાવાની સામે થયો અને પરિણામમાં લડાઇ થઇ.

હેન્રિ વાન્સિટાર્ટ જે મીરકાસમના બંગાળાના રાજ્ય દરમીયાન (૧૭૬૦–૧૭૬૫ સુધી) કલકત્તાનો ગવર્નર હતો તે આ પરિસ્થિતિના સંબંધમાં નીચે પ્રમાણે લખે છેઃ—

એણે કમ્પનીનાં કરજ પતાવી દીધાં, પોતાના લશ્કરની પાછલી ઉધરાણી આપી દીધી. પોતાના દરબારનાં ખરચો કમી કર્યાં, અને ઇલાકાની શાન્તિને વારંવાર વિઘ્નમાં નાંખનાર જમીનદારોની સત્તા ઓછી કરીને મુલક ઉપર પોતાની સત્તા નિઃશંક કરી. આ બધું જોઇને મને બહુ આનંદ થયો; કારણકે હું જાણતો હતો કે મને જેમ આપણી મદતની જરૂર ઓછી પડે તેમ આપણાં ખરચ ઓછાં થશે અને આપણે આપણો મુલક વધારે સારી રીતે સંભાળી શકીશું; એટલુંજ નહિ પણ આપણે ઉભયના દુશ્મન સામે જ્યારે જોઇશે ત્યારે ઉપયોગી અને વિશ્વાસપાત્ર મિત્ર તરીકે એના ઉપર આધાર રાખી શકીશું. મને ખાત્રી હતી કે જ્યાં સુધી આપણે એના હકની દબાવણી કરીશું નહિ અને એની રાજ્યસત્તાને પજવીશું નહિ ત્યાં સુધી એ આપણી સ્હામે યુદ્ધ કરવાની ઇચ્છા કરશે નહિ. અને ખરેખર કલહનો પ્રસંગ ન આપવાને માટે એ હમેશાં બહુજ સાવચેતી રાખતો તે એટલે સુધી કે આપણા ગુમાસ્તાઓના ગેરવાજબી લોભથી અને આપણા ખાનગી વેપારના સંબંધમાં આપણે નવો દાવો કર્યો તેથી, તકરાર થઇ ત્યાં સુધી, અને યુદ્ધની શરૂઆત સુધી, પણ આપણને આપેલી જમીનમાં એક માણસ મોકલ્યાનો કે આપણા વેપારની એક ચીજમાં આપણને કનડગત કર્યાનો દાખલો દેખાતો નથી; અને જવાબદારના કામની એલિસની ઢોળ ચડાવેલી એક બે ફરિયાદો સિવાય, કંઇ પણ દરમિયાનગિરી વગર આપણો વેપાર દરેક ઠેકાણે સમાધાનીથી ચાલ્યો આવ્યો છે. જે ગૃહસ્થોએ એના સામો પક્ષ બાંધ્યો હતો તેમની વર્તણુંક કેટલી જુદી હતી ? જે દિવસથી તેને સુબાગિરી ઉપર ચડાવવામાં આવ્યો તેજ તારીખથી નજીવાં બાનાં બતાવીને તેની રાજ્યસત્તા ઉપર ઘા કરવાની, એના અમલદારોને પકડવાની, અને એમને ગાળો દઇને બીજી રીતે ત્રાસ આપવાની તક લીધા વિના એક પણ દિવસ ભાગ્યેજ ગયો હશે. આના દાખલા બતાવવાની કંઇ જરૂર નથી; આ હેવાલને પાને પાને એ જોવામાં આવશે. "

આ પુસ્તકમાં કમ્પનીનાં લશ્કરી પરાક્રમોનો હેવાલ આપવાનો હેતુ નથી. સને ૧૭૬૩ માં મીરકાસમ સાથે જે લડાઇ થઇ તેના પરિણામ બાબત પહેલેથીજ કાંઇ શંકા નહતી.

બંગાળા.

મીરકાસમ ઇંગ્રેજ સામે બંગાળાના કોઇપણ રાજાના કરતાં વધારે સારી રીતે લડ્યો, પણ ઘેરીયા અને ઉદેનાળા આગળ તેણે હાર ખાધી. ક્રોધના આવેશમાં પટના આગળ કેદ કરેલા ઇંગ્રેજ કેદીઓને તેણે કતલ કરવાનો હુકમ આપ્યો અને પછી પોતાનું રાજ્ય હમેશને માટે છોડી ચાલતો થયો. ઘરડો મીરજાફર જેને ૧૭૬૦ માં રાજ્યમાંથી ખસેડયો હતો તેને અંગ્રેજે ફરીથી નવાબ બનાવ્યો; પણ એ થોડે કાળે મરી ગયો, અને એના અનૌરસ પુત્ર નાજીમ-ઉદ્-દૌલાને ૧૭૬૫ માં તાબડતોબ નવાબ બનાવી દીધો.

નવા નવાબને મારીએ બેસાડવાના દરેક પ્રસંગે આપણા આ પ્રાચીન કલ્પવૃક્ષને ખંખેરવાની તક લેવામાં આવતી હતી. પ્લાશીના યુદ્ધ પછી ૧૭૫૭ માં જ્યારે મીરજાફરને નવાબ બનાવ્યો ત્યારે બ્રિટિશ અમલદારો અને બ્રિટિશ સૈન્યને ૧,૨૩૮, ૫૭૫ પાઉંડ મળ્યા હતા; જેમાંથી કલાઇવે ૩૧૫૦૦ પાઉંડ લીધાનું કબુલ કર્યું હતું; અને તે સિવાય તેણે બંગાળામાં મોટી જાગીર લીધી હતી. ૧૭૬૦ માં મીરકાસમને નવાબ બનાવ્યો ત્યારે બ્રિટિશ અમલદારોને ૨,૦૦,૨૬૯ પાઉંડ મળ્યા હતા; આમાંથી ૫૮,૩૩૩ પાઉંડ ખુદ વાન્સિટાર્ટને મળ્યા. જ્યારે ૧૭૬૩ માં મીરજાફરને બીજીવાર નવાબ બનાવવામાં આવ્યો ત્યારે ૫,૦૦,૨૬૫ પાઉંડ જેટલી રકમ વહેંચાઇ હતી. અને હવે જ્યારે ૧૭૬૫ માં નાજીમુદ્દૌલાને નવાબ બનાવ્યો ત્યારે ૨,૩૦, ૩૫૬ પાઉંડ પોશાકમાં વહેંચ્યા. આ પ્રમાણે પોશાક તરીકે મળેલી રકમો સિવાય બીજી પણ ૩,૭૦,૮૩૩ પાઉંડની રકમો જુદે જુદે પ્રસંગે લેવામાં આવી હતી. આ બધી રકમોનો સરવાળો ૫૯,૪૦,૪૯૮, પાઉંડ થવા જાય છે.

આ રકમો પહોંચ્યાનું ૧૭૭૨–૭૩ માં હાઉસ ઑફ કૉમન્સની કમિટીએ ચલાવેલી તપાસ દરમિયાન પુરાવાથી અથવા અંગીકરણથી સાબીત થયું હતું. કલાઇવે પોતાની વર્ત્તણુંકનું વાજબીપણું નીચે પ્રમાણે બતાવ્યું.

"મેં આ વાત કોઇ દિવસ છાની રાખી નથી. પણ ઇન્ડિયાના કાર્યાધ્યક્ષોની મન્ત્રીસભાને હું જે પત્ર લખતો તેમાં સ્પષ્ટ રીતે લખતો કે નવાબની ઉદારતાથી મારી સમૃદ્ધિ જામી ગઇ છે, અને કમ્પનીનું હિત એજ એક હિંદમાં રહેવાનો મારો હેતુ છે.....કમ્પનીની નોકરીમાં મારી જીંદગી વારંવાર જોખમમાં નાંખ્યા પછી તેમને નુકસાન ન થાય તેવી રીતે સમૃદ્ધિ સંપાદન કરવાનો એકજ પ્રસંગ આવ્યો તે વખતે મારે સિંહ થઇને બેસવું એવું કમ્પની શી રીતે ધારી શકે ? કારણ કે હું ઓછું લઉં તેને લીધે કમ્પનીને કંઇજ વધારે મળવાનું નહતું."

કલાઇવને એવું સૂઝયું જ નહિ કે તે સમૃદ્ધિ નહોતી કમ્પનીની કે નહોતી તેની પોતાની. તે દેશની હતી અને સ્વદેશીઓના કલ્યાણને માટે જ વપરાવી જોઇતી હતી.

તોપણ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને ઇન્સાફ કરવાની ખાતર કહેવું જોઇએ કે નજરાણાને નામે પૈસા કઢાવવાની રીત વિરૂદ્ધ એમણે પગલાં ભર્યાં અને એમના નોકરો બંગાળામાં જે મુલકી વેપાર ચલાવતા તે પણ નાપસંદ કર્યો. ૧૭૬૫ માં પોશાક લેવાની મનાઇ કરી અને કમ્પનીના નોકરોએ મુલકી વેપાર ન કરવો, એ હુકમનો અમલ કરવા સારૂ ફરીથી કલાઇવને મોકલ્યો. તે હુકમ બંગાળામાં આવી ગયો હતો અને કમ્પનીના નોકરો પાસે કરાવી લેવાનાં ખતો તરતમાં આવવાનાં હતાં. વખત ખોવાનો અવકાશ નહોતો એટલે કલકત્તાની રાજ્યસભાએ ઝડપથી નાજીમુદ્દૌલાને ગાદીએ બેસાડી દીધો અને છેલ્લા પોશાકો લઇ લીધા.

૨. લૉર્ડ કલાઇવ અને તે પછીના ગવર્નરો.

૧૭૬૫ના વર્ષથી હિંદુસ્તાનના ઇતિહાસમાં એક નવા યુગનો આરંભ થાય છે. આ વર્ષમાં લૉર્ડ કલાઇવ ત્રીજીવાર હિંદમાં આવ્યો અને મોઘલ બાદશાહ પાસે કમ્પનીની બંગાળાના દિવાન તરીકે નીમણુંક કરાવી. મોઘલ બાદશાહ કંઇ વાસ્તવિક સત્તા ધરાવતા નહોતા પણ હજી તે હિંદના ઇલકાબી બાદશાહ હતા અને એમના પટાથી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને આ દેશમાં કાયદેસર સ્થિતિ મળી.

લૉર્ડ કલાઇવને બહુ મુશ્કેલ કામ કરવાનું હતું. કમ્પનીનો વહીવટ બગડી ગયો હતો, તેના નોકરો રૂશ્વતખોર હતા, અને રૈયત ઉપર જુલમ થતો હતો. થોડા વખતના અરસામાં આ બધું સુધારવાનું કામ કલાઇવને કરવાનું હતું. આના સંબંધમાં ૧૭૬૫ ના સપ્ટેમ્બરની ત્રીસમી તારીખે કલાઇવે કમ્પનીના કાર્યાધ્યક્ષોને એક પત્ર લખ્યો છે તે હિંદના વહીવટના સંબંધમાં પ્રસિદ્ધ થયેલા પત્રોમાં બહુ ધ્યાન આપવા લાયક પત્ર છે. લખે છે કે:-

" ૨ મારા આવ્યા પછી મને માલુમ પડયું કે અહીંનો આપનો વહીવટ એવો તો વિપરીત થઇ ગયો છે કે સ્વાર્થની ધૂનમાં કર્ત્તવ્ય અને પ્રતિષ્ઠાની બુદ્ધિ ખોઇ ન બેઠા હોય એવા કોઇ પણ માણસો તેનાથી ચમક્યા વિના રહે નહિ. ઘણાઓના હાથમાં એકદમ લક્ષ્મી આવી ગયાથી દરેક પ્રકારનો મોજશોખ દાખલ થયો છે અને તે પણ હદ બહારનો. આખા ઇલાકામાં દરેક ખાતાના માણસોમાં આ બદીઓ લગોલગ જોવામાં આવે છે. તાબાના દરેક અધિકારીને પૈસો મેળવવાનું મન થાય છે, તે એટલા માટે કે એની અને ઉપરી અમલદારની વચ્ચે પૈસાની ન્યૂનતાને લીધે જે અંતર રહ્યો છે તે અંતર મટી જાય, અને પોતે પણ એટલોજ રૂઆબ ધારણ કરી શકે."

આપના નોકરો પોતાની લોભવૃતિને સંતુષ્ટ કરવાનાં જે સાધનો મળી જાય તેનો લાભ લે અથવા આપની સત્તાના જોરથી સાદી રૂશ્વતથી ભૂખ ન

મટે ત્યાં જબરાઇથી પૈસા કઢાવવામાં પોતાના અધિકારનો ઉપયોગ કરે તેમાં કાંઇ જ નવાઈ નથી. જ્યારે ઉપરીઓ આવી રીતનો દાખલો બેસાડે ત્યારે પોતાના ગજા પ્રમાણે તાબાના માણસો પણ તેમને પગલે પગલે ચાલે એ સ્વાભાવિક છે. આ બદી ચેપી હતી અને વહીવટ તેમજ લશ્કરી ખાતાના નાનેથી મોટા અધિકારી સુધી અને ખાનગી વેપારી સુધી પણ ફેલાઈ હતી.

"૯ આ પ્રસંગે મને બે રસ્તા સૂઝ્યા. એક સીધો અને સરળ; જેમાંથી મને પણ અઢળક સમૃદ્ધિ અને બીજા મોટા લાભો મળી શકે; બીજો નવો અને ડગલે ડગલે વિઘ્નથી ભરપૂર. જે ધોરણે કાર્યભાર–વ્યવસ્થા ચાલતી હતી તેજ ધોરણે હું પણ રાજ્યતંત્ર હાથમાં લઉં તો તે બની શકે તેવું હતું; એટલે નામનો ગવર્નર રહી તે જગાનાં માન પ્રતિષ્ટાનો નાશ થતો ચાલુ રહેવા દેવાને ધોરણે × × પણ એક બીજો પ્રતિષ્ઠાવાળો રસ્તો પણ મારી આગળ ઉભો હતો; તે એ કે મને લલચાવવાની અસંખ્ય યુક્તિઓને લાત મારીને મારે શુદ્ધ રહેવું; સુધારો કરવા જનારની જાત સામે દ્વેષ અને ક્રોધના આવેશમાં જે જે હુમલા થાય છે તે હુમલાને માટે મારી જાતને મેદાનમાં મુકવી અને આખા સંસ્થાનની અપ્રિયતા વોરી લેવી; જો આમ કરૂં તો મારી જગાની ફરજ બજાવવાની મારામાં શક્તિ છે તેનું મને ભાન હતું. આ બેમાંથી કયો રસ્તો પસંદ કરવો તે બાબત મને ક્ષણ પણ આનાકાની થઇ નહિ. નિશ્ચય ખંત અને ખમીરની જેમાં ઘણી જરૂર પડે તેવો ભાર મેં મારા ખભા ઉપર ઉઠાવ્યો, અને આ પ્રમાણે પસંદગી કરીને જો ફતેહ મળે તો મારા જાતિભાઇઓની પ્રતિષ્ઠા અને કમ્પનીનું અસ્તિત્વ સ્થિર થશે એવા વિચારમાં આનંદ માની સર્વ યત્ન કરવાનો મેં નિશ્ચય કર્યો.

"૧૨ કમ્પનીના નોકરોની સત્તાથી કામકાજ કરતા યુરોપિયન અને કાળા આરતીયાઓએ જુલમ અને ત્રાસનાં જે દ્વાર ઉઘાડયાં છે તેને માટે ઇંગ્રેજના નામને આ દેશમાં હમેશને માટે બટ્ટો રહેશે. પરંતુ હવે આ બાબતનો અંત લાવે અને આપણને હજી સુધી નહિ મળેલા એવા લાભનું મૂળ થાય, એવી એક

બીનાને અસ્તિત્વમાં લાવવા હું શકિતવાન થયો છું, તે વિચારતાં મને બહુ સંતોષ થાય છે. તે બીના તે બંગાળ બિહાર અને ઓઢિયાની તમામ જમીનની દેખરેખ રાખવાનો અને તેની તમામ મહેસુલ ઉઘરાવવાનો હક એટલે દિવાનીનું સંપાદન. મોઘલ બાદશાહને આપણે નાણાંની અને માણસની જે મદદ વખતા વખત કરી હતી તેના બદલામાં આ હક આપણને આપવામાં એમણે વાર લગાડી નહિ. અને તે કામ આપણને સંતોષ થાય તેવીજ રીતે પાર ઉતાર્યું છે. નવાબનો માન મરતબો અને તેની સત્તાના નભાવને માટે જે સાલીયાણું આપવું પડે તે અને મોઘલ બાદશાહની જમાબંદી નિયમસર આપણે આપવી; તે સિવાય જે વધારો રહે તે કમ્પનીનો. આ કમાણીથી આપની તમામ ઉપજ અઢી કરોડ જેટલી થશે. અને તેમાં વખતે વીસ ત્રીસ લાખનો પણ વધારો થશે. આપનું વહીવટ તથા લશ્કરી ખરચ શાન્તિના વખતમાં સાડ લાખથી વધારે નથી. નવાબનું સાલીયાણું ઘટાડીને ચાળીસ લાખ કર્યું છે. મોઘલ બાદશાહની જમાબંદીના છવીસ લાખ છે એટલે આપણે એક કરોડ ને બાવીસ લાખ રૂપીઆ અથવા સોળ લાખ પચાસ હજાર નવસેં પાઉંડ જેટલો ચોખ્ખો વધારો રહેશે.

"૬૬. હિંદુસ્તાનમાં પગ મૂકે તે વખતથી આપના તમામ નોકરોને પોતાનું ખરચ બરાબર કાઢી શકે એટલો પગાર આપવો, અને જેમ જેમ તેમની પાયરી ચઢતી જાય તેમ તેમ તેમાં વધારો કરવો. * * * નવા નિયમો પ્રમાણે વહાણમાંથી, વેપારના નવા હકોમાંથી, અને મીઠું, સોપારી અને તમાકુમાંથી જે નફો થશે તેમાંથી, જે વધારો થશે તે દ્વારા આ બાબત અમલમાં મુકવામાં અડચણ આવશે નહિ.

"૬૯. આ વહીવટી બાબત થઈ. હવે લશ્કરી બાબતમાં મારા વિચારો જણાવવાની રજા લઉં છું. અહીંયાં જે દૂષણ છે તે એ છે કે લશ્કરી સત્તાધારીઓ વહીવટી સત્તાના પ્રદેશમાં પગપેસારો કરે છે અને તેમની સત્તાથી સ્વતંત્ર થવાનો યત્ન કરે છે + + + મારો મત એવો છે કે આખું લશ્કર વહીવટ સત્તાના તાબામાંજ રહેવું જોઈએ. જો કોઇ વાર લશ્કરી ખાતું ઉપરીપણું

ધારણ કરવા જાય તો, ગવર્નર અને તેની સલાએ, પોતે કમ્પનીના સંસ્થાનના નિક્ષેપી છે અને એક વહીવટી સંસ્થાની નીચે જાહેર માલ મિલકતના વાલી છે, એવી બુદ્ધિ રાખીને અથાક મહેનત લેવી જોઇએ*"

× × × ×

કલાઇવના આ શબ્દોમાં નવા યુગનાં લક્ષણો આપણને સ્પષ્ટ થાય છે. અત્યાર સુધી કમ્પની માત્ર વેપારીજ હતી અને જો કે પ્લાશીના યુદ્ધથી તેઓ બંગાળાના વસ્તુતાએ ધણી થયા હતા તો પણ આ દિવાનીના પટાથીજ વહીવટ કરવાનો કાયદેસર હક તેમને મળ્યો. આ નવું કર્ત્તવ્ય બજાવવા સંબંધી કલાઇવે જે દરખાસ્તો કરી હતી તે આપણે જોઇ ગયા. વહીવટ તેમજ લશ્કરી ખાતાના સુધારાને અર્થે એણે કરેલા પ્રયત્નો માટે ઇતિહાસકારો એને જે માન આપે છે તે વાજબી છે; પણ જ્યારે તેની યોજનાનું ખાસ લક્ષણ આપણે ધ્યાનમાં લઇએ ત્યારે આપણે જોઇએ છીએ કે તે બ્રિટિશ રાજ્યકર્ત્તાઓના સ્વાર્થને ઉદ્દેશીને ઘડાયલી છે, સ્વદેશીઓના હિતને ઉદ્દેશીને નહિ. બંગાળાને એક જાગીર તરીકે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને માટે ઉપજના એક મૂળ તરીકે લેખવામાં આવ્યું હતું. ત્રણ કરોડ માણસ પાસેથી કર ઉઘરાવીને ખરચ અને સાલીયાણાં બાદ કરતાં જે વધે તે દેશના હિત માટે દેશમાં ખરચવાનું ન હતું પણ કમ્પનીના નફા તરીકે ઇંગ્લંડ મોકલાવાનું હતું. એક તાબાના મુલકમાંથી કમ્પનીના ભાગીદારો માટે વર્ષોવર્ષ પંદર લાખ પાઉંડ જેટલી રકમ પરદેશ મોકલવાની હતી. એક ગરીબ પ્રજા પાસેથી ઉઘરાવેલી મહેસુલમાંથી દુનિયામાંની સહુથી વધારે તવંગર પ્રજા તરફ સોનાની એક સતત નદી વહેવરાવવાની તે યોજના હતી.

આમ આપણે જોઇએ છીએ કે આપણા દેશની રાજ્યવ્યવસ્થાની પહેલીજ યોજનામાં આર્થિક અપવાહનો આરંભ થયો, જે અત્યારે કરોડો પાઉંડ સુધી પહોંચ્યો છે. બ્રિટિશ હથિયાર ફતેહમંદ થયાં, અને બ્રિટિશોએ વ્યવસ્થાસર રાજ્યપદ્ધતિ દાખલ કરી પ્રજાને શાન્તિ આપી, ન્યાય આપ્યો, પાશ્ચિમાત્ય

* હાઉસ ઓફ કોમન્સની કમિટીનો ત્રીજો રિપોર્ટ ૧૭૭૩ એ ૩૯૧ થી ૩૯૮.

શિક્ષણ આપ્યું, એ બધાને માટે તેમનાં જે વખાણ કરવામાં આવે છે તે બેશક યથાર્થ છે પણ હિંદ અને ઈંગ્લંડનો નાણાં સંબંધી વ્યવહાર પ્રથમથીજ ગેરવાજબી ચાલતો આવ્યો છે; અને, આપણો દેશ બ્હોળી સાધન સંપત્તિવાળો છતાં, ફલદ્રૂપ જમીનવાળો છતાં, ઉદ્યોગશીલ વસ્તીવાળો છતાં, બ્રિટિશ રાજ્યના દોઢસો વર્ષના વહીવટ પછી દુનિયામાં ગરીબમાં ગરીબ દેશ થઈ રહ્યો છે.

કમ્પનીને માટે પંદર લાખ જેટલો વાર્ષિક નફો સંપાદન કરીને પણ કલાઇવને સંતોષ ન થયો હોય, તેમ, તેણે કમ્પનીના નોકરોના નફા માટે બંગાળાનો વેપાર સાચવી રાખવાનો આગ્રહ કર્યો. આ બાનગી વેપારને અંગે થતો જુલમ અટકાવવા તેણે પગલાં ભર્યાં; પરંતુ કેવળ વેપારથી બંગાળાના ઇંગ્રેજોને ઘણો નફો આવનાર હતો તેથી કલાઇવે તે છોડી દેવો દુરસ્ત ધાર્યો નહિ. કમ્પની વિરૂદ્ધ છે એમ જાણ્યા છતાં કલાઇવ, મીઠું, સોપારી અને તંબાકુનો અંદરનો વેપાર ચલાવવાને કૃતનિશ્ચય હતો.

સને ૧૭૬૫ ના સપ્ટેમ્બરની ૧૮ મી તારીખે કમ્પનીના હુકમોનો અનાદર કરીને બીજા નોકરોની સાથે ભાગમાં જોડાઇને તેણે પોતે ઉપલો વેપાર ચલાવવાનો એક દસ્તાવેજ કરી આપ્યો. આ દસ્તાવેજમાં એક ફકરો આ પ્રમાણે છે:—

"વળી એવી સરત કરીએ છીએ કે—જો ઉપર લખ્યો ઇંગ્લંડની કમ્પનીના કાર્યાધ્યક્ષોની સભા એવો કોઇ હુકમ કહાડે અથવા કરે કે જેથી ઉપલો સહિયારો વેપારવણજ તોડી નાખવાને કે તદન બંધ કરવાને આજ્ઞા કે સૂચના થાય, અથવા તે વેપારવણજ કે તેના કોઇ ભાગનો વેપાર ચલાવવામાં કંઇ હરકત આવે અને તે ચાલતો બંધ થઇ જાય; અથવા જેમાં ઉપર લખ્યા દસ્તાવેજમાં નિર્દેશેલાં બતાવેલાં અથવા સમાયલાં સરતો, વાક્યો, હકો, નિયમો કે કરારો અથવા તેમાંના કોઇની વિરૂદ્ધ કાંઇ હોય, કે જેથી તે ગેરકાયદે અને અસર વિનાનું થઇ જાય; તો આ દસ્તાવેજમાંના અમે રોબર્ટ લૉર્ડ કલાઇવ તે પ્રમુખ તરીકે અને વિલિયમ બ્રાઇટવેલ સમનર વગેરે તે, ઉપર લખ્યો ફોર્ટ

વિલિયમની રાજ્યસભા તરીકે, તમને, એટલે વિલિયમ બ્રાઇટ વેલ સમનર, હેનિરાલ્ફ લેસ્ટર, અને જૉર્જ ગ્રે, અને બીજા ભાગદારો જે આ એકહથ્થો સહિયારો વેપાર ચલાવવાને હકદાર હોય કે હવે પછી થાય, તેમને અથવા તેમના વારસ વાલી અને વકીલોને સારી અને ખરી રીતે, કજામાંથી બચાવીશું, અને નુકશાન થશે તે ભરી આપીશું; અને તે પ્રમાણે કરવા અમે બંધાઇએ છીએ; અને ઉપર કહ્યા તેવો કોઇ પણ, આ કરારની વિરૂદ્ધ હુકમ નીકળશે કે તેવી સૂચના થશે તે છતાં અમે એક વર્ષને માટે ઉપરનો એકહથ્થો સહિયારો વેપાર ચાલતો રાખીશું, ચલાવીશું અને ચલાવવા ફરજ પાડીશું; અથવા ચાલતો રખાવીશું ચલાવરાવીશું, અને ચલાવવા ફરજ પડાવીશું, અને તેમ કરવા આ ઉપરથી બંધાઇએ છીએ.”

લૉર્ડ કલાઇવનો ૩૦ મી સપ્ટેમ્બરનો પત્ર મળ્યા પછી કમ્પનીના કાર્યાધ્યક્ષોની સભાએ કલકત્તાની કમિટીને ૧૭ મી મે ૧૭૬૬ ની તારીખનો જવાબ લખ્યો અને તેની સાથે લૉર્ડ કલાઇવને એક ખાનગી પત્ર લખ્યો. કાર્યાધ્યક્ષ સભાએ લૉર્ડ કલાઇવનો એની મોટી સેવાને માટે આર્દ્ર શબ્દોમાં ઉપકાર માન્યો; અને બંગાળ, બીહાર અને ઓરિસાની દિવાનીનો અંગીકાર કર્યો. પણ સહાને માટે ઘણું માનપ્રદ છે કે તેણે લૉર્ડ કલાઇવે ઘડી કહાડેલી આંતર વેપારની યોજના રદ કરી. લખે છે કેઃ–

પોશાક તરીકે જે જે રકમો લીધી છે તેના સંબંધમાં અમારા વિચારો ખાસ કમિટીના અમારા પત્રમાં અમે બતાવ્યા છે; અને અમે આટલું ઉમેરવાની જરૂર ધારીએ છીએ કે વેપારમાં જે પુષ્કળ સંપત્તિ સંપાદન કરી છે તે કોઇ પણ દેશકાળમાં નહિ જાણેલી એવી જુલમ અને ત્રાસની પદ્ધતિથી થયેલી છે. આ બાબતમાં અમારા વિચારો અને હુકમો અમે આ વાત જાણી ત્યારથી એક સરખા છે. અને આ વેપારમાં જે ત્રાસદાયક જુલમો થયા છે તેનો અનુભવ થયા પછી કમિટીના રોજકામમાં નોંધેલી સંકુચિત અને વ્યવસ્થિત રીતે પણ વેપાર ચલાવવાની બાબતમાં અમે અનુમોદન આપી

શકતા નથી; અને અમે ધારીએ છીએ કે તેથી આપ નામદારને વિસ્મય થશે નહિ. ”

કમ્પનીના નોકરો તરફથી ચાલતા આંતર વેપારના સંબંધમાં કમ્પની કોઇ દિવસ બેભથુ બોલી નથી. ૧૭૬૪ ના ૮ મી ફેબ્રુઆરીના પત્રમાં તેમણે તેવા વેપારની મના કરી હતી, અને ૧૭૬૫ના ૧૫ મી ફેબ્રુઆરીના પત્રમાં પણ તેજ નિશ્ચય સાથે તે મનાઇનું પુનરાવર્તન કર્યું હતું; પણ હિંદુસ્તાનમાં તેમના નોકરોએ તેની કંઈજ દરકાર કરી નહતી. હવે ૧૭૬૬ ના ૧૭ મી મેના પત્રમાં લૉર્ડ કલાઇવની યોજના પ્રમાણે વેપાર ચલાવવાની મંજુરી એમણે આપી નહિ, છતાં તે હુકમ તેમણે ન માન્યો; અને કરારો થઈ ગયા છે, નાણાં ધીરાઈ ગયાં છે, એવાં બહાનાં કાઢી બે વર્ષ સુધી વેપાર ચલાવ્યે ગયા.

લૉર્ડ કલાઇવે સને ૧૭૬૭ માં આ દેશ છોડયો. અને મિ. વર્લ્સ્ટ ગવર્નર થયા, જેમણે ૧૭૭૦ સુધી અમલ ભોગવ્યો. તેમના પછી કાર્ટિયર આવ્યા તે ૧૭૭૨ સુધી રહ્યા. વર્લ્સ્ટ અને કાર્ટિયરની કારકીર્દિમાં પ્રથમ જે જુલમ ચાલતો હતો. તે કાયમજ રહ્યો. કલાઇવે રાજ્યતંત્રની જે વ્યવસ્થા કરી હતી તે એવડા અમલની વ્યવસ્થા હતી. મહેસુલની ઉઘરાત હજી નવાબના રાજ્ય કોશ માટે થતી; ન્યાય હજી નવાબના અમલદારોને હાથે અપાતો હતો; અને દરેક કામકાજમાં નવાબની સત્તાનું મિષ આગળ ધરવામાં આવતું હતું. પણ બધો નફો ઇસ્ટ ઇન્ડિયા કમ્પની કે જેઓ અત્યારે આ આખા મુલકના વાસ્તવિક ધણી હતા, તેમને જ જતો. કમ્પનીના નોકરો પોતાના ખાનગી નફાને માટે બેહદ જુલમ ગુજર્યે જતા હતા;–નવાબના નોકરોને ખસીવરાવીને, અને નવાબની ન્યાયસભાને પોતાના હિત માટે ત્રાસસભા બનાવીને. ઇંગ્રેજ ગવર્નર આ જોતો, તેને વખોડતો, પણ કંઇપણ ઉપાય કરવાનું તેનામાં સામર્થ્ય નહોતું.

ગવર્નર વર્લ્સ્ટ લખેછે કે “ અમે આપણી અને નવાબીની વચ્ચેનાં બન્ધનો તદન તોડી નાંખ્યાં અને કોની આણ માનવી એ બાબતમાં દેશીઓ સંભ્રમમાં પડ્યા. સત્તા આવી વિભક્ત અને ગુંચવાયલી હોવાથી બીજે કોઇ

પણ સમયે નહિ ઉભી થઇ હોય તેવી ખટપટ ઉભી થઇ અને જોર જુલમ થવા લાગ્યો. નવાબીના અમલદારોને ચેપ લાગ્યો, અને કોઇ પણ તાત્કાલિક કાબુ ન રહ્યો તેથી વધારે વધારે નીડરતાથી કામ લેતા ગયા.*"

ખેતી, એ હમેશાં બંગાળાના લોકોને ઉપજીવિકાનું મુખ્ય સાધન હતું; પણ કમ્પનીના નોકરોએ દાખલ કરેલા મહેસુલી બંદોબસ્તની નવી રીતથી તે બહુ ઉતરી ગઇ. ઘણા જુના વખતથી બંગાળાની જમીન વંશપરંપરાના જમીનદારોના હાથમાં હતી. તેમને ભાયાત પટાવતોના જેવી સત્તા આપવામાં આવી હતી; એટલે, નવાબને જમાબંદી ભરવી, જરૂરને પ્રસંગે લશ્કરી નોકરી બજાવવી, અને પોતપોતાની જાગીરમાં લોક ઉપર વાસ્તવિક રાજ્યસત્તા ભોગવવી. તેમની રૈયત અને જમીન વાવનારા તેમને 'રાજા' ગણુતા; તેઓ બંદોબસ્ત રાખતા, કજીયાઓનું નિરાકરણ કરતા, અને ગુન્હેગારોને શિક્ષા કરતા. તેઓ ધર્મને ઉત્તેજન આપતા અને ધર્મિષ્ઠ માણસોને વૃત્તિ બાંધી આપતા; તેઓ વિદ્યા કળાનું પોષણ કરતા અને સાક્ષરોને ઉત્તેજન આપતા. સત્તરમા સૈકાના મુરશેદકુલી અને અઢારમા સૈકાના મીરકાસમ જેવા આપખુદ નવાબોએ આ જમીનદારોને લોઢાને હાથે, નીચોવ્યા હતા; પણ તેમણે તેઓને કોઇ દહાડો તેમની જાગીરમાંથી કહાડી મુક્યા નહતા, કેમકે રીવાજ પ્રમાણે જાગીરો વંશપરંપરાની મનાતી હતી. પરંતુ કમ્પનીના નોકરોએ બર્દવાન અને મિદનાપુરમાં, સને ૧૭૬૦ માં મીરકાસમ પાસેથી તેમને તે પરગણાં મળ્યા પછી, નવી રીત દાખલ કરી; તેમણે મામુલી હકોની કંઇપણ દરકાર કર્યા વિના ઉપજ વધારવાને માટે આ જાગીરો હરાજીથી વેચી—અને તેનાં બહુ શોકકારક પરિણામો આવ્યાં.

મિ. વન્સ્ટર્ટ આ વાતનો નિર્દેશ કરીને લખેછે કે "આ હરાજીમાં નિર્ધન અને પ્રતિષ્ઠા વિનાના માણસોએ ભાગ લીધો, અને કેટલાક ઇજારાના સંબંધમાં તો જ્યારે પ્રથમના ઇજારદારો ઘરબાર છોડી દેવાને નારાજ હોવાથી,

* ગવર્નર વન્સ્ટર્ટનો પત્ર તા. ૧૯-૧૨-૧૭૬૯.

ખરી કિંમતના કરતાં વધારે માગણી આપી ચૂક્યા, ત્યારે આ નવા માણસોએ તરત કબ્જો લેવાની હાનતે, તે માગણીઓને પણ વધારી દીધી. કારણ કે તેમને તો કંઇ ખોવાનું નહતું. આથી અસંખ્ય લુટારાઓના પંજામાં લોક આવી ગયું, અને તેમને લુંટીલુંટીને જ આ નવા ઇજારદારો પહેલા વર્ષની મહેસુલ ભરી શક્યા.*"

આગળ આપણે જોઇશું કે આ નવી અને જુલમી પદ્ધતિ વૉરનહેસ્ટિંગ્સે આગળ ઉપર આખા બંગાળામાં પ્રસારી અને તેના પરિણામમાં ભારે ખેદીલી, અવ્યવસ્થા અને દુઃખ પેદા થયાં. વલ્સ્ટ અને કાર્ટિયરના અમલમાં જમીનની મહેસુલ અત્યંત સખ્તાઇથી ઉઘરાવવામાં આવતી કારણ કે તેમને દરેક ઇન્ડિયા કમ્પનીની માગણીઓ પૂરી પાડયા વિના ચાલે તેમ ન હતું.

ગવર્નર વલ્સ્ટ કમ્પનીની ધુરંધરસભા ઉપર લખેછે "આટલા સારૂ હું વારંવાર દરખાસ્ત કરી ચૂક્યો છું તે પ્રમાણે, જ્યારે એમની જમીન આપણા વહીવટમાં આવે ત્યારે ઘણાંખરાં પરગણાંઓની મહેસુલ આપણે કમી કરી નાંખવી એ બહુ જરૂરનું છે. કારણ કે તેમ કરવાથી ખેતીમાં સુધારા વધારા કરવાનું લોકને ઉત્તેજન મળશે. હું આપની મહેસુલની સર્વ શાખાઓના અને આપના મુલકનાં સર્વ પરગણાંઓના ઓગણીસ વર્ષના અનુભવ પછી બાંધેલો મારો અભિપ્રાય, આપની રજાથી, જાહેર કરૂંછું કે આપની મહેસુલમાં કંઇપણ વાસ્તવિક વધારો કરવાનું અત્યંત મુશ્કેલ છે.+"

અનન્યાધિકાર અને વિનિગ્રહની રાજ્યપદ્ધતિમાં વેપાર અને ઉદ્યોગ પણ ઘટી ગયા. પ્રથમ કમ્પનીના ધુરંધરમંડળે પોતાના નોકરોને અટકાવવાનો યત્ન કર્યો હતો, પણ હવે તો તેઓએ પોતેજ વધારે ગંભીર સાહસ કર્યું. બ્રિટિશ વણકરોને બંગાળાના વણકરોની ઇર્ષ્યા થઇ; અને તેમણે, ઈંગ્લં-

* View of the Rise &c. of the English Government in Bengal; by Harry Verelst Late Governor of Bengal. London P. 70.

+ વલ્સ્ટનો પત્ર કોર્ટ ઓફ ડિરેક્ટર ઉપર ૧૭૬૮.

ડના વણકરોને ઉત્તેજન આપવા સારૂ, બંગાળાના વણકરોને દાબી દેવાને બુદ્ધિપુરઃસર યત્ન કરવામાં, કંપનીની નવી સત્તાનો દુરુપયોગ કર્યો. ૧૭૬૯ ના ૧૭ મી માર્ચના તેમના પત્રમાં તેઓ લખેછે કે, "બંગાળામાં કાચું રેશમ પેદા કરવાનું ઉત્તેજન આપવું, અને રેશમનો માલ બનતો જેમ બને તેમ અટકાવવો. " તેમણે એવી પણ ભલામણ કરી કે " રેશમના વણનારાઓને આપણાં કારખાનાંમાં કામ કરવાની ફરજ પાડવી; અને પોતાના પદરથી પોતાના ઘરમાં કામ કરતાં અટકાવવાં.×"

" આ નિયમથી ઘણો પ્રાયદો થયો છે. તેથી ખાસ કરીને વીંટનારાઓ જેઓ પહેલાં પોતાના ઘરમાં કામ કરતા, તેઓ હવે આપણા કારખાનામાં કામ કરવા આવવા લાગ્યા છે. આ વીંટનારાઓને એમને ઘેર કામ કરવા દેવાં નહિ, તેમ કરવા કરતાં વધારે સારૂં તો એ છે કે વીંટવાનું કામ કરતાંજ તેમને બંધ કરવાં; અને હવે સરકારની સત્તાથી સર્વથા અટકાયત કરીને અને નહીં માનનારને સખ્ત શિક્ષા ઠરાવીને—તે તદ્દન બંધ કરવાનું બરાબર બની શકશે."

ખાસ કમિટી લખે છે કે—આ પત્રમાં બળ અને ઉત્તેજનની સજ્જડ યુક્તિ બતાવવામાં આવી છે. અને ખરેખર તેથી બંગાળાનો ઉદ્યોગ ઘણે અંશે નાશ થવો જોઈએ. તેની અસરથી તે દેશનું આખું ઔદ્યોગિક સ્વરૂપજ ફરી જશે; અને હિન્દ, ગ્રેટબ્રિટનના ઉદ્યોગના ઉપયોગ સારૂ કાચો માલ પેદા કરવાનું એક ખેતર બનશે.*"

આપણે જેમ જેમ આગળ જતા જઈશું તેમ તેમ જોઇશું કે પચાસ વર્ષ અને તેથી પણ વધારે મુદત સુધી આપણા દેશ તરફ ઇંગ્લંડની આ નિયત નીતિ હતી; આમની સભા ૧૭૪૩ તેનું સ્પષ્ટ વિવેચન કરવામાં આવતું, અને ૧૮૩૩ અને તે પછીનાં વર્ષોમાં ઉત્સાહભેર અમલમાં મૂકાતી; તેથી

× હાઉસ ઓફ કોમન્સની સિલેક્ટ કમિટીનો ઇન્ડિયાની ન્યાય વ્યવસ્થા ઉપર નવમો રિપોર્ટ ૧૭૮૩; એ. ૩૭.

* નવમો રિપોર્ટ ૧૭૮૩ ; પા. ૬૪.

કરીને ઇંગ્રેજ કારખાનદારોને મોટો નફો થયો; અને હિંદના ઘણા રાષ્ટ્રીય ઉદ્યોગો નિર્મૂલ થયા.

પણ આપણા દેશને વધારામાં વધારે નુકશાન તો એ હતું કે કમ્પનીનો નફો અને બીજા દેશોમાં તેમનાં ખરચ ઉપાડવા સારૂ બંગાળાનો વાર્ષિક અપવાહ જારી રહ્યો; કમ્પનીના હાથમાં દિવાનગિરી આવ્યા પછી બંગાળાની ઉપજ ખરચતું છ વર્ષનું પત્રક ૧૭૭૩ ના આમની સભાના હેવાલમાં આપેલું છે, જેમાંથી નીચેનું કોષ્ટક તૈયાર કર્યું છે.

વર્ષ.	જમલે ઉપજ. £ પાઉંડ.	મોગલની પેશકશી નવાબનું સાલીયાણું અને ચાલુ ખરચ બાદ કરતાં વધ્યું તે. £ પાઉંડ.	વહીવટ અને લશ્કરી મહાલોનો કીલ્લા વગેરેનું ખરચ. £ પાઉંડ.	વાર્ષિક સીલક ખરી. £ પાઉંડ.
૧૭૬૫—૧૭૬૬ મેથી એપ્રિલ સુધી.	૨૨૫૮૨૨૭	૧૬૮૧૪૨૭	૧૨૧૦૩૬૦	૪૭૧૦૬૭
૧૭૬૬—૧૭૬૭	૩૮૦૫૮૧૭	૨૫૨૭૫૬૪	૧૨૭૪૦૬૩	૧૨૫૩૫૦૧
૧૭૬૭—૧૭૬૮	૩૬૦૮૦૦૬	૨૩૫૬૦૦૫	૧૪૮૭૩૮૩	૮૭૧૬૨૨
૧૭૬૮—૧૭૬૯	૩૭૮૭૨૦૭	૨૪૦૨૧૬૧	૧૫૭૩૧૨૬	૮૨૬૦૬૨
૧૭૬૯—૧૭૭૦	૩૩૪૧૬૭૬	૨૦૮૬૩૬૮	૧૭૫૨૫૫૬	૩૩૬૮૧૨
૧૭૭૦—૧૭૭૧	૩૩૩૨૩૪૩	૨૦૦૭૧૬૭	૧૭૩૨૦૮૮	૨૭૫૦૮૮
કુલ.	૨૦૧૩૩૫૭૬	૧૩૦૬૬૭૧૧	૯૦૨૭૬૦૬	૪૦૩૭૧૫૨

આ આંકડા ઉપરથી જણાય છે કે વર્ષોવર્ષ બંગાળાની ખરી ઉપજનો ત્રીજો ભાગ દેશ બહાર મોકલાવવામાં આવતો હતો. પણ દેશમાંથી વાસ્તવિક અપવાહ ઘણો મોટો હતો. વહીવટ અને લશ્કરી ખરચનો મોટો ભાગ અમલદારોના પગારના સ્વરૂપમાં હતો અને તેઓ પોતાની તમામ બચત હિન્દની બહાર મોકલતા. સ્વદેશી વેપારીઓને પોતાના ઘરના વેપાર ઉદ્યોગમાંથી બાતલ કરીને જેમણે મોટી સમૃદ્ધિઓ જમાવી હતી, તેઓ પણ વર્ષોવર્ષ તે ધન આ દેશની બહારજ મોકલતા. આ વાસ્તવિક અપવાહના ખરા આંકડા તો ગવર્નર વૅન્સિટાર્ટે તારવી કહાડેલા આમદાની રવાનગીના ૧૭૬૬–૧૭૬૭-૬૮ ના આંકડાજ હોવા જોઇએ. તે આ પ્રમાણે છે.×

આમદાની.	રવાનગી.
£ પાઉંડ.	£ પાઉંડ.
૬૨૪૩૭૫	૬,૩૧૧,૨૫૦

બીજા શબ્દોમાં આપણા દેશમાંથી આમદાની કરતાં દસ ગણી રવાનગી થઇ. મિ. વૅન્સિટાર્ટ પોતે પણ આનું ગંભીરપણું જોઇ શકયા હતા, અને બંગાળાની આર્થિક સ્થિતિ ઉપર તેનાથી થયલી માઠી અસરની હકીકત આપવામાં એમને કદી પણ કંટાળો આવતો નહિ. તેઓ લખે છે કે–

" આગળ આપણે જે રકમો દિલ્હી મોકલતા તેનો બદલો બંગાળાના વ્હોળા વેપારથી આપણને ક્યારનો મળી ગયો છે. નવાબના રાજ્યની અત્યારની સ્થિતિ કેવી છે? બધી યુરોપિયન કમ્પનીઓ અહીથી નાણાં મેળવીને

× View of the Rise &c. of Eng. govt. in Bengal App. P. 117.

પોતાની વાર્ષિક રવાનગીમાં વધારો કર્યા જાય છે અને આ ઇલાકાની સમૃદ્ધિમાં એક રૂપિયો પણ ઉમેરાતો નથી.*"

આ ઇલાકા ઉપર દરેક દિશામાંથી નાણાંની માગણીઓ થાયછે; જેથી આપની તીજોરી બહુજ ઊંડી જતી રહી છે; અને આ દેશમાંથી આવા બ્હોળા નિકાસનાં જે અનિષ્ટ પરિણામો અવશ્ય આવવાનાં તેનો વિચાર કરતાં અમને ભય ઉપજે છે.‡

"જે દેશમાંથી વાર્ષિક પેદાશના ત્રીજા ભાગ જેટલો પૈસો વર્ષોવર્ષ પરદેશ તણાતો જતો હોય, અને તેના બદલામાં તેને કંઈજ મળતું ન હોય, તેવો દેશ ગમે તેવો આબાદ હોય છતાં ઝાઝીવાર ટકી શકે નહિજ; અને આબાદ થવાની તો વાતજ શી? પરંતુ, આ સિવાય બીજા પણ એવા પ્રસંગો છે કે જેથી આ દેશની સમૃદ્ધિ ઓછી થતી જાયછે, અને જો તેનો ઉપાય નહિ થાય તો દેશ છેક ખાલી થઇ જશે. મેં જોયું છે કે પહેલાં આ દેશને એક મોટો લાભ એ હતો કે જુદાં જુદાં કુટુંબોને મોટી રકમોની બક્ષિસો મળવાથી અને રાજા અમલદાર વગેરેના ખરચાળુ મોજશોખથી દેશનો પૈસો દેશમાં જ વ્હેંચાતો હતો. પણ હવે તો જમીનની મહેસુલનો બધો ભાગ આપણી તીજોરી રૂપ મોટા ઓખાતમાં પડેછે અને તેમાંનો કંઇપણ ભાગ દેશમાં ફરવા પામતો નથી—આપણી રવાનગીમાંથી જે ભાગ નીકળે તે અને આપણાં આવશ્યક ખરચ સિવાય.

આ રવાનગી એટલે શું? આ સવાલનો ખુલાસો હાઉસ ઓફ કોમન્સના ૧૭૮૩ ના નવમા હેવાલમાંથી આપણને મળેછે.

'બંગાળાની ઉપજનો નિયત ભાગ, ઘણાં વર્ષથી ઇંગ્લંડ મોકલવાના માલની ખરીદી સારૂ વર્ષોવર્ષ કોરાણે મૂકાય છે. આને Investment 'કમાણી' એવું નામ આપવામાં આવ્યું છે. આ 'કમાણી'ના વધારાના પ્રમાણમાં

* પત્ર તારીખ ૨૬ સપ્ટેમ્બર ૧૭૬૭.

‡ પત્ર તારીખ ૨૪ માર્ચ ૧૭૬૮.

કમ્પનીના નોકરોની આવડત હુંશિયારીનું માપ થાય છે. અને આ, હિંદના દારિદ્રયનું મુખ્ય કારણ છે છતાં, તેને તેની સમૃધ્ધિ અને આબાદીનું પ્રમાણ ગણવામાં આવે છે. પૂર્વ તરફથી કિમતી માલનાં ભરેલાં મ્હોટાં વ્હાણોના સંખ્યાબંધ કાફલા હરહમેશ વધતા જતા પ્રમાણમાં આવે જાયછે તેથી લોકના ઉપર તેનો રૂઆબ પડેછે. સ્વાભાવિક રીતે જે દેશની વધારાની પેદાશ વેપારી આલમમાં આટલો બધો માર્ગ પડાવતી હોય તે દેશ સુખી સ્થિતિમાં છે અને એની આબાદી વધતી જાયછે એવો અભિપ્રાય બંધાય છે. અને એમ પણ મનાતું હશે કે હિંદમાંથી આ પ્રમાણે જે માલ આયાત થાય છે તેના બદલામાં ત્યાં કાંઇ મોકલવામાં આવતું હશે–કે જેથી તે દેશની વેપારની મુડી સતત સબળ થતી જતી હશે અને વધતી હશે. પણ ખરી રીતે તો આ વેપાર હિંદને લાભકારક નહોતો પણ તે દેશની આપણા દેશને આપવાની પેશકશી હતી, અને તે તેનો આ માર્મિક ભળકાદાર દેખાવ હતો."+

આ સતત અપવાહની અનિષ્ટતાને ઇંગ્લંડના મોટામાં મોટા રાજ્યનીતિ-તત્વજ્ઞે પણ યોગ્ય ભાષામાં વખોડી છે. ૧૭૮૩ માં ફ્રેંક્સના ઇસ્ટ ઇન્ડિયા બિલ ઉપર બોલતાં એડમન્ડ બર્ક હિંદના આ અપવાહની નુકસાનકારક અસરોનું વર્ણન કરેછે. અને તેમણે તે પ્રસંગે જે વચનો કહ્યાં છે તેના કરતાં વધારે સાચાં, વધારે બળવાન અને વધારે પ્રતાપી વચનો તેમની પાર્લમેન્ટની જીંદગીમાં તેઓ ભાગ્યેજ બોલ્યા હશે. કહેછે કે–

" એશિયાના વિજયકારોની ક્રૂરતા તરતજ ઓછી થતી કારણ કે વશ કરેલો દેશ તેઓ પોતાનો કરી નાખતા. તેઓ જે દેશમાં રેહેતા તે દેશના અસ્ત–ઉદય સાથે તેમનો પણ અસ્ત–ઉદય થતો. પોતાનાં સંતાનો માટે પિતાની આશાઓ ત્યાંજ રહેલી હતી; સંતાન પણ પૂર્વજોનાં પરાક્રમો ત્યાંજ જોતાં; એમનું ભવિષ્ય એજ દેશ સાથે હમેશને માટે જોડાયું રહેતું; પોતાનો દેશ ખરાબ ન થાય એવી સર્વ સ્વાભાવિક ઇચ્છા તેમનામાં

+ નવમો રિપોર્ટ સને ૧૭૮૩ પાનું ૫૪.

પણ હોવીજ જોઇએ. દારિદ્રય, અપ્રજાત્વ અને નિર્જનતા, એ મનુષ્યને આનન્દજનક તો નથીજ; અને એક આખી પ્રજાની ગાળો ખાતા ખાતા જ ધરડા થવું એ કોકનાથી જ બની શકે. જ્યે લોભાદિકને લીધે તાર્તર સરદારો જુલમ અને લૂંટફાટ કરતા તો એક માણસની દુઃખી જીંદગીમાં પણ સત્તાના તેવા દુરુપયોગની માઠી અસરો સત્તાના અધિષ્ઠાન સુધી પહોંચવાનો પણ વારો આવતો. જોર જુલમથી ખજાનો ભરવામાં આવતો, પણ તે ખજાનો કાંતો ઘરમાં ને ઘરમાં રહેતો; અથવા કોઇ બીજા વધારે બળવાનને હાથે અથવા કોઈ ઉડાઉને હાથે પાછો લોકમાં ને લોકમાં વહેંચાતો. ઘણી અવ્યવસ્થા હતી, સત્તા ઉપર રાષ્ટ્રિય બંધનો કંઇપણ નહોતાં, તોપણ કુદરતને પૂરતો અવકાશ હતો; સંપત્તિના ઝરા સૂકાઇ ગયા નહતા, અને તેથી દેશનાં વાણિજ્ય, વેપાર અને ઉદ્યોગ આબાદીમાં રહેતાં. લોભ અને વ્યાજખોરાઇ પણ રાષ્ટ્રિય સંપત્તિનું રક્ષણ કરવામાં અને તેનો ઉપયોગ કરાવવામાં કામે આવતાં. ખેડુત અને શિલ્પીઓને ભારે વ્યાજ આપવું પડતું એ ખરું, પણ જે મુડીમાંથી પાછાં તેમનેજ નાણાં મળવાનાં હતાં તેમાંજ તેથી વધારો થતો. તેમનાં સાધનોને માટે તેમને ભારે કિંમત આપવી પડતી, પણ તેઓ નિશ્ચિંત હતા, અને તેની સર્વવ્યાપી અસરથી દેશમાં સામાન્ય સમૃદ્ધિની વૃદ્ધિ થતી હતી.

"પણ અંગ્રેજની ધુરા નીચે આ બધો ક્રમ વિપરીત થઇ જાયછે. તાર્તરનો અભિયોગ બેશક નુકશાન કરનારો હતો; પણ આપણું તો રક્ષણ હિંદુસ્તાનને પાયમાલ કરેછે. તેમની તો તે દુશ્મનાવટ હતી, પણ આપણી તો આ મિત્રાચારી છે. વીસ વર્ષ થઇ ગયાં પણ આપણી રીત તો પહેલાં હતી તેવીજ અનિષ્ટકારક છે. ધોળાવાળવાળો અંગ્રેજ તો દેશીઓ જોવા પામતાજ નથી. જુવાન માણસો, લગભગ છોકરા જેવા, ત્યાં રાજ્ય કરેછે. નહિ દેશીઓની સાથે હળવું મળવું, કે નહિ તેમના તરફ દીલસોજી રાખવી. હજી જાણે ઇંગ્લંડ જ રહેતા હોય તેની માફક જ તેઓ દેશીઓથી અલગ રહેછે;

તેમની સાથે એકજ પ્રકારનો સમાગમ થાયછે, એટલે જ્યારે એકદમ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની હોય ત્યારેજ અને તેટલોજ. અને તે સમૃદ્ધિનો પણ ઉપયોગ પાછો પરિણામે પરદેશમાં જ કરવાનો. ધડપણનો લોભ અને જુવાનીનો જોસ એ બેવડા ચેતનથી પ્રેરાતા તેઓ એક પછી એક દરિયાના મોજાની પેઠે ધસેછે; અને દેશીઓની આગળ તો, દરરોજ ક્ષીણ થતા અન્નને માટે, નવી નવી ક્ષુધાવાળા, ભુખાળવા, ચારો લેવા નીકળેલાં શીકારી પક્ષિઓનાં નવે નવાં ટોળાંની અનન્ત મુલાકાતોનો દેખાવ થાયછે;–જેમાંથી કોઇ દહાડો છૂટવાની આશા તેમને દેખાતી નથી. અંગ્રેજો જે નફો પેદા કરે તેમાંનો રૂપીયે રૂપીયો હિંદનો તો હમેશને માટે ખોવાયો."

ગવર્નર વૅરર્ટ અને એડમન્ડ બર્કના કાળ પછી તો હિંદુસ્તાનનો રાજ્ય વહીવટ ઘણો સુધર્યો છે. હિંદુસ્તાનના આખા ખંડમાં અર્ધા સૈકા સુધી અનવચ્છિન્ન, અઢારમા સૈકામાં કદી નહિ રહેલી એવી શાન્તિ રહી છે. વેપાર વણજ અણગમતી અને બાધક જકાતોથી મુક્ત થયો છે. ન્યાયનો વહીવટ અને જાનમાલનું રક્ષણ પ્રથમ કરતાં વધારે સંગીન થયાં છે અને કેળવણીના પ્રસારે લોકોમાં નવું જીવન રેડયું છે તથા તેમને વધારે ઊંચાં કામો માટે અને વધારે ભારે જવાબદારી માટે લાયક કર્યા છે. પણ, વૅરર્ટ અને બર્ક જે આર્થિક અપવાહને માટે ફરિયાદ કરેછે તે બહેળો તો હરહમેશ વધતાં જતાં પાણી સાથે હજી વહ્યાંજ કરેછે અને હિંદને દારિદ્રય અને દુષ્કાળની ભૂમિ બનાવી મૂકી છે.

ખરી વાત છે કે હિંદમાં વાર્ષિક વરસાદની ખોટ, એ દુષ્કાળનું પ્રત્યક્ષ અને તાત્કાલિક કારણ છે; પણ આવા દુષ્કાળની બીંસ અને જીંદગીની ખુવારી તો લોકના દારિદ્રયને લીધેજ થાય છે. જો જનસમુદાય આબાદ સ્થિતિમાં હોય તો સ્થાનિક પેદાશની ખોટ જોડેના દેશમાંથી ખરીદી કરીને પુરી પડાય, અને જીંદગીનો નાશ ન થાય. પણ લોકો જ્યારે તદ્દન સાધન

રહિત છે ત્યારે તેઓ આસપાસના મુલકમાંથી ખરીદી કરી શકતા નથી અને જ્યારે જ્યારે દુષ્કાળ આવેછે ત્યારે લાખો લોકો મરણ પામેછે.

સને ૧૭૬૯ ની શરૂઆતમાં ભાવ ચઢી ગયા હતા, એટલે દુષ્કાળ સમીપ હોવાનું ચિન્હ પ્રકટ થઇ ચૂકયું હતું, પણ તે વર્ષે મહેસુલ હંમેશ કરતાં વધારે સખ્તાઇથી ઉઘરાવવામાં આવી હતી. આખરે વર્ષાદ ન આવ્યો છતાં કલકત્તાની રાજ્યસભા કાર્ય ધુરંધર મંડળ ઉપરના તા. ૨૩ નવેમ્બરના પત્રમાં મહેસુલ જગડી જવાની ધારતી બતાવે છે, પણ સંકટ નિવારણના કાંઇ ઉપાયની વાત કરતી નથી. સને ૧૭૭૦ ના ૯ મી મે ના પત્રમાં લખેછે કે " દુષ્કાળની મરણ સંખ્યા, અને રાંકાનો કકળાટ વર્ણવ્યાં જાય તેવાં નથી. એક વખતે જ્યાં પુષ્કળ સમૃદ્ધિ હતી તે પુર્ણિયાના જીલ્લામાં ત્રીજા ભાગની વસ્તી નાશ પામી છે અને બીજે ઠેકાણે પણ સંકટ એટલાં જ છે. તા. ૧૧ મી સપ્ટેમ્બરે લખેછે કે, આહીંના વતનીઓ ઉપર જે સંકટ પડેછે તેનું ગમે તેવું વર્ણન આપીએ તે અતિશયોક્ત થઇ શકેજ નહિ. તેથી વસુલાત આટલી ઓછી આવી છે તે માટે આપને કંઇ પણ આશ્ચર્ય લાગશે નહિ. પણ અમને સંતોષ થાયછે કે અમે ધારતા તેના કરતાં તો ઘણી વધારે વસુલાત આવી છે." ૧૭૭૧ ની ૧૨ મી ફેબ્રુઆરીના પત્રમાં લખેછે કે, " છેલ્લા દુષ્કાળમાં મહા સંકટ હતું અને લોકની સંખ્યા ઘણી ઘટી ગઇ છે છતાં, બંગાળા અને બિહારની જમાબન્દીમાં આ વર્ષને માટે કંઇક વધારો કરવામાં આવ્યો છે." ૧૭૭૨ ની ૧૦ મી જાન્યુઆરીએ લખે છે કે " વસુલાતના દરેક ખાતામાં વસુલાત લેવામાં અમારી ઇચ્છા પ્રમાણે ફતેહ મળીછે."‡

મનુષ્ય જાતિના ઇતિહાસમાં જેનો જોટો ન મળી શકે તેવાં સંકટનાં આ વર્ષોમાં જમીનની મહેસુલની આવી સખ્ત વસુલાતની વાત વાંચીને ઘણું દુઃખ

‡ Extracts from the India office Records quoted in Hunter's Annals of Rural Bengal 1868 p. p. 399-400-401.

થાય છે. કલકત્તાની રાજ્યસભાએ દુષ્કાળની અસરનું માપ લેવાના હેતુથી જીલ્લે જીલ્લે ફરીને નક્કી કર્યું હતું કે તે વખતે બંગાળાની વસતિનો ત્રીજો ભાગ, એટલે લગભગ એક કરોડ માણસ, દુષ્કાળને લીધે યમપુરીમાં પહોંચ્યું હતું. એક તરફથી ગામે ગામ વાટે વાટે અને શેરીએ શેરીએ માણસો મરણ પામતાં હતાં; અને તેમના રક્ષણને માટે કંઇપણ ઉપાયો લેવામાં આવ્યા ન હતાઃ ત્યારે કમ્પનીના નોકરોના કૃત્યોથી મરણની સંખ્યામાં વધારો થતો હતો. તેમના ગુમાસ્તાઓએ—લોકોના સંકટમાંથી મોટો નફો મેળવવાના હેતુથી-દાણાનો વેપાર એક હાથે કર્યો એટલું જ નહિ પણ આવતી મોશમને માટે રાખી મૂકેલું બી પણ વેચી દેવાની ખેડુતોને ફરજ પાડી. આ વાતની ખબર પડવાથી કાર્યધુરંધર સભાને અત્યંત તિરસ્કાર ઉત્પન્ન થયો, અને પોતાના પત્રમાં લખે છે કે " અમે આશા રાખીએ છીએ કે આવી રીતે કમ્પનીની ભલાઇની રહામે થનાર અને સાર્વજનિક સંકટમાંથી નફો લેવાની દાનત રાખનાર ગુન્હેગારોને યોગ્ય શિક્ષાએ પહોંચાડ્યા હશે."

પણ કમ્પનીની ભલાઇ પોતાનો સ્વાર્થ હોય ત્યાં એટલી પ્રકટ થતી નહતી. અને વસતિનો ત્રીજો ભાગ નષ્ટ થયો તથા ત્રીજા ભાગની જમીન ઉજ્જડ પડી રહી છતાં મહેસુલમાં કંઇ ઘટાડો કર્યાનું આપણા જોવામાં આવતું નથી. ૧૭૭૨ ના નવેમ્બરની ૩ જી તારીખે વૉરન હેસ્ટિંગ્સ નીચે પ્રમાણે લખેછે.

"આ ઇલાકાની ત્રીજા ભાગની વસ્તી નાશ પામી છે અને ખેતી પણ એટલા પ્રમાણમાં ઓછી થઈ છે, તો પણ ૧૭૭૧ ની ચોખ્ખી વસુલાત સને ૧૭૬૮ ની વસુલાત કરતાં પણ વધારે આવી છે. આવાં મોટાં સંકટના બીજાં પરિણામોના પ્રમાણમાં મહેસુલ પણ ઘટવી જોઇએ, પણ ઘટાડો નથી થયો તેનું કારણ એ છે કે બલાત્કારથી તેને જુના પરિમાણેજ રાખવામાં આવીછે."*

*Extracts from office records; quoted from Hunter's Annals of Ruran Bengal 1858 p. 381.

આ જમાનાના હિંદી કારભારની ભાષામાં આમ બલાત્કારથી મહેસુલને તેની તેજ રકમ ઉપર રાખવાની વાતને, હિંદની સ્વાસ્થ્યશક્તિ કહેવામાં આવે.

૩. બંગાળામાં વૉરન હેસ્ટિંગ્સનો અમલ—૧૭૭૨-૧૭૮૫.

સને ૧૭૭૩ માં રેગ્યુલેટિંગ એક્ટ પસાર થયો. વૉરન હેસ્ટિંગ્સ ૧૭૭૨ માં બંગાળાના ગવર્નર તરીકે આવ્યો હતો, તે ૧૭૭૪ માં નવા કાયદા પ્રમાણે પહેલો ગવર્નર જનરલ થયો. ફ્રિલિપ ફ્રાન્સિસ અને બીજા એને ઈંગ્લંડથી એની સભાના સભાસદો તરીકે નીમવામાં આવ્યા હતા; અને બાકીના બે કમ્પનીના અહીંના નોકરોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. કલકત્તામાં 'સદર અદાલત' ની સ્થાપના થઇ. એમ આશા રાખવામાં આવી હતી કે આ નવી ગોઠવણથી હિંદનો રાજ્યકારભાર સુધરશે.

વૉરન હેસ્ટિંગ્સના નામ સાથે હિંદના ઇતિહાસની મોટી સ્મરણીય બીનાઓ યાદ આવેછે, જેના ઉપર પાર્લામેન્ટમાં પણ મોટી મોટી ચર્ચાઓ થઇ હતી. અયોધ્યાની બેગમોની વાત, બનારસના રાજાની બ્હલે, અને રોહીલાઓ સાથેનું યુદ્ધ: આના કરતાં ઓછા ચમત્કારવાળી પણ ઘણી વધારે અગત્યની બીનાઓ પશ્ચિમમાં મરાઠા સાથેનાં અને દક્ષિણમાં હૈદરઅલી સાથેનાં યુદ્ધો હતાં. અને આ બધા બનાવો પ્રત્યે વૉરન હેસ્ટિંગ્સની વર્તણુક ઉપર સો સો વર્ષ થઇ ગયાં પણ હજી તકરારો ચાલ્યાંજ કરેછે.

આ ઇતિહાસમાંથી એ બધી તકરારો બાતલ કરવાની હોવાથી અમને અનિર્વચનીય આનન્દ થાયછે. આપણા દેશના જનસમાજના કલ્યાણને લગતાં અને આખી પ્રજાની આર્થિક સ્થિતિને લગતાં જે જે પગલાં એની કારકીર્દિમાં ભરાયાં હોય તે સંબંધેજ આપણે ધ્યાન દેવાનું છે; એટલે, આપણે લશ્કરી બાબતો દૂર કરીને એમનાં વહીવટી આચરણો અને મહેસુલના સંબંધમાં એમણે ભરેલાં પગલાંનોજ વિચાર કરીશું.

પૂર્વના પ્રસંગોમાંથી વૉરન હેસ્ટિંગ્સના સ્વરૂપનો કંઇ ખ્યાલ આપણને મળ્યો છે. તે ન્યાયી હતો, પ્રામાણિક હતો; તેણે કમ્પનીના નોકરોના ત્રાસમાંથી મીરકાસમના હકોનું અને બંગાળાની પ્રજાના વેપારનું રક્ષણ કરવાનો બહાદુરીથી પ્રયત્ન કર્યો હતો. પણ બંગાળાની જમાબન્દીની પદ્ધતિ હેસ્ટિંગ્સને બીલકુલ નવીજ હતી; અને કમ્પનીના કાર્યધુરંધરો જમીનની મ્હેસુલમાં વધારો કરવાની સતત માગણી કરતા તેને લીધે આ સવાલનો પૂરો અભ્યાસ કરવાની કે ન્યાયપૂર્વક એનું નિરાકરણ કરવાની તેને તક મળી નહતી.

અઢારમા સૈકામાં અંગ્રેજો ઇંગ્રેજી જમીનની મ્હેસુલપદ્ધતિથીજ વાકેફ થતા. આ પદ્ધતિ પ્રમાણે જમીન જમીનદારોની ગણાય છે, તેના ઇજારા અપાય છે, અને મજુરો ખેડેછે. બંગાળાની પદ્ધતિ તેથી તદ્દન જુદીજ હતી. અને કેટલેક વખત રાજ્ય, જમીનદાર, અને ખેડુ અથવા રૈયતના પરસ્પર વિરુદ્ધ હકો ઉપર ધ્યાન દોરાતાં આ પદ્ધતિની ખરી હકીકત લાંબા વખત સુધી અંધારામાં રહી. જમીનદારોના હાથમાં જમીન વંશપરંપરાથી હતી; તેઓ વાસ્તવિક રીતે દીવાની અને ફોજદારી સત્તાવાળા પટાવત–રાજાઓ હતા. ખેડુત અથવા રૈયત માત્ર મજુરોજ નહતા પણ તેમના કકડા ઉપર તેમના હક્ક હતા, જે હક્ક વારસામાં ઉતરતા હતા. જમીનદારોને તેઓ મામુલી સાંથ આપતા. વખતો વખત બંગાળાના નવાબો ફરીથી મામણી કરી મ્હેસુલમાં વધારો કરે; વખતો વખત જમીનદારો સાંથ વધારે; પરંતુ સૈકાના સૈકા થયાં આ ગોઠવણનાં મુખ્ય લક્ષણો તો તેનાં તેજ હતાં. રાજ્યને મ્હેસુલનો હક; જમીનદારો મામુલી સાંથના હકદાર, અને રાજ્યને મહેસુલ આપવાને જવાબદાર: રૈયતને પોતાના કકડા ઉપર વંશપરંપરાનો કબજાહક–જમીનદારોને મામુલી સાંથ આપવાની સરતે.

૧૭૬૫ માં જ્યારે ઇસ્ટઇન્ડિયા કમ્પનીને મોગલ બાદશાહના ફરમાનથી, બંગાળાની દીવાનગિરી મળી ત્યારે તરતમાં તો તેમણે મ્હેસુલનો વહીવટ

કે ન્યાયનો કારભાર પોતાના હાથમાં લીધો નહિ. મુર્શીદાબાદનો મુસલમાન અમલદાર બંગાળામાં મ્હેસુલ ઉઘરાવ્યે જતો, અને નવાબના રાજ્યનો બ્રિટિશ રેસિડન્ટ તેના ઉપર દેખરેખ રાખતો; સિતબરાય નામનો એક હિન્દુ સરદાર તેજ પ્રમાણે કમ્પનીના પટનાના મુનીમની દેખરેખ નીચે બીહારમાં મ્હેસુલની ઉઘરાત કરતો. માત્ર ચોવીસ પરગણાં, બર્દવાન, મિદનાપુર અને ચિતાગોંગ, જે કમ્પનીનાં જુનાં પરગણાં હતાં ત્યાંજ કમ્પનીના 'સનદી નોકરો' (Covenanted servants) વહીવટ કરતા. +

૧૭૬૯ માં કમ્પનીએ-જમીનની મ્હેસુલની ઉઘરાત ઉપર ન્યાયના કામમાં દેખરેખ રાખવાની સત્તા સાથે, તજવીજદાર નીમ્યા. એવડા રાજ્યની પદ્ધતિ સારી નીવડી નહિ. જમીનના ખરા રાજાઓ-(અંગ્રેજો) હિંદુ અને મુસલમાન ઉઘરાતદારોને આગળ કરીને ઉઘરાત લેતા પણ તેમને રાજા તરીકે જવાબદારીની લાગણી નહોતી. હિંદુ અને મુસલમાન અમલદારો પોતે કમ્પનીના ગુમાસ્તાઓ છે એમજ માનતા, અને તેથી રાજા તરીકેની જવાબદારી તેઓ ધારણ કરી શકતા નહિ. લોકોના ઉપર બન્ને જુલમ કરતા, તેમનું રક્ષણ કોઇ કરતું નહોતું. તજવીજદારોએ ૧૭૬૮ માં જે તજવીજ કરી, તે ઉપરથી જણાયું હતું કે રાજ્ય વહીવટ અત્યંત અવ્યવસ્થિત દશામાં હતો ઉઘરાતદારો 'તેમને ઠીક પડે તેટલું જમીનદાર પાસેથી પાડે, જમીનદારોને પોતાની નીચેના બધાને છૂટથી લૂટવાદે, અને ઉઘરાતદારો પણ પોતાનો વારો આવે ત્યારે તેમને લૂંટવાનો હક રાખીને લૂંટે; ન્યાયના વહીવટના સંબંધમાં નિયમિત પ્રવાહ તો બધેજ અટકેલો; પણ જેના કાંડામાં પોતાના નિર્ણયને અમલમાં મૂકવાનું જોર હોય તેના હાથમાં ન્યાય; ટુંકામાં, જેના હાથમાં જોર તેના હાથમાં ન્યાય.

+ કાઉન્સિલ અને તેના પ્રમુખનો પત્ર તા. ૩ નવેમ્બર ૧૭૭૨.

૧૭૭૨ માં રાજ્ય વહીવટ બ્રિટિશ અમલદારોના હાથમાં મૂકવાનો નિશ્ચય થયો. ગવર્નર વૉરન હેસ્ટિંગ્સ અને બીજા ચાર સભાસદોની એક કમિટી થઇ અને મહેસુલ તથા ન્યાયખાતાનો બંદોબસ્ત કરવાનું શરૂ કર્યું. તીજોરી અને હીસાબીખાતું મુર્શીદાબાદથી કલકત્તે લઈ આવ્યા; અને ગવર્નર અને તેની સભાની બનેલી એક મહેસુલ સભાને સ્વાધીન કર્યું. પ્રાંતિક યુરોપીયન તજવીજદારો–જેમને હવે કલેક્ટર–એવું નામ આપવામાં આવ્યું, તેમને મહેસુલ ઉઘરાવવાનો હક આપ્યો; જમીનની મહેસુલનો પાંચ વર્ષનો બંદોબસ્ત જમીનદારો સાથે કર્યો; અને મહેસુલસભાના ચાર બીજા દરજ્જાના અમલદારો આ વ્યવસ્થા અમલમાં મૂકવા સારૂ પ્રાંતોમાં ફરવા નીકળ્યા. ઇન્સાફના કામને માટે દરેક જીલ્લામાં એક દીવાની અને એક ફોજદારી ન્યાયસભા સ્થાપી; દીવાની સભામાં કલેક્ટરને પ્રમુખ નીમ્યા, અને ફોજદારી સભામાં બે મૌલવીની મદદથી એક મુસલમાન કાઝી ઇન્સાફ કરે અને કલેક્ટર તેના ઉપર ધ્યાન આપે, એવી યોજના કરી. આ દીવાની અને ફોજદારી ન્યાયસભાઓ ઉપર કલકત્તામાં ઊંચા દરજ્જાની ન્યાયસભાઓ રૂબરૂ અપીલ થઇ શકે. પોલિસની એક નવી પદ્ધતિ દાખલ કરી; બંગાળાના ચૌદ જીલ્લાઓમાં ફોજદારના હોદ્દાથી ચૌદ દેશી અમલદારોને નીમ્યા; અને મહેસુલી અને ન્યાયખાતાના અમલદારોને માર્ગ બતાવવા સારૂ કાયદાઓ કરીને સ્વદેશી ભાષાઓમાં છપાવીને પ્રસિદ્ધ કર્યા આ બધા જુદા જુદા સુધારા વૉરન હેસ્ટિંગ્સની શક્તિની મહત્તાની સાક્ષ્ય પૂરેછે. પણ લોક ઉપર અવિશ્વાસ રૂપ બ્રિટિશ વહીવટની જે ખામી હજી સુધી ચાલી આવેછે તે પણ તે દેખાડી આપેછે. અઢારમા સૈકામાં જેમ કમ્પનીના નોકરો રૂશ્વતીઆ અને લોભી હતા તેમ હિંદુ અને મુસલમાન અમલદારો પણ રૂશ્વતીઆ અને લોભી હતા. હેસ્ટિંગ્સ અને તેની પછી આવનાર કોર્નવૉલિસે, તેમના ઉપર વિશ્વાસ અને જવાબદારી નાંખીને અને તેમના કામ માટે લાયક પગાર આપીને બ્રિટિશ નોકરોને પ્રામાણિક કરવાના યત્નો કર્યા. પણ હિંદુ અને

મુસલમાન નોકરોને વિશ્વાસ અને જવાબદારીની સ્થિતિમાં મૂકવાનો, તેમને પૂરતા પગારો આપવાનો, અને રાજ્યવહીવટના કામમાં તેમની સહાયતા સ્વીકારવાનો કંઇપણ યત્ન કરવામાં આવ્યો ન હતો.

૧૭૭૪ માં વૉરન હેસ્ટિંગ્સ રેગ્યુલેટિંગ એક્ટ પ્રમાણે ગવર્નર જનરલ થયો. જમીનની મહેસુલનો પાંચ વર્ષનો બંદોબસ્ત નિષ્ફળ નીવડ્યો હતો. વંશપરંપરાના કુલજદાર જમીનદારોના હક ડુબાવીને હરાજીથી બંદોબસ્ત કર્યો હતો. હરાજીમાં માગણી કરનારાઓએ ચડસા ચડસીમાં માગણીઓ ચઢાવી દીધી. તેમણે ખેડુતોને નીચોવ્યા પણ હજી ઠરાવેલી મહેસુલ આપી શકયા નહોતા. બંગાળાની જમીનપદ્ધતિની છેક જ ગેરસમજણ થઇ હતી. જુના ખાનદાનો નાશ પામ્યાં; અને ખેતી કરનાર રૈયતના ઉપર ત્રાસદાયક જુલમ થઇ પડ્યો. ૧૭૭૪ માં યુરોપિયન કલેકટરોને કામગિરીમાંથી મુકત કર્યા; અને કલકત્તા, બર્દવાન, ધાકા, મુર્શીદાબાદ, દીનજપુર, અને પટનામાં પ્રાન્તિક સભાઓ સ્થાપી તેમને મહેસુલની ઉઘરાતની દેખરેખ રાખવાનું સોંપવામાં આવ્યું.

૧૭૭૬ માં ન્યાય પુરઃસર જમાબન્દી કરવાની નીતિની ચર્ચા કલકત્તામાં થઇ હતી. વૉરન હેસ્ટિંગ્સે એવો અભિપ્રાય આપ્યો કે તમામ જાગીરો હરાજીથી વેચવી અથવા ઇજારે આપવી અને જમાનો બંદોબસ્ત જીંદગીની અવધિના પટાથી કરવો. ઇંગ્રેજી સાહિત્યમાં 'જુનિઅસના પત્રો' ના કર્ત્તા તરીકે પ્રસિદ્ધ થયેલા ડાહ્યા રાજપુરુષે આના કરતાં વધારે ન્યાયી અને દૂર અંદેશી અભિપ્રાય બાંધ્યો. તેણે 'સ્થાયી જમાબન્દીના બન્દોબસ્ત' (Permanent settlement) ની દરખાસ્ત મૂકી. એક સમર્થ દફ્તરી શેરામાં એ લખે છે કે—

" ઘણા જમીનદારો પાયમાલ થઇ ગયા છે; તેમની પાસેથી જમીનના વહીવટ ખુંચવી લેવામાં આવ્યા છે; અને પ્રતિષ્ઠિત ખાનદાનોમાંથી કે પૂર્વે

જેમના ઘરમાં મોટા અધિકાર હતા તેવા કુટુંબોમાંથી હવે કોઇ ભાગ્યેજ રહ્યું છે. જેઓ છે તેઓ મોટા નફાની આશા રાખે છે, અને દેશ તેમને તે નફા દઇ શકે તેમજ સરકારને જમા આપી શકે એવો હવે રહ્યો નથી. તેથી હલકી સ્થિતિના માણસોને સરકારના ઉધરાતદાર તરીકે રોકવામાં આવ્યા છે. આ લોકોએ, જે જીલ્લામાં તેમને કામગિરી સોંપી છે તેને માટે, મુકરર કરેલી રકમ આપવાના દસ્તાવેજો કરી આપેલા છે; એટલે વાસ્તવિક રીતે તેઓને મહેસુલના ઇજારદાર ગણવા જોઇએ. અને તેઓ સદરમાંથી પ્રાન્તોમાં જઇ જમીનદાર અથવા રૈયત સાથે સાંથ વગેરે મુકરર કરી આપણને વસુલ આપે છે. ”

આ ઇજારાની રીતનાં દૂષણોનું વર્ણન આપીને, તેનાથી થતી દેશની પાયમાલી ઉપર ધ્યાન દોરીને, ફ્રિલિપ ફ્રાન્સિસ લોકની આબાદી કરવાના હેતુથી જમીનની મહેસુલનો કાયમનો બંદોબસ્ત કરવાની ભલામણ કરેછે.

“ એક વાર મુકરર કરી એટલે જમા જાહેર દફ્તરમાં ચડાવી દેવી જોઇએ. તે હમેશને માટે હોવી જોઇએ અને અચળ હોવી જોઇએ, અને બની શકે તો લોકોને તે બાબતની ખાત્રી કરી આપવી જોઇએ. આ સરતો જમીનની સાથે યોજવી જોઇએ. તે હાલ તરતમાં કોના હાથમાં છે અથવા ભવિષ્યમાં કોના હાથમાં આવશે એ ગણત્રીથી કેવળ સ્વતંત્ર રીતે. જો એમાં કાંઇ છૂપી લક્ષ્મી હજી હશે તો ધણી પોતાના લાભને માટે મહેનત કરેછે એવી બુદ્ધિથી–તે લક્ષ્મી બહાર કહાડશે અને તે જમીનના સુધારામાં વપરાશે.* ”

આ યોજના જ્યારે કમ્પનીના કાર્યાધ્યક્ષો પાસે આવી ત્યારે તેમણે છેવટનું પગલું ભરતાં આનાકાની કરી. બ્રિટિશ લોકોની ખરી લાક્ષણિક–લક્ષ્યશૂન્ય રાજ્યનીતિથી તેમણે લક્ષ્યું કે–જીંદગીના પટાથી જમીન આપવાની, અને કાયમના યાવચ્ચન્દ્રદિવાકરૌ પટા કરવાની–એ બે રીતોની

* ફ્રિલિપ ફ્રાન્સિસ નીમિન્ટિ ૧૭૭૬ લંડનમાં પ્રસિદ્ધ થઇ ૧૭૮૨.

જુદી જુદી હકીકત સાંભળી; ઘણાં વજનદાર કારણોને લીધે અત્યારે એમાંની પણ એક પણ યોજના સ્વીકારવાનું અમે યોગ્ય ધારતા નથી.” કમ્પનીના કાર્યાધ્યક્ષોનો આ ઠરાવ અત્યંત અનિષ્ટ હતો. એમાંથી એકે રીત પસંદ ન થયાથી પેલી હરાજીની રીત-જેથી બંગાળાની અર્ધી પાયમાલી તો થઇ ચૂકી હતી તે કાયમ રહી. હિંદુસ્તાનના વાણિજ્યપરાયણ રાજ્યઓ ઘણાં વજનદાર કારણોથી પોતાની ઉપજમાં વારંવાર અને સતત વધારો કરવાની બાબતમાં તીક્ષ્ણ લાગણીવાળા હતા; અને હજી દશ વર્ષ સુધી હરાજીની પદ્ધતિ, ટુંકી મુદતના પટા, અને જમા ન ભરી શકાય ત્યારે જમીનદારોને કેદ–એ મહા સંકટ બંગાળને માથે પાછું ચોટયું.

સને ૧૭૭૭ માં પાંચ વર્ષ ઉપર કરેલો બંદોબસ્ત પૂરો થયો. હવે હરાજીની રીતમાં કાંઇક સુધારો કર્યો, અને વંશપરંપરાના જમીનદારોને કંઇક પસંદગી આપવામાં આવી. પણ તેની સાથે આ મોટી જાગીરો પાંચ વર્ષને માટે નહિ પણ એક વર્ષ માટે ગણોતે આપવામાં આવશે એમ જાહેર કરવાથી આ રીતની સખ્તાઇ વળી વધી. આ પ્રમાણે ૧૭૭૮, ૭૯ અને ૮૦ માં વાર્ષિક પટાથી જમીન સાંથવામાં આવી હતી. આ આર્થિક જુલમની નીચે દેશ, બરાડા પાડતો કચડાઇ મુઓ, અને વળી એકવાર જમીનની વસુલાત નિષ્ફળ ગઇ.

સને ૧૭૮૧ માં વળી ફેરફારો કરવામાં આવ્યા. દીવાની અદાલતો માટે તેર કાયદાઓ ઘડવામાં આવ્યા; જે પાછળથી પંચાણું કલમોના એક સંગ્રહમાં જોડી દેવામાં આવ્યા, અને હિંદુસ્તાની અને બંગાળી ભાષાઓમાં તેનાં ભાષાન્તરો પ્રસિદ્ધ કર્યાં. દીવાની ન્યાયાધીશો અને કલેકટરોને દેશમાં વધતા જતા ગુન્હા સામે ઉપાયો લેવા માટે મેજીસ્ટ્રેટની, ફોજદારી ન્યાયાધીશોની સત્તા આપવામાં આવી. કલકત્તામાં એક મહેસુલસભા સ્થાપવામાં આવી. તેણે એક વર્ષના પટાની સરતે જમીન આપવાની યોજના–જમીનદારોને

પસંદગી આપવાની સરતે-મંજુર કરી. આ પ્રમાણે બંદોબસ્ત અમલમાં મૂકાયો; જમીનની મહેસુલમાં છવીસ લાખ રૂપિયાનો વધારો થયો.

બંગાળાના તમામ જમીનદારો, તમામ જમીનદાર ખાનદાનો, આ વાર્ષિક પટાની, વારંવાર વધારા કરવાની, અને સખ્ત ઉઘરાણીની પદ્ધતિથી કોઇ દિવસ નહિ જોયેલું એવા કષ્ટને સ્વાધીન થયા. જૂનાં ખાનદાનોના વંશજોને પોતાની જમીનો કલકત્તાના શાહુકારો અને સટ્ટાખોરોના હાથમાં જતી પોતાની નજરે જોવી પડી. વિધવાઓ અને સગીર જમીનદારોને કલકત્તેથી નીમાયલા ખાઉધર વહીવટદારોને હાથે પોતાની ગરીબડી રૈયત ઉપર જુલમ થતા જોવા પડયા. એવું બન્યું કે આ વખતે બંગાળાની ત્રણ મોટામાં મોટી બાર મહીને ત્રણ ત્રણ લાખ પાઉંડની જમા આપનારી જગીરો ત્રણ આબરૂદાર સ્ત્રીઓના હાથમાં હતી; જેમનાં નામ આપણા હૃદયમાં કોરાઇ રહ્યાં છે. બર્દવાન, પ્રસિદ્ધ તિલકચન્દ્રની વિધવા અને તેટલીજ પ્રસિદ્ધિવાળા તેજચંદ્રની માતાના હાથમાં હતું. તેની ઉપજ પાંત્રીસ લાખ રૂપીયાની. રાજશાઇ, પવિત્ર રાણી ભવાની-જેનું નામ હજી સુધી આખા હિંદમાં મશહુર છે, તેના હાથમાં હતું. આ બાઇ ઊંચી પાયરીવાળાં અને શકિતવાળાં હોવાની સાથે પવિત્ર જીંદગી ગુજારતાં અને ધર્મદાન બહુ કરતાં. રાજશાઇની ઉપજ છવીસલાખ રૂપિયાની હતી. અને દિજનાપુર જેની ઉપજ ૬૪૦૦,૦૦૦ ચૌદ લાખ જેટલી હતી, ત્યાંનો રાજા ૬૭૮૦ માં ગુજરી જતાં તેમની વિધવા એક પાંચ વર્ષની ઉમરના કુમારના વાલી તરીકે તેનો વહીવટ કરતાં હતાં. વૉરન હેસ્ટિંગ્સની સખ્ત અને હમેશ બદલાતી મહેસુલી રાજ્યનીતિના પરિણામમાં કેટલું કષ્ટ પડતું તેનો દાખલો આ ત્રણ જગીરોના ઇતિહાસથી મળી શકે છે.

દિજનાપુર સહુથી વધારે દુઃખ પામ્યું. સગીરપણાને લીધે દેવીસિંગ નામનો એક ખાઉધર અને અધર્મી વહીવટદાર કલકત્તેથી નીમવામાં આવ્યો હતો. દેવીસિંગે પુર્ણીઆ અને રંગપુરમાં તો ત્રાસ વર્તાવ્યો હતો. ત્યાંથી તેને ખસેડવામાં આવ્યો હતો અને કમ્પનીના દફ્તરમાં એના નામ ઉપર કાળી

લીટી મારેલી હતી. પણ જ્યારે સગીરપણામાં મહેસુલ ચૂસવાની કામગિરી આવી ત્યારે લાયક કારભારી તરીકે એને પસંદ કરવામાં આવ્યો હતો. દેવીસિંગે પોતાની લાયકાત બરાબર બતાવી. અઢારમા સૈકામાં, બંગાળામાં પણ જેનો જોટો નહિ હોય એવી ક્રૂરતાથી એણે મહેસુલ વધારવા માટે જમીનદારોને કેદ કર્યા અને ખેડુતોને ફટકા માર્યા. આ જુલમમાંથી સ્ત્રીઓને પણ બાતલ કરવામાં આવી ન હતી, અને અપમાન અને બળાત્કાર ઉમેરવામાં આવ્યાં.

દેવીસિંગના જુલમે દિજનાપુરની રૈયત ઘરગામ છોડી નાશી ગઇ. રૈયત પ્રાંત છોડીને ચાલી જવાની તૈયારી કરતી હતી તે વખતે હથિયારબંધ સિપાહીઓની ટુકડીઓએ તેને હાંકીને પાછી વાળી. ઘણા લોકો જંગલોમાં નાશી ગયા; અકૃત્યે દુનિયામાં સૌથી વધારે શાંત અને તાબે રહેનાર ખેડુતોને બળવો કરવાની સ્થિતિમાં મૂક્યા. બળવો દિજનાપુર અને રંગપુર સોંસરો ફેલાયો, સૈન્યને બોલાવવું પડ્યું; અને પછી શિક્ષાઓ અને ક્રૂર ફાંસીએ લટકાવવાનાં ક્રૂર કૃત્યો ચાલુ થયાં. આ જીલ્લાનો અંગ્રેજ અમલદાર મિ. ગુડલેંડ–આ બળવાને બંગાળામાં કદી નહીં થયેલો અને મોટામાં મોટો અને વધારેમાં વધારે ગંભીર ગણે છે; જે ક્રૂર સખ્તાઇથી એને દાબી દેવામાં આવ્યો તે પણ કદાચ બંગાળામાં અભૂતપૂર્વ હતી.

બર્દવાનનો ઇતિહાસ આટલો દુઃખદ નથી. કારણકે ત્યાં રાજકુટુંબ ઉપર જ કષ્ટ પડ્યું હતું, અને લોક ઉપર એટલો ત્રાસ નહોતો પડ્યો. મહારાજા તિલકચંદ્ર ૧૭૬૭ માં દેવ થયા અને સગીર તેજચંદ્રનો વારસો મંજુર થયો અને કાયમ કરવામાં આવ્યો. મર્હૂમ જમીનદારે રાજ્યકુટુંબના એક દોસ્ત લાલા અમીચંદને જાગીરના કારભારી તરીકે નીમ્યો હતો, પણ જીલ્લાના ઇંગ્રેજ અમલદાર જૉન ગ્રેહામે એક વ્રજકિશોર નામના અધર્મી અને ખાઉધર મનુષ્યને રાણીની મરજી ઉપરાંત, કારભારી તરીકે બેસાડી દીધો. રાણીએ–એક

સ્ત્રી જ્યાં સુધી કરી શકે તેટલે સુધી એની અપ્રમાણિકતાનો અંત લાવવા યત્ન કર્યો અને જાગીરનો સિક્કો સોંપ્યો નહીં.

સને ૧૭૭૪ ની વૉરન હેસ્ટિંગ્સ ઉપર કરેલી અરજીમાં તે લખે છે કે "મારા કુંવરનો સિક્કો મારા પોતાના કબજામાં હતો; અને હું કાંઇ પણ કાગળ વાંચ્યા વિના તેના ઉપર સિક્કો કરતી નહિ તેથી બીજે તે હરેક રીતે પોતાના કબજામાં લેવાનો યત્ન કર્યો; અને મેં આગ્રહથી તેને ન આપ્યો. આ ઉપરથી ૧૧૭૯ બંગાળી વર્ષમાં (ઇ. સ. ૧૭૭૨) વ્રજકિશોર, ગ્રાહમને સમજાવીને બર્દવાન લઈ આવ્યો. અને મારી પાસેથી નવ વર્ષની ઉમરના મારા કુંવર તેજચંદને લઇ ગયા, અને એક જુદી જગામાં કેદ કરી ચોકી પેરામાં રાખ્યો. આ સ્થિતિમાં દુઃખ અને ભયથી સાત આઠ દિવસ સુધી અન્ન પાણી વિના હું રહી પણ આખરે કંઇ પણ ઉપાય ન જડ્યો ત્યારે મેં મ્હોર સિક્કો સોંપી દીધો."

પછીથી આ પત્રમાં એવી હકીકત છે કે આ પ્રમાણે સિક્કો મળ્યા પછી વ્રજકિશોરે જાગીરની તમામ મીલ્કત ઉડાવી દીધી, રકમોની રકમો ખાઇ ગયો, અને હીસાબ આપવાની ના પાડી. રાણી અને તેનો કુંવર જીંદગીના ભયમાં આવી પડયાં, અને પોતાની જાતની સલામતી સારૂ કલકત્તે જઇને રહેવાની રજા માંગી.

ક્લેવરિંગ, મેન્સન, અને ફ્રાન્સિસે, વ્રજકિશોર અને જોન ગ્રેહમના સામેના આ આરોપની તપાસ કરવાની માંગણી કરી. અને તે બન્નેના ઉપર અગીયાર લાખ રૂપીઆ ખાઇ જવાનો જે આરોપ રાણીએ મૂકયો હતો તેની તપાસ ચલાવવાનો હુકમ આપ્યો. પરંતુ સભામાં મતભેદ હોવાને લીધે પુરતી તપાસ થઈ નહિ. વૉરન હેસ્તિંગ્સ જોન ગ્રેહામના બચાવમાં હતો. ગ્રેહામે બેસુમાર પૈસો એકઠો કર્યો હતો એમ સભાસદો લખે છે. હેસ્ટિંગ્સ બેસુમાર હોવાનું કબૂલ કરતો નથી. પણ બર્દવાનની રાણીના આરોપોમાંથી ગ્રેહામને બચાવવાની તે પોતાની ફરજ સમજ્યો હતો.

બાકી, બર્દવાન ઉપર બહુ ભારે જમા નાખવામાં આવી. મહેસુલસભાનો દીવાન ગંગા ગોવિંદસિંગ બર્દવાનના રાજ્ય કુટુંબનો મિત્ર ન હતો; અને તેણે બંગાળાની કોઇપણ જુની જમીનદારી કરતાં પ્રમાણમાં બર્દવાન ઉપર ભારે જમા ચોટાડી. ઘણા દશકા સુધી બર્દવાનને આનાથી કષ્ટ પડ્યું. અને બર્દવાનના રાજાઓ, જેઓ પુરી રાજ્યસત્તા ભોગવતા, જેમણે મરાઠા સામે બંગાળાના જુના નવાબોને મદદ કરી હતી, તેઓને આ નવા ધણીની જમા ભરવી મુશ્કેલ પડી. જમીનદારની જવાબદારીનો હિસ્સો માથે રાખવાની શરતોથી નવા સ્થાયી પટા કરવાથી આ કુટુંબનો પાયમાલીમાંથી બચાવ થયો; પણ અત્યાર સુધી બર્દવાનની જાગીર બંગાળાની બીજી મોટી જાગીરોના પ્રમાણમાં વધારે જમા આપે છે.

રાજશાઈ જાગીર.

પણ સર્વથી વધારે ગંભીર બનાવ રાજશાઇની પવિત્ર રાણી ભવાનીનો છે. પ્લાસીના યુદ્ધ પહેલાં એની જાગીરમાં ઉત્તર બંગાળાના આખો ભાગનો સમાવેશ થતો હતો. તેણે મુસલમાન સત્તાનો ઉદય અને અસ્ત અને ઇંગ્રેજી સત્તાનો ઉદય અને વિસ્તાર પોતાની નજરે જોયા હતા. રાજ્યવ્યવસ્થામાં હિંદુ સ્ત્રીઓની બુદ્ધિ અને ચાલાકી કેવી છે એનું એ સ્પષ્ટ ઉદાહરણ છે. એની પવિત્ર જીંદગી અને એહદ ભલાઇએ બંગાળામાં એનું નામ ઘર ઘર પ્રસિદ્ધ કર્યું છે. આજ પણ એનો ઇતિહાસ હિંદુ બાળકો વાંચે છે, અને હિંદનાં સ્ત્રીરત્નોમાં એની ગણતરી થાય છે.

વૉરન હેસ્ટિંગ્સની નવી મહેસુલપદ્ધતિ અને ૧૭૭૨ ના પાંચ વર્ષના બંદોબસ્તને પરિણામે બંગાળાની બધી જાગીરોને થએલાં નુકશાન, રાજશાઇની જાગીરને પણ પહોંચ્યાં હતાં. ૧૭૭૩ ના ૩૧ મી ડિસેમ્બરના પત્રમાં ગવર્નર જનરલ લખે છે કે રાજશાઇનાં રાણી ભવાની જમા આપવામાં બહુ પછાત

રહે છે અને ૧૭૭૪ ની ૧૫ મી માર્ચે એવી મતલબનો પત્ર રાણી ભવાનીને લખવાનો ઠરાવ થયો કે—" જો તમે તમારી પાસેથી માસ આખર લેણી નીકળતી જમા, ફાગણની ૨૦ મી સુધીમાં નહીં આપો તો તમારી પાસેથી તે જમીનદારી લેવાની અને સરકાર સાથેની સરતો પાળવામાં વધારે ખબરદાર માણસને તમારી તે જાગીર સોંપવાની જરૂર પડશે." ૧૭૭૪ ના ઓકટોબરની ૧૮ મી તારીખે, લખેલા એક બીજા પત્રમાં લખેલું છે કે " ગવર્નર જનરલે એના ઇજારાની અને જમીનદારીની જમીનનો એનો કબજો અને એના તમામ હક છોડાવવાનો અને જીવે ત્યાં સુધી એને દર મહીને રૂ. ૪૦૦૦ નું સાલીયાણું બાંધી આપવાનો, ઠરાવ કર્યો છે."

આ વૃદ્ધ રાણી સાહેબે આ કજેતી અને નુકશાનમાંથી બચવાને માટે જે અરજો કરી છે તેમાંની કેટલીક અસાધારણ આર્દ્રતાવાળી છે. એક અરજીમાં એ ૧૭૭૨ ના પાંચવર્ષી પટા પછી પોતાની જાગીરનો ઇતિહાસ આપે છે, અને તેમાં સરકારે નીમેલા ઇજારદાર દુર્લભરાયે વર્ત્તાવેલા ત્રાસની અને તેને પરિણામે વસતિ ઉજ્જડ થઇ ગયાની વાતનું ચિત્ર આપ્યું છે.

" સને ૧૧૭૯ (ઇ. ૧૭૭૨) માં સરકારના ઇંગ્રેજોએ મારી તમામ જમીનના જુના કરો એકત્ર કરી દીધા અને જીલ્લાદારી માથોટ અને બીજા કાળે ભવે લેવાના પરચુરણ હકકો કાયમ કર્યા—હું એક જુની જમીનદાર છું. અને મારી રૈયતનું દુઃખ મારાથી જોઇ શકાયું નહીં; તેથી મેં ઇજારે લેવાનું કબૂલ કર્યું. મેં તરત જ દેશમાં તપાસ કરી અને ખબર પડી કે સાંથ આપવા જેટલું સત્વ દેશમાં નથી.

"૧૭૭૩ ના ભાદ્રપદમાં રેલ આવવાથી રૈયતની જમીન બોળાઇ ગઇ અને મોલ હાથમાં આવી શકયો નહીં. હું જમીનદાર હોવાથી, રૈયતને પાયમાલીમાંથી બચાવવાની મારી ફરજ હતી, અને સાંથનાં નાણાંની ખમત કરીને મારાથી એમને જેટલો કર આપી શકાયો એટલો આપ્યો, અને ઇંગ્રેજ ગૃહસ્થને વિનંતિ કરી કે તેઓ મને પણ ખમત કરે; પણ તે પ્રમાણે મારા

કલ્લામાં વિશ્વાસ ન રાખીને તેમણે મારા રહેવાના મકાનમાંથી મારી કચેરીનો કબજો લઇ લીધો, મોટી સીલ લઇ ગયા અને દુર્લભરાયને મારી પાસેથી તે લોક પાસેથી નાણાં ઉઘરાવવા સારૂ રાખ્યા.

" પછી મારા ધરની આસપાસ ચોકી મુકી મારી મીલકત કેટલી છે તેની તમામ તપાસ કરી. ઇજારદાર અને જમીનદાર તરીકે મેં જે વસુલાત કરી હતી તે મારી પાસેથી ઉઠાવી ગયા, જે નાણાં મેં કરજે કહાડ્યાં હતાં તે અને મારી માસિક ખરચીનાં નાણાં પણ રહેવા દીધાં નહિ, અને એમ કરીને ૨૨૫૮૬૭૪ રૂપીઆ એકઠા કર્યા.

સં. ૧૨૮૧ (સને ૧૭૭૪) ના વરસમાં મારા આખા દેશનો **દુર્લભરાયને** ૨૨૨૭૮૨૪ રૂપીઆને માટે ઇજારો આપ્યો, અને મારી પાસેથી તમામ સત્તા લઇ લીધી. દુર્લભરાય, અને હલકી જાતનો પ્રાણીઓસ, એ બેએ મળીને દેશ ઉપર કરનો બોજો વધાર્યો. જે બેહુતો છોડીને ચાલ્યા ગયા તે બદલનું નુકશાન નવા બેહુતો પાસેથી લેવાનું ઠરાવ્યું. આ બંને જણાઓ નજરમાં આવે તેવા હુકમ કહાડે, રૈયત પાસેથી સર્વસ્વ, બીના દાણા અને બેતીના બળદ સુદ્ધાંત, લઇ લે, અને તેથી મારો દેશ વસતિ વિનાનો અને પાયમાલ થઇ ગયો છે. હું એક જુની જમીનદાર છું, મારો દેશ લુંટાય છે અને રૈયતની ફરીયાદોનો સુમાર નથી.

ઉપરનાં કારણોથી હું આ અરજ કરૂં છું કે સ. ૨૨૨૭૮૧૭ ની જમા જે આ વર્ષે આપવાની કરી છે અને જે દુર્લભરાય આપવાના છે તે હું આપવા તૈયાર છું. અને હું સરકારને નુકસાન ન થાય અને આ રકમ વખતસર અપાય તેને માટે કાળજી રાખવા બંધાઉં છું."

આ ઉતારા, દેશમાં આ વખતે શું ચાલતું હતું તેનો ચિતાર આપવા સારૂ અગત્યના છે. જુના જમીનદારો જે હરાજીમાં માગણી કરનારાઓની સરસાઇએ ન ઉભા રહે તો તેમને તેમના બાપદાદાની જમીનદારીમાંથી કહાડી મુક-

વામાં આવે, જે પોતાની જમીન પોતાના હાથમાં રાખવાના ઇરાદાથી જમા વધારીને ઇજારદાર તરીકે રાખે તો, અને જે વખતસર નાણાં આપવામાં કસુર થાય તો, તેમની જમીન ઉપર સરકારી વહીવટદારો, મેનેજરો પરાણે રાખવામાં આવે, અને તેઓ ખેડુતોને લુંટી ખાય, દુઃખ કરે અને વસતિ ઉજ્જડ થઇ જાય. પરંતુ આટલું બધું દબાણ છતાં જમીનની મહેસુલ આવી શકી નહિ. અને બંગાળાની ખેડવાણ જમીનના ત્રીજા ભાગ ઉપર ઝાડવાં ઉગી ગયાં.

રાણી ભવાનીના પુત્ર પ્રાણકૃષ્ણે બીજી અરજીઓ કરી, અને તે બાબત ઉપર ઘણા વિચારો થયા. ફ્રિલિપ ફ્રાન્સિસ યુરોપિયન ગૃહસ્થો વાણીયાના કે બીજા કોઇ દેશી મુનીમને નામે ઇજારા લે તેનાથી વિરૂદ્ધ હતો. તે કહેતો કે,– "દેશ સ્વદેશીઓનો છે, પૂર્વના વિજેતાઓ જમીન ઉપર જમા લક્ષને સંતોષ માનતા. પ્રાચીન રીવાજોને ઠેકાણે જે જે નવી રીતો દાખલ કરવામાં આવી તેથી નાશકારક પરિણામો આવ્યાં છે; કારણ કે હું જાણું છું કે બંગાળા અને અને બહારની જમીનના બે ભાગ (બે તૃતીયાંશ) કેવળ ઉજ્જડ થઈ ગયાં છે. બીકણ હિંદુ, જે જુલમની સહામે થવાની તેનામાં શક્તિ નથી, તેનાથી ડરીને નાસે છે."

આખરે રાજ્યસભાએ સને ૧૭૭૫માં વધુ મતે ઠરાવ કર્યો કે દુર્લભરાયને રાજશાહના ઇજારામાંથી મુક્ત કરવો. અને રાણી ભવાનીને પોતાની જમીનનો ઇજારો પાછો સોંપવો. હેસ્ટિંગ્સને આ ઠરાવ બરાબર પસંદ પડ્યો નહિ. બંગાળાના પ્રાચીન ખાનદાનોના હક તે કદી સમજી શકયો નહિ. ઇજારદાર અને હરાજીમાં ખરીદનાર જે વર્ગ તેની સખ્ત અને પ્રતિકૂલ પદ્ધતિમાં ઉત્પન્ન થયો હતો, તેને ટેકો આપવાને તે કદી ચૂકતો નહિ. વૉરન હેસ્ટિંગ્સના વાણીયા કાન્તબાબુ સારૂ એક જાગીર ઉભી કરવા માટે રાજશાહની જાગીરમાંથી મોટા મોટા ટુકડા કાપી કહાડ્યા.

પણ–આ ત્રાસદાયક અને વર્ષોવર્ષ ફરતી મહેસુલ પદ્ધતિનાં નુકશાનો, લગભગ તમામ મહેસુલ દેશમાંથી બહાર વહી જતી હતી તેને લીધે, વધારે ગંભીર

થઇ રહ્યાં. તેવા ત્રાસથી ઉધરાવેલાં નાણાં દેશના વેપાર ઉદ્યોગ અને ખેતીમાં વપરાઇને ફળવાન થવાને સારૂ કોઇ પણ પ્રકારે દેશના લોકોના હાથમાં પાછાં આવતાં નહિ.

" ૧૭૭૦ ના દુષ્કાળે બંગાળામાં પહેલાં કદી નહિ થયેલી એવી ભયંકર પાયમાલી કરી હતી તોપણ અનેક ભયાનક યુક્તિઓ કરીને કમાણીની રકમ ઉતરવા દીધી ન હતી. જગીરોની ઉપજ, યુરોપિયન માલનાં વેચાણ, અને અનન્યાધિકાર વાળા માલનાં વેચાણ, એ બધાંથી ઉપજેલાં નાણાંનો જે માલ બંગાળાથી લેવામાં આવતો તે કદી દશ લાખ પાઉંડથી ઓછી કિંમતનો થતો ન હતો, અને ઘણી વખતે બાર લાખ સુધી પહોંચતો. આ દશ લાખનો આંકડો કંઇ પણ બદલા વગર જે માલ ઇંગ્લંડ મોકલાવાતો હતો તેનો ઓછામાં ઓછો આંકડો છે. વળી કમ્પનીને હિસાબે બંગાળામાંથી લગભગ એક લાખ પાઉંડ વર્ષોવર્ષ ચીન મોકલવામાં આવતા, અને તે રકમ યુરોપ સાથેના પરભારા વેપારમાં ઉપયોગમાં આવતી. આ સિવાય શાંતિના વખતમાં બંગાળામાંથી, બીજા ઇલાકાઓ, જ્યાં ઉપજ કરતાં ખરચ વધારે હતી ત્યાં, પણ નિયમિત રકમો મોકલવામાં આવતી હતી.

જ્યારે આ બંગાળા અને ઇંગ્લંડ વચ્ચેના વ્યહવારનો-વ્યાપાર નહિ-હિસાબ ગણવા બેસીશું ત્યારે ઉપજમાંથી આ પ્રમાણે માલ મોકલવાની રીતથી જે નુકસાન થાય છે તે ખરા સ્વરૂપમાં સમજાશે. એ દૃષ્ટિબિન્દુથી જોતાં અહીંયાથી જેટલો માલ નિકાસ કરવામાં આવે છે તે બધો, કમ્પનીનો વ્યવહાર જોતાં તો, માલ સાટે માલ મોકલવામાં આવતો નથી પણ કંઇ પણ બદલા વિનાજ મોકલવામાં આવે છે.

" પણ આ [illegible] અને તેની અસરનો ખ્યાલ બરાબર આવે તે સારૂ ચીન અને યુરોપમાં મોકલવાના માલની ખરીદીમાં બંગાળાની જે ઉપજ વપરાય છે, તે સિવાયની બીજી ઉપજની વ્યવસ્થા ઉપર લક્ષ આપ્યું છે. રાજ્યના

દીવાની, કારભારમાં જે ખરચ થાય છે તેનો કંઇપણ અંશ સ્વદેશીઓને મળતો નથી, કારણ કે તેઓને ઘણે ભાગે યુરોપીયનના નોકરો તરીકે અથવા મહેસુલનાં હલકાં ખાતાંઓ કે જ્યાં "તેમના વગર એક ડગલું પણ ભરવું કેવળ મુસ્કીલ થઇ પડે." એવી જગાઓમાં રાખવામાં આવ્યા છે.*

નીચેના આંકડા સરકારી દફ્તરોમાંથી લીધેલા છેઃ—

વર્ષ મે થી એપ્રિલ.	જમીનની મહેસુલ. £	કુલ ઉપજ. £	મુલકી ખરચ. £	લશ્કરી ખરચ. £	કુલ ખરચ. £
૧૭૭૧–૭૨	૨,૩૪૧,૯૪૧	૩,૨૫૯,૫૬૪	૨૦૬,૭૮૧	૧,૧૬૪,૩૪૮	૨,૮૮૪,૧૯૨
૧૭૭૨–૭૩	૨,૨૯૮,૪૪૧	૨,૮૬૬,૯૬૮	૨૩૪,૦૫૧	૧,૨૮૮,૬૬૭	૨,૮૨૭,૧૪૧
૧૭૭૩–૭૪	૨,૪૩૮,૪૦૫	૩,૧૬૦,૧૮૬	૨૧૩,૨૩૭	૧,૩૦૪,૮૮૩	૨,૭૨૭,૯૭૫
૧૭૭૪–૭૫	૨,૭૭૭,૮૭૦	૩,૫૬૪,૯૧૫	૨૬૮,૨૩૨	૧,૦૮૦,૩૦૪	૩,૩૦૦,૧૨૪
૧૭૭૫–૭૬	૨,૮૧૮,૦૭૧	૪,૧૯૮,૦૧૭	૩૩૫,૯૬૮	૧,૦૫૧,૯૬૯	૩,૪૩૮,૪૮૦
૧૭૭૬–૭૭	૨,૭૫૫,૦૪૩	૩,૯૭૧,૪૪૦	૩૨૫,૧૯૨	૯૪૨,૧૯૯	૩,૪૨૪,૪૦૧
૧૭૭૭–૭૮	૨,૫૩૦,૦૪૨	૩,૬૮૮,૦૮૮	૪૭૭,૨૯૩	૧,૧૮૪,૭૦૮	૩,૩૫૩,૦૨૯
૧૭૭૮–૭૯	૨,૬૫૬,૮૦૯	૩,૭૮૨,૬૯૦	૫૫૩,૮૧૦	૧,૮૪૬,૨૩૭	૪,૯૭૨,૫૯૦

* Select Com's. Ninth Report 1873 p. 55.

બનારસ

હજી સુધી આપણે બંગાળાનીજ સ્થિતિ જોઇ છે. બંગાળની બહાર જઇને જ્યારે જોઇએ છીએ, ત્યારે પણ વૉરન હેસ્ટિંગ્સના અમલ નીચે જે પ્રાંતો આવ્યા હતા, તેમાં તેની તેજ સ્થિતિ જોવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં બનારસ જેવું આબાદ રાજ્ય બીજું એક ન હતું. લોક ઉદ્યોગી હતા, વેપાર અને ખેતી આબાદ સ્થિતિમાં હતાં અને હિંદુસ્તાનના સઘળા ભાગોમાં પવિત્ર મનાતું શહેર બનારસ રાજા બલવંતસિંહની રાજધાનીનું શહેર હતું.

બલવંતસિંહ ૧૭૭૦ માં ગુજરી ગયા અને અયોધ્યાના વઝીર (રાજા) જેના એ માંડલિક રાજા હતા, તેમણે નજરાણો લઇને અને ખંડણીમાં કંઇ વધારો કરીને ચેતસિંહને તેના વારસ તરીકે કબૂલ રાખ્યો હતો. આ વારસાના પ્રકરણમાં ઇસ્ટઇન્ડિયા કમ્પનીએ માથું ઘાલ્યું હતું, અને ૧૭૭૦ ના ઑક્ટોબરની ૧૭ મી તારીખના અધ્યક્ષસભા ઉપર લખેલા પત્રમાં આ બાબતમાં વઝીરે સંમતિ આપ્યાથી બંગાલના ગવર્નરે પોતાનો સંતોષ જાહેર કર્યો હતો.

અયોધ્યાનો વઝીર (રાજા) સુજા-ઉદ્દૌલા ૫૦ ૧૭૭૫ માં મરણ પામ્યો અને બંગાલાના ગવર્નરે પોતાના આ જુના મિત્રના મરણનો લાભ લઇને પોતાના રાજ્યની હદનો અને સત્તાનો વિસ્તાર કર્યો. ૧૭૭૫ ના મે માસમાં એના પુત્ર અને વારસ અસોપુદ્દૌલા સાથે નવું તહનામું થયું જેથી બનારસ ઇસ્ટઇન્ડિયા કમ્પનીને સ્વાધીન કરવામાં આવ્યું. અને તે રીતે રાજા ચેતસિંહ બ્રિટિશનો માંડલિક રાજા થયો. બનારસનું રાજ્ય આમ બ્રિટિશ પ્રાન્તની નીચે આવવાથી કમ્પનીને લગભગ ચોવીસ લાખ રૂપીયાની ઉપજ વધી. આ રકમની માસિક કિસ્તો કરવામાં આવી અને તેમાંથી બરાબાત કે એવા બહાનાથી કંઇપણ કાપકુપ કરવામાં આવશે નહિ, એવો ચોખ્ખો ઠરાવ કરવામાં આવ્યો.

સને ૧૭૭૫ માં આનંદથી ઉભરાઇ જતી કલમે ગવર્નરજનરલે આ બાબતના ખબર અધ્યક્ષ સભાને આપ્યા.*

આ પ્રમાણે મંડલાન્તર કરવામાં શું જોખમ હતું તેનો ખ્યાલ ચેતસિંહને ત્રણ વર્ષ પછી આવ્યો. ૧૭૭૮ ના જુલાઇમાં વૉરન હેસ્ટિંગ્સ ચેતસિંહને લખે છે કે "ઇંગ્લંડે ફ્રાન્સ સાથે ગઇ તા. ૧૮ મી માર્ચે લડાઇ જગાવી છે, અને તેના સંબંધમાં મારા નામથી અને આ સભાના નામથી મારે આપને લખવાનું કે કમ્પનીની રૈયત તરીકે આપ એમનાં હિત-ગેરહિતમાં ભાગ લેવાને બંધાયલા છો તેથી આ લડાઇમાં જે ખરચ થાય તેનો આપ, આપનો હિસ્સો આપવા મહેરબાની કરશો." ×

એક પ્રામાણિક અંગ્રેજને ઇન્સાફ કરવાની ખાતર અહીં કહેવું જોઇએ કે ફ્રિલિપ ફ્રાંન્સિસ વૉરન હેસ્ટિંગ્સની આ લૂંટની સામે થયો હતો. ખ્રિદ્રિશ વાવટા નીચે બનારસના રાજ્યને લાવવામાં એણે અગ્ર ભાગ લીધો હતો; પણ હવે કમ્પનીના માંડલિક થયેલા આ રાજા ઉપર જે ગેરવાજબી માંગણીઓ થવા માંડી તેની સામે તેણે મજબૂત વાંધો લીધો×

"+ આ રાજ્યની સત્તાને રાજાએ સ્વાધીન થવું જોઇએ એમાં કાંઇ શક નથી. અને જ્યાં સુધી એ સત્તા ઇન્સાફના ધોરણે ચલાવાય છે ત્યાં સુધી તે સત્તાને ટેકો આપવામાં આ સભાના કોઇ પણ સભાસદથી હું ઉતરૂં તેમ નથી. પ્રથમથીજ આપણે આ રાજાની સાથે જે કરાર કર્યો છે અને જે કરાર આપણા એના સંબંધનું મુખ્ય ધોરણ છે તેની બહાર જઇને આપણી માંગણીમાં કંઇ પણ વધારો કરવાનો આપણો હક છે કે નહિ તેનીજ મને શંકા હતી. જો ચક્રવર્તી સત્તાની મરજી મુજબ આ માગણીઓ વધારવાની હોય તો માંડલિક રાજાને કંઇ હકજ નથી, તેને કાંઇ મિલકત પણ નથી, અથવા તે એમાંથી

* જુઓ સિલેક્ટ કમિટિનો રીપોર્ટ ૧૭૮૨ પા. ૪૬૦.
× સિલેક્ટ કમિટિનો રિપોર્ટ ૧૭૮૨ પા. ૪૬૩
+ સિલેક્ટ કમિટિનો રિપોર્ટ ૧૭૮૨ પા. ૪૬૫

એકને માટે એને નિર્ભયતા તો નથીજ. પાંચ લાખને બદલે આપણે પચીસ લાખ માંગીએ, અને જો એ આપવાની ના પાડે, અથવા આપવાને અસમર્થ હોય, તો જમીનદારી ખાલસા કરવી એ એનું પરિણામ તાબડતોબ આવી જાય."

આ બધું નિષ્ફળ ગયું. બીજે વર્ષે પણ પાંચ લાખ માગ્યા. તેજ પ્રમાણે ત્રીજે અને ચોથે વર્ષેઃ અને તે ઉપરાંત લશ્કરનું અમુક ખરચ પણ માગ્યું. નાણાં આપવાનું તેનાથી બની ન શકયું માટે તેને ઠબકો દેવામાં આવ્યો, અને પછીથી કેદ કર્યો; અને જ્યારે એની રૈયતે કમ્પનીના પેરા ઉપર હુમલો કર્યો ત્યારે એનું આવી બન્યું. તે પોતાના રાજ્યમાંથી ભાગી ગયો. અંગ્રેજે એના ભાણેજ મહીપ નારાયણને ખંડણીમાં મોટો વધારો કરીને ગાદીએ બેસાડયો, અને રાજ્યવ્યવસ્થા ગવર્નર જનરલનાં નીમેલાં માણસોની દેખરેખ તીચે ચાલવા માંડી.

આ રાજ્યવ્યવસ્થા અંત્યત નિષ્ફળ નીવડી. વૉરનહેસ્ટિંગ્સ બળવંતસિંહ કે ચૈતસિંહ કરતાં ઓછો વ્યવસ્થાકુશલ હતો તે કારણથી નહિ, પણ મહેસુલમાં વધારો કરવાથી ખેતી નાશ પામેલી તેથી. હેસ્ટિંગ્સે જેને પેહેલવહેલો દીવાન તરીકે નીમ્યો હતો, તેને વખતસર ભરણું ન કરવાના કારણથી બરતરફ કર્યો. તેથી બીજો, એવા સ્પષ્ટ નિશ્ચય સાથે દાખલ થયો કે જે મહેસુલ આપવાનું ઠરાવવામાં આવ્યું છે તેટલી રકમ તો ગમે તેમ કરીને એકઠી કરવીજ. જમીનની આંકણી થઇ. અને અત્યંત સખ્તાઇથી ઉઘરાત થવા લાગી. જેથી રૈયત દુઃખમાં ડુબી ગઇ, અને ૧૭૮૪ માં એક ભયંકર દુષ્કાળે દેશને ઉજજડ કરી નાંખ્યો.

આ દુષ્કાળની અસર હેસ્ટિંગ્સે પોતાની નજરે જોઇ. રાજ્યસભાને ૧૭૮૪ ના એપ્રિલની ૨૭ તારીખે લખેલા પત્રમાં તે લખે છે કે " બકસારથી બનારસ સુધી બેદીલ રૈયતના ઘુમાટ સાંભળી સાંભળીને હું થાકી ગયો. લાંબો વખત ચાલેલા દુષ્કાળનાં દુઃખોથી આ સામાન્ય બેદીલીમાં અનિવાર્ય વધારો થયો. પણ મને એમ ભય રહે છે કે આ બધી બેદીલીનું મુખ્ય કારણ અપ્રમા-

ણિક નહીં તો અકુશલ અને ક્રૂર રાજ્યવ્યવસ્થાજ હશે. હું ઉમેરવાને દીલગીર છું કે બકસારથી તે છેક સામી હદ સુધી ગામેગામ સંપૂર્ણ પાયમાલીનાં ચિન્હો સિવાય બીજું કાંઇ મારા જોવામાં આવ્યું જ નથી. બનારસ શહેર બાદ કરતાં બાકીનો આખો ઇલાકો રાજ્ય વિનાનો છે. રાજ્યમાં બધો ગેરબંદોબસ્ત છે, લોકોના ઉપર જુલમ છે, વેપારને દાણી દેવામાં આવ્યો છે. અને મહેસુલ સાધનોનો આવો ઉપયોગ થવાથી, જલદીથી ઉતરી જશે એવો ભય રહે છે."*

અયોધ્યાના વાવટાથી બ્રીટીશ કમ્પનીની સત્તા નીચે આવ્યા પછી નવ વર્ષની અંદર બનારસની આ સ્થિતિ થઇ ગઇ. હવે આપણે એક ડગલું આગળ ભરીએ અને અયોધ્યાની દશા જોઇએ.

અયોધ્યા.

ઉપર કહેવાઇ ગયું છે કે બ્રિટિશનો મિત્ર સુજાઉદ્દૌલા સને ૧૭૭૫ માં મરણ પામ્યો. શત્રુની સાથે એ ક્રૂર અને ક્ષમાશૂન્ય હતો, પણ એની રૈયતને તેણે સંતોષી, રાજી અને આબાદ રાખી હતી. જ્યારે અસોપુદ્દૌલા એના પિતાની ગાદીએ બેઠો ત્યારે વૉરન હેસ્ટિંગ્સે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની અયોધ્યા ઉપર જે સત્તા હતી તેમાં વધારો કર્યો, સુજાઉદ્દૌલા સાથેનું જુનું તહનામું હતું તે રદ કરી અને એક નવું તહ કર્યું; અને તે મુજબ અયોધ્યાનો રાજા પરિણામે કમ્પનીનો માંડલિક રાજા થઇ રહ્યો."×

આ માંડલિકતામાં અયોધ્યાના વિનાશનું બીજ રોપાયું. હેસ્ટિંગ્સે એક લશ્કરની ટુકડીની સાથે કર્નલ હેનીને મોકલ્યા. આ સરદાર તે જમાનાના ઘણા ઇંગ્રેજોની માફક તકનો લાભ બરાબર લઇ જલદીથી સમૃદ્ધિવાન થઇ જવાની ઇચ્છા રાખતા. અયોધ્યામાં પણ મદ્રાસ અને બીજે ઠેકાણે લશ્કરને

* મિલના હિંદુસ્તાનના ઇતિહાસમાં ઉતારેલું ૧૮૫૮ પુસ્તક ૪ પ્રકરણ ૭

× સિલેક્ટ કમિટિનો દશમો રીપોર્ટ-૧૭૮૩ મે ૭

માટે જમીનની મહેસુલ સોંપી દેવાની નુકશાનકારક રીત અમલમાં મૂકવામાં આવી. કર્નલ હેની અયોધ્યામાં મુલકી અને લશ્કરી સત્તા ભોગવતા અને તેમણે ગોરખપુર અને બેરકનો ઇજારો લીધો. સાંથો વધારી. ઉઘરાત માટે જોરજુલમનો ઉપયોગ થયો. લોકો ઘરગામ ખેતર છોડીને નાશી ગયા. દેશ ઉજજડ થયો.

અસોપુદ્દૌલાએ પોતે પોતાની મેળે ન્હોતરેલી પાયમાલી પોતાની નજરે જોઇ. સને ૧૭૭૯ માં બ્રિટિશ સરકારને તેણે લખ્યું કે, " ખરચ ઘણું વધી જવાથી જમીનના ઘણે ઉંચે દરે ઇજારા આપવાની જરૂર પડી, અને વર્ષોવર્ષ ખોટ આવવા માંડી. દેશ ઉજજડ થયો, ખેતી છુટી ગઇ." આથી કરીને લશ્કરના ખરચને માટે જે નવી જમીન પડાવવાની તજવીજ થઇ તેની વિરૂદ્ધ નવાબે વાંધો લીધો; અને કારણ એમ બતાવ્યું કે, લશ્કર અમારે કેવળ નકામું છે, ઉપજમાં નુકશાનનું અને રાજ્યકારભારમાં ગરબડનું તેજ કારણ છે.

આ અગત્યના પત્ર ઉપર કલકત્તાની સભાએ ચર્ચા કરી. ફ્રિન્સિપકા-ન્સિએ–તેની સાહજિક ન્યાય બુદ્ધિથી એક લાક્ષણિક દફતરી નોંધ લખી.

" એક સ્વતંત્ર (Independent) રાજા, એક પરદેશી લશ્કર જે રક્ષણ કરવાને નિમિત્તે એની ઉપજ અને દેશનું ભક્ષણ કરેછે, તે રાખવાની સામે વાંધો લે, એમાં મને ખોટું લગાડવા જેવું કે ભયભીત થવા જેવું કંઇ લાગતું નથી. મારામાં રાજ્ય સત્તાની આદતો એટલી લાંબા કાળની નથી થઈ કે જેથી મને એમાં ખોટું લાગે."

" ૧૭૭૫ ના ડિસેમ્બરની ૧૫ મી તારીખના પત્રમાં કમ્પનીની કાર્યાધ્યક્ષ સભાએ અયોધ્યાના સુબાની નોકરીમાં એક ટુકડી રાખવાની વાતને પસંદ કરી; એટલી સરતે કે, તે સુબાની સ્વતંત્ર કબૂલતથી–અને તે વિના અમે તેમ હોય પણ નહિ જ."

" આપણા લશ્કરની આ ટુકડીના સંબંધમાં અત્યારે કંઇ તકરાર નથી, કારણકે વઝીર એ પાછું લઇ લેવરાવવાની ઇચ્છા રાખતા નથી; એની માગણી કર્નલ હેની અને કેપ્ટન ઑસબોર્નની સરદારી નીચે ટુકડીઓના સંબંધમાં છે. પહેલાના સંબંધમાં એ એમ કહે છે કે તે મારા રાજ્યને કેવળ નિરુપયોગી છે અને જમીનની અને જકાતની ઉપજમાં મને બહુ નુકસાન કરે છે; બીજાના સંબંધમાં એ કહે છે કે તેથી મારા રાજ્યકારભારમાં ગરબડ થાય છે, અને સ્વતંત્ર સત્તા અંખત્યાર કરે છે.

" આ દરખાસ્તથી બે વાતો જણાય છે. (૧) એને ખરચે એના રાજ્યમાં આપણું લશ્કર રાખવાની એને ૪૨જ પાડવાની જરૂર છે એટલું જ નહિ પણ (૨) એમનો પગાર ચુકવવા પુરતી ઉપજના ઉઘરાતદાર પણ આપણેજ થવું જોઇએ. અને આનો અર્થ એ થાય છે કે અત્યારે જેવી રીતે આ બધી બાબતોનો કારભાર થાય છે તેવી રીતે તો એના દેશને આપણી લશ્કરી સત્તાની નીચેજ મૂકી દેવો. આમ એક જરૂરીયાતમાંથી બીજી ઉત્પન્ન થાય છે, અને જ્યાં સુધી આપણા લોભને લલચાવે અને આપણી અભિલાષાઓને પૂર્ણ કરે તેવું કંઇ પણ, હિંદના રાજ્યો પાસે છે, અથવા આપણે અનુભવથી શીખીએ કે બીજાઓને ઇન્સાફ કરવામાં કંઇ ડહાપણ સમાયલું છે, ત્યાં સુધી તે પ્રમાણે ચાલ્યાંજ કરશે. " +

વૉરન હેસ્ટિંગ્સની નજરમાં આ ટુકડીઓ પાછી ખેંચી લેવામાં કમ્પનીને નુકશાન થશે એ વાતનું વધારે વજન હતું; નવાબના લોકોને દુઃખ પડે છે તેનો એને કંઇ હિસાબ ન હતો. એ કહેતો કે નવાબ કમ્પનીનો માંડલિક છે, અને તેને ત્યાંથી લશ્કર પાછું બોલાવીએ તેનું પરિણામ કમ્પનીના ઉપર એટલો બોજો વધારે પડે એજ થાય." હિંદુસ્તાનનો ઇતિહાસકાર—જેમ્સમિલ—લખે છે કે " ઇંગ્રેજોએ કંઇ પણ હક વગર પોતાનું લશ્કર નભાવવા નવાબને

+ સીલેક્ટ કમીટીનો રિપોર્ટ એ. ૭.

ફરજ પાડી, તે એક મોટી સગવડની ખાતર હતું; એટલે એને એક માંડલિક તરીકે ગણ્યો, અને તેના ઉપર તેમજ તેના દેશ ઉપર મંડલેશ્વરના હકો વાસ્તવિક રીતે ધારણ કર્યા અને અમલમાં મૂકયાં. "

બ્રિટિશ રાજ્યનો હક સને ૧૭૮૦ માં ૧,૪૦૦૦૦૦ ચૌદલાખ પાઉંડ સુધી પહોચ્યો હતો. ગવર્નર જનરલે લકનૌમાંથી બ્રિસ્ટોને પાછો બોલાવી લીધો; અને મિકલઠનને રેસિડેન્ટ તરીકે મોકલ્યો; કમ્પની સરકારના હક્કો પુરા પાડવા માટે તેમણે અયોધ્યાની બેગમો, નવાબની મા અને દાદીને, લુંટવામાં મદદ કરી; અને તેમની સાથે જુલમ અને અપમાન ભરેલી વર્તણુક ચલાવીને નાણાંની મોટી રકમ છીનવી લીધી; એ બધી બાબતોનું વર્ણન કરવાની અહીં જરૂર નથી. આપણે તો અયોધ્યાના ખેડુતની સ્થિતિ સાથે સંબંધ છે.

વૉરન હેસ્ટિંગ્સ ઉપર કામ ચાલ્યું તે પ્રસંગે નિષ્કિંચન ખેડુ વર્ગ પાસેથી નાણાં ઉઘરાવવાની બાબતમાં જે હકીકત પુરાવામાં પડેલી છે, તે ઘણી શોકજનક છે. એવી જુબાનીઓ પડેલી છે કે જેમની પાસે બાકી નીકળતું હોય તેમને પાંજરામાં પુરવામાં આવતા; તેનો જવાબ એવો મળ્યો કે હિંદુસ્તાનની આબો હવામાં પાંજરામાં પૂરવું તે કાંઇ માણસ રીબાવ્યું કહેવાય નહીં. જુબાની એવી પડી કે માબાપોને છોકરાં વેચવાની ફરજ પાડવામાં આવતી. ખુલાસો એ થયો કે કર્નલ હેનિએ આવા અસ્વાભાવિક વિક્રય સામે હુકમો કહાડયા હતા. લોકોનાં ટોળેટોળાં ગામ સીમ છોડીને ચાલતાં થયાં, અને તેમને નાશી જતા અટકાવવા સારૂ લશ્કરને ઉપયોગમાં લેવું પડયું હતું. આખરે એક મોટો બળવો ઉઠયો. ખેડુતો અને ઈજારદારોએ અસહ્ય બોજા સામે બંડ કર્યું; અને તે પછી ક્રોધાવિષ્ટ સેનાને હાથે ત્રાસ અને કાપાકાપી શરૂ થઇ, જે વડે આ જડ ખેડુતોનું બંડ દબાવી દીધું.

પછી કર્નલ હેનિને અયોધ્યામાંથી મુક્ત કર્યો, બળવો શાન્ત કર્યો. પણ અયોધ્યાની સ્થિતિ ઉજ્જડ હતી. ફેપટન એડવર્ડસે ૧૭૭૪ માં અને પછીથા

૧૭૮૩ માં અયોધ્યાની મુલાકાત લીધી હતી, પ્રથમની મુલાકાત વખતે તેણે અયોધ્યામાં વેપાર, વણજ, ઉદ્યોગ અને ખેતીમાં આબાદી દીઠી હતી. બીજી વખતે તેને તે ઉજ્જડ અને ભયંકર લાગ્યું. મિ. હોલ્ટ પણ એવોજ પુરાવો આપે છે. ૧૭૮૪ માં એક સખ્ત દુષ્કાળ પડ્યો, અને અવ્યવસ્થા અને લડાઇનાં કષ્ટોમાં ભુખમરાનાં કષ્ટો ઉમેરાયાં.

વૉરન હેસ્ટિંગ્સની કારકીર્દિનો અંત.

આ બધી ત્રાસદાયક હકીકત બ્રિટિશ પાર્લમેન્ટને કાને ગુપ્ત કમિટીના છ રિપોર્ટો અને સિલેક્ટ કમિટીના અગીયાર રિપોર્ટોથી આવી. આ રિપોર્ટો સને ૧૭૮૨–૮૩ માં પ્રસિદ્ધ થયા, અને તે ઉપરથી એટલું સ્પષ્ટ જણાયું કે રેગ્યુલેટિન્ગ એક્ટના વ્યવસ્થાપ્રબંધથી જોઇએ તેવા સુધારા થઇ શક્યા નથી. રાજ્યવહીવટથી પુનરપિ સુધારા કરવાની માગણીયો મોટે સાદે થવા માંડી. ફોક્સનું ઇન્ડિયાબિલ જેને એડમંડ બર્કે ટેકો આપ્યો હતો તે પાર્લમેન્ટે નામંજુર કર્યું પણ ૧૭૮૪ માં પિટનું ઇસ્ટઇન્ડિયા બિલ પસાર થયું અને તેથી પહેલીવાર કમ્પનીનો કારભાર બ્રિટિશ તાજની દેખરેખ નીચે મૂકાયો. કમ્પનીના મુલકી લશ્કરી અને મહેસુલી કામકાજની દેખરેખ તાજે નીમેલા છ કમિશનરોને સોંપવામાં આવી. સામા વર્ષમાં વૉરન હેસ્ટિંગ્સે પોતાની જગાનું રાજીનામું આપ્યું અને લોર્ડ કોર્નવોલિસ જે ઉંચી સુશીલતાવાળા હતા અને જેમનો સ્વભાવ ઉદાર હતો તેમને ઇન્ડિયાના ગવર્નર જનરલ તરીકે મોકલ્યા.

વૉરન હેસ્ટિંગ્સની કારકીર્દિના આ ટુંકા હેવાલમાં આપણે લોકોની આર્થિક સ્થિતિ ઉપરજ ધ્યાન આપ્યું છે, અને તે દૃષ્ટિબિંદુથી એ કારકીર્દિ નિષ્ફળ નીવડી એ વાતથી અમે અંત્યત દીલગીર છીએ. બધા નિષ્પક્ષપાત ઇતિહાસકારનો પણ આજ અભિપ્રાય છે. પણ વારન હેસ્ટિંગ્સને ઇન્સાફ કરવાની

બાતર સને ૧૭૮૯ મિ. શૉરે--(પછીથી લૉર્ડ ટેનમથ) તેના બચાવમાં જે દલીલ કરી હતી તે અહીંયાં નોંધવી જોઇએ.

"કમ્પનીને મહેસુલનો હક મળ્યાને આજ બત્રીશ વર્ષ થઇ ગયાં અને દીવાની મળવાથી તમામ મુલક હમેશને માટે મળ્યાને આજ ચોવીસ વર્ષ થઇ ગયાં છે. જ્યારે આ લાભનું સ્વરૂપ અને તેની મહત્તાનો આપણે વિચાર કરીએ, અને આપણી રાજ્યસત્તા નીચે મૂકેલા લોકનાં શીલ, તેમની ભાષાના ભેદ, અને રીતભાતના તફાવત ઉપર નજર નાંખીએ, જ્યારે તે દેશના પાછલા રીત રીવાજથી અને એશિયાના રાજ્યકોશ બાબતની રીતોથી કેવળ અજાણ્યા છતાં આપણે આવા મોટા કામમાં પ્રવૃત્ત થયા હતા તે વાત બરાબર ધ્યાનમાં લઇએ, ત્યારે આપણે ભૂલમાં પડ્યા હતા અને સુધારવાની જરૂર છે તે વાત સ્વીકારવાથી કોઇને વિસ્મય થશે નહિ."×

આ વિચારોમાં ઘણું સત્ય સમાયલું છે, છતાં બીજા બધા કરતાં વૉરન હેસ્ટિંગ્સને આ ટીકા સૌથી ઓછી લાગુ પડે છે. વૉરન હેસ્ટિંગ્સ હિંદમાં નવો નહોતો, તે લોકોથી અજાણ્યો ન હતો. કેવળ બાળક હતો તે વખતનો તે હિંદમાં આવ્યો હતો. તેણે શરૂઆતની જીંદગી હલકા દરજ્જામાં ગાળી હતી. તે વખતે લોકોમાં ભળતો હતો, અને તેમનાં શીલ સમજી તેની તારીફ કરતો હતો. હિંદમાંથી નિવૃત્ત થયા પછી બત્રીશ વર્ષે તેણે કહ્યું હતું કે --" મેં જે સોગન લીધાછે તે સોગન ઉપર હું કહું છું કે હિંદુસ્તાનના લોકો નીતિભ્રષ્ટ છે તે વાત તદ્દન પાયા વિનાની છે. તેઓ નરમ છે, ભલા છે, તેમના ઉપર માયાળુપણું બતાવીએ તેને માટે ઉપકાર બુદ્ધિવાળા છે; અપકાર સામે વૈરબુધ્ધિથી તેઓ પ્રેરાતા નથી, અને તીવ્ર રાગદ્વેષના અભાવમાં દુનીયાની કોઇ પણ પ્રજાની સરખામણીમાં તેઓ ટકી શકે તેમ છે." જેમને તે પોતે આવા જાણતો હતો તે લોકોમાં હેસ્ટિંગ્સે ૧૭૫૦-૮૫ સુધી અમલ ભોગવ્યો હતો.+

× Select Committee's fifth Report પા. ૧૬૯.

તેમજ લોકો સંબંધી તેના વિચારોને અનુસરતાંજ હેસ્ટિંગ્સનાં જાહેર કૃત્યો પણ હતાં. જે વખતે બંગાળાના લોકો પાસેથી તમામ મુલકી વેપાર છીનવી લઇને કમ્પનીના નોકરો એકદમ શ્રીમંત થઇ જવામાં ગુંથાયા હતા તે વખતે વૉરન હેસ્ટિંગ્સ પોતાના સ્વદેશિઓના જુલમની સામે થવામાં એકલે હાથે વાન્સિટાર્ટની સાથે સામીલ રહ્યો હતો. તેમજ ૧૭૭૨ થી ૧૭૮૫ સુધીના એના પોતાના કારભારની દરમિયાન પણ ઘોટાળામાંથી વ્યવસ્થા લાવવાને માટે એણે પ્રયત્નો કર્યા હતા. એણે હિંદુ અને મુસલમાનોના કાયદાઓના સંગ્રહ કરાવી છપાવરાવ્યા. તે કાયદાઓ પ્રમાણે ન્યાય આપવા માટે તેણે ન્યાયસભાઓ સ્થાપી અને પછીથી ઘણા સુધારા થયા તે વાત ખરી, પણ વ્યવસ્થાસર રાજ્યપધ્ધતિની સ્થાપના કરનાર એજ હતો.

ઈશ્વરદત્ત વ્યવસ્થાશક્તિથી સંપન્ન અને લોકનું તથા દેશનું જ્ઞાન ધરાવનાર એક રાજ્યપુરૂષને હાથે વહીવટી કામમાં ઊંચા પ્રકારની કૃતેહની આશા સ્વાભાવિક રીતે રાખી શકાયજ. પણ જો રાજ્યકારકીર્દિની કૃતેહનું માપ લોકોને મળેલા સુખ ઉપરથી લઇએ તો એમ કહેવું જોઇએ કે વૉરનહેસ્ટિંગ્સનો કારભાર કેવળ નિષ્ફળ હતો. બ્રિટિશ સત્તા અને પ્રભાવનો વિસ્તાર થયે લોકોની આર્થિક સ્થિતિ સુધરી નહિ; પણ બંગાળા, બનારસ અને અયોધ્યામાં કષ્ટ, બળવા, અને તોફાનની અંધકારમય પરંપરાને અવકાશ મળ્યો.

આ નિષ્ફળતાનાં કારણો સો વર્ષ પછી આજે આપણે શાન્તિથી તપાસી શકીશું. તે વખતના ઇંગ્રેજોની સાથે હેસ્ટિંગ્સ પણ ઇન્ડિયાને એક મોટી જાગીર લેખતો, અને પોતાના બળવાન મનને તે જાગીરમાંથી નફો લેવા પાછળ લગાડયું. કમ્પનીના નફાની આગળ લોકનું કલ્યાણ ગૌણ થયું. રાજા અને રૈયતના હક વેપારી રાજ્યકર્ત્તાઓની આ ભાવનામાં હોમાયા. ૧૭૭૦ ના દુષ્કાળ પછી પણ જમીનની મહેસુલમાં વધારો કરવામાં આવ્યો, અને બંગાળામાંથી ત્રીજા ભાગની વસતિનું વાશીદું વળાઇ ગયું. જમીનદાર ખાનદાનો

જેઓ સેંકડો વર્ષથી જે જમીનોના માલીક હતા તેમને પોતાની જમીનોને માટે શાહુકાર, અને સટોરીઆઓની સાથે હરાજીમાં ઉભા રહી ઇજારદાર તરીકે માગણીઓ કરવાનો વખત આવ્યો. ઘરબાર છોડીને નાશી જતા અથવા બંડ કરીને સામા થતા ખેડુતોને સૈનિકો સખ્ત ક્રૂરતાથી હાંકી હાંકીને પાછા ઘર ભેગા કરતા. અને આવી રીતે એકઠા કરેલા પૈસાનો મોટો ભાગ ઇગ્લંડના ભાગીદારોને પહોંચાડી દેવામાં આવતો. ગમે તેવી ઈશ્વરદત્ત શક્તિ હોય, બીજી રીતે ગમે તેવી પૂર્ણ હોય, તોપણ કોઇ રાજ્યસત્તા એક દેશનાં ધનનાં સાધનો બીજા દેશના વેપારમાં ધસડી જવાની કોશનીતિ રાખીને, રાષ્ટ્રીય દારિદ્રય અને દુષ્કાળને અટકાવવા સમર્થ થાય નહિ.

વૉરન હેસ્ટિંગ્સની નિષ્ફળતાનું આ મુખ્ય કારણ હતું અને તેનાં નિર્દય અને આપખુદી કૃત્યોથી લોકનાં દુઃખ વધારે ઘેરાં થયાં. મોટા રાજ્યધુરંધરોની વર્તણુકો ઉપર ઇતિહાસકારના નિર્ણય સિવાય એક બીજો નિર્ણય વિદ્યમાન છે. તે નિર્ણય તે લોકનિર્ણય છે. હિંદના લોકો વૉરનહેસ્ટિંગ્સના, લોકને દરિદ્ર બનાવનાર, રાજ્યવહીવટની તરફ દુઃખ અને ત્રાસથી જુએ છે. અને તેની પછી આવનાર, પોતાના હવાલામાં સોંપેલી બહોળી વસતિને માટે લાગણી ધરાવનાર અને તેમના કલ્યાણ માટે હિંમતથી કામ લેનાર, રાજ્ય પુરૂષના રાજ્યવહીવટ ઉપર ઉપકારની દૃષ્ટિથી જુએ છે.

લૉર્ડ કૉર્નવૉલિસ-અને બંગાળાનો જમીનદારી બંદોબસ્ત ૧૭૮૫-૧૭૯૩.

પિટનું ઇન્ડિયા બિલ ૧૭૮૪ ના ઑગસ્ટની તેરમી તારીખે પસાર થયું. તેને લીધે કમ્પનીનો કારભાર તાજની દેખરેખ નીચે મૂકાયો, અને તેથી કેટલાક સુધારા કરવાની ફરજ પડી. કમ્પનીના કાર્યાધ્યક્ષોને પણ કાંઇ

વ્યવસ્થા કરવાની જરૂર જણાઇ. તેમણે વૉરન હેસ્ટિંગ્સના ઉત્તરાધિકારી તરીકે ઊંચી શીલસંપત્તિવાળા અને વિપુલ દયાવૃત્તિવાળા એક ઉમરાવને પસંદ કર્યો; અને સને ૧૭૮૬ ના એપ્રિલની ૧૨ મી તારીખે તે ઉમરાવ ઉપર એક પત્ર લખી તેને કેમ વર્ત્તવું તે બાબત ખુલાસેથી સૂચનાઓ આપી.

આ પત્રમાં તેમણે અત્યાર સુધી ચાલતી વારંવાર ફરતી મહેસુલી રાજ્યનીતિ તરફ પોતાની નાપસંદગી જાહેર કરી અને કાળજીપૂર્વક દેખરેખ નીચે ગમે તે એક રીત પકડવાની પોતાની ઇચ્છા દર્શાવી. જમીન ઉપરનો કર હરહમેશ વધાર્યા કરવાની અને જૂના જમીનદારોને કહાડીને તેમને બદલે ધનવાન વેપારીઓ, શાહુકારો અને અમીનોના, જેવા ખેડુતોના કલ્યાણમાં જેમને હમેશનો સ્વાર્થ ન હોય તેવા સાહસિક માણસોના, હાથમાં જમીન સોંપવાની રીત વિરુદ્ધ પોતાનો અભિપ્રાય બતાવ્યો અને મહેસુલના ભરણામાં ચૂક ન થાય તેને સારૂ વાજબી ધોરણે 'કાયમને માટે અચળ જમાબન્દી' ની પધ્ધતિ પસંદ કરી; અને જમાન તરીકે જમીનદારના પરંપરાના હક જેવું ફળદાયક બીજું કાંઇજ નથી એવો અભિપ્રાય બતાવ્યો. તેમણે સૂચના કરી કે જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં જમીનદારો સાથેજ બંદોબસ્ત કરવો, અને લખ્યું કે સખ્તાઇ અને ત્રાસદાયક રીતે અધુરી વસુલ કરી શકાય તેવી ચઢાવી દીધેલી જમાબન્દી કરતાં વખતસર નિયમિત રીતે આવી જાય તેવી માફકસર જમાબન્દીમાં આપણા સ્વાર્થ અને લોકનું કલ્યાણ તથા જમીનદારોની નિર્ભયતા વધારે સારી રીતે સચવાય છે." અને પરિણામે અચળ બન્દોબસ્ત કરવાની ઇચ્છા બતાવવાની સાથે પ્રયોગ માત્ર દશ વર્ષનો બંદોબસ્ત કરવાની ભલામણ કરી " તે પત્રના આ ટુંક સારથી વાંચનારને સમજાશે કે ફિલિપ ફ્રાન્સિસે દશ વર્ષ ઉપર નીતિમય ભલામણો કરીને જે બીજ વાવ્યું હતું તે આજ ઊગ્યું. દશ વર્ષના કડવા, લોકની અપેક્ષાએ કડવા, અનુભવ પછી હેસ્ટિંગ્સની નિર્દય અને વર્ષોવર્ષ બદલાતી યોજનાઓએ હાર ખાધી અને ફિલિપ ફ્રાન્સિસની દરખાસ્તોનું ડહાપણ વિજય પામ્યું.

આ નવી યોજનાને અમલમાં મૂકવા સારૂ જે પુરુષની પસંદગી થઇ હતી તે સર્વ રીતે આ કાર્યને માટે યોગ્ય હતો. તેને વૉરન હેસ્ટિંગ્સ જેટલું હિંદના કારભારનું જ્ઞાન ન હતું, પણ જેમના ઉપર રાજ્ય કરવાને એને મોકલવામાં આવ્યો હતો તેમના ઉપર તેના મનમાં ઇશ્વરકૃપાથી સાચી દયાવૃત્તિ હતી. ઇન્ડિયાના ઇતિહાસમાં ઘણીવાર બહોળા સ્થાનિક અનુભવવાળા અને સંકુચિત દ્યાચણીવાળા રાજપુરુષો નિષ્ફળ થયા છે અને લોક કલ્યાણમાં બળવાન નિષ્ઠાવાળા રાજપુરૂષો પ્રતેહમંદ થયા છે, અને તેથીજ આજે પણ હિંદના કારભારમાં યુરોપની રાજ્યનીતિકુશળતાનું તત્ત્વ દાખલ કરવાની જરૂર જણાય છે.

હિંદુસ્તાનમાં આવ્યા પછી લૉર્ડ કૉર્નવૉલિસને એમ જણાયું કે દસ વર્ષના બંદોબસ્તને માટે પણ જમીનદારીના રીત રીવાજ હક અને સાંથના દર વગેરેની બાબતમાં પૂરી તપાસ કરવી જરૂરની છે; તેથી તેણે તે તપાસ એકદમ શરૂ કરી. કમિટી ઑફ રેવિન્યુનું નામ બૉર્ડ ઑફ રેવિન્યુ કયારનું પાડવામાં આવ્યું હતું; તેની કામગિરી કાયમ રાખી. યુરોપિયન દીવાની અધિકારીઓને કલેક્ટર × જજ* અને મેજીસ્ટ્રેટના‡ સંયુક્ત અધિકારો આપવામાં આવ્યા તોપણ ફોજદારી કામોનો અધિકાર હજી બંગાળાના નવાબના પ્રતિનિધિના હાથમાંજ રહ્યો હતો અને યુરોપીયન મેજીસ્ટ્રેટો પણ ગંભીર ગુન્હાઓ, ઇન્સાફ થવા સારૂ તે તરફ મોકલતા.

૧૭૯૦ માં રાજ્યવ્યવસ્થામાં મોટો ફેરફાર થયો. ગવર્નર જનરલ અને સભાધ્યક્ષે તમામ ઇલાકાઓમાં ફોજદારી ઇન્સાફની દેખરેખ પોતાના હાથમાં લીધી. સદર ફોજદારી અદાલત મુર્શીદાબાદથી કલકત્તે આવી. બે ઊંચા દરજ્જાના ન્યાયાધીશોને મેજીસ્ટ્રેટની સત્તા ઉપરાંતના ગુન્હાઓની તપાસ કરવાનો અધિકાર આપ્યો. દીવાની અને ફોજદારી ધારાની ફરીથી વ્યવસ્થા કરી અને ઇંગ્રેજી અને દેશી ભાષાઓમાં તેના તરજુમા છપાવીને બહાર પાડ્યા.

× દેશાધ્યક્ષ * વ્યવહાર ન્યાયાધીશ અને ‡ સાહસ ન્યાયાધીશ.

૧૭૯૩ માં દીવાની અને ફોજદારી ઇન્સાફની રીતિમાં બીજા સુધારા થયા. ન્યાય અને કાર્યભાર ખાતાં જુદાં પાડયાં. મહેસુલસભા અને દેશાધ્યક્ષો પાસેથી મહેસુલની બાબતનો ન્યાયાધિકાર લઇ લીધો. દેશાધ્યક્ષો પાસેથી સાહસ શાસનની (ફોજદારી) સત્તા પણ લઇ લેવામાં આવી; અને દેશાધ્યક્ષ (કલેક્ટર) કરતાં વધારે દરજ્જાના અમલદારને વ્યવહાર ન્યાયાધ્યક્ષ અને દરેક વિભાગમાં સાહસાધિકારી તરીકે નીમ્યો. અને આજ અમલદારને પોતાના વિભાગની પોલિસની દેખરેખ પણ સોંપવામાં આવી. કલકત્તા, પટના, ઢાકા અને મુર્શીદાબાદમાં એમ ચાર ઠેકાણે ઉપરી ન્યાય સભાઓ પણ સ્થાપી.

મ્હૈસૂરના ટીપુ સુલતાન સાથે શરૂ થયલા યુદ્ધમાં લૉર્ડ કૉર્નવૉલીસને જાતે ભાગ લેવાની જરૂર પડી. તેણે મ્હૈસૂરની રાજધાની સર કરી. સને ૧૭૯૨ માં પોતાના લખાવ્યા પ્રમાણે ટિપુને સંધિપત્ર લખી આપવા ફરજ પાડી. આથી બ્રિટિશને પશ્ચિમના કાલીકટ અને કુર્ગ એ પ્રાંતો અને પૂર્વમાં બડામહાલ નામનો પ્રાંત મળ્યો. આ બડામહાલમાં મહેસુલનો બંદોબસ્ત કરવામાં ટૉમસ મન્રો ૧૭૯૨ થી ૧૭૯૪ સુધી રોકાયા હતા, અને આ વખતે મેળવેલા અનુભવથી તેઓ મદ્રાસના સહુથી વધારે પ્રસિદ્ધ મહેસુલી અમલદાર થયા.

બંગાળામાં શરૂ થયેલી મહેસુલી તપાસ હવે પુરી થવા આવી હતી. ૧૭૮૯ ના જુનની ૧૮ મી તારીખની મિ. શોરની અચળ જમાબન્દી બાબતની નોંધથી તેવી મહેસુલની રાજ્યનીતિનો પાયો નંખાયો. આ નોંધનો સાર પણ અહીં આપવો શક્ય નથી. મૂળમાં, હકીકત અને આંકડાસાથે પાંચમા રિપોર્ટનાં બીત્તેર પાનાં એ નોંધમાં રોકાયાં છે, પણ મિ. શોરની તપાસમાં નીકળેલી કેટલીક હકીકતને અત્રે સ્થાન આપવાની જરૂર છે.

" જો ટોડરમલની મહેસુલ માપ્રકસર હતી એમ આપણે પ્રથમ દરજ્જે માની લઇએ તો ઉપર બતાવેલો વધારો સુધારવિનાનો નહિ લાગે. ટોડરમલ અને જાફરખાનની વચ્ચેના વખતમાં દેશમાં આબાદી ઘણી વધી હતી, કાર-

ગુજે વાણિજ્યનાં નવાં દ્વાર ઉઘડ્યાં હતાં, અને સામાન્ય રીતે વેપારનો વિસ્તાર ઘણો વધ્યો હતો; અને સોનું રૂપું, જે અકબરના વખતમાં આ દેશમાં પ્રમાણમાં જૂજ હતું તે નવી નહેરો દ્વારા દેશમાં રેડાયું હતું. એટલું જ નહિ, પણ જે નીતિથી ઉઘરાણીની હદ મુકરર કરી ઉદ્યોગ અને સારી વ્યવસ્થાનો લાભ રૈયતના હાથમાંજ રહેવા દેવામાં આવ્યો, તે નીતિનું ડહાપણ આપણે સ્વીકારીએ છીએ, એને આપણે માન આપીયે છીએ, અને તેનાં વખાણ કરીએ છીએ. "+

પછી મિ. શોર, સુજાખાન, અલિવર્દિખાન, અને મીરકાસમે કરેલા વધારાની હકીકત લખે છે. નીચેના કોઠામાં એ આંકડા જણાઇ આવશે.

૧	ટોડરમલનો બંદોબસ્ત–સને	૧૫૮૨	રૂ.	૧૦૬૯૩૧૫૨.
૨	સુલતાન સુજાખાનનો	,, ૧૬૫૮	,,	૧૩૧૧૫૯૦૭.
૩	જાફરખાનનો	,, ૧૭૨૨	,,	૧૪૨૮૮૧૮૬.
૪	સુજાખાનનો	,, ૧૭૨૮		૧૪૨૪૫૫૬૧.

ઉપરથી જણાશે કે મુસલમાનના રાજ્યને અન્તે આ મહેસુલમાં કંઇ ઝાઝો ફેર જણાતો નથી, પરંતુ ૧૭૨૨ અને ૧૭૬૩ ની વચ્ચે કેટલોક પરચુરણ વધારો થયો હતો.

બ્રિટિશ રાજ્યની શરૂઆતમાં જે ઉપજ નક્કી કરવામાં આવી હતી તે વાત ઉપર આવતાં મિ. શોર ૧૭૬૨ થી ૧૭૬૫ ના આંકડા આ પ્રમાણે આપે છે.

" પહેલું વર્ષ કાસમઅલીનું, બીજું અને ત્રીજું મીરજાફરની દેખરેખ નીચે નન્દકુમારનું અને ચોથું–દીવાનીનું. પહેલું–મહમદ રેઝાખાનનું. તેના આંકડા આ પ્રમાણે.

+ પાંચમો રિપોર્ટ. ૧૮૧૨ પાનું ૧૬૯, ૨૩૮.

+ પાન ૧૪.

૧૭૬૨-૬૩	૩. ૬૪૫૬૧૬૮
૧૭૬૩-૬૪	૭૬૧૮૪૦૭
૧૭૬૪-૬૫	૮૧૭૫૫૩૩
૧૭૬૫-૬૬	૧૪૭૦૪૮૭૫

બ્રિટિશ રાજ્યસત્તા દરમિયાન આર્થિક અપવાહ એ ખાસ લક્ષણ હતું, તેના સંબંધમાં મિ. શોર લખે છે કે:—

"કમ્પની વેપારી છે તેમજ દેશની રાજા છે. પ્રહેલા દરજ્જાની રૂએ તેઓએ દેશનો વેપાર કબજે કર્યો છે, અને બીજા દરજ્જાને આધારે તેઓ દેશની ઉપજ ખાય છે. દેશમાંથી માલ ખરીદી–તે દ્વારા નાણાં યુરોપ મોકલવામાં આવે છે.

"માલની માગણી વધારે થતાં રાજ્યની રૈયતને ઉદ્યોગનો વધારો થયો તે બાબત આપણે ગમે તેટલી છૂટ મૂકીએ તો પણ તેથી જે લાભ થાય છે તે દૂરના પરરાજ્યની રીતનાં આવશ્યક નુકસાનોની સામે કંઈજ નથી એવા અનુમાન ઉપર આવવું પડે છે."

બર્નીઅરના વખતથી તે આપણને દીવાની મળી ત્યાં સુધીની જે જે હકીકતો મળે છે તે ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે હિંદુસ્તાનના ઉત્તરના મુલકો સાથે, મોરોના અખાત સાથે, ઇરાનના અખાત જોડે અને મલબાર કીનારા સાથે બંગાળાનો ઘણો વેપાર હતો. પરદેશી યુરોપીયન કમ્પનીઓ–આ દ્વારા માલ અને સોનારૂપાનું વળતર કરતી, અને પૂર્વ તરફ અરીણ જતું તેનું પણ વળતર સોનેરૂપે આવતું.

"પણ ૧૭૬૫ પછી એથી ઉલટીજ સ્થિતિ થઇ પડી છે. કમ્પનીના વેપારનો સરખો બદલો મળતો નથી; સોનું રૂપું પરદેશી કમ્પનીઓ મંગાવતી નથી, તેમ હિંદુસ્તાનના બીજા ભાગોમાંથી પણ મોટા જથામાં બંગાળામાં આવતું નથી.

બધું જોતાં આ પ્રમાણે અભિપ્રાય આપવામાં મને કંઇજ આનાકાની નથી કેઃ-કમ્પનીના હાથમાં દીવાની આવી ત્યારથી તે આજ સુધીમાં દેશની સોના રૂપાની ચાલતી સમૃદ્ધિ ઘણી ઓછી થઇ ગઇ છે; પૂર્વે જે માર્ગોથી તેમાં પુરણી થતી તે હવે બંધ થઇ ગયા છે. અને ચીન, મદ્રાસ અને મુંબઇમાં નાણું મોકલવાની જરૂર હોવાથી તેમજ યુરોપિયન લોકો પણ નાણું ઈંગ્લંડ મોકલાવી દે છે, તે બધાની સામટી અસરથી દેશનું રૂપું થોડા વખતમાં ખલાસ થઇ જશે."*

ઉપરથી જણાશે કે મિ. શોર રૂપાનો જથ્થો નિઃશેષ થયાની વાત કરે છે. એડમસ્મિથના વખત પહેલાં-સોનારૂપાથી દેશની સમૃદ્ધિનું માપ થતું હતું, પણ ખરી નિઃશેષતા જે તે આટલી બધી જોરદાર ભાષામાં વર્ણવે છે તે જુદી રીતની મિલકતની, લોકના ખોરાકની નિઃશેષતા હતી.

બંગાળામાં મહેસુલના બંદોબસ્તની જે ત્રણ રીતો સંભવતી હતી તે ઉપર ચર્ચા કરતાં મિ. શોરે દર્શાવ્યું હતું કે (૧) રૈયત સાથે પરબારો બંદોબસ્ત કરવો, (૨) ઇજારદાર સાથે કરવો અને (૩) જમીનદારો સાથે બંદોબસ્ત કરવો; એ ત્રણેમાં છેલ્લી રીત દેશના હિતની ખાતર અને રાજ્યના ભલાની ખાતર પસંદ કરવા લાયક છે. લખે છે કેઃ-

જમીનની માલિકી જમીનદારોની આપણે કબુલ કરી છે. પણ જ્યાં સુધી એ માલિકી હકની કિંમત થાય તેવાં પગલાં લઇએ નહિ ત્યાં સુધી એ હક કબૂલ કર્યાથી દેશમાં સુધારો થઇ જશે નહિ. આપણા જેવા પરદેશી રાજ્યના હક સ્વદેશી રાજાઓની માગણી કરતાં વધારે માફકસરજ હોવા જોઇએ; અને આપણા હકોની કિંમત પણ નિશ્ચલ કરવા માટે આપણે આપણી માંગણીઓ પણ નિશ્ચલ કરી નાંખવી જોઇએ. આપણા પોતાના રાજ્યના કેંદ્રથી આપણે અર્ધા ભૂગોલ જેટલા દૂર બેઠા છીએ; એ સ્થિતિમાં હિંદના રાજ્યવહીવટ

* પેરા ૧૩૧-૧૩૨-૧૩૫-૧૩૬-૧૪૦.

ઉપર બને તેટલો વ્યાવહારિક અંકુશ હિન્દુસ્તાનમાંજ જોઇએ; અને એટલું સિદ્ધ કરવું જોઇએ કે અગત્યની સત્તા આપવામાં સંકોચ ન રહે, અને વસતીની મિલકત નિરંકુશ સ્વતંત્રતા અને મિજાજના પવનોથી નિર્ભય રહે.

રાજ્યનો હક ઉપજના દશમાંથી નવ ભાગ જેટલો ઠરાવ્યો હતો, તે એવી આશાથી કે જમીનદારો પોતાની જાગીરો સુધારી દસમા ભાગની કિંમતમાં ધીમે ધીમે વધારો કરી શકશે. બંગાળાના જમીનદારોના હક મિ. શોર નીચે પ્રમાણે સમજ્યા હતા.

" જમીનદારો જમીનના માલિક છે. તેની માલિકી તેમના ધર્મના ધારા મુજબ વંશપરંપરા ઉતરે છે, અને રાજ્યસત્તાનો પણ ઇન્સાફની રૂઇએ કાયદેસર વારસ હોય ત્યાં સુધી તે માલિકી પડાવી લેવાનો અથવા તેમાં કાંઇ ફેરફાર કરવાનો અધિકાર નથી. આ મૂળ હકના અંગમાંજ જમીન વેચવાનો અને ઘરેણે મુકવાનો હક સમાયલો છે, અને આપણને દીવાની મળી તે પહેલાંથી તે હોક તેનો ઉપભોગ કરતા આવ્યા છે.

અત્યાર સુધી જે નિરંકુશ રાજ્ય પદ્ધતિ ચાલતી હતી તે દરમિઆન જમીનદારોના આ હકોનો પ્રત્યક્ષ ભંગ કર્યા વિના અનેક વિપર્યાસો કરી નાખ્યા હોત, પણ સામાન્ય રીતે બોલતાં તે સમયમાં પણ આ હકોના ઉપભોગનો વહીવટ છે. અકબરના રાજ્યમાં જમીનદારો આબાદ અને સમૃદ્ધિવાળા હતા, અને જ્યારે તેના અને તેના વારસોના હાથ નીચે જાફરખાનને બંગાળાના અધિકારી નીમ્યા તે વખતે પણ તેઓ (જમીનદારો) વિદ્યમાન હતા. તે પછી એમની સરહદો તેમણે ઘણી વધારી દીધી છે અને જ્યારે ઇંગ્રેજ આવ્યા ત્યારે તો મુખ્ય જમીનદારો લક્ષ્મી અને આબરૂનો સારો દેખાવ આપતા હતા.

બંગાળાના દરેક જીલ્લામાં જ્યાં નિરંકુશતાએ નિયમ માત્રનો ભંગ નથી કર્યો ત્યાં જમીનની સાથ મામુલી રીત પ્રમાણે લેવાય છે અને કેટલાંક

પરગણાંઓમાં ગામે ગામ જુદી જુદી રીત છે. આ મામુલી દર વીઘાને હીસાબે ઉપજના પ્રમાણમાં મુકરર થયલો છે. કેટલીક જમીનમાં વર્ષે દિવસે બે મોલ થાય છે. કેટલીકમાં ત્રણ થાય છે અને શેતુર પાન, તમાકુ, શેલડી વિગેરે કિંમતી મોલ આપનારી જમીનની કિંમત પ્રમાણમાં વધારે છે.

જેઓ પોતાના જ ગામની જમીન ખેડે છે તેમને સાધારણ રીતે વગર મુદતના પટા કરી આપવામાં આવે છે, અને વર્ષો વર્ષ સાંથ આપવાની સરતે તમને જમીન આપવામાં આવી છે, એવો ચોખ્ખો લેખ હોય છે. આમાંથી કબજાનો હક ઉત્પન્ન થાય છે.

જેઓ બહારગામથી આવીને જમીન ખેડે છે, તેમને વધારે ચોકસ પદ્ધતિથી પટા કરી આપવામાં આવે છે. એટલે તેમના પટામાં મુદત ઠરાવેલી હોય છે, જો તેમને પ્રતિકૂલતા જણાય તો તેઓ બીજે ગામ જાય છે.

મિ. શોર પોતાની નોંધના છેવટના ભાગમાં નીચે પ્રમાણે સાર આપે છે.

"હવે પછીના મહેસુલના બંદોબસ્તની મારી દરખાસ્તોનાં બે મુખ્ય ધોરણો છે.

સરકારને ઉપજની અને લોકને રક્ષણ અને મિલકતની કાયમની સલામતી.

પહેલી વાત જમીનદારો સાથે અચળ જમાબંદી કર્યાથી સારી રીતે સિદ્ધ થશે, અને જમીન જે તેમની મિલકત છે, તે સરકાર માટે જમીનગિરીમાં રહેશે.

બીજી, કરવિધિના નિશ્ચિત ધોરણો પ્રમાણે વહીવટ કર્યાથી સિદ્ધ થશે. દરેક જણને જે કર આપવાનો હોય તે નિશ્ચિત હોવો જોઇએ. અનિયત નહીં; તેમજ કર ભરવાનો વખત, કર ભરવાની રીત, કરની રકમ એ તમામ બાબતો સર્વને અસર પડે તેવી રીતે સ્પષ્ટ અને પ્રસિદ્ધ હોવી જોઇએ.

તે પછી હાલ દસ વર્ષ માટે પણ પાછળથી નિશ્ચયપૂર્વક અચળ કરવાના ઇરાદાથી જમાબંદીનો બંદોબસ્ત કરવો જોઇએ."

આ તો મિ. શોરની નોંધની રેખા માત્ર છે. ફ્રિલિપ ફ્રાન્સિસે જેની પ્રથમ હિમાયત કરી હતી તે ' કાયમની જમાબંદી ' ને એણે ટેકો આપ્યો છે. આ પછીની એક નોંધમાં મિ. શોરે દશ વર્ષની જમાબંદી કરવાની સાથે પછીથી તેને અચળ કરવાનો ઇરાદો છે, એમ પ્રસિદ્ધ કરવાની જે દરખાસ્ત કરી હતી; તે પ્રમાણે તેનો ઇરાદો પ્રસિદ્ધ કરવાની વિરુદ્ધ મત નોંધ્યો હતો. આ વાત ન પ્રસિદ્ધ કરવાથી સરકારની નીતિ શી છે, એ સંબંધમાં લોકને ભ્રાન્તિ થશે એવા હેતુથી લૉર્ડ કૉર્નવૉલિસે આ પાછળની નોંધની સામે વાંધો ઉઠાવ્યો; તે બાબતનો પોતાનો અભિપ્રાય દર્શાવતાં તે નીચે પ્રમાણે લખે છેઃ—

" મિ. શોરે ગયા જુનની નોંધમાં જમીનદારોનો માલિકી હક સ્પષ્ટતાથી સાબીત કર્યો છે પણ જો અચળતાની પ્રસિદ્ધિ ન થાય તો મી. શોરની લડતનો જમીનદારોને કાંઇજ લાભ મળશે નહિ. જ્યારે જમીનનો હકદાર માલિક પણ દશ વર્ષનો મુદતબંધી ઇજારદાર જ થવાનો છે, અને તે પછી જો નવેસરથી રકમ નક્કી કરવાનો પ્રસંગ અજ્ઞાનથી અથવા લોભથી તેના ઉપર આવવાનો સંભવ હોય તો જમીનમાં સુધારો કરવાની વાત તો હું નથીજ કહેતો—પણ જમીનને નુકસાન થતું અટકશે એટલી પણ આશા રાખવાનું હું કારણ જોતો નથી. એમ કહી શકાય કે અત્યારે કમ્પનીની હદનો ત્રીજો ભાગ જંગલી પ્રાણીઓથી ભરેલું જંગલ છે. દશ વર્ષના પટાથી કોઇપણ જમીનદારને આ જંગલ ચોખ્ખું કરી ખેડવાણ કરવાનું અને રૈયતને વાસ કરવા ઉત્તેજન આપવાનું મન થશે ? જ્યારે એ જાણતો હોય કે દશ વર્ષની આખરે તેવી ખેડવાણ થયેલી જમીન ઉપરનો દર સરકારની મરજી મુજબ વધવાનો સંભવ છે, અથવા ખરચ કરીને જે સુધારો કર્યો હોય+ તેનું ખરચ પુરતું પાછું મેળવ્યા પહેલાં એવી રીતે સુધારેલી જમીન છોડવી પડશે; તો પછી જાડ જમીનને કોણ સુધારશે ?

+લૉર્ડ કૉર્નવૉલિસની મિનિટ. તા. ૧૮ મી સપ્ટેંબર સન ૧૭૮૯.

મને એમ નિઃસંશય લાગે છે કે જો આ ઇલાકાઓ દશ વર્ષને પટે આપવામાં આવશે તો તે મુદત આખર દેશ દરિદ્ર અને પાયમાલ થઇ જશે. ×

આ પછીની એક નોંધમાં ફરીથી લોર્ડ કૉર્નવૉલિસ પોતાના રાજ્યનીતિનિપુણ અભિપ્રાયો આ પ્રમાણે દર્શાવે છે.

" જો આપણે કાયદા ઘડીને જમીનદારોને પોતાનો ઉદ્યોગ અને નીતિનું ફળ આપીએ, અને તેની સાથેજ 'આલસ્ય અને ઉડાઉપણાનું' ફળ પણ અનુભવવાનો પ્રસંગ આપીએ' તો થોડા વખતમાં કાંતો તેમણે પોતાનું કામ કરતાં શીખવું પડશે, અથવા જમીનને જેઓ ખેડી સુધારી શકે, તેવાઓને નામે જમીન ચડાવી આપવાની તેમને ફરજ પડશે. જમીનદારોને નીતિવાન અને સામાજીક હિતના ડાહ્યા નિક્ષેપી બનાવવાનો આપણે માટે અથવા કોઇપણ સરકારને માટે આજ એક અસરકારક × માર્ગ છે.

"માહીતી એકઠી કરતાં વીશ વર્ષ લાગ્યાં છે. સને ૧૭૬૯ માં આપણે તજવીજદારો નીમ્યા; ૧૭૭૦ માં પ્રાન્તિક મહેસુલ સભાઓ સ્થાપી; ૧૭૭૨ માં મુખ્ય સભાની તમામ સત્તા આપીને એક ફરીથી કમિટી નીમી; સને ૧૭૭૬ માં આખા દેશના સાંથનાં પત્રકો કરવાને અમીનો નીમ્યા; સને ૧૭૮૧ માં મહેસુલની પ્રાન્તિક સભાઓ કહાડી નાંખી અને જીલ્લે જીલ્લે દેશાધ્યક્ષો (Collector) મોકલ્યા, અને સરકારની પ્રત્યક્ષ નજર નીચે કલકત્તામાં એક મહેસુલ સભા નીમી તેને તમામ મહેસુલ વહીવટ સોંપ્યો. આપણા પૂર્વજોની પેઠે આપણે પણ માહીતી મેળવવાથી શરૂઆત કરી અને તે એકઠી કરતાં ત્રણ વર્ષ લાગ્યાં: અને બધા દેશાધ્યક્ષોએ દરેક અગત્યની બાબત ઉપર થોકડાબંધ રિપોર્ટો મોકલ્યા છે:-- " × × × ×

ઉપરનાં કારણોથી અને ખાનગી ધનને પરદેશ મોકલી દીધાથી થયેલા ભારે અપવાહનાં પરિણામો ઘણા વર્ષથી જણાવા માંડ્યાં છે. સોનું રૂપું ઘટી

× લૉર્ડ કૉર્નવૉલિસની મિનિટ. ૧૭૯૦

ગયું છે અને તેથી દેશની ખેતીમાં અને વેપારમાં સુસ્તી આવી ગઇ છે. × × × ×

આ દેશને ફરીથી આબાદ કરવા સારૂ અને તેને જગતૂના આ ભાગમાં બ્રિટિશ સ્વાર્થ અને સત્તાના સંગીન આધાર રૂપ બનાવવા માટે આપણી રાજ્યવ્યવસ્થાનાં ધોરણોમાં વાસ્તવિક ફેરફાર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. × × × ×

ત્યારે આપણે માથે સાર્વજનિક સ્વાર્થને જેથી બેશક નુકશાન થાય છે તેવાં વર્તમાન દૂષણોના ઉપાય કરવાનું કામ આવી પડ્યું છે; અને નિયત જમાબન્દીથી અચળ પટા આપવાથી આપણી રૈયતને હિંદુસ્તાનમાં સુખીમાં સુખી રૈયત બનાવી શકીશું.

૧૭૯૧ ના નવેમ્બરમાં દસ વર્ષના બંદોબસ્તને માટે એક ફાયદો બહાર પાડ્યો; અને ૧૭૯૩ માં બંગાળાના દરેક જીલ્લામાં બંદોબસ્ત થઇ ગયો. બંગાળા, બિહાર, અને ઓરિસામાંથી ૨,૬૮,૦૦,૯૮૯ બે કરોડ અડસઠલાખ નવસેં નેવાશી રૂપિયા ઉપજ્યા. આ રકમ તે સૈકાની શરૂઆતમાં જાફરખાન અને સુજાખાનને ઉપજેલી રકમ કરતાં લગભગ બમણી હતી. અને કમ્પનીની દીવાનીના પહેલા વર્ષમાં (૧૭૬૫-૬૬) માં બ્રિટિશ દેખરેખ નીચે મહમદ રેઝાખાને ઉપજાવેલી રકમના કરતાં પણ બમણી હતી. એટલે આ આંકણી જેટલી સખ્ત થઇ શકે તેટલી સખ્ત હતી, અને એ છેવટની અને અચળ છે એવું જાહેર કર્યાથી આટલી બધી ચઢાવી દેવાનું શક્ય બન્યું હતું.

૧૭૯૨ ના સપ્ટેમ્બરમાં કમ્પનીના રાજ્યકર્તાધ્યક્ષોએ આ પરાક્રમનાં વખાણ કર્યાં અને અચળ પટા કરી આપવાની મંજુરી આપી. ૧૭૯૩ ના માર્ચમાં લૉર્ડ કૉર્નવોલિસે થયલી અથવા થતી જમાબન્દી અચળ છે, એવું જાહેરનામું કહાડ્યું. તે જાહેરનામાની પહેલી ત્રણ કલમો આ પ્રમાણે છે.

" ૧. ૧૭૮૯ ના સપ્ટેમ્બરની ૧૮ મીએ બંગાળાને માટે, ૧૭૮૯ ના નવેમ્બરની ૨૫ મીએ બિહારને માટે, ૧૭૯૦ ના ફેબ્રુઆરીની ૧૦ મીએ ઓરિસાને માટે દસ વર્ષના પટાના જે ફાયદા કર્યા હતા, તેમાં, દસ વર્ષ માટે મુકરર કરેલી જમાબન્દીના પટા ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના નામદાર રાજ્યકાર્યાધ્યક્ષોની મંજુરીની સરતે હમેશને માટે કાયમ કરવામાં આવશે, એવું જાહેર કરવામાં આવ્યું હતું.

" ૨. હવે તમામ જમીનદારો, સ્વતંત્ર તાલુકદારો અને બીજા જમીનના વાસ્તવિક માલિકોને આ ઉપરથી માર્કેવસ કોર્નવોલિસ તેગાર્ઢરના સર્વોત્કૃષ્ટ વર્ગના નાઇટ, અને હિંદુસ્તાનના ગવર્નર જનરલ આ ઉપરથી જાહેર કરે છે કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના નામદાર રાજ્યકાર્યાધ્યક્ષોએ ઉપરના કાયદા મુજબ નિયત કરેલી અથવા નિયત થતી જમા ' અચળ ' કરવા અમોને મંજુરી આપી છે.

" ૩. તે મુજબ રાજ્યસભા સહ વિરાજમાન ગવર્નર જનરલ તમામ જમીનદારો, સ્વતંત્ર તાલુકદારો અને બીજા જમીનના વાસ્તવિક માલિકોને આ ઉપરથી જાહેર કરે છે કે તેઓ સાથે અથવા તેમની વતી બીજાઓ સાથે ઉપરના કાયદાની રૂએ જમાબન્દીનો જે બંદોબસ્ત થયો છે, તેમાં, ઉપરની મુદત વીતી ગયા બાદ, જે જમા આપવા માટે તેઓ બંધાયા છે, તેમાં કાંઇપણ ફેરફાર કરવામાં આવશે નહિ પણ તેઓને તેમના વારસોને અને કાયદેસર હકદારોને તે જાગીરો તે જમાથી ' યાવચ્ચંદ્ર દિવાકરૌ ' ધારણ કરવા દેવામાં આવશે.— "

તે મુજબ ૧૭૯૩ નો ૧ લો, તે અચળ જમાબન્દીનો કાયદો પસાર થયો. હિંદુસ્તાનમાં દોઢસો વર્ષના અમલની દરમિયાન લોકનું આર્થિક કલ્યાણ સુસિદ્ધ કરનાર આ એક મોટું કૃત્ય છે. તે કૃત્ય અનિયત અને વર્ધમાન રાજ હકથી લોકના ઉદ્યોગનો પક્ષઘાત ન કરતાં તેમના ઉદ્યોગનો નફો તેમનેજ રહેવા દેવાની સુધરેલી પ્રજાઓની અર્વાચીન આર્થિકનીતિને અનુસરતું

છે. છેલ્લાં સો વર્ષમાં બંગાળામાં ખેતીનો બહોળો વિસ્તાર થયો છે. અને ૧૭૯૩ માં ઉપજ એટલી વધી છે કે મહેસુલની રકમ જે ચોખ્ખી ઉપજના નેવું ટકા જેટલી હતી તે અત્યારે ચોખ્ખી ઉપજના અઠ્ઠાવીસ ટકાના પ્રમાણમાં આવી છે; અને ૬½ ટકા જેટલા નવા કરો, રસ્તા અને જાહેર બાંધકામોને માટે નાંખવામાં આવ્યા છે.

સને ૧૭૯૩ પછી જીંદગીની ગંભીર ખુવારી થઇ હોય તેવો એક પણ દુકાળ અચળ જમાબન્દી વાળા બંગાળામાં પડયો નથી. હિંદુસ્તાનના બીજા ભાગોમાં જ્યાં મહેસુલ અનિયત અને અતિશય છે ત્યાં જમીન સુધારવાનો કે નાણું બચાવવાનો લોભ રહેતો નથી; અને દુકાળ પડે છે ત્યારે લાખો માણસો મરણ પામે છે. જે રૈયતનાં આબાદી અને સુખ રાજ્યના વિજય અને ડહાપણની કસોટી હોય તો લૉર્ડ કૉર્નવૉલિસનો ૧૭૯૩ નો **અચળ જમાબંદીનો** પ્રબંધ–એ બ્રિટિશ પ્રજાનું હિંદના સંબંધમાં ડાહ્યામાં ડાહ્યું અને સૌથી વધારે ફતેહમંદ કૃત્ય છે.

બંગાળાની અચળ જમાબંદી થયા પછી પાંચ વર્ષે ઈંગ્લંડમાં પણ અચળ જમાબંદી દાખલ થઇ. પણ ત્યાં તો તેથી માત્ર ઉમરાવોનેજ ફાયદો થયો છે. અહીંયાં અચળ જમાબંધીના પ્રબંધથી ખેતીવાડી ઉપર નિર્વાહ કરતી તમામ રૈયતને સુખ થયું છે. ખેતી કરનાર વર્ગને એનો સંપૂર્ણ લાભ મળે છે અને તેથી કરીને તેઓ આબાદ અને સાધનસંપન્ન થયા છે. ઈંગ્લંડમાં ઉમરાવ વર્ગ ઉપર બોજો વધતો અટકયો છે, પણ હિંદુસ્તાનમાં તો એક આખી પ્રજાને દુષ્ટ અને વિનાશકારક દુષ્કાળોની પીડામાંથી બચાવી છે.

પ્રકરણ ૩ જું.

મદ્રાસ.

૧. મદ્રાસમાં મહેસુલના ઈજારા. (૧૭૬૩-૧૭૮૫).

પાછલા પ્રકરણમાં સને ૧૭૫૭-૧૭૬૩ સુધીનું બંગાળાના આર્થિક ઇતિહાસનું નિરૂપણ થયું. હવે આપણે મદ્રાસ તરફ વળીએ. તે પ્રદેશમાં બ્રિટિશ અને ફ્રેંચ લોકો વચ્ચે યુદ્ધ ચાલતાં હતાં પણ તે ૧૭૬૩ ના પારિસના સંધિથી બંધ પડ્યાં.

દક્ષિણ હિંદુસ્તાનની માલિકી માટે આ બે રાજ્યસત્તાઓ વચ્ચે બહુ કટ્ટો વિગ્રહ ચાલ્યો હતો. પ્રથમ તો હિંદમાં ફ્રાન્સનું સામ્રાજ્ય સ્થાપવાની શરૂઆત કરનાર દુપ્લે અને રૉબર્ટ ક્લાઇવ વચ્ચેના પ્રસંગમાં ક્લાઇવે દુપ્લેની અપૂર્ણ ઇમારત તોડી પાડી. તે પછી પૂર્વના દેશોમાં ફ્રાન્સની સત્તાના અસ્તિત્વ માટે બુદ્ધિમાન્ બુસી અને ઉગ્ર સ્વભાવના લાલી એ બે સરદારોએ સ્વદેશ વત્સલતા ભર્યા આત્મરક્ષણના યત્નો કર્યા; તેમાં આયર કૂટે એમને હરાવ્યા. પારિસના સંધિમાં ઈંગ્લંડના વિજયનો અંગીકાર થયો તે પછીથી હિંદુસ્તાનમાં ફ્રાન્સે ઈંગ્લંડની હરીફાઇ કરવી બંધ પાડી.

આ લડાઇઓના વારંવાર કથાયેલા ઇતિહાસને બાજુ ઉપર રાખીને લોકની આર્થિક સ્થિતિના નિરૂપણ ઉપર આવીએ. કારણકે હિંદુસ્તાનનો ઇતિહાસ એ હિંદુસ્તાનમાં ફ્રાન્સ અને ઈંગ્લંડ વચ્ચેનાં યુધ્ધોનો ઇતિહાસ નથી પણ હિંદુસ્તાનના લોકોના આર્થિક અને સામાજિક સ્થિતિનો, તેમનાં વેપાર ઉદ્યોગ અને ખેતીનો ઇતિહાસ છે. અને આ ખરા ઇતિહાસ ઉપર બહુજ જૂજ લક્ષ અપાયલું છે, તેથીજ આ ગ્રંથમાં એકલા તેજ વિષયનું નિરૂપણ કર્યું છે.

૧૭૬૩ માં પારિસનો સંધિ થયો. પોંડીશેરીનું સંસ્થાન અને બીજી કેટલીક જગાઓ ફ્રેંચને પાછી સોંપવામાં આવી. પણ ઇંગ્રેજો દક્ષિણ હિંદમાં સર્વોપરી રહ્યા. ઇંગ્રેજનો બનાવેલો મહમદઅલી કર્ણાટકનો નવાબ થયો; પણ ઇંગ્રેજની સ્વાંગ મિલકત તો મદ્રાસની આસપાસની થોડી જમીન અને બંગાલા તરફનો પૂર્વનો કિનારો, એટલીજ હતી.

કર્ણાટક.

કર્ણાટકના નવાબ મહમદઅલીનું સ્વરૂપ બંગાલાના નવાબ મીરકાસમના કરતાં તદ્દન ઉલટુંજ હતું. મીરકાસમ નિશ્ચયવાળો અને બળવાન્ માણસ હતો. મહમદઅલી નબળો અને મોજશોખી હતો. મીરકાસમ બ્રિટિશ પ્રભાવથી દૂર રહીને રાજ્યવ્યવસ્થાની રચના કરવા સારૂ પોતાની રાજધાની મોંધીર લઇ ગયો; મહમદઅલીએ પોતાની રાજધાની આરકોટ છોડીને બ્રિટિશોના શહેરમાં મદ્રાસમાં મોજશોખની વચ્ચે રહેવાનું પસંદ કર્યું. મીરકાસમ અડગ હતો. કરકસર કરવાવાળો હતો, અને ગાદીએ આવ્યા પછી બે વર્ષની અંદર બ્રિટિશનું તમામ દેવું તેણે પતાવી દીધું; મહમદઅલી કમ્પનીનું દેવું વાળી શક્યો નહિ અને કરજમાં વધારે ને વધારે ધસડાયો. મીરકાસમ બંગાળાનો મુલકી વેપાર પોતાની રૈયતના હાથમાં રાખવા સારૂ બ્રિટિશ સાથે લડયો; મહમદઅલીએ પોતાની જમીન બ્રિટિશ શાહુકારોને કકડે કકડે માંડી આપી અને આખરે પોતાનો તમામ મુલક નાણાં ધીરનારાઓના હાથમાં સોંપી દીધો. મીરકાસમને તેના રાજ્યમાંથી કહાડી મુકવામાં આવ્યો હતો, અને તે પરદેશમાંજ મરણ પામ્યો. મહમદઅલીએ અકીર્તિકર પરતંત્રતામાં, મોજશોખ અને કરજમાં જીવન ગાળ્યું, અને પાકી ઉમરે મરણ પામ્યો. પૂર્વના બ્રિટિશ સામ્રાજ્યમાં બળવાન રાજાને માટે સ્થાન ન હતું; અને નબળા રાજાને જીવવાની, નાણાં વ્યાજે લેવાની, અને રાજ્યની ઉપજમાંથી વ્યાજ ભરવાની છૂટ આપવામાં આવી હતી.

આ નબળા રાજાના અમલ દરમિયાન કમ્પનીને પોતાનો પ્રભાવ અને પોતાની સત્તા વધારવાનું બહુ સુગમ પડ્યું. કમ્પનીને અહીંઆં બંગાળાની પેઠે કર્ણાટકના દીવાનનો અધિકાર લેવાની જરૂર પડી ન હતી. ઉલટું દીવાન અને નિઝામ (મહેસુલી વહીવટદાર અને લશ્કરી સરદાર) એ બન્ને અધિકાર નામમાં તો મહમદઅલીનાજ હાથમાં હતા; અને ખરી સત્તા જ વાસ્તવિક રીતે કમ્પનીના હાથમાં હતી. દેશનું લશ્કરી રક્ષણ કમ્પનીએ હાથમાં લીધું, અને નવાબની ઉપજનો થોડો ભાગ તે સારૂ માંડી લીધો. કમ્પનીની માગણી લડાઈની સાથે વધવા માંડી, અને નવાબે કંપનીની માગણી પૂરી પાડવા સારૂ કમ્પનીના નોકરો પાસે નાણાં વ્યાજે લેવાની વિચિત્ર રીત આદરી.

આના કરતાં વધારે ગંભીર કૃત્ય તો આ નાણાં માટે જે જમાનગિરી આપી તે હતું. પોતાના ખાનગી સંગ્રહમાંથી નાણાં લેવાની અશક્તિ અથવા નામરજીને લીધે તેણે રાજ્યની ઉપજ ખાનગી લેણદારોને માંડી આપી. નવાબના ખેડુતો નવાબના મટી ધીરનારની સત્તામાં ગયા. ખેતરોમાં જે પાક ઉતરે તેના ઉપર બ્રિટિશ શાહુકારોની જાયુની ટાંચ કાયમજ હતી. નવાબના નોકરોએ ઘણીવાર દબાણ અને કોરડાથી ઉઘરાવેલાં નાણાં યુરોપ મોકલાવી દેવા સારૂ કમ્પનીના નોકરોને સોંપી દેવામાં આવ્યાં. આખું કર્ણાટક ટોપરા વિનાનું નાળીએર થઇ રહ્યું. દક્ષિણ હિંદનાં ગામ પાદર એક મોટી બજારદારની જાગીર થઇ રહી. અને ખેડુતો ખેડતા અને મજુરો મજુરી કરતા તે ઉપજ યુરોપ મોકલવા માટે.

આથી દેશને અને સ્વદેશીઓને બમણું નુકસાન થયું. નવાબની ઉઘરાતની પદ્ધતિઓ સખ્ત અને નિર્દય છતાં સ્થિતિસ્થાપક હતી; અને તેની લેતરી વર્ષોવર્ષ ઉત્પન્ન થતા પાકને અનુકૂલ થાય તેવી હતી. પણ જ્યારે બ્રિટિશ દાખલ થયા તે વખતે નવાબની નિર્દયતાની સાથે બ્રિટિશ પદ્ધતિની સખ્તાઇ અને અકડાઇનો યોગ થયો. નવાબના શાહુકારોના હકો સખ્તાઈથી લેવાવા

માંડ્યા, અને તેથી કદી નહીં અનુભવેલું એવું દુઃખ ખેડુતોએ અનુભવ્યું. બીજી તરફથી નવાબ જ્યાં સુધી એ ઉપજ ભોગવતા ત્યાં સુધી તે ઉપજ દેશમાંજ વપરાતી, અને એક અથવા બીજા સ્વરૂપમાં દેશમાંને દેશમાંજ હાથ બદલો કરતી; પણ માંડી આપેલા મુલકની તમામ ઉપજ જ્યારથી બ્રિટિશના હાથમાં જવા લાગી ત્યારથી તે દેશ છોડીને હમેશને માટે ચાલી ગઇ. દેશ ગરીબ થતો ગયો. વેપાર અને ઉદ્યોગ ઉતરી જવા માંડ્યા. હિંદુસ્તાનમાં ઇન્સાફના વહીવટની તપાસ કરવા બેઠેલી કમિટીએ તપાસેલા સાક્ષીઓની જુબાનીઓમાં આનો પુરાવો આપણને મળી આવે છે. જ્યાર્જ સ્મિથ એસ્કવાયર સવાલના જવાબમાં લખાવેછે કેઃ—

> "હું ૧૭૬૪ માં હિંદુસ્તાનમાં પહોંચ્યો. ૧૭૬૭ થી ૧૭૭૯ સુધી મદ્રાસમાં રહ્યો. જ્યારે હું મદ્રાસ પહેલો પહોંચ્યો તે વખતે મદ્રાસનો વેપાર આબાદ સ્થિતિમાં હતો, મદ્રાસની હિંદુસ્તાનના પહેલા દરજ્જાના બન્દરમાં ગણત્રી હતી. જ્યારે મેં છોડયું ત્યારે મદ્રાસમાં બીલકુલ વેપાર નહોતો, અથવા નહિ જેવો હતો અને આખા શહેરના વેપાર માટે આખું એક વહાણ હતું. જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે ખેતીની બાબતમાં કર્ણાટકની સ્થિતિ સારી હતી. ખેતી ઠીક થતી, લોકોની વસતિ જામેલી હતી, અને વેપારના માલની ઘણી ખરી ચીજો ત્યાં બનતી હતી, પણ જ્યારે મેં મદ્રાસ છોડયું ત્યારે ખેતીની બાબતમાં દેશ બહુજ ઉતરી ગયો હતો, વસતિ ઘણી ઘટી ગઇ હતી; અને વેપાર બહુજ સંકુચિત થઇ ગયો હતો." +

કમ્પનીના નોકરો, મદ્રાસની રાજ્યસભાના સદસ્યો સુદ્ધાંત નવાબને નાણું ધીરીને મોટી સમૃદ્ધિ ભેગી કરતા હતા; અને કમ્પનીના રાજ્ય કાર્યાધ્યક્ષો ને પોતાનાં કૃત્યોની બબર આપવાને ઇંતેજારી રાખતા નહોતા.

+ નવમો રિપોર્ટ ૧૬૮૩ મે. પા. ૧૨૦.

પણ અધ્યક્ષસભાના હુકમથી તેમણે ૧૭૬૭ માં બધું કરજ દશ ટકાને વ્યાજે એકત્રિત કર્યું હતું, અને વખતો વખત એવી આશા બતાવતા કે નવાબ એ બધું કરજ પતાવી શકશે. પણ એ વ્યવહાર બંધ કરવામાં એમનો સ્વાર્થ નહોતો, તેમજ નબળા અને નાલાયક નવાબને પણ તે સૂઝયું નહિ. ખાતું બંધ થયુંજ નહીં, અને જ્યારે ૧૭૬૯ માં આ ખાતાનો આખો હિસાબ અધ્યક્ષસભા આગળ રજુ થયો ત્યારે તેમના ક્રોધની હદ રહી નહિ.

" તમે આ તમામ વ્યવહાર અમારાથી છાનો રાખ્યો છે, અને તે ઉપરથી અમને શંકા જાય છે, કે મહમદઅલીનો ઉત્કર્ષ વધારવાની તમારી યોજનામાં એ વ્યવહારનું વર્જન કારણભૂત હશે; પણ તેમ હો વા ન હો પણ આ વ્યવહાર છાનો રાખવામાં તમે મોટી ગફલત કરી છે, એવી અમારી ખાત્રી છે.

" નવાબની પાસે લગભગ વીસ વર્ષના અરસામાં એક યુદ્ધમાં એને મદદ કરવાના પ્રસંગે અમારૂં (કમ્પનીનું) જે લેણું થયું તે વસુલ કરવાની ફરજ સોંપવામાં આવ્યા પછી, અમારા નોકરો આવા મોટા જાહેર નિક્ષેપનો અમલ કરવાનું ચૂકી અમારી સાથે સરસાઇમાં એમના ખાનગી સ્વાર્થને ચૂકે એ કેવી રીતે ફરજ અને વફાદારીની સાથે બંધબેસતું થઇ શકે ? અને પોતાને ખાનગી હિસાબે માંડી આપેલી ઉપજ વસુલ કરવામાં તેઓ કમ્પનીનું સૈન્ય, સત્તા અને પ્રતાપનો કેવી રીતે ઉપયોગ કરી શકે ? " × × ×.

" નવાબનાં કેટલાંક કિંમતી પરગણાંઓની ઉપજ જે કમ્પનીના કરજની વસુલાતમાં ભરાવી જોઇએ તે ઉપજ ખાનગી માણસોને માંડી લેવાની છૂટ આપવામાં અમારા તે ગવર્નર અને તેમની સભાએ ખાનગી સ્વાર્થોને પસંદગી આપી છે, ને એક સાર્વજનિક નિક્ષેપનો અસહ્ય ભંગ કર્યો છે. અને ઘણે અંશે કમ્પનીના રક્ષણથીજ આ ઉપજ આવવા માંડી છે, તે જોતાં તો, આ વર્તણુકની નિંદતાં બહુજ સ્પષ્ટ છે; અને ઉપરની ઉપજનો અસ્વાભાવિક વિનિયોગ થવાથી કર્ણાટકના રાજ્યનું રક્ષણ કરવાનું ખરચ અને તેની ચિંતા

કમ્પનીને માથે પડે છે, અને કમ્પનીનું ભારે રકમોનું કરજ વસુલ કરવાનો પ્રસંગ મુલતવી રહ્યાં કરે છે.”

વૉરન હેસ્ટિંગ્સ જેણે કમ્પનીના નોકરોના બંગાળાના મુલકી વેપારના અનન્યાધિકારના દાવાની સામે વાંધો ઉઠાવ્યો હતો, તે આ વખતે મદ્રાસની રાજ્યસભાને એક સભાસદ હતો અને તેણે મદ્રાસના કમ્પનીના નોકરોને બાનગી હિસાબે આર્કોટના નવાબની ઉપજ માંડી લેવાનું બંધ કરવાનો ખરા દિલથી યત્ન કર્યો હતો. ઉપરનો પત્ર મળ્યા પછી આ બાબતમાં ભરાયલાં પગલાંના સંબંધમાં એક પત્રમાં તે લખે છે કેઃ—

“ આપના હુકમનો અમે આમ અર્થ સમજ્યા છીએ. કર્ણાટકનાં કેટલાંક પરગણાંની ઉપજ નવાબે પોતાની સહી સિક્કાથી કેટલાક માણસોને માંડી આપી છે; પણ તે ઉપજ કમ્પનીના કરજમાં ન ભરાતાં બીજા બાનગી કરજો પેટે ભરાય તે આપને પસંદ નથી; અને આવો સ્વતંત્ર હક નવાબનો અથવા આપના નોકરોનો આપ કબૂલ રાખતા નથીઃ અને તેની પહેલાંના દસ્તાવેજોની રૂએ જે જમીન મંડાણ થયેલી છે તે જમીન ઉપરના હકો આપના નોકરો છોડી દે એવી આપ માગણી કરોછોઃ આમ થાય તો પછી નવાબને અમારે ખબર આપવી કે કમ્પનીનાં કરજ વસુલ આપવાં એ તમારું પહેલું કામ છે; અને તે પ્રમાણે નવાબ કબૂલ કરે એટલે બાનગી કરજો માટે નવાબ સાથે સામીલ થઇ કમ્પનીની સત્તાથી યોગ્ય બંદોબસ્ત કરવાની આપ મંજુરી આપોછો.

આ રાજ્યસભાના અધ્યક્ષ અને મિ. ડ્યુપ્રે એ બન્નેએ આપના હુકમ પ્રમાણે પોતાના હકો છોડી દીધા છે અને તેમનાં કરજ વસુલ કરવા બાબતમાં કમ્પનીને શરણ થયા છે. અને આપનો હુકમ પ્રસિદ્ધ થયા પછી કમ્પનીના ઘણા નોકરો આ દાખલાને અનુસર્યા છે. પણ કમ્પનીના નોકરોનો મોટો ભાગ હજી અમે જે રસ્તો બતાવ્યો છે તે રસ્તે કમ્પનીને શરણ થયો નથી, અને એમના ઉપર તે બાબતનું દબાણ કરવું એ અમને યોગ્ય લાગતું નથી.”

બીજા પત્રમાં વૉરન હેસ્ટિંગ્સ નવાબ કમ્પનીની વિરૂદ્ધ અને ખાનગી શાહુકારોના લાભમાં ઇંગ્લંડમાં લાગવગ ઉભી કરવા માંગે છે તે બાબત લખે છે; તે આ પ્રમાણેઃ—

" હમણાં સુધી નવાબ કમ્પનીના કાર્યાધ્યક્ષોની સભા ઉપર આધાર રાખતો અને એમ માનતો કે તે સભા તેજ કમ્પની છે. પણ હવે કેટલાક બદ સલાહકારોએ એને એમ સમજાવ્યું છે કે કમ્પની બહાર જો કોઇનો સ્વાર્થ હશે તો વખતપર કામ આવશે; એને એમ સમજાવવામાં આવ્યું છે કે ખાનગી શાહુકારો કમ્પનીના ધુરંધરોને પાણી પાઇ દે એટલી સત્તા ધરાવે છે, અને તેથી પણ વધારે ખોટું એ થયું છે કે એના મનમાં એવું ઠસાવ્યું છે કે પાર્લમેન્ટ અને તાજની સત્તા એના લાભમાં અને કમ્પનીની વિરૂદ્ધ વપરાશે. "

નવાબને ખોટા ખબરો મળ્યા ન હતા. એના શાહુકારો માંડેલા પરગણામાંથી મોટી સમૃદ્ધિ એકઠી કરી શકયા હતા. તેઓ ઘણા મત પોતાના લાભમાં ખેંચી શકયા હતા; અને વાસ્તવિક રીતે કમ્પનીની કાર્યાધ્યક્ષ સભાના ધણી થઇ પડ્યા હતા. આખરે આપણે જોઇશું કે બધા દાવાઓ તપાસ વિના કમ્પનીએ કબૂલ રાખ્યા હતા.

તંજાઊર.

દરમીયાન નવાબ પોતાનાં તમામ પરગણાં માંડી આપી ખાલી થઇ ગયો; અને તંજાઊર ઉપર નજર નાંખી. સને ૧૭૬૯ માં બ્રિટિશ અને હૈદરઅલી વચ્ચે થએલા સંધિમાં તંજાઊરના રાજાને બ્રિટીશનો મિત્ર ગણવામાં આવ્યો હતો. પણ કાર્યાધ્યક્ષ સભાને પણ પોતાના મિત્રની સમૃદ્ધિનો લોભ લાગ્યો, અને કમ્પનીનું કરજ ભરવા સારૂ તંજાઊરને લુંટવાની મહમદઅલીની દરખાસ્તને કાન ધર્યા.

"તંજાઉરનો રાજા દેશના સર્વથી વધારે ફળદ્રુપ ભાગનો ધણી હોય અને તે કર્ણાટકના બચાવમાં એક પાઈ પણ ન આપે એ અમને અત્યંત ગેરવાજબી લાગે છે. તેથી અમે તમને હુકમ કરીએ છીએ કે નવાબના દાવાને તમારે અસર થાય તેવી રીતે ઘટતો ટેકો આપવો, અને લડાઈના ખરચનો વાજબી ફાળો આપવાની તે ના પાડે તો નવાબ પોતાના રાજ્યની મહત્તાને અને ઇન્સાફને અનુસરતાં જે પગલાં લેવા ધારે તે તમારે લેવાં. અમે એમ ધારીએ છીએ કે ઉપરના હુકમનો અમલ કરતાં જે નાણાં તંજાઉરના નવાબ પાસેથી મળી શકે તે કમ્પનીનું કરજ વાળવામાં વપરાશે; અને કાંઈ શેષ રહે તો ખાનગી કરજો પતાવવામાં વાપરવાં."

આ સૂચના ચોખ્ખી હતી. તેનો અમલ થયો. ૧૭૭૧ માં તંજાઉર ઉપર ઘેરો ઘાલ્યો. અને તંજાઉરે ચાર લાખ પાઉંડ આપીને પોતાનો બચાવ કર્યો. પણ આથી માત્ર નવાબની ભૂખ તેજ થઈ. અને તેના મિત્ર બ્રિટિશને એવો વિચાર ઠસાવ્યો કે ઇલાકાના મધ્યમાં આવી મોટી સત્તા એ જોખમનું ઘર છે. તંજાઉર ઉપર ફરીથી ઘેરો ઘાલ્યો, અને ૧૭૭૩ ના સપ્ટેમ્બરની ૧૬ મી તારીખે સર કર્યું. ફતનસીંઘ રાજા અને તેના કુટુંબને કિલ્લામાં કેદ કર્યાં અને તેનો મુલક નવાબે ખાલસા કર્યો. થોડાં વર્ષની દુર્વ્યવસ્થાથી એક આબાદ ને આબાદી પામતું રાજ્ય કેવું પાયમાલ થાય છે તેનું, નવાબના વાવટા નીચે ગયા પછી તંજાઉરના રાજ્યની થયેલી સ્થિતિ, એ એક દૃષ્ટાંત છે. એ મુલકને એક જીતી લીધેલા દુશ્મનનો મુલક લેખીને તેણે લોક ઉપર રાજ્યના હુકમો વધારી દીધા, એની ઉપજ બ્રિટિશ શાહુકારોને માંડી આપી, તેના વેપાર અને ઉદ્યોગને પાયમાલ કર્યો. અને થોડાં વર્ષમાં તંજાઉર જે દક્ષિણ હિંદુસ્તાનનો બગીચો હતું તે પૂર્વ કિનારા ઉપરના ઉજ્જડ પ્રદેશોમાં ભળી ગયું.

૧૭૮૨ ની કમિટી આગળ પુરાવો આપતાં મિ. પેટ્રી કહે છે કે:— તંજાઉરની અત્યારની સ્થિતિની વાત કરતાં પહેલાં મારે એટલું કહેવું જોઈએ કે થોડાંજ વર્ષો ઉપર તંજાઉરનો મુલક હિંદુસ્તાનમાં સર્વથી વધારે આબાદી

પામતો, સારી રીતે ખેડાતો, અને સારી વસતિવાળો લેખાતો હતો. મેં પહેલી વાર ૧૭૬૮ માં એ પ્રદેશની મુલાકાત લીધી હતી. તે વખતે હમણાં કરતાં તો જુદુંજ મારા જોવામાં આવ્યું હતું. પ્રથમ તો તે જગા દેશી અને પરદેશી વેપારનું એક મોટું કેન્દ્ર હતું. ત્યાં મુંબઇ અને સુરતથી રૂ આવતું. કાચું અને પાકું રેશમ બંગાળાથી આવતું; સુમાત્રા, મલાકા અને પુર્વના ટાપુઓમાંથી ખાંડ તેજના વગેરે આવતાં; સોનું, હાથી, ઘોડા અને ઇમારતી લાકડાં પેગુમાંથી આવતાં, અને ચીનથી પણ ઘણી ચીજો આવતી હતી. હૈદરઅલીના રાજ્યમાં અને મરાઠા સામ્રાજ્યના વાયવ્ય પ્રાંતોમાં યુરોપનો માલ તંજાઉરનું બંદરજ પુરો પાડતું. અને તેજ બંદરેથી હિંદુસ્તાનમાં સર્વત્ર પોશાક તરીકે વપરાતું એક પ્રકારનું બંગાળી રેશમી કાપડ પણ આયાત થતું. તંજાઉરમાંથી મસ્લીન, છીંટ, રૂમાલ વિગેરે જુદી જુદી જાતનાં કાપડનો નિકાસ થતો, અને ડચ અને ડેઇન લોકો આફ્રિકા, વેસ્ટ ઈન્ડિયા અને દક્ષિણ અમેરિકાના બજારોમાં જેનો ઝાઝો ઉપાડ હતો તે માલ પણ આજ બંદરેથી મોકલતા હતા. તંજાઉરના જેવા કુદરતી લાભો ઘણા થોડા દેશોને હોય છે. તેની જમીન ભરી અને ફળદ્રુપ છે, કાવેરી અને કોલુન એ બે નદીઓને લીધે પાણીની પણ અહોળી છૂટ છે, જેનાં પાણી જળાશયો અને સારણોદ્વારા દેશના બધા ભાગોમાં પહોંચાડવામાં પણ આવ્યાં છે. તંજાઉરની અસાધારણ ફળદ્રુપતાનું આ કારણ છે. જમીનનો ચહેરો પણ સુંદર ચિત્ર વિચિત્રતાવાળો છે. અને દેખાવમાં ઇંગ્લંડના જેવો છે. તેના જેવો હિંદુસ્તાનમાં એક પણ ભાગ નથી. થોડાંજ વર્ષની વાત ઉપર તંજાઉરની આ સ્થિતિ હતી. પણ એની પાયમાલી એવી તો ત્વરિત થઇ છે કે ઘણા પ્રદેશોમાં પૂર્વની સમૃદ્ધિની નિશાની સરખી પણ દેખાતી નથી. આ વખતે (૧૭૭૧ માં) મને ખબર મળી છે તે પ્રમાણે રોજગાર આબાદ હતો, દેશમાં ખેતી સારી હતી, વસતિ જામેલી હતી, લોક શ્રીમાન અને ઉદ્યોગી હતા. ૧૭૭૧ પછી પહેલા ધેરાથી તે રાજાને રાજ્ય પાછું સોંપાયું ત્યાં સુધી દેશમાં બે મોટી લઢાઇઓ થઇ, અને રાજ્યસત્તાનો

વિપર્યાસ થઇ ગયો તેને લીધે વેપાર રોજગાર અને ખેતી બધાં નષ્ટ થયાં, અને હજારો લોકો સલામતી ભરેલી જગાની શોધમાં પડી ગયા."

હવે મદ્રાસમાં નવો ગવર્નર નીમવાનો વખત આવ્યો. ફ્રેંચ યુધ્ધો વખતે મિ. પિગટ મદ્રાસના ગવર્નર હતા; અને ૧૭૬૩ માં એ ઇંગ્લંડ આવ્યા હતા. તે પછી તેમને બેરોનેટનો અને આયર્લંડના ઉમરાવના ઇલ્કાબો આપવામાં આવ્યા હતા. સને ૧૭૭૫ માં મદ્રાસની રાજ્યવ્યવસ્થામાં સુધારા દાખલ કરવાની ઇચ્છાથી એમને ફરીથી મદ્રાસના ગવર્નર નીમ્યા. કમ્પનીની કાર્યાધ્યક્ષ સભાને મહમદઅલીએ તંજાઉરનો મુલક બાલસા કર્યો, તે સર્વાંશે પસંદ પડયું ન હતું. અને તે સભાનો હુકમ લઇને લૉર્ડ પિગટે જુના રાજાને રાજ્ય સોંપવાનો ઠરાવ કર્યો. મહમદઅલીએ આમ થતું અટકાવવાને ઘણી કારીગરી કરી પણ લૉર્ડ પિગટ કૃતનિશ્ચય હતો. સને ૧૭૭૬ ના માર્ચની ૩૦ મી તારીખે તંજાઉરના રાજાને પાછો ગાદીએ બેસાડયો.

ગવર્નરની મુશ્કેલીઓ હવે શરૂ થઇ. આર્કોટના નવાબના ઘણા લેણદારોમાં પૉલ બેન્ફિલ્ડ નામનો એક લેણદાર હતો. તે ૧૭૬૩ માં એક કારીગર તરીકે કમ્પનીની નોકરીમાં આવ્યો હતો. પણ પોતાની સમૃદ્ધિના કારીગર તરીકે વ્યાજખોરાઇમાં એણે અસાધારણ કૃતેહ મેળવી. જ્યારે તંજાઉરના રાજાને ફરીથી ગાદીએ બેસાડવામાં આવ્યો ત્યારે તેણે જાહેર કર્યું કે નવાબને ધીરેલા ૧,૬૨૦,૦૦ પાઉંડ માટે તંજાઉરની ઉપજ ઉપર અને તંજાઉરના ખાનગી આશામીઓને ધીરેલા ૭૨,૦૦૦ પાઉંડ માટે તંજાઉરના ઉભા માલ ઉપર-એનો હક છે. આ હકીકત તે વખતના જમાના ઉપર પ્રબળ પ્રકાશ પાડે છે. બેન્ફિલ્ડ હજી હલકા દરજ્જાનો નોકર હતો; તેને વર્ષે દિવસે જૂજ પાઉંડનો પગાર મળતો; છતાં તેના જેવા ગાડી ઘોડા મદ્રાસમાં કોઇની પાસે ન હતા, અને નવાબ પાસે આવી રાક્ષસી રકમનું લેણું કહાડતો હતો. એક શ્રીમંત રાજ્યની તમામ મહેસુલ અને એક આખી પ્રજાના તમામ ઉભા માલ તેના લેણા માટે ધરેજે મુકયા સમજવામાં આવતા.

લૉર્ડ પિગટે બેન્ફિલ્ડનો દાવો સભા આગળ રજુ કર્યો. બેન્ફિલ્ડ કંઇ પણ પુરાવો રજુ કરી શકયો નહિ, પણ તેણે જાહેર કર્યું કે નવાબ મારો દાવો કબૂલ કરશે. સભાએ વધુ મતે ઠરાવ કર્યો કે આશામીઓ ઉપરના દાવા બેન્ફિલ્ડ પુરવાર કરી શકયો નથી; અને નવાબે તંજાઉરની મહેસુલ માંડી આપ્યાની વાત મંજૂર રાખી શકાય તેવી નથી. આથી કાંઇ બેન્ફિલ્ડને સંતોષ થયો નહિ. તેને મિત્રો ઘણા હતા અને સાધનની પણ કંઇ ખોટ ન હતી. તેનો દાવો ફરીથી સભા સન્મુખ આવ્યો, અને આ વખતે તે મંજૂર થયો. લૉર્ડ પિગટે રસલને તંજાઉરના રેસિડન્ટની જગા ઉપર મોકલવાની દરખાસ્ત મુકી પણ તે સભાના વધુ મતે સ્વીકારી નહિ. કર્નલ સ્ટુઅર્ટ જેની સાથે લેણદારોનો સ્વાર્થ સધાય તેવી રીતે તંજાઉરનો કારભાર ચલાવવાની સમજુત થઇ હતી, તેને તંજાઉરના રેસિડન્ટ તરીકે પસંદ કરવામાં આવ્યો. લૉર્ડ પિગટ સભાના મોટા ભાગની સામે થયો. અને ૧૭૭૬ ના ઑગસ્ટની ૨૪ મી તારીખે કર્નલ સ્ટુઅર્ટે લૉર્ડ પિગટને પકડયો અને કેદ કર્યો.

આ બાબતનો હેવાલ આપતાં લૉર્ડ પિગટ લખે છે કે "કર્નલ સ્ટુઅર્ટ મારી સાથે જમ્યો અને જમ્યા પછી કમ્પનીના બગીચામાં મેં તેને વાળું માટે આમંત્રણ આપ્યું. રાતના સાત અને આઠની વચ્ચે હું કિલ્લામાંથી કર્નલ સ્ટુઅર્ટની સાથે ગાડીમાં ફરવા નીકળ્યો. ટાપુ ઉપર બે પુલોની વચ્ચે મેં લેફ્ટેનંટ કર્નલ ઍડિંગ્ટન-એજ્જુટન્ટ જનરલને દક્ષિણ દિશા તરફથી આડે રસ્તે અમારી તરફ આવતાં જોયો. એ અમારી સાથે વાત કરવા માંગે છે, એમ સમજીને મેં રેન તાણી ઝાલી, અને જ્યારે એડિંગ્ટન ગાડી પાસે આવ્યો ત્યારે તેણે નાગી તલવાર હવામાં ફરકાવી અને 'સિપાઇ' એવી બૂમ મારી. આ ઉપરથી ઝાડ પાછળથી સીપાઇઓની એક ટુકડી આગળ આવી. અને તે બાજુ તરફથી એક પિસ્તોલ હાથમાં લઇને કેપ્ટન લાઇસૅાટે મારી

તરફ આવી મને કહ્યું કે " તમે મારા કેદી છો. " પછીથી કેપ્ટન લાઇસૉટે મને બેન્ડ્રિલ્ડની ઘોડાગાડીમાં બેસાડ્યો. "

અધ્યક્ષસભા આ હેવાલથી સ્તબ્ધ થઇ ગઇ. પણ તેમનામાં મતભેદ હતો. લૉર્ડ પિગટને કેદમાંથી છોડવાનો તેમણે હુકમ કર્યો. પણ તેની સાથે તેને પાછો બોલાવી લેવાનો પણ હુકમ હતો. આ હુકમો હિંદુસ્તાનમાં પહોંચ્યા પહેલાં લૉર્ડ પિગટ પ્રભુના દ્વારમાં પહોંચી ગયો. ૧૭૭૭ માં તે કેદખાનામાંજ મરણ પામ્યો+ ૧૭૭૮ માં સર ટૉમ્સ રમ્બોલ્ડ મદ્રાસનો ગવર્નર નીમાયો.

૧૭૭૬ માં આટલું તોફાન કરાવનાર નવાબના લેણદારોને પોતાના સ્વાર્થની સારી કાળજી હતી. ૧૭૬૭ માં એમની પહેલી ધીરધારની વાત ઉપર આવી ગઇ છે. ૧૭૭૭ માં એક બીજી ધીરધાર કરી. તમારી ઘોડેસ્વાર પલટણ નકામી છે માટે તેને રજા આપવી એમ નવાબના મનમાં ઠસાવ્યું. પણ તેમને પગાર ચુકવી આપવા પુરતાં નાણાં ન હતાં. ટેલર, મેજેન્ડી, અને કૉલે, એમણે કંપની મંજૂર કરે તો ૬૬૦,૦૦૦ પાઉંડ ધીરવા કબુલ કર્યા. કંપનીએ મંજૂરી આપી; ઉપજ અલબત્ત માંડો આપી, અને બે વર્ષ પછી નવાબના દીવાને ફરિયાદ કરી કે " આ પરગણાંની તમામ ઉપજ આપ નામદાર (નવાબ) ના હુકમથી યુરોપીયનોનાં નાણાં દેવામાં વપરાય છે. મિ. ટેલરના ગુમાસ્તા ઉઘરાણી કરવાને ત્યાં આવેલા છે. અને તમામ નાણાં તેઓ લઇ જનય છે. તેથી, આપના લશ્કરનો સાત આઠ મહીનાનો ચઢી ગયેલો પગાર આપવાની સગવડ નથી. "

આ વર્ષમાં બીજા વીસ લાખ પાઉંડ ઉપરનું દેવું વળી નવાબને કરાવ્યું; સર ટૉમસ રમ્બોલ્ડે આ નવા કરજના સંબંધે બરા તિરસ્કારથી લખેલું છે કે:—૧,૬૦,૦૦૦ પાઉંડનું ઘોડેસ્વારનું કરજ અને કમ્પનીના નોકરોનું અને ખુદ કમ્પનીનું જુનું કરજ; તે ઉપરાંત, વળી હાલમાં ૨,૫૨,૦૦૦ પાઉંડનું નવું કરજ કરવામાં આવ્યું છે! આથી મને થયેલ

+ લૉર્ડ પિગટનો મદ્રાસના ગવર્નમેન્ટમાં થયેલા વિપર્યાસનો હેવાલ તા. ૧૧ મી સપ્ટેમ્બર ૧૭૭૬ પાનું ૧૧ થી

અચંબો હું વર્ણવી શકતો નથી. આ વાત હું આપને ત્રાસની સાથે લખું છું; કારણકે ધીરનારા કમ્પનીના નોકરોજ હોવાથી કમ્પનીનું કામ બહુ મુશ્કીલ અને અણગમતું થઇ પડેછે +

ઉત્તર સિરકાર.

કર્ણાટકની આ દુર્દશામાંથી ઉત્તર સિરકાર તરફ નજર કરીએ. આ પ્રદેશ જમીનદારોમાં વેહેંચાઇ ગયલો હતો. તેઓ પોતાની જાગીરોના જમીનદાર તેમજ રાજા પણ હતા. આ જમીનદારો સાથે કમ્પનીનો વ્યવહાર નિર્દય હતો અને તેમની જાગીરો દરિદ્ર થઈ ગઇ હતી. સર ટોમસ પોઝ તેમની પૂર્વની આબાદી અને આ વખતના દારિદ્ર્યનો પુરાવો આપેછે.

" કમ્પનીના ઇન્ડિયાના રાજ્યવહીવટ ઉપર આ એક હમેશનો ઠપકો રહેવાનો. તેમણે ' આબરૂદાર દેશી માત્રને પોતાની હદમાંથી કાહાડી મુકવા, એવું એક નીતિનું ધોરણ ધારણ કર્યુંછે. બંગાળા અને સિરકારના પૂર્વના સુખી દિવસોનું સ્મરણ કરો; અને અત્યારની તે પ્રદેશોની દુઃખી અને નિર્જન દશા ઉપર નજર કરો; હું પુછું છું કે કોઇ આપણી પ્રજાને ખુલાસો કરી શકશે કે એક વખતે આ દેશોમાં છવાઇને રહેલા સંખ્યાબંધ રાજા રાણા અને શ્રીમાન જમીનદારોનું શું થયું ?"

" હમણા હમણામાં અધ્યક્ષસભાએ ધારણ કરેલી ભાષા ઉપરથી જન સમાજને એવું અનુમાન કરવાનું કારણ મળે કે કમ્પનીએ રાજ્ય હક્કો આ મુલકમાં પ્રાપ્ત કર્યા છે, એટલુંજ નહિ પણ તેઓ જમીનના પણ એકલા માલિક થયા છે; અને આ જમીનદારો જેઓ, યુરોપમાં કલ્પિત કર્યા જેવું લાગે તેટલી પેઢીથી વંશપરંપરાના જમીનના ખરા

+ કોર્ટ ઓફ ડીરેક્ટર ઉપર પત્ર. તા. ૧૫ મી માર્ચ ૧૭૭૮.

અને એકલા માલિક છે. તેઓને એકદમ કમ્પનીની જમીનના ઇજારદાર એહુત, કે મજુર બનાવી દેવામાં આવ્યાછે ! આ રાજાઓ મોગલ બાદશાહોને, જમા આપતા;–સાંથ નહિ એ ધ્યાનમાં રાખવાનું છે; તે તેમનું પરાપૂર્વનું સ્વાતંત્ર્ય સાચવી રાખવાને માટેજ આપવામાં આવતી રકમ હતી: તે રકમ, તે તેમની મિલકત, હકો, અને રીતરીવાજો શાન્તિથી ભોગવવાની કિંમત હતી. આ જમા હમેશાં માફકસર ઠરાવવામાં આવતી અને ઠરાવતી વખત આ દેશની રીતભાત પ્રમાણે તેમના જેવી ઉંચી સ્થિતિવાળાઓને નોકર ચાકરોનાં મોટાં કારખાનાં રાખવાં પડે તે બાબત ઉપર પૂરતું ધ્યાન અપાતું હતું. મોગલ બાદશાહના સુબા જમીનદારો સાથે ઠરાવ કરતા અને ઉઘરાવવાની બાબતમાં વચમાં પડવાનો વહીવટ જ નહોતો. સિરકાર કમ્પનીના હાથમાં આવ્યા તે પછી આજ ડાહ્યાં ધોરણો ચાલુ રહ્યાં હોત તો સર્વેને માટે સુખ હતું; દેશ આબાદ રહ્યો હોત, અને તેના માંડલિક રાજા અને તેમની પ્રજાની આબાદીમાં કમ્પની પણ આબાદ થઇ હોત "+

એમ ઠરાવવામાં આવ્યું હતું કે કેટલીક સ્થાનિક તપાસ કરીને તે પ્રદેશની મહેસુલ નક્કી કરવા એક ફરતી કમિટી નીમવી. સર ટોમસે આ કમિટી રદ કરી અને જમીનદારોને મદ્રાસ બોલાવ્યા. આથી જમીનદારોમાં બહુ ભય ઉત્પન્ન થયો પણ એકત્રીસમાંથી અઠાર જમીનદારો ગવર્નરનો હુકમ માનીને મદ્રાસ આવ્યા. પાંચ વર્ષને માટે તેમની સાથે બંદોબસ્ત કર્યો. કમ્પનીના આવાગમન પછી જમામાં જેટલો જેટલો વધારો થયો તેનો સરવાળો પૂર્વના કરતાં ૫૦ ટકા જેટલો વધારે જણાયો.

પણ આટલાથી અધ્યક્ષસભાને સંતોષ ન થયો. તેમને એમ લાગ્યું કે જો ફરતી કમિટી નીમાઇ હોત તો વધારે સંતોષકારક પરિણામ આવત.

+ સર ટોમસ રમ્બોલ્ડ ઉપર મૂકેલા અપવાદોનો પોતે આપેલો જવાબ પા. ૧૯–૬૨

તેમણે સર ટોમસ રમ્બોલ્ડ ઉપર કમિટી રદ કરવામાં પોતાના હુકમનો અનાદર કર્યાનું તોહમત મૂક્યું. વળી તેમણે તેના ઉપર લાંચ રૂશ્વત લીધાનું પણ તોહમત મૂક્યું અને સાબીત કર્યું કે તેણે બે વર્ષની અંદર ૧૬૪૦૦૦ પાઉંડ યુરોપ મોકલ્યા હતા. તેથી ૧૭૮૧ માં તેને કમ્પનીની નોકરીમાંથી બરતરફ કર્યો.

તેમની પછી એક સારા સ્વભાવવાળા, ધીરા, લાંબા રાજ્ય અનુભવવાળા અને મુદ્દેશાળી ઉમરાવ લૉર્ડ મેકકૉર્ટનીની મદ્રાસના ગવર્નર તરીકે નીમણુક થઇ. તે ૧૮૮૧ માં આવી પહોંચ્યો. આ વખતે દેશ દુઃખ અને દારિદ્ર્યમાં ગરકાવ હતો. લાંબી અવ્યવસ્થાની અસર સાથે મ્હૈસૂરના હૈદરઅલીની સાથેના યુદ્ધને અંગે બીજી દુર્દશા થઇ. એના ઘોડેસ્વારો મદ્રાસની આસપાસ ઘણા માણસોમાં ફરી વળ્યા અને તેમણે ચારે તરફ પાયમાલી ફેલાવી દીધી. કર્ણાટક ભયથી ઘેરાઇ ગયું. લોકો જંગલમાં નાઠા, ખેતરો ઉજ્જડ થયાં, ગામોનાં ગામો બાળીને નાશ કરી નાંખ્યાં, અને મદ્રાસની રાજ્યસભા આ ભયંકર દુશ્મનનો શી રીતે સત્કાર કરવો તેના વિચારમાં ગોથાં ખાતી હતી ત્યાં તો એક પછી એક ભયંકર બનાવો ખડકાતા ગયા.

વૉરન હેસ્ટિંગ્સ આ વખતે ગવનર જનરલ હતો. તેણે અનુભવી સરદાર સર આયર કૂટને દક્ષિણ હિંદુસ્તાનનો બચાવ કરવા સારૂ મોકલ્યો. સર આયરને હૈદરની સાથે ચાર લડાઇઓ થઇ. ૧૭૮૨ ના સપ્ટેમ્બરમાં સર આયર બંગાળે ગયો. અને ૧૭૮૨ ના ડિસમ્બરમાં હૈદર મરણ પામ્યો. ૧૭૮૩ માં ટિપુ સુલતાન સાથે તહનામાં કર્યાં.

આ બધાં દુઃખો એકઠાં થતાં, અને લોક દરિદ્ર થઈ જતાં, ૧૭૮૩ માં મોટો દુકાળ પડ્યો. કમ્પનીની ઉપજમાં તો હમેશાં વધારો રહે તો પણ તેમના નિકાસને લીધે વધારાને બદલે ખોટ થઇ જતી હતી. નીચેના આંકડા ઉપરથી આ વાત સ્પષ્ટ થશે:—

વર્ષ.	કુલ ચોખ્ખી ઉપજ. £	કુલ મુલકી તથા લશ્કરી ખરચ. £	વધારો. £	ઘટાડો. £
૧૭૬૭—૧૭૬૮...	૩,૮૧,૩૩૦	૪,૮૯,૦૧૨	...	૧,૦૭,૬૮૨
૬૮—૬૯ ...	૩,૬૯,૭૨૦	૬,૯૧,૪૭૧	...	૩,૨૧,૭૫૧
૬૯—૭૦ ...	૫,૦૦,૧૧૦	૪,૬૭,૪૯૨	૩૬,૬૧૮	...
૭૦—૭૧ ...	૫,૬૨,૩૫૯	૪,૩૪,૩૯૩	૧,૨૭,૯૬૦	...
૭૧—૭૨ ...	૫,૫૮,૮૬૦	૪,૦૭,૪૪૬	૧.૫૧,૪૧૪	...
૭૨—૭૩ ...	૫,૨૯,૨૩૩	૩,૦૯,૧૩૮	૨,૨૦,૦૯૫	...
૭૩—૭૪ ...	૫,૨૪,૭૬૨	૪,૦૭,૧૪૪	૧,૧૭,૬૧૮	...
૭૪—૭૫ ...	૫,૦૩,૬૨૯	૪,૫૪,૫૮૯	૪૯,૦૪૦	...
૭૫—૭૬ ...	૫,૧૪,૫૯૧	૩,૪૫,૮૬૭	૧,૬૮,૭૨૪	...
૭૬—૭૭ ...	૫,૬૩,૩૪૯	૫,૩૩,૧૮૨	૩૦,૧૬૭	...
૭૭—૭૮ ...	૨,૮૩,૧૯૮	૪,૮૫,૮૩૦	...	૨,૦૨,૬૩૨
૭૮—૭૯ ...	૪,૬૪,૨૦૮	૮,૦૩,૬૨૪	...	૩,૦૯,૭૧૬
કુલ...	૫,૭૮૫,૩૪૯	૫૮,૨૯,૪૮૮	૮,૬૭,૬૪૨	૬,૪૧,૭૮૧

વધારો કે ઘટાડો પણ ખરીદી બંધ થઇજ નહિ. અને આ અરસામાં યુરોપ મોકલેલા માલની પડત કિંમત વીસ લાખ પાઉંડ કરતાં વધારે હતી.

પણ કમ્પનીના હક કરતાં લેણુદારોનો ત્રાસ વધારે હતો. જ્યારે લેણુદારોની બાબત દીવાને આમની પાસે છેવટના ઠરાવ માટે આવી તે વખતે આ લેણુદારોએ પોતાની લાગવગ એટલી બધી વધારી દીધેલી હતી કે સાચા ખોટા જેટલી રકમના દાવા તેમણે રજુ કર્યા તે બધા તપાસ વિનાજ મંજૂર થઇ ગયા.

પોલ બેન્ફિલ્ડ આ લેણુદારોમાં સહુથી મોટો અને વધારે કૃતેહમંદ લેણુદાર હતો. તેણે પોતાની મિલકત પાર્લમેન્ટમાં લાગવગ વધારવામાં વાપરી હતી. એણે પોતાના સુધ્ધાંત આઠ તો સભાસદ પાર્લમેન્ટમાં મોકલ્યા હતા, અને તે એવો સત્તાવાળો અને લાગવગવાળો માણુસ હતો કે તેને નારાજ કરવાનું પ્રધાન મંડળને પણ પોસાય તેમ ન હતું. પોતાના હિંદુસ્તાનના ઇતિહાસમાં મિલ લખે છે કે પાર્લમેન્ટમાં આર્કોટના નવાબનાં સાચા ખોટા લેણુદારો અને તેના માણુસોએ જમાવેલી લાગવગનો અપ્રમાણિક લાભ સાચવી રાખવા સારૂ ૧૭૮૪ ના પ્રધાન મંડળે ઠરાવ્યું કે તેમનાં દેવાં ખરાં કે ખોટાં જે હોય તે વસુલ અપાવવાં જોઇએ.

બ્રિટિશ હિંદુસ્તાનનો તે ઇતિહાસકાર તે પછી આ બાબતમાં એડમન્ડ બર્કનાં નીચેનાં વચનો ટાંકે છે.

" પોલ બેન્ફિલ્ડ પાર્લમેન્ટનો મોટો સુધારક છે. સામ્રાજ્યના કયા ભાગને, કયા શહરને, કયા પરાને, કયા પરગણાને અથવા કયી ન્યાયસભામાં એના શ્રમનો લાભ નથી મળ્યો ? ભવિષ્યમાં સુધારાઓ માટે એક વકાદાર પલટણ પાર્લમેન્ટમાં રાખવા સારૂ આ હિંદના સાર્વજનિક હિતપરાયણ વ્યાજ વટાવના ધંધાદારીએ પોતાના સ્વદેશના સડી ગયલા રાજ્ય બંધારણનું વિસ્મરણ કર્યું ન હતું. પોતાના સ્વદેશ સારૂ આ સભામંડપનાં સિંહાસનો મઢવાનો (મોચીનો) ધંધો કરવામાં પણ હલકાઇ માની નહિ: અને તેમાં બીજા

સભા મંડપોની પેઠે લાજ આવે એવાં પુરાણા જરીકામનો ઉપયોગ ન કરતાં સાચા નવીન સદ્‌ગુણના ખરા સંગીન અને જીવતા નમુના બેસાર્યા. પોલ બેન્ફિલ્ડે પોતાના સુહ્રાં આઠ સભાસદો ગઇ પાર્લામેન્ટમાં દાખલ કર્યા હતા, હાલના ..... ની નસોમાં શુદ્ધ લોહીના કેટલા ઉભરાઇ જતા ઝરા એણે દાખલ કર્યા નહિ હોય !

"આપના પ્રધાનો માટે આ થાકેલો વૃધ્ધ સૈનિક લન્ડનની ચુંટણીમાં આગળ પડયો. અને આપને યાદ હશે કે તેજ સ્વાર્થ સારૂ તેણે એક મોટી જાહેર ઑફીસ અથવા દુકાન જેવું રાખ્યું હતું; જ્યાં છેલ્લી સાર્વજનિક ચુંટણીનું બધું કામકાજ કરવામાં આવતું હતું. ઉઘાડી રીતે ત્યાં બેન્ફિલ્ડના આરતીઆ અને મુખત્યારને હાથેજ તમામ વહીવટ ચાલતો હતો; એની વ્યવસ્થા હિંદી ધોરણે ચાલતી હતી; અને હિંદનાજ હક સાચવવાનો તેમાં હેતુ હતો. આ પાપનો ભરેલો સુવર્ણનો કલશ આ દેશના આટલા બધા લોકોએ—આટલા બધા અમીર ઉમરાવોએ, તળીઆ સુધી ગટગટાવીને ખાલી કર્યો હતો. તમે એમ ધારો છો કે આ દુષ્ટ કર્મોનો કંઇ બદલો નહિ આપવો પડવાનો, ? તથા તમે ધારો છો કે આ બેશરમ પોચેલપણાના અને રાષ્ટ્રીય વેશ્યાચરણનો કંઇ બદલો આપણી પાસે માંગવામાં નહિ આવે ! આ રહ્યો ! અહીંઆંજ છે ! અહીંઆ, તમારી સન્મુખજ છે ! તમારી ચુંટણીની વ્યવસ્થા કરનાર સદ્‌ગૃહસ્થના શેઠને નુકશાન ન થવા દેવું જોઇએ, અને તેટલા સારૂ બેન્ફિલ્ડ અને તેના સોબતીઓના દાવા તપાસની પાર મૂકાવા જોઇએ."

ઇંગ્લંડના લોકોએ અને અમીરોએ સુવર્ણ કલશ ખાલી કર્યો અને હિંદુસ્તાન પાસે નાણાં માગ્યાં. કર્ણાટકના ખેડુતો પાસે નાણાં લેવાનાં હતાં માટે બેન્ફિલ્ડના દાવા વગર તપાસે મંજૂર થયા. આવા બધા દાવા વગર તપાસે મંજૂર થતાં તોફાન વધ્યું, અને લેણદારોનાં ગાડેગાડાં આમ એકદમ શ્રીમાન્ થવાને માટે કર્ણાટક આવ્યાં. કર્ણાટકના નવાબ ઉપર બે કરોડ ત્રણ લાખ

+ આર્કોટના નવાબના કરજ બાબત બર્કનું ભાષણ

નેવું હજાર પાંચસેંને શીતેર પાઉંડના નવા દાવા દાખલ થયા, અને આ દાવાનો નિકાલ કરવા અધિકારીઓ નીમાયા. આ વખતે કર્ણાટક લોર્ડ વેલ્સલીએ ખાલસા કર્યું હતું, એટલે હવે તે બ્રિટિશ મુલક હતો. દાવા મંજૂર થાય તો નાણાં હવે નવાબને નહિ પણ કમ્પની સરકારને આપવાં પડે તેથી તપાસ થઇ. પરિણામે તેર લાખ છેતાલીસ હજાર સાતસેં છન્નુ પાઉંડ ખરા લેણા ઠર્યા. અને બાકીની રકમ દગાની ગણી નામંજૂર કરી.

મદ્રાસના નવા અને જુના પ્રાંતો (૧૭૮૫-૧૮૦૭)

ઉપર કહેવાઇ ગયું છે કે પિટ્ટનું ઇન્ડિયા બિલ સને ૧૭૮૪ માં પસાર થયું. ત્યાં સુધી તો મદ્રાસ ઇલાકામાં મદ્રાસની આસપાસ કંઇક જમીન અથવા ઉત્તર સિરકારનો મુલક જેટલુંજ કમ્પનીના હાથમાં હતું. મદ્રાસમાં પહેલી જમાબન્દી ઉત્તર સિરકારની કરવામાં આવી હતી.

૧૭૬૫ માં લોર્ડ કલાઇવે બંગાળાની દીવાની લીધી તેની સાથે સિરકારના ચાર પ્રાંતો, શીકાકોલ રાજમંદ્રિ, ઇલોર, અને કોન્ડાપિલી. એનું બક્ષીસપત્ર કરાવી લીધું હતું. કેટલેક કાળે તેના ઉપર પ્રાંતિક અમલદારો અને સભાઓ મૂકવામાં આવ્યાં, અને બંગાળાના પ્રાંતોના જેવી રાજ્યપદ્ધતિ દાખલ કરી.

૧૭૭૫ માં અધ્યક્ષસભાએ ઉત્તર સિરકારની વસતિ, પેદાશ, વેપાર રોજગારની સ્થિતિ, રાજ્યની કુલ ઉપજ, અને ખેડુત તથા જમીનદારોના હકોની બાબતમાં તપાસ કરવા સારૂ એક ફરતી કમિટી નીમવાનો ઠરાવ કર્યો. તે સભાએ વળી એમ પણ ઇચ્છા બતાવી કે જમીનદારોને તેમની વાર્ષિક ઉપજની બાબતમાં નિર્ભય કરવા, અને ખેડુતો પાસેથી અણઘટતા હક લેવાતા હોય તે બંધ કરવા. વળી બંગાળામાં જેવા કાયદાઓ દાખલ કર્યા છે તેવા કાયદાઓ સિરકારમાં દાખલ થઇ શકે કે કેમ તે બાબત પણ આ કમિટીને નક્કી કરવાનું હતું. આ પ્રમાણે કમિટી નીમાઇ હતી પણ ૧૭૭૮ માં સર

ટૉમસ રમ્બોલ્ડે તે કમિટી રદ કરી, પણ પાછી ૧૭૮૩ માં એની પુનઃ સ્થાપના થઇ, અને ૧૭૮૮ સુધી તપાસ ચાલી.

આ કમિટીએ કરેલા રિપોર્ટ ઉપરથી દેખાયું કે ઉત્તર સિરકારની જમીન ઘણે ભાગે જમીનદારોના હાથમાં હતી. પહાડી મુલકના જમીનદારો ઓરિસાના રાજાના વંશજો હતા. તેઓ પોતપોતાના રાજ્યમાં સ્વતંત્ર રાજા હતા, અને મુસલમાન બાદશાહને નિયત જમા આપતા. સપાટ મુલકના જમીનદારો બાદશાહની સત્તા નીચે વધારે હતા, પણ જ્યાં સુધી બાદશાહીને નિયત જમા આપ્યે જાય ત્યાંસુધી જમીનની સાંથ વિગેરે ખેડુ પાસેથી લેવાનો તેમનો હક હતો.

આ સિવાય ત્યાં બીજી હવેલીની જમીન હતી. તે બાદશાહની કહેવાતી. આ જમીન તે તે રાજધાનીઓના શહેરની આસપાસ હતી અને મુસલમાન બાદશાહના મુલકી અને લશ્કરી નોકરોના પગાર વિગેરે પુરા પાડવામાં તે જમીનની ઉપજનો ઉપયોગ થતો હતો. એક અમલદારે એવું લખેલું છે કે "બ્રિટિશ સરકારની સ્થાપના થયા પછી આ હવેલીની જમીનો જમીનદારની સત્તાની જમીન નથી, એમ કહી શકાય. તે જમીન સરકારનીજ ગણાય અને તેમાં મહેસુલ ઉઘરાવવાની જે ગોઠવણ કરવી હોય તે થઇ શકે." પણ તેમણે તે જમીન બ્રાહ્મણોને આપી અને લોકના ઉપર જુલમનો એક મોટો પ્રસંગ ઉભો કર્યો.

જમીનદારીની તેમજ હવેલીની જમીનોમાં પ્રથમથીજ ગ્રામસંસ્થાનો વહીવટ હતો. ગામાતનો વહીવટ એક સાદા સ્વરાજ્યનો વહીવટ હતો જેથી દરેક ખેડુનું જમીનદાર તેમજ બાદશાહીના જુલમથી રક્ષણ થતું. આ પરાપૂર્વની સંસ્થા–મનુના વખતમાં પણ પરાપૂર્વની હતી–વંશોના વંશોની અને બાદશાહતોની ઉથલપાથલોમાં પણ ટકી રહી હતી; એને લીધે લડાઇના પ્રસંગોમાં ગામડાંઓમાં શાન્તિ અને વ્યવસ્થા રહી શકતી હતી; ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના નોકરોને આ સંસ્થા વિલક્ષણ અને સર્વોત્તમ લાગી હતી.

" એક ગામડું એટલે ખેડવાણ અથવા પડતર જમીનના સેંકડો અથવા હજારો એકરનો એક જથ્થો. રાજ્યદૃષ્ટિએ જોતાં એક સમસ્તસંસ્થા. તેના અમલદારો અને નોકરોનું વર્ણન નીચે પ્રમાણે.

" ૧ પટેલ અથવા મુખ્ય માણસ તેનું કામ; ગામની તમામ બાબતોની સામાન્ય દેખરેખ રાખવી, વસતિના કજીઆ ચુકવવા, અને મહેસુલ ઉઘરાવવી. તે માણસ ગામની તમામ વસતિની સ્થિતિથી પુરતો વાકેફ હોવાથી મહેસુલ ઉઘરાવવાના કામને માટે તો સહુથી વધારે લાયકાત ધરવનારો. (૨) દપ્તરી–તેનું કામ હીસાબ રાખવાનું અને ગામની દરેક અગત્યની બાબતની નોંધ રાખવાનું. (૩) તલીયાર અને તોટી, પહેલાનું કામ પોલીસ તરીકે ગુન્હાની ખબર રાખવાનું, મુસાફરોને વળાવું કરવાનું વગેરે: બીજાનું કામ મૉલનું રક્ષણ કરવાનું. (૪) શીમ શેઢા તપાસનાર–એને શેઢાની દેખરેખ રાખવી અને તકરારને પ્રસંગે પુરાવા આપવા. (૫) તળાવ વગેરેનો તપાસ રાખનાર. એનું કામ ખેતીના કામ માટે પાણી વહેંચવાનું (૬) બ્રાહ્મણ ગોર–મહેતાજી (૭) જોશી. (૮) સુતાર લવાર, (૯) કુંભાર (૧૦) ધોબી (૧૧) ગોવાળ (૧૨) વૈદ (૧૩) નર્તકી (૧૪) ગવૈઓ (૧૫) કવિ. આ એક ગામનું કચેરી મંડળ કોઇ ઠેકાણે વધારે પણ હોય, કોઇ ઠેકાણે થોડા પણ હોય. આ બધાં કામો માટે દરેક ગામમાં પાકી ગોઠવણ ખરી.

આ સાદી સ્થાનિક સ્વરાજ્યપદ્ધતિ નીચે લોકો પરાપૂર્વથી રહેતા આવ્યા છે. ગામની સીમોમાં કંઇ ફેરફાર થયો નથી. અને જો કે કેટલીકવાર લડાઇ, દુષ્કાળ કે મરકીથી ગામોને નુકશાન થયાં હશે; વખતે ઉજ્જડ થયાં હશે; પણ ગામનાં નામ તેનાં તે, હદ તેની તે, હિત તેનાં તે, અને કુટુંબો પણ તેનાં તે, યુગો થયાં હજી કાયમ છે. રાજ્યની કે બાદશાહતોની ઉથલપાથલોની વસતિ કાંઇજ દરકાર કરતી નથી. જ્યાં સુધી ગામ આબાદ રહે ત્યાં સુધી બાદશાહત કોની છે અથવા બાદશાહતના હકો કોને જાય છે એ બાબતની તે લોક

કાંઇજ ચિંતા કરતા નથી. તેની આંતરસ્થિતિ કાયમ રહે છે. પટેલ હજી પણ મુખી માણસ છે અને હજી સુધી તેજ એક નાનો સરખો ન્યાયાધીશ, મેજીસ્ટ્રેટ, ઉઘરાતદાર અને જમીન સાંથનાર છે.”

ઉપરનો ઉતારો બહુ અગત્યનો છે. કેમકે તે આપણાં સ્વરાજ્યવાળાં હિંદનાં ગામડાંઓના બંધારણનું યથાર્થ ચિત્ર આપે છે. આ વાત કંઇ પ્રાચીન હિંદરાજ્ય દરમિયાનની નથી, પણ અઢારમા સૈકાની છે. પ્રાચીન સંસ્કૃત પુસ્તકોના આધારે લખવામાં આવેલી નથી, પણ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના નોકરોએ પોતે જાતે તજવીજ અને તપાસ કરીને કમ્પનીના દફ્તર ઉપર નોંધેલા વર્ણનોને આધારે લખવામાં આવેલી છે. આ ઉતારો વંશોના વંશો બદલાઇ ગયા અને બાદશાહતો ઉગી અને અસ્ત પામી, તે બધા કાળની દરમિયાન આપણાં નાનાં સ્વરાજ્યોમાં ગામડાંના લોકો કેવી રીતે રહેતા, ખેડ કરતા અને પોતાને ખપ પૂરતો માલ પેદા કરતા, તે એક દૃષ્ટિપાતથી બતાવી આપે છે. જો ઈંગ્રેજોએ આ જુની સ્થાનિક સ્વરાજ્યસભાઓ કાયમ રાખી તેને સુધારી વધારીને આ સભાઓ મારફતજ રાજ્ય ચલાવ્યું હોત તો સર્વેને સુખકર હતું. પણ બ્રિટિશ રાજ્યના આરંભને વખતે બે કારણોથી આ સંસ્થાઓ નબળી પડવા લાગી. જમીનની મહેસુલમાં જેમ બને તેમ વધારો કરવાની ઇચ્છાથી સરકારે જુદા જુદા ખેડુતો જોડે સાંથ નક્કી કરવાની રીત ધારણ કરી. તેમજ તમામ સત્તા–ન્યાયની અને મુલકી–પોતાના હાથમાં રાખવાની ગેરવાજબી ઇચ્છાથી આ જુનાં ગામડાંઓના અધિકારીઓ, જેમણે પોતાના ગામડાંઓની હદમાં આ સત્તા ભોગવેલી હતી, તેઓને પણ અદૃશ્ય કર્યા, અને પોતાના અધિકારથી ભ્રષ્ટ થયેલી આ **ગ્રામપ્રજા** નષ્ટ થઇ. ઈંગ્રેજોના રાજ્ય વહીવટની અત્યારની ગોઠવણ કેટલીક બાબતોમાં પ્રથમ કરતાં વધારે સુવ્યવસ્થિત છે છતાં તેથી આટલો ગેરફાયદો છે કે તે વધારે સ્વચ્છંદી છે, અને લોકોની સામીલગીરીનો તેમાં અંશપણ નથી.

ઉત્તર સિરકાર.

હવે ઉત્તર સિરકારની જમીનદારી જમીનના વહીવટ ઉપર આવીએ સ. ૧૭૭૮ સુધી આ જમીનની જમા વર્ષો વર્ષ ઠરાવવામાં આવતી પણ સર ટોમસ રમ્બોલ્ડે પહેલીવાર પાંચ વર્ષના પટા કર્યા. ૧૭૮૩ માં વાર્ષિક પટાની જુલમી રીત ફરીથી દાખલ કરી; અને તે પ્રમાણે ૮૬ સુધી ચાલ્યું. પણ તે વરસમાં જમા વધારીને પાછા ત્રણ વરસના પટા કર્યા. ૧૭૮૯ માં પહેલા ત્રણના ને પાછળથી પાંચ વર્ષના પટા કર્યા, અને જમીનદારો પાસેથી તેમની મૂળ ઉપજના બે ભાગ (ત્રણમાંથી) જેટલી જમા લેવાની ઠરાવી. ગંતૂરનું રાજ્ય જે ૧૭૮૮ માં નવુંજ સરકારના હાથમાં આવ્યું હતું, તેના ઉપર આજ પ્રમાણે જમા ઠરાવવામાં આવી.

૧૭૯૪ માં મદ્રાસના ગવર્નર તરીકે લોર્ડ હોબાર્ટ આવ્યા. તેમણે કમ્પનીના મુખી અને તેમની સભાઓ કાઢાડી નાંખી અને જીલ્લે જીલ્લે દેશાધ્યક્ષો (કલેક્ટરો) નીમીને એક મોટો સુધારો કર્યો. તેમના ઉપર મહેસુલસભાની દેખરેખ રાખવામાં આવી. જમીનદારી જમીનોની જમા પૂર્વના ધોરણેજ નક્કી કરવી ચાલુ રહી. લોર્ડ હોબાર્ટ પછી પ્લાસીના યુદ્ધના વિજયી સરદારના પુત્ર લૉર્ડ કલાઇવ આવ્યા અને તેમના અમલ દરમિયાન બંગાળામાં ૧૭૪૩ માં જેવો સ્થાયી બંદોબસ્ત કર્યો હતો તેવો ઉત્તર સિરકારના પરગણામાં ૧૮૦૨ થી ૧૮૦૫ સુધીના વર્ષોમાં કરવામાં આવ્યો. સરકારહક્કનું સામાન્ય માપ ખેડુત પાસેથી વસુલ થતી રકમોનું બે તૃતીયાંશ રાખવામાં આવ્યું હોય એમ જણાય છે.

ઉત્તર સિરકારની હવેલીની જમીનોનો જુદો ઇતિહાસ છે. ૧૭૮૭ માં દેશાધ્યક્ષો નીમવામાં આવ્યા હતા. તેમણે હવેલીની જમીનોની મહેસુલ વસુલ કરવાની બે જુદી જુદી રીતો દાખલ કરી. કેટલીક જગોમાં તેમણે ખેડુતો પાસેથી પરબારી ' વજે ' ઉઘરાવવા માંડી એટલે સરકારહક તરીકે

ઉપજનો અમુક ભાગ લેવા માંડયો. બીજી જગાઓમાં નિયત રકમો માટે જમીનોના ઇજારા આપી દીધા તો પણ સામાન્ય ગોઠવણ એ હતી કે દેશાધ્યક્ષ ગામોના પટેલો જોડે સામટો બંદોબસ્ત કરતા અને આ પટેલો દરેક ખેડુતો સાથે ગોઠવણ કરી લેતા. સને ૧૭૯૪ માં જ્યારે કમ્પનીના પ્રાંતિક મુખીઓ અને તેમની સભાઓ કહાડી નાંખવામાં આવી ત્યારે મહેસુલસભાની દેખરેખ નીચે દેશાધ્યક્ષો જ મહેસુલની વસુલાત માટે જવાબદાર રહ્યા; અને જ્યારે જમીનદારી જમીનના અચળ પટા થયા ત્યારે હવેલીની જમીનોના પણ નાના નાના કટકા કરી એક હજારથી ૫૦૦૦ પેગોડા વાર્ષિક ઉપજ આવે તેટલી જમીનો અચળ જમીનદારીના હકથી જાહેર હરાજી કરીને આપી દીધા. મદ્રાસ શહેરની આસપાસની જમીનની પણ એજ વખતે અચળ જમાબન્દી થઇ ગઇ.

ઉત્તર સિરકાર અને મદ્રાસની આસપાસની જમીનોની જમાબન્દીનો ૧૭૬૫ થી ૧૮૦૫ સુધીનો આ ઇતિહાસ છે. પણ આ અરસામાં બીજો મુલક કમ્પનીના હાથમાં આવ્યો હતો અને હવે આપણે તે તરફ નજર કરીએ.

લોર્ડ કૉર્નવાલિસની ટિપુ સુલતાન સાથેની લડાઇ ૧૭૯૨માં શ્રીરંગપટ્ટણના સંધિથી બંધ પડી. તેને પરિણામે સલેમ અને કૃષ્ણગિરીના અને બારામહાલના જીલ્લાઓ ઇંગ્રેજના હાથમાં આવ્યા. લોર્ડ વેલ્સ્લીની ટીપુ સુલતાન સાથેની છેલ્લી લડાઇઓએ કાનડા, કોઇમ્બતૂર, બાલાઘાટ અને કેટલોક મુલક આપ્યો. ૧૭૯૯ માં વેલ્સ્લીએ તંજાઉર ખાલસા કર્યું, અને ૧૮૦૦ માં કૃષ્ણા અને તુંગભદ્રા વચ્ચેનો બધો મુલક નીઝામ સરકાર પાસેથી ઇંગ્રેજે લઇ લીધો. લોર્ડ વેલ્સ્લીએ આર્કોટના નવાબને સાલીયાણું બાંધી આપી વાનપ્રસ્થ કર્યો; અને તેથી કર્ણાટકનો તમામ પ્રદેશ કમ્પનીના રાજ્યમાં ઉમેરાયો. આમ દશ વર્ષની અંદર, ૧૭૯૨ થી ૧૮૦૨ના અરસામાં, અત્યારના મદ્રાસ ઇલાકાની તમામ ઉમદામાં ઉમદા જમીન ઇંગ્રેજના હાથમાં આવી અને તેની સાથે જમાબંદીની એક નવી રીત ઉદય પામી. જ્યારે બારામહાલના પ્રદેશો કંપનીના હાથમાં આવ્યા, (૧૭૯૨)

ત્યારે લોર્ડ કોર્નવૉલિસે કેપ્ટન રેડ અને બીજા લશ્કરી અમલદારોને તે પ્રદેશોનો વહીવટ સોંપ્યો હતો. આ અમલદારો લોકોની ભાષા અને રીત ભાતથી તે વખતના મુલકી અધિકારીઓ કરતાં વધારે વાકેફ હતા. કેપ્ટન રેડે જે ધોરણે બારામહાલમાં પ્રત્યેક ખેડુ સાથે જમાબંદી કરી તેજ ધોરણ તેના મદદનીશ ટૉમસ મન્રોએ, પાછળથી મદ્રાસના ગવનર સરટામસ મન્રોએ, વિકસાવ્યું અને દાખલકર્યું. જેવી રીતે લૉર્ડ કાર્નવાલિસનું નામ બંગાળાની યાવચ્ચન્દ્રદિવાકરૌ જમાબંદી સાથે જોડાયલું છે, તેવીજ રીતે તેનું (મન્રોનું) નામ મદ્રાસની રૈયતવારી જમાબંદી સાથે જોડાયલું છે.

ટૉમસ મનો ૧૭૮૦ માં હિંદમાં આવ્યો ત્યારે ઓગણીસ વરસનો જુવાનીઓ હતો. તેણે હૈદરઅલી અને ટિપુ સુલતાન સાથેના યુદ્ધોમાં ભાગ લીધો હતો. આગળ જતાં તેણે મરાઠાઓની સાથેના યુદ્ધોમાં નામ કહાડ્યું, અને હિંમત, સામર્થ્ય અને પ્રતેહને માટે બ્રિટિશ પાર્લમેન્ટમાં તેનાં વખાણ થયાં.લોકોના કલ્યાણને માટે પોતાની જીંદગીને અર્પણ કરનાર કમ્પનીના થોડા નોકરોમાં એની ગણત્રી થાય છે; અને તેટલા માટે તેનું નામ બંગાળામાં કૉર્નવૉલિસની પેઠે અને મુંબઇમાં એલ્ફિન્સ્ટનની પેઠે ઉપકારની લાગણી સાથે સંભારવામાં આવે છે.

કેપ્ટન રેડની સાથે બારામહાલમાં કામ કરતી વખતે તેને કમ્પનીના વહીવટની રીતની ખામીઓ માલુમ પડી હતી, અને લોકલાગણીને લીધે તેને ખરા ઉપાયો હાથ આવ્યા હતા.

કર્ણાટકના સંબંધમાં એ લખે છે કે "નવાબની મહેસુલનો મોટો ભાગ ત્રણ અથવા ચાર ટકાની આરતથી મહીને મહીને મદ્રાસ મોકલવામાં આવે છે. કર્ણાટકના કેટલાક ભાગોમાં જે મૉલ વાવ્યો હોય તેને હિસાબે, દર ઠરાવેલા છે. અને દરેક મૉલના દર જુદા. બીજે ઠેકાણે ઉપજનો ભાગ-વગે ભાગ લેવાય છે અને સર્વત્ર પટા વરસ દિવસનાજ હોય છે. જ્યારે સરકાર હકનો આંકડો દાણાના હીસાબે ઠરાવાય છે ત્યારે જમીનની માપણી પણ વર્ષોવર્ષ

થાય છે. મોજણીદ્વારા રિપોર્ટ કરવામાં લાંચથી દોરાય છે અને ખેડુત તેમજ સરકાર સામે હજારો દગા થાય છે. જ્યાં વજે લેવાય છે ત્યાં કાંતો વજેભાગ ખરી કિંમત કરતાં ઘણે ઊંચે ભાવે ખેડુતને જ માથે નાંખી દેવામાં આવે છે, અથવા બજારભાવ મુકરર કરવામાં આવે છેઃ કે જેથી જ્યાં સુધી સરકારી માલ વેચાઇ ન જાય ત્યાં સુધી તેથી નીચે ભાવે કાંઇ વેચાઇજ ન શકે, એવી ગોઠવણ થાય છે. આવી કંગાલ ગોઠવણથી દેશ તરતજ પાયમાલ થઇ જશે એવો વિચાર આવે એ અસ્વાભાવિક નથી. ”

તેજ પ્રમાણે બ્રિટિશ મુલકના સંબંધમાં પણ તે લખે છે કે “ મહેસુલ સભાએ દેશાધ્યક્ષોના પગાર વધારવાની થોડા વખત ઉપર માંગણી કરી હતી, જે સરકારે બહુજ નારાજ થઇને રદ કરી હતી. પણ આમ કરવામાં તેમણે મનુષ્યસ્વભાવના અથવા ખરી રાજ્યનીતિના જ્ઞાનનું તેમનામાં કેવળ અંધારૂં હતું એટલુંજ પ્રગટ કર્યું. કારણકે જ્યારે માણસો એવી સ્થિતિમાં મુકાય છે કે જ્યારે તેમના દેખાતા પગારથી તેઓ કદી સ્વતંત્ર સાધનવાળા થઇ શકેજ નહિ, પણ વાત જણાઇ જવાની બીક વિના લોકને લુંટીને એકદમ શ્રીમંત થઇ શકે, ત્યારે–કયો પક્ષ સ્વીકારવો તે બાબતમાં બહુ વિચાર કરવા જાય, એવા મનુષ્યો એટલા થોડા છે કે તે હિસાબમાં પણ ગણવા ન જોઇએ. પોતાના પગાર કરતાં વધારે ખરચ કરીને રહેનાર દેશાધ્યક્ષો ઘણાં થોડાં વર્ષોમાં મોટું ધન સંપાદન કરતા આપણે રોજ જોઇએ છીએ. આનો રસ્તો બહુજ સાદો છે. જ્યારે નાણાંમાં સરકાર હક અપાય ત્યારે સરકારમાં મોટું પત્રક આપીને ઉપરનું ગજવામાં મૂકે. જ્યારે વજે વસુલ થઇ હોય ત્યાં જમીનની ઉપજ અથવા વેચાણના આંકડા ખોટા બતાવીને ગજવાં તર કરે. દેશાધ્યક્ષો વિદ્વાન્ અને શીલસંપન્ન હોઇને આવા જાળમાં નહિ ઉતરે એમ કહેવું તે નકામું છે. વાસ્તવિક હકીકતજ આવા અનુમાનની વિરૂદ્ધ છે. ”

૧૯૬૪ માં બારામહાલની રૈયતવારી જમાબન્દી પૂરી થઇ.

લખે છે કે–"બારામહાલની માપણી હવે સંપૂર્ણ થઇ છે અને સરકારહકની રકમો નક્કી કરી દેવામાં આવી છે. બારામહાલમાં ખેડુતની સંખ્યા બહુ મોટી છે તેથી વસુલાતની વ્યવસ્થામાં બહુ વિગતવાર ધ્યાન આપવાની જરૂર પડે છે, પણ તેમાં કાંઇ મુશ્કેલી નથી. માત્ર હમેશ ધ્યાન રાખવાની જરૂર છે. અને જો તે આપી શકાય તો દશ બાર મોટા જમીનદારો પાસેથી નાણાં વસુલ કરવા કરતાં સાઠ હજાર ખેડુતો પાસેથી વસુલ કરવામાં દેશને લાભ છે; અને દેશાધ્યક્ષોને માટે સરળતા છે. મારા તાબામાં જે મુલક મુકવામાં આવ્યો છે તેનો સરકાર હક ૧૬૫૦૦૦ પેગોડા હતો. તે, એક વર્ષમાં એક પણ રૂપીયો બાકી રહ્યા વગર અને કંઇ પણ તસ્દી વિના, વીસ હજાર ખેડુ પાસેથી ઉઘરાવ્યો હતો."

આ પત્રમાં જ્યાં વંશપરંપરાના જમીનદારો ન હોય ત્યાં રૈયતવારી રીતે જમાબન્દી બાંધવા તરફ મનરોનો વધતો જતો પક્ષપાત આપણે જોઇએ છીએ. બંગાળા અને ઉતર સિરકાર જેવા પ્રદેશોમાં જ્યાં ચાલતી રીત મુજબ જમીન મોટા જમીનદારોના હાથમાં હતી ત્યાં સરકારે તે રીત ચાલુ રાખી જમીનદારો જોડે બંદોબસ્ત કર્યા. બીજે ઠેકાણે જ્યાં ચાલતી રીત રૈયત પાસેથીજ પરબારો સરકાર હક લેવાની હતી ત્યાં મનરોએ તે રીત ચાલુ રાખી અને રૈયત સાથે પરબારા ઠરાવો કર્યા. બીજે ઠેકાણે સરકાર હકને કાંઇ નિત્ય અને નિયત સ્વરૂપ આપવાની જરૂર હતી, કારણકે ખેતીનો સુધારો અને લોકની આબાદીનો આધાર તેના ઉપર હતો. બંગાળામાં લૉર્ડ કૉર્નવૉલિસે આ સિદ્ધ કર્યું. મદ્રાસમાં સર ટૉમસ મનરોની તેમ કરવાની ઇચ્છા હતી. તેણે તે પ્રમાણે ભલામણ કરી હતી, પણ તેમ થઇ શકયું નહિ. અને દક્ષિણ હિંદુસ્તાનની જમાબન્દીની પદ્ધતિમાં આ વિનાશકારક ખામી રહી ગઇ.

બારામહાલમાંથી મનરોની કાનડે બદલી થઇ, ત્યાં એણે એક વર્ષમાં જમાબન્દીનું કામ પૂરું કર્યું. અને જમાબન્દીનો બંદોબસ્ત જમીનદારો સાથે કર્યો.

તે લખે છે કે " દેશની મહેસુલ નક્કી કરવાના કામ માટે હું લાયક હતો એમ સમજીને મને મોકલ્યો તેથી ના પાડવા જતાં હું મારું કર્તવ્ય નથી

કરતો એવો દેખાવ થવાનો સંભવ હોવાથી હું આવ્યો; હવે જમાબન્દી નક્કી થઇ છે. લડાઈ વિગેરેના કારણથી જ્યાં વિઘ્નમાં પડે છે તે સિવાય બીજે ઠેકાણેથી વસુલાત નિયમસર વસુલ થાય છે તેથી હું ધારૂં છું કે હવે મારૂં કામ પૂરૂં થયું છે. ×

" મારે હાથે થયેલા તમામ બંદોબસ્તો જ્યાં જમીનદારો છે ત્યાં તેમની સાથે, અને જ્યાં તેઓ નથી ત્યાં પરબારા કબજેદાર ખેડુતો સાથે થયા છે. ઉપજ પૂર્ણ ચોકસાઇથી નક્કી કરવામાં આવી છે, કારણકે બન્ને તરફથી હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. કોઇ પણ એવો દાખલો માલુમ પડયો નથી કે જ્યાં સરકારભાગ એક તૃતીયાંશથી વધારે હોય. ઘણે ઠેકાણે પાંચમો અગર છઠ્ઠો ભાગ પણ હતો, અને કેટલેક ઠેકાણે તો કુલ પેદાશના દશમા ભાગથી પણ ઓછો હતો. "

જ્યારે કૃષ્ણા અને તુંગભદ્રાનો મુલક નિઝામ સરકાર પાસેથી ઈંગ્રેજ સરકારને મળ્યો ત્યારે ત્યાં પણ જમાબંદીનો બંદોબસ્ત કરવા સારૂ મન્રોનેજ મોકલ્યો. ત્યાં પણ મનરોએ બાહોશીથી કામ કર્યું અને સંપૂર્ણ ફતેહ મેળવી. પણ સત્તાધીશોના લોભને લીધે લોકોના હકની જોઇએ તેટલી દરકાર તેનાથી ન રાખી શકાઈ. આ બાબત એ એવા સાફ દીલથી કબૂલ કરે છે કે તેના વિરૂદ્ધ ટીકા કરવાનું પણ મન થતું નથી. લખે છે કેઃ—

જો મને એમ ખાત્રી હત કે ઉત્તરોત્તર આવતી મહેસુલસભા ધીમે ધીમે જમા વધારવાની મેં ભલામણ કરી છે તે વાતને ટેકો આપશે તો હું તેને વળગી રહેત. પણ મને તેમ કરવા દેવામાં આવે એવું લાગતું નથી. કારભારીઓના મનમાં હમેશાં પોતાના કારભાર દરમિયાન રાજ્યની ઉપજમાં, અને બને તો, લોકની આબાદીમાં વધારો બતાવવાની ઇચ્છા હોય છે, અને તેથી કરીને મારે પણ મારા ધાર્યા કરતાં વધારે ત્વરાથી ચાલવું પડશે. હું જેમ જેમ વૃદ્ધ થતો જઇશ તેમ નબળો પડતો જાઉં અને ટીકા સહન કરવા અશક્ત થાઉં તો તે સંભવિત છે. જો હું મારા ઉત્તરાધિકારીને માટે જમાબંદી વધારવાનો

અવકાશ મૂકતો જાઉં તો એમ કહેવાય કે મેં વસતિ ને સરકારને છેતરવામાં મદદ કરી. અત્યારે તો કંઈ એકદમ કરી નાંખવાનો મારો વિચાર નથી, પણ રાજ્યમાં નાણાંની તંગીને લીધે મારે કરવું જોઇએ તેના કરતાં રૈયત ઉપર વધારે દબાણ કરીશ. ”

જ્યારે મનોએ ઉપરનો પત્ર લખ્યો ત્યારે એના એક મિત્રનો દાખલો એના મનમાં હતો; જેને મહેસુલ સભાએ કર્ણાટકની જમા બહુ હલકી બાંધવા સારૂ સરકારી નોકરીમાંથી ખસેડવાની તૈયારી હતી. પોતાના અધિકારી ઉપર આવાં ગેરવાજબી દબાણ કરીને કમ્પનીએ પોતાને મળેલી જમીનની મહેસુલ ખેડુતોને બહુ ક્રૂર અને જુલમી લાગે એવી વધારી દીધી હતી.

સાત વર્ષ સુધી આ નવા પ્રાન્તોનો વહીવટ કર્યા પછી મનોએ વિશ્રાન્તિ લેવા સારૂ હિંદ છોડયું. સાત વર્ષની અંદર ૪૦૨૬૩૭ પાઉંડથી ૬૦૬૯૦૬ પાઉન્ડની મહેસુલ એણે બતાવી તેથી સત્તાધીશો તેના ઉપર બહુ ખુશી હતા. સાત વર્ષમાં ૫૦ ટકા જેટલો વધારો! આવાં ફળોથી કમ્પની પોતાના અમલદારોનો તોલ કરતી.

મલબાર.

દરમિયાન બીજા જીલ્લાઓની જમા બીજા અધિકારીઓએ ઠરાવી. મલબાર દેશ કમ્પનીના હાથમાં ૧૭૯૨ માં આવ્યો. અને થોડા વખત સુધી તો તે મુંબઇમાં ઇલાકામાં હતો. મુંબઈ સરકારે પહેલાં મલબારના નાયર સરદારો સાથે દ્વૈવાર્ષિક ઠરાવો કર્યા અને પછીથી પાંચ વર્ષનો ઠરાવ કર્યો. તે રાજાઓ અને નાયર સરદારો ઠરાવેલી મહેસુલ ન આપી શકયા એટલે તેમની પાસેથી જમીન પડાવી લીધી અને તેઓએ બળવો કર્યો. આમ મુંબઇ સરકારનો વહીવટ નિષ્ફળ થવાથી મલબાર ૧૮૦૦ માં મદ્રાસ સરકારને સોંપી દીધો. મદ્રાસના ગવર્નર લૉર્ડ કેલાઇવે ત્યાં દેશાધ્યક્ષો અને તેના તાબામાં બીજા અમલદારો નીમ્યા. જમાબન્દીના ઠરાવો કંઇક જમીનદારો સાથે અને કંઇક

કબજેદાર ખેડુત સાથે કર્યા. પણ હવે રૈયતવારી પદ્ધતિ સત્તાધીશોને અનુકૂલ થઇ પડી હતી અને તે પ્રમાણેજ ઘણે ભાગે જમાબન્દીના ઠરાવો થવા લાગ્યા. અને આથી જે રાજાઓ અને નાયર સરદારો મલબારમાં પરાપૂર્વથી જમીનદારો હતા તેમને ધીમે ધીમે દૂર કર્યા અને આખરે તેઓ અદૃશ્ય થઈ ગયા. ખરી રાજ્યનીતિ પ્રમાણે તો સરકારે તેમને કાયમ રાખવા જોઇતા હતા, અને તેમને બ્રિટિશ સરકારની વફાદાર પ્રજા બનાવી લોકના અગ્રેસર બનાવવા જોઇતા હતા. પણ જેમ બને તેમ વધારે ઉપજ લેવા સારૂ રૈયતની સાથે પરબારી જમા ઠરાવવાની ઇચ્છાએ સરકારની નીતિ ઉપર વરસ જતાં વધારે ને વધારે અસર કરી.

તંજાઊર.

તંજાઊર સને ૧૮૯૯ માં લોર્ડ વેલ્સલીએ ખાલસા કર્યું. આ રાજ્યના ખેડુતો પટ્ટકદાર નામના મુખીની મારફત જમા ભરતા. એક પટ્ટકદારના તાબામાં ૧ થી ૧૨૮ ગામ હતાં, અને ઘણા ખરા પટ્ટકદારો વાસ્તવિક જમીનદારો જ હતા.

બ્રિટિશ સરકારે આમને તદન રદ કર્યા. ૧૮૦૪ માં રૈયતવારી પદ્ધતિ દાખલ કરી. અને જમીનની માપણી કરી પાછલા વર્ષોની કિંમત આંકવાને બદલે સરાસરીને હીસાબે જમા ઠરાવી.

કર્ણાટક.

કર્ણાટકનો વહીવટ પ્રથમ ૧૭૯૨ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને સોંપાયો હતો. અને પછી ૧૮૦૧ માં વેલ્સલીએ એ મુલક ખાલસા કર્યો. આ પ્રદેશનો મોટો ભાગ પાળેગાર (પોલીગાર) નામના લશ્કરી સરદારોના હાથમાં, કેટલીક પેઢીઓથી, અને કેટલેક ઠેકાણે તો, સેંકડો વર્ષોથી હતો.

આ પાળેગાર પ્રથમ તો ગામોના મુખી અથવા તે તરેહના અમલદારો હતા. પણ પાછળથી દક્ષિણમાં થયેલા રાજ્યવિપર્યાયોને અંગે, સત્તાના જે મોટા ફેરફારો થયા તે ફેરફારોમાં તેમની વાસ્તવિક સ્થિતિ, લશ્કરી રાજ્યકર્તાઓની થઈ હતી. એ લોકો પોતાની જાગીરો શા ધોરણથી ધારણ કરતા હતા તેની વિગત તેમની રજુ થયલી સણંદોમાં–નીકળતી ન હતી, પણ તે ઉપરથી આટલું સ્પષ્ટ હતું કે તેઓ બાદશાહના આશ્રયમાં અને કર્ણાટકના સુબાના તાબામાં હતા; અને તેમને તેઓ જમા આપતા, તેમની સવારીમાં જ્યારે જ્યારે તેમને બોલાવવામાં આવે ત્યારે હાજર રહેવાને તેઓ બંધાયલા હતા, અને હકુમતના પ્રમાણમાં પોતાની પાસે લશ્કર રાખવાનો તેમનો હક હતો.

પાળેગારની સ્થિતિ સંબંધે વૉરન હેસ્ટિંગ્સના વખતથી ઘણો પત્ર વ્યવહાર ચાલ્યોછે. કર્ણાટકના નવાબે પોતાની રૈયત ઉપર કાબુ વધારવા માટે આ સ્થાનિક સરદારોનો નાશ કરવા ઘણી વાર ઈંગ્રેજની મદદ માગેલી, પણ અધ્યક્ષસભાને પાળેગારોની સામે નવાબને મદદ કરવા સારૂ બ્રિટિશ સેનાનો ઉપયોગ કરવો બહુ પસંદ પડેલો નહિ હતો. અને તેમણે એવા સ્પષ્ટ અને નિયત હુકમો આપ્યા હતા કે 'પાળેગાર નામના દેશી સરદારોનો વિનાશ ન કરવો,' 'એમને ભયંકર હાલતમાં મૂકવા એ અમને અમાનુષ લાગે છે, 'નવાબનો વહીવટ નરમાશવાળો નથી અને મહેસુલ વસુલ કરવામાં ઘણો જુલમ થાય છે.' એમણે એવી ધાસ્તી પણ બતાવી હતી. કર્ણાટકના લોકોને ઘણાં કષ્ટ વેઠવાં પડે છે એ વાત તેઓ સારી પેઠે જાણતા અને તેની સાથે કર્ણાટકના નવાબનો જુલમ એ મોટામાં મોટું કષ્ટ હતું તેની પણ તેમને ખબર હતી.

૧૭૯૨ માં કર્ણાટકના નવાબ સાથે કૉર્નવોલિસનો સંધિ થયા પછી ૧૭૯૫ ના ખરીતામાં એ સંધિના ધોરણના સવિસ્તર વિવેચનમાં તેઓ ઉતર્યા છે; તે પછી હિંદુસ્તાનમાં ચર્ચા ચાલી અને ૧૭૯૭ માં મદ્રાસના તે વખતના ગવર્નર લૉર્ડ હોબાર્ટે આ પાળેગારને ઉપયોગી રૈયત અને સરકારના ખંડણીદાર

બનાવીને કેવી રીતે રાખવા તેની સૂચનાઓ એક નોંધમાં કરી. ૧૭૯૯ ના જુનની પાંચમીના પત્રમાં સભાએ આ પાળેગારોની લશ્કરી સત્તાનો બિલકુલ નાશ કરવાનો અને તેમની પાસેથી પ્રથમ આપતા તેના કરતાં વધારે ખંડણી લેવાનો આગ્રહ કર્યો.

આ ખરીતાની સહાયતા લઈને મદ્રાસના સત્તાધારીઓ ઇનસાફની હદ વટાવીને ચાલ્યા ગયા. ૧૭૯૯-૧૮૦૦ માં એમણે પાળેગારો સાથે ઠરાવ કર્યા; તેમાં તેમના પોતાના ગામની હદ બહારની તમામ જમીન સરકારે રાખી અને પૂર્વના કરતાં ૧૧૭ ટકા જેટલી વધારે જમા ઠરાવી. દક્ષિણના પાળેગારોએ બળવો કર્યો પણ તે બળવો એકદમ શમાવી દીધો. બળવાખોરોની જાગીરો આંચકી લીધી અને કેટલાકોને દેહાંત દંડ કર્યો. ઠરાવેલી મહેસુલમાં ધીમે ધીમે થોડાં વર્ષ સુધી વધારો કર્યો, અને પછી, કુલ પેદાશના બે તૃતીયાંશ જેટલી રકમ સુધી પહોંચે તે પછી, અચળ થાય એવો ઠરાવ કર્યો. છેવટે દક્ષિણના પાળેગારમાંના જેમની પાસે જાગીરો રહી હતી તેમની સાથે ૧૯૦૩ માં યાવચ્ચન્દ્ર દિવાકરૌ જમાબંદી થઇ. આ જમાબન્દી ૧૭૯૯-૧૮૦૦ કરતાં બહુ માફકસર હતી. કુલ પેદાશના ૪૧ થી ૫૧ ટકા જેટલી જમા ઠરાવવામાં આવી. આવી ચૌદ જાગીરો હતી, તે ઘણે ભાગે તિનેવલ્લી જીલ્લામાં છે. આજ પ્રમાણે શિવગંગા અને રામનદના પાળેગાર સાથે પણ જમાબન્દીના ઠરાવો કર્યા.

૧૮૦૨ માં પશ્ચિમના પાળેગારો સાથે પણ યાવચ્ચન્દ્રદિવાકરૌ ઠરાવો કરવામાં આવ્યા. પણ ચિતૂરના પાળેગારનાં નસીબ નબળાં હતાં. તેઓ બ્રિટિશના હુકની સામે થયા. પોતાના કિલ્લાઓમાંથી તેમને હાંકી કહાડ્યા. તે પછી તેઓ જંગલમાં જઇને રહ્યા. ચિતૂરની સર્વ જાગીરો થોડાક અપવાદ સાથે સરકારે ખાલસા કરી અને ખેડુતો સાથે પરબારી જમાબન્દી બાંધી.

આ બધા વ્યવહાર તરફ આજે સો વર્ષ પછી આપણે જોઇએ છીએ ત્યારે કર્ણાટકના પાળેગારોનો વારતવિક નાશ કરવાની નિર્દય રાજ્યનીતિ માટે શોક થાય છે. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધિષ્ઠાતાઓએ એમની પાસેથી લશ્કરી

સત્તા છિનવી લેવાનો હુકમ કર્યો તેમાં તેઓ વાજબી હતા. કારણ કે રાજ્ય વહીવટની નવીન પદ્ધતિ પ્રમાણે લશ્કરી સત્તા રાજ્યના હાથમાં જ રહેવી જોઇએ. પણ પોતાના રહેવાના ગામની સીમ બહારની તમામ જમીન પડાવી લેવી, તેમના ઉપરની જમા એકદમ બેસુમાર વધારી દેવી, અને તેમનો વાસ્તવિક રીતે વિનાશ કરીને બળવો શાંત કરવો, આ કાંઇ ડાહી કે ઇન્સાફી રાજ્યનીતિ કહેવાય નહિ. તેમણે સત્તરમા અને અઢારમા સૈકામાં દક્ષિણ હિંદુસ્તાનમાં ચાલતી લઢાઇઓના પ્રસંગોમાં પોતપોતાની જાગીરોમાં કાંઇક શાંતિ અને વ્યવસ્થા રાખી હતી; જે વખતે બીજી કોઇપણ વ્યવસ્થિત સત્તા તે પ્રદેશમાં ન હતી તે વખતે તેમણે વણકરોનું અને બીજા શિલ્પીઓનું તેમજ ખેડુતોનું રક્ષણ કર્યું હતું; તેમણે આખા દક્ષિણ હિંદુસ્તાનમાં જમીનને પાણી પાવા માટે મોટાં મોટાં જળાશયો બાંધ્યાં હતાં, અને નેહેરો ખોદાવી હતી; અને ફ્રેન્ચ સાથેની પહેલી કર્ણાટકની લડાઇઓમાં જ્યારે મદ્રાસ ઇંગ્રેજોના હાથમાંથી છૂટી ગયું હતું તે વખતે તેમણે ઇંગ્રેજોને શરણ આપ્યું હતું. જો પાળેગારો તોફાની અને જુલમી હતા તો તે તો સત્તરમા અને અઢારમા સૈકામાં એશિયા અને યુરોપના બધા સરદારોનો અને ઉમરાવોનો સામાન્ય સ્વભાવ હતો. ડાહ્યા નીતિનિપુણ રાજ્યપુરૂષો તો તેમને 'નિર્મૂળ કરવા' કરતાં વ્યવસ્થાસર કરવાનું વધારે દુરસ્ત ધારે. કોઇપણ સરકારને માટે દેશની જુની સંસ્થાઓ બદલાવવામાં ડહાપણ નથી. એક પરદેશી સરકારને માટે ખેડુતોની સાથે પરબારો ઠરાવ કરવાથી ઉપજ વધે તેટલા સારૂ એક આખા વર્ગને નાબુદ કરવો અને તેના માલકીના હક જપ્ત કરવા એ અનુચિત છે.

મદ્રાસમાં લોર્ડ વેલ્સ્લીએ ચલાવેલી રીતિ, લોર્ડ કૉર્નવૉલીસે બંગાળામાં ચલાવેલી રાજ્યનીતિને મુકાબલે અત્યંત અનુચિત જણાશે. લૉર્ડ કૉર્નવૉલીસે બંગાળાના ખેડુત વર્ગને વંશપરંપરાના જમીનદારોના તાબામાં રહેતા જોયા, અને તેમણે જમીનદારી પદ્ધતિને બળવાન કરીને કાયમ કરી. લોર્ડ વેલ્સ્લીની સરકારે કર્ણાટકનો મોટો ભાગ પાળેગારની સત્તામાં જોયો, પણ

લોકોને પોતાની અપરોક્ષ સત્તા નીચે લાવવા માટે તે પાળેગારોને નિર્મૂળ કર્યા. લોર્ડ કૉર્નવૉલીસે એક પ્રાચીન સંસ્થાને માન આપ્યું અને તે દ્વારા તેણે બંગાળામાં, સુખી અને અનુરક્ત એવો એક મોટો મધ્યમ વર્ગ સાચવી રાખ્યો. લોર્ડ વેલ્સ્લીની રાજ્યનીતિએ આ વર્ગનો નાશ કર્યો, અને બ્રિટિશ રાજ્યને સો વર્ષ થઇ ગયાં તો પણ હજી તેવો વર્ગ ઉત્પન્ન થયો નથી. હજી સુધી ખેડુત અને પરદેશી સરકારને જોડનારી સાંકળ રૂપ સુખી બળવાન અને વગદાર મધ્યમ વર્ગ મદ્રાસમાં જન્મ્યો નથી.

લોર્ડ વેલ્સ્લીની મદ્રાસ સરકારની રાજ્યનીતિ, થોડાં વર્ષ ઉપર ફ્રેન્ચરેવોલ્યુશનને પ્રસંગે ફ્રાન્સમાં ચાલેલી રાજ્યનીતિને મળતી હતી. ત્યાં પણ ઉમરાવ વર્ગના તમામ હકો જપ્ત કરી લેવામાં આવ્યા હતા. પણ ફ્રાન્સમાં ઉમરાવોના હાથમાંથી જે ગયું, તેથી ફ્રાન્સની પ્રજાને લાભ થયો. મદ્રાસમાં પાળેગારના હાથમાંથી જે ગયું તેનો લાભ એક પરદેશી વેપારીની કમ્પનીને થયો. પોતાની હકુમત નીચેની રૈયત પાસેથી પાળેગારો જે હકો વસુલ કરતા તેનાં નાણાં દેશમાંજ વપરાતાં, અનેક દ્વારોથી લોકના હાથમાંજ પાછાં જતાં અને તેથી તેમના વેપાર રોજગાર અને શિલ્પને લાભ થતો. પાળેગારોનો વાસ્તવિક વિનાશ કર્યા પછી કમ્પનીને જે ઉપજ આવી તેમાંથી વહીવટનું ખરચ બાદ કરતાં જે વધે તે પરદેશી વેપારીઓના નફા તરીકે પરદેશ ચઢી જવા લાગ્યું. કમ્પનીનો એક સહુથી વધારે સમર્થ અધિષ્ઠાતા લખે છે કે રૈયતવારી જમાબન્દીનો હેતુ-સાંથના રૂપમાં જમીનમાંથી વધારામાં વધારે મળી શકે તે સરકારને લેવું, એજ છે, એ વાતની ના કહી શકાય તેમ નથી; તેમ તે વાત છુપાવી શકાય તેમ પણ નથી.+

મદ્રાસની મહેસુલના ઉપરના વર્ણનની તારીજ નીચેના કોઠા ઉપરથી જણાશેઃ—

+ હેનરી સેન્ટ જોન ટકર, ઇન્ડિયન ગવર્નમેન્ટની અરજીઓ લન્ડન ૧૮૫૩ પાનુ ૧૧૩.

અચળ જમાબન્દીવાળા.

જમીન.	વર્ષ.
મદ્રાસની આસપાસની જમીન.	૧૮૦૧
ઉત્તર સિરકાર.	૧૮૦૨-૫
સલેમ પશ્ચિમના પાળેગારની જાગીરો, ચિતૂરના ,, ,, દક્ષિણના ,, ,,	૧૮૦૨-૩
રામનદ	૧૮૦૩-૪
કૃષ્ણગિરિ.	૧૮૦૪-૫
ડિંડિગાલ	૧૮૦૪-૫
ત્રિવેન્દ્રપુર જયગિરિ	૧૮૦૬-૭

યાવચ્ચંદ્રદિવાકરૌ નહિ એવા.

મૈસૂર.	મલબાર-કાનડા, કોઇમ્બતૂર. આવેલા પ્રાન્તો, બાળાઘાટ
કર્ણાટક	પાલનદ, નેલોર-અન્ગોળ,-આરકોટ, સતીવાડ, ત્રિચિનાપલ્લી, મદૂરા, તિનેવલ્લી.

ઉપરથી જણાયું હશે કે જેમ જેમ જમીનદાર, પાળેગાર, પટેલીઆઓ વગેરેની સાથે જમાબન્દીના ઠરાવ કરવાનું મદ્રાસમાં અનુચિત ગણાતું ગયું, તેમ તેમ રૈયત એટલે ખેડુ સાથે પરબારા ઠરાવ કરવાની રીત અનુકૂળ લાગવા માંડી. હવેનાં પ્રકરણોમાં રૈયતવારી પદ્ધતિનો આ ઇલાકામાં છેવટને માટે સ્વીકાર થયો એ વાત વર્ણવાશે.

પ્રકરણ ૪ થું.

ગ્રામ સંસ્થાઓ કે વ્યસ્ત ખેડુતો.

મદ્રાસમાં ચર્ચા ૧૮૦૭-૧૮૨૦.

છેલ્લા પ્રકરણમાં ૧૮૦૭ સુધીમાં જે જીલ્લાઓની જમાબન્દી મુકરર થઇ હતી તેનો કેઠો આપ્યો છે. કેટલાકની અચળ જમાબન્દી થઈ હતી; કેટલાકની વાર્ષિક હતી. હવે વાર્ષિક જમાબન્દીવાળા જીલ્લાઓમાં કેટલી મુદતના પટા કરવા એ સવાલ ઉત્પન્ન થયો.

(૧) બંગાળામાં લોર્ડ કૉર્નવૉલિસે દાખલ કરેલી અચળ જમીનદારી જમાબન્દી અહીં દાખલ કરવામાં આવશે? કે (૨) સરટોમસ મન્રો વાળી અચળ રૈયતવારી જમાબન્દી દાખલ કરવી? કે (૩) મદ્રાસની મહેસુલ સભાએ ઠીક માનેલી અચળ મોજેવારી જમાબન્દી કાયમ કરવી? આ અગત્યના સવાલો ઉપર થયેલી ચર્ચા આપણા આર્થિક ઇતિહાસમાં એક બહુ રસિક પ્રકરણ છે.

૧૮૦૭ માં ટોમસ મન્રોએ વિલાયત જતાં પહેલાં અચળ રૈયતવારી જમાબન્દીની ભલામણ કરનારો પ્રસિદ્ધ રિપોર્ટ લખ્યો હતો તેમાં કુલ પેદાશના ૪૫ ટકા જેટલી સાંથ જે ઠરાવેલી તે એને ભારે પડતી લાગેલી, તે બતાવી, તેમાંથી ચોથો ભાગ ઓછો કરવાની તેણે ભલામણ કરી અને તે પછી આ જમાબન્દી–અચળ–યાવચ્ચન્દ્રદિવાકરૌ–કરવાની તેણે હિમાયત કરી હતી. તે લખે છે કે "મિલકતનો વિનાશ કર્યા સિવાય વધારેમાં

વધારે પેદાશનો એક તૃતિયાંશ સરકાર હક તરીકે લઇ શકાય; તેમજ જે લોકો ખેડુત નથી, તેઓ એજ સરતે નુકસાન ખમ્યા વગર જમીનનો ભોગવટો કરી શકે. આથી મારો અભિપ્રાય એવો થાય છે કે સરકાર હકની આ મર્યાદા જ્યાં સુધી આપણે ન બાંધીએ ત્યાં સુધી વસતિના બધા વર્ગો જમીન રાખી શકશે નહિ, અને ત્યાંસુધી એ ખાનગી મિલકત પણ થઇ શકશે નહિ. તેમજ લોકની સ્થિતિ અને સરકારની ઉપજ વધારી શકે તેવો 'અચલ જમાબન્દીનો' બંદોબસ્ત પણ થઇ શકશે નહિ. તેટલા માટે હું ધારૂં છું કે આવેલા પ્રાન્તોમાં કુલ પેદાશના ત્રીજા ભાગ જેટલો સરકાર હક ઠરાવવો અને અચળ બંદોબસ્ત કરવો. અત્યારે ૪૫ ટકા છે એને આ ભૂમિકામાં લાવવા માટે ચોથા ભાગનો હક માફ કરવો પડશે.

હવે આ જીલ્લાઓનો અચળ બંદોબસ્ત શી રીતે કરવો તે હું બતાવું:-

૧ બંદોબસ્ત રૈયતવારી કરવો.

૨ ખેડવાણ જમીનના વિસ્તાર પ્રમાણે જમાનો આંકડો વર્ષો વર્ષ વધારવો ઘટાડવો.

૩ માપણીના જમાના દરમાં ૨૫ ટકાનો ઘટાડો કરવો.

૪ કુવેતર જમીનમાં અથવા જ્યાં નદી અને નાળાંમાંથી મહેનત કરીને પાણી પવાય છે, ત્યાં આ ઉપરાંત બીજા આઠ ટકા (જુમલ્લે ૩૩ ટકા) પૂરતો ઘટાડો કરવો; એવી સરતે કે ખેડૂતો કુવા અને બન્ધો પોતાને ખરચે સારી સ્થિતિમાં રાખે. એજ પ્રમાણે જ્યાં નાનાં નાનાં તળાવોમાંથી પાણી પવાય છે ત્યાં જો ખેડુતો સમાર કામનું ખરચ પોતાને માથે રાખે તો તેટલો ઘટાડો કરવો.

૫ વર્ષ આખર દરેક ખેડુતને પોતાની સ્થિતિના પ્રમાણમાં જમીન વધારવા કે મૂકી દેવાની છૂટ આપવી; પણ એ જમીન રાખે કે મૂકી દે પણ તેને જમીનની પસંદગી કરવાનો હક આપવો નહિ. સારી અને

નરસી જમીનનો પ્રમાણમાં સરખો ભાગ એણે રાખવો કે મૂકી દેવો જોઇએ.

૬ દરેક ખેડુત જ્યાં સુધી જમીનનો સરકાર હક આપે જાય ત્યાં સુધી તે તેની જમીનનો સંપૂર્ણ માલિક ગણાવો જોઇએ; અને તે જમીન તે બીજા ખેડુતને મરજીમાં આવે તેટલી સાથે ખેડવા આપી શકે. અને મરજીમાં આવે તો વેચી પણ શકે.

૭ સાધારણ પ્રસંગે પેદાશ નબળી આવે અથવા અકસ્માત્ થાય તો તેને સરકાર હકની માફી આપવામાં આવશે નહિ. કાચી આશામીઓની મીલકત અથવા જમીનમાંથી એ સરકાર હક વસુલ થઇ ન શકે તો ગામ લોકો પાસેથી તે વસુલ લેવો. પરંતુ તેવી રીતે આખા ગામ ઉપર પડતી રકમના દશ ટકા કરતાં વધારે આપવાને તેઓ બંધાયલા નથી.

૮ પડતર જમીન સરકારના હાથમાં રહે અને તેમાંથી ખેડવાણ થઇને જે ઉપજે તે સરકાર દાખલ થાય.

૯ ઘર દુકાન બંધાના વેરા તેમજ જકાત તથા પરચુરણ ઇજારાની તમામ ઉપજ સરકારની ગણવી. જે રૈયતની જમીન ઉપર ઘર અથવા દુકાનો બંધાય, તે રૈયતને તે ઘર કે દુકાનોનું ભાડું લેવાનો હક છે પણ તેમનાથી જમીન ઉપર માપણી પ્રમાણે જે દર ઠરાવ્યો હોય તેના કરતાં વધારે ભાડું લઇ શકાય નહિ.

૧૦ જે તળાવો વિશેષ માફીથી ખાનગી મિલકત ન થયાં હોય તે સરકાર ખરચે સમરાવવાં.

૧૧ તગાવી આપવી ધીમે ધીમે બંધ કરવી.

૧૨ પટેલ કરનમ વિગેરે ગ્રામાધિકારીઓ અત્યાર સુધી જેમ હતા, તેમજ પણ દેશાધ્યક્ષ (કલેક્ટર) ના તાબામાં રહે.

૧૩ ખાનગી લેણદારો જો રૈયતની મીલકત ઉપર ટાંચ લાવે તો તેમણે રૈયતનો સરકાર હક આપવો, અને ટાંચ લાવતાં પહેલાં તેની પાસે સરકાર હકના જમાન લેવા.

એના પ્રણેતાના અભિપ્રાય પ્રમાણેની રૈયતવારી બંદોબસ્તની યોજનાની બરાબર સમજણ પડવા માટે આટલા લાંબા ઉતારા જરૂરના જણાયા છે. ટૉમસ મન્રોની ઇચ્છા છુટા છુટા ખેડુતો સાથે ઠરાવ કરવાની, તે ઠરાવ નિત્ય કરવાની અને ખેડવાણ જમીનના વધારા ઘટાડાના પ્રમાણમાં વધઘટ થઇ શકે તેવી રીતે ઠરાવ કરવાની હતી.

લૉર્ડ વિલ્યમ બેન્ટિન્ક ૧૮૦૩ માં લૉર્ડકલાઇવની પછી મદ્રાસનો ગવર્નર થયો તેનો પણ તેજ અભિપ્રાય હતો. સને ૧૮૦૬ માં એક નોંધમાં તે લખે છે કે " જમીનદારી બન્દોબસ્ત બંગાળને ઇષ્ટ હતો, કારણ કે ત્યાં વંશપરંપરાના જમીનદારો હતા, પણ મદ્રાસના જે ભાગોમાં તેવા જમીનદારો નહોતા ત્યાં તેવો બન્દોબસ્ત ઇષ્ટ નહોતો.

" મને ખાત્રી છે કે નવા જમીનદારો ઉભા કરવામાં સરકારનું કે રૈયતનું હિત નથી. યાવચ્ચન્દ્રદિવાકરૌ બન્દોબસ્ત કરવાના ધોરણની હું જરાપણ વિરૂદ્ધ નથી. હું તે ધોરણનો ભક્ત છું, અને તે ધોરણ આ તેમજ દુનિયાના બધા ભાગોને માટે ઇષ્ટ છે. "

તેજ વર્ષમાં એક બીજી નોંધમાં તેઓ લખે છે કે જો નિયમિત ધોરણો પ્રમાણે ખેડુને એક વર્ષની મહેનતનું પૂરું ફળ મળે તેવી રીતે વાર્ષિક ઠરાવો કર્યાથી આટલા બધા નિઃશંક ફાયદા થયા છે તો હું ધારૂં છું કે તેજ ધોરણ ઉપર રચેલા રૈયતને વધારે લાભ મળે તેવી રીતે કરેલા યાવચ્ચન્દ્રદિવાકરૌ ઠરાવો વધારે પ્રમાણમાં પ્રાયદાકારક થશેજ.

ઉપરના ઉતારા ઉપરથી જણાશે કે મનો તેમજ બેન્ટિન્કે જ્યારે રૈયતવારી બન્દોબસ્ત કરવાની હિમાયત કરી ત્યારે યાવચ્ચન્દ્રદિવાકરૌ ઠરાવો કરવાનું ધોરણજ તેમના મનમાં હતું. મનો વિલાયત ગયો તે પછી છએ વર્ષે એટલે

૧૮૧૩ માં કમ્પનીનો પટો તાજો કરવાના પ્રસંગે દિવાને આમની કમિટી આગળ તેની જુબાની લેવાઈ હતી, તે વખતે તેણે કમિટી આગળ એનાથી બન્યું તેટલો ભાર મૂકીને સરળતાથી અને નિશ્ચયથી એજ ધોરણનું પ્રતિપાદન કર્યું છે અને અચળતાના સંબંધમાં રૈયતવારી અને જમીનદારી બન્દોબસ્ત વચ્ચે કંઇ તફાવત નથી, પણ ફેર એટલોજ કે રૈયતવારી પદ્ધતિથી ખેડવાણ જમીન જેમ વધતી જાય તેમ તેમ સરકાર ઉપજ વધતી જાય, એમ સ્પષ્ટ કર્યું છે.

ઉપરથી આટલું સાબિત થાય છે કે મનોના મનમાં રૈયતવારી જમાબન્દી ખેડવાણ જમીનના વધારાના પ્રસંગ સિવાય સ્થિર કરવાની વાત હતી; એટલે સ્થિરતાના સંબંધમાં તો કૉર્નવૉલિસ અને મનો વચ્ચે આ સિવાય બીજો ફેર ન હતો. આ વાત ખાસ કરીને ધ્યાનમાં રાખવાની જરૂર છે. કારણ કે હાલમાં મદ્રાસની સરકારે નિયત અચળ અને સ્થિર જમાબન્દીના રૈયતના હક ઉપર પાણી ફેરવીને, મનોની રૈયતવારી જમાબન્દીના મૂળ તત્વોનો જ અનાદર કર્યો છે.

મનોને સ્થિર જમીનદારી બન્દોબસ્ત અપ્રિય થયો હતો, અને સ્થિર રૈયતવારી બન્દોબસ્ત ઇષ્ટ માન્યો હતો; ત્યારે મદ્રાસની વસુલાતીસભા સ્થિર મોજેવારી જમાબન્દીની યોજનાની હિમાયત કરતી હતી. મનોના ૧૫ મી ઑગસ્ટ ૧૮૦૭ ના પત્રના સંબંધમાં તે લખે છે કેઃ—

૨૯. મનોની આ યોજના આ જીલ્લાઓને લાગુ છે એટલુંજ નહીં પણ બીજાઓને પણ લાગુ પડે છે; અને સરકારની નાણાંની સ્થિતિ એમના અભિપ્રાય પ્રમાણે ૨૫ ટકા અથવા ૧૫ ટકા જેટલી પણ માફી આપવાને શક્તિવાન હોય તો અમને તે ઘણું ઇષ્ટ છે, અને પરિણામે ઘણું લાભદાયક છે. રૈયત પાસે જેમ થોડું લઇએ તેમ તેની સ્થિતિ વધારે આબાદ થાય એતો નિર્વિવાદ છે.

૩૦. પણ સરકારની આવશ્યકતાઓને લીધે આપણે આટલો મોટો ભોગ આપવાને તૈયાર ન હોઇએ અને એકદમ ખાનગી મિલકતનો હક રૈયતને આપણે આપી શકીએ તો ઇજારાની પદ્ધતિ જેટલો આપવો જોઇએ. જો આપણે સરકાર હકનો અમુક ભાગ મુકી દેવાને તૈયાર ન હોઇએ તો પછી આપણે માલિક તરીકે મીઠા થવું જોઇએ.

૩૧. આ પરિસ્થિતિમાં રૈયતવારી પદ્ધતિને બદલે મિ. હોલમીને બતાવેલી ગામવારી બન્દોબસ્તની પદ્ધતિ સરકારની ઉપજ અને રૈયતની આબાદી બન્નેને સંભાળે એવી અમને લાગે છે.

૩૨. દરેક ગામ એક નાનું સરખું સ્વરાજ્ય છે; અને ભારત વર્ષ આવાં અનેક સ્વરાજ્યોનું બનેલું છે. લોકો લડાઈના વખતમાં પોતાના પટેલ ઉપરજ આધાર રાખીને રહે છે. સામ્રાજ્ય સત્તાનું ગમે તે થાય તેની તેમને કાંઇ દરકાર નથી અને ગામો તો અભંગજ રહે છે. ગામો કઇ સત્તાના હાથમાં ગયાં કે કોને વારસામાં ઉતર્યાં, તેની તેમને કંઇજ ગણત્રી નથી; અને ગામની અંતર વ્યવસ્થા એમની એમ ચાલી જાય છે. ગામનો મુખી તે હમેશાં વસુલાતી અધિકારી, ફોજદારી ન્યાયાધિશ અને મુખ્ય ખેડુત તરીકે કાયમજ રહે છે.

૩૯. મનુના દિવસોથી તે આજ સુધી જમાબન્દીના ઠરાવો આ પટેલની સાથે અથવા તેમની દ્વારા કરવામાં આવે છે. જો મહેસુલનો આંકડો ઉંચો ન થાય અને પટેલ તેને અનુમોદન આપે તો પછી તેજ રૈયત સાથે બંદોબસ્ત કરી લેવાનો; તે નીચો હોય અને મુખી વધારો કરવાનું કબૂલ ન કરે, તો અમલદાર તેની સમક્ષ રૈયત સાથે ઠરાવ કરે. આ પદ્ધતિ કામની કસોટી ખમી શકી છે, અને તે પદ્ધતિ નીચે આખા પ્રાન્તોના પ્રાન્તોમાં ઉંચા પ્રકારની ખેતી ચાલે છે, તેથી ખેતીનો ઉત્કર્ષ કરવામાં ખરેખર ઉપયોગી છે તેમાં સંદેહ નથી.

મદ્રાસની સરકારે વસુલાતની સભાને સ્થિર જમાબન્દી કરવાના પૂર્વરૂપ તરીકે નવા જીલ્લાઓમાં ત્રણ વર્ષની જમાબન્દી કરવાનો અધિકાર આપ્યો.

ત્રણ વર્ષ પૂરાં થયા પછી તેમણે અધ્યક્ષસભાને દશ વર્ષના પટા કરવાની અને તેમની મંજૂરીની સરતે તે પટા કાયમ–યાવચ્ચન્દ્રદિવાકરૌ–કરવાની દરખાસ્ત કરી.

પણ અચળ જમાબન્દીના વિચારથીજ હવે અધિષ્ઠાતાઓ ચમક્યા. અને દશ વર્ષના પટા કરવાની બાબતમાં વસુલાતસભા ઉપર અધિકાર વિના ચાલ્યાનું તોહમત મૂકયું અને હુકમ કર્યો કેઃ–

જે પ્રાન્તોમાં હજી સુધી પાકા ઠરાવ ન થયા હોય ત્યાં રૈયતવારી પદ્ધતિનું ધોરણ ગ્રહણ કરવું, અને તે સિવાય બીજા કોઇ ધોરણ ઉપર ગામની સાથ નક્કી થઇ હોય ત્યાં, જે મુદત માટે તે ઠરાવ કરવામાં આવ્યો હોય તે મુદત વીત્યા બાદ તે ઠરાવ બંધ પડશે, એમ જાહેરનામું કાઢવું.

અધ્યક્ષસભાના આ ઠરાવ સામે મદ્રાસની સરકારે વાંધો લીધો. લખ્યું કેઃ–

ખેતી, પ્રજાનાં ધન અને આબાદીનો પાયો ગણાય છે, અને ખેતીના સુધારા વધારા માટે જમીન ઉપર સરકાર હકની મર્યાદા બાંધવી જરૂરની ગણાય છે. આવી મર્યાદા બાંધવાથી સરકારને નુકસાન થશે એમ કદી ન મનાય, કારણ કે તે વિના ખેતીમાં સુધારો વધારો થઇ શકે નહિ, અને દેશની સાધન સંપત્તિ પણ વધે નહિ..... ઉપરના શબ્દો લખતાં 'અચળ ઠરાવનું' એક કોશ-નીતિના સવાલ તરીકે જ અમે વિવેચન કર્યું છે; પણ બીજી રીતે એ આવશ્યક છે, એમ બતાવવામાં કાંઇપણ મુશ્કેલી નથી. ઉઘાડું છે કે આ યોજનાથી *ખેતીના ધન્ધાવાળી રૈયતને આપણી* રાજ્યસત્તાની સ્થિરતામાં ઊંડુ અને અચળ હિત બંધાશે.

વળતા વર્ષમાં મદ્રાસની સરકારે અચળ મોજેવારી–ગામવારી–જમા-બન્દીના પક્ષમાં અને અચળ રૈયતવારી જમાબન્દી વિરૂદ્ધ વધારે છટાદાર વિનંતિ અધ્યક્ષસભાને કરી.

" જો અચળ ઠરાવનું પ્રાથમિક સાધ્ય એ હોય કે લોકોને પોતાનાં કામ-કાજ અમલદાર કરતાં પોતાની મેળે વધારે સારી રીતે સંભાળી શકશે એવા

અભિપ્રાયથી તેમને તે વહીવટ કરવાનો હક આપવો, તો રૈયતવારી જમાબન્દીથી એ હેતુ કેટલો થોડો સધાશે ! જેમના હાથમાંથી એ વહીવટ લઇ લઇને એમને આપવાનો વિચાર છે, તેમનાજ હાથમાં કેટલે સુધી એ વહીવટ હજી પણ રહેશે ? આ પધ્ધતિ જે ઉઘાડી રીતે જમીનના માલિકોના હક હિતનું રક્ષણ કરવા સારૂ પસંદ કરવામાં આવી છે, તેમાં કાંઇ સામાન્ય કે વિશેષ, અરસાની સુલતાનીના કારણથી, આળસથી કે ગેરવ્યવસ્થાથી જો કોઇવાર તેઓ ખેતી કરી શકે નહિ, તો જ્યારે જ્યારે તેમ થાય ત્યારે ત્યારે તેમનો હક સરકાર દાખલ થાય, એ હકીકત બહુ વિચિત્ર લાગે છે. ખરેખર જો ખેડુતો વાસ્તવિક રીતે જમીનના માલિક છે, તો આના કરતાં બીજો વધારે જુલમી ઠરાવ અમે ધારી શકતા નથી.

" જે જમીન એ છોડે અથવા રાખે તેમાં માપણીનો દગો થાય તેના જોખમોથી તેનો બચાવ નથી. અને જો આ જુલમી રીતથી બચવાને માટે પોતાના કટકામાં કાંઇ ફેરફાર ન કરે તો ખેતીનું કામ કાજ, જળાશયનાં સાધનો, તગાવીની વહેંચણી, અરસાની સુલતાની માફ કરવાની સત્તા તે બધું એવા માણસોના હાથમાં રહેશે કે જેમને તેની મિલકતમાં કંઇ સ્વાર્થ ન હોય, અને તેની લાગણી સાથે કંઇ અનુરાગ ન હોય. અમને તો એમ લાગે છે, કે જ્યાં મુકેલા વિશ્વાસનો, સ્વાર્થના કારણથી દુરૂપયોગ થવાનો સંભવ નથી, ત્યાં વિશ્વાસ મુકવો એ વધારે સારૂ છે; અને સરકારી અમલદારોની નિરૂપયોગી અને દુનિર્ણીત મદદના બોજા વિના, અથવા તેમના જુલમ અને લોભની ધાસ્તી વિના, લોકોને પોતાની મેળે પોતાના દેશમાં સુધારો કરવાના માર્ગ ઉપર મુકવા તે અમને વધારે કલ્યાણકારક લાગે છે. ગમે તેમ, પણ અમને ખાત્રી છે, કે કર્નલ મન્રોએ સૂચવેલી રૈયતવારી પદ્ધતિને અચળ જમાબન્દીનું નામ આપવું ઘટતું નથી, પણ ઉલટું તેને લીધે જમીનની મહેસુલ અને જમીનની માલિકી પ્રથમના જેવીજ અનિશ્ચિત રહે છે. અને લોકોના ઉપર સરકારની

અમલદારોની ચિકિત્સા અને દરમિયાનગીરી એવી જ રહે છે, કે જેની નીચે કોઇપણ ખાનગી મિલકત આબાદ થઇ શકે નહિ.

" હિંદુસ્તાનની જમીનની મહેસુલના સંબંધમાં જે અભિપ્રાય અહીંઆં અને ઈંગ્લંડમાં હાલમાં બંધાયલા છે, તેમાં મોટો તફાવત એ માલુમ પડે છે કે ઈંગ્લંડમાં એવી ધાસ્તી રાખવામાં આવે છે કે લોકોની સંપત્તિ ઉપરના સરકારના હક લોકોની આબાદી સાથે વધી શકશે નહિ; પણ અહીંઆં સર્વનો નિરપવાદ અભિપ્રાય એ છે કે સરકાર હકને લીધે લોકની-દેશની-આબાદી એટલી ઓછી થઇ ગઇ છે કે અત્યંત ઉદાર અને ન્યાયશીલ વહીવટ વિના દેશનાં સાધનો ત્વરાથી વધશે તો નહિંજ પણ ઉલટાં છેક ઉતરી જશે. અમારો આ અભિપ્રાય જેટલા અને તેટલા ભારથી અત્રે આપની સમક્ષ મૂકવા માગીએ છીએ. અમે આપના ડહાપણને, આપની ન્યાયબુદ્ધિને, આપની દયાની લાગણીને, આ વચનો કહીએ છીએ. એની સાથે આપની સરકારની રાજ્યવ્યવસ્થાની કૃતેહ જેટલી જોડાયલી છે તેટલે જ દરજ્જે તેમાં એક વિસ્તૃત દેશની આબાદ અને સંખ્યાબંધ વસતિના કલ્યાણનો સવાલ સમાયલો છે. આ દેશ ઉપર કુદરતની કૃપા છે. હવે, તે અંદરના તથા પરદેશીઓ સાથેના વિગ્રહથી મુક્ત છે, અને જો માત્ર સરકાર પોતાના હક માફકસર કરે તો તે શ્રીમંત અને આબાદ થવાની અણી ઉપર છે. આ મોહોટાં ફળની પ્રાપ્તિને મુકાબલે તેમને માટે જે કાંઇ ભોગ આપવા પડે તે કાંઇજ ગણત્રીમાં નથી. ×

રૈયતવારી અને મોજેવારી પદ્ધતિના સવાલનો નિર્ણય થોડા વખત સુધી હવે મુલતવી રાખવામાં આવ્યો, કારણ કે ન્યાયખાતાના અને વહીવટ ખાતાના કેટલાક સુધારાની બાબતમાં તરત ધ્યાન આપવાની જરૂર હતી. સાત વર્ષ સુધી હિંદમાં શ્રમ લીધા પછી મનરો સાત વર્ષ ઈંગ્લંડમાં રહ્યો હતો, તેટલામાં ન્યાયપદ્ધતિના વિષયમાં તપાસ કરવા સારૂ એક કમિશનના વડા તરીકે તેને પાછો હિંદુસ્તાન મોકલવામાં આવ્યો. સને ૧૮૧૪ ના સપ્ટેમ્બરની ૧૬ મીએ તે મદ્રાસ પહોંચ્યો. ન્યાયપદ્ધતિમાં તેણે કેવા સુધારા કર્યા અને સ્વદેશી-

ઓને જવાબદારીની જગાઓમાં દાખલ કરવાને તેણે શું શું કર્યું તે આગળ ઉપર વર્ણવાશે. મરાઠા વિગ્રહમાં પોતાની બહાદુરીની સાથે **સ્વદેશીઓ** ઉપર વિશ્વાસ મૂક્યાથી તેણે કેવું પરાક્રમ કર્યું હતું તે આ પુસ્તકમાં અસ્થાને છે. મરાઠા વિગ્રહનો અંત આવ્યા પછી ૧૮૧૯ માં મન્રો વળી ઇગ્લંડ ગયો, અને હવે જમીનની મહેસુલનો સવાલ નિર્ણય માટે આવ્યો.

મદ્રાસની મહેસુલસભા હજી મોજેદારી પદ્ધતિના પક્ષમાં હતી. તે બાબતમાં ૧૮૧૮ માં એક નોંધ કરી છે તેમાં નીચે પ્રમાણે પ્રતિપાદન કર્યું છે કે:—

મોજેવારી પદ્ધતિમાં:—

" મહેસુલ વધારે સરળતાથી અને નિયમિત રીતે વસુલ થાય છે. દેશી અમલદારોને સત્તાનો દુરૂપયોગ કરવાનો અવકાશ નથી મળતો. સરકારને પણ વાર્ષિક જમાબન્દીના ફરાવોમાં સરકારી દેશાધ્યક્ષો અને સભાઓ દ્વારા જે તસ્દી વર્ષોવર્ષ પડે છે તે બચે છે. વસુલાતના કામમાં દગાફટકાનાં અને નાણાં ઉચાપત કરવાનાં વર્ષોવર્ષ તોહમતો મૂકવામાં આવે છે તેની ચોકસી કરવાનો પ્રસંગ આવતો નથી; ઉત્તર સિરકારમાંથી નાણાં વસુલ કરવાના સરકારના કેટલા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા છે, જમીનદારો અને પાળેગારો નાણાં ન આપવા માટે કેટલા પ્રપંચો કરે છે, કેટલીવાર જમીનદારી અને પોલમ જમીનોના હક વસુલ કરવા માટે સરકારને લશ્કરી મદદની જરૂર પડે છે, દેશી નોકરોનાં પહેલાની અનેક તરેહની અપ્રમાણિકતાની ટેવોના પ્રસંગો હજી સુધી તાત્કાળિક જમાબન્દીના જીલ્લાઓમાં કેવા ચાલુ જ છે; તે બધું જોતાં આની સુગમતા ઉપર કોઇનું ધ્યાન ખેંચાયા વિના રહે તેમ નથી.

' પ્રાચીન જમીનદારો અને પાળેગારો આ દેશનો ઉમરાવ વર્ગ હતો; અને જો કે તેમાંના કેટલાકના હક તપાસવા જઇએ તો ટકી શકે એમ નથી તો પણ લોકની સાથે તેમનાં બન્ધનો એવાં હતાં કે જેને તોડી નાખવા કરતાં મજબૂત કરવામાં ડહાપણ સમાયલું હતું. આપણને જે વખતે સિરકાર મળ્યા તે વખતે આપણી સત્તા હાલના જેવી હોત, તો તો વખતે આપણે સિરકારના જમીન-

દારો પાસે પાળેગારોની પેઠે જમીનનો કબજો છોડાવી દીધો હોત, અને તેમને આપણી ઉદારતા ઉપરજ આપણા પેનશનર તરીકે રાખ્યા હોત; પણ જ્યારે દેશી સરદારો ઉપર લોકોની મમતા, અને જમીનદારોની સ્થાનિક સ્થિતિ વિચારમાં લઇએ ત્યારે આવી નીતિ જેવી અનુદાર તેવીજ ડહાપણ વિનાની ગણાય. ”

રૈયતવારી પદ્ધતિના સંબંધમાં બોલતાં તે લખે છે કે “રૈયતવારી પદ્ધતિ ૧૭૯૨ માં આપણને મળેલા બારામહાલ અને સલેમના જીલ્લાઓમાંથી જન્મ પામી છે; અને કર્નલરેડ, કર્નલ મન્રો અને કર્નલ મેડલેઓડે તે અમલમાં મૂકીછે. .....આરકોટના ઉત્તર વિભાગમાં મિરાસદારના તમામ હકો રદ કર્યા, અને તે બધા સરકારી ઉપજમાં દાખલ કરી દીધા. ટુંકામાં માપણીનો આકાર એટલો તો વધારી દીધો કે વચલા જમીનદારોને માટે જે કાંઇ રહે તે સરકાર હકમાં સમાઈ જાય. ખેડુત અને સરકાર વચ્ચે કોઇ પણ વચલો માણસ સ્વીકાર્યો નહિ.

“રૈયતવારી જમાબન્દી તેહસીલદાર અને શીરસ્તેદારો ઘણે ભાગે વર્ષોવર્ષ કરતા; અને સામાન્ય રીતે મૉલ આવે ત્યાં સુધી તે પૂરી થાય નહિ અને પછી જેટલું બને તેટલું વધારે લેવાય તેવી રીતે જમાબન્દીનો ફરાવ થતો. જો મૉલ સારા હોય તો રૈયત ન આપી શકે તેટલો ઊંચો કર તેના ઉપર નંખાય. જો મૉલ મોળા હોય તો પણ પછી તેના ઘરમાં કાંઇ ન રહે તેવી રીતે માગણી થાય. અને રૈયત કંઇજ આપી ન શકે તેવી સ્થિતિમાં જ્યાં સુધી ન હોય ત્યાં સુધી કંઇ પણ માફી આપવામાં આવે નહિ. આ બાબતો નિર્ણય કરવા માટે રૈયતની શક્તિની સખ્ત તપાસ કરવા હુકમ થતા. એક જણને માફી આપે તો તેનો અમુક ભાગ પડોશીઓને આપવાની ફરજ હતી; તેથી પડોશીઓ પણ ચોકસીદાર બની જતા હતા.

“જેટલી જમીન ખેડુતના ખાતામાં ચડી હોય તેટલી બધી જમીનનો કબજો રાખવાની તેને વસુલાતી અધિકારીઓ ફરજ પાડતા, અને મિ. થેકરે

કહે છે તેમ તેણે જમીન ખેડી હોય વા ન ખેડી હોય તો પણ સરકારનો બોજો તો તેના ઉપર પડતો જ. બેલારીના દેશાધ્યક્ષ મિ. ચેપલિન કહે છે તેમ ચાલતા કાયદાની વિરૂદ્ધ થઇને પણ રૈયતને તેના સાધનોનાં પ્રમાણમાં જમીન ખેડવાની ફરજ પાડવામાં આવતી; દેશાધ્યક્ષ અને તેના તાબાના દેશી નોકરો–'ખેડુતોને કેદ કરવાની અને શિક્ષા કરવાની' સત્તાનો અમલ કરીને આમ ફરજ પાડવામાં ફાવતા હતા. તે સ્પષ્ટ લખે છે કે જો આ જુલમથી તે ખેતી છોડીને ચાલ્યો જાય તો જ્યાં જાય ત્યાં તેના ઉપર મરજી મુજબ એવો આકાર નાંખવામાં આવે કે સ્થળાન્તર કર્યાનો કંઇ લાભ એને રહે નહિ. એ પ્રમાણે સુસ્થાપિત વહીવટ હતો.

"નવા મળેલા દેશોની ખરી સાધન સંપત્તિથી અને જમીન સંબંધના હક જવાબદારીનાં ચોકસ ધોરણોથી અજાણ્યા છતાં આપણે પરદેશી તલવારીઆઓ ગજબ કરીએ છીએ. વિશાળ જમીનો જોતાંની સાથે, પ્રજાઓ જુદા રીત રીવાજોવાળી, જુદી બોલીવાળી, છતાં આપણે આપણા રાજ્યમાં ઇલાકા વાર નહિ, જીલ્લાવાર નહિ, દરેક ખાતાવાર નહિ; પણ ખેતરે ખેતરનો આકાર ઠરાવવાનું કામ માથે લઇએ છીએ. જે કામ યુરોપના સહુથી વધારે સુધારાવાળા દેશો કે જ્યાં જમીનની સ્થિતિ સંબંધી દરેક માહીતી સહજ મળી શકે છે, અને જ્યાં રાજા અને પ્રજા એકજ છે, ત્યાં પણ રાક્ષસી મહેનતનું અથવા હવાઇ જ ગણાય. આ એક માનેલા સુધારાની પાછળ આપણે ઇરાદા વિના પ્રાચીન સંબન્ધો અને હિંદુઓનાં ગામોનાં નાનાં નાનાં સ્વસત્તાક રાજ્યો ને અરસપરસ જોડતા તમામ પ્રાચીન રીવાજોને તોડી નાંખીએ છીએ. એક જાતનો નવો ખેડુતોનો કાયદો કરીને પરાપૂર્વથી ગ્રામ સંસ્થાઓની સમસ્ત માલિકીની જમીનો માત્ર મીરાસદારો અથવા કદીમોમાં નહીં પણ હલકા ખેડુ વર્ગ સુદ્ધાંતમાં કકડે કકડે વ્હેંચી નાખીએ છીએ. કેવળ અજ્ઞાનથી પોતાની ખાનગી માલિકી સ્વીકારવાની ના પાડતા આપણે તેમને જોઇએ છીએ; અને તેમનો નકાર સ્વીકારી આપણે તે રદ કરીએ છીએ. અને તેમ કરીને

ગ્રામ સંસ્થાની માલિકીની જમીનોને સરકાર દાખલ કરી તેને બદલે કોઇ એક સખસને પગારથી નભાવીએ છીએ. આપણે દરેક ખેતર ઉપર સરકાર હકની મર્યાદા બાંધવાનો દેખાવ કરીએ છીએ, પણ તેમ કરવામાં વાસ્તવિક રીતે, ન પહોંચી શકાય એવી ભારે હદ સ્થાપિત કરીએ છીએ; અને રૈયત ઉપર મરજી મુજબ આકાર નાંખીએ છીએ. આપણા પહેલાંના મુસલમાન સરકારની માફક ખેડુતને હાનીની સાથે જોરથી બાંધીએ છીએ. સ્પષ્ટરીતે વધારે પડતા આકાર વાળી જમીન ખેડવાની ફરજ પાડીએ છીએ. જો ખેતી છોડીને નાશી જાય તો પાછો તેને તેના ખેતર ઉપર ધસડી લાવીએ છીએ. મૉલ પાકે ત્યાં સુધી સરકાર હક નકી કરવાનું મુલતવી રાખી આખરે પથએપથ સુધી જેટલું બને તેટલું તેની પાસે લઇએ છીએ; તે એટલે સુધી કે કેટલીક વાર તો બળદ અને બી સિવાય બીજું કાંઇ રહેવા દેતા નથી. અને, વખતે તો તેને પોતાને માટે નહિ પણ આપણે માટે ખેતી કરવાનું ઉત્સાહ-હીન કામ કરાવવા સારૂ બળદ અને બી પણ પુરાં પાડવાં પડે છે.

સ્થાયી અને માફકસર આકાર રૂપી સંરક્ષણ વિનાની રૈયતવારી પદ્ધતિમાં રૈયતની આ સ્થિતિ હતી.

છેવટે ગ્રામસંસ્થાઓના સંબંધમાં મહેસુલસભા લખે છે કેઃ–"જોકે આ પદ્ધતિ દરેક જીલ્લામાં સરખી ફતેહ મેળવી શકી નથી તો પણ ખેલારી જેવામાં જ્યાં થોડામાં થોડી પ્રતેહ મળી છે, ત્યાં પણ દેશાધ્યક્ષો એક મતના છે કે તેથી ખેતી ઉપર નિર્વાહ કરનાર લોકની સ્થિતિ ઘણી સુધરી છે; અને ગ્રામસંસ્થાઓથી પટેલીઆ જ સારા આશામી થયા છે, એમ નથી પણ ખેડુતના મોટા વર્ગને તેનાથી ઘણો ફાયદો થયો છે. રૈયત-વારી વસતિ દરેક ઠેકાણે ક્ષય પામી છે, અને પટેલીઆઓ રૈયત ઉપર જુલમ કરી શકતા નથી એટલું જ નહિ પણ તેમની નબળી પડેલી સત્તાને તહસીલદારોની મદદ આપવી પડે છે. ..... કડપા અને આરકોટના

ઉત્તર ભાગમાં જ્યાં જમાબન્દીનો બંદોબસ્ત સહુથી સારી રીતે થયો છે ત્યાં, આખા દેશમાં કોઇ ઠેકાણે જોવામાં આવતી નથી, એવી આબાદી દૃષ્ટિગોચર થાય છે."

આ છેલ્લી વિનંતિ પણ નકામી ગઇ. રૈયતવારી પદ્ધતિનો મૂળ પ્રણેતા સર ટૉમસ મનro મદ્રાસનો ગવર્નર થઇને ત્રીજી વારનો આવ્યો, અને જે જમીનદાર અને પાળેગારો સાથે જમીનદારી પદ્ધતિથી જમાબન્દીના ઠરાવો થઇ ચૂક્યા હતા, તેમના સિવાય આખા ઇલાકામાં છેવટને માટે રૈયતદારી પદ્ધતિ સ્વીકારાઇ. એક સૈકા પછી આ ચર્ચા ઉપર આપણે જાઇએ છીએ, ત્યારે આપણને શોક થાય છે. સરટૉમસ મનro ના શીલ સ્વરૂપને માટે આપણને ગમે તેટલું માન હોય પણ આ બાબતમાં તો મહેસુલસભાનો અભિપ્રાય ખરો હતો. દેશની પ્રાચીન સંસ્થાઓ જ્યાં સુધી નવીન સુધારાને પ્રતિકૂલ ન હોય ત્યાંસુધી તેમને ઉખેડી નાંખવામાં નહિ પણ પાળવામાં અને સુધારવામાંજ સરકારનું ડહાપણ રહેલું છે. અને એમાં કંઇ શક નથી કે હિંદુસ્તાનના ગામડાંઓની આંતર વ્યવસ્થા તહસીલદાર, શીરસ્તદાર અને પોલીસ રાખી શકે તેના કરતાં વધારે પ્રતેહમન્દીથી અને પોતાને વધારે સંતોષ થાય તેવી રીતે ગામડાના લોકો પોતાની મેળેજ રાખી શકે; અને જ્યાં બની શકે તેવું હોય ત્યાં પોતાનો કારભાર પોતાને હાથે ચલાવવા દેવામાં આખી માનવજાતિને લાભ છે. જો મનro એ બારામહાલ કાનડા અને નવા જીલ્લાઓમાં ગ્રામસંસ્થાઓ ચાલતી જોઇ હત તો તે પોતેજ તેનો મોટો વકીલ થાત; પણ આ જીલ્લાઓમાં ખેડુતો સાથે પરબારી જમાબન્દી ઠરાવીને, મદ્રાસ સરકારમાં અને હાઉસ ઑફ કૉમન્સમાં એજ પદ્ધતિની હિમાયત કર્યા પછી, કમ્પનીના અધિષ્ઠાતાઓ પાસે મદ્રાસ ઇલાકાના આકાર્યા વિનાના તમામ ભાગોમાં એજ પદ્ધતિ મંજૂર કરાવ્યા પછી, તે પોતાનો અભિપ્રાય બદલવાને અને ૧૮૧૨ થી ૧૮૧૮ દરમિયાન મહેસુલસભાએ સાચવી રાખેલી ગ્રામસંસ્થાઓ દ્વારા જમીનની મહેસુલના વધારે ઇચ્છવા લાયક વહીવટની યોગ્ય કિંમત કરવાને, અશક્ત

હતો. મદ્રાસના ગવર્નર તરીકે સર ટૉમસે ગ્રામ્યસંસ્થાઓને પુષ્ટ કરવા તેનાથી બન્યું તેટલું કર્યું. તેણે પંચાયતો સ્થાપી, તેમને ન્યાયનો અધિકાર આપ્યો, અને હિંદની ગ્રામસત્તાને જીવતી અને સુઘટિત રાખવા માટે તેનાથી બન્યું તેટલું તેણે કર્યું; પણ આ બધા યત્નો નિષ્ફળ ગયા. જુની સંસ્થાઓમાંથી જ્યારે ખરી સત્તા લઇ લેવામાં આવે છે, ત્યારે માત્ર ઉપર ઉપરનો સત્તાનો ડોળ ટકી શકતો નથી. ગામડાંઓના લોકો મહેસુલ અને પોલિસના રૂસ્વતીઆ અધિકારીઓની કનડગતમાં પ્રથમની પેઠે વ્યવસ્થિત મંડળ તરીકે એકઠું કામ કરી શક્યા નહીં. બ્રિટિશ રાજ્યના આવવાથી આપણા દેશમાં જે મોટા ફેરફારો થયા તેમાં ઘણાખરા સુધારાને અનુકૂલ હતા, કેટલાક વખોડવા લાયક થયા, પણ આપણી ગ્રામસંસ્થાઓમાં સમાયલું સ્વરાજ્ય–જે પૃથ્વી ઉપર આપણે પહેલ વહેલું સંપાદન કર્યું હતું–તેનો વિનાશ એ સહુથી વધારે શોકજનક ફેરફાર થયો.

મહેસુલસભાએ સૂચવેલી ગ્રામપદ્ધતિ છોડી દેવાય એ બાબતમાં આ જમાનાને માત્ર ઐતિહાસિક રસજ્ઞ છે. પણ જે વિચારવાનું છે તે એ છે કે મનરો વાળી રૈયતવારી પદ્ધતિ પણ પૂરેપૂરી રહી શકી નહિ. ટૉમસ મનરોએ ૧૮૦૭ અને ૧૮૧૩ માં સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો, કે રૈયતવારી પદ્ધતિનું સત્ત્વ અચળ આકારમાંજ છે; અને પડતર જમીન સિવાય બીજી બધી બાબતોમાં રૈયતવારી પદ્ધતિ બંગાળની જમીનદારી પદ્ધતિ જેટલી સ્થિર અને અચળ છે. ૧૮૨૦ માં મદ્રાસના બધા નહીં આકારાયેલા જીલ્લાઓમાં રૈયતવારી પદ્ધતિ દાખલ થઇ; પણ આકારની અચળતા હજી સુધી દાખલ કરવામાં આવી નથી. પ્રત્યેક નવી જમાબન્દી વખતે લોક ન સમજી શકે તેવા કારણોથી આકાર ફરતા હોવાથી સરકારહકની અનિયતતાને લીધે, લોકો હમેશાં અનિશ્ચિત રહે છે, અને દારિદ્રયના ભોગ થઇ પડયા છે.

મદ્રાસની રૈયતવારી જમાબન્દી. ૧૮૨૦-૧૮૨૭

સર ટૉમસ મન્રો ૧૮૨૦ માં મદ્રાસનો ગવર્નર થઇને આવ્યો અને તેજ વર્ષમાં આખા મદ્રાસ ઇલાકામાં રૈયતવારી જમાબન્દી દાખલ કરવાનું જાહેરનામું કહાડ્યું. વારસના અભાવથી અથવા ખરીદ કરીને પણ જ્યારે પ્રસંગ આવે ત્યારે જમીનદારીઓ સરકાર દાખલ કરવામાં આવતી અને રૈયતવારી પદ્ધતિ શરૂ થતી. આખા ગામના પટા કોઇને હોય તો તે રદ કરવામાં આવતા. જ્યાં સહીયારી જમીન હોય ત્યાં ભાગીદારોના હકો છુટા પાડી દેવાને અને સામાન્ય રીતે ખેડુતો સાથેજ વ્યવહાર કરવાના હુકમો દેશાધ્યક્ષો (collector) ઉપર છુટી ગયા હતા. સરકાર હક પણ કુલ પેદાશના ૪૫ થી ૫૫ ટકા જેટલો આકારવામાં આવ્યો હતો અને તેથી પણ બેસુમાર જુલમ થતો. પણ સર ટૉમસ મનોના વિચારશીલ અમલ દરમિયાન સરકારહકમાં સર્વ સાધારણ ઘટાડો કરવામાં આવ્યો હતો.

આ અરસામાં મદ્રાસના લોકોની આર્થિક સ્થિતિ શી હતી તેનો ખ્યાલ આપવા સારૂ નીચેનો સાર સંખ્યાબંધ દફ્તરોમાંથી તારવી કહાડવામાં આવ્યો છે.

નેલોર.

૧૮૧૮ માં નેલોરના દેશાધ્યક્ષે માપણી અને વર્ગવારી કરીને આકાર નક્કી કરવાનો પ્રયોગ ગામ ઉપર કર્યો હતો. મહેસુલસભાના રોજ કામ ઉપરથી નીચેની હકીકત માલમ પડે છે.

પીતજમીન. અહીં દાણાની કિંમત ખાંડી એકના રૂ. ૨૦ વેચાણ કિંમતની સરેરાશ ઉપર ઠરાવ્યા. તેના રૂ. ૩૪૩૭૪ થાય. તેમાંથી સવા છ ટકા બાદ કરતાં રૂ. ૨૨૧૩૯ સરકાર અને ખેડુ વચ્ચે રહે છે.

ખેડુને **વીશમાથી નવ ભાગ** એટલે ૪૫ ટકાનો ભાગ આપતાં તેમના ભાગના રૂ. ૧૪૪૬૨ થાય. અને સરકારને રૂ. ૧૭૬૬૭ રહે.

આકાશીઆ જમીનઃ-આકાશીઆ જમીન અને વાડીની ઉપજ એજ ધોરણે ગણીને અને પેદાશની કિંમત ખાંડી એકના રૂ. ૨૮ ના હીસાબે ગણતાં આકાશીઆ જમીનના સરકાર હકના રૂ. ૭૬૮ થાય અને વાડીના રૂપીઆ ૨૦૫ થાય છે.

ખેડુતોએ દેશાધ્યક્ષની ગણત્રી અને વેચાણ કિંમતનો દર જે તેણે ઠરાવેલો તેની સામો વાંધો લીધો. ત્યારે થોડીક છુટછાટ કરી, અને મહેસુલસભા એવા ઠરાવ ઉપર આવી કે તે ગામની વાર્ષિક સરકાર હકની ઉપજ રૂ. ૧૫૬૦૦) આવશે. બીજા શબ્દોમાં કહીએ તો ગામની અંદાજી પેદાશના અર્ધ ભાગ જેટલો સરકાર હક આ નવી જમાબન્દીમાં ઠરાવવામાં આવ્યો.

ત્રિચિનાપલ્લી.

આ જીલ્લામાં એક ગામ પસંદ કરવામાં આવ્યું. એની જમીન માપી વર્ગવારી કરી ત્યાંના આંકડા ઠરાવવામાં આવ્યા. અંદાજી ઉપજ ૫૮૧૬ કલમની આવી.

" સરકાર અને લોક વચ્ચે શીરસ્તા મુજબ સરખા ભાગ કરી નાંખતાં સરકારને ભાગે ૨૯૦૮ કલમ થાય. તેની દેશાધ્યક્ષની ગણત્રી પ્રમાણે કિમત ઠરાવતાં રૂ. ૩૨૩૨ થાય છે. તે પછી થોડાક સરવાળા બાદબાકીઓ કરીને આખરે રૂ. ૩૨૧૧ સરકાર ભાગના નક્કી કર્યા. જમીન ઉપર સરકાર હક અરધો અરધ ઠરાવાય તે દ્વારિદ્રયકરજ કહેવાય; પણ મદ્રાસનો મહેસુલસભા એક તૃતીયાંશનું પ્રમાણ મુકરર કરવામાં પણ અચકાતી હતી, છતાં સરકારની માંગણી માફકસર હોવાનો દાવો રાખતી હતી. લખેછે કે કુલ પેદાશનો ત્રીજો ભાગ

એ, સર્વત્ર જ્યાં કિંમત કરીને આકાર ઠરાવવાનો છે ત્યાં તે માટેના, ધોરણ રૂપે ન સ્વીકારી શકાય, પણ દેશાધ્યક્ષોને નિયમમાં રાખવા માટે તે ધોરણ કામ લાગે.

કોર્ન્વૉલ્યતૂર.

આ જીલ્લામાં જુલમી આકારની સાથે લાંચ રૂશ્વતની સામીલગીરી થઇ હતી. આ બગાડાનો તપાસ કરવાને એક કમિશન નીમવામાં આવ્યું હતું. કમિશને રીપોર્ટ કર્યો કે અહીંનો બજાનચી-કૉંસી ચિટ્ટી બાનગી વેપાર કરે છે અને કમ્પનીના દરેક માણસનો અને પટ્ટેસે પટ્ટેસાનો પોતાના વેપારમાં લાભ લે છે. દેશાધ્યક્ષ મિ. ગેરો તે પણ એવાજ રૂશ્વતીઆ હતા. આના સંબંધમાં અધ્યક્ષસભા સર્કૉમસ મનેાને ૧૮૨૧ માં નીચે પ્રમાણે લખે છેઃ—

" આ બધા બગાડા ઘણા ગંભીર છે. અને જ્યારે આપણી વ્યવસ્થાઓની ખામી તરીકે એના ઉપર વિચાર કરીએ છીએ ત્યારે ઘણું દુઃખ થાય છે. જેમ કોર્ન્વૉલ્યતૂરમાં થયું તેમ બીજા જીલ્લાઓમાં નહીં થાય એમ માનવાને કંઇજ કારણ નથી. એક દેશાધ્યક્ષ જેવા દરજ્જાનો માણસ મહેસુલ સભાના વિશ્વાસનો પાત્ર ન હોય, અને જ્યારે તે એક દગાખોર દેશીથી છેતરાય અને તેની સાથે સામીલગીરી કરે ત્યારે તેના વહીવટ નીચેનો તમામ મુલક સરકારનો અમલ ભોગવતા થોડા માણસોના શીકાર રૂપજ થઇ પડે. સાત સાત વર્ષ સુધી દેશાધ્યક્ષની નજરાઇ અથવા અપ્રમાણિકતાને લીધેજ કોર્ન્વૉલ્યતૂરમાં બન્યા તેવા બનાવો બને, સરકારના હલકામાં હલકા નોકરની મૉજ ઉપર વસતિનાં જાન માલ આવી પડે, અને ઉપરી અધિકારીઓ જેમને અમે રાજ્યની તમામ બાબતો ઉપર દેખરેખ રાખવા અને તાબાનાં માણસોનાં કુકર્મોને શોધી કહાડવા અને અટકાવવા સારૂ રાખ્યા છે, તેમને તેની ખબર પણ ન પડે; તે સ્થિતિ જોતાં આવી તરેહની અપ્રમાણિકતા ઘણી અને ઘણે ઠેકાણે હોવી જોઇએ, એવો ભય રહે છેઃ અને વધારે અસરકારક ઉપાયો લેવાની જરૂર છે,

એવું અનુમાન થાય છે. મિ. ગેરો મરી ગયા છે, તેથી હવે તેમને આપણી નોકરીમાં રાખવા સંબંધી નિર્ણય કરવાની કાંઇ જરૂર નથી, તેમજ તેમની ગફલત કેવા પ્રકારની હતી, તેનો પણ નિર્ણય કરવાની જરૂર નથી; છતાં એક ઉપરી અમલદારની આંખ નીચે લાંબા વખત સુધી મોટાં કુકર્મો ચાલે અને તેથી તાબાના માણસોને ઘણો નફો થયો હોય; અને તે બધું જરાક જાગૃતિ તે અમલદારે રાખી હોત તો અટકાવી શકાય એવું હોય; તેવા સંયોગો તે અમલદારનો પણ તેમાં હાથ હતો એવું સાબીત કરવાને અમુક દરજ્જે પુરાવા રૂપ છે. ”

તે પછીના વર્ષના બીજા પત્રમાં કોઇમ્બતૂરના આકારની બાબતમાં લખે છે કે “ ખેડવાણ જમીન એ વાડીની નહીં એવી ખેડવા લાયક, એટલે તેવી ખેડેલી અને પડતર પડી રહેલી જમીન; તે બધી જમીન ઉપર પૂરો આકાર જેને કહેવામાં આવે તેવો આકાર રીવાજ પ્રમાણે ઠરાવવામાં આવ્યો હતો. વાડીની જમીન ઉપર આ પૂરા આકારનો ત્રીજો અથવા ચોથો ભાગ ઠરાવવામાં આવ્યો અને વાડી માટે પૂરા આકાર કરતાં કાંઇ વધારે ઠરાવ્યું હતું.....

૧૮૧૬ ના સપ્ટેમ્બરની સાતમી તારીખના પત્રમાં દેશાધ્યક્ષ મિ. સલિવાન લખે છે કે જ્યારે કોઇ રૈયત બે વર્ષ સુધી અમારી જમીનનો કબજો ભોગવે અને તેની સાથ આપે, ત્યારે તે જમીનનો તે માલિક ગણાય છે: અને જ્યાં સુધી તેનામાં સાથ આપવાની સત્તા હોય ત્યાં સુધી તેટલી જમીનનો આકાર તેના ઉપરજ પડે. આ ઉપરથી જણાય છે કે સરકારે માલિકી હક ખેડુતને આપેલો તે પોતાના નફાને માટે આપેલો, ખેડુતના નફા માટે નહિ.

પીત જમીન ઉપર અથવા વાડીના મૉલ ઉપર જે વધારાનો આકાર લેવાય છે, તે દેશાધ્યક્ષ કહે છે તે પ્રમાણે ‘ સુધારા ’ ઉપર કર છે. કુવા બાંધવા તે તે દેશમાં મોટામાં મોટો સુધારો છે. હિંદુસ્તાનમાં વરસાદની ઋતુના નુકસાનકારક અકસ્માતોથી બે પરવા રહેવાને માટે જમીનને પાણી પાવાસારૂ

કુવાની જરૂર છે. કુવાથી જેટલી જમીન પાણી પી શકે તેટલી જમીનને વરસાદની તમા રહેતી નથી; તેથી કુવા બાંધવાને ઉત્તેજન આપવું તેના કરતાં વધારે ઉપયોગી પગલું બીજું કાંઇજ નથી. અને ઉત્તેજન એટલે આટલું જ કે લોકોને પોતાની મજુરીનું ફળ લણવા દેવું; કારણકે દેશાધ્યક્ષ એમ બતાવે છે કે તેઓનું કુવા બાંધવા તરફ સ્વાભાવિક વલણ છે, પણ સરકાર હુકથી ડરે છે."

આ વર્ષોના તમામ તુમારોમાં અતિશય આકારની ફરિયાદ જોવામાં આવે છે. તો પણ અધ્યક્ષસભા મિ. જેરોનાં પાપોને વખોડી કહાડવામાં આવી છટાદાર ભાષા વાપરે પણ પોતાનાં પાપોના ઉપાય લેવામાં તેવા ત્વરિત પણ નહોતા કે તેવા સ્પષ્ટવકતા પણ ન હતા.

ત્રિચિનાપલ્લીના દેશાધ્યક્ષ લખે છે કે:—**અતિશય** આકારની નિશાનીઓ રૂપ કષ્ટ અને દારિદ્રય ત્રિચિનાપલ્લીમાં સર્વત્ર દેખાય છે. અને જમીનની કિંમત ઘટી જવામાં ખેતીની પાયમાલી સ્પષ્ટ દેખાય છે. જે મિરાસદારોના હાથમાં પ્રથમ હજારો વિઘા જેટલી જમીન હતી, તેઓની પાસે હવે તેટલા સેંકડા પણ નથી. અને આ પણ ચાલુ વર્ષમાં કે આવતા વર્ષમાં વેચાઇ જશે, જો, આકારમાં ફેરફાર નહિ કરવામાં આવે અથવા બકાત બાકી રાખવામાં નહિ આવે, તો. પણ હું સભાના ધ્યાન ઉપર જે વાત મુખ્યત્વે કરીને મુકવા માંગુ છું તે એ છે કે મારી ખાત્રી છે કે હાલની આંકણી ચાલુ રાખવી અશકય છે. "

"આ તાત્કાલિક કષ્ટ માટે આપ એમ યોગ્ય ધારોછો કે પટા રદ ન કરતાં દરેક ખાતા ઉપર દેશાધ્યક્ષને યોગ્ય લાગે તેટલી માફી આપવી. વાસ્તવિક રીતે આ વાર્ષિક જમાબન્દીજ થઇ. અમે ધારીએ છીએ કે આ રીત ચાલુ કરીશું તો યોગ્ય **ચોકસી** વિનાના વર્ષોવર્ષના ઠરાવના રૂપમાં, આ રીત બદલાઇ જશે અને તેને અટકાવતાં આપને મહેનત પડશે. એટલે દેશાધ્યક્ષોની ઉલટ કે દયાવૃત્તિ કે ગફલત કે સખ્તાઇ, જેવો જ્યાં રંગ હોય ત્યાં તે રંગ

પ્રમાણે ચાલશે; એટલે, કેટલેક ઠેકાણે રૈયત ઉપર વધારે પડતો બોજો થઇ જશે અને કેટલેક ઠેકાણે સરકારના હકોનો વધારે પડતો ભોગ અપાઇ જશે. "

બીજા શબ્દોમાં આકારનો દર અતિશય રાખવો, અને બેદુત પાસે વર્ષોવર્ષ જેટલું લઇ શકાય તેટલું લેવું. અને આ અધ્યક્ષસભાને લોકની આબાદીને અનુકૂલ લાગ્યું !

તંજાઊર.

તંજાઊરની પણ એવીજ હકીકત છે. એ પણ એક વાર આબાદ દેશ હતો, પણ તંજાઊરના જમાબન્દીના પટા ૧૮૨૦ માં બ્યલાસ થયા. પણ પેદાશની કિંમત બહુ ઘટી ગયેલી તેથી અને તેવાજ નીચાભાવ ઘણા વખત સુધી રહેવાનો સંભવ હોવાથી આકાર બહુ ભારે થઇ પડયો હતો. અને તે ઓછો કરવાની જરૂરીઆતનો પુરતો પુરાવો આપવામાં આવ્યો હતો.

" લોકોની વૃત્તિ જુની ભાગવટીની રીત ઉપર છે, તો પણ સરકાર હક નાણાંમાં લેવાની રીતને વળગી રહેવું એ વધારે સારૂં છે.

આવી સ્થિતિ આવે તેમાં ધોરણ નક્કી કર્યું છે તે બરાબર છે. પેદાશની કિંમતમાં દસટકા જેટલો વધારો થાય ત્યાં સુધી આકારમાં વધારો કરવો નહિ પણ જો પાંચ ટકા જેટલા ભાવ ઉતરી જાય તો તેટલા પ્રમાણમાં માફી આપવી.

આર્કોટ.

અહીંની વાત પણ એવીજ શોકજનક છે. "મહેસુલસભા દેશાધ્યક્ષની ભલામણ પ્રમાણે આકારમાં ઘટાડો કરવા આજ્ઞા થી વિનંતિ કરે છે. આ બાબત ઉપર અમારૂં બ્યાસ ધ્યાન બેંચાયું છે. દેશાધ્યક્ષ અને મહેસુલસભાની આપણે ઠરાવેલા આકાર સ્વીકારવાની મરજી નથી. તેઓ કહે છે કે ' બાલી થઇ ગયેલા દેશમાં પોસાણની પરિસીમા જેટલા ઊંચા આકાર છે. પણ અમને ભરોંસો છે કે તે તો વસુલ થઇ શકશે, છતાં તેઓ કહે છે કે આવી જમાબ-

ન્દીથી દેશ આબાદ થઇ શકશે નહિ. અને આબાદ થવાની અનુકૂલતા કરી આપવા માટે તે સાતથી દસ ટકા જેટલો ઘટાડો સૂચવે છે."

આ ઉપરની આપ (મદ્રાસ સરકાર) અતિશય આંકણીના કષ્ટોના સંબંધમાં મજબુત અભિપ્રાય આપે છે અને ઉમેરે છે કે આર્કોટના ઉત્તર વિભાગમાં આકાર ઘટાડવાનું કાંઇ કારણ નથી. પણ તેવી સ્થિતિ બીજે ઠેકાણે નથી. એટલે દરેક ઠેકાણે આકાર ઘટાડવાનીજ જરૂર છે એમ આપ કહે છે અને તે પ્રમાણે સાધારણ ઘટાડો કરવાનું આપ યોગ્ય ધારે છે અને આપ એકંદર એવી દરખાસ્ત કરે છે કે સરકાર ભાગ તરીકે એકંદર પેદાશનો ત્રીજો ભાગ ગણવો."

પણ ત્રીજા અથવા ગમે તે ભાગને અચળ ધોરણ તરીકે સ્વીકારી શકાશે કે કેમ તેનો અમને બહુ શક રહે છે."

આટલા ઉતારા બસ છે. સ્થાનિક અધિકારીઓની સખ્તાઇથી અને કમ્પનીના અધિષ્ઠાતાઓના લોભથી ઓગણીસમા સૈકાના પહેલા ભાગમાં લોકોને કેટલું કષ્ટ પડતું તેનો ખ્યાલ ઉપરના ઉતારાથી મળી શકશે. સર ટૉમસ મનોએ આ બધા જીલ્લાઓના આકાર હલકા કરવાની પોતાની સાત વર્ષની કારકીર્દિ દરમીયાન મહેનત કરી અને આખરે આખા જીલ્લાકામાં આકારના દર ઓછા કર્યા પણ ખરા. ૧૮૨૪ ડિસેમ્બરની ૩૧ મી તારીખે લખેલી નોંધમાં પોતાના હેતુ અને યત્નોનો હેવાલ પ્રાસાદિક અને વજનદાર ભાષામાં આપ્યો છે. આવી વિચારવન્ત નોંધ લોર્ડ કોર્નવાલેસના અમલ પછી આ વખત સુધીમાં ભાગ્યેજ લખાઇ હશે.

આ કિંમતી દસ્તાવેજનો પુરો સાર આપી શકાશે નહિ તેથી લોકની સ્થિતિના સંબંધમાં જે ભાગોમાં વિવેચન કર્યું છે તેમાંથી થોડાક ઉતારા હાલ આપીશું.

મનોની મિનિટ.

નિયત અને માફક મહેસુલ.

" જમીનને વેચાણ લાયક કરવા સારૂ, લોકને ખેતીમાં સુધારો કરવામાં અને તેને સ્થાયી મિલકત માનવામાં ઉત્તેજન આપવાના હેતુથી સરકાર હકનો આંકડો મુકરર કરેલો હોવો જોઇએ અને તે એવો તો સુનિર્ણીત હોવો જોઇએ કે અજ્ઞાન અથવા આવેશથી વધારી શકાય નહિ.

રૈયત ખરી માલિક છે; કારણ કે જે જમીન રાજ્યના હાથમાં નથી, તે તેનીજ છે. સરકાર હકની ઊંચાઇ નીચાઇના પ્રમાણમાં ખેડુતનો ભાગ જુદે જુદે ઠેકાણે અને જુદે જુદે વખતે ઊંચો નીચો રહે છે; પણ એની ચોખ્ખી ઉપજ ગમે તેટલી રહે, પણ એની મુડીના નફા પુરતો અથવા તે ઉપરાંત કાંઈ પણ રહે તેનો તે ખરો માલિક છે, અને સરકાર પોતાની મહેસુલ તરીકે જે માંગે તે આપે તો તે ઉપરાંતનું બધું તેમનું જ છે.

આકાર હમેશાં ફરતો રહે છે, તેને લીધેજ જમીનમાં સુધારા થતા અટકયા છે; અને જ્યાં સુધી તે પ્રમાણે ફરતો રહેશે ત્યાં સુધી તે પ્રમાણે અટકશે જ. કારણ કે જ્યાં અત્યારે આકાર ઓછામાં ઓછા છે ત્યાં પણ તે ગમે ત્યારે વધી શકે એવી બુદ્ધિ હોવાથી જમીન વેચવા લાયક થતી અટકે છે. જ્યાં સુધી સરકાર હક જમીનના દરેક ભાગ ઉપર પ્રથમથી નિયત ન થાય ત્યાં સુધી જમીનની ખરી કિંમત આંકી શકાય પણ નહીં. તેમ તે ખાનગી મિલકત પણ થઇ શકે નહિ. જ્યારે જમા નક્કી થાય ત્યારે બધી અનિશ્ચિતતા દૂર થતાં જે જમીન ઉપર વધારે પડતી જમા નથી તે જમીનમાં કિંમત આવે છે. જેમ જેમ સુધારા થતા જાય છે તેમ તેમ તે કિંમતમાં વધારો થતો જાય છે; અને નફો ખેડુતને રહેવાથી સુધારા કરવાનું પણ ખેડુતને ઠીક પડે છે. "

વહીવટના કામમાં દેશીઓની સામીલગીરી.

"જ્યારે આપણે દેશીઓને દરેક મોટી જગાઓમાંથી બાતલ કરીએ અને હમણાં સુધી જેમ કહેતા હતા તેમ-એમ કહીએ કે આ કરોડો માણસની વસતિમાંથી કોઇ પણ દેશીને એક સોટી મારવા જેટલી પણ સત્તા સોંપી શકાશે નહિ, ત્યારે આપણું રાજ્ય 'માબાપ' છે એ આપણે કેવી રીતે કહી શકીશું? આ પ્રમાણે એમને બાતલ કરવાથી આખી પ્રજાને અધોગતિની શિક્ષા થાય છે, જેનો કાંઇ પણ બદલો નથી. આખી દુનિયામાં એક આખી પ્રજાને આવી અધોગતિ આપનારી શિક્ષા કર્યાનો દાખલો નથી. આમ કરવામાં હેતુ તો નબળાઇ અને ભૂલ જ છે; પણ તે આ લોકો કદી સમજી શકશે નહીં. આપણે એમનો ઉત્કર્ષ સિદ્ધ કરવાનું ધારીએ છીએ પણ પગલાં વિરુદ્ધનાં ભરીએ છીએ. ઉત્કર્ષના હિમાયતીઓ ઉત્કર્ષનો આધાર શો છે તે જાણતા નથી. એમની દરખાસ્ત એવી છે કે દેશીઓ ઉપર કાંઇ વિશ્વાસ ન મૂકવો; તેમને કાંઇ સત્તા ન આપવી; અને જેમ બને તેમ પ્રત્યેક અધિકારમાંથી તેમને બાતલ કરવાઃ પણ જ્ઞાનનો સામાન્ય વિસ્તાર કરીને તેમને પ્રકાશ આપવાને તેઓ બહુ ઉમંગ ધરાવતા જણાય છે.

અંધાર યુગમાં પણ આવો ઉદ્ધત અને અયથાર્થ વિચાર કોઇને પણ શ્યો નહિ હોય. કારણ કે કોઇ પણ કાળમાં કે કોઇ પણ દેશમાં, ધન, કીર્તિ કે અધિકારની પ્રાપ્તિની આશા વિના જ્ઞાન સંપાદન કરવાને બીજું શું ઉત્તજન થયું છે? અને બીજી રીતે જોઇએ તો જ્ઞાન સંપાદન કર્યાનો અર્થ શો છે, જો તે જ્ઞાનનો, પ્રજાની સેવામાં, દેશની રાજ્ય વ્યવસ્થામાં સહુ સહુની યોગ્યતા પ્રમાણેની જુદી જુદી પરજે બજાવવામાં ઉપયોગ ન થાય તો!

"આપણાં પુસ્તકો એકલાં કાંઇજ કરી શકશે નહિ. સુકું સાદું સાહિત્ય કોઇ પણ પ્રજાનું શીલ કદી સુધારી શકતું નથી. આ ફળ પ્રાપ્ત કરવાને માટે તો સાર્વજનિકકાર્યભાર ધન અને કીર્તિના દરવાજા ઉઘડવા જોઇએ.

આવા બદલાની આશા વિના ગમે તેટલી વિદ્યા પ્રાપ્ત કરી હોય પણ તેથી એક પ્રજાની શીલોન્નતિ થતી નથી.

" આ સિદ્ધાંત દરેક પ્રજાને માટે સાચો છે, તો હિંદુસ્તાનને માટે પણ છેજ. ધારો કે બ્રિટન કાલે પર પ્રજાના હાથમાં જાય, લોકોને રાજ્યવહીવટમાંની સર્વ સત્તામાંથી, જાહેર માન અકરામમાંથી, વિશ્વાસ અને ઊંચા પગારના દરેક અધિકારમાંથી, બાતલ કરે, અને દરેક જગામાં વિશ્વાસને માટે તેઓ નાલાયક મનાય, તો તેમનું બધું પવિત્ર તેમજ સંસારી સાહિત્ય, તેમનું બધું જ્ઞાન તેમને, એક બે જમાનામાં હલકા મનની, લુચ્ચી અને અપ્રામાણિક પ્રજા થતી અટકાવી શકશે નહિ. "

"નાના મોટા બધા અધિકારમાં દેશીઓની મદદ લીધા વિના દેશનો તમામ કાર્યભાર એકલા યુરોપીયનથી ચાલી શકશે એમ કદાચ આપણે ધારતા હઇએ તો પણ તેમ કરવું એ રાજ્યનીતિથી અને ધર્મથી ખોટું છે. મોટી મોટી ઘણી જગાઓમાં અત્યારે દેશીઓ આપણી નોકરીમાં છે તે વાત આપણા ઉપર તેમને અનુરાગ હોવાનું એક મુખ્ય કારણ છે. જેમ આપણે તેમને આમાંથી બાતલ કરતા જઇશું તેમ આપણો હક તેમના ઉપર નબળો થતો જશે, અને જો તેમને તદન બાતલ કરવામાં આવ્યા તો અનુરાગને બદલે અપ્રીતિ થશે. તે વૃત્તિઓ આખી પ્રજામાં ફેલાશે, દેશી ફોજ સુધી પહોચશે, અને પરિણામે એવી બેદીલી ઉત્પન્ન કરશે કે જેને તાબે કરવી અથવા જેની સામે થવું તે આપણને બહુ ભારે પડશે. અને એમ માનીએ કે તેઓ સામે થયા વિના અને બોલ્યા ચાલ્યા વિનાજ સહુ સહન કરશે તો તે ઉલટું વધારે ખરાબ છે; તેઓ શીલસ્વરૂપમાં ડુબતા જશે; અધિકાર અને માન આબરૂની આશા નષ્ટ થયે તેમનામાંથી પ્રશસ્ય કીર્તિનો લોભ પણ નાબુદ થશે; તેઓ એક આળસુ અને નીચી પ્રજા થઇ જશે; અને ભૂખ તરશના સંતોષ સિવાય કોઇપણ ઊંચા પ્રકારના અભિલાષો તૃપ્ત કરવા નાલાયક થઇ

જશે. મારા અભિપ્રાય પ્રમાણે તો આપણને આ દેશમાંથી સમુળગા કહાડી મૂકે તે–આપણા અમલ નીચે એક આખી પ્રજા અધોગતિને પહોચે–એના કરતાં વધારે સારૂં છે."

કર અને કાયદા.

"દરેક સ્વતંત્ર દેશમાં લોકની મરજી પ્રમાણેજ તેમના ઉપર કર નંખાય છે. લોકનો આ હક અગત્યનો ગણાય છે. આ હક ઘણા માણસોને હમેશાં ચિંતામાં નાંખે છે અને સ્વતંત્રતાના રક્ષકો હમેશાં તે પ્રકટ કરે છે. જે દેશોમાં સ્વતંત્રતા નથી ત્યાં પણ કર ગ્રહણ એ રાજ્ય અમલનું એક મોટામાં મોટું કામ છે; કારણ કે તેનાથી લોકનાં સુખ અને સગવડ ઉપર વધારામાં વધારે અસર થાય છે. તેનાથી ઘણીવાર સરકારની સામે થવાની ઉશ્કેરણીઓ પણ થઇ છે, અને તેનાથી ભય અને અર્થ ઉભયદ્વારા પ્રજાના હુંશીયાર માણસોને અમલદારીમાં સામેલ કરવાની અગત્ય આપખુદ રાજ્યોને પણ સમજવામાં આવી છે.

"બીજા દેશોમાં રાજ્ય અને અમલદારો પ્રજાનાંજ અંગ હોય છે; તેઓ દરેક રાજ્યપ્રકરણની શી અસર થશે, અને તેના સંબંધમા લોકનો શો અભિપ્રાય છે, તેથી વાકેફ રહે છે; પણ અહીંઆં સરકારને આ લાભ મળતો નથી. તે લોકોને માટે કાયદા કરે છે, અને લોકોનો તેમાં કાંઇપણ હાથ નથી. લોકના સંબંધમાં તેઓ કંઇ જાણતા નથી; અને તેથી જ્યાં સુધી ચાલાક અને બુદ્ધિશાળી સ્થાનિક અમલદારોને લોકની સ્થિતિની પુરતી તપાસ કરી તેમના અભિપ્રાયો જાણી લેવાનું કામ સોંપવામાં ન આવે અને તે પ્રમાણે મળેલી ચોકસ માહીતી પ્રમાણે કાયદા રચવાને સરકાર પ્રવૃત્ત ન થાય, ત્યાં સુધી, લોકની સ્થિતિને અનુકૂળ થાય તેવા કાયદા તેમનાથી રચી શકાશે નહિ. પણ આ અધિકારીઓ દેશી નોકરો દ્વારાજ આવી માહીતી મેળવી શકે, કારણ કે બીજા બધા કરતાં તેમને જ આવી માહિતી મેળવવાનાં સાધનો સર્વથા સારી રીતે મળી શકે તેમ હોય છે.

બ્રિટિશ રાજ્યના ફાયદા અને ગેરફાયદા.

બ્રિટિશ રાજ્યના ફાયદા અને ગેરફાયદાનો સરવાળો કરીએ તો મને લાગે છે કે તેનું પરિણામ જેવું જોઇએ તેટલું બ્રિટિશ રાજ્યના લાભમાં આવશે નહિ. ખરી વાત છે કે તેઓ પ્રથમ કરતાં પરદેશી સાથેના યુદ્ધ અને અંદર અંદરના વિગ્રહોથી હવે નિર્ભય થયા છે; તેમનાં જાનમાલ હવે જોરજુલમથી મુકત થયાં છે; અમલવાળા માણસો હવે તેમને વિના કારણ શિક્ષા કરી શકતા નથી, તેમ તેમની મિલકત જપ્ત કરી શકે તેમ નથી. પણ, બીજી તરફ પોતાના કાયદા કરવામાં તેમનો હાથ નથી; છેક તાબાના દરજ્જા સિવાય વહીવટમાં કંઈ અધિકાર નથી; દીવાની કે લશ્કરી ખાતામાં મોટા અધિકાર ઉપર તેઓ ચડી શકે તેમ નથી. બધાજ તેમને એક ઉતરતી કોમ માને છે. અને ઘણીવાર દેશના પ્રાચીન માલિક અને રાજાઓ તરીકે તેમને ન ગણતાં આપણા માંડલિક અને નોકરોના જેવા ગણવામાં આવે છે.

આપણે દેશીઓના શીલસ્વભાવને ઉન્નત કરવાનો પ્રયત્ન ન કરીએ તો તેમને ઘન્સારી ધારા આપ્યા કે તેમની પાસે કર માફકસર લેવા માંડયો, તે કંઇ બસ નથી; પરદેશી રાજ્યના અમલમાં દેશીઓનાં શીલને અધોગતિએ પહોચાડનારાં એટલાં બધાં કારણો હોય છે કે તેથી અધોગતિ થતી અટકાવવી મુશ્કીલ છે. એક જુની કહેવત છે કે જેનું સ્વાતંત્ર્ય ગયું તેનો અર્ધો સદ્‌ગુણ પણ ગયો. આ કહેવત સમસ્ત પ્રજાઓ તેમજ વ્યસ્ત મનુષ્યોને પણ લાગુ પડે છે. મનુષ્યને કંઇ મિલકત ન હોય તે જેટલું અવનાતકર નથી, તેટલું પ્રજાની મિલકત પોતાના કંઇપણ હાથ વિના, કેવળ પરરાજ્યની વ્યવસ્થા નીચે હોય તે, પ્રજાને માટે ઘણુંજ વધારે અવનતિ કરનારૂં છે. ગુલામ બનેલી પ્રજા, પ્રજા તરીકેના તમામ હકો, એક સ્વતંત્ર માણસ ગુલામગીરીમાં ગયાથી જેમ પોતાના હકો ખુએ છે તેમ-ખુએ છે. પોતાના કરનો નિર્ણય કરવાનો

હક, પોતાના કાયદા રચવાનો હક, રાજ્ય કારભારમાં કે સમસ્ત રાજ્ય-તંત્રમાં ભાગ મેળવવાનો હક; એ તમામ હક તે આખી પ્રજા ખુએ છે. બ્રિટિશ ઇન્ડિયાને આમાંના કાંઇ પણ હકો નથી.

"આપણા અમલનો એક મોટામાં મોટો ગેરફાયદો એ છે કે જનસમાજની ઊંચી પંક્તિઓનો નાશ કરવાનું કે હલકી પાડવાનું, તેમને બધાને વધારે પડતી રીતે એક સરખી સ્થિતિમાં લાવવાનું, અને તેમનું પરાપૂર્વનું વજન ઘટાડીને દેશના રાજ્ય કાર્યભારમાં તેમને ઓછા ઉપયોગી કરવાનું, તેનું વલણ છે. સ્વદેશી રાજ્યોમાં એક જાગીરદાર કે ઇનામદાર અને રાજ્યના વહીવટી તેમજ લશ્કરી ખાતાના ઊંચા અમલદારોનો એક શ્રીમંત વર્ગ હતો. આ અને મોટામોટા વેપારીઓ અને રૈયતમાંના માણસો મળીને એક ધનવાન અથવા તો ખાતો પીતો મોટો વર્ગ હતો. એક રાજાએ આપેલાં જાગીર અથવા ઇનામો ઘણી વખત બીજો ખુંચાવી લેતો, અને વહીવટી તેમજ લશ્કરી અમલદારો વખતો વખત દૂર થતા હતા પણ તેમને બદલે બીજા થતા; તેથી, અને નવાં કૃપાપાત્ર માણસોને નવી જાગીરો અને નવાં ઇનામો અપાતાં હતાં તેથી, આ ફેરફારોની અસર એ થતી કે વખતો વખત જનસમાજને એવા ગૃહસ્થો પૂરા પાડવામાં આવતા હતા કે જેમની શ્રીમંતાઇથી દેશની ખેતી અને બીજા ઉદ્યોગોને સારૂં ઉત્તેજન મળી શકે. આ ફાયદા બ્રિટિશ રાજ્યમાં લગભગ તદ્દન બંધ થયા છે, તમામ અગત્યના વહીવટી અને લશ્કરી અધિકારો હવે યુરોપિયનોના હાથમાં છે, જેમની બચત તેમના દેશમાં જાય છે."

હિન્દનું ભવિષ્ય.

"આપણી બધી ગોઠવણોમાં એક મોટો સવાલ આપણે હમેશાં ધ્યાનમાં રાખવો જોઇએ. લોકોના શીલસ્વરૂપ ઉપર એની છેવટની અસર શી થશે? એનાથી એ ઉન્નત થશે કે અવનત થશે? આપણે તે આપણી સત્તાને નિર્ભય

કરીને અને દેશના લોકોનું રક્ષણ કરીને, તેઓની શીલસંપત્તિ અત્યારના કરતાં પણ હલકી દશામાં આવી જાય તેની દરકાર ન કરતાં, સંતોષ માનવાનું છે! કે આપણે તે તેમના શીલસ્વરૂપને ઉન્નત કરવાના, તેમના પોતાના રાજ્યના વહીવટની ઉંચી જગાઓને લાયક બનાવવાના અને તેમના સુધારાને માટે યોજનાઓ કરવાના પ્રયત્નો કરવાના છે? દેશીઓના મનને ઉન્નત કરવાં અને જ્યારે આપણો હિંદ સાથે સંબંધ છૂટે તે વખતે આપણા અમલનું ફળ તેમને વધારે હલકા અને પોતાનું સંભાળવાને આપણે આવ્યા તે વખતના કરતાં વધારે નાલાયક બનવાનું જ આવ્યું, એમ દેખાય નહિ, તેની કાળજી રાખવી એ નિઃસંશય આપણું નિશાન હોવું જોઇએ. તેમના શીલસ્વરૂપને સુધારવાની ઘણી યોજનાઓ સૂચવી શકાય તેમ છે. પણ, જ્યાં સુધી એવો સુધારો કરવોજ જોઇએ, એ આપણી રાજ્યનીતિનું મુખ્ય સૂત્ર ન થાય, ત્યાં સુધી કોઇપણ યોજના સફળ થવાની નથી. આ સૂત્ર એકવાર સ્વીકારાય તે પછી તેનો હેતુ પાર પાડવાને માટે આપણે કાળ અને ખંત ઉપર પણ વિશ્વાસ રાખવો જોઇએ. દેશીઓના સુધારા કયા ઉપાયો લીધાથી સરળતાથી થશે એ બાબત નક્કી કરવા પુરતો આપણને અનુભવ નથી તેમજ તે પુરતું આપણું દેશીઓનું જ્ઞાન પણ નથી; થોડા ઘણા સફળ થાય એવા ઘણા ઉપાય સુચવી શકાય તેમ છે, પણ તેમનામાં વધારે વિશ્વાસ મૂકીને, તેમને જોખમની જગાઓ આપીને સરકારની લગભગ પ્રત્યેક જગા માટે તેમને લાયક બનાવીને, તેમનો પોતાનો પોતાને માટે વધારે ઊંચો અભિપ્રાય થાય, તેવા યત્નો કરવા તે સિવાય બીજો સફળતાને માટે સંશય રહિત ઉપાય મને જણાતો નથી. એમની આ લાયકીની હદ મુકરર કરવાની અત્યારે જરૂર નથી. પણ આપણી પોતાની સત્તા જોખમમાં ન આવે એટલું સાચવીને જે જગા માટે લાયક હોય તેવી કોઇપણ જગામાંથી તેમને શામાટે બાતલ કરવા તે હું સમજી શકતો નથી.

આપણે જોઇએ છીએ કે રાજ્યના શીલસ્વરૂપની પ્રજાના શીલસ્વરૂપ ઉપર અસર થાય છે–રાજા તેવી પ્રજા એવો નિયમ છે. કેટલીક પ્રથમ અત્યંત સુધરેલી પ્રજાઓ જંગલી દશામાં ઉતરી ગઇ છે, અને બીજી પ્રથમ અત્યંત જંગલી પ્રજાઓ સુધારાની ઊંચામાં ઊંચી ટોચે પહોંચેલી છે. આ બાબતનો વિચાર કરતાં, જો આપણે યોગ્ય પગલાં લઇએ, અને એક ચિત્તથી તેને અમલમાં મૂકતા જઇએ, તો વખત ગયે હિંદના લોકો પોતે પોતાનું રાજ્ય ચલાવી શકે તેવી શીલસંપત્તિવાળા થાય એટલે સુધી આપણે એમને બેશક સુધારી શકીએ. ”

આ સમય પછી મદ્રાસમાં જમાબન્દીના સવાલનું નિરાકરણ શું થયું તે બાબત યોગ્ય સ્થળે વિવેચન થશે. અહીંઆં એટલું જ કહેવું બસ છે કે મન્રોના વિચાર મન્રો પાસે રહ્યા. અને અત્યારે મદ્રાસના ખેડુતના હાથમાં અનિયમિત સરકાર હુકની સામે કે ગેરવાજબી વધારાઓની સામે, કંઇપણ અંકુશ નથી. અને તેથી તેને કરકસર કરવાનું કાંઇપણ–પ્રયોજન નથી, અને પોતાની સ્થિતિ સુધારવાની કંઇપણ સત્તા નથી.

મદ્રાસ ઇલાકાની આર્થિક સ્થિતિ.

સને ૧૮૦૦ ના ફેબ્રુઆરીની ૧૪ મી તારીખે લૉર્ડ વેલ્સલીએ ડૉ. ફ્રાન્સેસ બુકનન નામના વૈદ્યક અમલદારને દક્ષિણ હિંદુસ્તાનમાં ફરીને લોકોની આર્થિક સ્થિતિની તપાસ કરવાના કામ ઉપર નીમ્યો હતો. ડો. બુકનન મદ્રાસથી નીકળી કર્ણાટક, મ્હૈસૂર, કોઇમ્બતૂર, મલબાર અને કનારામાં ફર્યો. તેની નિત્ય નોંધ અને તેની તપાસમાં માલુમ પડેલી હકીકત લન્ડનમાં ૧૮૦૭ ની સાલમાં પ્રસિદ્ધ થયલી છે. તેનો સાર આ નીચે પ્રમાણે.

મદ્રાસની જાગીરો.

સને ૧૮૦૦ ના એપ્રીલની તેવીસમી તારીખે ડા. બુકનને મદ્રાસ છોડ્યું.

તે વખતે મદ્રાસની આસપાસની જમીન પડતર નહોતી, અને જો પુરતો વરસાદ પડે તો ડાંગર સારી ઉપજતી. કેટલેક ઠેકાણે જુનાં તળાવોમાંથી જમીનોને પાણી પાવામાં આવતું; અને જ્યાં તે પ્રમાણે પાણી મળતું, ત્યાં ડાંગરનો પાક સારો થતો હતો. ધર્માત્માઓએ રસ્તા ઉપર ધર્મશાળાઓ બાંધી હતી.

" પશ્ચિમ તરફ આગળ ચાલતાં તેના જોવામાં વેરાન મુલક આવ્યો પણ નાળીએરીઓ વાવીને કેટલોક સુધારો કરવામાં આવ્યો હતો. કોન્ડાતુરુ આગળ રમણીય દેખાવ જોવામાં આવ્યો. અહીંઆં આગળ ડા. બુકનને આપણું દક્ષિણ હિંદુસ્તાન જેને માટે પ્રસિદ્ધ છે તેવું એક મોટું જળાશય જોયું. બે ટેકરીઓ વચ્ચે એક બંધ બાંધીને આ તળાવ બનાવવામાં આવ્યું હતું. જળાશયનો વિસ્તાર લંબાઇમાં સાત આઠ માઇલ અને પહોળાઇમાં ત્રણ માઇલ હતો. અને તેમાંથી ખેતરોમાં પાણી પાવા માટે અનેક નાની નાની નહેરો કઢાડવામાં આવી હતી. વરસાદમાં નદીનાં પાણીથી આ તળાવ ભરાતું હતું. જુદી જુદી જગોએ વીસથી તીસ ફીટ પહોળાં ગરનાળાં હતાં. તે ઢોળાવ ઉપર પથ્થરથી બાંધેલાં હતાં અને વધારાનું પાણી તેમાં થઇને ચાલ્યું જતું હતું. આ તળાવમાંથી બત્રીસ ગામનાં ખેતરોમાં અઢાર માસ સુધી પાણી પહોંચતું હતું. ડો. બુકનન લખે છે કે વરસાદની અછતથી દુષ્કાળ પડે તેવા મુલકમાં આવાં જળાશયોની કિંમત થઇ શકે તેમ નથી.

" પશ્ચિમ તરફ આગળ કોન્ડાતુરુ અને શ્રીપર્મતુરુ વચ્ચેનો મુલક હલકો અને થોરથી ભરેલો છે. ત્યાં ખેતી બહુ થોડી છે અને વખતે પાક થાય તો થી પુરતી પણ ઉપજ થતી નથી. પરંતુ આ જમીનમાં તાડ અને જંગલી ખારેકના ઝાડો સ્વતઃ ઉગે છે, અને તાડમાંથી તાડી જગારી એ પેયો મળે છે."

શ્રીપર્મતરુ આગળ એક બીજું જુનું તળાવ છે. જેમાંથી બેહજાર એકર જેટલી ડાંગરની જમીન પાણી પીએ છે. આની પાછળ જમીન વળી વેરાન અને ઉજડ આવે છે.

કૉન્જીવરમમાં પણ એક મોટું જળાશય હતું. તેમાંથી પણ ડાંગેરની જમીનના ઘણા એકરોને પાણી પહોંચતું હતું. નવાબ મહમદ અલ્લીના દીવાને અહીંઆં એક બીજું મોટું તળાવ બાંધ્યું હતું. તેને પથ્થરની ફરસબંધી હતી અને ઠેઠ સુધી પગથીઆં બાંધ્યાં હતાં. તળાવની પાળ ઉપર મુસાફરોને માટે નકસીદાર થાંભલાઓવાળી કેટલીક ધર્મશાળાઓ બાંધી હતી.

"કૉંજીવરમ એ એક મોટું નિયમિત બાંધણીવાળું શહેર છે. મકાનો માત્ર એકજ માળનાં છે, પણ ઘણાં ખાલી છે દીવાલો માટીની, અને છાપરાં ઉપર નેવાં; ઘર ચોરસ અને વચમાં વચમાં ચોકવાળાં; શેરીઓ પહોળી સ્વચ્છ અને કાટખુણે. દરેક બાજુએ નાળીએરીની હારો છે. બ્રાહ્મણો શંકરાચાર્ય કે રામાનુજાચાર્યના અનુયાયિઓ છે. શંકરાચાર્ય-નવમા સૈકામાં થઇ ગયા અને રામાનુજાચાર્ય અગીઆરમા સૈકામાં થઇ ગયા."

કૉન્જીવરમ પછી ડા. બુકનનને મુલક વધારે વેરાન લાગ્યો, મદ્રાસ જાગીરની હદ ઉપર ડમરલુ-નામનું ગામ છે ત્યાં સુધી તે આવી પહોંચ્યા. ડમરલુ અને ઉલુર વચ્ચે એક મોટી નહેર છે તે ડાંગેરની જમીનને પાણી પાય છે ઉલુરની જમીન સારી છે, પણ ત્યાં આગતર મૉલોજ થાય છે. ખેતરની વચ્ચે મોટાં ઝાડો ઉગે છે.

"એકંદર મદ્રાસની જાગીર જે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના હાથમાં પચાસ વર્ષથી છે તે આબાદ સ્થિતિમાં નથી. વારંવાર લડાઇઓ થવાથી, જમીનના વેરાના ભારથી, અને ઉપજ, જમીનની સ્થિતિ સુધારવાના કામમાં વપરાવાને બદલે કમ્પનીને માટે માલ ખરીદવામાં વપરાતી હોવાથી, લોક ગરીબ થઇ ગયા છે, વસતિ આછી થઇ ગઇ છે. કૉન્ડાતુરુમાં દેશાધ્યક્ષ મિલેઇએ ત્યાંનું જુનું તળાવ સમરાવ્યું છે પણ જમીન ઉપરનો કર ઘણોજ વધારી દીધો છે" ખેતરનાં ખેતર પાણી વિનાનાં, ખેડાણ વિનાનાં અને વસતિ વિનાનાં હતાં. ડૉ. બુકનનની ભાષામાં 'વેરાન' હતાં.

કર્ણાટક.

ડૉ. બુકનન જ્યારે કર્ણાટક ગયા ત્યારે તે ખાલસા થયેલું ન હતું. એટલે વાસ્તવિક રીતે કંપનીના વહીવટમાં છતાં નામમાં તો આર્કોટના નવાબનું જ લેખાતું હતું.

આર્કોટ જતાં બુકનને એક બીજું ભવ્ય જુનું હિન્દુ તળાવ જોયું. "આ તળાવ આશરે આઠ માઇલ લાંબુ અને ત્રણ માઇલ પહોળું છે અને તે ઘણા વિસ્તારની જમીનમાં પાણી પહોંચાડે છે." આ સાર્વજનિક બાંધકામ જોઇને તેને અપૂર્વ સંતોષ થયો; કારણ કે તે "ઘણા લોકોને તેમની સ્થિતિમાં જે સુખ ભોગવી શકાય તેમાંનાં ઘણાં સુખ પુરાં પાડે છે."

અહીંથી આર્કોટનો રસ્તો ખરાબ હતો, ગાડાં પણ ચાલી શકે નહિ. છતાં લોકો બળદનાં ગાડામાં મુસાફરી કરતા અને મુસલમાન સ્ત્રીઓ વખતે ધોળી ચાદરો ઓઢી બળદ ઉપર સવારી કરતી. આર્કોટ શહેર મોટું છે. ત્યાં જાડાં સુતરનાં કપડાં બને છે. ઘરોની બાંધણી મદ્રાસ જાગીરના જેવી; આસપાસની ટેકરીઓ વેરાન છે અને જલદી નાશ પામતા પથ્થરની બનેલી છે. આર્કોટ અને પશ્ચિમની ટેકરીઓના મુલકની કેટલીક જમીન સારી છે, ત્યાં વખતે બગીચા થાય છે અને આકાશી મોલ પણ થાય છે. બાકીની તમામ જમીન ઉજ્જડ છે."

આર્કોટથી વેલોરનો અને વેલોરથી પલીગોંડાનો રસ્તો પલાર નદીની બીજુમાં ચાલે છે. આ દેશ લીલો અને ફળદ્રુપ છે. વેલોરનો કીલ્લો મહોટો છે, સુંદર છે. અને શહેર પણ મોટું અને હિંદુ રીતે બાંધેલું છે. પણ રસ્તા ઉપરનાં ગામડાં દુઃખી અને દરિદ્ર છે. અને કેટલાંક તો છેક પાયમાલ થયેલાં છે. પાલીગોન્ડાના લોકો પણ નદીમાંથી ૭ સાત ફીટ ઉંડી ન્હેરો દ્વારાએ

પાણી મેળવે છે. બીજી ન્હેરોમાંથી તે પાણી જમીન પીએ છે, અને તેથી વેલોરની બીજુની જમીન આખા કર્ણાટકમાં સુંદરમાં સુંદર છે.

બારામહાલ.

પછી ડૉ. બુકનન પૂર્વઘાટ ઉપર ચડ્યા અને બારામહાલમાં આવેલા વેકન્ટ-ગિરિ પહોંચ્યા. આ દેશમાં થોડાં વર્ષ ઉપર મનરોએ જમાબન્દી કરી હતી. આ દેશના ચઢાણ ઢોળાવોથી ડા. બુકનનને ઇંગ્લંડનું સ્મરણ થયું. તેના અભિપ્રાય પ્રમાણે આ દેશના અર્ધ ભાગમાં ખેતી હતી. બાકીની જમીન વીડીની હતી અને તેમાં ઢોર ચરતાં. કાચી માટીમાંથી અને કાળી રેતીમાંથી લોઢું કઢાડવામાં આવતું અને ઘણા ભાગોમાં મીઠું મળી આવતું. જમીન રતાશ પડતી હતી અને Graniteના મિશ્રણવાળી લાલ ferruginous માટીની બનેલી હતી; ગામડાંઓમાં અને શહેરોમાં દીવાલો આ માટીની બનાવેલી હતી; અને રાતા અને ધોળા પટાથી એને રંગીને શણગારવામાં આવેલી હતી. કેટલેક ઠેકાણે અગાશીઓમાં પણ આજ માટી વાપરેલી જણાતી હતી.

પૂર્વ મ્હૈસૂર.

હવે ડૉકટર બુકનન મ્હૈસૂરની હદમાં દાખલ થયા. ત્યાં ટિપુસુલતાનના પડ્યા પછી લૉર્ડવેલ્સલીએ બેસારેલા નવા રાજાનું રાજ્ય હતું. વસુરૂ કરીને મોટા ગામમાં સાપ્તાહિક મેળો ભરાતો હતો; અને જાડું સુતરાઉ કાપડ બનતું, જે પરદેશ પણ જતું હતું. પડોશનાં ગામોમાં કાંબળીઓ પણ બનતી હતી. દસમાંથી સાત ભાગ જેટલી જમીન ખેડવાણ હતી; અને આનો વીસમો ભાગ પીત જમીન હતી. પન્નારના કિનારા ઉપર ડાંગર થતી. ખેતરોમાં બીઓ ખાતર નાંખતી, અને હળ, પાડા અને બળદોથી ચાલતાં હતાં.

દસમી મેએ બુકનન બેંગલોર આવ્યો. આ શહેર હૈદરઅલ્લીએ પોતાની સરહદ ઉપર એક સુંદર મુસલમાની શિલ્પપદ્ધતિ ઉપર લશ્કરી કીલ્લા તરીકે બાંધ્યું હતું; પણ ટિપુસુલતાને બ્રિટિશના બળ સામે નકામું ગણી તેનો નાશ કર્યો હતો. અહીંઆ ચોરસ તકતીઓવાળા વિશાળ બગીચાઓ હતા. આ હવામાં દ્રાક્ષ પુષ્કળ થતી, નારંગી અને પીચને સારાં ફળ બેસતાં અને કેપઑફગુડહોપથી આણેલા પાઈન અને ઓકનાં ઝાડો સારી હાલતમાં હતાં. બેંગલોરની નજીકની ખેડવાણ જમીન ચાર દશાંશ જેટલીજ હતી. અને પૂર્વે જે જમીનમાં વાડીઓ હતી તે હવે ઉજ્જડ પડી હતી, કારણ કે તરતના યુદ્ધોને લીધે તળાવોની કોઇએ દરકાર રાખી નહતી. હૈદરઅલ્લીએ રાજ્ય આબાદ રાખ્યું હતું. તમામ લોકો ડૉ. બુકનનને મોઢે હૈદરઅલ્લીનાં વખાણ કરતા હતા પણ ટિપુના જુલમથી અથવા તેની લડાઇઓના પરિણામમાં દેશમાં કષ્ટ ઘણું હતું અને ખેડુતનો ચાર દશાંશ ઘરગામ છોડીને નાશી ગયો હતો.

૧૮ મીએ ડાક્ટર શ્રીરંગપટ્ટણમાં દાખલ થયો, અને ખાત્રીપત્રો રજુ કર્યાં. વળતે દહાડે તેણે પુર્ણીઆ પ્રધાનની મુલાકાત લીધી જેનાં જનરલ વેલ્સલી અને જે જે ઇંગ્રેજોની સાથે તે સંબંધમાં આવ્યો હતો તે બધા બહુ વખાણ કરતા હતા. ટિપુ સુલતાનના વખતમાં પણ પુર્ણીઆની સત્તા પુષ્કળ હતી, અને જો ટિપુએ એની સલાહ માની હત તો ટિપુ ઉગર્યો હત. ટિપુ પડ્યા પછી નવા રાજાના રાજ્યમાં તે મ્હૈસૂરનો વાસ્તવિક રાજા થયો.

ટિપુ સુલતાનના વખતમાં શ્રીરંગપટ્ટણની વસતિ ૧૫૦૦૦૦ માણસની હતી. પણ ટિપુનાં યુદ્ધો પછી હાલ તો ૩૨૦૦૦ ની સંખ્યા થઇ ગઇ હતી. કાવેરીના ઉત્તર કિનારા તરફના મુલકનું નામ પટ્ટનઅષ્ટગ્રામ હતું. અને દક્ષિણ કિનારા તરફના મુલકનું નામ મહાસૂરઅષ્ટ ગ્રામ હતું. નદીની બે બાજુએ મુલક ઉંચાણ હતો. અને સ્વાભાવિક રીતે ફલદ્રુપ હતો. ચારે તરફ ન્હેરોની યોજનાથી જમીનોને પાણી આપવાની સારી ગોઠવણ હતી. કાવેરીનું પાણી ઠેકાણે ઠેકાણે ઘણે ખરચે બંધો બાંધીને આ ન્હેરોમાં દાખલ કરવામાં આવ્યું

હતું. આ ઉપયોગી અને ગંજાવર કામો હૈદરે બાંધ્યાં હતાં કે પૂર્વના હિંદુ રાજાઓએ બાંધ્યાં હતાં તે બુકનનના હેવાલ ઉપરથી નીકળતું નથી; પણ ટિપુના યુધ્ધોના અરસામાં બહુ નુકસાન થયું હતું. મોટાં મંદિરો, ગામડાંઓ અને બંધો તોડી નાંખવામાં આવ્યા હતા, અને ન્હેરો પુરાઈ ગઈ હતી. પરંતુ પૂર્ણિઆની વ્યવસ્થા દરમીયાન વેપાર ઉદ્યોગ પુનઃ સજીવન થતાં હતાં; "દરેક ઠેકાણે ઉદ્ધારનાં ચિન્હો દેખાય છે; ગામડાંઓ ફરીથી બંધાય છે; ન્હેરો સાફ થાય છે, અને હરણો અને જંગલના દરોગાઓને બદલે હવે ગરીબ અને શાન્ત બળદો ખેતરોમાં મજુરી કરવામાં મંડી પડ્યા છે."

મ્હૈસૂરમાં ડાંગર કાપવાની અને સાચવી રાખવાની રીતનું **ડા. બુકેનને** સવિસ્તર વર્ણન આપ્યું છે. કાપતાં પહેલાં એક અડવાડીઆ અગાઉ ખેતરોમાંથી પાણી કઢાડી નાંખવામાં આવેછે; પછી જમીનમાંથી ચાર ઈંચ ઊંડાં દૂંડાં કાપે, અને દૂંડાં, નીચે રાખીને તેનો ઢગલો કરે. એક અડવાડીઆ પછી એને **ખળાંમાં** પાથરે; અને તે ઉપર બળદો ફેરવી–તેના ૬૦ કન્ડક અથવા ૩૩૪ મુશળના ઢગલા કરે છે. દરેક ઢગલા ઉપર માટીની નીશાઓ કરી પરાળથી છાપ નાંખે છે. અને વજે ભાગ વ્હેંચાય ત્યાં સુધી તે તેજ સ્થિતિમાં રહે છે. પછી ખેડુતો પોતાનો ભાગ અનેક રીતે સંધરી રાખે છે. કેટલાક સાંકડી ખાણો કરીને તેમાં રાખે છે. તે ખાણો કઠણ પથરાઉ જમીનમાં હોય છે, ૨૪ ફૂટ ઉંડી હોય છે અને તેની ચારે તરફ ભોંયતળીયે તેમજ બાજુએ અને ઉપર પરાળનું અસ્તર નાંખે છે. દરેક ખાણમાં ૮૪ થી ૧૬૮ મુશલ જેટલી ડાંગર માય છે. બીજા, પાટીયાની જમીનવાળી વખારોમાં ભરી રાખે છે. કેટલાક માટીની કોઠીઓમાં ભરે છે. તેના મ્હોં ઉપર એક વાસણ ઉંધું મૂકીને છાંદી દે છે; અને જ્યારે જોઇએ ત્યારે નીચે એક બાકોરું પાડેલું હોય છે તેમાંથી ડાંગર કહાડવામાં આવે છે. કેટલાક તો પરાળના કોથળાઓમાં ડાંગર ભરી રાખે છે. ડાંગર સીવાય મગ, **તલ**, શેલડી પણ શ્રીરંગપટ્ટણ આગળ ઉગે છે.

આકાશીઆ ખેતરોમાં રગીનું વાવેતર ખુબ થાય છે, ગરીબ લોકો તેના ઉપર નિર્વાહ ચલાવે છે. આ સિવાય બાજરી અને જવાર પણ પુષ્કળ થાય છે.

શ્રીરંગપટ્ટણની આસપાસ દરેક ખેડુને બેથી ત્રણ સાંતી જેટલી જમીન હોય છે. એક સાંતી વાળા ગરીબ હોય છે પણ ચાર પાંચ સાંતીવાળા માતબર ખેડુ કહેવાય છે. પાંચ હળથી એક માણસ લગભગ ૨૫ એકર આકાસીઆ અને સાડાબાર એકર વાડીની જમીન ખેડે છે. ખેડુ જ્યાં સુધી મામુલી રીત મુજબ સાંત આપ્યા કરે ત્યાં સુધી તેને કહાડી મૂકવામાં આવતો નથી. ટિપુના રાજ્યમાં પણ આવું કૃત્ય તો વિસ્મય અને ફર્યાદનું કારણ થઇ પડતું. બીજી તરફ સાંથ લેવાની સાથે તળાવ તથા ન્હેરો સારી સ્થિતિમાં રાખવાની ફરજ સરકાર ઉપર છે. શ્રીરંગપટ્ટણ આગળ ખેતીવાડીના મજુરોને મહીને ૬ શીલીંગ ૮ ½ પેન્સ (રૂ. ૩–૬–૫) નો પગાર છે. પણ બહાર ગામડાંઓ ૫ શીલીંગ ૪ પેન્સ (રૂ. ૨–૧૧–૦) છે. સ્ત્રીઓ વખતો વખત ખેતરોમાં કામ કરે છે, અને માથા ઉપર ખાતર ખેતરમાં લઇ જાય છે. તેઓ સામાન્ય રીતે પોશાક ઠીક પહેરે છે, અને દેખાવમાં સુંદર છે. આ દેશની સતત મજુરી કરતી સ્ત્રીઓનાં જેવાં સુંદર શરીરો મેં બીજે કંઇ જોયાં નથી. તેમના કંઠ અને હાથ ખાસ કરીને સુઘટિત છે.

તા૦ ૬ ઠ્ઠી જુનને દિવસે બુકનન શ્રીરંગપટ્ટણથી પાછો બેંગલોર તરફ રવાના થયો. મુંડીયમમાં ડાંગેરની જમીન તળાવથીજ પાણી પીતી તેને માલુમ પડી. મદુરામાં એક મોટું તળાવ તેણે દીઠું. જે સાતસેં વર્ષ ઉપર વિષ્ણુવર્ધન રાયે બાંધેલું કહેવાતું હતું. પાસેની નદીમાંથી બંધ બાંધી અને ન્હેરો કહાડીને તેમાં પાણી લેવામાં આવતું; અને બરાબર સ્થિતિમાં હોય ત્યારે તેનાથી આસપાસની બધી જમીન બારે માસ પાણી પીતી. ચિનાપટ્ટમ જ્યાં પહેલાં જસદેવરાય નામના એક પાળેગાર રહેતા હતા ત્યાં કાચની બીંટીઓ, બંગડીઓ, તંબુરા, સારંગી વગેરેના લોઢાના તાર, સ્વચ્છ સફેદ સાકર, અને એવો ચિત્રવિચિત્ર માલ બનતો હતો. આગળ ચાલતાં રામગિરી આવ્યું. પણ

૧૭૯૨ ની કૉર્નવૉલિસની ચઢાઇથી ત્યાં બહુ નુકશાન થયું હતું, અને વસ્તિનો મોટો ભાગ ભુખમરાથી મરણ પામ્યો હતો. **મગદી** આગળ થઇને નીચી નીચી ટેકરીઓ અને ખીણોમાં થઇને રસ્તો પસાર થતો હતો; જેના ઉપર આકાશીઆમોલ ઉગતા હતા. સવનદૂર્ગ આગળ સાગ અને વાંસ પેદા થતા હતા પણ આ ગામ લૉર્ડ કૉર્નવૉલિસે સર કર્યું હતું, અને તે પછીથી તે વસ્યુંજ ન હતું. પાસેના ડુંગરોમાં લોઢું કઢાડવામાં આવતું હતું, અને તેને શુદ્ધ કરી તેમાંથી ખેતીનાં ઓજારો બનાવવા અને લડાઇનાં હથિયારો માટે ગજવેલ બનાવતા હતા. ત્યાં આગળ વળી સુખડ અને બીજે સાગવાની કાટ પેદા થતો હતો અને હિંદુસ્તાનના સુપ્રસિદ્ધ રંગને માટે લાખનાં જીવડાં ત્યાં ઉછેરવામાં આવતાં હતાં. તારીખ ૨૧ મી જુને બુકનન બેંગલોર પહોંચ્યો.

હૈદરઅલ્લીના વખતમાં બેંગલોરમાં બહોળો વેપાર અને પુષ્કળ કારીગરી હતી. ટિપુ સુલતાને મૂર્ખાઇથી નીઝામના રાજ્ય અને કર્ણાટક સાથેનો તમામ વેપાર બંધ કર્યો હતો; અને તેથી બેંગલોરનો વેપાર છેક ઉતરી ગયો હતો. પરંતુ હિંદુ રાજ્યનું પુનઃ સંસ્થાપન થયું તેપછી આ શહેર પાછું આબાદ થયું હતું. પુનાના વેપારીઓ કાશ્મીરી શાલો, કેસર અને કસ્તુરી લાવતા, અને સુરતથી મોતી લાવતા હતા; બુરાનપુરના વેપારીઓ છીંટ, મોળીઆં, કાપડ અને કસબ લાવતા; નિઝામના રાજ્યમાંથી સુનેરી રૂપેરી બુટ્ટીવાળું લાલ સુતરાઉ કાપડ આવતું; અને કર્ણાટકમાંથી મીઠું, કલઇ, સીસું, તાંબુ અને યુરોપનો માલ આવતો, તેમજ બેંગલોરમાંથી સોપારી, સુખડ, મરી, એલચી અને આંબલીનો નીકાસ થતો હતો. ઉપરાંત કાંબળીઓ અને રૂ ઘણું આયાત થતું હતું.

માલ, પશુઓ ઉપર પોઠો નાંખીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ-જવામાં આવતો હતો. એક વર્ષમાં ૧૫૦૦ પોઠો રૂની, ૫૦ સુતરની, ૨૩૦ કાચા રેશમની, ૭૦૦૦ પોઠો મીઠાની, અને ૩૦૦ પરદેશી માલની આયાત કરવામાં આવી હતી. અને ૪૦૦૦ પોઠો સોપારીની અને ૪૦૦ મરીની નીકા-

સ થતી હતી. વણકરો દેશના બરનું કાપડ વણતા, અને રેશમના વણનારાઓ ઉમદા અને મજબુત રેશમી કાપડ બનાવતા. રેશમને લાખનો લાલ રંગ, **કપીલીપોડી**થી કેસરી રંગ, અને tumeric નો પીળો રંગ ચડાવાતો. રેશમી કોર વાળાં સુતરાઉ કપડાં બનાવનારાઓને રોજના છ આના મળતા, અને રેશમી કાપડ બનાવનાર મજુરોને રોજના સાડાચાર આના મળતા હતા. વણકરોને શાહુકારો નાણાં ધીરતા, અને તેઓ ખાનગી રીતે પોતાનો માલ વેચતા. પણ જાહેર બજારોમાં કદી લઇ જતા નથી. જુદીજુદી જાતનાં મસલીનો પણ બનતાં હતાં, અને તેનું પુષ્કળ વેચાણ થતું હતું. બ્રાહ્મણ સિવાયની જુદીજુદી નાતની સ્ત્રીઓ સાપ્તાહિક બજારોમાંથી રૂ લઇ આવતી, ઘેર કાંતતી અને વણનારાઓને સુતર આપતી; અને આમ બધી નાતોનાં સ્ત્રી પુરૂષોને કાંતવા વણવાનો ફાયદાકારક રોજગાર હતો.

રંગવાના કામમાં ગળી બહુ વપરાતી. ચામડું કેળવવાનો ધંધો ઠીક નફો આપતો. અને એરંડીયું, કોપરેલ અને મીઠું તેલ જથાબંધ તૈયાર થતું અને વેચાતું.

બેંગલોર પાસેના એક ગામડામાં ડો. બુકનનને તપાસ કરતાં માલમ પડયું હતું કે ત્યાં અગાડી શાહુકારો સાથ ભરી દેવા માટે ખેડુતોને નાણાં ધીરતા અને તેના બદલામાં વ્યાજ અને મુડી બે મળીને અરધો માલ ઉપાડી જતા. **ગ્રામપૂગોમાં** માલની વ્હેંચણી શી રીતે થતી હતી, તેનું વર્ણન ડૉ. બુકનન આ પ્રમાણે આપે છે. ૨૪૦૦ શેર–અથવા ૪૮૦૦ રતલના ઢગલાના નીચે પ્રમાણે ભાગ પડતા.

નામ.	શેર.	નામ.	શેર.
ગામ ગોર	૫	મપારો	૪
ઝાંપો	૫	વરતણીઓ	૭
જોશી	૧	મુખી	૮
બ્રાહ્મણ	૧	પટવારી	૧૦

હજામ	૨	પગી	૧૦
કુંભાર	૨	કામદાર	૪૫
લુવાર	૨	પટેલ	૪૫
ધોબી	૨	પાણીવાળો	૨૦
		કુલ	૧૬૯

આ રીતે ખેતરની કુલ પેદાશના સાડાપાંચ ટકા જેટલું અનાજ વહેંચાથી વાળંદ, કુંભાર, લુવાર, ગોર જોશી વિગેરે તમામનો લાભ આખા ગામને મળતો. સિવાય દેશમુખ અથવા જમીનદારને દશ ટકા મળતા, અને બાકી રહે તે સરકાર અને ખેડુત વચ્ચે સરખે હીસ્સે વહેંચાતું. હૈદરઅલ્લીએ દેશમુખો નાબુદ કર્યા અને તેમનો ભાગ સરકાર દાખલ કર્યો.

ઉત્તર મ્હૈસૂર.

તા. ૩ જી જુલાઇએ ઍંગલોર છોડી ડા. બુકનને ઉત્તર મ્હૈસૂરમાં મુસાફરી કરી. કોલારની આસપાસના મુલકમાં કેટલાંક, ગૃહસ્થોએ ખોદાવેલાં તળાવો જોયાં. જેમાંનાં મોટાં મોટાં સરકારે ખોદાવેલાં હતાં. તે તળાવોમાંથી જમીનોને પાણીપાવામાં આવતાં. હિંદુધર્મશાસ્ત્રમાં રાજ્ય ભાગ ૧/૬, ૧/૮, ૧/૧૨ મુકરર કરેલો હતો; પણ જ્યારે દક્ષિણ હિંદુસ્તાનના રાજાઓએ ૧/૨ સુધી ઊંચો ભાગ લેવા માંડયો ત્યારે તેમણે મોટાં જળાશયોનાં ખરચ કર્યાં અને તેઓ રાજભાગ નાણામાં લેતા નહિ પણ વજે ભાગજ લેતા હતા.

કોલારની પીત જમીનમાં ડાંગેર, શેલડી, સોપારી, શાકભાજી ઉગતાં હતાં. અને ડાંગેર લગભગ રાગીના જેટલીજ ઉપજતી હતી. ખસખસ પણ ઘણી થતી, તેનું અશીણ બનતું અને તે મીઠીરોટલી બનાવવામાં ઉપયોગમાં આવતી. ઘઉં ડાંગેર કરતાં અરધા થતા હતા. ખેતીના મજુરોને ૨૯૧/૨ મુશેલ દાણો

અને લગભગ ૭ રૂપીઆ વર્ષે દહાડે મજુરીના મળતા હતા. મજુરોમાં રોજીંદા રોજ પુરૂષોને સવાએ આના, અને સ્ત્રીઓનો દોઢ આનો હતો.

ટીપુસુલતાનનાં યુધ્ધોના સમયમાં અને તેના નિરંકુશ રાજ્ય અમલ દરમિયાન કોલાર અને શિલાગુત્તને બહુ નુકશાન પહોંચ્યું હતું, પણ તે હવે ધીમે ધીમે આબાદીમાં આવતાં હતાં. તરેહતરેહવાર સુતરાઉ કાપડ એ સહુથી અગત્યની પેદાશ હતી. પશ્ચિમ તરફ જતાં ડો. બુકનન નન્દીદૂર્ગ પહોંચ્યા. આ પ્રસિદ્ધ શહેરની નજીકમાંથી ઉત્તર પન્નાર, પલાર અને દક્ષિણ પન્નાર નામની નદીઓ નીકળે છે. હુંગરાઓની પેલીપાસનો મુલક ઉજ્જડ છે. પ્રથમ કરતાં ત્રીજો ભાગ પડતર છે. લૉર્ડ કૉર્નવૉલિસની ચડાઇ પછી ગામડાંઓ ભાંગી ગયાં છે. લોક કહેતાં કે અમારા ઉપર પાંચ જુદી જુદી આફતો આવી હતી. અનાવૃષ્ટિ, ત્રણ પરસૈન્ય (દુશ્મનનાં લશ્કરો) અને (એક મ્હૈસુરનું) સ્વસૈન્ય.

તા. ૧૮ મી જુલાઇએ ડા. બુકનન બલપુર આવ્યા. સોળમા સૈકામાં વિજયનગરનું રાજ્ય જ્યારે ભાગ્યું ત્યારે આ, નારાયણ સ્વામિનામના પાળેગારના હાથમાં એક સ્વતંત્ર રાજ્ય થયું હતું. પણ પાછળથી તે મોગલ, મરાઠા, નિઝામ અને હૈદરઅલ્લીના હાથમાં પડ્યું હતું, અને આખરે મ્હૈસુરના પુનઃસંસ્થાપિત વંશના હાથમાં આવ્યું. તે રાજ્ય છીંટ અને મઝલીન આયાત કરતું અને ખાંડ નીકાસ કરતું હતું. પશ્ચિમ તરફ આગળ જતાં મધુગિરિ આવે છે. ત્યાં પણ વિજયનગરના રાજ્યના પડી ભાગ્યા પછી એક સ્વતંત્ર પાળેગાર રાજ્ય કરતો હતો. તે પાછળથી મ્હૈસુરના હાથમાં પડ્યું હતું. હૈદરઅલ્લીએ ટેકરીઓ ઉપરના કીલ્લાઓ સમરાવ્યા હતા; અને એકસો વણકરોને વસાવ્યા હતા. ટિપુસુલતાનના અમલમાં એ શહેર પડતીમાં આવ્યું હતું, અને લૉર્ડ કૉર્નવૉલિસનાં મ્હૈસૂર અને મરાઠાનાં યુધ્ધોથી તેની પાયમાલી થઇ ગઇ હતી. જ્યારે ડા. બુકનન અહીં આવ્યા ત્યારે ત્યાં ડાંગેર, રાગી, શેલડી, ઘઉં, કપાસ, કઠોળ, અને તલ–તથા તરેહતરેહનાં શાકભાજી થતાં

હતાં. રાગીને લાયક આકાશીઆ જમીન રૂ. ૦-૯-૦ થી રૂ. ૧-૧૧-૦ સુધી સાંથ આપતી હતી. ખેડુતનો પોતાની જમીન ઉપર હક હતો, અને વર્ષો વીતી ગયા પછી પણ તે જમીનનો કબજો લઇ શકતો હતો. દરમિયાનમાં જો આગંતુક ખેડુતે કંઇ સુધારા કર્યા હોય તો મૂળ ખેડુતને તેનાં નાણાં આપવાં પડતાં. મજુરી, માણસ મહીનાના રૂ. ૨-૦-૦ રળતો અને સ્ત્રીને ૧-૧૧-૦ મળતી આ દેશમાં વખતો વખત અનાવૃષ્ટિને લીધે તંગી પડતી પણ માણસમરકી થાય તેવા દુકાળો ભાગ્યે પડતા હતા. પણ જ્યારે તંગીની સાથે લડાઈ આવે અને દાણાનો વ્યવહાર (વણઝાર) બંધ થાય ત્યારે દુષ્કાળનાં સર્વ સંકષ્ટો ઉત્પન્ન થાય. લૅાર્ડ કૅાર્નવાલિસની ચડાઇઓના સમયમાં આવેલાં આવાં સંકષ્ટો કેવળ અદૃષ્ટપૂર્વ હતાં. તે વખતે દેશના ઉપર ચારે તરફથી દુશ્મનોના ઘેરા હતા, અને દેશની અંદર દુશ્મનોનાં લશ્કરો તેમજ તેટલાંજ વિનાશકારક પોતાનાં લશ્કરો પેસી ગયલાં હતાં ત્યારે કેવળ દુર્ભિક્ષને લીધે અરધોઅરધ માણસોનો ધાણુ નીકળી ગયો હતો.

તા. ૩૧ મી જુલાઇએ ડા. બુકનન સીરા પહોચ્યા. મોગલોના વખતમાં આ શેહેર મોટું અને આબાદ હતું. તેમાં પચાસ હજાર ઘર હતાં અને અઢીલાખ માણસની વસ્તી હતી. પછી તે હૈદરના હાથમાં ગયું અને મરાહાની ચઢાઇઓથી અને ટીપુના જુલમથી પાયમાલ થઇ ગયું. ત્યાં ડાંગેર-રાગી ધઉં, શેલડી કઠોળ, કપાસ વિગેરે થતાં હતાં. સરકારની સાંથ કોઇવાર નાણાંમાં અને કોઇ વાર વજ્રેથી અપાતી. ત્યાં સોપારી, મરી, સુખડ અને તેજાના આયાત થતા હતા, અને કાંબળી, કાપડ, તેલ, ઘી, આદુ અને નાળીએર બહાર મોકલાતાં હતાં. ઝીણાપોતવાળી પણ સફાઇવિનાની મઝલીન અને જાડાં કાપડની કેટલીક તરેહ; એ મુખ્ય પેદાશ હતી.

ત્યાંથી પાછા મધુગિરિ જઇ ડા. બુકનને ત્યાંના પ્રસિદ્ધ ઢોરો સંબંધી કેટલીક તપાસ કરી. ત્યાં તેણે જોયું કે દરેક શહેરમાં અને દરેક ગામમાં ઢોર ઉછેરવાને માટે ખાંડાં છે. ગોવાળ લોકો જંગલના નાકા ઉપર રહે, થોડીક જમીન

ખેરડ અને ઢોરનાં દૂધ વગેરે શેહેરમાં વેચે. દરેક કુટુંબ વેરાના રૂ. ૨૫ આપે. મધુગિરિ અને તેની પડોશના મુલકમાં લોઢું ગળાતું અને ગજવેલ બનતી.

ત્યાંથી દક્ષિણ તરફ જતાં તળના કરાઇમાં ડા. બુકાનનને ખેતી ઠીક જણાઇ પણ તુંમકુસમાં તો જમીન ઉજડ હતી. અને ગામો કીલ્લાબંધ હતાં. અહીંઆં રાગી પુષ્કળ થતી, તેમ ડાંગેરના કયારા પણ ઘણા હતા. ત્યાંથી દક્ષિણ ગુબ્બી—કાંઇક ઠીક શહેર હતું ત્યાં ૧૫૪ દુકાનો હતી અને આઠે દહાડે બજાર ભરાતું. જાડું સફેદ અને રંગીન સુતરાઉ કાપડ, કામળી, ગુણપાટ, સોપારી, નાળીએર, આમલી, દાણાઃ લાખ, લોઢું અને ગજવેલ તમામ ચીજો આસપાસના મુલકમાંથી અહીં વેચાવા સારૂ આવતી.

ડોરાગુડામાં લોઢાની ખાણો હતી. તવીનાકરાય પણ કંઇ અગત્યનું શહેર હતું. તેને એક બહાર અને એક અંદર બે કીલ્લા હતા, અને કીલ્લા બહાર સાતસેં ઘરનું પરૂં હતું. પ્રથમ તો તે પાળેગારના મોટા કુટુંબના હાથમાં હતું. જેમાંના માત્ર એકે ચાર મોટાં મંદિરો અને જમીન પાવા માટે ચાર મોટાં જળાશયો બાંધ્યાં હતાં. આસપાસના મુલકમાં પ્રથમ કટકે કટકે ખેતી થતી હતી, પણ પરશુરામ ભાઉની સરદારી નીચે મરાઠાઓની ચડાઇ થઇ તેમાં તે પાયમાલ થઇ ગયું હતું. ત્યાંથી દક્ષિણે બેલુસ છે. જ્યાં ડાંગરના બરની સુંદર જમીન છે અને મોટું તળાવ છે. બેલુસ અને શ્રીરંગપટ્ટણ વચ્ચેનો ચાળીસ માઇલનો મુલક ૧૭૯૨ ની કૉર્નવૉલિસની લડાઇથી ઉજ્જડ થઇ ગયો હતો. અને ટિપુસુલતાને લોકોને મેદાનનો મુલક છોડી જંગલમાં રહેવાની ફરજ પાડી હતી. ત્યાં તેઓ ખીચારા ઝુંપડાંમાં રહેતા અને જેમ તેમ કરીને નિર્વાહ કરતા. તેમાંના કેટલાક તો ભુખમરાથી મરણ પામ્યા હતા. અને જ્યારે બુકનને એની મુલાકાત લીધી ત્યારે અરધી વસતિ પણ ભરાઇ ન હતી.

બેલુસની નજીકમાં નાગ મંગળનો મુલક હતો. ત્યાં ગામડાના મુખીઓ કંઇક પોતાની જમીનો સાંથે આપે છે, બાકી લોકો પાસેથી ઉઘરાવે છે. લોકોને જમીનની માલિકી હોય છે, અને જ્યાં સુધી જૂનાં ધોરણ પ્રમાણે સાંથ આપ્યે

જાય ત્યાં સુધી તેઓને કહાડી શકાતા નથી. ડાંગેરની જમીનમાંથી વજે ભાગ લેવાય છે અને આકાસીઆ જમીનની સાંથ નાણામાં અપાય છે. શ્રીરંગપટ્ટણુની દક્ષિણે આશરે પંદર માઇલ ઉપર મેલકોટે છે. તે એક ઉંચી ટેકરી ઉપર સુંદર જગાએ બાંધેલું છે. ત્યાંથી કાવેરીની ખીણુનો અને મ્હૈસુરની દક્ષિણુમાં મ્હૈસુરના ડુંગરાઓના પશ્ચિમ ઘાટનો અને પૂર્વમાં સવનગંગા અને શિવગંગાના રમણીય દેખાવો નજરે પડેછે. ત્યાં એક વિશાળ સુપ્રસિદ્ધ હિંદુ મંદિર છે. તેની આસપાસ સ્તંભોની રચના છે, અને વચમાંના મોટા તળાવની આસપાસ યાત્રાળુઓને માટે મોટાં મકાનો બાંધવામાં આવેલાં છે. એમ કહેવાય છે કે આ મંદિરના દાગીના ખુંચી લેવામાં ટિપુ સુલતાનને પણ ભય લાગ્યો હતો. પછી તે શ્રીરંગપટ્ટણની ત્રીજોરીમાં રાખવામાં આવ્યા હતા, અને અંતે બ્રિટિશ સેનાએ જ્યારે તે રાજધાનીનું શહેર કબજે કર્યું ત્યારે તે દાગીના બચાવ્યા હતા.

મલાયકોટાની દક્ષિણે ટોનુર છે ત્યાં ડા. બુકનને યાદવનિધિ નામનું મોટું સરોવર જોયું, જે અગીઆરમા સૈકામાં પ્રસિદ્ધ સુધારક રામાનુજાચાર્યે બંધાવ્યું હતું એમ કહેવાયછે. "બે મોટી ટેકરીઓ વચ્ચે બે પહાડી ધોધ વળતા હતા; ટેકરીઓ વચ્ચેના આ માર્ગને રામાનુજે ૭૮ કયુબિટ ઉંચી, ૬૫૦ કયુબિટ લાંબી, અને પાયામાં ૨૫૦ કયુબિટ પહોળી એક દીવાલથી બાંધી લીધો. વધારાનું પાણી ઘણી મહેનતે કહાડેલી એક સેરમાંથી વહી જાયછે; અને તે એટલી લાંબી છે કે તેનાથી ત્રણ ચાર માઇલ દૂર સુધી આસપાસનાં ખેતરો પાણી પીયેછે. આ સરોવર જ્યારે પૂરું ભરાય ત્યારે બેડુતોને બે વરસ સુધી ચાલે એટલું પાણી તેમાં થાય છે."

તા. ૧ લી સપ્ટેમ્બરે ડા. બુકાનન શ્રીરંગપટ્ટણ પાછો આવ્યો.

દક્ષિણ મ્હૈસૂર.

ડા. બુકાનને શ્રીરંગપટ્ટણ તા. ૫ મી સપ્ટેમ્બરે છોડયું અને ત્યાંથી દક્ષિણ મ્હૈસૂર તરફ ચાલ્યો. પહેલાં તે પાલહુલી આગળ તે ગયો. તાજી લડાઇ-

થી તદ્દન નાશ પામ્યું હતું પણ ત્યાં તેણે કાવેરી નદીમાંથી કહાડેલી બે ન્હેરો જોઇ, જે મ્હૈસુર અષ્ટગ્રામના આખા જીલ્લાને પાણી પાતી હતી. આમાંની એકમાં એક જીવતો ઝરો હતો જે કદી સુકાતો નહીં અને તેથી કરીને સુકી મોસમમાં પણ બેહુતો ડાંગરનો પાક કરી શકતા હતા.

કાવેરીની એક શાખા લક્ષ્મણતીર્થ નામની નદી નન્દીદુર્ગના ડુંગરોમાંથી નીકળેછે. આ નદીમાંથી છ ન્હેરો કહાડવામાં આવી છે. ને બધી જમીન પાયછે. આ ન્હેરોના બંધ બહુ સુંદર બાંધણીના છે અને એના ઉપરથી પડતા ધોધનો દેખાવ બહુ રમણીય થાયછે. આ ન્હેરોથી પહેલાં આશરે ૧૮૦૦૦ એકર જમીન પાણી પીતી.

આ મુલકમાં વંશપરંપરાના ગૈડ—અથવા ગામના મુખીઓ નથી. અને ઉપજ ઇજારદારો વસુલ કરે છે. તેઓ પૂર્વના મ્હૈસુરના રાજાઓએ ઠરાવેલા વહીવટથી વધારે, બેહુત પાસેથી લઇ શકે નહિ. હૈદરઅલ્લીએ હરકારા એટલે જમીનની મેહેસુલના તજવીજદારો નીમ્યા હતા તેમનું કામ ઇજારદારોને અંકુશમાં રાખવાનું અને લોકની ફરિયાદો સાંભળવાનું હતું. ટીપુસુલતાને હરકારા કહાડી નાખ્યા તેની અસર એ થઇ કે લોકોના ઉપર જુલમ થયા, અને રાજ્યની ઉપજમાં દગા થયા.

આગળ, પશ્ચિમ તરફનો મુલક બધો ઉજ્જડ થયો હતો; ૧૭૬૧ માં બાજીરાવ અને તેના મરાઠા સરદારોથી અને રહ્યું સહ્યું ૧૭૯૨ માં કૉર્નવૉલિસની ચડાઇથી. પ્રિયપટ્ટન એક મોટું શહેર હતું અને નન્દીરાજ નામના એક પાળેગારના હાથમાં હતું. આ પાળેગારના કુટુંબ પાસે ઉત્તરમાં કાવેરીથી અને પશ્ચિમમાં કૂર્ગની સરહદ સુધીનો મુલક હતો, અને તેઓ કૂર્ગના રાજાને એકલાખ રૂપિયાની વાર્ષિક પેશકશી આપતા. એમ કહેવાય છે કે આ કુટુંબના એક પાળેગારે ૧૬૪૦ માં મ્હૈસુરની સહામે બહાદુરીથી પોતાની જાગીરનું રક્ષણ કર્યું હતું. અને જ્યારે એમ માલુમ પડ્યું કે હવે બચી શકાશે નહીં ત્યારે પોતાનાં બૈરાં છોકરાંને મારી નાંખ્યાં અને પછી તલવાર સાથે શત્રુઓની

વચમાં પડયો અને માર્યો ગયો. તે પછી પ્રિયપટ્ટન કૂર્ગ અને મ્હૈસૂર વચ્ચેની સરહદની લડાઇઓનું સ્થળ થઇ પડયું. ટિપુસુલતાને કૂર્ગ જીત્યું ત્યારે તેને નુકશાન પહોંચ્યું હતું, અને બ્રિટિશ સાથેના ટીપુના યુદ્ધોમાં પાયમાલ થઇ ગયું હતું. ડા. બુકનન કહે છે કે " તે શહેરના ખંડેરોમાં વાઘોનો વાસ થયો છે; અને મને વાઘના વસવાટવાળા તે શહેરનાં મંદિરોની મુલાકત લેવી દુરસ્ત લાગી નહિ."

પ્રિયપટ્ટનની આસપાસની પીત જમીન સરોવરમાંથી પીએ છે. પણ આ મુલકના દક્ષિણ ભાગને લક્ષ્મણતીર્થની ન્હેરોમાંથી પાણી મળે છે. તેમાં ડાંગર, શેલડી, રાગી, ચણા કઠોળ, તલ વગેરે મોલ ઉપજે છે. ખેતીના મજુરને વર્ષ દિવસના ૧ પાઉંડ (૧૦) રૂપીયાથી ૧૩॥ રૂપીયા સુધી પગાર અને એક ટંક જમવાનું મળે છે. અને સ્ત્રીઓને વર્ષ દિવસના ત્રણ રૂપીયા અને બે વારનું મળે છે બેસાંતીવાળા માણસ પાસે ઘણે ભાગે ચાળીસ બળદ, પચાસ ગાયો, છ સાત ભેંશ અને સોએક ઘેટાં બકરાં હોય છે. પીત મોલની ઉપજ ગામના કર અપાઇ રહે તે પછી રાજ્ય અને લોક વચ્ચે સરખે ભાગે વેંચાય છે. લડાઈ પહેલાં તાડના જગીચા પુષ્કળ હતા અને ચરો પણ સારો હતો. જંગલના કાંઠા ઉપર સુખડનાં ઝાડો થતાં.

પ્રિયપટ્ટણથી નૈઋત્યમાં હનગોડુ આગળ ડા. બુકનને લક્ષ્મણતીર્થનો એક બંધ જોયો. તેનું વર્ણન આપતાં લખે છે કે નદીની વચમાં પડેલા ડુંગરાઓનો લાભ લેવામાં આવ્યો છે. જ્યાં ઉંચાઇની ખામી છે ત્યાં પત્થરોથી પૂરી દઇ સરખું કરવામાં આવ્યું છે. તે અત્યારે એક સુંદર બંધ જેવું થઇ રહ્યું છે. તે ઉપરથી સો વાર લાંબો અને ચૌદ ફીટ ઉંચો એક ધોધ પડે છે. ને આજુપાસ લીલોતરી અને ઝાડીવાળો મુલક હોવાથી બહુ રમણીય દેખાય છે. આ બંધને લીધે પાણીનું વેણ પૂર્વ તરફનું થયું છે, આનાથી આશરે ૨૬૭૮ એકર જમીન પાણી પીએ છે.

હનગોડુથી અગ્નિ કોણમાં હેગડદેવનું જુનું રાજ્ય આવેલું છે. એમ કહેવાય છે કે પંદરમા સૈકામાં આ રાજાએ આ મુલક વસાવ્યો હતો. છેક હૈદર-અલીના વખત સુધી આ ગામમાં આશરે હજાર ઘર હતાં પણ જ્યારે બુકનને મુલાકાત લીધી ત્યારે માત્ર એંશી હતાં. આ મુલક સુખડનાં લાકડાં માટે પ્રખ્યાત છે. તેનાથી આગળ પૂર્વ તરફ મોટા બેટ નામનો જીલ્લો લોઢાની ખાણો માટે પ્રખ્યાત છે.

તા. ૧ લી અકટોબરે ડા. બુકનન કાવેરીની એક શાખા કાબ્બિની નદી ઉપર આવેલા તૈરૂ આગળ પહોંચ્યા. આ મુલકમાં કેટલાંક ગામડાંઓમાં ગૌડ લોકો વંશપરંપરાના હતા. લોક તેમજ સરકાર ઇજારદાર કરતાં આ લોકને વધારે પસંદ કરતા. વંશપરંપરાના ગૌડો ખેડુથી વધારે વાકેફ છે. તેમને ખેડુતો પ્રીતિથી માને છે અને સાહુકારો સાથે તેમની આંટ ઇજારદાર કરતાં વધારે છે. જો વખતસર સરકારહક ન ભરાય તો ગામનો સરકારી કામ-દાર મોજ ઉપર જપ્તી કરે; સરકાર હકનો જે મોજ આવ્યો હોય તે વેચી નાણાં કરવાનું કામ તેનું. તૈરૂ અને નરસિંગપુર બેની આસપાસ સૃષ્ટિસૌંદર્ય મનોહર છે. દરેક ખેતરની આસપાસ સારી વાડો નાંખવામાં આવેલીછે, ખેતી પણ સારી છે, જમીન બધી ઉંચી છે. ડાંગરની ખેતી નથી.

નરસીંગપુર કાવેરી ઉપર આવેલું છે, તેમાં બે મંદિરો અને આશરે બસેં ઘર છે. તેની નજીકમાં ઉમદા કાળી જમીન છે જેમાં કપાસ પુષ્કળ થાય છે. ઘઉં અને વેાળું પણ તેટલાજ થાય છે અને રાતી જમીનમાં રાગીનો પાક ઉતરે છે.

કોઇમટુર.

ઓકટોબરની શરૂઆતમાં ડા. બુકનને મ્હૈસુર છોડયું અને કોઇમટુર જતાં બ્રિટિશ હદમાંથી પસાર થયા. કોલગલા જીલ્લામાં ખેતી સારી હતી. સુમારે ચાળીસથી પચાસ મોટાં તળાવો હતાં. જે એંશી વર્ષ ઉપર મ્હૈસુરના

રાજ્યકર્ત્તાઓએ સમરાવેલાં હતાં. અને તે મુલક કમ્પનીના હાથમાં આવ્યા પછી કમ્પનીના નોકરોએ પણ કંઈક સમારકામ તેના ઉપર કરાવ્યું હતું. સમરાવ્યા વિના પડી ગયેલાં તળાવોની જમીનમાં થઈને ચાલતાં ડા. બુકનનને તમામ જમીન પડતર માલુમ પડી; આ મુલકમાં જળાશય ઉપર ખેતીનો આટલો બધો આધાર હતો. દેશાધ્યક્ષ મેજર મેકલાઉડે-ગૌડોની સત્તા નાબુદ કરી હતી. અને તેમને માત્ર પગાર મુકરર કરી સરકાર તરફથી ઉઘરાતદાર તરીકે રાખ્યા હતા. આ રીતથી બેશક જમીનની મહેસુલમાં વધારો થયો, પણ તેથી હિંદની જુની ગ્રામસંસ્થા નબળી પડી.

ગંગનચોકીનો ભવ્ય ધોધ અને શીવનસમુદ્રનો ટાપુ-એ બેને જોઈને ડા. બુકનનને વિસ્મય થયો. બિરા ચોકીનો દક્ષિણનો ધોધ એને વધારે રમણીય લાગ્યો. ત્યાં તેને કહેવામાં આવેલું કે શિવનસમુદ્રનું રાજ્ય આશરે ૧૨૦૦ ની સાલમાં સ્થાપવામાં આવ્યું હતું પણ તેને પોતાને ૧૫૨૩ ની સાલ વધારે શક્ય લાગી હતી. આસપાસની સત્તાઓના સંયુક્ત આભિઘાતથી ત્રણ પેઢી પછી તે રાજ્ય પડી ભાગ્યું હતું.

કોલગેલા અને સાતગેલાના મુલકો અહીંથી પશ્ચિમમાં આવ્યા. ત્યાં પૂર્વઘાટના ડુંગરાઓ ઊંચાણ સપાટીથી ૨૦૦૦ ફુટ ઊંચા હતા. પાલીઆ સુધીના મુલકની ખેતી સારી હતી. પણ તેની પેલીપાસ અરધ કરતાં વધારે જમીન પડતર હતી, અને તળાવો નાશ પામ્યાં હતાં. પૂર્વ તરફ આગળ જતાં ડા. બુકનને મથુલી આગળ ઘાટમાં પ્રવેશ કર્યો અને પર્વતમાં ને પર્વતમાં કાવેરી નદીમાં આવેલા કાવેરીપુર સુધી પહોંચ્યો. અહીંઆ આગળ પર્વતના માર્ગનું રક્ષણ કરવા પાળેગારે એક કીલ્લો બાંધ્યો હતો.

કાવેરીપુર આગળ એક પ્રાચીન જળાશય હતું. તેનાથી ૨૫૦૦ એકર જમીન પાણી પીતી. પચાસ વર્ષ ઉપર તે તળાવ ફુટી ગયું હતું અને પછીથી તેને કોઇએ સમરાવ્યું નહતું. કાવેરીપુર આગળથી ઉપલા અને નીચલા મુલક વચ્ચે ઘણો વેપાર ચાલતો, અને ડા. બુકનનને હમેશાં ચાળીસથી

પચાસ પોઠો રસ્તામાં મળતી હતી. કાવેરીની એક શાખા તુમ્બુલને કાંઠે કાંઠે પાંચ પ્રાચીન સરોવરો હતાં તે પચાસ વર્ષ ઉપર ફુટયાં હતાં પણ કોઇએ સમરાવ્યાં નહોતાં.

ઉપર કહ્યું છે તે પ્રમાણે ગૌડ-લોકોને નવા રાજ્યમાંથી બાતલ કર્યા હતા. અને મેજર મેકલાઉડના વહિવટમાં આ દેશમાંથી ૧૦૨૯૩ પાઉંડ અને ૧૬૫૪૫ પાઉંડ વચ્ચે વાર્ષિક ઉપજ આવતી; જે, પગારદાર તેહસીલદારોની મારફત ઉઘરાવાતી. આ તેહસીલદારોના હાથમાં મ્હેસુલી-ફોજદારી ન્યાયા-ધીશની અને પોલિસની સત્તા હતી. ખેતીના મજુરને ૨॥ થી ૩ રૂપીયા વર્ષે દહાડે પગાર, રહેવાને ઘર અને મહીને ૧½ શુશેલ (?) દાણો મળતો. તેમની સ્ત્રીઓ જે કામ કરી શકે તેવી હોયતો તેમને દાડી મળતી. ઘાટ ઉપરની ખેતીની સામગ્રી કરતાં અહીંની સામગ્રી વધારે દરિદ્ર હતી.

૧૯ મી અક્ટોબરે ડા. બુકનન ભવાની નદી ઉપર નળરાયન સુધી આવ્યો. રસ્તામાં જે મુલક જોયો તેનો પોણો ભાગ પડતર હતો. ભવાનીની વચ્ચે બાંધવામાં આવેલા એકબંધે નદીનું પાણી બે ભાગમાં વહેંચાઇ ગયું હતું. આ ન્હેરોમાંથી પીતી જમીન વર્ષ દિવસમાં એક પાકતો અવશ્ય આપતી. બીજી થોડી જમીન જે તળાવોમાંથી પાણી પીતી હતી તેમાંથી બે પાક પણ મળતા પણ ત્યાં પાણીનો આગ અનિશ્ચિત હતો. કમ્પનીના રાજ્યમાં ઉપજ ગમે તે થાય પણ ખેડુતોને પૂરેપૂરો કર આપવો પડતો. આ તેમને ભારે પડતું અને પૂર્વ પ્રમાણે કરવાની તેમની ઇચ્છા હતી.

અન્નામોદાવરી આગળ ભવાની નદીમાંથી કહાડેલી ન્હેરોમાંથી પાણી પાઇને ડાંગેરનો પાક લેવામાં આવે છે. અહીંનો બંધ એકસોવીસ વર્ષ ઉપર નજીયરાજે બંધાવેલો છે. જ્યાં પાણી પહોચતાં નથી. ત્યાંની જમીનનો છઠ્ઠો ભાગ પણ ખેડવાણ નથી. જમીન સારી છે પણ જનરલ મેડોઝની ચડાઇ પછી ખેતી બંધ થઇ છે; કારણ કે વસતિ બધી ડુંગરાઓમાં ભરાઈ ગઈ અને ત્યાં ઘણે ભાગે મરણ પામી.

સલેમના કંપનીના વેપારી આડતીયાએ ડો. બુકનનના આવતા પહેલાં થોડા માસ ઉપર આ મુલકની મુલાકાત લીધી હતી; અને કમ્પનીની ખરીદીનો માલ પેદા કરવા વણકરોને નાણાં ધીર્યા હતાં. તેમને બંગાળાના બાસ્તાને મળતું સાલકાર નામનું કપડું વણવાનું સોંપ્યું હતું. તે ૩૬ ક્યુબિટ લાંબુ અને ૨½ ક્યુબિટ પહોળું થતું.

દક્ષિણ તરફ બ્હોળી ખેતીવાળા મુલકમાં મુસાફરી કરતાં કરતાં ડા. બુકનન તા. ૨૮ મી અક્ટોબરે કોઇમ્બતુર પહોંચ્યો. ત્યાંનો રાજા તે રાજ્યના મૂળપુરૂષથી ત્રીસમી પેઢીએ હતો. આરંભમાં તે કુર્ગ મદુરાના રાજાને ખંડણી આપતું પણ પાછળથી મ્હૈસુરની ધુરા નીચે આવ્યું. મ્હૈસુરના યુદ્ધોમાં આ જગાને ઘણું નુકશાન પહોંચ્યું હતું; પણ હાલમાં તે પાછું ઠેકાણે આવતું હતું અને આ વખતે ૨૦૦૦ ઘર તેમાં હતાં.

પડોશમાં ડાંગેરની જમીન ઘણી હતી, જેને નોયલ નદીમાંથી કહાડેલી નહેરોમાંથી પાણી પાવામાં આવતું હતું. આ જમીન ઉપર રાગી અને એવા બીજા મોંસો લેવાતા હતા. કેટલેક ઠેકાણે કપાસ અને તંબાકુ થતાં; અને શ્રીમંત ખેડુતો સોપારી અને નાળીએરની વાડીઓ કરતા. કોઇમ્બતુરથી પાંચ માઇલ ઉપર ટોપન બેટ આગળ લોઢું ગાળતા હતા. આ જીલ્લામાં ૪૫૯ સાળા કામ કરતી. હલકી કોમોની સ્ત્રીઓ મોટી કાંતનારીઓ હતી. સુતર ઉપર લાલ અથવા આસમાની રંગો જરૂર પ્રમાણે ચડાવાતા. કોઇમ્બતુરના વણકરોને સલેમના આડતીઆએ બેવાર નાણાં ધીર્યા હતાં. વણકરો પહેલાં દરેક સાલ ઉપર ૪ શીલીંગ એટલે બે રૂપીયાનો વેરો આપતા. કમ્પનીના રાજ્યમાં આ કર કહાડી નાંખી ' સ્ટાંપ ' વેરો નાંખ્યો હતો. વણકરોને આ વધારે સખ્ત લાગ્યો હતો. અને દેશાધ્યક્ષને મૂળનો વેરો ચાલુ રાખી આ નવો વેરો બંધ કરવા અરજ કરી હતી પણ તેમાં તેઓ ફાવ્યા નહતા.

કોઇમ્બતુરની પૂર્વે ત્રિપુર–એક ખુલ્લું શહેર છે. તેમાં ૩૦૦ ઘર છે અને અઠવાડીએ અઠવાડીએ બજાર ભરાય છે. પડોશની ડાંગરની ક્યારીમાં વર્ષદહાડે

એકજ મૅાલ લેવાય છે. અને કંઇક તળાવોમાંથી અને કંઇક નૅાયલ નદીની નહેરોમાંથી પાણી પવાય છે. સમારવાની ખામીને લીધે પહેલાંની જમીનના ત્રીજા ભાગ કરતાં વધારે અત્યારે પડતર છે. નજીકમાં નજીની જમીન ચારાને માટે રાખવામાં આવી છે અને તેના ઉપર જુજ સાંથ લેવાય છે. તેની પૂર્વે ચીનામાલી આગળ લોઢું ગળાય છે. ગાળેલા લોઢાનો ત્રીસમો ભાગ સરકાર હકનો અપાય છે અને ભઠ્ઠી માટે લાકડાં જંગલમાંથી કપાય તેનો વેરો જુદો. ચીનામાલીમાં માત્ર ૧૨૫ ઘર છે. ડા. બુકનન ગયા ત્યારે ત્યાં શિતળાનો રોગ ચાલતો હતો. આ જીલ્લામાં **કાવેરી** નદીમાંથી પાણી પાવામાં આવતું પણ ડાંગેરનો પાક ઉતરતો નહતો.

ચીનામાલીની ઉત્તરે પરેન્દુરમાં ૧૧૮ ઘર છે. તે જીલ્લાનાં ૮૦૦ સાલો હતી. કાવેરીના કાંઠા ઉપર ઇરોડુ છે તેમાં હૈદરઅલ્લીના વખતમાં ત્રણ હજાર ઘર હતાં; પણ ટીપુસુલતાનના વખતમાં તે શહેર પડતીમાં આવ્યું હતું. જનરલ મેડોઝની ચડાઇમાં તે શહેર પાયમાલ થઇ ગયું હતું, પણ સલાહ થયા પછી પાછું ઠેકાણે આવતું હતું. ઇરોડુ પાસેથી નીકળતી નહેરનું કામ બહુ ઉમદા છે. તે ૪૦૦ વરસ ઉપર કલિંગરાય નામના કોઇકે બાંધેલ છે એમ કહેવાય છે. હજી તે વડે ૩૪૫૯ એકર પાણી પીયે છે.

કાવેરીને કાંઠે કાંઠે આગળ જતાં કોહુમુંડી નામનું ગામ આવે છે. તેમાં એક પ્રાચીન મંદિર છે અને ૧૧૮ ઘર છે. કાવેરીમાંથી એક નહેર કહાડી નૅાયલ નદી ઉપરથી પાગલોર ગામ સુધી લઇ જવામાં આવી છે અને તેમાંથી ઘણી જમીન પાણી પીએ છે. ત્યાં અગાડી ટીપુ સુલતાને ઉપજના $\frac{૫}{૬}$ સાંથ મુકરર કરી હતી. પણ ૧૭૯૯ ની સાલ માટે બ્રિટિશ સરકારે તેના એકર એકના ૩ થી પડુ પે. નક્કી કર્યા હતા. ૧૮૦૦ ની સાલને માટે બુકનન ગયા ત્યાં સુધી કંઈ નક્કી કર્યું નહોતું.

કોઇમ્બટુરના ઉત્તરભાગના દેશાધ્યક્ષ મેજર મેકલાઉડે ડા. બુકનનને

કહ્યું હતું કે " અહીં એવો રીવાજ છે કે જ્યાં સુધી ખેડુ સાંથ આપે જાય ત્યાં સુધી તેને કહાડી શકાય નહિ. દેશાધ્યક્ષની સમજણ એવી હતી કે બ્રિટિશ સરકાર વજે ભાગ લેવાનો શરૂ કરે પણ તેમાં અતિશય માલ ઉચાપત થઇ જાય. જ્યારે કમ્પનીના હાથમાં સલેમનો મુલક આવ્યો ત્યારે ડાંગરની બ્યારી જેને કાવેરીની નહેરોમાંથી પાણી પહોંચતું, તેમાંથી વજેભાગ લેવાતો હતો. લોકો બરબાદ થતા રહ્યા અને કમ્પનીના નોકરોએ વજેભાગને બદલે રોકડ હક ઠરાવી દીધો, અને ખેતીનો વિસ્તાર વધારી રોકડ ઉપજ ઘણી વધારી દીધી. જમીનદારી કરતાં રૈયતવારી પસંદ કરવાનું કારણ એટલું હતું કે તેથી ઉપજ વધારે આવતી. કર્નલરીડના ધારા એવા છે કે વખતસર જમીનદારો પાસેથી જે લઇ શકાય તેના કરતાં વધારેની રોકડ રકમની ઉધરાત જરૂર થઇ જાય. અને જો તેમાં ચૂક રહે તો મને તો ખાત્રી છે કે કાંતો કોઇની ગફલત થવી જોઇએ અથવા દેશાધ્યક્ષો અપ્રમાણિક હોવા જોઇએ. જમીનદારોના સંબંધમાં મારૂં એમ માનવું છે કે ખેતીના સુધારાના માટે તે ઉપયોગી છે. "

કરૂર એક ઠીક શહેર છે. તે કાવેરીની એક શાખા અમરાવતી નદી ઉપર આવેલું છે. એક હજાર ઘર છે. ત્યાંના વેપારીઓ માત્ર હટાણું કરનારા છે અને વણકરની સંખ્યા પણ મોટી નથી. કાવેરીમાંથી કાઢેલી બે નહેરો અને અમરાવતીની ઘણી નહેરો આ દેશમાં પાણી પહોંચાડે છે. શેલડી ડાંગર અને આગતર મૉલ નીપજે છે.

૧૭ મી નવેમ્બરે ડા. બુકનન ધર્મપૂર પહોંચ્યા. આ કોઇમ્બતુરના દક્ષિણ વિભાગના દેશાધ્યક્ષ મી. હર્ડીસનું મુખ્ય સ્થળ છે. દેશાધ્યક્ષ ચંચળ, બુદ્ધિમાન અને સારી નિષ્ઠાવાળા એક જુવાન અમલદાર છે, તે લોકો સાથે હળે મળે છે, તેમની નાતોના કજીઆ પતાવે છે, અને તેમને સારી રીતે જાણે છે. મી. હર્ડીસ ધારે છે કે હમણાંની સાંથ બહુ વધારે પડતી ભારે છે. અને અહીંઆં તેમજ હિંદુસ્તાનમાં બધે ઠેકાણે ખેડુ લોકો અત્યંત ગરીબ છે.

હિંદુસ્તાનમાંના ઘણા ભાગોમાં ખેડુની ગરીબાઇનું અને તેથી કરીને મૉલની નબળાઇનું મુખ્ય કારણ એ છે કે જેમની પાસે ખેતીનાં સાધન ન હોય તેમને પણ પરાણે જમીન આપવામાં આવે છે. બધી જમીન દેખાવમાં ખેડવાણ હોય છે પણ તે અડધા કરતાં વધારે ભાગમાં તો એવી હોય છે કે તેવી ખેડવાણ કરતાં પડતર હોય તે વધારે સારૂં. કમ્પનીની ઇચ્છા બધી જમીનમાંથી ખેડાય ન ખેડાય તોપણ પેદાશ લેવાની હતી. રોકડ હક અસાધારણ ભારે હતો. ધાનની જમીનના એક એકર ઉપર પાઉંડ ૩-૧૬-૯ (૩૮ રૂપીયા) રોકડ હકના ઠરાવેલા; ક્યારીની જમીન ઉપર ૧-૧૫-૯½ (૧૮ રૂપીયા) થી તે પાઉંડ ૧-૫-૨ (રૂ. ૧૩) સુધી ઠરાવેલા હતા.

પશ્ચિમ તરફ આગળ ચાલતાં ડા. બુકનન ૨૪ મી નવેમ્બરે પલાચી પહોંચ્યા. અહીંઆં એક ઠેકાણે ખોદતાં એક વાસણમાં રોમન સિક્કા નીકળી આવ્યા. આ ઉપરથી આ પાંડવવંશના રાજાઓના મુલકને ઑગસ્ટસ અને ટાઇબીરીયસના વખતમાં રોમ સાથે વેપાર હતો એમ સમજી શકાય છે. આ જીલ્લામાં નબળામાં નબળી જમીન ગૈાચર માટે રાખવામાં આવેલી છે. તેના ઉપર કાંઇપણ હક લેવાતો નથી. બાકીની બધી ખેડવાણ ગણાય છે અને તે તમામ જમીન ઉપર ૨ શી. ૧૦½ પેન્સ થી તે ૭ શી. ૩ પેન્સનો આકાર બેસાડવામાં આવ્યો છે. 'ખેડુ લોક ફર્યાદ કરે છે કે જમીન તેમને પરાણે આપવામાં આવી છે; અને તેમનાં સાધન ઉપરાંત ખેતી કરવાની તેમને ફરજ પાડવામાં આવે છે.' જે માણસ ૧૭ બલ્લાં (૪½ થી ૬ એકરનું એક બલ્લું થાય છે) જમીન સાંથે છે તે નવ બલ્લાંજ ખેડવાની શક્તિ ધરાવતો હોય છે. એની પાસે પુરતાં સાધન હોય તોપણ ત્રીજો ભાગ તો પડતર રાખવાનો જ વહિવટ છે તોપણ કેટલાક ભાગોમાં આકાર કમી કર્યા છે. અને એ રીતે જમીન ખેડી ન શકાય તેને લીધે જે સાંથ ભરવી પડે તેની નુકસાનીનો કાંઇક બદલો અપાય છે; આવી રીતની જમીન સાંથવાની રીત એક મોટું દૂષણ છે.

મલબાર.

તા. ૨૯ મી નવેમ્બરે ડા. બુકનન મલબારમાં દાખલ થયા. આ પ્રાંત થોડાજ વખત ઉપર મુંબઇ સરકાર પાસેથી મદ્રાસ સરકારને સોંપાયો હતો. આ યુરોપમાં ઝામોરીન નામથી ઓળખાયલા તમુર રાજ્યનો મુલક. દક્ષિણ તરફના ઊંચા પર્વતો ઉપરથી ઊંચા જળધોધો પડતા હતા. અને ભવ્ય જંગલો અને ફલઝાડોની વાડીઓ વચ્ચે વચ્ચે દાણાનાં ખેતરો હતાં. પણ આકાશને આ જમીનની કાંઇ પણ દરકાર નહતી. ડાંગરની જમીન ઝાઝી ન હતી. કેાલન્ગેાડુમાં ૧૦૦૦ ઘર હતાં. ત્યાં વણકરોની વસ્તિ હતી તેઓ કેાઇમ્ટુરમાંથી કપાસ મગાવતા. પાલીઘાટનો મુલક બહુ સુંદર હતો. બંગાળના સૌથી રમણીય ભાગોને મળતો હતો પણ ત્યાં ઊંચાણની જમીનમાં ખેતી થતી નહતી. ત્યાં આગળ મલબાર જીત્યા પછી હૈદરઅલીએ ફોજો બાંધ્યો હતો. પ્રાચીન રાજાઓના વખતમાં જમીન ઉપર કાંઇ કર લેવાતો નહતો. પણ હૈદરઅલીએ નીચાણની ફલદ્રુપ જમીન ઉપર નામડી નામનો કર નાંખ્યો હતો. ઊંચાણની જમીન કરમાંથી બાતલ રાખી હતી. ટિપુસુલતાનના જુલમે ઘણા જમીનવાળાઓ દક્ષિણમાં ત્રાવણકોર તરફ જતા રહ્યા હતા.

પાલીઘાટમાં સરકાર હક બહુ ભારે હતો. ઉપજના લગભગ સાઠ ટકાથી પણ વધારે. મિ. સ્મીની ગણત્રી પ્રમાણે જમીનદારો ઉપર મૂલ્ય ઉપજના ૮૪ ટકા જેટલો ભારે આકાર હતો. વાર્ષિક વરસાદ ડાંગરનો એક પાક ઉતારવા માટે પુરતો હતો, અને જમીનદારોને ખરચે બંધાયલાં અને સમા રહેતાં તળાવોથી બીજો પાક લેવાતો. અહીંનાં ઢોર કદમાં બહુ નાનાં અને દેશને જોઇએ તેટલી સંખ્યામાં પણ નહીં. કેાલન્ગેાડુમાં લોહું ઘડાતું.

૬ ઠ્ઠી ડિસેમ્બરે ડા. બુકનન કેાચીનના રાજાના મુલકમાં દાખલ થયા. તે ઇસ્ટઇન્ડિઆ કમ્પનીને ખંડણી આપતો પણ પોતાના રાજ્યની હદમાં વહીવટી અને લશ્કરી હકુમત તેના પોતાના હાથમાં હતી. "એનો દેશ કમ્પનીની વધારે

સત્તા નીચેના દેશ કરતાં એવો સુવ્યવસ્થિત છે કે મોપલા અથવા નેર લોકો કાંઇ તરેહનું તોફાન કરવાની હિમ્મત ધરતા નથી. કકડુ આગળ ટેકરીઓ ઉપર ખેતી નથી. પણ ગૌચર ઠીક છે. ઢોરો સારી સ્થિતિમાં છે. ખીણોમાં દાણો ઠીક થાય છે; સીમાઓ ઉપર વસતિનાં ઘરો આવી રહેલાં છે અને ફૂલઝાડનાં કુંજોની છાયાથી છવાઇ રહેલી છે. નજીકમાં એક ક્રિશ્ચિયન ગામડું છે. ત્યાંના પાદરીએ ડા. બુકનનને કહેલું કે અહીંઆ ક્રિશ્ચિયાનિટિ દાખલ કરનાર ઇ. સ. ૬૦ માં મદ્રાસની મુલાકાતે આવેલા સેન્ટ ટૉમસ છે.

મલબારના મોપલા લોકો અઢારમા સૈકાની વચમાં શ્રીમંત વેપારીઓ હતા. તેઓનાં વહાણ સુરત અને મદ્રાસ સુધી જતાં. ખીણોનો પ્રદેશ રમણીય છે. ટેકરાના ઢોળાવ ઉપર અગાશીઓ જેવું કરીને ખેતી કરે છે. પણ ડુંગરાનાં શીખર પડતર છે. ખેડુતો જમીનના વેરાની ફર્યાદ કરે છે અને મલબારમાં જે કાંઇ દુઃખ પડે છે તેનું કારણ તેજ મનાય છે. તીરૂવન અને પડ્પનાદ વચ્ચે ખેતી બહુ નબળી હાલતમાં છે. તેનું કારણ ત્યાં વસતિ ઘણી કમતી છે, અને જેટલી છે તે ગરીબ છે. પડ્પનાદ આગળના દરીઆ કિનારા ઉપર ઉમદા નાળીએરીના બગીચા છે. નાતાલને દિવસે ડા. બુકનન મલબારની પ્રાચીન રાજધાની કાલીકટ પહોંચ્યા.

અહીંઆના વેપારી આરતીઆ મિ. ટૉરિન અહીંઆ આગળ લોંગક્લોથનું કારખાનું કાઢવાને પ્રયત્ન કરતા હતા. ૭૨ ક્યુબિટ લાંબા તાકા કઢાવવા; અને ખેડુતોને તેને માટે તાકા દીઠ ૧૮ શી. ૬½ પેન્સથી ૧૬ શી. ૪½ પેન્સ આપવા. આ ગામમાં ૩૪૪ વણકર હતા. તે ત્રાવણકોર અને કોચીનથી આવેલા હતા. તેઓ ૨૩૭ શાળો ઉપર કામ કરતા અને મહિનાના ૪૬૮ તાકા કાઢતા. મિ. ટૉરીને એક કારખાનું પાલીઘાટમાં કહાડ્યું હતું, જે આના કરતાં વધારે સારૂં અને સસ્તું હતું.

ડો. બુકનને આ પ્રદેશની ઉપજ અને સાંથના પ્રમાણનો અંદાજ કહાડ્યો છે તે નીચેના કોષ્ટક પ્રમાણે.

નબળા ખેતર માટે.

	પા. શિ. પે.		
જમીનનો સરકાર હક.	૦–૧૨–૬½	અંદાજે	
કામદારી બાબત.	૦– ૧–૩½		શિલિંગ.
બી.	૦– ૬–૪½	સરકાર હક	૦–૧૪–૦
ખેતીનું ખરચ.	૦– ૬–૪½	ખેતીનું ખરચ.	૦–૧૬–૦
જમીનદારનો હક.	૦– ૧–૧૧	જમીનવાળાઓની ચોખ્ખી પેદાશ.	૦–૧૦–૦
વ્યાજ.	૦– ૧–૦½		
ખેડુતને રહે.	૦– ૭–૮		
કુલ.	૩–૩–૫½		

ઊંચા ખેતર માટે.

	£. S. P.		
સરકાર હક અને કામદારી	૦–૧૬–૧૦	અંદાજે	
બી.	૦– ૬–૪½		પા. શિ. પે.
ખેતીનું ખરચ.	૦– ૬–૪½	સરકાર હક.	૦–૧૭–૦
વ્યાજ.	૦– ૧–૦½	ખેતીનું ખરચ.	૦–૧૬–૦
જમીનદાર.	૦– ૮–૬½	જમીનવાળાઓની ચોખ્ખી ઉપજ.	૧–૧૪–૦
ખેડુત.	૧– ૫–૬½		

૧૮૦૧ ની ૧ જાન્યુઆરીએ ડા. બુકનને હમરાશરી પહોચ્યા. અહીંની બધી જમીન મોપલાઓના હાથમાં ગીરોહકથી આવી ગઈ હતી. ટિપુસુલતાનના હિંદુઓ ઉપરના જુલમથી અને મોપલાઓની લડાઈઓથી કુરબારાની ચોથા ભાગની ક્યારી પડતર પડી હતી, અને ઉપર ઝાડવાં ઉગી ગયાં હતાં. કેટલાક મોટા ખેડુતોને દશ સાંતી વીસ બળદ વીસ સ્ત્રી પુરૂષ ગુલામો દસ નોકરો, ૨૫ દુધણી ગાયો હતી. પણ આવા ખેડુતની સંખ્યા ઘણી

થોડી હતી. ગુલામની ભાડાની કિંમત શિ. ૬૬ પેન્સથી ૨૮ થી ૮ પેન્સ આવતી અને સ્ત્રીઓની તેથી અર્ધ કિંમત.

દેશાધ્યક્ષ મિ. કાવર્ડનો એવો અભિપ્રાય હતો કે આ દેશની જમીન ચૈકી ચોથો ભાગ ખેતીને લાયક છે; અર્ધો ભાગ આકારસીઆ મૉલ અથવા વાડીના બરનો છે. અને બાકીનો ખરાબો છે. મિ. કાવર્ડ ધારે છે કે, વેરો એટલો ભારે છે કે ખેતીને અટકાવ કરેછે.

તા. ૫ મી જાન્યુઆરીએ મિ. કાવર્ડની રજા લઇ ડા. બુકનન કેપ્ટન ઑસબર્નની સાથે કુંતીપુર ગયા. અહીં એક રાજ્યની રાજધાની છે. તે કમ્પનીને ખંડણી આપેછે અને પોતાના મુલકમાં તેને કુલ સત્તા છે. અહીં જમીન ઉપરનો કર પેદાશના ૪૦ ટકા છે. જમીનનો માલિક ૨૭ ટકા લેછે. અને ખેડુતને ૩૩ ટકા મળેછે. કેપ્ટન ઑસબર્ન સાથે હતા તોપણ આપણા પૂજ્ય મુસાફરને દેશની સ્ત્રીઓએ માયાળુ આવકાર આપ્યો નહિ. તે ફરિયાદી કરેછે કે નેર લોકો યુરોપિયનના દુશ્મન હોવાથી તેમણે તેમની સ્ત્રીઓને એટલું સમજાવ્યુંછે કે ઇંગ્રેજો તો એક પ્રકારના લાંબી પુછડી વાળા hobgoblins છે, અને સ્ત્રીઓ એવાને જોતાની સાથે દોડી જાય છે.

ટેલીચેરી મહે અને ધર્મપટ્ટમ્ મિ. સ્ટ્રેચિના અમલ નીચે હતાં. મિ. સ્ટ્રેચિ એક જુવાન અને બહુ હુશીયાર અમલદાર હતા. મિ. સ્ટ્રેચિ ધારતાકે તેમના વહીવટના બધા મુલકમાં ફલનાં ઝાડોના બગીચા થઈ શકે પણ ઘણો ભાગ પડતર હતો ખારી ઉપર સાંથના ૨૫ ટકા જેટલો કર હતો. અહીંનો વેપાર બહુ અગત્યનો હતો અને મરી સુખડ એલચીનો વેપાર ઘણો હતો.

કનાનોર પહોંચ્યા ત્યારે ડા. બુકનન મલબારના ઉત્તર વિભાગના દેશાધ્યક્ષ મિ. હોનસ્લનના મીજમાન થયા એક મોપલા ઉમરાવજાદી જે બીબી એ નામથી ઓળખાતી અને જેના પૂર્વજોએ ડચ પાસેથી કનાનોર મૂળ ખરીદ કર્યું હતું, તેણે ડા. બુકનને એક ભળકાદાર મીજમાની આપી હતી. બીબી સાહેબ કમ્પનીને સાંથના ૫૪૦૦૦ રૂપીઆ આપતાં. અને કનાનોર અને લેકેડિવ

ટાપુઓમાં ઘણાખરા ટાપુઓનાં માલીક હતાં. અહીંઆ નેરના વહીવટ પ્રમાણે વારસો સ્ત્રી વર્ગમાં ઉતરે છે.

ચેરીકલ પહાડી મુલક છે. ખેતી વિનાનો છે. કનાનોર અને ચેરીકલ બેનાં મળી ૧૦૩૮૬ ઘરછે. જાન્યુઆરીની અધવચમાં ડા. બુકનન મલબાર છોડી ઉત્તરમાં કનારા તરફ ચાલ્યા.

કાનડા.

ઉપર જણાવ્યું છે કે ૧૭૯૮ માં ટોમસ મન્રોને બારામહાલની જમાબંદી પૂરી કર્યા પછી કાનડામાં મોકલ્યા હતા. તે વખતે કાનડાનો રાજા માંદો હતો પણ તેનો ભાણેજ અને વારસ મન્રોની સરભરામાં હાજર રહ્યા, અને મન્રોએ સાવધાનીથી તેમને કહી દીધું હતું કે તેમના હકકો કમ્પની સરકાર ફગડ રજુ થશે. દરમીયાન ત્યાં તાહસીલદારો નીમી દીધા, રાજાની સત્તા ખુંચાવી લીધી, અને તેના નિર્વાહ માટે તેની ખાનગીમીલકત ઉપર જમાબન્દીની કાંઇક માફી કરી. આ ગોઠવણમાં બ્રિટિશ અમલદારોની સનિષ્ઠા બાબતમાં નેર લોકોની ફર્યાદ હતી. મન્રોએ ટિપુસુલતાનના દફતરના ૩૨૦૦૦ ને બદલે ૨૪૦૦૦ નો આંકડો મુકરર કર્યો, પણ આથી વધારે આ દેશ આપી શકે એમ હતુંજ નહીં અને આ રકમ પણ આ જમીનનું આખું ભાડુંજ હતી તાહસીલદાર ત્રિમુલરાવ આર્કટ કરતાં અહીંનો આંકડો ભારે ધારતો.

ડા. બુકનન માંગલોરમાં એક અઠવાડીઉં રહ્યા. આ શહેર દરિઆકાંઠે રેતીનો કીનારો મૂકીને આવેલા એક તલાવ ઉપર વસેલું છે. ત્યાં એકવાર તો બંદર હતું પણ બંદરનું ઊંડાણ ઓછું થવા માંડયું હતું અને બુકનન ગયા તે વખતે દશ ટુકથી વધારે અંદર જતાં વહાણો બારામાં આવી શકતાં નહતાં. મેંગલોરનો કિલ્લો ટિપુસુલતાને નાશ કર્યો હતો.

મંદિરોને ધર્માદા આપેલી જમીનોમાંની કેટલીક ટિપુસુલતાને ખાલસા કરી હતી; પણ કેટલીક છુપી રહી હતી. ટૉમસ મનો અને તેના ઉત્તરાધિકારી રેવનશોએ

હતું તેમજ રાખ્યું. મુખ્ય હિંદુ મંદિરની વાર્ષિક ઉપજ સુમારે ૨૦૦૦ રૂપીયાની હતી. મનેાનો આંકડો લેાકેાને ભારે લાગ્યેા હતેા અને પ્રર્યાદ્રેા થઇ હતી. માલીકેા કહે છે કે" સરકાર હક જમીનની ગુંજાસ કરતાં વધારે છે સરકારના હક અદા કરવા માટે તેમને નાણાં ઉછીનાં લેવાં પડેછે. અથવા પેાતાના માલથી ખેડેલી જમીનના નફાના કંઇક ભાગનેા ભેાગ આપવેા પડે છે. પરંતુ હિંદુસ્તાનમાં દારિદ્ર્યની બુમ સર્વત્ર છે તેથી અને લાંબા કાળના જુલમથી લેાકેાને વસ્તુ છુપી રાખવાની ટેવ પડી ગઇછે તેથી, ખેડુતની ખરી સ્થિતિ જાણવી અશકય છે. પણ જમીનને માટે કાનડામાં જે ઉગ્ર આગ્રહ થાય છે તેથી એમ સમજાય છે હજી લેાકેાને જમીનમાં પેાતાના માલથી જે ખેતી થાય તેના નફા ઉપરાંત પુષ્કળ ફાયદેાછે અને આટલું અંતઃકરણથી ઇચ્છવા જેવું છે કે આ સ્થિતિ લાંબા વખત સુધી આબાદ રહે; કારણ કે જ્યાં તમામ મીલકત રાજ્યનાજ હાથમાં છે તે દેશ કદી પણ આબાદ રહી શકશે નહિ. " ડા. બુકનનને ખબર નહતી કે જમીન ઉપર આકાર વધારે પડતેા હેાય તેાપણ જમીનને માટે તેા હિંદુસ્તાનમાં હમેશાં આગ્રહ રહેવાનેાજ કારણ કે આખી પ્રજાને જમીન એ એકજ નિર્વાહનું સાધન છે. ગમે તે સરતે પણ ખેડુતના હાથમાં જમીન રહેવી જોઇએ; નહિં તેા તેને ભુખે મરવાનું.

નીચાંણની જમીનેામાં ડાંગરની ખેતી નહરેાથી થતી હતી, અને ઉંચાણમાં જળાશયેાની યેાજના હતી. અને અતિશય ઉંચાણમાં માત્ર વરસાદ ઉપર પાકનેા આધાર રહેતેા. શેલડીની ખેતી ઘણું કરીને ખ્રીસ્તી લેાકેાના હાથમાં હતી; અને સેાપારી અને મરીની વાડીએા હતી. મલબારના લેાકેા મીઠું પકવતા. પણ પાક જોઇએ તેટલેા ઉતરતેા નહીં. ડાંગેર, સેાપારી અને મરી નિકાસની મુખ્ય ચીજો હતી. કપાસ, રેશમી કાપડ ખાંડ અને મીઠું આયાત કરવાં પડતાં હતાં.

મેંગલેારથી દસમાઇલ અર્કોલા આવે છે. તેને ફ્રિંગી-પટ્ટણ કહે છે કારણકે ત્યાં પહેલાં ફેાકણના ક્રિશ્ચિયન લેાકેા રહેતા હતા. આ આખેા મુલક

મલબારને મળતો છે; ડુંગરાઓની બાજુએ ખેતીને માટે અગાશીઓ પાડેલી છે, પણ અહીં મલબાર કરતાં મહેનત ઓછી લેવાય છે. ટિપુ-સુલતાન અને દુર્ગના રાજાએ તાજેતરની લડાઇઓમાં આ મુલકને ઘણું નુકસાન કર્યું છે. રસ્તા ઉપર ટિપુસુલતાને મેંગલોરથી શ્રીરંગપટ્ટણ બંગા-વેલી ઘણી તોપો પડેલી જોઇ. મલા નદી આડો એક બંધ નાંખેલો હતો, જેથી ખેતીને પાણી પાવા માટે એક મોટું સરોવર બન્યું હતું.

તા. ૫ મી ફેબ્રુઆરીએ ડા. બુકનન ઇનુર આવ્યા ત્યાં તેમણે આઠ જૈન મંદિરો અને એક ભવ્ય જૈન મૂર્તિ દીઠી. આ મૂર્તિ એક પથ્થરની બનેલી હતી અને મેદાનમાં સ્થાપેલી હતી. હૈદરઅલ્લીના વખતમાં જૈન મંદિરોની નીચે જેટલી જમીન હતી, તેમાં ટિપુસુલતાને ઘણો ઘટાડો કર્યો હતો; મનોએ, એ પાછી સોંપી દીધી હતી; અને વળી રેવન્શીએ પાછી ખુંચાવી લીધી હતી. કરકુલા આગળની ગૌતમરાજની મૂર્તિ નક્કર પથ્થરની ૩૮ ફીટ ઉંચી, હતી, અને તેના ઉપરના લેખ પ્રમાણે બુકનનની મુલાકાત પહેલાં ૩૬૯ વર્ષ ઉપર એટલે સને ૧૪૩૪ માં બનાવવામાં આવી હતી.

આગળ પશ્ચિમે હર્યંદીક આવેછે. ત્યાં ડા. બુકનન ૧૦ મી ફેબ્રુઆરી-એ પહોંચ્યા. અહીંઆં જમીનની મહેસુલના પ્રમાણના સંબંધમાં, તેણે કંઈક તપાસ કરી. તે ચોખ્ખી પેદાશની અર્ધ હતી. પણ આ લોક કહેછે કે જ્યારે ડાંગર સસ્તી હોય છે ત્યારે આખી પેદાશ આકાર જેટલી થતી નથી.

બીજે દિવસે ઉદીપુ–આગળ અરબીસમુદ્રનાં દર્શન થયાં. અહીં ચૌદમા સૈકામાં પ્રસિદ્ધ થઇ ગયેલા સુધારક મધ્વાચાર્યના નામનું પુણ્ય સ્મરણ હજી થતું હતું. અને તેનો પંથ ઠીક ચાલતો હતો. અહીંઆં સંન્યાસીઓનાં ત્રણ મંદિરો અને ૧૪ મઠ હતા. ઉદીપથી તે દરીઆ કાંઠા સુધી ડાંગરની ખેતી. "આની પડોશનાં પાંચ ગામની આંકણી ઉપરથી મને માલમ પડેછે કે ૨૦૪૯ પાગોડાની કુલ કાચી ઉપજ પૈકી ૧૨૯૫ પાગોડા ખેડુતના હાથમાં રહેછે, સરકારનો ભાગ કુલ ઉપજનો ચોથો ભાગ સાધારણ રીતે હોય છે."

ઉત્તર તરફ જતાં ડા. બુકનન કુન્દપૂર પહોંચ્યા અને નદી ઓળંગી કાનડાના ઉત્તર વિભાગમાં દાખલ થયા. અહીંઆં આ વખત મિ. રીડ અમલદાર હતા; જે મિ. રેવનશોવાળી તરેહની કેળવણી પામ્યા હતા. ઉત્તરમાં બૈદુર આવે છે ત્યાં એક મોટું શિવમંદિર છે. પછી બટ્ટકુલ નામનું શહેર છે. જેમાં ૫૦૦ ઘરની વસતિ છે. પછી ઉત્તર તરફ જતાં માઈલ દોઢ માઇલના પટ વાળા મેદાનમાં ડાંગરની ખેતી થાય છે. મહાદેશ્વરનું મંદિર એક ઊંચા ફાલ્લાવાળી ટેકરી ઉપર આવેલું છે ત્યાંથી આગળ થોડે દૂર કપોતદ્વીપ છે જ્યાં કપોતની વસતિ ઘણી છે. ત્યાં પરવાળાં ઘણાં થાય છે. તા. ૨૧ મી ફેબ્રુઆરીએ ડા. બુકનન **ઓનોર** પહોંચ્યા. આ એક મોટું શહેર છે અને ત્યાં તેજ નામનું સરોવર છે.

પહેલાં ઓનોર એક મોટું શહેર હતું, વેપારનું મથક હતું; અને હૈદર-અલ્લીએ અહીં યુદ્ધનાં વહાણો બનાવવા માટે એક ગોદી બનાવી હતી. એના બેવકુફ અને આપખુદી દીકરાએ મેંગલોરના તહ પછી તે તેને પાછું મળ્યું તે પછી બન્દરનો નાશ કર્યો અને બુકનન આવ્યા ત્યારે શહેર પણ પાયમાલ થઇ ગયું હતું. વેપારને માટે ગોવેથી મછવા આવતા, અને વેપારી સરોવરની આસ પાસ છુટા છુટા રહેતા, અને ડાંગર-મરી, નાળીએર, સોપારી અને મચ્છી-નીકાસ માટે ખરીદતા. દરેક માણસ જેટલી જમીન તેની પાસે હોય તેને માટે ભર આકાર આપતો પણ ટેકરા અને જંગલ સરકારને સ્વાધીન હતાં. સાધારણ સ્થિતિના ખેડુતોના હાથમાં ચારથી છ હળ હતાં; પણ ઘણાને તો એકથી વધારે હળ નહોતું અને દરિદ્ર હતા. ખેડુતોને જમીન ચારથી દશ વર્ષને પટે મળતી તેઓ જમીનદારોને સાંથ આપતા અને જમીનદારો સરકારને આકાર ભરતા.

ડા. બુકનન લખે છે કે-જમીનદાર ઉપર જમીનના આકારને માટે જમીન આપવાની ફરજ હતી. જો વખતસર જમીન રજુ ન થાય તો પાક ઉપર દેખ રેખ રાખવા માટે એક અમલદાર મોકલાતો, તે મૉલ વેચે; અને જે ઉપજે તેમાંથી આકાર કાપી લઇ બાકીનું જમીનદારને આપી દે. આ રીત બહુજ

ખરાબ છે; તે ખરે ખરી હિંદુસ્તાની શોધ છે. કારણ કે દેખરેખ રાખવા મોકલેલ માણસને બેડુ પાસેથી બાબત મળતી, અને તેવી રીતે મોટા માણસોની આસ પાસના અનેક ચીંથરેહાલ માણસોમાંના કોઇ એકને ભુખ છીપાવવાનું થોડું ક સાધન મળી આવતું. પણ જ્યારે જમીન આપ્યો હોય અને તે નાણાં આપી શકે નહીં તો મુદત બાદ ત્રણ દિવસ વિત્યા પછી તે જમાનને નાણાં ભરી દેવાનો હુકમ થાય અને જ્યાં સુધી નાણાં ભરી ન દે ત્યાં સુધી તેને કેદ કરવામાં આવે.

જે જમીન ઉપર આકાર વીસ પાગોડાનો હોય તેની વેચાણ કિંમત ૧૦૦ પાગોડા આવે અને ૫૦ પાગોડે ધરાણે મૂકાય. બાપની મીલકત દીકરાઓ વચ્ચે સરખે ભાગે વહેંચાય છે. પણ જ્યેષ્ઠ ભાઈ તમામ વહીવટ કરે અને બધા એકઠા રહે. જ્યારે પિત્રાઈ ભાઇઓ વચ્ચે વહેંચણ થાય, ત્યારે જમીન ઘણે ભાગે ધજ્દારે અપાય અને રકમ વહેંચી લેવાય. સારી જમીનમાં દર એકરે ૨૦ થી ૩૩ બુશેલ ડાંગર ઉપજે છે, અને નબળી જમીનમાં ૬ થી ૧૬ બુશેલ. શેલડી, મરી, સુખડ, એલચી, સોપારી, અને નાળીએરનો વેપાર છે.

ઑનોરની ઉત્તરે એક ગોકર્ણ નામની પ્રસિદ્ધ જગા છે. ત્યાં મહાબલેશ્વર નામનું પ્રખ્યાત શિવલિંગ છે. એમ કહેવાય છે કે સિલોનનો રાજા રાવણ આ લિંગ ઉત્તરના પર્વતોમાંથી લઇ જતો હતો, તેણે અહીંઆં વિશ્રાન્તિ લેવા માટે આ લિંગ અહીં મૂકયું અને પછી તે ઉંચકાયું નહિ. આ શહેરમાં ૫૦૦ ઘર છે, જેમાંના અર્ધમાં બ્રાહ્મણો રહે છે. અહીં એક મોટું તળાવ છે. તેની આસપાસ મઠ છે. અને એક મંદિરમાં શંકરનારાયણની મૂર્તિ રાખવામાં આવી છે. " ડા. બુકનન લખે છે કે શિવ અને વિષ્ણુ એકજ પરમેશ્વરનાં બે જુદાં જુદાં નામો છે તે સિદ્ધાન્ત ઘણા કાળથી ચાલ્યો આવે છે તેનો આ મજબુત પુરાવો છે. "

અંકોલાની વાર્ષિક ઉપજ ૨૯૦૦૦ પાગોડા ઑનોરની ૫૧૦૦૦ અને કુન્દપુરની ૫૦૦૦૦ પાગોડા હતી. સારી જમીન પૈકીની ત્રીજા ભાગની જમીન પડતર હતી. અંકોલાનું બજાર ઘણીવાર લુંટારાઓએ બાળી નાંખેલું, પણ

બ્રિટિશ રાજ્યની નીચે ધીમે ધીમે ઢંકાણે આવતું હતું. ટૉમસ મન્રોનો આકાર ટિપુ સુલતાન કરતાં દેખાવમાં હલકો હતો, પણ ઉઘરાત વાસ્તવિક રીતે વધારે ભારે હતી. " મહેસુલાતી અધિકારીઓ કહે છે તે પ્રમાણે મેજર મન્રોએ આકાર ઓછો બહુ કર્યો, પણ ઉઘરાતમાં જે કાળજી અને સખ્તાઇ રખાતી તેણે કરીને, જે મહેસુલ વસુલ થતી તે પ્રથમ કોઇવાર વસુલ થએલી રકમના કરતાં ઘણી વધારે હતી. " હિંદુસ્તાનના ઘણા ભાગોમાં આજ પ્રમાણે બન્યું છે. કમ્પનીના નોકરો કેટલીક જુની મહેસુલમાં કેટલીક વાર વધારો કરે, કેટલીકવાર ઘટાડો કરે, પણ તેમની ઉઘરાણી હિંદુસ્તાનમાં પ્રથમ કોઇ દિવસ નહીં જોયેલી એવી સખ્ત હતી.

ઉત્તર વિભાગના કુન્દપુર–ઓનોર અને અન્કોલા-ના ત્રણ જીલ્લાઓની જમીનનો મોટો ભાગ, ખરાબાનો હતો; મિ. રીડે નીચે પ્રમાણે તેનો અંદાજ કહાડ્યો છે.

	ખેડેલી	ખેડવાણ	ખરાબો
કુન્દપુર	૦.૩૨	૦.૦૮	૦.૬૦
ઓનોર	૦.૨૬	૦.૧૨	૦.૬૨
અન્કોલા	૦.૨૦	૦.૨૦	૦.૫૯

આટલી બધી જમીન પડતર છતાં મન્રોના વહીવટના પહેલાજ વર્ષમાં પ્રથમ કોઇવાર નહિ આવેલી એટલી ઉપજ આવી હતી. મિ. રીડ એમ ધારે છે કે ખેડેલી જમીન ઉપર આકાર વધારેલો તેથી આટલી ઉપજ વધી ગઇ હશે. પણ ડૉ. બુકનન લખે છે કે મને તે ખરૂં લાગતું નથી.

ડા. બુકનન મ્હૈસૂરમાં થઇને તા. ૬ ઠ્ઠી જુલાઇએ મદ્રાસ પાછા આવ્યા. ઉપરનો સાર જે નોંધમાંથી કહાડ્યો છે તે એક બહુજ કીમતી નોંધ

છે. તેમાંથી ઇસ્ટઇન્ડિયા કમ્પનીના અમલમાં આપણા દેશની આર્થિક સ્થિતિ આ કાળે કેવી હતી તેનો ખરો ખ્યાલ આપણને મળે છે.

દરેક ઠેકાણે કમ્પનીના રાજ્યના આવાગમનની સાથે લડાઇઓ અને તોફાન બંધ પડે છે; અને શાન્તિનું પુનઃ સ્થાપન થાય છે. પણ તેની સાથે જમીનનો આકાર અતિશય બંધાય છે, લોકોની સ્થિતિ તદન દરિદ્ર થાય છે. મ્હૈસૂરના સ્વદેશી પ્રધાન પુર્ણિઆના વખતમાં મ્હૈસુરના દેશી રાજ્યની સ્થિતિ હતી તેના કરતાં પણ લોક સ્થિતિ વધારે ખરાબ હતી.

પ્રકરણ ૫ મું.

ઉત્તર હિંદુસ્તાન.

ઉત્તર હિંદુસ્તાનનો મુલક અત્યારે જે સંયુક્ત પ્રાન્તોના નામથી ઓળખાય છે તે અંગ્રેજોના હાથમાં જુદે જુદે વખતે આવેલો છે. ૧૭૭૫ માં અયોધ્યાના એક નવાબ મરી ગયા પછી તેના ઉત્તરાધિકારીની સાથે કરેલા સંધિથી વૉરન હેસ્ટિંગ્સે બનારસ અને તેની આસપાસનો કેટલોક મુલક મેળવ્યો હતો. અલાહાબાદ અને બીજા કેટલાક પ્રાન્તો લૉર્ડ વેલ્લસ્લીના દબાણથી ૧૮૦૧ માં નવાબે ઇંગ્રેજને સોંપ્યા હતા. આગ્રા અને ગંગા, જમનાના પ્રદેશો ૧૮૦૩ માં મરાઠા પાસેથી લૉર્ડ લેઇકે જીતી લીધા હતા. અયોધ્યાનો બાકીનો ભાગ ૧૮૫૬ માં લૉર્ડ ડેલ્હાઉસીએ ખાલસા કર્યો હતો.

કૉર્ન વૉલિસ અને શૉર બનારસમાં પણ 'અચલ જમાબંદી' સ્થાપવાને ઇતેજાર હતા. બનારસના રાજા સાથે આ બાબતના સંદેશા ૧૭૮૭ થી ૧૭૯૪ સુધી ચાલ્યા અને આખરે ૧૭૯૪ ના ઓક્ટોબરની ૨૭ મી તારીખે કોલકરાર

પણ થયા. તેને અનુસાર પોતાના ખાનગી ગામો ઉપર જમીનદારીના હક્કો સ્વાધીન રાખીને બનારસના રાજાએ પોતાના રાજ્ય ઉપરના તમામ હકો ઈંગ્રેજના લાભમાં છોડી દીધા. આ કૉલકરાર સહી શિક્કા થયા પછી તે વખતના ગવર્નર જનરલ સરજોનશૉરે છોડી દીધેલા મુલકના ગામ ધણીઓ સાથે જમાબન્દી મુકરર કરી, અને કેટલીક જમીનો જુના જાગીરદારો જેમના હાથમાંથી રાજાના રાજ્ય દરમીયાન જમીનો છૂટી ગઇ હતી તેમને પાછી સોંપી દીધી. સરકાર અને ખેડુ વચ્ચે ઉપજની વહેંચણ જે પ્રમાણમાં થતી તેમાં પ્રાન્તે પ્રાન્તે કંઇ સહેજસાજ ફેરફારો છતાં તે ઉપર જમાબન્દીની રકમનો આંકડો બાંધવામાં આવ્યો. અને ૧૭૯૫ માં આખા બનારસ પ્રાન્તને માટે અચળ જમાબન્દી મુકરર થઇ. બંગાળા બીહાર અને ઓરીસાના કાયદા જરાતરા ફેરફાર સાથે બનારસને લાગુ પાડ્યા અને દીવાની ફોજદારી અમલ પણ તેજ રીતનો શરૂ થઇ ગયો.

છ વર્ષ પછી અયોધ્યાના નવાબે અલાહબાદ અને બીજા પ્રાન્તો ઇસ્ટ-ઇન્ડિયા કમ્પનીને સ્વાધીન કર્યા. આ પ્રાન્તો હજી 'સોંપેલા પ્રાન્તો' ના નામથી ઓળખાય છે. જે દિવસે લૉર્ડ વેલ્સલીએ આ પ્રાન્તોના કૉલકરાર ઉપર પોતાની સહી કરી તેજ દિવસે તેણે આના રાજ્ય વહીવટને માટે એક કમિશન નીમ્યું. ત્રણ સદ્‌ગૃહસ્થોની એક સભા બનાવી અને પોતાના ભાઇ હેન્રી વેલ્સલીને લેફ્‌ટેનન્ટ ગવર્નર અને સભાપતિ બનાવ્યો. હેન્રી વેલ્સલીએ જમીનદાર અને ઇજારદારો જોડે ત્રણ વર્ષ માટે જમાબન્દીના ઠરાવો કર્યા; અને તેનો પહેલો જમાબન્દીનો રિપોર્ટ તા. ૧૦ ફેબ્રુઆરી ૧૮૦૩. નો 'એની એ વધુ પડતી જમાબન્દીની વાત' નો પુરાવો આપે છે.

લખે છે કે:–" હું બરેલી પહોંચ્યો તે પહેલાં દેશાધ્યક્ષોએ જમાબન્દી નક્કી કરી હતી. અને નવાબ વઝીરે જે આંકડો બનાવ્યો હતો તેજ આંકડો ઠરાવ્યો હતો. અને હું જાણતો હતો કે આ ગોઠવણ દેશની સ્થિતિની ભૂલ ભરેલી ગણત્રી ઉપર કરવામાં આવી છે, અને ઠરાવેલી જમા વસુલ થવી મુશ્કેલ છે,

તોપણ દેશાધ્યક્ષોએ તરતજ કરેલી ગોઠવણ રદ કરવાનું મને દુરસ્ત લાગ્યું નહિ; કારણ કે મને ધાસ્તી લાગી કે એવી રીતે તરતજ વચમાં પડવાથી તેઓની સત્તા જેને આ વખતે ટેકો આપવાની જરૂર હતી તે નબળી પડી જશે.''

૧૮. મોગલ સરકારના વખતની વસુલાતના જે દસ્તાવેજો મને મળ્યા છે તે ઉપરથી જણાય છે કે આ પ્રાન્તોની વાર્ષિક ઉપજ અઢી કરોડ રૂપિયા હતી. બ્રિટિશ રાજ્યની નરમ અને વાજબી પદ્ધતિ નીચે હું ધારૂં છું કે આ મુલકમાં જ્યારે પૂરેપૂરી ખેતી થશે ત્યારે અઢી કરોડની ઉપજ વસુલ થઇ શકશે.

૨૪. આપણે હમણાંજ જે ધારા દાખલ કર્યા છે, તે પ્રમાણે આબકારી ખાતાની ઉપજ પણ પત્રકમાં બતાવેલી રકમ જેટલી તો ઓછામાં ઓછી આવશે. ''

તે પછી **મીઠા**ની ખરીદી અને વેચાણના અનન્યાધિકાર માટે કરેલી ગોઠવણનો હેવાલ આપે છે.

આ રિપોર્ટની સાથે ટાંકેલા પત્રકમાં નીચેના આંકડા જોવામાં આવે છે.

નવાબની જમાબન્દીનો આંકડો		રૂ. ૧૩૫૨૩૪૭૪
બ્રિટિશ સરકારની જમાબન્દી	પહેલે વર્ષે	,, ૧૫૬૧૯૬૨૭
,,	બીજે વર્ષે	,, ૧૬૧૬૨૭૮૬
,,	ત્રીજે વર્ષે	,, ૧૬૮૨૩,૦૬૩

ઉપરના આંકડાઓ ઉપરથી જણાશે કે બંગાળા અને મદ્રાસ હાથમાં આવ્યા પછી તરતજ જે ભૂલો કરી હતી તેજ ભૂલો પાછી અહીં પણ કરવામાં આવી. ઉપરા ઉપરી લડાઇઓ અને સખ્ત વસુલાતથી હેરાન થઇ ગયેલા મુલક એક મોટી અને સુધરેલી સત્તાના હાથમાં આવ્યા છે. શાન્તિને ચાહનારી અને ઉઘોગી પ્રજાને કંઇક ધારણ આપવાને તેમનો બોજો ઓછો કરવાની અને સાધનોનો સુધારો કરવાની તક આપવાનો આ વખત છે. છતાં હેન્રી વેલ્સ્લીના અમલના પહેલાજ વર્ષમાં નવાબની જમા કરતાં કમ્પનીની જમામાં વીસ

લાખનો વધારો થાય છે, અને ત્રણ વર્ષ પૂરાં થયા પહેલાં બીજા દશ લાખ ઉમેરાય છે. અને જ્યારે નવાબના આંકડા તો ફક્ત નામનાજ હતા, અને વસુલાત મૉલની સ્થિતિને આધારેજ થતી, ત્યારે કમ્પનીની રકમો તો હિંદુસ્તાનના લોકોએ પહેલાં કદી નહિ જાણેલી એવી સખ્તાઈથી વસુલ કરવામાં આવતી. મિ. ડમ્બલટન નામના એક દેશાધ્યક્ષ ૧૮૦૨ ની જમાબન્દીના સંબંધમાં ફર્યાદ કરે છે કે–'તે વાજબીપણાની હદ બહાર' છે અને બ્રિટિશ સત્તા નવાબ સરકારના ભારે દર–'વસુલાતની સ્થિતિ સ્થાપકતા વિના ' જારી રાખે છે.

બીજી બાબતોમાં આ દેશને સુધરેલી રાજ્યપદ્ધતિ નીચે લાવવા બધા પ્રયત્નો થયા. તા. ૨૪ મી મે ૧૯૦૩ ને રોજ બંગાળાના ધારા દાખલ કર્યા. દેશના સાત જીલ્લા પાડ્યા. દરેક જીલ્લામાં એક 'સિવિલ સર્વન્ટ ' નીમ્યો અને તેને મેજીસ્ટ્રેટ અને ન્યાયાધીશનું કામ સોંપ્યું. બરેલીમાં એક અપીલ અને દેખરેખ રાખનારી કોર્ટ સ્થાપી અને જમીનદાર અને તેહસીલદારોને બનારસની પેઠે લુંટારૂઓને પકડવાના અને પોતાની હકુમતમાં સુલેહ રાખવાના અધિકાર આપ્યા.

એક બીજો અગત્યનો ધારો પણ આ વખતે દાખલ કર્યો તેમાં ચાલતી ત્રણ વર્ષની જમા સરકારે મંજુર કરી. તે પછી એક ત્રણની પછી એક ચારની અને તે મુદત પૂરી થયા પછી ' અચળ જમાબન્દી ' ઠરશે એવું જાહેર કર્યું.

હાઉસ ઑફ કોમન્સની સિલેક્ટ કમિટિ કહે છે કે આ શબ્દોમાં હેનરી વેલ્સ્લીની જમાબન્દી પછી દશ વર્ષે ' અચળ જમાબન્દી ' ના ઠરાવ કરવાનું જમીનદારોને સ્પષ્ટ વચન આપવામાં આવ્યું હતું.

સને ૧૮૦૩ માં જનરલ વેલ્સ્લીએ (ગવર્નર જનરલનો બીજો ભાઈ જે પછીથી ડ્યુક ઑફ વેલિંગટન થયો) મરાઠાની સત્તા દક્ષિણમાંથી નાબુદ કરી; અને લૉર્ડ લેઇકે ઉત્તરમાં ગંગા અને જમના વચ્ચેના પ્રદેશો ખાલસા

કર્યા. આ દેશનું નામ ' વિજીત પ્રાન્તો ' પાડયું. બુંદેલખંડ અને કટક ૧૮૦૩ માં ખાલસા કર્યાં.

વિજીત પ્રાન્તો પ્રથમ લૉર્ડ લેઇકના વહિવટમાં સોંપ્યા. પણ ૧૮૦૫ માં તેના પાંચ વિભાગ પાડ્યા. અને નિક્ષિપ્ત પ્રાન્તોની પેઠે તેને પણ ગવર્નર જનરલની સત્તા નીચે મૂક્યા. બધા કાયદા કાનુનો ત્યાં પણ દાખલ કર્યા. જે વચનો તેના જમીનદારોને આપવામાં આવ્યાં હતાં તે અહીં પણ અપાયાં. જમાબન્દી પહેલી એક વર્ષને માટે, પછી ત્રણ અને પછી ચાર વર્ષને માટે ઉત્તરોત્તર કરવાની હતી. અને છેલ્લી જમાબન્દી જો જમીનદારો કબુલ થાય તો હમેશને માટે ' અચળ ' કરવાની હતી. બે વર્ષ પછી વળી આ વચનની પુનરાવૃત્તિ કરવામાં આવી, પણ આ વખતે એવી સરત ઉમેરાઇ કે અચળ જમાબન્દી કરવાનું અધ્યક્ષસભાની મંજુરીની સરતે.

ઉત્તર હિંદુસ્તાન ૧૮૦૩ ના મરાઠા યુદ્ધોથી પાયમાલ થઇ ગયું હતું. અને કમ્પનીની સખ્ત જમાબન્દીથી પોતાની સ્થિતિ સુધારવાનો લોકોને બીલકુલ વખત મળ્યો નહતો. ફળ એ થયું કે ૧૮૦૪ માં મોટો દુકાળ જણાયો. તે વખતે સરકારને જમાબન્દીમાં મોટી રકમોની માફી આપવાની જરૂર પડી. બેહુતોને તગાવી આપવી પડી. અને બનારસ, કાનપુર અલાહબાદ અને ફતેહગઢ દાણા મોકલવા માટે લાલચો આપવી પડી. ૧૮૦૭ માં ચાર વર્ષ માટેની જમાબન્દીના કામ ઉપર દેખરેખ રાખવા માટે એક ખાસ કમિશન નીમવામાં આવ્યું. આ ચાર વર્ષની જમાબન્દીના આંકડા દાખલ કરેલા ધારા પ્રમાણે હમેશને માટે નક્કી થવાના હતા.

હવે આપણે ઉત્તર હિંદુસ્તાનમાં અચળ જમાબન્દીને માટે જે મોટો વાદવિવાદ થયો તે વિષયમાં આવીએ છીએ.

મિ. કોક્સ અને હેનિસેંટ જ્યોર્જ જે ટકરે અચળ જમાબન્દીના સંબંધના લાભમાં રિપોર્ટ કર્યો, પણ નિક્ષિપ્ત અને વિજીત પ્રાન્તોમાં તરતજ તે દાખલ કરવાની વિરૂધ્ધમાં તેમનો મત પડયો. લખેછે કે:—

૨૩૦ "જમીનની મહેસુલની મર્યાદા બાંધવાથી થતા ફાયદાનું અમને પૂર્ણ ભાન છે. અમને ખબર છે કે કાચી જમાબન્દીથી લોકોને ઘણી અડચણ થાય છે અને ઘણા દગાફટકાને અવકાશ મળે છે. જ્યારે કરો ઉપરા-ઉપરી વધતા જતા હોય અને લોકને પોતાના ઉદ્યોગના વધારાનો લાભ લેવાની તક ન મળતી હોય તેવા સંયોગોમાં કોઇ પણ દેશ આબાદીમાં આગળ વધી શકે કે નહિ તેજ સવાલ છે. પણ 'અચળ જમાબન્દી' ના પક્ષમાં દરેક વલણ છતાં અમારો પુખ્ત અને નિર્વિશેષ મત છે કે આ ક્ષણે "અચળ જમા-બન્દી' જાહેર કરવી એ વાજબી નથી. અત્યારે તે દાખલ કરવા જવાથી રાજ્ય કોશને ભારે નુકશાન થવા સંભવ છે અને કેટલાક ખાતેદારોના સંબંધ-માં તો પાકા પાયા ઉપર આ પદ્ધતિ દાખલ કરીને જેને ફાયદો કરવા આપણે માગીએ છીએ તેમનેજ અત્યારે દાખલ કરવા જવાથી નુકસાન થશે એમ અમને જણાય છે."

અચળ જમાબન્દી વિરૂધ્ધ ઉત્તર હિંદુસ્તાનમાં આ પહેલો સ્વર હતો. 'રાજ્યકોશને ભારે નુકશાન' ના ભયે આ સ્વર ઉપજાવ્યો પણ આ ખાસ કમિશનની દલીલોનો ખાત્રીલાયક જવાબ મિ. કોલ્વુકે આપ્યો.

૩. ૧૮૦૨ ના ૫મી જુલાઇના અને સને ૧૮૦૫ ના ૧૧ મી જુલાઇનાં જાહેરનામાંથી જમીનદારો સાથે જે જમીનો ઘટતા સુધારાથી 'અચળ આકાર' ને માટે લાયક થઇ હોય તેવી જમીનો માટે અમુક મુદત પૂરી થયા બાદ વાજબી સરતો સાથે અચળ જમાબન્દી કરાવવા માટે સરકાર બંધાઇ ચૂકી છે; તે વખતે પુખ્ત વિચારથી અને હમણાં જે બાબતો રજુ કરવામાં આવેછે, તેવા ભાનની સાથે મુદતો પહેલેથી મુકરર કરવાનું વાજબી ધારવામાં આવ્યું હતું, અને તે માટે ૧૮૦૭ ના જુનમાં ગવનર જનરલે ૧૮૦૭ ના દશમા ધારાથી જમીનદારો અને બીજા ભૂમિઆઓને ચોખ્ખું જણાવી દીધું હતું કે તે પછી તરત અમલમાં આવતી જમાબન્દીના છેલ્લા વર્ષની જમા જે તેઓ

કબુલ હશે અને અધ્યક્ષસભા મંજુર કરશે તો હમેશને માટે 'અચળ' કરવામાં આવશે.

૪. આવી રીતે ગંભીરતાથી આપેલું વચન તોડવાથી લોકોનો આપણા ઉપરથી વિશ્વાસ અવશ્ય જશે.

૫. હું ભૂલતો ન હોઉં તો કમિશનર સાહેબની દલીલ એવી છે કે સરકાર આવી મોટી જાગીરના એક રીતે ધણી છે; માટે જમીનના માલિક તરિકેનો ભવિષ્યમાં સુધારા થાય તેનો લાભ લેવાનો હક તેમણે છોડી દેવો જોઇએ નહિ.

૨૬. બંગાળા બિહાર અને કોરોમેન્ડલ કિનારા ઉપરની જમીનોના આકાર મુકરર થયા તે વખતે આ પ્રાન્તોના કમિશનરોએ જે પ્રમાણ કાઢયું છે તેના કરતાં વધારે પ્રમાણમાં તે વખતની પડતર જમીનના ભવિષ્યમાં સુધારા થાય તે ઉપર ભાગ લેવાનો હક સરકારે પુખ્ત વિચાર કરીને છોડી દીધો છે.

૨૭. આ પગલાનાં શુભ પરિણામો બંગાળામાં દેખાવા લાગ્યાં છે. તે દેશની સજીવન થતી આબાદી, વધતી દોલત અને ઝડપથી થતા સુધારા તે બધું 'અચળ જમાબન્દી'થીજ થાય છે, એનું ધોરણ એવું ડહાપણ ભર્યું છે કે વિગતમાં કેટલીક ગંભીર ભૂલો થયેલી છે, છતાં તેનાં પરિણામોમાં આપણને છેવટે નાસીપાસ કરશે નહિ.

૩૨. તર્ક કરતાં અનુભવને વધારે વજન આપવાની મારી વિનંતિ છે એમ આશા જ રાખવામાં આવી હતી કે પડતર જમીન સુધાર્યાથી જમીનદારોની ઉપજમાં પ્રાયદો થશે અને તેથી દુકાળ અને જમીનને લગતાં બીજાં સંકટો જમામાં માફી આપ્યા વિના તે લોક ઉતરી શકશે.

૩૩. આ ધારણાઓ સફળ થઇછે.

૩૮. એમ જણાયછે કે કંઇક એવું સમજાયું છે કે, બ્રિટિશ રાજ્ય પધ્ધતિ સામાન્ય રીતે હિંદુઓને અનુકૂલ પડતી નથી. આ અભિપ્રાય

પાયાદાર છે એમ માની લઈએ તો એમ નીકળેછે કે જ્યારે પ્રતિકૂલ જણાતી રીતભાતનોજ એમને અનુભવ મળેછે, અને જે વરદાન તેઓ ચાહે છે તે આપતાં આપણે હાથ ધ્રુજાવીએ છીએ, ત્યારે જમીનના માલિકો અને તેમની સાથે લોક વર્ગ પણ જે આશાઓ આપણે તેમને આપી હતી અને જેને માટે નૈરાશ્ય અનુભવવાનો તેમને વખત આવશે, તે આશા નિરાશાના પ્રમાણમાં વધારે ને વધારે સરકારથી અપરક્ત રહેશે.

૬૩. હું કમિશનરોના આ અભિપ્રાયને મળું છું કે દૃઢતા, નિર્લોભતા અને ન્યાય એ સરકારનાં વહિવટનાં ખાસ લક્ષણો હોવાં જોઇએ. પણ હું માનું છું કે પુખ્ત વિચાર પછી નક્કી કરેલું રૈયતને ફાયદાકારક પગલું છોડી દેવાથી આપણી દૃઢતા આપણે સાબિત કરી શકીશું નહિ. ઊંચામાં ઊંચા દરની લાલચ રાખ્યાથી અને બેદુત પાસેથી વધારામાં વધારે સાંથ લેવાથી આપણે આપણી નિર્લોભતા સિધ્ધ કરીશકીશું નહિ. તેમ આપણા તાબાના જમીનના માલિકોના દીકરાઓના લઈને અવતરેલા હકો પડાવી લઈને આપણે આપણી ન્યાય બુદ્ધિની ખાત્રી કરી શકીશું નહિ.

આ મિનિટ તેમજ તેવા અર્થની બીજી સભાસદ મિ. લમ્સડનની મિનિટ લૉર્ડ મિન્ટો જે તે વખતે ગવર્નર જનરલ હતા તેમણે અધ્યક્ષસભાને મોકલાવી દીધી. લૉર્ડ મિન્ટોએ પણ આ બાબતમાં સ્પષ્ટ અભિપ્રાય નોંધ્યો હતો.

" અચળ જમાબન્દીના સંબંધના જુદાજુદા પ્રાન્તોના તમામ કાગળો વાંચીને મને તે નીતિના સંગીનપણાની અથવા તેની અનિવાર્ય આવશ્યકતાની ખાત્રી થઇ છે.

પણ અધ્યક્ષસભાએ પોતાનો અભિપ્રાય બાંધી દીધો હતો. સંયોગ બળથીજ એક પ્રજાના કલ્યાણ માટે ભાવી સુધારાના લાભનો ભોગ આપવા એકવાર તેઓ પ્રવૃત્ત થયા હતા. લૉર્ડ કૉર્નવૉલિસ બેહરતનશીન થયા હતા;

અને અધ્યક્ષસભા ફરીથી ઔદાર્ય બતાવી ગુન્હેગાર થવાની નહતી. હવે તો "ઊંચામાં ઊંચી ઉપજની લાલચ રાખવાની અને લોકો પાસેથી વધારામાં વધારે સાંથ લેવાની" તેમની રાજ્યનીતિ હતી. તેઓ લખેછે કે,

"કટક અથવા બીજા કોઇ પ્રાન્તોમાંના જ્યાં સુધી તે બાબતના તમામ કાગળો અમારી રૂબરૂ રજુ કરવામાં આવે નહિ અને તમારા તે બાબતના ઠરાવોની અમારા તરફથી મંજુરી મળે નહિ, ત્યાં સુધી કોઇ પણ જમાબન્દીને 'અચળ' જાહેર કરવી નહિ," નવ મહિના પછી તેમણે ફરીથી લખ્યું કે આ ખરીતાનો અમારો અર્થ એ છે કે 'અમારા નવા પ્રાન્તોમાં બંગાળાની પેઠે અચળ આકારમાં તમારે અમને બાંધી દેવા નહિ' એવી તમને તીવ્ર શબ્દોમાં સાવચેતી આપવી.

આ ખરીતાઓથી ગવર્નરજનરલ ચમકયા. આનો અર્થ એવો થયો કે લોકના કલ્યાણ માટે એક અત્યંત આવશ્યક પગલું છોડી દેવું, એટલુંજ નહિ પણ ૧૮૦૩ અને ૧૮૦૫ ના ધારાઓમાં દાખલ કરેલું લોકને બક્ષે વાર આપેલું બીનસરતી વચન પણ તોડવું. નિક્ષિપ્ત પ્રાન્તો માટેના ૧૮૦૩ ના ૨૫ મા ધારાની ૨૯ મી કલમમાં નીચેનું જાહેરનામું હતું.

"આ દશ વર્ષ પૂરાં થયા પછી આના આ લોકો (જે તેઓ રાજી હશે અને તેમના કરતાં વધારે હક વાળા બીજા કોઇ આશામી નીકળી આવશે નહિ તો) સાથે જે જમીન ઘટતા સુધારાથી અચળ જમાબન્દીને લાયક જણાશે તે જમીનના સંબંધે સરકારને યોગ્ય અને વાજબી લાગશે તેવી સરતે 'અચળ જમાબન્દી' ના ઠરાવો કરવામાં આવશે." વિજીત પ્રાન્તો માટેના ૧૮૦૫ ના નવમા ધારામાં એવા જાહેરનામામાં એના એજ શબ્દો હતા.

આ બીનસરતી વચનો કમ્પનીના જવાબદાર નોકરો અને પ્રતિનિધિઓએ હિંદના લોકોને આપેલાં હતાં. તે કમ્પનીને બંધનકારક હતાં. ૧૮૦૭ માં—૧૮૦૭ ના દસમા ધારાથી (નિક્ષિપ્ત તેમ વિજીત પ્રાન્તો માટે) આ વચન ફરીથી આપવામાં આવ્યું હતું; અને આ વખતે એવી સરત

પહેલ વહેલીવાર વધારવામાં આવી હતી કે ' જો માનવંત અધ્યક્ષસભાની મંજુરી હશે તો ' અચળ જમાબન્દીના ઠરાવો કરી આપવામાં આવશે.

૧૮૧૧ માં અધ્યક્ષસભાએ કાઢેલા હુકમથી આ વચનો કેવી રીતે નાબુદ થાય ? ૧૮૧૨ માં ઇન્ડિયા સરકાર લખેછે કે ' ૧૮૦૩ અને ૧૮૦૫ ના ધારાઓથી સ્થાપિત કરેલી ગોઠવણોની અધ્યક્ષસભાની નાપસંદગી તે ધારાઓ ઘડાયા પછી તરતજ જાહેર થઇ હત તો તે સભાની સત્તાનો તેમણે અમલ કર્યો તે કારણથી તે નામંજુરીને ટેકો મળત પણ હવે જ્યારે નિક્ષિપ્ત પ્રાન્તોમાં બધા જમાબન્દી પટાની બધી મુદત અને વિજીત પ્રાન્તોમાં એ ભાગની મુદત ખલાસ થઈગઇ છે, તે વખતે એ સરત રદ કરવામાં નીતિ અને ન્યાયનાં ધોરણોની બેદરકારી થાય છે એમ અમને જણાય છે, "

અને સ્વહસ્તે લખેલી એક મિનિટમાં લૉર્ડ મિન્ટોએ, અધ્યક્ષસભાના તાજા હુકમોનો શબ્દશઃ અર્થ કરવાથી ' સરકારનાં જાહેર અને ગંભીર વચનો'ની સાથે બંધબેસતો ન હોવાથી સંકુચિત અર્થ કરવા યત્ન કર્યો હતો.

સને ૧૮૧૩ માં લૉર્ડ મિન્ટો પાછો વિલાયત ગયો તે પહેલાં એક વાર ફરીથી પોતાનો વાંધો તેણે જાહેર કર્યો. એણે બતાવ્યું કે " અચળ જમાબન્દીમાં ઉપજનો કાંઇ પણ ભોગ આપવાનો નથી. જમીન ઉપરનો કર સુધારાને પ્રતિકૂલ હોવાથી એડમસ્મિથે વેલ્થ ઑફ નેશન્સમાં વખોડી કહાડયો છે. પડતર જમીનનો સમાવેશ કર્યા વિના ખેડવાણ જમીનને સંબંધે જ ઉત્તર હિંદુસ્તાનમાં અચળ જમાબન્દી થઇ શકે તેમ છે," અને છેવટે લખ્યું કે "જો મારા રાજ્ય વહિવટનો હેતુ દેશીઓની સ્થિતિ સુધારવી એ હોય તો મારૂં નિઃસંદેહ માનવું છે કે તે અગત્યના હેતુ ત્વરાથી અને કૃતેહમંદીથી પાર પાડવા માટે 'અચળ જમાબંદી' ના જેવું બીજું રાજ્ય કૃત્ય અમને જણાતું નથી."

પણ કંપનીના અધિષ્ઠાતાઓ હઠીલા થયા હતા. હિંદના લોકના કલ્યાણની તેમની પ્રસિદ્ધ ઇચ્છા હોય તો પણ તેમના પોતાના નફા મુકી દેવા એ

એમને યોગ્ય લાગ્યું નહીં. ૧૮૦૩ અને ૧૮૦૫ માં આપેલાં વચનોમાંથી નીકળી જવાની એક યુક્તિ તેમણે ઘડી કહાડી હતી. તેઓ લખે છે કે:—

"અભંગ કબજો અને સરકાર હક વખતસર આપી દેવો એ જમીનદારોને ત્રણ વરસના પટા વખતે સરકારે આપેલાં વચનોની 'સરત' હતી. એક વધારે અગત્યની સરત એ હતી કે દરમિયાનમાં જમીન એવા સુધારાની સ્થિતિ ઉપર લાવવી જોઇએ કે આપણા હકની મર્યાદા બાંધવી યોગ્ય ગણાય. ૧૮૦૩ અને ૧૮૦૫ ના ધારાઓમાં આ સુધારાની હદ મુકરર કરેલી નહોતી. અને ખરેખર કોઇપણ, ભવિષ્યમાં અમલમાં મૂકવાના, ધારામાં મુકરર કરી શકાય પણ નહિ. આ સવાલ ભવિષ્યનો ગણી સરકારના ભવિષ્યના નિર્ણય ઉપરજ પૂર્ણ રીતે મૂકવામાં આવ્યો હતો, તેમજ આ ધારાઓમાં એવું કાંઇ નથી કે જેથી સરકારના નિર્ણયોને કંઇ પણ પ્રતિબંધ પહોચી શકે અથવા પહોચવો જોઇએ.

જો આ દલીલ શુદ્ધબુદ્ધિથી અને પ્રમાણિકતાથી કરવામાં આવી હોત તો કેટલીક આગળ વધેલી જાગીરોમાં 'અચળ જમાબંદી' થઈ જાત; અને કેટલીકને માટે વિલંબ કરવામાં આવત. પણ આ દલીલ આપેલું વચન તોડવાની એક યુક્તિ માત્રજ હતી. અને વચન તૂટયું. ૧૮૧૩ માં કોઇ પણ જાગીરની જમાબન્દી 'અચળ' થઇ નહિ. અને તે પછી હજીસુધી પણ થઇ નથી.

લૉર્ડ મિન્ટો પછી લૉર્ડ મોયરા (પાછળથી માર્કવેસ ઑફ હેસ્ટિંગ્સ) હિંદુસ્તાનનો ગવર્નર જનરલ થયો. તેની કારકીર્દિમાં નેપાલની લડાઇ, પિંડારીની લડાઇ અને છેવટે છેલ્લી મરાઠા લડાઇ જેના પરિણામમાં ૧૮૧૭ માં મુંબઇ ઇલાકો ખાલસા થયો તે પ્રસિદ્ધ બીનાઓ છે. આ બનાવો ઉપર ધ્યાન આપવાની જરૂર હોવાથી લૉર્ડ હેસ્ટિંગ્સ થોડા વખત સુધી ઉત્તર હિંદુસ્તાનની જમાબન્દી ઉપર ધ્યાન આપી શકયો નહિ.

૨. ઉત્તર હિંદુસ્તાનની મહાલવારી જમાબન્દી (૧૮૧૫-૧૮૨૨)

સને ૧૮૧૮ માં છેલ્લું મરાઠા યુદ્ધ સમાપ્ત થયું; અને છેલ્લો પેશ્વા કબ-

જ થયો. તે પછી લૉર્ડ હેસ્ટિંગ્સને દેશની જમીનના વહિવટનો સવાલ હાથ ધરવો પડયો. એડવર્ડ કૉલ્બ્રુક અને મિ. ટ્રાન્ટે નિક્ષિપ્ત પ્રાંતો અને વિજીત પ્રાંતોના મોરાદાબાદ, બરેલી શાહાજાનપૂર અને રોહિલખન્ડ એ જીલ્લાઓની જમાબન્દી બાબત જે રિપોર્ટ કર્યો હતો, તેમાં પણ તેમણે જમાબંદી અચળ કરવાની ભલામણ કરી હતી. તેમણે લખ્યું હતું કે

" સરકારે અમારા ઉપર મહેરબાની કરીને અમને જે અધિકાર સોંપ્યો છે તેનું કર્ત્તવ્ય પૂરેપૂરું બજાવવાના અંગની અમારો અભિપ્રાય બતાવવો એ એક ફરજ છે એમ અમે સમજીએ છીએ. અમારો દૃઢ અભિપ્રાય છે કે આ પ્રાન્તના લોકો જેની ઘણા વખતથી આતુરતાથી રાહ જુએ છે તે અચળ આકારના લાભો લોકોને નહિ આપવાથી આ તરફના આપણા મુલકના સંબંધમાં આપણને મોટું નુકશાન થયા વિના રહેશે નહિ.

જો કે અમને ખાત્રી છે કે સરકારી કોશને પણ તેથી ઘણો લાભો છે તોપણ તે દૃષ્ટિ બિંદુથી તેના લાભોનું વિવેચન અમે કરવા નથી માગતા. કારણ કે ઉપર ટાંકેલા બે ધારાથી સરકાર વચન આપી ચૂકેલી છે; અને આ ધારા અધ્યક્ષ સભા સાથે 'અચળ જમાબન્દી' સંબંધી પૂરી ચર્ચા થયા પછીજ ઘડાઈ બહાર પાડવામાં આવેલા છે, તેથી, અહીંના તેમજ યુરોપના અધિકારીઓનો એ છેવટનો નિર્ણયજ હતો એમ ગણવું જોઇએ.

અમે ફરીથી અમારો પૃથક્ અને સંયુક્ત નિશ્ચય જણાવવાની રજા લઇએ છીએ કે આ પ્રાન્તોમાં જમાબન્દીના ઠરાવોની સામાન્ય 'અચળતા' સિવાય બીજી કાંઇ ગોઠવણ જમીનદારોને ગળે ઉતરે તેમ નથી કારણ કે તેઓ એમ માને છે કે સરકાર તેમ કરવા ગંભીર વચનોથી બંધાઇ ગયેલી છે."

૧૮૧૯ માં મિ. ડાઉડસવેલે વાનપ્રસ્થ લેતી વખતે એક મિનિટ લખેલી છે તેમાં પણ એજ સૂર પૂરા નિશ્ચય સાથે ચાલે છે. લખે છે કે:—

"ત્યારે સ્થિતિ એ છે કે ઉપર બતાવેલી મર્યાદા સાથે સરકારનું વચન નિક્ષેપ અને વિજય પછી દશ વર્ષ વીત્યા બાદ જમાબન્દીના ઠરાવો અચળ કરવાનું લોકોને અપાઇ ગયું છે.

" જેના ધ્યાન ઉપર આ નીચેની હકીકત મૂકવાની છે તેને અપ્રિય લાગે તેવી હકીકત અને તેવા અભિપ્રાયો લખતાં મને બહુ દુઃખ થાય છે. પણ મને ખાત્રી છે કે માનવંતી અધ્યક્ષસભા મારા હેતુને ગેરઇન્સાફ નહિ કરે. જો હું છુટો છું એવો મારો મત હોત તો જે કામમાં હું ગુંથાયો છું તે મૂકી દેત. પણ મારા વિચારો બતાવવાની મને અસાધારણ જરૂર જણાયાથીજ હું તે દફ્તર ઉપર મૂકું છું.

"હું એમ બતાવવા ધારું છું કે દેશની ખેતી સંબંધી સ્થિતિમાં સુધારો કરવાથી અને ખાસ કરીને જાહેર સાધન સંપત્તિનો કોઇ અસાધારણ ભોગ આપ્યા સિવાય બ્રિટિશના નામની અને સત્તાની સાથે લોકોનો અનુરાગ સુદઢ કરવાથી, અચળ જમાબન્દીનો પ્રબંધ બ્રિટિશ સરકારનાં શુભનું જ પોષણ કરે છે. મને ખાત્રી છે કે જમીનના માલિકો પોતાના પરગણામાં અથવા મોઝામાં અથવા કોઇ કટકામાં ખેડવાણ જમીનની સાથે જે પુલગુંથણીયા પડતર જમીનો પડી હશે તેનો સુધારો કરીને પોતાનાં ગુજરાનનાં સાધનોનો વધારો કરીને સંતોષ માનશે અને બાકીની બધી જમીન બેશક કાયદાથીજ સરકારને સ્વાધીન રહેશે.

" બીજી તરફથી સરકારે જમીનમાંથી નીચોવીને મહેસુલ લેવી તે હું ડાહ્યું, ઇન્સાફી અને નીતિસર માનતો નથી. હું માનું છું કે સામાન્ય રીતે બોલતાં હાલ જે આકારો કર્યા છે તે ખેડુત વર્ગ જમીનના ધીમે ધીમે સુધારા કરી શકવાની સાથે જેટલું આપી સકે તેટલા ઊંચા તો છેજ.

" હવે હું આ વિષય છોડું છું. ઘણું કરીને હમેશને માટે દેશની આંતર શાન્તિ અને સુવ્યવસ્થા તરફ મેં કાંઇ પણ કર્યું છે. મેં મારી શક્તિ પ્રમાણે દિવાની ફોજદારી ન્યાયના વહિવટના સંબંધમાં અને તેમાં સુધારા કરવામાં મહેનત કરીછે; અને રાજ્ય વહીવટમાં મને જે ભાગ સોંપેલો છે, તેનાથી રાજ્યકોશને સામાન્ય રીતે કંઈ નુકશાન નથી થયું, તે જોઇને મને અભિમાન સાથે સંતોષ થાય છે. આટલું જોકે ઘણું છે તોપણ અધિકાર છોડ્યા

પહેલાં આ પ્રાંતોમાં જો ' અચળ જમાબન્દી' સ્થાપિત થયેલી હું જોઇ શક્યો હત તો મારી કોઇ પણ ઇચ્છા અતૃપ્ત રહેત નહિ."

આનાથી પણ વધારે પ્રખ્યાત અધિકારી સર એડવર્ડ કોલ્બ્રુક બેતાળીશ વર્ષની નોકરી પછી હિંદ છોડવાને તૈયાર થયા તે વખતે તેમણે પણ અધ્યક્ષસભાના લોભમાંથી લોકને બચાવવાનો અને ભવિષ્યમાં જમીનમાંથી જે નફો મળે તેનાથી કંઇ સુખી થવાનો અવકાશ આપવાનો એક પ્રયત્ન કર્યો. ૧૮૨૦ માં એણે એક મિનિટ લખી તેની સાથે ૧૭૦૭ થી ૧૮૧૮ સુધીમાં આ પ્રાંતોની મહેસુલ ઉપરા ઉપરી વધેજ જતી એ બતાવનારૂં એક પત્રક રજુ કર્યું. અને ' પોતાના સુધારા અને ઉદ્યમનું ફળ લોકોને રહે તેવી રીતે ' જમાબન્દીની હદ મુકરર કરવાનું જે વચન પ્રથમ અપાઇ ગયેલું તે પ્રમાણે વર્ત્તવાની વળી એકવાર ભલામણ કરી.

સર એડવર્ડ કોલ્બ્રુકના પત્રકમાંથી નીચેના આંકડા લીધાછે.

વર્ષ.	જમીનની મહેસુલ: રૂપીઆ.	કુલ ઉપજ રૂ.
૧૮૦૭	૨૦૦૮૯૫૫૦	૨૦૬૫૩૯૬૦
૧૮૦૮	૨૦૪૨૩૪૭૦	૨૩૦૪૦૦૪૦
૧૮૦૯	૨૨૫૪૭૭૬૧૦	૨૫૭૯૬૪૬૦
૧૮૧૦	૨૩૬૨૮૫૨૦	૨૭૮૨૬૪૩૦
૧૮૧૧	૨૪૧૪૭૩૩૭૦	૨૭૪૧૭૨૮૦
૧૮૧૨	૨૨૭૪૭૦૬૦	૨૬૪૬૮૫૮૦

૧૮૧૩	૨૫૦૮૬૮૧૦	૨૯૩૧૯૦૬૦
૧૮૧૪	૨૫૦૨૨૨૩૦	૨૮૧૫૫૭૫૦
૧૮૧૫	૨૪૮૩૧૩૩૦	૨૮૯૧૦૪૫૦
૧૮૧૬	૨૬૬૫૬૬૭	૩૧૩૦૮૫૩૦
૧૮૧૭	૨૬૨૬૭૬૧	૨૯૨૬૯૨૩૦
૧૮૧૮	૨૮૯૨૭૮૯	૩૨૬૨૩૬૬

તે પછીની એક મિનિટમાં પૂર્ણ લાગણી વાળા શબ્દોમાં હિંદુસ્તાનના લોકોમાં આખી જીંદગી ગુજર્યાથી ઉત્પન્ન થયેલા પ્રેમથી અને તેમના સદ્‌વર્ત્તનના સંતોષથી પ્રેરાઇને લોકને 'અચળ જમાબન્દી' આપવાની વકીલાત કરેછે, પણ તે બધું નિષ્ફળ જાયછે. હિંદુસ્તાનના લોકોનું વફાદારી અને સુલેહને ચાહનારૂં સદ્‌વર્ત્તન સરકારના હુકમોમાંથી એક પાઇ પણ કમી કરવા અશક્ત નીવડ્યું છે. અને બ્રિટિશ રાજ્યને લીધે સ્થાપિત થયેલી શાન્તિમાં, નિર્ભયતા છતાં લોકો કરકસરીઆ અને ઉદ્યોગી છતાં, જમીન ઉમદા અને ફળદ્રુપ છતાં, લોકો છેક દરિદ્ર અને સાધનહીન થઈ ગયા ત્યાં સુધી સરકારની માગણીઓ વધતીજ ગઇ એવી ઉલટી અસર ઘણીવાર થએલી છે.

ઉપરના કમિશનરોના, ડાઉડસવેલ સર એડવર્ડ કોલ્બ્રુક તેમજ સ્ટુઅર્ટ, એડમ, અને ફ્રેન્ડાલના રિપોર્ટો અને મિનિટોથી સજ્જ થઇને ગવર્નર જનરલ લૉર્ડ હેસ્ટિંગ્સે અચલ જમાબન્દીનો પ્રબંધ જેને માટે બ્રિટિશ સરકારે ગંભીરતાથી વચન આપ્યું હતું, અને જે લોકોની આબાદી માટે જરૂરનો હતો તેને માટે એક છેલ્લી વિનંતિ કરી.

લખેછે કે " ત્યારે અમારો આ એકમત છે કે નિયત જમાના ધોરણથી, અથવા નિયત અને અચળ ભાવથી મુકરર થાય તેવા આકારના ધોરણથી, આ પ્રાન્તોમાં અચળ જમાની પદ્ધતિ દાખલ કરવી. "

પણ એક વેપારી કમ્પનીના અધિષ્ઠાતાઓ જેઓ હવે એક મોટા સામ્રાજ્યના માલિક થયા હતા તેમણે લૉર્ડ હૅસ્ટિંગ્સની દરખાસ્ત નામંજુર કરી અને તે એવા અવિનયની સાથે કે તેથી જ્યાં પોતાનાં નાણાં સંબંધી લાભની વાત આવતી હોય ત્યાં લોકના સુખથી તેઓને કેટલી બેદરકારી હતી તે સ્પષ્ટ જણાઇ જાય. તેઓ લખેછે કે:—

"આપ જે બાબતમાં એકમતે અભિપ્રાય ઉપર આવ્યાનું કહેાછો એટલે આ પ્રાન્તોમાં અચળ જમાબન્દી આપે બતાવેલાં કોઇ પણ ધોરણ ઉપર દાખલ કરવી તે બાબતમાં, આપના અભિપ્રાયની સાથે અમે મળી શકતા નથી. એની અમારે ખાસ કરીને આપને ખબર આપવાની છે. સને ૧૮૧૯ ના ૧૫ મી જાન્યુઆરીના પત્રની ૮૬ મી કલમમાં અમે અચળ જમાબન્દી વિરૂદ્ધ જે હુકમ આપ્યેા છે તે હુકમનું સ્પષ્ટતાથી પુનરાવર્તન કરીએ છીએ અને અમે એવી ઇચ્છા રાખીએ છીએ કે આવી અચળ જમાબન્દીના ઠરાવ કરવાથી આપે દૂર રહેવું એટલું જ નહિ પણ લોકોના મનમાં એવી તરેહની આશા ઉત્પન્ન થાય તેવા પણ કોઇ કૃત્યથી હમેશાં દૂર રહેવું." આ રીતે આ પછી ચાળીસ વર્ષ સુધી આ વિવાદ બંધ પડયેા.

ગ્રામ સંસ્થાઓ.

દરમિયાન મહેસુલ સભાના મંત્રી-હોલ્ટ મેકેન્ઝીએ ૧૮૧૯ ની પ્રખ્યાત મિનિટ લખી હતી. જેમાં ઉત્તર હિંદુસ્તાનમાં ગ્રામસંસ્થાઓની હયાતીની વાત બહાર આણી હતી અને પદ્ધતિસર માપણી કરીને તમામ તરેહની તપાસ કરીને ગ્રામસંસ્થાઓ સાથેજ જમાબન્દીના ઠરાવો કરવાની ભલામણ

કરી હતી. આ મિનિટમાં જુદા જુદા જીલ્લાઓની મુખ્ય હકીકત આપી હતી. અને એવી સૂચના કરી હતી કે હવે આ ગામોની માપણી કરવી, હકનાં પત્રકો બનાવવાં, ગ્રામસંસ્થાઓના પ્રતિનિધિ તરીકે 'લમ્બરદાર' નામના મુખીઓ નીમવા, જેઓ મહેસુલ આપવાને પાત્ર ગણાય અને જેમનાં નામ દેશાધ્યક્ષના દફ્તરમાં 'મહેસુલ આપનાર' તરીકે રહે. એમ પણ સૂચવ્યું હતું કે આકારના દર વધારવાને બદલે સરખા કરવા અને મહેસુલ ભરનારાઓના જે હક હોય તે હકમાં તેમને કાયમ કરવા.

૮૭. એમ જણાયછે કે પ્રાચીન હિંદુ શાસ્ત્રમાં રાજાને માટે ઉપજનો અમુક નિયત અને માફકસર ભાગ મુકરર કરવામાં આવ્યો છે. પણ જો આપણે પૂર્વના વહિવટનું અનુમાન હમણાંના રાજ્યોના વહિવટ ઉપરથી કઢાડીએ તો એમ ધારી શકાય કે નિયત મર્યાદાનું બંધન અમલમાં નથી.

૮૮. તેમજ મિ. ગ્રાન્ટના કહેવા પ્રમાણે મોઘલ પદ્ધતિમાં પણ રોકડ રકમ ઉપજના ચોથા ભાગને હિસાબે મુકરર કરવામાં આવતી.

૯૩. એકંદર દેશી રાજ્યો પોતાના હક મુકરર કરવામાં પ્રાચીન રિવાજોને પુષ્કળ વજન આપતા અને છેવટના ભાગમાં પોતાના વાજબી હકો લેવા જેટલું પણ બળ તેમનામાં ન હોતું, તોપણ પોતાના હક મુકરર કરવાનો સરકારનો અધિકાર છે એ વાતની કદી પણ શંકા લેવામાં આવી નથી.

૧૦૧. સરકારના સંબંધે 'અતિ' ન થાય તેને માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે. કારણ કે હમેશાં આપણે આપણા મનથી ચોખ્ખી ઉપજનો અમુક ભાગ લેતા હઇએ પણ વાસ્તવિકરીતે મજુરીના અને માલના વળતર ઉપર આપણો પગપેસારો હોય એવો હમેશાં ભય રહેછે.

૧૨૯. ખેડુતોએ ચોખ્ખી ઉપજનો શો અંશ આપવો એ નક્કી થાય, તે પછી વચલા માણસો વહીવટ કરનારાઓ જમીનદાર જેવાઓને શો લાભ આપવો અને કેટલો લાભ આપવો એ મુકરર કરવાનું એટલે સરકારના હકની

હદ બાંધ્યા પછી જે ચોખ્ખો નફો રહે તે કેવી રીતે વહેંચવો એ સવાલ રહે છે.

આ ઠરાવ કર્યા પછી એક અઠવાડીઆ બાદ આ પ્રાન્તમાં અને કટક, પટાસપુર અને તેના તાબાના મુલકમાં જમાબન્દીના ધોરણ સંબંધી ૧૮૨૨ નો ૭ મો ધારો પસાર કર્યો.

મહાલે મહાલે ફરી ખાસ ગામે ગામ અને મહાલે મહાલે જમાબન્દી કરવાની હતી. તેથી, ઉત્તર હિંદુસ્તાનની જમાબન્દીની પદ્ધતિ મહાલવારી જમાબન્દી કહેવાય છે. એવો સ્પષ્ટ નિયમ કરવામાં આવ્યો હતો કે જમીનદારનો નફો સરકાર હક કરતાં પાંચમા ભાગથી વધારે હોય તે સિવાય સરકાર હક વધારવો નહિ. એવી સ્થિતિમાં જમા એવી રીતે નિયત કરવી કે સરકારની જમાનો પાંચમો ભાગ જમીનદારને ચોખ્ખો નફો રહે. આ પ્રમાણે ૧૨૦૦૦ રૂપિયાની ચોખ્ખી ઉપજ હોય ત્યાં ૧૦૦૦૦ રૂપિયા સરકારના અને ૨૦૦૦ જમીનદારના એટલે ચોખ્ખી ઉપજના ૮૩ ટકા સરકારના ઘરમાં જાય.

દેશાધ્યક્ષોને જેટલી રકમ ભરવાની હોય તેટલી રકમ ભરવાની સરતે ખેડુતોને પટા આપવાની સત્તા આપવામાં આવી હતી. જ્યાં જમીનદાર વચમાં ન હોય અને જમીન સંયુકત હોવાથી ખેડુતોનાજ કબજા ભોગવટામાં હોય ત્યાં ચોખ્ખી ઉપજના ૯૫ ટકા સુધી સરકાર હક બાંધી શકાય અને ૫ ટકા માલીકાનાના અથવા બીજા સરકાર જે હક ઠરાવે તેને માટે, ઓછામાં ઓછા પાંચ ટકા બાદ આપવા; આવા પ્રસંગોમાં સંયુકત જમીનના ભાગો પાડવાનો અને દરેક ખેડુતનાં જુદાં ખાતાં પાડી આપવાનો દેશાધ્યક્ષોને અધિકાર આપવામાં આવ્યો હતો.

ખેડુ અને જમીનદાર વચ્ચેના દાવા ચૂકવવાનો તેમની સાથ નકકી કરવાનો, તેમના હિસાબની ચોખ કરી આપવાનો અને જમીન સાથ પટા અને એકમેકના ઠરાવ બાબત તમામ વાંધા પતાવવાનો અધિકાર દેશાધ્યક્ષોને આપવામાં આવ્યો હતો. દેશાધ્યક્ષ–કલેકટરના નિર્ણય ઉપર વસુલાતી સભાને

અપીલ આપવામાં આવી હતી અને છેવટે દિવાનીમાં દાવા લાવીને વાંધો પતાવવા હક આપ્યો હતો.

ઉત્તર હિંદુસ્તાન બ્રિટિશના હાથમાં ગયા પછી આ પહેલ વહેલો 'જમીનનો ધારો' હતો. તેની કલમો જોતાં તેની ખામીઓ તરત જણાઇ આવે છે. આ ધારામાં ખેડુતોને આપવાની સાંથનું કાંઈ પણ વાજબી પ્રમાણ દેશાધ્યક્ષના નિર્ણય સિવાય બીજું નક્કી કર્યું નથી. તેમાં જમીનદારને ચોખ્ખી ઉપજના ૧૭ ટકા સિવાય કોઈપણ વાજબી નફાને માટે અવકાશ રાખવામાં આવ્યો નથી. અતિશય માગણી ન કરવાનાં અને ચોખ્ખી ઉપજનો ભાગ લેવાનાં વચનો સાથે સરખાવતાં સરકાર તમામ ચોખ્ખી ઉપજ ઉપાડી ગઇ અને ખેડુત અને જમીનદાર બન્નેને સરખી ગરીબાઇમાં મૂકી દીધાં. ધનનો સંગ્રહ થવાનું, અને લોકોની સ્થિતિ સુધરવાનું, અશક્ય થઇ પડયું. અને પહેલી જમાબન્દીની ટૂંકી મુદત પૂરી થાય તે પછી નવી જમાબન્દીમાં રાજ્ય હકના વધારાની કંઇ પણ મર્યાદા નિયત કરી નહિ.

આ રીત તેની પોતાની ક્રૂરતાથીજ પડી ભાગી. કમ્પનીના શ્રેષ્ઠ અને મોટામાં મોટા ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટિન્કે ૧૮૩૩ માં ઉત્તર હિંદુસ્તાનના લોકોનું કંઇક સમાધાન કર્યું.

ડા. બુકનનનો હેવાલ (ઉત્તર હિંદુસ્તાન સંબંધે).

પરંતુ તે ઉપર આવતાં પહેલાં આપણે બુકનને આ અરસામાં આપેલા ઉત્તર હિંદુસ્તાનના ચિત્ર તરફથી નજર કરીશું.

કમ્પનીની અધિષ્ઠાત્રી સભાએ ડા. બુકનનની મદ્રાસની મુસાફરીમાં જણાયલી હકીકતની કિંમત સમજીને તેમને ઉત્તર હિંદમાં તેવી મુસાફરી કરવાને આજ્ઞા કરી. આ મુસાફરી બુકનને ૧૮૦૭ માં શરૂ કરી અને સાત

વર્ષ સુધી સાવધાનીથી તપાસ કરી. આ તપાસનું સરકારને ત્રણ લાખ રૂપિયા ખરચ થયું હતું.

ડા. બુકનને લખેલો હેવાલ હિંદી સરકારે વિલાયત સરકાર ઉપર મોકલાવી દીધો, પણ ઘણા વખત સુધી તે વપરાયા વિનાજ પડ્યો રહ્યો. ડા. બુકનને સ્કૉટલેંડમાં એક મોટી જાગીર લીધી. પોતાનું નામ બદલી હેમિલ્ટન નામ ધારણ કર્યું અને પોતાની મહેનત સફળ થાય તે પહેલાં શાન્તિમાં મરણ પામ્યા.

તે પછી બ્રિટિશ સંસ્થાનોના ઇતિહાસકાર મૉન્ટ ગૉમરિ માર્ટિને ડા. બુકનનના કાગળો જોવાની પરવાનગી માગી, અને તેણે સને ૧૮૩૮ માં આમાંથી એક સંગ્રહ પ્રસિદ્ધ કર્યો. આ સંગ્રહ ઉપરથી ઓગણીસમા સૈકાના પહેલાં બે દસકાઓમાંની ઉત્તર હિંદુસ્તાનની સ્થિતિનો ખરો ચિતાર આપણને મળી આવે છે. તેના આ ગ્રંથના ઉચિત ભાગનો સાર આ પ્રકરણમાં આપીશું.

પટણા અને બિહાર જીલ્લો.

(ક્ષેત્રફળ ૫૩૫૮ ચોરસ માઇલ; વસતિ, ૩૩,૬૪,૪૨૦)

આ જીલ્લામાં ડાંગરનો પાક સૌથી અગત્યનો છે. ડાંગરના **સરેરાસ** ભાવ રૂપિયા ૧ ના ૭૦ શેર, અથવા શિલિંગ એકના સુમારે ૭૦ રતલ રહે છે. ઘઉં અને જવ અગત્યતામાં તે પછી આવે છે. કેટલીક વારે તે મૉલ એકઠા ઉગાડવામાં આવે છે; લોટની રોટલી બનાવે છે અથવા ઘઉંને શેકી દળી તેનો સાથુઓ કરે છે. **મરૂવા** ઉનાળામાંજ પકવે છે. મકાઇ અને જાર ગંગાના કિનારા ઉપર થાય છે.

વટાણા, અડદ, મગ અને શાકભાજી ખોરાક માટે અને તેલ માટે તલ વિગેરે પકવવામાં આવે છે. બટાટા યુરપમાંથી દાખલ થયા છે. આઠ હજાર એકરમાં કપાસ થાય છે. તે ક્ષેત્રફળના ચારમાંથી ત્રણ ભાગમાં બીજો

કંઇ મૉલ ઉગતો નથી; શેરડી ૭૦૦૦ એકરમાં થાય છે; ગામોના પરવાડાની વાડીઓમાં અફીણ થાય છે. ૧૬૦ એકરમાં તંબાકુ પકવે છે, બિહારનાં પાન સર્વોત્કૃષ્ટ ગણાય છે અને કલકત્તા બનારસ અને લકનૌ સુધી તેનો નિકાસ થાય છે. ગળીની ખેતી ઉતરતી દશામાં થાય છે, કારણ કે જમીનદારો તેથી વિરૂદ્ધ છે પણ કસુંબા બહુ પકવાય છે.

ખેડુત જમીનના માલીક ને મૉલ લેવાનું તમામ ખર્ચ ઉપરથી કહાડી જે રહે તેનો અર્ધ ભાગ આપે છે, પણ જમીનના માલીકજ પાણી પાવા માટે ન્હેરો અને સરોવરો ખોદાવવાનું અને સમારવાનું તમામ ખર્ચ આપે છે.

એક માઇલ અથવા તેથી વધારે લંબાઇનાં સરોવરો ખોદાવવાનું ખર્ચ ૫૦૦ રૂપિયા લાગે છે, પણ નાનાં નાનાં તલાવડાં જેની સંખ્યા મોટી છે તેનુ ૨૫ થી ૧૦૦ રૂપિયા સુધી ખર્ચ લાગે છે. ઘણી ન્હેરો લંબાઇમાં કેટલાક માઇલની છે, અને ઘણીવાર તો નદીના વેણમાં સૂકી મોસમમાં જેટલું પાણી રહે તેના કરતાં વધારે પાણી તેના વેણમાં રહે છે. શિયાળુ મૉલનો મોટો ભાગ શાક ભાજી અને શેલડીને-કૂવામાંથી પાણી પાય છે. ગૌચર માટે જંગલ વાડી ડુંગરાની જમીન કાંઠાની જમીન અને ખોળાણ ગયેલી જમીન સુધ્ધાંત બધું મળીને ૧૬૭૩ ચોરસ માઈલ જેટલી જમીન છે. પટણા અને ગયા એ શહેરો શિવાય બીજે ઠેકાણે ખેડુતોને ઘર ઘણીને માટે કંઇજ આપવું પડતું નથી. ખેતી કરવાવાળા પાસેથી ઘરનું ભાડું લેવાતું નથી. કારીગરો મજુરો અને વેપારીઓ જમીનનું કંઇક ભાડું રોકડમાં અગર કામ કરીને આપે છે.

આ ઉપરથી જણાશે કે ખેડુતની સાથ મૉલ લેવાનું ખર્ચ બાદ કર્યા પછી જે રહે તેનો અર્ધ ભાગ હતી પણ તેમાં રહેવાના ઘરનું અને જમીનનું ભાડું, અને કૂવા, તળાવ વગેરેનું ખર્ચ અને મફત ચરો એ બધાનો સમાવેશ થઇ જતો. તેમજ આ ઉપજનો અર્ધ ભાગ સખ્તાઇથી વસુલ થતો નહિ. ભાગ પાડવાનું કામ એવું મુશ્કેલ હતું કે હમેશાં મૉલ પાકવા ઉપર આવે એટલે ખેડુ અને જમીનદાર

અમુક મણ દાણા કે અમુક રોકડ આપવા લેવાની ગોઠવણ કરે. 'એક જાગીર શિવાય બીજે ઠેકાણે ખેડુત પાસે ચડત બહુજ જૂજ રહેલું છે અને જ્યાં રહેલું છે તેનું કારણ એ છે કે માલધણી ખેડુતને ઘણા નાણાં ધીરે છે. જમીનના માલિક પાસેથી ખેતી કરવા સારૂ તગાવી લેવાનો રિવાજ બહુ સાધારણ નથી, જોકે થોડો ઘણો તો છેજ. ડા. બુકનનની મુસાફરી વખતે એક સામાન્ય ફેરફાર એ થતો હતો કે, ઉપજના ભાગને બદલે રોકડ સાંથ લેવા દેવામાં આવતી'.

" સાથીનો વાર્ષિક પગાર વર્ષ ૧ ના ૧૬ થી ૨૨ રૂપિયા છે, જમીનને ઉપર નીચે કરવા, ડાંગેરના ક્રુ રોપવા અથવા શિયાળુ મોલને પાણી પાવા જે દાડીયાં રાખવામાં આવે તેને રોજના ચાર પૈસા આપવામાં આવે છે. સ્ત્રીઓને પણ પુરૂષના જેટલીજ દાડી મળે છે".

ખેતી પછી કાંતવા વણવાનો ધંધો હિંદુસ્તાનમાં સાર્વત્રિક છે. કાંતનારીઓ બધી સ્ત્રીઓ હોય છે, અને આ જીલ્લામાં ડા. બુકનનના અંદાજ પ્રમાણે લગભગ ૩૩૦૪૨૬ જેટલી તેમની સંખ્યા હતી. ' આમાંનો મોટો ભાગ પાછલે પહોરે થોડો વખત કાંતતી. ' સરાસરી દરેક સ્ત્રી વર્ષે દહાડે ૩. ૭–૨–૮ પાઇનું કાંતે છે. જે આસરે ૨૩૬૭૨૭૭ રૂપિયા થવા જાય છે. અહીંની ગણત્રીથી કાચો માલ ૧૨૮૬૭૨ રૂપિયાનો થવા જાય છે, એટલે કાંતનારીઓને ૧૦૮૧૦૦૫ રૂપિયા નફો મળે; તેથી માથા દીઠ વર્ષે દહાડે ૩. ૩–૪–૦ થવા જાય છે. હાલમાં થોડા વર્ષથી ઝીણા માલની માગણી ઘટી ગઇ છે તેથી સ્ત્રીઓને ઘણું નુકસાન થયું છે.

કપાસના વણનારા સંખ્યાબંધ છે. ચાદર વણવાના કામમાં ૭૫૦ શાળો કામે લાગેલી છે. વર્ષ દહાડે તૈયાર થતા માલની કિંમત ૫૪૦૦૦૦ પાંચ લાખ ચાળીસ હજાર રૂપિયા થવા જાય છે તેમાં સૂતરની કિંમત બાદ કરતાં ૩. ૮૧૪૦૦ નો નફો રહે છે. આથી દરેક સાલ જેના ઉપર ત્રણ માણસ કામ કરે છે તે દીઠ ૩. ૧૦૮–૦–૦ નફો આવે છે એટલે માણસ દીઠ ૩. ૩૬–૦–૦.

પણ વણકરોનો મોટો ભાગ દેશના વપરાશ માટે ખાદી બનાવે છે. તેની કિંમત ૨૪૩૮૬૨૧ રૂપિયા જેટલી થાય છે અને તેમાંથી સૂતરની કિંમત બાદ કરતાં રૂ. ૬૬૭૨૪૨-૦-૦ રૂપિયા નફો રહે છે, જેથી શાળા દીઠ રૂ. ૨૮ ના નફાના આવે છે.

ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ધારણ કરેલી રીતનું આ પ્રકારે ડા. બુકનને વર્ણન આપ્યું છે.

'કમ્પનીની સાથે બંધણીમાં આવ્યા પછી દરેક આસામીને બે રૂપિયા કમ્પની આપે છે. તે કમ્પનીને જોઇએ તેટલો માલ વણાઇ રહે ત્યાં સુધી બીજા કોઇને માટે કામ ન કરવાની શરત કરે છે, અને આ સિવાય બીજું કાંઇ કમ્પનીના આરતીઆ આંગ ઉપર આપતા નથી. આરતીઓ દરેક આસામીને અમુક પ્રકારનું આટલું કાપડ બનાવવું એવો હુકમ આપે છે; તે તૈયાર થઇ માલ આરતીઆના હાથમાં આવે ત્યારે તેનાં નાણાં પત્રકમાં લખ્યા પ્રમાણે વણકરને મળે છે.

ટાસાર રેશમનું શુદ્ધ અથવા ભેળવાળું કાપડ બનાવવાવાળા વણકરો ઘણું કરીને કાથુઆ ગયા અને નાવડામાં રહે છે. આ માલની વાર્ષિક ઉપજ રૂ. ૪૨૧૭૧૦ જેટલી થાય છે; દરેક શાળા દીઠ એક સ્ત્રી અને એક પુરૂષ કામે લાગે છે અને તેમની વચ્ચે વરસે દહાડે રૂ. ૩૩ થી ૯૦ સુધી નફો રહે છે.

કાગળ, ચામડાનું કામ, અત્તર ગુલાબ, લોખંડનું કામ, સોના રૂપાનું કામ, પત્થર કાપવાનું કામ, કુંભાર કામ, ઈંટો ઘડવા પકવવાનું અને ચુનો પકવવાનું કામ, રંગવાનું, ધાબળા વણવાનું, સોના રૂપાના કસબનું કામ અને કસબી કાપડ વણવાનું કામ, આ પણ અગત્યના ઉદ્યોગો છે. દેશનો મુલકી વેપાર ઘણું કરીને બળદીયાથી વેપારીઓ ચલાવે છે. એક બળદ અને પાંચ રૂપિયાથી એક વેપારી વેપાર શરૂ કરી શકે છે. મહિને દહાડે સહેલાઇથી રૂ. ૫૦ નો માલ વેચી શકે છે, તેમાં ૬ થી ૧૨ ટકાનો નફો કરે છે એટલે

બાર મહિને રૂ. ૩૨ ની કમાણી કરી શકે છે. પટણા અને કલકત્તા વચ્ચેનો વેપાર મછવાથી ચાલે છે. ૧૦૦ મણ દાણા લઇ જવાનું ભાડું ૧૨ થી ૧૫ રૂપિયા લેવાય છે. પાસે પાસેમાં દાણા લઇ જવાનું કામ ગાડાવાળા કરે છે; અને ૧૨ થી ૧૫ મણ દાણા પટણાથી ગયા સુધી ૩૬ ગાઉમાં લઈ જવા લાવવાને ત્રણથી ૬ રૂપિયા ભાડું બેસે છે.'

સો વર્ષ ઉપરના હિંદુસ્તાનના વેપાર અને ઉદ્યોગની આ યાદી જોતાં આપણને આ જમાનામાં ઉપજનાં આ બધાં સાધનો કેવાં સંકુચિત થઇ ગયાં છે તે તરત સમજાય છે. કાંતવા વણવાનું વાસ્તવિક રીતે નષ્ટ થયું છે; કારણ કે આપણા દેશના લોકોના વપરાશનું ઘણું ખરૂં સૂતર અને કાપડ લેન્કેશીયર પૂરૂં પાડે છે. કાગળ બનાવવાનો ધંધો પણ પડી ભાગ્યો છે. ઉંચા પ્રકારની ચીજો બનાવવા માટે હવે ચામડાં પણ યુરપ મોકલવામાં આવે છે અને દેશના રંગોને બદલે એનિલાઇન રંગો વપરાવા માંડ્યા છે. વેપારી અને તેમની પેઠો હવે ભૂતકાળની ચીજો થઇ ગઇ છે અને લાવવા લઇ જવાના વેપારનો નફો હવે મછવા વાળાઓને મળતો નથી પણ પરદેશી ધનાઢયોની માલિકીની રેલ્વે લઇ જાય છે. હવે વાસ્તવિક રીતે લોકોને માટે ખેતી એ એકજ આટલા બધા–વેપાર અને ઉદ્યોગોનો નાશ થઇ જવાથી–એકજ ઉપજવિકાનું સાધન થઇ રહ્યું છે.

શાહાબાદ જીલ્લો.

(ક્ષેત્રફળ ૪૦૮૭ ચોરસ માઇલ; વસતિ ૧૪૧૯૫૨૦)

અહીંઆં ડાંગેરનો પાક સહુથી મોટો હતો, પણ કેટલાક જમીનદારોએ તળાવો સમરાવવામાં પ્રમાદ કરેલો તેથી તેની ખેતી હાલમાં ઘણી ઘટી ગઇ છે. લગભગ અડધા ક્ષેત્રફળમાં ડાંગેરની ખેતી છે. જો જળાશયોનો વિસ્તાર

થાય તો શાહબાદ, પટના અને બિહાર જેટલું જ ફળદ્રુપ થાય પણ ત્યાંની ડાંગરની જાત એટલી ઉંચી નથી.

લણવાવાળા દાડીયાને ૩½ ટકા જેટલું માપું દાડીમાં અપાતું અને વધારામાં વધારે ૮½ ટકા. સરેરાશ એક માણસ એક દિવસમાં ૧૯૫ રતલ અનાજ લણી શકે; જેને માટે જો તે દાડીયોજ હોય તો તેને ૬ ટકા ઉપરાંત કાંઇક મળે, અને સાથી હોય તો ૭½ ટકાથી કાંઇક ઓછું મળે. બી માટે દાણા માટીની કોઠીઓમાં રાખી મૂકવામાં આવે છે. સાધારણ રીતે દાણા ભરવા સારૂ વાંસની કોઠીઓ–જેવી સ્કોટ્લંડમાં થાય છે તેવી–અથવા કાથીના કોઠા કરે છે. આમાં ૨૯૩૬૦ રતલ દાણા માય છે. મોટી કોઠીઓ ચોકમાં રાખે છે અને તેનાં મ્હોં માટીથી છાંદી લે છે. નાની કોઠીઓ ઝુંપડીને પડખે પડી રહે છે. આ જીલ્લામાં આકારેલી જમીનના ઘણા માલિકો ફર્યાદ કરે છે કે "કમ્પનીનો આકાર ઘણો ભારે છે, એટલો બધો કે તેથી કાંઇ નફો રહેતો નથી, અથવા રહે છે તો જૂજ નફો રહે છે. કેટલેક ઠેકાણે તો જમીનની કિંમત ઉપરાંત કર છે. આની પુષ્ટિમાં તેઓ એવા દાખલા આપે છે કે ઘણા કકડા વેચવા કહાડેલા પણ આકાર ઘણો હોવાથી કોઇએ માગણી કરેલી નહિ, અને પાછલી ચડતનું સરકારને નુકશાન થવાથી પછી દર ઘટાડીને પાછી સાથે આપી. તેઓ એમ પણ ફર્યાદ કરે છે કે આકાર ઘણો ભારે હોવાથી માલિકને કાંઇપણ નફો રહેતો નથી તેથી તેઓ તળાવો વગેરે સમાં કરાવી શકતા નથી, અને સ્વાભાવિક રીતે દેશ ઉપજ આપવાને વધારે નાલાયક બનતો જાય છે. ઉંચાણની જમીનો બાદ કરીએ તો શાહાબાદમાં ૩૬૫૧ ચોરસ માઇલના ક્ષેત્રફળની જમીન ઉપર સરકારી ઉપજ ૧૧૩૨૬૭૭ રૂપિયા થાય છે, પટણા અને બિહારમાં ૫૦૫૧ ચોરસ માઇલના ક્ષેત્રફળ ઉપર ૧૪૧૨૨૬૯ રૂપિયા જેટલી ઉપજ આવે છે."

શાહાબાદમાં કાંતવા વણવાનો મોટો ઉદ્યોગ ચાલે છે. ૧૫૯૫૦૦ સ્ત્રીઓ કાંતવામાં કામે લાગેલી છે, અને વર્ષે દહાડે ૧૨૫૦૦૦૦ રૂપિયાનું સૂતર કાંતે

છે. રૂની કિંમત બાદ કરીએ તો દરેક સ્ત્રી બાર મહિને ૧½ થી ૩ રૂપિયા કમાતી. આવક જૂજ છે પણ આટલું પણ કુટુંબની ઉપજમાં ભેળવવામાં આવતું.

વણકરો સૂતરનોજ વણાટ કરતા. શાહાબાદમાં રેશમ વણવાવાળા કોઇ નહોતા. વણનારાઓના ઘરની સંખ્યા ૭૨૫ ની અને તેમની શાળોની સંખ્યા ૭૯૫૦ હતી. શાળ દીઠ બાર મહિને રૂ. ૨૦-૧૨-૦ જેટલી ઉપજ પરવડતી. દરેક શાળ ઉપર એક માણસ અને એક છોકરો અથવા એક છોકરી કામે લાગતાં પણ કુટુંબનું પોષણ ૪ રૂપિયાથી ઓછે થઇ શકે તેમ ન હોવાથી ડા. બુકનન શંકા કરે છે કે ઉપર આપેલી શાળ દીઠ ઉપજ ઓછી બતાવેલી હોવી જોઇએ.

શાહાબાદમાં કાગળ, અત્તરગુલાબ, વિવિધ મીઠું અને દારૂ બને છે. ડાંગેર આયાત થાય છે અને નિકાસ થાય છે. જવ બનારસ મોકલાય છે, અડદની દાળ મુર્સિદાબાદ જાય છે, છપરાથી તંબાકુ આવે છે, ગોરખપુરથી ખાંડ, રામગઢથી લોખંડ અને પટણાથી સીસું, તાંબું, જસત, અને કલઇ આવે છે. કાચું રેશમ, કાપડ, મીઠું, અને તરેહવાર ચીજો રતનપુર-મરાહાના મુલકમાં મોકલાય છે.

અહીંઆં બિહારનાં જેટલાં સાપ્તાહિક બજારો ભરાતાં નથી તોપણ ઘણોખરો બદલો માલની ખરીદી અને વેચાણ આ બજારોમાં થાય છે. ચલણી નાણામાં હજી 'બેન્ક નોટ' નો પ્રચાર નથી અને સોનું રૂપું ચલણમાંથી બિહારમાં જે કારણોને લીધે અદૃશ્ય થઇ ગયું છે તેજ કારણોને લીધે અદૃશ્ય થઇ ગયું છે. કમ્પનીના તાંબાના કરદરી કિનારીવાળા સિક્કા ફક્ત આગ્રામાંજ ચાલે છે; અંદરના ભાગમાં તો ગોરખપુરના અણઘડ તાંબાના સિક્કા અને મધુશાઇ અને શેરશુજી પૈસાનું ચલણ છે, અને કોડિયો પણ ચાલે છે.

અહીંઆં બિહારના કરતાં મછવા ઓછા છે. બિંછુલીયાથી બનારસ સુધી ૧૪૦ માઈલ દૂરનું સો મણ માલનું ભાડું રૂ. ૧૨ છે. આ જીલ્લામાં બે

ધોરી રસ્તા છે, એક કલકત્તાથી બનારસ સુધીનો લશ્કરી રસ્તો જે સરકાર તરફથી સચવાય છે; બીજો ગંગા નદીના કાંઠાનો રસ્તો જે જીલ્લાના એક ટકાના કરની ઉપજમાંથી સમરાવાય છે; પણ આ બન્ને રસ્તાઓ વરસાદના દહાડામાં નકામા છે.

ભોજપુરના રાજા—હરદારસિંગ, જાતે કાયસ્ત, અબદુલ નસુર એક મુસલમાની જમીનદાર, બીબી અસમાન એક મુસલમાન ઉમરાવબાંદી, અને લાલા રાજરૂપ અને લાલા કાનન્ગા, બન્ને કાયસ્તો એ તથા બીજા કેટલાક પરદેશીની સરભરા કરવાથી અને ક્ષુધાર્થિને અન્નદાન આપવાથી પ્રસિદ્ધ થયા હતા. આ હિંદુઓનો આતિથ્ય ધર્મ, સદાવ્રત–(પરમાત્માની અવિચ્છિન્ન ભક્તિ) ને નામે ઓળખાતો.

ભાગલપુર જીલ્લો.

(ક્ષેત્રફળ ૮૨૨૫ ચોરસ માઇલ; વસતિ ૨૦૧૬૯૦૦)

અહીંઆં પણ ડાંગેરનો પાક મોટામાં મોટો હતો. ૬૦ શેર ડાંગેરમાંથી ૩૭½ શેર ચોખા પરવડતા. તેથી ઉતરતો પાક ઘઉંનો હતો અને જવ, ખેતરાઉ વટાણાની સાથે વવાતા. ઉંચાણ જમીનોમાં મકાઇ અને મરૂઆ (?) થતા. તે સિવાય ખેરી, કોડ, સના, જનેરા, બાજરો તે પણ વવાતાં. કલાઇ, અડદ, ખેસરી પણ થતાં, તલ અને બીજા તેલ નીકળે એવા માલ પણ પુષ્કળ વવાતા. વળી આદુ, શાક ભાજીપાલો, અને તેજાના પણ સ્થાનિક ઉપયોગ માટે જોઇએ તેટલાં અહીંઆં થયે જતાં હતાં.

ચાર હજાર એકર કપાસ વવાતો. અને હુંગરની વસતિ પણ પોતાના હુંગરોમાં વખતે કપાસ વાવતી. નદીઓને કાંઠે કાંઠે પાણી પાવાની સગવડ પૂરતી હોય ત્યાં શેલડી વવાતી. તંબાકુ રોપાતી, પણ આ જીલ્લામાં તેનો પૂરતો પાક નહોતો. કુલ ઉપજના અડધ ભાગ જેટલું ખેતીનું ખરચ થતું હતું.

અને જમીનદારને આપવાનું તે બાકીના અર્ધ કરતાં ઓછું હતું. નાણાં ધીરવાની રીત અપ્રસિદ્ધ હોવાથી લોકો કરજમાં ડૂબેલા ન હતા. ઉપજ રોકડમાંથી હફ્તે હપ્તે વસુલ લેવાતી અને વજે ભાગ મૉલ લણાય ત્યારે વસુલ થતો. ઢગલામાંથી ભાગ પડ્યા પહેલાં કેટલીક બાબતો ઉપરથી કાઢી લેવામાં આવતી; ખાસ કરીને લાણીનું ખરચ અને આ પ્રમાણે ઢગલો ચોખ્ખો થાય તે પછી જમીનના માલિકને અડધો અડધ અને કેટલેક ઠેકાણે ૨/૩ મો ભાગ મળતો. પણ ઉપર કહેવાઇ ગયું છે તે પ્રમાણે. ન્હેરનું તમામ ખર્ચ, મૉલને પાણી પાવા સારૂ તળાવો વગેરેનું ખરચ તેમજ લાણીનું ખર્ચ જે ભારેમાં ભારે–તે તમામ ખર્ચ જમીનના માલિકને માથે હતું.

ઉત્તરના ભાગમાં સાથીઓ હળ હાંકનારાઓ મોશમના કરારે, નોકર રહેતા અને તેમને રૂા. ૫ થી ૨૦ સુધી અગાઉથી અપાતા, અને આટલી રકમ પૂરી થાય ત્યાં સુધી નોકરી કરતા. દક્ષિણ ભાગમાં મૉલના ભાગ વિલક્ષણ રીતે પાડવામાં આવતા. જમીનનો માલિક પહેલાં બી બેવડું લે, અને બાકી જે રહે તેનો ૨/૩ નો ભાગ; દહાડીઆને બાકીનો ત્રીજો ભાગ.

ડુંગરમાં વસતિ જાતો હિંદુના કરતાં ખેતીની કાળજી રાખવામાં અને ઉદ્યોગમાં કમતી, અને પીવામાં વધારે આસક્તિવાળી છે. પણ આ ડુંગરી જાતોમાં ઉત્તરના લોકો જોકે સ્ત્રી પુરૂષ બન્ને પીવામાં બહુ જબરાં તોપણ દક્ષિણના લોકો કરતાં ઉદ્યોગમાં ચઢીયાતાં. આ લોકોમાં મૉલ ઉપજાવવાની રીત પણ વિલક્ષણ છે. ડુંગરોના અદ્ધરમાં અદ્ધર ઢોળાવ ઉપર પથ્થરોની વચ્ચેની માટીમાં બે ત્રણ આંગળ ઉંડાં દર પાડે. આ દરેક દરમાં સેળભેળ કરેલા દાણાના ઢગલામાંથી જે આવે તેના દશબાર કણ નાંખે; અને મહિને મહિને જેમ જેમ અને જે જે દાણો ઉગતો જાય તેમ તેમ તે તે લણાતો જાય; પણ કપાસ ફક્ત ઉત્તરના લોકોજ પકવતા. દક્ષિણના લોકો નહિ.

બધી નાતો કાંતવાનો ધંધો કરતી. ૧૬૦૦૦ સ્ત્રીઓ કાંતવાનું કામ કરતી, અને દરેક સ્ત્રીની ચોખ્ખી પેદાશ (કપાસની કિંમત બાદ કરતાં) રૂ. ૪-૮-૦ સરેરાસ થતી. આ ઉપજ કુટુંબની આવકમાં ઉમેરાતી.

માત્ર રેશમ વણવાનું કામ કોઇ કરતું નહિ. ભાગલપુરની આસપાસમાં રેશમ અને સૂતરના મિશ્રણનું ટાસાર કાપડ બનતું. તેમાં ૩૨૭૫ શાળો કામે લાગેલી હતી. ' બાફ્તા અને નમુના ' નામથી ઓળખાતા કાપડ માટે કમ્પનીના આરતીઆઓ બારે મહિને રૂ. ૧૦૦૦૦ દશ હજાર અગાઉથી આપતા. મિશ્રણના ધંધામાં રોકાયલા વણકરની વાર્ષિક પેદાશ માથા દીઠ રૂ. ૪૬ થતી. આ સિવાય સ્ત્રીઓની પેદાશ જૂદી.

સૂતરાઉ કાપડ વણવાને ૭૨૭૯ શાળો હતી. ૧ શાળ દીઠ રૂ. ૨૦ થી ૪૦ ની ઉપજ થતી હતી. બીજી ગણત્રીએ આ ધંધામાં એક સ્ત્રી પુરૂષની ઉપજ રૂ. ૩૨-૦-૦ જેટલી આવતી. સુતરાઉ શતરંજીઓ, કિનારીઓ, તંબુનાં દોરડાં, છીંટ અને કામળીઓ—આ જીલ્લામાં બનતી હતી.

આ જીલ્લાના બીજા ધંધા નીચે પ્રમાણેઃ જાડા કાચની બંગડીઓ, ચામડું કેળવવાનું, લોખંડ કામ, સુતાર કામ, કુંભાર કામ, પથ્થર કાપવાનું, કામ, સોના રૂપાનાં કામ અને કલઇનું કામ. યુરોપિયન ખેતીવાળા ગળી વાવવાનો ધંધો કરતા; પેદા થતું તે બધું કમ્પની ખરીદી લેતી.

બંગાળા કરતાં બજારની રીત અહીં ઓછી જોવામાં આવે છે. લોકો દુકાનદારો અને વેપારી સાથે સીધો વહેવાર કરતા. સોનું તો તદ્દન અદૃશ્ય થઇ ગયું હતું. કલકત્તાના કળદાર રૂપિયાનું સાધારણ ચલણ હતું, અને જૂદી જૂદી જાતના તાંબાના સિક્કા પણ વપરાતા. " આ દેશના દક્ષિણના પશ્ચિમ ભાગમાં સિક્કા ક્વચિત્ જોવામાં આવે છે, અને ઘણો ખરો વેપાર માલના અદલા બદલાથીજ ચાલે છે. "

આ જીલ્લામાં નદીથી બહુ માલ આવજા કરતો નથી. મોંઘીરથી

કલકત્તા સુધી ત્રણસેં માઇલ છેટે ૧૦૦ મણનું ભાડું રૂ. ૧૦ થી ૧૪ છે. ઘણુંખરાં મુલકી વેપાર બળદનાં ગાડાંથી કે બળદની પોઠોથી ચાલે છે. આ જીલ્લામાં માત્ર એકજ પોરી સડક છે. કલકત્તેથી પટણા અને બનારસની. પણ તે વરસાદના દહાડામાં પોઠોને માટે પણ નકામી છે. બળદિયાવાળા વેપારી ઘણા છે. મુસાફરો ઘણું કરીને પગે ચાલીને મુસાફરી કરે છે અને રાત્રે કંદોઇઓની દુકાનોમાં રાત દીઠ રાંધવા સુદ્ધાંતના પૈસો એ પૈસા આપીને આરામ લે છે; સીધું સામાનના પૈસા જૂદા આપે છે. મુસલમાન મુસાફરોને માટે ભઠીયારાઓ પાસે ખાસ રસોઇ કરાવવી પડતી હોવાથી તેમને બમણું આપવું પડે છે.

જીલ્લા ગોરખપુર.

(ક્ષેત્રફળ ૭૪૨૩ ચોરસ માઇલ; વસતિ ૧૩૮૫૪૯૫.)

આ જીલ્લામાં કેટલાક ભાગોમાં ડાંગેરનો પાક થતો નથી તોપણ એકંદર ડાંગેરનો પાક આ જીલ્લાનો મુખ્ય પાક છે; અને એવે ઠેકાણે થાય છે કે જ્યાં કૃત્રિમ રીતે પાણી પાવાની જરૂર નથી. અહીંઆં સઉથી વધારે જથ્થો ઘઉંનો થાય છે અને કેટલેક ઠેકાણે તો ડાંગેર કરતાં પણ વધારે થાય છે. ઘઉં અને જવનું મિશ્રણ ઘણું સાધારણ રીતે વવાય છે. કેટલેક ઠેકાણે ઘઉં અને તેલનાં બીનું મિશ્રણ અને કેટલેક ઠેકાણે જવ અને વટાણાનું મિશ્રણ કરીને વવાય છે.

શિયાળુ મોલમાં અડદ, ચણા, મગ, મસુર, અને વટાણા સાધારણ છે. કેટલાક ભાજીપાલા અને તિસી, તલ, રાઇ વગેરે પણ તેલ માટે વવાય છે. કપાસ ઘણા થોડા વિસ્તારમાં. ખારેક અને મઉડો ખાંડના રસ માટે અને શેલડી ૧૬૦૦ એકરમાં પકવાય છે. તંબાકુ અને પાનનો પાક ઘણો છે. પણ કમ્પનીએ અફીણના જંડવાનું વાવેતર બંધ કર્યું છે.

ખેતરોમાં નદીઓમાં, ન્હેરોમાં, તળાવો અને ખાબોચીયાંમાંથી ડોળ વડે પાણી પવાય છે. દશ માણસો મળી રોજનાં ત્રણથી પાંચ હજાર ચોરસ

ફીટ જમીન પાઇ શકે છે. કેટલેક ઠેકાણે ઢોરથી ખેંચાતા કોસ વડે પાણી પાય છે. સાંથ મોટો ભાગ રોકડથી અપાય છે, અને કેટલેક ઠેકાણે વજે ભાગ પણ કદાય છે, જ્યાં ભાગવટી છે ત્યાં જમીનના માલેકને ખેતીનું તમામ ખર્ચ બાદ કરતાં જે રહે તેમાંથી ચોથો ભાગ અપાય છે.

ગોરખપુર જીલ્લો સુજાઉદ્દૌલાના વખતમાં આબાદ સ્થિતિમાં હતો, પણ અસોફદૌલાના વખતમાં કર્નલ લેટેની પાસે વસુલાતનો અધિકાર આવ્યો ત્યારે જબરાઇ અને હુલડથી પાયમાલ થઇ ગયો હતો. છેવટે ૧૮૦૧ ના તહથી તે જીલ્લો કમ્પનીને સોંપી દેવામાં આવ્યો હતો. આ વાત ઉપર આવી ગઇ છે; તેમજ અહીંના લોકો તેમજ આ પ્રાન્તના બીજા જીલ્લાઓ સાથે અચળ જમાબન્દી કરવાનું વચન લૉર્ડ વેલ્સ્લીની સરકાર આપી ચૂકી હતી તે પણ ઉપર જણાવ્યું છે. ડો. બુકનને ઇંગ્રેજ સરકારના હાથમાં આ જીલ્લો ગયા પછી દશે વર્ષે એની મુલાકાત લીધી હતી તેની નીચે પ્રમાણે હકીકત આપે છે.

એમ કહેવામાં આવે છે કે સુજાઉદ્દૌલાના વખતમાં આ જીલ્લો આબાદ સ્થિતિમાં હતો. અત્યારના કરતાં ઘણી વધારે સારી સ્થિતિમાં. પણ જ્યારથી કર્નલ હેનરીના હાથમાં ઇજારાના હકથી વહિવટ આવ્યો ત્યારથી તે ગૃહસ્થે વસુલાતને માટે એવાં સખ્ત પગલાં ભર્યાં કે દેશની વસતિ બધી ભાગી ગઇ. અને મને પણ અત્યારે જ્યાં ઉજડ અને જંગલ છે ત્યાં પ્રથમ સારી ખેતી હશે એવાં ચિન્હો માલમ પડે છે.

જ્યારે આ દેશ ઇંગ્રેજને આપી દેવામાં આવ્યો ત્યારે પ્રથમ વહિવટ મેજર રૂટલેજ નામના એક અમલદારને સોંપવામાં આવ્યો હતો. તે ગૃહસ્થે બહુ ડહાપણ અને તેજથી કામ લીધું. તરતજ તેણે તમામ કીલ્લા તોડી નાંખ્યા, અને તે રીતે કાયદાનું સામ્રાજ્ય વર્તાવ્યું. હલકી કોમના લોકોને શાન્તિ અર્પી, જે તેમણે પહેલાં કદી જાણેલી નહીં; અને તેથી દરેક પ્રાન્તોમાંથી વસતિ આવવા લાગી. પ્રથમ તો આ ગૃહસ્થે વસુલાતની માગણી બહુ માફકસર રાખી હતી, પણ ભૂલ એ થઇ કે તેણે જમાબન્દીના ઠરાવ બહુ ટુંકી મુદતને માટે કર્યા.

એકંદર મને એમ જણાય છે કે આ જીલ્લાના જમીનના માલિકો ઉપર બહુ સખ્તાઇ ગુજરે છે. જ્યાં અગાડી તમામ જમીન ખેડવાણ છે, ત્યાં બંગાળ બિહાર અને બનારસની પેઠે કાયમની જમાબન્દી કરવી એવો મારો અભિપ્રાય છે.

અહીંઆં પાછું એનું એજ આપણું જૂનું નાણું. કમ્પનીનો જ્યાં જ્યાં અમલ થયો ત્યાં શાન્તિ અને કાયદાનું સામ્રાજ્ય પહેલું સ્થપાયું, પણ જમીન ઉપર ભારે અને વધતો જતો કર પડયો. ઉત્તર હિંદુસ્તાનમાં કેટલાક દરકાથી વખતો વખતની પરદેશીઓની સવારીઓ અને જૂના વખતની લુંટફાટોના કરતાં ઇંગ્રેજ વસુલાતી અધિકારીનો હાથ વધારે સખ્ત જણાયો હતો.

૧૭૫૬૦૦ સ્ત્રીઓ કાંતવાનો ધંધો કરતી. દરેક વર્ષ દહાડે ૨½ રૂપિયા રળતી. વણકરોનાં ૫૪૩૪ કુટુંબો હતાં તેમનામાં ૬૧૧૪ શાળો હતી અને દરેક શાળ ઉપર રૂ. ૨૩-૮-૦ ચોખ્ખી કમાણી થતી. ડા. બુકનનને એમ લાગ્યું હતું કે આ ગણત્રી ખોટી છે, અને એમ માનતા કે સાલ દીઠ રૂ. ૩૬ તો મળવા જોઇએ. નવાબ ગંજમાં છીંટ થતી અને સ્થાનિક ખપ માટે ધાબળા પણ વણાતા.

અનાજ અયોધ્યાના નવાબના મુલકમાંથી ઘણું આવતું, અને નેપાળના મુલકમાંથી પણ કંઇ આવતું. ખાંડ અને તંબાકુ સરાન જીલ્લામાંથી અને બીજે ઠેકાણેથી મંગાવાતાં. હાથીદાંત અને તાંબાના ઢામ નેપાળમાંથી આવતાં. અને પટણાથી પિત્તળ અને કાંસાનાં વાસણો આવતાં. માલ લાવવા લઇ જવાનો ધંધો સ્થિતિવાળા વેપારીઓ કરતા અથવા પોઠવાળાઓ કે ગાડાવાળા કરતા. ખાપરીઆ વેપારીઓ કાપડ મંગાવી તેનો વેપાર કરતા, વણઝારાઓ મીઠાનો વેપાર કરતા અને નુનીયા લોકો તેનો છુટક વેપાર કરતા, વાણીયા દાણાનો છુટક વેપાર કરતા. કપાસના વેપારીઓ કપાસ મંગાવતા અને વેચતા અને મહાજન લોકો ખેડુને સાંથ ભરવા માટે નાણાં જોઇએ તે, અને જમીનદારોને સરકારને જમા ભરવા માટે નાણાં જોઇએ તે, ધીરતા.

શાહાબાદ, લખનો અને બનારસમાં એક સાપ્તાહિક બજાર ભરાતું. ચલણ રૂપિયાનું હતું પણ કલકત્તાનો રૂપિયો બહુ જોવામાં આવતો માટે સ્થાનિક તાંબા નાણું બંધ કર્યું હતું. નેપાળનું તાંબા નાણું પણ બંધ કર્યું હતું નેપાળનું તાંબા નાણું સામાન્ય વપરાસમાં હતું અને કોડી પણ ચલણમાં કામ આવતી.

ગોરખપુરના એક સાધુએ લોકના ઉપયોગ માટે કેટલેક ઠેકાણે સારા પુલો બાંધ્યા હતા. ગોરખપુર, ભાવપુર, લાલગંજ, માધરમાં એમ ચાર સદાવ્રત હતાં.

દીનાજપુર જીલ્લો.

(ક્ષેત્રફળ ૫૩૭૪ ચોરસ માઇલ; વસતિ ૩૦૦૦૦૦૦)

આ જીલ્લામાં પણ સહુથી અગત્યનો પાક ડાંગેરનો હતો. કેટલીક જમીનમાં ડાંગેરની બે ફસલો લેવાતી. એક ઉનાળાની આખર અને બીજી શિયાળામાં. એક બોરી નામની ત્રીજી જાતની ડાંગેર થોડી થોડી વવાતી અને તેની ફસલ વસંતમાં લેવાતી.

ઉનાળુ ડાંગેર વાવી ઉંચાણ જમીનમાં ખાતર નાંખવામાં આવતું, અને રાઇ વગેરે શિયાળુ મોલ પણ થતા. નીચાણની જમીનમાં ખાતરનો ખપ પડતો ન હતો, અને તેમાંથી માત્ર એક ફસલ લેવાતી. સ્ત્રીઓ ધેણુકીએ વતી ડાંગેર ખાંડતી અને ૪૦ શેર ડાંગેરમાંથી ૨૦ શેર ચોખા નીકળતા.

દીનાજપુરમાં ઘઉં અને જવનો પાક થોડો હતો; અને હલકી જમીનમાં મરૂઓ થતો. કલઇ, ખેસરી, મસુર, વટાણા અને દાળ એ પણ થતાં. રાઇ સરસવ વગેરે તેલ કાઢવાના પદાર્થો પણ થતા.

કેરી આંબલી વગેરે ફલ ઝાડોના બગીચામાં લગભગ ૩૭૦૦૦ એકર જમીન રૂંધાયલી હતી. અને ૮૩૦૦૦ એકર જમીન શાકભાજીમાં હતી. શણ ૧૩૦૦૦ એકર જમીન, કપાસ ૮૦૦૦ એકરમાં, રેસા ૫૦૦૦

માં અને શેલડી ૮૦૦૦ એકરમાં વવાતી. ૫૦૦ માં તંબાકુ અને ૨૦૦ માં પાનનું વાવેતર થતું.

રંગને માટે ગળી અને કસુંબાનાં વાવેતર થતાં. ગળીમાં ૫૦૦૦ એકર રોકાયલા અને ગળી પકવવાની રીત અત્યારે બંગાળામાં જે ચાલેછે તેજ હતી. દરેક ખેડુતને પોતાના કટકાના એક ભાગમાં ગળી વાવવાની યુરેપિયન બગીચાવાળા ફરજ પાડતા.

મહા નદીના કિનારાથી એક માઇલની અંદર આંબા, વડ અને પીપળાની ઉમદા ઝાડીઓની વચ્ચે રેશમના કીડાને માટે મલબેરીનાં વાવેતર થતાં. કમ્પનીના વેપારી આરતીયા કોશેટાને માટે અગાઉથી નાણાં આપતા.

પીનની ખેતી સાધારણ હતી, તોપણ જેટલી જોઇએ તેટલી સાધારણ નહિ. તળાવોની સંખ્યા પણ આ જીલ્લામાં મોટી હતી. ઘણાઓમાં પાણીનાં વેણ હતાં તેથી પાણીનો જથ્થો હમેશાં પૂરતો રહેતો. જ્યારે જ્યારે વરસાદની તંગી હોય ત્યારે આ તળાવોનું સરણ લેવાતું.

આ જીલ્લામાં ૪૮૦૦૦૦ ચાર લાખ એંસી હજાર હળ હતાં એટલે ૬૬૦૦૦૦ બળદ અને ગાયો થાય ચૂકી અને તે ઉપરાંત ૩૩૬૦૦૦ બીજી ગાયો પણ હતી. ૨૬૧ ચોરસ માઇલ જેટલી ચોમાસામાં બોળાણ જતી જમીન ગોચરને માટે હતી. આ જમીનમાં શિયાળામાં જાડું ઘાસ થતું. તે શિવાય ૨૨૧ માઇલનું જંગલ, ૩૦૦ માઇલનો ખરાબો અને ૬૫૦ માઇલ જેટલી જમીન વખતે ખેડાય વખતે ન ખેડાય. પાંચમાંથી ચોથા ભાગની તો હમેશાં પડતરજ રહે. આ બધી વ્યાવહારિક રીતે ગોચરની જમીન હતી. ગોચરને માટે કાંઇ પણ સાંથ લેવામાં આવતી નહિ, તેમ જ્યાં ભોલ ન હોય તેવા કોઇ પણ કટકામાં જતાં અટકાવાતી ન હતી.

કેટલાક ખેડુતો પાસે ૫૫ એકર સુધી જમીન હતી. પણ તેમની ખેતી બહુ કહેવાતી. ૧૫ થી ૨૦ એકર વાળા સુખી સ્થતિમાં રહેતા અને ખેડુતોના ઝાઝા ભાગની ૫ થી ૧૦ એકર

એકરનીજ ખેતી હતી. ખેતીનું ખરચ ઉપજથી અરધ કરતાં વધારે આપવું પડતું. આ જીલ્લાના મોટા ભાગમાં ખેડુતોને જાથુકના પટાથી જમીનો આપવામાં આવી હતી, અને ઘણે ઠેકાણે તો જો દસ વર્ષનો અવિચ્છિન્ન કબજો થયો તો મામુલી હકથી હમેશને માટે તે જમીન રાખવાનો તેઓ હક કરતા.

સુતર કાંતવું એ આ જીલ્લાની મોટી કારીગરી હતી અને તેમાં મોટા ઘરની સ્ત્રીઓ અને ખેડુતોના ઘરની સ્ત્રીઓ નવરાશનો વખત ગાળતી. પાછલે પહોરે ૩ કાંતવામાં દરેક સ્ત્રીને ત્રણથી ૭ રૂપિયાની વાર્ષિક ઉપજ થતી.

કાંતનારીઓ આ જીલ્લામાં એકંદર ૨૫૦૦૦૦ અઢી લાખ રૂપિયાનું સૂત કાંતતી. તેનું જે સુતર થતું તેની કિંમત ૧૧૬૫૦૦૦ અગિયાર લાખ પાંસઠ હજાર રૂપિયા થતી, એટલે સ્ત્રીઓનો નફો એકંદર ૯૧૫૦૦૦ નવ લાખ પંદર હજાર અથવા લગભગ દસ લાખ રૂપિયા થવા જાય.

માલદાર કાપડ માલદામાં થતું માટે માલદાર કહેવાતું. વાણે રેશમ અને તાણે સુતર હોય છે. આ કામ ઉપર ચાર હજાર સાલો હતી. દરેક સાલ ઉપર મહીને વીસ રૂપિયાની કિમતનું કાપડ થતું. ડા. બુકનનના ધારવા પ્રમાણે આ ગણત્રી ઘણી મોટી હતી. આઠસો સાળોમાં એલાયચા નામના કાપડના તાકા થતા અને કમ્પનીના નોકરો આને માટે અમાઉથી નાણાં આપતા.

તમામ રેશમનું કાપડ માલદાની આસપાસમાં થતું. તેમાં વણકરોનાં ૫૦૦ ઘરની રોજી હતી. કુલ માલ ૧૨૦,૦૦૦ એક લાખ વીસ હજારનો નીપજતો.

સુતરાઉ કાપડ વધારે અગત્યનું હતું. આખા જીલ્લામાં મળીને ૧૬૭૪૦૦૦ સોળ લાખ ચુંવોતેર હજારનું સુતરાઉ કાપડ પેદા થતું.

કોચ, પોલે અને રાજવંશી લોકો પોતાની વપરાશ માટે-શણનું કાપડ કાઢતા. ઘણાં ઘરાં કુટુંબોમાં સાળ હોયજ અને તે ઉપર સ્ત્રીઓ પાછલા પહોરમાં કામ કરતી.

સુતરાઉ કાપડ ઉપર ભરત કામ કરવાનું કામ મુસલમાન સ્ત્રીઓ કરતી. કાપડ ઉપર ચાલતી વેલો અથવા ચીકણની બુટ્ટીઓ ભરવામાં આવતી. કેટલીક મુસલમાન સ્ત્રીઓ પાયજામાનાં અથવા કોટીઆં અને કડાંને માટે નાડાં બનાવતી.

વણવાના ધંધાની સાથે રંગનો અગત્યનો ધંધો જોડાયલો હતો. ગળી, લાખ, કસુંબો, મોરડી, હરિતકી, અને મજીઠ વિગેરે પુલોનો રંગ તૈયાર કરવામાં ઉપયોગ થતો. ઘર બાંધવાનું કામ, કુંભાર કામ, ચટાઈનું કામ, સોનીનું કામ, મોચીકામ, સુતાર કડીઆનું કામ, તાંબા કલઈનાં વાસણનું કામ, લોખંડ કામ, બાંડ બનાવવાનું કામ, અને ગળી બનાવવાનું કામ એ આ જીલ્લાના મુખ્ય ધંધા હતા. છેલ્લા ધંધાની બાબતમાં યુરોપિયન બગીચાવાળાઓ સામે ફર્યાદનો પ્રસંગ આવ્યો હતો. તેમના ઉપર લોકના અણગમાનાં ડો. બુકનન નીચેના આઠ કારણો આપેછે:—

(૧) બગીચાવાળાઓ માળીઓને પોતાના ગુલામ જેવા ગણેછે, અને જ્યારે જ્યારે તેમના ઉપર નારાજ થાય ત્યારે ત્યારે તેમને મારેછે અને કેદ કરેછે.

(૨) માળીઓને તેમની જમીનનું માપ કરવામાં અને મોલનું માપ કરવામાં છેતરે છે.

(૩) ખેતરોની તમામ ઉપજ જે દેવું પડે તેના કરતાં વધારે થતી નથી.

(૪) બગીચાવાળાઓ ઉદ્ધત અને ઉગ્ર મીજાજના છે.

(૫) વસુલાતના કામમાં તેઓ વચમાં પડે છે.

(૬) તેઓ રાજ્યકર્ત્તાની નાતના છે.

(૭) જમીનદારોની વસુલાત તેઓ અટકાવે છે, અને

(૮) ખેડુતો ખેતીના કામમાં હરકત કરે છે.

ડો. બુકનનના અભિપ્રાય પ્રમાણે આ ફર્યાદો જોકે ઘણીવાર અતિશયોક્તિ ભરેલી હતી પણ પાયા વિનાની હતી એમ નહિ હતું; પણ એમનો અભિ-

પ્રાય એવો હતો કે યુરોપિયનોને નવા પરવાના ન આપવા, અને જેઓ પોતાની વર્ત્તણુંક માટે કમ્પનીને જવાબદાર ન હોય તેવાઓને મુખ્ય શહેરો અને બંદરોમાંજ રહેવાની ફરજ પાડવી. આ બાબતમાં વધતી જતી અને અનિષ્ટતાને અટકાવવા માટે કમ્પની સરકારે જે પગલાં ભર્યાં તેનો અહેવાલ હવે પછી આપવામાં આવશે.

આ જીલ્લાનો ઘણો ખરો વેપાર સ્વદેશી વેપારીઓના હાથમાંથી કમ્પની સરકારના હાથમાં જતો રહ્યો છે. અત્યારે પૂર્વના જેવો એક પણ સોદાગર આ જીલ્લામાં નથી. એ ધંધામાં એક કુટુંબે ઘણી મીલકત પેદા કરી હતી, અને નવ પેઢી સુધી વૈદ્યનાથ મંડળના બાપદાદાઓ, મોટી આબરૂ સાથે ધંધો ખેડતા હતા. એ પેઢીના અત્યારના વડાએ એ ધંધો છોડી દીધો છે, અને જમીનની ભારે ખરીદી કરી છે તેથી એના બાપદાદાઓની જેટલી આબરૂ હતી તેટલીજ એની અત્યારે નાલેસી થાય છે.

મહાજન લોકો–બે હજારથી પચીશ હજાર સુધીની મુડીવાળાઓ–જે આ જીલ્લામાં રહે છે તેઓ ચોખા, ખાંડ, ગોળ, તેલ અને તંબાકુ બહારગામ મોકલે છે, અને મીઠું, કપાસ, તાંબાપીતળ અને તેજાના મંગાવે છે. આખા જીલ્લામાં આશરે ૨૦૦૦ દુકાનો છે, પણ ખુલ્લાં બજાર સંખ્યાબંધ ભરાય છે. આથી નાના વેપારીઓ પૈકાર કહેવાય છે. સોનું આછું થઇ ગયું છે. કલકત્તાના કલદાર રૂપિયાનું ઝાઝું ચલણ છે અને કોડી પણ ચલણમાં વપરાય છે.

વરસાદના દહાડામાં ઘણાં ખરાં ગામડાંઓ સાથે મછવાથી વહેવાર ચાલે છે. પણ લાવજા કરવાનો વેપાર તે વખતે બહુ ન હતો. સુકી મોસમમાં બળદીઆની પોઠોથી વેપાર ચાલે છે, કારણ કે રસ્તાઓ બીલકુલ નથી. મછવાઓમાં ૧૦૦ મણ માલ રૂ. ૧૩ ના ભાડે કલકત્તે લઇ જવાય છે. ગાડાંઓનું છ ગાઉને માટે અરધા રૂપિયાથી કંઇક ઓછું ભાડું પડે છે.

પુર્ણીયા જીલ્લો.

આ જીલ્લામાં ચૈત્રી ડાંગેર, ઉનાળુ ડાંગેર અને શીયાળુ ડાંગેર એ ત્રણ જાતની થાય છે. ૭૦ શેર ડાંગેરમાંથી ઉકાળ્યા વિના ચોખા કહાડે તો ૪૦ શેર ચોખા નીકળે છે. જ્યારે ડાંગેરને બાફીને ચોખા કહાડે છે ત્યારે ૬૫ શેરમાંથી ૪૦ શેર ચોખા જડેછે. ડાંગેર ખાંડવા માટે સ્ત્રીઓ અહીંઆં પણ ઘેણુકી વાપરે છે.

દીનજપુર કરતાં અહીં ધઉં બહુ વપરાયછે. જવ ખેડ્યા વિના વાવે છે અને ગરીબ લોકો તેજ વાપરેછે. મરૂઓ પણ બહુ વપરાય છે. ખાસ કરીને કોસની પશ્ચિમે મકાઇ, વગેરે પણ ઉગે છે.

કઠોળમાં મસકલાઇ બહુરી અડદ ભૂત કલથી અને મગ ઘણો વપરાય છે. રાઇ તીસી, સેરડી પણ પાકે છે. ૨૮૦૦૦ એકરમાં શાક ભાજી ઉગે છે.

શણ રેસાને માટે વાવે છે. કપાસ બહુ થોડો થાય છે. શેલડી કાનકાઇ નદીને કાંઠે કાંઠે વધારે થાય છે. જીલ્લામાં જે તંબાકુ પાકે છે તેનો અરધો ભાગ તો મુખ્ય શહેરના પરવાડામાંજ પાકે છે. પાન પણ એક અગત્યની વસ્તુ છે પણ દીનજપુરના કરતાં આંહી એનો ઉપયોગ ઓછો છે.

આ જીલ્લાના અગ્નિ કોણમાં મી. ઇગરટનના તાબામાં ૧૭ સતર ગામનાં કારખાનાં હતાં અને બીજા ભાગોમાં બીજા પચાસેક કારખાનાં હશે. પૂર્વના જીલ્લાઓ કરતાં આંહી કસુંબો વધારે ઉપયોગનો છે. મલબેરી આ જીલ્લાના અગ્નિ કોણમાંજ ઉગાડે છે.

મૈાચરને માટે આ જીલ્લામાં ૨૩૪ ચોરસ માઇલ ઉંચાણની પડતર જમીન, ૪૮૨ માઇલ ખેડવાણ વિનાની બીજી જમીન અને ૧૮૬ માઇલ ખુણા ખચકા અને વાટની જમીન છે. આ સિવાય ૩૮૯ ચોરસ માઇલ બીજી જમીન જાળાની અને વીડીની છે. ઉપરાંત ડીસેમ્બર અને જાન્યુઆરીમાં ડાંગેરનો

પાક લઇ લીધા પછી તેના ખેતરોની ડાંગેરની પરાળ એક ઉમદા સાધન છે, તોપણ આ જીલ્લાના ઢોરને માટે આટલી જમીન બસ નથી; અને નેપાલ સરકારનું મોરંગનું જંગલ પણ ઉપયોગમાં આવેછે, અને અહીં પાંચસેથી છસેંના એક ટોળા માટે ગુરખા અમલદારને એક વાછડો ચરાઇ તરીકે આપવો પડેછે. કેટલાક ભાગોમાં જમીનદારો બીજી રીતે ચુસ્તહિંદુ છે તોપણ ચરાઈ લે છે.

ખેડુતની સાથ જુદી જુદી રીત પ્રમાણે જુદા જુદા પ્રમાણમાં લેવાયછે. પણ અરધ ખેતીના ભાગ માટે જુદું કાઢવામાં આવે છે, અને બાકીના અરધ-માંથી અરધ ખેતીના ચોખ્ખા નફા માટે કાઢતાં જમીનદારને માટે શું રહેતું હશે તે આપણે સમજી શકીએ અને, આટલું પણ તેને મળતું નથી.

ડા. બુકનન કુલ ઉપજનો ચોથો ભાગ યોગ્ય સાથ ગણુતા, પણ પૂર્ણિયાના જમીનદારો બંગાળાના બીજા જમીનદારોની માફક ઘણું થોડું લેતા; અને આજ અરસામાં કમ્પનીના નોકરો મદ્રાસના લોકો પાસેથી ઉપજના અડધ જેટલું સરકાર હક તરીકે વસુલ કરતા.

કાંતવાનું કામ કોઇપણ નાતમાં હલકું મનાતું નહીં અને આ જીલ્લાની સ્ત્રીઓનો મોટો ભાગ નવરાશની વખતે કાંતવાનું કામ કરતી. આમના નફાનો અંદાજ કાઢવો ડા. બુકનનને બહુ મુશ્કેલ પડયો હતો, પણ એમણે એમ અટકળ કરી હતી કે વર્ષે દહાડે તેઓ ત્રણ લાખનું સુતર કાંતતી હતી. કાંતેલા સુતરની કિંમત તેરલાખ થવા જતી એટલે તેમને માટે દશ લાખનો નફો રહેતો.

તદન રેશમનું કાપડ ૨૦૦ સાલોમાં વણાતું. તેમાં માલ ૪૮૬૦૦ રૂપિયાનો. આમાં કાચુ રેશમ રૂ. ૩૪૨૦૦ નું ખપતું એટલે વણકરોમાં ૧૪૪૦૦ રૂપિયાનો નફો રહેતો. આમ દરેક સાલદીઠ રૂ. ૭૨ વર્ષે દહાડે નફો રહેતો.

ગરીબસુતરૂ કાપડ વણનારાઓની સ્થિતિ લગભગ દીનજપુરના સરખીજ હતી.

સુતરનું વણનાર ઘણા હતા અને તેઓ ઘણું કરીને જાડું કાપડ ગામડાં-ઓનાજ ઉપયોગનું કહાડતા. ૩૫૦૦ સાળો ઝીણા કામમાં કામ કરતી અને તેમાં ૫૦૬૦૦૦ નું કાપડ બનતું તેનો ચોખ્ખો નફો ૧૪૬૦૦૦ નો એટલે સાલદીઠ રૂ. ૪૩ થતા. જાડા કાપડની દસહજાર સાળોમાં રૂ. ૧૦૮૬૫૦૦ નું કાપડ તેનો ચોખ્ખો નફો રૂ. ૩૨૪૦૦૦ એટલે સાલદીઠ વર્ષે રૂ. ૩૨–૮–૦.

સેત્રંજી વણનારા મુખ્ય શહેરમાંજ મળી આવતા. શણનું જાડું કાપડ ઘણું પેદા થતું અને પૂર્વ તરફની ઘણી સ્ત્રીઓ પહેરવા સારૂ આ કાપડ વપ-રાશમાં લેતી. ધાબળા અને ઉનનું કાપડ જાડું હતું, પણ તે ગરીબ લોકોને વરસાદમાં અને શીયાળામાં બહુ કામ આવતું.

સોની, સુથાર, કંસારા, લુવાર, રંગરેજ એ મુખ્ય ધંધાદારીઓ આ જીલ્લામાં હતા. ખાંડ બનાવવાવાળા નરમ પડી ગયા હતા. પાંચસે કુટુંબો મીઠું પકવતાં.

૩, પશ્ચિમ હિંદુસ્તાનમાંથી આવતું. ખાંડ દીનજપુર અને પટનામાંથી આવતી. પૂર્ણિયાના શરાફોની સાત પેઢીયો હતી. તેઓ હુંડીઓ આપતા અને લેતા. સોના રૂપાનો મોટો જથ્થો જે કોઇને જોઇતો હોય તો તે આ પેઢીઓ-માંથી મળી શકતો. જગત્ શેઠની પેઢી લાખ રૂપિયા સુધીની એક હુંડી શીકારતી. બીજી પેઢીઓ એથી અરધી રકમથી વધારેની હુંડી શીકારી શકે નહિ. જૂના કરકરી વગરના સિક્કા પણ કલકત્તાના કલદાર સિક્કા જેટલા વપરાતા. " આવા અત્યંત ગરીબ મુલકમાં સોના નાણું ગરીબ લોકોને બહુ હેરાન કરે છે અને મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એકદમ બંધ કરવું જોઇએ. આ દેશમાં એક રૂપિયો પણ મોટી રકમ છે. સારે ભાગ્યે સોનું તદ્દન અદૃશ્ય થઇ ગયું છે અને હવે ફરીથી તેને બજારમાં ચલણી નાણા તરીકે આવવા દેવું જોઇએ નહિ. આ જીલ્લાના મોટા ભાગમાં રૂપાનું અને કોડીનું ચલણ છે પશ્ચિમ તરફ પૈસા–એક રૂપિયાનો સાડમો ભાગ–તેનું ચલણ છે પણ

જે દેશમાં બે પૈસા એક માણસના ખોરાકને માટે બસ થાય છે તેવા દેશમાં આ નાણું પણ ભારે છે."

આ જીલ્લામાં પાણી દ્વારા લાવવા લઇ જવાનું ઠીક હતું અને દીનજપુર કરતાં મછવાનો ઉપયોગ વધારે થતો. સોમણ માલ કલકત્તે લઇ જવો હોય તો તેના રૂ. ૧૪–૦–૦ પડતા. મુખ્ય શહેરો પાસે અને ગળીના કારખાનાની આસપાસ થોડીક સડકો બાંધવામાં આવેલી હતી. ભાર લાવવા લઇ જવામાં ટટ્ટુ અને બળદ કામે લગાડાતાં. શ્રીમંતો મુસાફરોને માટે આશ્રયની સોય કરી આપતા. મુડી અથવા કંદોઇની દુકાનોમાં રહેવાનું અને ભોજનનું મળતું.

ઉપસંહાર.

આ સિવાયના રંગપુર અને આસામના હેવાલ અપૂર્ણ છે; અને તેમાં ખેતી સાંથ, અને વેપાર ધંધા સંબંધે માહિતી આપવામાં આવી નથી. ઉપરના હેવાલથી જણાશે કે લોકો બહુ ગરીબ હતા પણ વૉરન હેસ્ટિંગ્સના વખત પછી ખેતી સછવન થઇ હતી; અને જાથુકનો દર નક્કી થયા પછી ઘણી જમીન ખેડવામાં લીધી હતી.

જમીનદારો જોકે બેહુ પાસેથી સાંથ જેટલી લઇ શકાય તેટલી લેવાને રાજી હતા તોપણ તેઓ ઇંગ્રેજ સરકાર મદ્રાસમાં જેટલું લેતા તેટલું તેમના પાસેથી લેતા નહીં. અપવાદ રૂપે કદી તેઓ ચોખ્ખી ઉપજનો એટલે ખેતીનું ખરચ બાદ કરતાં રહે તેનો અડધ ભાગ લેવાનો દાવો રાખતા પણ તેમાં તેઓ પાણી કામનું તમામ ખરચ આપવાને પોતે બંધાયલા છે, એમ માનતા. સામાન્ય રીતે બંગાળામાં ઉપજનો ચોથો ભાગ જમીનદારો સાંથ તરીકે લેતા અને સરકારની મહેસુલ હમેશને માટે મુકરર થઇ ગયેલી હતી. અને ઘણે ઠેકાણે સાંથ રીવાજથી નિયત થયેલી હતી, એટલે સુધારા કરવાને અને વરચ જંત પડતર જમીનોને ખેતી નીચે લાવવાને જોઇએ તેટલું પ્રોત્સાહન હતું.

પણ લોકની પેદાશને ખરો ભય વેપાર ધંધાની દશા ઉતરતી જતી હતી તેનાથી હતો. ડા. બુકનન જે જે જગાએ ગયા છે ત્યાંની ઘણી જગાઓમાં આની અસર જણાવા લાગી હતી. તે પછી તે સંકટ વધવા માંડયું હતું. આ હકીકત ઉપર આપણે આગળ આવીશું.

મી. બર્ડ અને ઉત્તરહિંદમાં જમાબન્દી ૧૮૨૨-૧૮૩૫.

લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક ૧૮૨૮ માં હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે આવ્યો. આના જેવો હિંદનો સાચો મિત્ર ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ કદી મોકલ્યો ન હતો. તેણે ઉત્તરહિંદની મુલાકાત લીધી અને જે જોયું તેનું અધિકારી સભાના એક પત્રમાં નીચે પ્રમાણે વર્ણન આપે છેઃ–

૨. " આપની માનવંતી સભા જાણે છે કે પશ્ચિમના મુલકોની મુલાકાત લેવાનો મારો મુખ્ય હેતુ ૧૮૮૨ ના ધારા પ્રમાણે ચાલતી જમાબન્દીનું કામ કેવી રીતે ચાલેછે તે મારી જાતે જોઇને તે કામ ઝડપથી ચલાવવાનું બને કે કેમ અથવા આપ નામદારની સભાએ નિર્ધારેલી લોકોની આબાદી સંપાદન કરવાને બીજું કંઇ થઇ શકે એમ છે કે કેમ તેની ખાત્રી કરવાનો હતો.

૪. " જે અમલદારો આ કામ ઉપર ગોઠવવામાં આવ્યા છે તેમનામાં ઉમંગની કે બુદ્ધિની ખામી મારા જોવામાં આવી નહિ તોપણ મારે આપ નામદારને જણાવવું જોઇએ કે કારણ ગમે તે હોય પણ જમાબન્દીનું કામ જરાપણ આગળ વધ્યું નથી. "

૮. " આપના તા. ૯ મી ફેબ્રુઆરીના ખરીતાનો ૫૮ મો પેરેગ્રાફ વાંચીને મને ઘણો સંતોષ થયોછે. તેમાં આપે લાંબા પટાની જરૂર સ્વીકારી છે અને જમાબન્દીનું કામ જલદીથી પાર પાડવાને તથા ખેડુત વર્ગના હકોનું સંરક્ષણ કરવા માટે આપે જે રસ્તો બતાવ્યો છે તે મારા અભિપ્રાયને ઘણે અંશે મળતો છે.

આજ વર્ષમાં મહેસુલ સભાને લખેલા એક પત્રમાં લૉર્ડ વિલિયમ બેન્ટિન્કે ૧૮૨૨ ની જમાબન્દી નિષ્ફળ જવાનાં કારણો વિસ્તારથી બતાવ્યાં છે; એંશી ટકા જેટલો હક તેણે નાપસંદ કર્યો, અને બરી હીંમત ધરીને તેમાં ઘટાડો કરવાનું તેણે સૂચવ્યું. તે લખે છે કે ધારામાં સરકાર જમાના વીસ ટકા જેટલી રકમ જમીનદારને માટે રહેવી જોઇએ એવો ઠરાવ છે પણ અમારા સગજવા પ્રમાણે આ કામ ઉપરના તમામ અમલદારોનો અભિપ્રાય છે કે સરકાર જમાની ઓછામાં ઓછા ત્રીશથી પાંત્રીશ ટકા જેટલી રકમ તો જમીનદારને રહેવીજ જોઇએ; અને છેવટે આટલું તો છેજ કે આ રકમમાંથીજ જમીનના સુધારાની મુડી તો નીકળવાની. "

" વળી સાથે ઉઘરાણીનું બરચ કાપીને આ આંકડો કાઢવામાં આવ્યો છે. ચોખ્ખી ઉપજ ઉપર એની ગણત્રી મૂકવામાં આવે છે. જમીનદારના લાભમાં જે જે રકમો બાદ કરવાની હોય તે મુકરર કરવાનો અમારો બરાદો છે. અને જે પ્રમાણ યોગ્ય ગણાય તે હિસાબે પણ જે રકમો ખેતીની ઉપજમાંથી જમીનદારના લાભમાં બાદ કરવાની યોગ્ય જણાય તે બધી એકત્ર કરવી કે જેથી અત્યારે જુદા જુદા અમલદારોની મરજી પ્રમાણે બાદ કરવામાં આવે છે તેના કરતાં એક ધોરણ રહે અને સર્વત્ર સરખી રીતે સર્વને બાદ અપાય એ વધારે બરૂષ્ટ છે.

ઉપરથી જણાશે કે ૧૮૩૧ ની સાલમાં તો બેન્ટિન્ક નવી જમાબન્દીનાં મુખ્ય ધોરણો સમજી ગયો હતોઃ તે એ કે (૧) લાંબા પટા જે જમીનદાર અને બેડુતોને સુધારા કરવા માટે તક આપે–અને (૨) માફકસર સરકાર હક કે જેથી જમીનની ઉપજનું કંબરક પ્રમાણ એમના હાથમાં રહે.

બીજી જે બાબત ગવર્નર જનરલે હાથમાં લીધી હતી તે ઉત્તર હિંદુસ્તાનની ગ્રામ સંસ્થાઓના સરંક્ષણની હતી. આ બાબત સર ચાર્લ્સ મેટકાફ જે ગવર્નર જનરલની સભાના સભાસદ હતા, અને જેઓ પાછળથી કામચલાઉ ગવર્નર જનરલ થયા હતા તેમણે ૧૮૩૦ ની સાલની બ્રખ્યાત મિનિટમાં બહુ ભાર મૂકીને પ્રતિપાદન કરી હતી. આ મિનિટનું પ્રમાણ વારંવાર અપાય છે.

સર ચાર્લ્સ મેટકાફની મિનિટ.

ગ્રામપૂગો એ નાનાં પ્રજાસત્તાક રાજ્યો જેવા છે. ઘણું ખરું જે જોઇએ તે બધું તેમાં મળી આવે છે અને પરની સાથે સંબંધની કંઇ જરૂર નથી. જ્યાં કંઇપણ ટકી ન શકે ત્યાં તે ટકી રહેતા જણાય છે. એક પછી એક વંશો ગગડતા જાય છે. એક પછી એક રાજ્યપરિવર્તો થયે જાય છે. વારાફરતી હિંદુ, પઠાણ, મોઘલ, મરાઠા, શીખ, ઇંગ્રેજોની બાદશાહતો થાય છે પણ ગ્રામપૂગો એના એજ છે. સંકટની વખતમાં તેઓ હથીઆર ધારણ કરે છે, શત્રુનું લશ્કર તેમના પ્રદેશમાં થઈને ચાલ્યું જાય. ગ્રામપૂગો પોતાનાં ઢોર પોતાના ગામના ગઢમાં પૂરી દે છે અને દુશ્મનને ખીજવ્યા વિના તેને રસ્તે જવા દે છે. જો તેમના સામે લૂંટફાટ ચલાવવામાં આવે અને દુશ્મનના બળ સામે ટકી શકાય તેમ ન હોય તો તેઓ દોસ્તીવાળાં ગામોમાં ભરાઇ જાય છે; પણ જ્યારે તોફાન જતું રહે ત્યારે પાછા પોતાના ગામોમાં આવે છે. અને સહુ સહુનો ધંધો સંભાળી લે છે. જો કોઇ દેશ ઘણાં વર્ષો સુધી લૂંટફાટના પંજામાં રહે તો તે ગામોમાં જલદી વસ્તી ન ભરાય પણ આખરે જ્યારે તોફાન શાન્ત થાય ત્યારે લોકો પોતાનાં ગામ વસાવ્યા વિના રહે નહિ. એક જમાનો જતો રહે તો બીજો જમાનો પણ આવીને રહે. છોકરાઓ બાપની જગા લે. ગામતળીઉં તેનું તેજ રહે. ઘરની જગાઓ પણ તેની તેજ. જમીનો પણ તેની તેજ. જે વખતે ગામ ઉજ્જડ થયું તે વખતે ઘર બાર સીમના સંબંધમાં જેમની જે સ્થિતિ હોય તેની તે સ્થિતિ તેમના વંશજોને માટે કાયમ રહે છે. નજીવાં કારણોથી તો તેઓ ગામ ઉજ્જડ કરે પણ નહિ, કારણકે ઘણીવાર તેઓ તોફાનના વખતમાં પોતાનું ઘર સાચવી રહે છે અને લૂંટફાટ અને જુલમને હઠાવી શકે તેટલી શક્તિથી સામા થઇ જાય છે.

આ નાનાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો જેવાં ગ્રામપૂગોની એકતાને લીધે હિંદના લોકો આટલાં બધા તોફાનો અને રાજ્યપરિવર્તો સોંસરા નીકળી શક્યા છે. આ લોકસંસ્થા ઘણે અંશે સ્વતંત્રતાનો ઉપભોગ આપવા અને સુખી રાખવાને શક્તિવાન નીવડી છે, તેથી મારી એવી ઇચ્છા છે કે આ ગ્રામપૂગોને જરાપણ કોઇ દિવસ હેરાન કરવા નહિ. જે કાંઇ આ ગ્રામ સંસ્થાઓને તોડી પાડે એવું હોય તે બધાની મને બ્હીક લાગે છે. મને ધાસ્તી છે કે આખા ગ્રામપૂગની સાથે મુખીની મારફત મહેસુલનો બંદોબસ્ત કરવાને બદલે પ્રત્યેક ખેડુત સાથે બંદોબસ્ત કરવાથી ગ્રામપૂગ તૂટી જશે. આજ કારણ માટે અને આ એક કારણ માટે પશ્ચિમના જીલ્લાઓમાં રૈયતવારી જમાબન્દી દાખલ કરવાને હું રાજી નથી.

મદ્રાસ અને મુંબઇમાં ગામાતોની સંસ્થા બંધ પડવામાં રૈયતવારી જમાબન્દી કારણ હતું એમ માનવામાં સર ચાર્લ્સ મેટકાફ ખરો હતો. જ્યારે જમાબન્દીનો બંદોબસ્ત દરેક ખેડુ જોડે થાય ત્યારે ગ્રામ સંસ્થાનો મુખ્ય હેતુ એની મેળે બંધ પડી જાય. ગામાતોનું મુખ્ય પ્રયોજન બંધ કરીને તેમને જીવતી રાખવાના મનો અને એલ્ફિન્સ્ટનના યત્નો નિષ્ફળ ગયા હતા. ઉત્તર હિંદુસ્તાનમાં પણ છેલ્લાં સિત્તેર વર્ષમાં તેવા કારણથી ગામાતો બંધ પડી ગઈ છે. બ્રિટિશ સરકારે પશ્ચિમના વિચારોને વશ થઇને જમીનદાર અથવા મુખીઓની જનતને મહેસુલ ભરવા માટે જવાબદાર ગણી–અને કાળે કરીને તેઓ જમીનદાર અને જવાબદાર મહેસુલ ભરનારા થયા અને ગામાતો નષ્ટ થઇ. પશ્ચિમની રીતને અનુસરીને અને તમામ ન્યાય અને કાર્યભારને પોતાના અમલદારોના હાથમાં રાખવામાં ગામાતોની પાસેથી તે સત્તા લઇ લીધી અને તેને લીધે ગામાતો મૂળમાંથી કાપી નાંખેલાં ઝાડો જેમ પડી ભાગે તેમ પડી ભાગી. આ 'સ્વરાજ્ય' ના પ્રાચીન સ્વરૂપને સાચવી રાખવાની અંતઃકરણની ઇચ્છા છતાં મનો, એલ્ફિન્સ્ટન્ અને મેટકાફ તેમાં સફળ થયા નહિ; કારણ કે આ

નાનાં પ્રજાસત્તાક રાજ્યમાંથી તેમણે સ્વરાજ્યની સત્તા ખુંચવી લીધી અને તમામ સત્તા પોતાની દીવાની કોર્ટોમાં અને કાર્યભારી અમલદારોના હાથમાં મૂકી અને લોકમાં કંઈ વિશ્વાસ રાખ્યો નહિ. હિંદમાં બ્રિટીશ રાજ્યનું જે અત્યંત દુઃખદાયક પરિણામ થયું તે એ કે આમ સ્વરાજ્યની પદ્ધતિ જે હિંદમાં પહેલ વહેલી ઉપચય પામી હતી અને જગત્માં સહુથી વધારે વખત સુધી ટકી હતી, તે નાબુદ થઇ ગઇ.

દરમિયાન લોર્ડ વિલિયમ બેન્ટિન્કે પોતાના મંત્રીઓ અને રેવિન્યુ સભા વગેરેની સાથે મસલત કરીને પોતાની યોજના તૈયાર કરી; અને પોતાના પ્રમુખપદ નીચે અલાહબાદમાં અમલદારોની એક પરિષદ ભરી. ૧૮૩૩ નો નવમો ધારો એ આ પરિષદનું ફળ હતું. ઉત્તર હિંદુસ્તાનની જમાબન્દીનો આ ધારો મૂળ પાયો છે. આ ધારાથી ન્યાય ખાતામાં પડી રહેલા મુકદમાઓનો મોટો ભાગ જમાબન્દી ખાતામાં મોકલાવી દીધો. ઉપજ અને જમાના અડસટ્ટા કરવાનું સાદું ધોરણ સ્વીકાર્યું, અને જુદા જુદા મગહુરની જમીન માટે જુદા જુદા દર ઠરાવવાનું ધોરણ દાખલ કર્યું. ખેતરોના નકશા અને ક્ષેત્રપોથીનો સામાન્ય ઉપયોગ પણ આ ધારાથીજ શરૂ થયાં. સરકાર હક્ક કુલ ઉપજમાં બે ભાગ જેટલો ઠરાવ્યો. ૧૮૩૩ થી ૧૮૪૯ ની સાલ સુધી આ જમાબન્દી ઠરાવવાનું કામ ચાલ્યું; અને આ વખતે ૩૦ વર્ષના પટા કરવામાં આવ્યા.

આ મોટા કામનો અધિકાર એક બહુજ લાયક ગૃહસ્થના હાથમાં મૂકાયો હતો. તે ગૃહસ્થનું નામ રોબર્ટ માર્ટિન્સબર્ડ હતું. તેઓ પ્રથમ એક ન્યાયાધીશ હતા, અને ન્યાયાધિકારી તરીકે તેમને મળેલી તાલીમે જમાબન્દીના વ્યવસ્થાપક તરીકે તેમને વધારે લાયક બનાવ્યા હતા.

૧૮૪૨ માં તે લખે છે કે આ નિબંધના મોટા ભાગની યોજના મારી પોતાનીજ હતી. મૂળ તો તે ન્યાય ખાતાના એક નિબંધના રૂપમાં હતી અને મને પોતાને આ કામ સોંપવામાં આવશે એમ કદી મારા ધારવામાં ન હતું.

એક ન્યાયખાતાના અમલદારને વ્યવહારમાં ઉપયોગી થાય તેવી યોજનાઓ ઘડવાનો અધિકારની રૂઇએ થોડોજ પ્રસંગ આવે છે, તેથી ગોરખપુર વિભાગની જમાબન્દીનું કામ કરવા સારૂ જે વખતે મને રેવિન્યુ કમીશનરની જગા આપવા માંડી તે વખતે અત્યંત ઉત્સાહથી તે જગા સ્વીકારી લીધી; કારણકે મને મારા પોતાના અભિપ્રાયોને પ્રયોગથી કસવાનું અને મારા પોતાના હેતુઓને અમલમાં મૂકવાનું આ સહજ સાધન હતું.

તમારા મનમાં ખાત્રી હતી કે જમાબન્દી ઠરાવવાની સાથે ખાનગી હકો પણ એવી રીતે નિર્ણીત થઇ શકે અને એવાં ધોરણો દાખલ કરી શકાય કે જેથી ખેતીવાડીની પડી ભાગેલી સ્થિતિ સુધરી શકે.

આવા હેતુથી મેં ગોરખપુરમાં કામ શરૂ કર્યું. બીજે વર્ષે મર્હુમ લોર્ડ વિલ્યમ બેન્ટિન્ક મારા જીલ્લામાં આવી ગયા. મારી યોજનાઓના સંબંધમાં મારી સાથે ખુલાસા સાથે ચર્ચા કરી અને પોતાના હુકમથી આ બાબતમાં મેં તેમની સાથે સીધો પત્રવ્યવહાર પણ રાખ્યો હતો. એનું પરિણામ એ આવ્યું કે ૧૮૩૨ માં વાયવ્ય પ્રાંતોની જમાબન્દીના ઉપરીપણાનું તમામ કામ મારા ઉપર આવ્યું.

એકંદર હું એમ ધારૂં છું કે, સમતોલ, વાજબી અને સરખી જમાબન્દી, લોકના હાથમાં નાણાનો સંગ્રહ થવામાં હરકત ન આવે અને ખેતીવાડીની આબાદી વધતી જાય તેવી જમાબન્દી, જે લઇ શકાય અને જે લઇ લેવી જોઇએ તેવીજ ઠરાવવામાં આવી છે.

અહીંયાં અગાડી વાયવ્ય પ્રાન્તોના જુદા જુદા જીલ્લાઓમાં આપેલા જમાબન્દીના કામનો સવિસ્તર ઇતિહાસ આપવાની જરૂર નથી, પણ તેનું ફળ નીચેના મિ. બર્ડના પત્રક ઉપરથી માલમ પડે છે.

જીલ્લાનું નામ	કુલ ક્ષેત્રફળ એકર	ખેડવાણ જમીન એકર	ખેડવાણ જમીન ઉપર સરકારનો દર
દીલ્હી-વિભાગ			
જીલ્લે હરિયાણા	૧૬૫૭૯૭૫	૬૯૬૧૪૭	૦-૧૪-૪
,, દિલ્હી	૩૬૪૫૩૪	૧૭૪૬૦૫	૨-૧-૩
,, રોહતક	૮૪૪૬૮૬	૪૭૪૪૬૫	૧-૫-૨
,, ગુરગામ	૧૧૬૦૪૩૭	૬૪૭૩૫૩	૧-૯-૦
મિરત વિભાગ			
જીલ્લે સહરાનપુર	૧૧૮૭૦૫	૬૦૬૮૪૭	૧-૧૦-૬
,, મુજફ્ફરનગર	૬૯૧૭૦૬	૩૯૨૩૭૭	૧-૧૧-૨
,, મીરત	૧૭૭૬૪૩૦	૧૦૩૪૦૧૬	૨-૧-૯
,, બુલન્દશહર	૧૦૨૫૦૯૬	૫૬૨૬૩૦	૧-૯-૮
,, અલિગઢ	૧૧૧૯૨૩૮	૬૦૦૫૬૨	૧-૪-૦
રોહિલખંડ વિભાગ			
જીલ્લે બિજનાપુર	૧૦૨૭૫૩૩	૪૫૬૪૦૬	૨-૨-૧૦
,, મુરાદાબાદ	નથી	નથી	નથી

જીલ્લે બદવાન	૧૪૫૦૪૧૮	૭૫૨૧૦૩	૧-૭-૬
,, પિલીભીત	નથી	નથી	૨-૦-૧
,, બરેલી	૧૧૧૬૧૭૪	૬૩૬૫૭૬	૧-૧૫-૭
,, શાહજાનપુર	૧૩૦૬૨૧૧	૬૫૧૫૦૨	૧-૬-૦
આગ્રા વિભાગ			
જીલ્લે, મથુરા	નથી	નથી	નથી
,, આગ્રા	૬૩૫૮૧૫	૬૪૬૮૧૮	૨- ૨-૫
,, ફરકાબાદ	૧૨૪૭૨૮૮	૬૧૪૨૫૩	૨- ૬-૦
,, મૈથનપુરી	૧૨૮૦૬૨૭	૬૧૩૪૨૨	૨- ૪-૦
,, ઇટાવા	૧૦૭૧૭૫૬	૪૭૭૬૦૧	૨-૧૧-૧૦
અલાહાબાદ વિભાગ			
,, જીલ્લે કાનપુર	૧૪૬૭,૭૬૫	૭૮૨૨૭૬	૨- ૧-૩
,, ફતેહપુર	૬૬૦૫૮૪	૫૦૬૬૦૫	૨-૧૨-૬
,, અલાહાબાદ	૧૭૬૦૨૪૪	૬૬૭૫૦૮	૨-૨-૬

બનારસ વિભાગ			
જીલ્લે ગોરખપુર	૪૧૧૫૨૧૪	૧૯૨૭૨૩૪	૧– ૧–૩
,, આઝીમ ગઢ	૧૬૫૨૨૯૩	૭૭૩૬૧૬	૧–૧૫–૪

સૅાર્ટ બેર્ડ હિંદુસ્તાન છોડયું ત્યાં સુધીના તેમના કામનો આ સારાંશ હતો. દશ વર્ષ પછી જ્યારે તેમની હાઉસ ઑફ કૅામન્સની સિલેક્ટ કમિટી રૂબરૂ જુબાની લીધી ત્યારે તેમણે નીચે પ્રમાણે ખુલાસો કર્યો હતો:—

પહેલી મેં જમીનની માપણી કરવી શરૂ કરી; તે પછી ખેતરના નકશા કર્યા; તે પછી એક સારા કેળવાયલા અમલદાર પાસે સીમાઓની રીતસર માપણી કરાવી. આથી ખેડવાણ અને ખરાબાની ખબર પડે અને રીતસર સામાન્ય માપણીથી ગામ સીમનો આકાર કેવો છે તેની પણ ખબર પડે. તે પછી તે તમામ પ્રદેશના ઉપર સરકાર હક્ક કેવી રીતે ઠરાવવો તે વિચાર કરવામાં આવ્યો તે પછી એ આખા પ્રદેશ ઉપર સરકાર હક્ક કેટલો મૂકવો તેનો નિર્ણય થાય ત્યારે ગામ દીઠ કેટલો ઠરાવવો તેનો વિચાર થાય, એ પછી લોકોની રજુવાત થાય. ઘણું કરીને ત્યાં લોકોની સાથે ખેતરોમાંજ કે ઝાડ નીચેજ મસલત થાય. ઘણી વખતે વાંધા લેવામાં આવે: "આ બહુ ભારે છે," "મારૂં ગામ આટલું આપી શકે તેમ નથી," "આ ગામ ગરીબ છે" વગેરે. પછી તેઓને કહેવામાં આવે કે " અમારે તો આ આખા પ્રદેશમાંથી આટલું લેવાનું છે તેમાં તમારા ભાગે જે આવે છે તે તમે આપી શકો તેમ નહોતો કયું ગામ વધારે આપી શકે એમ છે એમ તમારે બતાવવું જોઇએ. " આ ઉપરથી પછી તેઓ પોતપોતામાં તે બાબતની ચર્ચા કરે..... આખા પ્રદેશ ઉપર જે જમાબન્દી મુકરર કરી હોય તેને ચુસ્ત થઇને વળગી રહેવાનું નથી.

અમારો એ હેતુ પણ નહતો. જો કારણ માલમ પડે તો તે રકમ ઓછી કરવા અમે તૈયાર હતા પણ આખી રકમ એક સામટી મુકરર કરવાનો હેતુ એ હતો કે લોકોનેજ પોતાની બાબતમાં તપાસ કરવાને મન થાય અને તેમને સંતોષકારક થાય તેવી ગોઠવણ ઉપર તેઓ પોતાની મેળેજ આવી જાય.

આ રીપોર્ટ બર્ડે પોતે વર્ણવેલી રીત ખોડ ખાંપણ વિનાની છે એમ તો કહી શકાય તેમ નથી, પણ મુંબાઇની રીત કરતાં તે વધારે સારી હતી. મુંબાઇમાં તો ગોલ્ડફિન્ચ કહે છે તેમ સરકાર દરેક ખેતર ઉપર જમાબન્દી ઠરાવે અને ખેડુએ કાંતો તે જમાબન્દી ઉપર એ ખેતર રાખવું અથવા કાઢી નાંખવું.

ઉપજ અને સરકાર હકનું પ્રમાણ શું છે ? એ પ્રશ્નના જવાબમાં મિ. બર્ડે કહ્યું કે મારૂં સામાન્ય માનવું એવું છે કે દશમા ભાગ કરતાં વધારે નહીં અને તેમણે વધારે ઉમેર્યું કે મદ્રાસ અને બીજા ભાગોમાં સુપ્રસિદ્ધ છે કે જમાબન્દી પહેલેથી બહુ ઉંચી મુકરર કરવામાં આવી છે અને તેથી લોકો નિર્ધન થતા જાય છે.

રીપોર્ટ બર્ડે હિંદુસ્તાન છોડયું તે વખતે તેણે આરંભેલું કામ લગભગ પૂરું થયું હતું, અને તેની દેખરેખ એક બીજા લાયક અમલદારને સોંપવામાં આવી હતી. ૧૮૪૩ થી ૧૮૫૩ સુધી જેમ્સ ટૉમેસન વાયવ્ય પ્રાંતોના લે. ગવર્નર હતા. તેઓ ઘણાજ માયાળુ અને પરોપકારી હતા. તેમણે ૧૮૪૪ માં સેટલમેન્ટ અધિકારીઓને માટે સૂચનાઓ ઘડી કહાડી કે જે આ બાબતના ધારાઓનો પહેલવહેલો સંગ્રહ છે. ઘણાં વર્ષ સુધી આ ધારો મુખ્ય પ્રમાણ મનાતો, તેની પ્રસ્તાવનામાં નીચેનાં ધોરણો નિયત કરવામાં આવ્યાં છે.

૧. દેશમાં તમામ વસતિવાળા મુલકના ચોકસ સીમાઓવાળા મહાલો પાડવામાં આવ્યા છે. દરેક મહાલ ઉપર વીસ અથવા ત્રીસ વર્ષને માટે જમાની એક રકમ મુકરર કરવામાં આવી છે. તેની ગણત્રી એવા ધોરણે કરવામાં આવી છે કે જમીનની ચોખ્ખી ઉપજમાંથી અમુક નફો રહી શકે. એમ ધારવું કે

આ જમીન વંખતસર આપવા માટે જમીન સરકારને હમેશને માટે મંડાણ છે.

૨. નફો લેવાને કોણ હકદાર છે તે પણ નક્કી કરવામાં આવ્યું છે. આવી રીતે મુકરર કરેલો હક વેચી શકાય તેવો અને વારસામાં ઉતરે તેવો છે. તે હક જેમનો હોય–તે જમીનના માલીક ગણાય છે, અને તેમની પાસે મહાલની જમા વર્ષોવર્ષ નિયમસર આપે જવાના કરારો કરાવી લેવામાં આવે છે.

૩. મહાલના દરેક માલીકો–એકાજુતે એકામતે સરકારની જમા આપવાને બંધાયલા છે એમ ગણવામાં આવે છે.

ઉત્તર હિંદુસ્તાનમાં લોર્ડ વિલ્યમ બેન્ટિન્કનું શરૂ કરેલું આ મહાન્ કાર્ય પૂરું કરવામાં ટોમેસનને દશ વર્ષ લાગ્યાં. બેન્ટિન્કને જેમ મેટકાફ, ટ્રેવેલ્યન અને મેકોલે જેવા મદદગારો હતા, તેમ ટૉમેસને પણ જોન લોરેન્સ, રોબર્ટ મોન્ટગોમારે અને વિલ્યમ મુર જેવા, સહાયકો તૈયાર કર્યા હતા. તેમને બધાને લોકનાં હિત માટે શ્રમ લેવાની લોર્ડ વિલ્યમ બેન્ટિન્કની સદિચ્છા વ્હોટી હતી. ટૉમેસનના દશ વર્ષના શુભ શ્રમની ઇંગ્લંડમાં કદર થઇ અને ૧૮૫૩ ના સપ્ટેમ્બરની ૨૭ મી તારીખે તેને મદ્રાસનો ગવર્નર નીમ્યો, પણ આ કદર બહુ મોડી થઇ. તેજ દિવસે તા. ૨૭ મી સપ્ટેમ્બર ૧૮૫૩ ને રોજ ટૉમેસન જે મુલકના લોકોની સેવામાં પોતાના જીવનનો શ્રેષ્ઠ ભાગ અર્પણ કર્યો હતો તેજ મુલકમાં બેહસ્તનશીન થયો.

બે વર્ષ પછી સરકાર હક કમતી કરવાની બેન્ટિન્કની નીતિના સારાપણાનો પુરાવો મળ્યો. તેણે ચોખ્ખી ઉપજના બે ભાગ ત્રીજ જેટલો સરકાર હક ઠરાવ્યો હતો. પણ આટલો દર પણ આકરો અને અવ્યવહાર્ય જણાયો હતો. લોર્ડ ડેલાહુસીના અમલ દરમિયાન પ્રસિદ્ધ સહરાનપુરના નિયમોથી ચોખ્ખી ઉપજનો અડધ ભાગ જેટલો સરકાર હક રાખવો એમ મુકરર કરવામાં આવ્યું હતું.

"એક મહાલની મગદુર ચોકસાઇથી મુકરર થઇ શકે નહિ, પણ સરાસરી ચોખ્ખી ઉપજ કેટલી આવે છે તે પ્રથમ કસ્તાં હવે નિર્ણીત થઇ શકે તેમ છે.

આનાથી વખતે વધારે પડતો આકાર ઠરાવાય કારણ કે લાંબા વર્ષોના ગાળામાં ઉપજના છાસઠ ટકા લોક આપી શકે નહિ. આટલા માટે સરકાર એવા ઠરાવ ઉપર આવી છે કે સરાસરી ચોખ્ખી ઉપજના ૫૦ ટકાએ સરકાર હદની મર્યાદા બાંધવી. આનો અર્થ એવો નથી કે સરાસરી ચોખ્ખી ઉપજના પચાસ ટકાએ સરકાર હક મુકરર કરવો, પણ બીજી બધી બાબતો ધ્યાનમાં લેવાની સાથે આ વાત પણ ધ્યાનમાં રાખવી કે સરકાર હક જે થાય તે સરેરાશ ચોખ્ખી ઉપજના અડધની આસપાસ હોવો જોઇએ. છાસઠ ટકાની આસપાસ નહિ.

અર્ધા સૈકા સુધી વારંવાર ભૂલો કર્યા પછી સરકારે આસરે ચોખ્ખી ઉપજના પચાસ ટકાની હદ ઠરાવી અત્યારે આ ધોરણ જ્યાં યાવચ્ચન્દ્રદિવા કરો જમા નથી ત્યાં સાર્વત્રિક છે. મદ્રાસ અને મુંબઇમાં સર ચાર્લ્સ વુડના ૧૮૬૪ ના ખરીતાથી આર્થિક "રેન્ટ" ના અરધ પ્રમાણ જેટલો સરકાર હક મુકરર કરવામાં આવ્યો છે. સહરાનપુરના નિયમોમાં પણ ૧૮૫૫ ના નિયમો પ્રમાણે અરધનો ઠરાવ થયો છે. આ ધોરણને સખ્તાઇથી અને પ્રમાણિકપણે વળગી રહેવામાં આવે તો હિંદુસ્તાનની સરકારને ઘણો લાભ થાય.

પણ જ્યાં લોકોને કાંઇ અવાજ જ નથી અને મહેસુલના અધિકારીઓના હાથમાં મહેસુલી નીતિ છે, ત્યાં સ્પષ્ટ હુકમોના અર્થો તાણી ખેંચીને કરવામાં આવે છે અથવા ખોટા અર્થો થાય છે કે જેથી નિયમો કોરાણે મૂકાય છે. મદ્રાસ અને મુંબઇમાં આ કેવી રીતે થયું હતું તે બીજે ઠેકાણે વર્ણવ્યું છે. લોર્ડ કેનિંગે તો આખા હિંદુસ્તાનમાં 'યાવચ્ચન્દ્ર દિવાકરૌ' જમાબન્દી કરવાની દરખાસ્ત ૧૮૬૨ માં કરી હતી. તેને લોર્ડ લોરેન્સ, સર ચાર્લ્સ વુડ અને સર સ્ટેફર્ડ નોર્થકોટે ટેકો આપ્યો હતો, પણ આખરે ૧૮૮૪ માં તે રદ થઇ. સહરાનપુરના ધારા પણ રેવિન્યુ અધિકારીઓ અમલમાં આવવા દેતા નથી. તે ધારાઓનો અર્થ તો સ્પષ્ટ છે. સરાસરી ચોખ્ખી ઉપજના પચાસ ટકાથી વધારે સરકાર હક ન હોવો જોઇએ એવું તે ધારાઓનું

ચોખ્ખું ધોરણ છે; પણ અમલ કરતી વખતે આ ધારાનો અર્થ ભવિષ્યની ચોખ્ખી ઉપજ એવો કરવામાં આવે છે. કોઇ મહાલની ચોખ્ખી ઉપજ ૧૨૦૦૦ રૂપિયા હોય તો સરકાર હક્ક ૬૫૦૦ કે ૭૦૦૦ સુધી આકારાય કારણ કે જતે દહાડે મહાલની ઉપજ ભવિષ્યમાં ૧૩૦૦૦ કે ૧૪૦૦૦ રૂપિયા સુધી પહોંચે. વળી જમીનનો આકાર ચોખ્ખી ઉપજના ૫૦ ટકા જેટલોજ હોવો જોઇએ એમ છે છતાં, કેળવણી, પોસ્ટ ઑફીસ વિગેરે બદલ નવા કરો નાખવામાં આવે છે અને તે આકારના પ્રમાણમાં આકારવામાં આવે છે, અને તેથી કરીને જમીન ઉપજનો સરકારનો ભાગ વધે છે. આ શું કહેવું જુદું અને કરવું જુદું એવી રાજનીતિ નથી. ?

પ્રકરણ ૬ ઠું.

ઉદ્યોગની પડતી.

૧૭૬૬–૧૮૧૩

ઓગણીસમા સૈકાના પહેલા દસકા સુધી તો હિંદુસ્તાનના લોકો તરેહ તરેહના ધંધા રોજગાર કરતા હતા તે આપણે પાછળ જોઇ ગયા. વણવાનો ધંધો સર્વ સાધારણ હતો. લાખો સ્ત્રીઓ સુતર કાંતીને ગુજરાન ચલાવતી; અને રંગવાનો, ચામડાં કેળવવાનો, કસારાનો, એ બધા ધંધા લાખો માણસોને રોજી આપતા હતા.

પરંતુ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની રાજ્યનીતિ હિંદના ઉદ્યોગોને ખીલવવાની ન હતી. છેક ૧૭૬૬ની સાલમાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધિષ્ઠાતાઓએ રેશમ

માલ પેદા કરવાનું મંદ પાડી નાંખવાની અને કાચુ રેશમ પેદા કરવાનો ઉદ્યોગ વધારવાની ઇચ્છા બતાવી હતી; અને તેમણે એવી પણ ઇચ્છા બતાવી હતી કે રેશમ વીંટનારાઓને સરકારના હુકમથી સરકારી કારખાનાંમાંજ કામ કરવા ફરજ પાડવી અને બીજે કંઇ કામ કરવા મનાઇ કરવી. આ હુકમની ધારેલી અસર થઇ. રેશમ અને સુતરના માલની પેદાશ હિંદમાં મંદીમાં પડતી ચાલી, અને જે લોકો પ્રથમ આ માલ યુરોપ અને એશિયાના બજારોમાં મોકલતા હતા તે હવે ત્યાંથી ખરીદવા લાગ્યા. નીચેના પત્રક ઉપરથી ત્રીસ વર્ષમાં ઈંગ્લંડથી જે સુતરાઉ માલ આવ્યો તે જણાઇ આવશે.

૧૭૯૪...	પાઉન્ડ ૧૫૬	૧૮૦૪.....	૫૯૭૬
૧૭૯૫.....	૭૧૭	૧૮૦૫.....	૩૧૯૪૩
૧૭૯૬.....	૧૧૨	૧૮૦૬.....	૪૮૫૨૫
૧૭૯૭.....	૨૫૦૧	૧૮૦૭.....	૪૬૫૪૬
૧૭૯૮.....	૪૪૩૬	૧૮૦૮.....	૬૯૮૪૧
૧૭૯૯.....	૭૩૧૭	૧૮૦૯.....	૧૧૮૪૦૮
૧૮૦૦.....	૧૯૫૭૫	૧૮૧૦.....	૭૪૬૯૫
૧૮૦૧.....	૨૧૨૦૦	૧૮૧૧.....	૧૧૪૬૪૯
૧૮૦૨.....	૧૬૧૯૧	૧૮૧૨.....	૧૦૭૩૦૬
૧૮૦૩.....	૨૭૮૯૬	૧૮૧૩.....	૧૦૮૮૨૪

કમ્પનીનો પટો ૧૮૧૩ માં તાજો કરવામાં આવ્યો, પણ તાજો કરી આપતા પહેલાં તજવીજ કરવામાં આવી હતી, અને ઘણા સાક્ષિઓ તપાસ્યા હતા.

આ વખતે વૉર્ન હેસ્ટિંગ્સ, ટોમસ મન્રો અને સર જોન માલકમ જેવા સાક્ષિઓની જુબાનીઓ થઇ હતી; અને આમની સલાએ હિંદના લોકોને માટે ઘણી લાગણી બતાવી હતી; પણ હિંદુસ્તાનના ઉદ્યોગોના સંબંધમાં તેને બદલે બ્રિટિશ માલ કેવી રીતે દાખલ થાય અને હિંદના ઉદ્યોગોનું ગમે તે થાય પણ બ્રિટિશ ઉદ્યોગ હિંદને માટે કેવી રીતે ખીલે તે શોધી કાઢવાની તેમને મુખ્ય દરકાર હતી.

પાછલા અર્ધા સૈકામાં હિંદમાં ભયંકર દુષ્કાળો ઉપરાઉપરી આવી ગયા હતા. આ તજવીજ થઇ તેજ વર્ષમાં એક દુકાળ મુંબઇ મલાકાને ઉજ્જડ કરતો હતો. બંગાળ અને મદ્રાસમાં તમામ ધંધો રોજગાર નષ્ટ થઇ ગયો હતો. પણ હિંદી પ્રજાની આબાદી થાય તેવાં ધનનાં સાધનોનો સજીવન કરવાની બાબતમાં એક પણ પ્રશ્ન કોઇએ પૂછ્યો હોય એમ આ મોટાં થોથાંઓમાં જોવામાં આવતું નથી, પરંતુ બ્રિટિશ માલ હિંદુસ્તાનમાં કેવી રીતે બળથી પણ દાખલ કરવો તેની ફરી ફરીને શોધ થતી જોવામાં આવે છે. વૉર્ન હેસ્ટિંગ્સને સવાલ પૂછ્યો હતો કેઃ—

"હિંદુસ્તાનના લોકોના સ્વભાવથી અને રીતભાતથી તમે વાકેફ છો; તો તમે એમ ધારોછો કે હિંદુસ્તાનના લોકો પોતાના ઉપયોગ માટે યુરોપના માલની માગણી કરવા તૈયાર થવાનો સંભવ છે ?

જવાબ—વેપારનું મુખ્ય પ્રયોજન લોકોની જરૂરીયતો અને તેમના મોજશોખની ચીજો પૂરી પાડવાનું છે. હિંદના ગરીબ લોકોને કંઇ જરૂરીયાતજ નથી એમ કહી શકાય. તેમની જરૂરીયાતો માત્ર—રહેવા માટે ઘર, શરીર નિર્વાહ માટે અન્ન, શરીર ઢાંકવા માટે કંઇક કપડાં—એટલીજ છે, અને આ બધી વસ્તુઓ તો જે જમીન ઉપર તેઓ હાલ ચાલે છે તેમાંથી તેમને મળી શકે છે."

સર જોન માલકમ જે આપણા દેશના લોકોમાં ઘણું રહ્યો હતો, અને જેમના જેટલું આપણા સંબંધે જ્ઞાન બીજા કોઇ ઇંગ્રેજને ભાગ્યેજ હશે તે આપણા શીલ સ્વભાવ સદ્‌ગુણને માટે ઉંચો પુરાવો આપે છે. ઉત્તર હિંદુસ્તાનના સંબંધમાં બોલતાં તે લખાવે છે કે,

" હિંદુઓ સામાન્ય રીતે ઊંચા કદને માટે જેટલા પ્રખ્યાત નથી તેટલા કેટલાક ઉત્તમ માનસિક ગુણોને માટે પ્રખ્યાત છે. તેઓ બહાદુર, ઉદાર અને દયાવાળા છે, અને તેમનું સત્યવક્તૃત્વ તેમની હીમતના જેટલું જ અવધેય છે. " પછી તેઓ બ્રિટિશ માલ વાપરશે કે કેમ તે સંબંધે સવાલ પૂછતાં સર જોન માલકમ જવાબ આપે છે કે " તેઓ યુરોપીયન માલ વાપરે એવો સંભવ નથી; કારણકે એમની સાદી રીતભાત છતાં તેઓને કદાચ જરૂર પડે એમ માનીએ તોપણ તેમની પાસે તે ખરીદવાનાં સાધન નથી."

ગ્રીમ મર્સર–જેમણે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની ડાકટર તરીકે અને રેવિન્યુ અને પોલિટિકલ ખાતામાં નોકરી કરી હતી, તેઓ ભારતવર્ષના લોકનું આમ વર્ણન આપે છે:—

" તેઓ સ્વભાવે નરમ છે. રીતભાતમાં સફાઇદાર છે, અધિકારીઓના આજ્ઞાપાલક છે, પોતાના ધર્મશાસ્ત્રોના પરમભક્ત છે, અને તેમાં ઉપદેશેલાં વ્રતાદિક કર્મો કરવામાં તેઓ ગફલત કરતા નથી. " અને યુરોપીયન માલ દાખલ થવાના સંભવની બાબતમાં તેઓ લખાવે છે કે લોર્ડ વેલ્સલીએ રોહીલખંડમાં બ્રિટિશ માલ પ્રદર્શિત કરવા સારૂ મેળા ભરીને–અને હરદ્વારના મેળામાં તેવાજ હેતુથી બ્રિટિશ રેસિડન્ટને હાજર થવાને હુકમ કરીને તેમ કરવા પ્રયત્ન કર્યો હતો.

પણ સહુથી વધારે અગત્યનો સાક્ષિ સર ટોમસ મન્રો હતો. આ પ્રખ્યાત સ્કોચ ગૃહસ્થના પુરાવામાં પહેલેથી છેલ્લે સુધી ૨૭ વર્ષની કારકીર્દિ દરમિયાન

જે લોકો-રાષ્ટ્રન પરાયણતા અને બીજા સદ્‌ગુણો દેખાયા હતા તે શબ્દેશબ્દે આપણને જણાય છે.

મનુ કહે છે કે, ખેતીવાડીના દાડીઆની દાડી સરાસરી મહિનાના ૪ શીલીંગથી ૬ શીલીંગ છે. અને નિર્વાહનું ખરચ સરેરાશ માથા દીઠ વરસ દહાડે ૧૮ શીલીંગથી ૨૭ શીલીંગ થવા જાય છે ઈંગ્લંડનો ઉનનો માલ હિંદમાં ખપવા કાંઇ સંભવ નથી, કારણકે લોકો પોતાનાં બનાવેલાં જાડાં ઉનનાં કપડાં વાપરે છે, તેઓ માલ પેદા કરવામાં બહુ હુશીઆર છે, અને બ્રિટિશ માલનું અનુકરણ કરવાની તેમનામાં શક્તિ છે. હિંદુ સ્ત્રીઓ તેમના સ્વામિની ગુલામ છે કે કેમ ? તે સવાલના જવાબમાં મનુએ કહ્યું કે "અહીંઆંની સ્ત્રીઓનો પોતાના કુટુંબમાં જેટલો પ્રતાપ છે તેટલોજ તેમનો પણ તેમના કુટુંબમાં ત્યાં આગળ છે." અને પછી હિંદુઓનો સુધારો ખુલ્લાં બજાર કર્યે વધવા સંભવ છે કે કેમ-તેના જવાબમાં પ્રસિદ્ધ જવાબ આપે છે કે " હિંદુઓનો સુધારો એ શબ્દથી તમે શું કહેવા માગો છો તે હું સમજતો નથી. પદાર્થવિદ્યાની ઉંચી શાળાઓમાં, રાજ્યનીતિશાસ્ત્ર અને રાજ્યવ્યવસ્થાના વહીવટમાં, અને મનના વહેમ અને ભ્રાન્તિઓ દૂર કરી ગમે તે દ્વારેથી જ્ઞાન સંપાદન કરવા રૂપ કેળવણીમાં તેઓ યુરોપિયનથી ઉતરતા છે; પણ ખેતીની સારી પદ્ધતિ, માલ પેદા કરવાની અનુપમ કુશળતા, સગવડ અથવા મોજશોખને માટે જે જોઇએ તે ઉત્પન્ન કરવાની શક્તિ, લખવા વાંચવાનું અને લેખાંનું જ્ઞાન આપવા સારૂ દરેક ગામડાંમાં સ્થાપવામાં આવેલી શાળાઓ તેમની અને ધર્માદાની વૃત્તિના આતિથ્યની અને ધર્માદાની વૃત્તિ અને સ્ત્રીઓ, સુકુમાર વર્ત્તણુક એ બધાં જે સુધરેલા લોકોનાં ચિન્હો હોય તો હિંદુઓ યુરોપના લોકો કરતાં ઉતરતા નથી, અને જો બે દેશો વચ્ચે સુધારાનો વેપાર ચલાવી શકતો હોય તો હું ધારું છું કે ઇંગ્લંડને ત્યાંથી આયાત કરવામાં વધારે ફાયદો મળે"—

પોતાના વખતની હિંદની કારીગરી માટે મનોને બહુ ઊંચો અભિપ્રાય હતો. બ્રિટિશ માલ હિંદમાં ફેલાતો અટકે છે તેનું કારણ પૂછતાં તે ખુલાસો કરે છે કે–તેનું કારણ 'લોકોની ધાર્મિક અને સાંસારિક વ્યવહારની રીત-ભાત–અને બીજા બધા કરતાં વધારે સઘળું હું ધારું છું કે તેમના પોતાના માલની સરસાઇ "હિન્દી એક શાલ મેં સાત વર્ષ સુધી વાપરી હતી, અને તેટલા લાંબા વપરાશ પછી મેં તેમાં કાંઇ પણ ફેર જોયો ન હતો" અને ઇંગ્લંડમાં થતી તેના અનુકરણની શાલોના સંબંધમાં તેણે કહ્યું કે, મને મફત આપે તો પણ મને વાપરવાનું મન થાય તેવી યુરોપિયન શાલ હજી મેં જોઇ નથી.

આ સિવાય એક બીજી સાક્ષિના પુરાવાની પણ નોંધ લેવી જોઇએ. સર જોન સ્ટ્રેચિની; ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ન્યાય ખાતાના નોકર હતા, બંગાલાના અન્ડર સેક્રેટરી હુ ગવર્મેન્ટ હતા. તેમણે પુરાવો આપ્યો કે "હિંદી મજુર મહીને સાડાત્રણ શીલીંગથી સાડાસાત શિલીંગ કમાય છે. આવી પ્રજા બ્રિટિશ માલ શી રીતે વાપરી શકે ! હું નથી ધારતો કે તેઓ સામાન્ય વ-પરાશમાં કોઇ વખતે અનાયાસે સસ્તાં મળી જાય–તેવાં હલકાં ઉનનાં કાપડ બનાત વગેરે સિવાય કંઇપણ યુરોપની ચીજ વાપરતા હોય. "

આવી તરેહની તજવીજનો હેતુ સ્પષ્ટ સમજાઇ જાય છે. બીજાને માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરવો એ મનુષ્ય સ્વભાવ નથી; અને ઓગણીસમા સૈકાની શરૂઆતમાં બ્રિટિશ રાજપુરુષોએ ભારતવર્ષના ઉદ્યોગોની પાયમાલી કરી પોતાના દેશના ઉદ્યોગો ઉત્કૃષ્ટ કરવા જેટલું બન્યુ તેટલું કરવા ચૂક્યા નથી. કમ્પનીના ગવર્નર જનરલ અને આરતીયા મારફત હિંદુસ્તાનમાં બ્રિટિશ મા-લનો વપરાશ પરાણે દાખલ કર્યો; અને ઇંગ્લંડમાં અતિશય ભારે જકાત નાં-ખીને હિંદી માલને દાખલ થવા દીધો નહિ. જોન રેન્કિન્ગ નામના વેપારીની જુબાની ઉપર આ બાબત સ્પષ્ટ સમજી શકાય છે.

પ્ર. 'ઇસ્ટ ઇન્ડિયા હાઉસ' માં જે માલ વેચાય છે તેના ઉપર કેટલા ટકા જકાત છે તે તમે કહી શકશો ?

જ. (૧) કેલીકોના ઉપર આયાત જકાત ૩ પાઉંડ ૬ શિ. ૮ પેન્સ છે અને જો દેશમાં વપરાશને માટે લેવામાં આવે તો સેંકડે ૬૮ પાઉંડ ૬ શિ. ૮ પેન્સ જકાત છે.

(૨) મસ્લીન ઉપર આયાત જકાત દશ ટકા છે, પણ દેશના વપરાશને માટે લેવામાં આવે તો, ૨૭ પાઉંડ ૬ શિલિંગ ૮ પેન્સ છે.

(૩) રંગેલો માલ આ દેશમાં વાપરવાનીજ બંધી છે. તે ફક્ત બીજે દેશ ચઢાવવાને માટેજ અહીં આવેછે. તેના ઉપર પણ ૩ પૌંડ ૬ શિલિંગ ૮ પેન્સ જકાત છે.

પાર્લામેન્ટની આ બેઠકમાં વળી આના ઉપર બીજી વીસ ટકા જકાત નાખવામાં આવીછે. આ જકાત જેથી હવે કેલિકો ઉપર ૭૮ પા. ૬ શિ. ૮ પે. અને મસ્લીન ઉપર ૩ પા. ૬ શિ. ૮ પે. જેટલી જકાત થશે.

આ જકાતનો ખરો હેતુ છુપાવવાને કાંઇ કારણ ન હતું. તેજ સાક્ષી આગળ જતાં કહેછે કે—આ જકાત આપણા પોતાને માલને ઉત્તેજન આપવા માટે અનુગ્રાહક જકાત છે એમ હું માનું છું.

ભારતવર્ષની કારીગરી ઉપર આ ભારે જકાતની શી અસર થઇ ? હેનરિ એન જોન ટકર, જેનું નામ ઉત્તર હિંદુસ્તાનની જમાબન્દીના સંબંધમાં પાછળ આવી ગયું છે તે ઇંગ્લંડ ગયા પછી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધિષ્ઠાતૃ મંડળમાં અધિકાર પામ્યા હતા. તેણે ઇંગ્લંડની હિંદુસ્તાન તરફની વ્યાપારી રાજ્યનીતિનાં પ્રયોજન અને અસર ખુલ્લાં કરીને બતાવી આપ્યાં હતાં. ઉપરની પાર્લામેન્ટની તજવીજ પછી દર વર્ષે ૧૮૨૩ માં લખતાં તે કહેછે કે:—

આ દેશમાં હિંદુસ્તાન તરફ જે વ્યાપારી રીતી આપણે દાખલ કરી છે તે શી છે ? ત્યાંનો રેશમનો અને ગરભસુતરૂ માલ ઘણાં વર્ષથી આપણી બન્દરોમાંથી બાતલ થઇ ગયો છે. અને હાલમાં, ૬૭ ટકા જેટલી જકાતને લીધે, તેમજ ઉંચા પ્રકારની યાંત્રિક યોજનાથી, આપણે સુતરાઉ કાપડ જે અત્યાર

સુધી ઇન્ડિયાનો મુખ્ય માલ હતો તે, આ દેશમાંથી બાતલ કર્યોંછે એટલું જ નહિ પણ આપનો માલ કેટલાક જથામાં હિંદુસ્તાન મોકલાવીએ છીએ. આવી રીતે ભારતવર્ષ એક કારીગરીનો મુલક મટી ખેતીવાડીનો મુલક થઇ ગયોછે,

આથી વધારે ભારદાર અભિપ્રાય હિંદુસ્તાનના ઇતિહાસકાર હોરેસ વિલ્સન સાહેબનો છે.

"આપણા આશ્રય નીચે આવેલા હિંદુસ્તાનને કરેલા નુકશાનનો આ પણ એક બહુ શોકજનક દાખલો છે. ૧૮૧૩ ની તજવીજમાં એવી જુબાનીઓ પડી હતી કે હિંદુસ્તાનનો સુતરાઉ અને રેશમી માલ ઇંગ્લંડમાં બનેલા તેવા માલને મુકાબલે પચાસ સાઠ ટકા ઓછી કિંમતે ઇંગ્લંડના બજારમાં વેચી શકાતો. આથી તેની કિંમત ઉપર ૭૦-૮૦ ટકા જકાત નાંખવાની અથવા તેવા માલનો તદ્દન પ્રતિબંધ કરવાની જરૂર પડી. જો આ પ્રમાણે ન થયું હત, આવી પ્રતિબંધક જકાત નાખવામાં ન આવી હત તો પેઝલી અને મેન્ચેસ્ટરની મિલો શરૂવાતમાંજ બંધ થઇ હત, અને પાછળથી વરાળની મદદથી પણ ઉભી થવા પામી હત નહિ. હિંદની કારીગરીને ભોગે તેની ઉત્પત્તિ થઇ હતી. જો ભારતવર્ષ સ્વતંત્ર હત તો તેણે બ્રિટીશ માલ ઉપર પ્રતિબંધક જકાત નાંખી સામો દાવ વાળ્યો હત, એને તેવી રીતે પોતાની કારીગરીની પાયમાલી અટકાવી હત. આ આત્મરક્ષણનું કૃત્ય તેનાથી બની શકે તેમ નહતું. તે દેશ પરદેશીના હાથમાં હતો. કંઇ પણ જકાત વિના બ્રિટિશ માલ પરાણે તેના માથા ઉપર મારવામાં આવ્યો હતો અને પરદેશી વેપારીએ જે હરીફ સાથે ધર્મ યુદ્ધથી ફાવી શકાય તેમ નહતું તેને દાબી નાખવાને માટે અને પરિણામે ગુંગળાવવાને માટે રાજકીય અન્યાયનું હથિયાર વાપર્યું."

હિંદુસ્તાનના માલને દાબી દેવા માટે ઇંગ્લંડમાં આ રાજ્યનીતિ હાથ ધરવામાં આવી હતી ત્યારે હિંદુસ્તાનમાં સ્વીકારેલી પદ્ધતિ પણ કંઇ સુધારો કરે તેવી ન હતી. દેશની ઉપજ કમ્પનીની ખરીદીમાં વપરાતી; નીચેની યાદી

ઉપરથી કેટલી રકમ આવી રીતે કાંઇપણ તરેહના નફા વિના યુરોપ મોકલવા માટે માલ ખરીદવામાં વપરાતી તે જણાઇ આવશેઃ—

વર્ષ	ખરીદીની કિંમત.	વર્ષ	ખરીદીની કિંમત.
૧૭૯૩–૪ પાઉન્ડ	૧૨૨૦૧૦૬	૧૮૦૩–૪.....	૧૧૮૭૦૯૭
૧૭૯૪–૫.....	૧૨૮૮૦૫૯	૧૮૦૪–૫.....	૧૦૮૮૭૦૦
૧૭૯૫–૬.....	૧૮૨૧૫૧૨	૧૮૦૫–૬.....	૧૩૩૫૪૬૦
૧૭૯૬–૭.....	૧૭૦૮૩૭૯	૧૮૦૬–૭.....	૯૮૬૩૧૦
૧૭૯૭–૮.....	૧૦૨૫૨૦૪	૧૮૦૭–૮.....	૮૮૭૧૧૯
૧૭૯૮–૯.....	૨૦૧૯૨૬૫	૧૮૦૮–૯.....	૧૦૧૩૭૪૦
૧૭૯૯–૧૮૦૦	૧૬૬૫૬૮૯	૧૯૦૯–૧૦ ...	૧૨૪૦૩૧૫
૧૮૦૦–૧.....	૨૦૧૩૯૭૫	૧૮૧૦–૧૧ ...	૯૬૩૪૨૯
૧૮૦૧–૨.....	૧૪૨૫૧૬૮	૧૮૧૧–૧૨ ...	૧૧૧૦૯૦૯
૧૮૦૨–૩.....	૧૧૩૩૫૨૬		

ઓગણીસ વર્ષનું કુલ ૨૫૧૩૪૬૭૨

વાર્ષિક સરેરાશ. ૧૩૨૨૮૭૭

આ ખરીદીની રીત નીચે પ્રમાણે હતી. ડિરેક્ટરોને કેટલું જોઇએ છીએ તેની ખબર આવે, એટલે હિંદુસ્તાનની વ્યાપારી રાજ્યસભા જ્યાં જ્યાં માલ બનતા હોય તે કારખાનાં ઉપર તે ખબર મોકલાવી આપે. આ કારખાનાંઓના મુખી-

ઓ તાબાનાં કારખાનાઓમાં તે વેહેચી નાંખે અને વણકરોને અમુક દિવસે તે પ્રમાણે માલ તૈયાર કરવા સારૂ અગાઉથી નાણાં લેવાને માટે બોલાવે. દરેક વણકરને જે રકમ અપાય તે તેને ખાતે મંડાય અને જે માલ તે આપે તે તેને ખાતે જમે થાય. જો વણકરો ભાવમાં વાંધો નાંખે તો વેપાર સભા પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય કરે.

૧૮૧૩ ની કમિટિએ કરેલી તજવીજમાં પડેલ પુરાવાથી આ રીતમાં કેટલો દુરૂપયોગ થતો હતો તે જણાઇ આવે છે. ટોમસ મનરો કહી ગયો છે કે બારામહાલમાં કંપનીના નોકરો બધા વણકરોને એકઠા કરે, અને જ્યાં સુધી તેઓ ફક્ત કમ્પનીનેજ આપીશું એવો કરાર ન કરે ત્યાં સુધી તેમને પેરામાં રાખે. એકવાર વણકરે અંગ ઉપર રકમ લીધી એટલે જવાબદારીમાંથી તે કદી મુક્ત થાય નહિ. જો માલ આપતાં વિલંબ થાય તો તેના ઉપર પેરો (મોશલ) મૂકાય, અને તેના ઉપર કોર્ટમાં કામ પણ ચાલે. પટાવાળાનો પેરો (મોશલ) મૂકાયો એટલે વણકર ઉપર હમેશના એક આનાનો દંડ; અને પટાવાળાના હાથમાં નેતરની સોટી આપવામાં આવે, જેનો ઘણીવાર સદુપયોગ પણ થાય. ઘણીવાર વણકરોના દંડ થાય અને દંડની વસુલાત સારૂ તેમનાં પીતળનાં વાસણો જપ્ત થાય. આવી રીતે વણકરની તમામ વસતિ કારખાનાઓવાળાના તાબામાં થઇ ગઇ હતી. મિ. કોક્રસ લખાવે છે કે જે કારખાનાં ઉપર તેની દેખરેખ હતી તેમના કુટુંબ અને સંબંધીઓ સિવાય–૧૫૦૦ વણકરો તેના એકલાના તાબામાં હતા.—

વળી આ વણકરો ઉપર જે અમલ ચલાવવાનો તેનો આધાર માત્ર વહીવટ ઉપર ન હતો પણ તેનો કાયદાનો પણ આધાર હતો. એવો કાયદો ઘડવામાં આવ્યો હતો કે (૧) કોઇ વણકર કમ્પની પાસેથી અગાઉથી નાણાં લે તો તેણે કમ્પની સિવાય બીજા કોઇ દેશી અથવા યુરોપીયનને કમ્પની સાથે કરાર કર્યો હોય તે માલ આપવો નહિ, અથવા તેવા કોઇને માટે કંઇ પણ મ-

જુરી પણ કરવી નહિ; (૨) જો મુકરર કરેલું કાપડ આપવામાં ગફલત કરે તો માલ જલદી તૈયાર કરાવવા માટે આરતીઆને તેના ઉપર મોશલ મૂકવાનો અધિકાર આપવામાં આવ્યો હતો; (૩) જો તે બીજા કોઇને માલ વેચે તો તેના ઉપર દીવાની અદાલતમાં ફોજદારી કામ ચલાવવું.

(૪) જે વણકર પાસે એક કરતાં વધારે સાળ હોય, અને તે એક અથવા વધારે મજુર રાખીને કામ કરાવતો હોય તે જો કરાર પ્રમાણે માલ ન આપી શકે તો મુકરર કરેલી કિંમતના ૩૫ ટકા જેટલો દંડ આપવાને તે પાત્ર થાય.

(૫) તમામ જમીનદાર અને ખેડુતોને હુકમ કરવામાં આવે છે કે તેમણે કમ્પનીના માણસોને સાળવી પાસે જવામાં કંઇપણ હરકત કરવી નહિ.

(૬) અને કમ્પનીના રેસિડન્ટ આરતીયા તરફ અપમાનની વર્ત્તણુંક કદી પણ ચલાવવી નહિ.

જ્યારે કોઇ પણ કારીગરીના ઉપર કાંઇપણ જુલમ હોય ત્યારે તે આબાદ થતી નથી, પણ આનું માઠામાં માઠું પરિણામ એ હતું કે કમ્પનીનાં માણસો જ્યારે આવી સત્તા વાપરતાં, ત્યારે બીજા યુરોપીયનો આના કરતાં વધારે સત્તા કોઇપણ પ્રકારના અંકુશ વિના વાપરતા હતા.

વૉર્ન હેસ્ટિંગ્સે કહેલું કે હિંદુસ્તાનમાં અંગ્રેજ એક જુદોજ માણસ છે, એક અંગ્રેજ જે ગુન્હા ઇંગલાંડમાં અંગ્રેજનું નામ કરવાની હિમ્મત પણ ન કરે તે ગુન્હાને રક્ષણ રૂપ થાય છે.

લોર્ડ ટેન મથે કહેલું કે યુરોપિયનનો દેશમાં વધારે પ્રચાર અને દેશીઓ સાથે વધારે સંવ્યવહાર થવાથી એક પરિણામ એ આવવાનો સંભવ છે કે તેમનાથી દેશીઓના શીલમાં કંઇ સુધારો થશે નહિ અને દેશીઓના મનમાં યુરોપિયનને માટે જે અભિપ્રાય હશે તે હલકો થઇ જશે.

ટોમસ મનૉએ કહેલું કે, જે વખતે આ દેશમાંથી ઇન્ડિયા તરફ આવવા નીકળે તે વખતે વેપારીઓની રીતભાત શાન્ત હોય કે ગમે તેવી હોય તેમાં કાંઈ તફાવત પડતો નથી; પણ જ્યારે તેઓ હિંદુસ્તાનના રહામા થવાની ટેવ વિનાના લોકો જેમના ઉપર તેઓ અમલ ચલાવી શકે છે, તેઓના સમાગમમાં આવે છે ત્યારે તેઓ કવચિતજ શાન્ત રહે છે. હિંદુસ્તાનમાં દરેક વેપારી, સરકાર સાથે કંઇક સંબંધવાળો ગણાય છે. મેં છેલ્લાં બે ત્રણ વર્ષમાં સાંભળ્યું છે કે બંગાળામાં ૧૮૧૦ ની સાલમાં ગળીના વેપાર કરનાર બ્રાનગી વેપારીઓએ ત્યાંના વતનીઓને કેદ કર્યા હતા. પોતાના માણસોને બોલાવી તેમની સાથે લડાઇ કરેલી અને તેમાં ઘણા ઘાયલ પણ થયેલા.

ટૉમસ મિડનહેમ કહે છે કે મેં જોયું છે કે અંગ્રેજોને બીજી રૈયત કરતાં બીજા દેશોમાં જુલમ કરવાની ટેવ છે; અને હું ધારું છું કે ઇન્ડિયામાં પણ તેમજ છે.

ઇંગ્રેજ વેપારીઓ એટલો બધો જુલમ કરતા કે સરકારને તે સંબંધી હુકમો કાઢવાની જરૂર જણાઇ હતી. સને ૧૮૧૦ ના ૧૩ મી જુલાઇનો એક સરકયુલર આ પ્રમાણે છેઃ—

નીચેના ચાર પ્રકારના ગુન્હાઓ કેટલાક ઉપર સાબીત થઇ ચૂકયા છે.

૧. જુલમનાં કૃત્યો—જે ખુનની વ્યાખ્યામાં ન આવે પણ જેનાથી દેશીઓનાં મરણ નીપજ્યાં હોય.

૨. દેવું પતાવી લેવાના કે એવા કોઇ હેતુથી દેશીઓને જેરવાજબી અટકાયતમાં રાખવા.

૩. પોતપોતાના કારખાનાના લોકોને અને બીજાઓને તોફાન કરવાના ઇરાદાથી એકઠા કરીને બીજાઓ સાથે મારામારી કરવી.

૪. ખેડુ અને બીજા દેશીઓને નેતરની સોટીથી ફટકા મારવા અથવા બીજી શિક્ષા કરવી,

અને આ સરકયુલરમાં એવો હુકમ કરવામાં આવ્યો હતો કે મેજીસ્ટ્રેટોએ હેડોનો નાશ કરવો, ખેડુત ઉપર ફટકા અથવા બીજી ગેરકાયદે શિક્ષા થાય તેના રિપોર્ટો કરવા; અને સરકારના હુકમનું માન ન રાખે તો યુરોપિયન લોકોને દેશના અંદરના ભાગમાં વસવા દેવા નહિ. એક બીજો સરકયુલર તા. ૨૦ મી જુલાઇ સને ૧૮૧૦ ના રોજનો એવી મતલબનો કાઢવામાં આવેલો હતો કે જો વેપારીઓ ગળીયારા લોકોને પ્રથમથી નાણાં આપી તેમની મરજી વિરૂદ્ધ ગળી વાવવાની ફરજ પાડે તેવું કાંઇ બને તો તેનો રિપોર્ટ કરવો.

પણ ગળીના વેપારીઓનો જુલમ બીજાં પચાસ વર્ષ સુધી ચાલ્યો અને જ્યારે બંગાળાના લોકો સામા થયા ત્યારેજ શાન્ત પડયો. ૧૮૫૯ ના ગળીના હુલડ પછી યુરોપિયન વેપારીઓ ગળી વાવવાનો ધંધો કરતા બંધ થઇ ગયા.

બંગાળનો મોટો નાટકકાર દીનબન્ધુ મિત્રે ગળીદર્પણ નામનું નાટક રચીને આ ધંધાદારીઓનો જુલમ ઉઘાડો પાડયો હતો. આ ગ્રંથનું ઇંગ્રેજીમાં ભાષાન્તર કરવા માટે રે. જેમ્સ લોંગને કલકત્તાની હાઇકોર્ટે દંડ અને કેદની શિક્ષા કરી હતી, અને પાછળથી બંગાળાના લે. ગવર્નર થયેલા એશલી ઇડનનું નામ આ જુલમ અટકાવવાને માટે હજી ઉપકારની સાથે સંભારાય છે.

આસામમાં ચહાનું વાવેતર કરવા માટે મજુરો પૂરો પાડવાનો એક કાયદો જેને હિંદુસ્તાનના લોકો 'ગુલામી કાયદો' કહે છે તે હજી હિંદુસ્તાનમાં પ્રચલિત છે. અજ્ઞાન સ્ત્રી પુરૂષોની નુકશાનીની કલમો સાથેના કરાર ઉપર સહીઓ કરાવીને અમુક વર્ષ માટે બાંધી લેવામાં આવે છે. સ. ૧૯૦૧ માં અસામના એક ચિફ કમિશનર અત્યંત આગ્રહ છતાં ચહાના બગીચામાં એ લોકો રહે તે દરમિયાન વાજબી પગાર અપાવવામાં સફળ થયા નથી; પણ હવે ૧૮૫૩ ની સાલ તરફ પાછા આવીએ.

૧૮૧૩ ની તજવીજથી હિંદુસ્તાનને કંઇ પણ ફાયદો થયો નહિ. પ્રતિબંધક જકાતો ઓછી થઇ નહિ. કમ્પનીની ખરીદીઓ બંધ થઇ નહિ, ઉલટું આણી સભાની કમિટિએ એ મંજુર કરી.

" ઉપરની ઉપજમાંથી ખરચ બાદ કરતાં કાંઇ વધે તે કમ્પનીએ ખરીદીમાં, ખરીદી સારૂ નાણાં મોકલવામાં, હિંદુસ્તાનમાંનું કરજ કમી કરવામાં, અથવા કમિશનરોની સભાની પસંદગી સાથે ડિરેકટરોની સભા જે રીતે વખતો વખત હુકમ કરે તે પ્રમાણે વાપરવું."

હોરેસ વિલ્સન લખે છે કે ૧૮૧૩ ની તજવીજ દરમિયાન હિંદુસ્તાનના હિતને માટે ચિંતાના શબ્દો પુષ્કળ વપરાયા હતા; પણ જે પક્ષે આ ચર્ચામાં ભાગ લીધો તેની મોટી સંખ્યા ભારતવર્ષની પ્રજાના કલ્યાણ માટે કોઇપણ પ્રકારના સ્વાર્થ વિના પ્રવૃત્ત થઇ હતી એમ કહેવું મુશ્કીલ છે. સંયુકતરાજ્યના વેપારીઓ અને કારખાનાવાળાઓની માત્ર પોતાનાજ નફા ઉપર નજર હતી.

૧૮૧૩ ની પાર્લમેન્ટની તજવીજનો ખરો હેતુ ઇંગ્લંડનાં કારખાનાંવાળાના હિતની વૃદ્ધિ કરવાનો હતો. નેપોલિયન બોનાપાર્ટે યુરોપ ખંડના બંદરોમાંથી બ્રિટીશ માલ બાતલ કર્યો હતો, ઇંગ્લંડના વેપારીઓ અને કારખાનાવાળાઓ ભારે મુસ્કેલીમાં આવી પડ્યા હતા જ્યાં સુધી ઇંગ્લંડના માલને માટે નવી બજાર શોધી ન કઢાય ત્યાં સુધી તે દેશ ઉપર મોટી આફત આવી પડવાનો સંભવ હતો. આ સ્થિતિમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના અનન્યાધિકાર સામે ઇંગ્રેજ પ્રજાનો મોટો પોકાર ઉભો થયો, અને ૧૮૧૩ માં જ્યારે તેમનો પટો તાજો કર્યો ત્યારે કમ્પનીનો અનન્યાધિકાર રદ કર્યો. આ પ્રમાણે બ્રિટિશ વેપારીઓને ભારતવર્ષના મોટા ખેતરમાં છૂટથી મ્હાલવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. હિંદુસ્તાનના માલના સંબંધમાં તેઓ બહુ ચિંતા રાખે તે મનુષ્ય સ્વભાવ જોતાં બની શકે તેવુંજ ન હતું.

૧૮૧૩–૧૮૩૫

ઉપર પ્રમાણે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો ભારતવર્ષના વેપારનો અનન્યાધિકાર ૧૮૧૩ માં રદ કરવામાં આવ્યો. એકવાર દાખલ થયો એટલે ખાનગી વેપાર વધવા માંડયો અને કમ્પનીનો વેપાર ઘટવા માંડયો અને જ્યારે ૧૮૩૩ માં પટો તાજો કરવાનો વખત આવ્યો તે વખતે કમ્પનીનો વેપાર તદ્દન બંધ કરવાનો સવાલ ઉભો થયો. ઇલાંડનો પ્રબ્ન મત એવો હતો કે રાજ્ય કરવાની ખરજો સાથે વેપાર અસંગત છે માટે, હિંદુસ્તાનનો વેપાર ખાનગી વેપારીઓના હાથમાં રહેવો જોઇએ; એટલે રાજ્યકરનાર કમ્પનીની સાથેની હરીફાઈ જેમાં બીજાઓને ગેર ઇન્સાફ થાય તે દૂર થાય. આ દલીલ લંડનના અને બીજા મોટા વેપારના મથકના વેપારીઓ જોસબેર કરવા લાગ્યા. કારણ કે તેમનામાં કમ્પનીને જે ન્યાયહીન લાભો મળતા હતા તેની ઇર્ષ્યા ઉત્પન્ન થઇ હતી; અને કમ્પનીનો વેપાર બંધ થાય તો પોતાનો વેપાર વધે એવી તેમને આશા બંધાઇ હતી.

આટલા માટે ૧૮૩૩ માં કમ્પનીનો વેપાર તદ્દન રદ કર્યો, અને તે તારીખથી તેઓ હિંદુસ્તાનના વહીવટદાર રહ્યા, અને હિંદુસ્તાનની ઉપજમાંથી પોતાનો નફો લેવા લાગ્યા.

૧૮૩૦–૧૮૩૧–૩૨ માં ઉપરની ચર્ચા ચાલતી હતી, તે દરમિયાન હિંદુસ્તાનના વેપાર સંબંધી ઘણો પુરાવો નોંધાયો છે. ૧૮૩૦ માં ઉમરાવોની કમિટી ૩૦૨ કિંમતી પુરાવો પડેલો છે. એના કરતાં પણ વધારે કિંમતી પુરાવો ૧૮૩૦–૧૮૩૧ ની આમની કમિટી ૩૦૨ પડેલો છે. વળી ૧૮૩૨ ની આમની કમિટી ૩૦૨ નવેસર પુરાવો લેવાયો છે. આ પુરાવો ૬૦૦૦ ફોલીઓ પાનાનાં ૬ મોટાં પુસ્તકોમાં પ્રસિદ્ધ થયેલો છે.

આમાં વેપાર રોજગાર બાબતનો પુરાવો કંઈક એક તરફી છે. ઉમરાવો અને આમના સભાસદો બ્રિટીશ મુડીથી ચાલતા રોજગારની સ્થિતિ બાબત

તપાસ કરતા હતા; હિંદુસ્તાનના લોકોના રોજગારો અને તેમને તેમાંથી મળતી રોજી નફો વિગેરેનો સળગ તેમની પાસે નહતો. તેઓને તપાસ કરવાનું એ હતું કે કમ્પનીનો વેપાર રદ થાય તો બ્રિટીશ પ્રજાનો વેપાર વધે કે નહિ અને ઇંગ્લંડના બાનગી વેપારીઓ અને કારખાનાવાળાઓને નફો થાય કે નહિ. ૧૮૧૩ અથવા ૧૮૩૨ ની તજવીજમાં હિંદુસ્તાનના સ્વકીય વેપાર રોજગારની પુષ્ટિ બાબતમાં તજવીજ કરવાનું તેમને કારણ નહતું, અને તે પછીના ચિત્તેર વર્ષમાં પણ તેવી તજવીજ તેમના તરફથી કરવામાં આવી નથી.

છતાં પહેલા પુરાવામાંથી આપણને ઘણી માહીતી મળેછે. આ પ્રકરણમાં તેનો ટુંકો સાર આપવામાં આવ્યો છે.

૬.

હિંદુસ્તાનનું રૂ અમેરિકાના કપાસ કરતાં ટુંકા તારનું છે, વધારે કચરાવાળું છે અને તેનો માલ બનાવવામાં કુચો વધારે પડે છે. ઘણું કરીને જાડા કાપડમાં તે વપરાય છે, અથવા ઉનનું કાપડ બનાવવામાં મિશ્રણ કરવામાં તે કામમાં આવે છે. સુરતનું રૂ સહુથી સારૂં ગણાય છે. હિંદુસ્તાનમાં બનતી ડાકા મસ્લીનના જેવો માલ ઇંગ્લંડમાં બનતો નથી. તિનેવલીમાં ફ્રાનસાના ટાપુમાંથી મંગાવેલા બીમાંથી સારી બનતનું રૂ ઉત્પન્ન કરવામાં આવે છે. લાંબા તારનું રૂ–દરીઆ કીનારાની પાસેના પ્રદેશ સિવાય બીજે ઠેકાણે થતું નથી, અને પોતાને માટે માલ બનાવવા સારૂ લોકોને તેની જરૂર નથી. હિંદુસ્તાનમાં તમામ રૂ હાથથી કંતાય છે.

અમેરિકન રૂની હરીફાઇથી હિંદુસ્તાનમાં આવતા રૂનો જથ્થો ઘટી ગયો છે. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના મુલકમાંથી આવતું રૂ બ્રિટીશ બજારમાં જે રૂ આવતાં તે બધામાં સહુથી ઉતરતું છે. મુંબઇનું સાફ રૂ અને અમેરિકાના રૂ વચ્ચે દશથી પંદર ટકા કિંમતનો ફેર રહે છે. સુરતનું રૂ જાડા કાપડમાં વપ-

રાય છે, અને ઝીણા કાપડ માટે મિશ્રણ કરવામાં પણ તે કામ આવે છે. હિંદુસ્તાનમાં કપાસમાં સુધારો કરવાના પ્રયત્નો સફળ નીવડ્યા નથી. કેટલેક ઠેકાણે ઉલટું રૂ ઉતરી જાય છે. કેટલેક ઠેકાણે રોપાઓજ બરાબર ઉગી આવતા નથી. કપાસ હિંદનાજ લોકો વાવે છે, ત્યાંથી મુંબઇ આવે છે, અને યુરોપિયનો ખરીદે છે. યુરોપિયનના હાથમાં કપાસની જમીન નથી, તેમ તેની ખેતીમાં તેમનો ભાગ પણ નથી. કપાસ સાફ કરવાનો યંત્ર એક નાનું હાથ-જીન છે, અને તે પરાપૂર્વથી વપરાતું આવે છે. તેની કીંમત ૬ પેન્સ છે, તે હાથથી ચાલે છે, કંઇ બળ જોઇતું નથી અને સફાઇ વિના રૂ સાફ કરે છે. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની રૂની ખરીદી ઘણું કરીને ત્રિનેવેલી આગળ તેમના આરતીઆ લોકો કરે છે. ૧૮૨૩ માં ૨૫૦ રતલના ૮૦૦૦ ધોકડાં ખરીદાયાં હતાં અને તે બધાં ચીન મોકલ્યાં હતાં. બંગાળા યુરોપિયનોને કપાસ ઉગાડવા લાયક છે, પણ ડાકા આગળ ઉંચુ કપાસ દેશીઓજ ઉગાડે છે. ઉત્તમ કપાસ ગુજરાત અને કચ્છમાં થાય છે. હિંદનું રૂ પ્રથમ ઈંગ્લંડમાં ૧૭૮૦ માં ગયું, અને અમેરિકાનું ૧૭૯૧ માં. ૧૮૨૭ માં હિંદુસ્તાનમાંથી અડસઠ લાખ રતલ રૂ ઈંગ્લંડ ગયું હતું. તેની કિંમત દસ લાખ પાઉંડ જેટલી હતી. તે વખતે અમેરિકન રૂ ૨૯૪ બે કરોડ ચોરાણું લાખ રતલ હતું. કલકત્તામાં એક રૂની કાંતવાની ગીરની ઉભી થઇ હતી.

કમ્પનીનું રૂ મુંબઇ અને બંગાળામાંથી નિકાસ થતું. મદ્રાસમાંથી પણ જ્યાં સુધી કારખાનાં રહ્યાં ત્યાં સુધી ચઢાવાતું. દેશમાંથી મછવામાં કપાસ કલકત્તે લઇ જવામાં આવતો હતો. મછવા ઉપર કંઇ રક્ષણ ન હતું. અને વખતે ચાર પાંચ મહીના સુધી તેમાં પડી રહેતું. પછી તેની ગાંસડીઓ બંધાતી અને ઈંગ્લંડ મોકલવામાં આવતું. આ સ્થિતિમાં આવતું રૂ સારી સ્થિતિમાં ઈંગ્લંડમાં નજ પહોંચી શકે.

રેશમ.

રેશમનો કીડો બંગાળામાંજ હતો. ઉત્તર હિંદુસ્તાનમાં તે ઉછરતો ન હતો. અને મુંબઇની ભૂમિ મલબેરીને માટે નાલાયક હતી. કમ્પની માટે વેપારી આરતીઆ ખરીદી કરતા. તેઓ અગાઉથી નાણાં આપીને કોશેટા ઉછેરવાવાળા પાસેથી ખરીદી કરતા. કમ્પનીને બાર કોઠીઓ અને સંખ્યાબંધ કારખાનાં હતાં પણ રેશમ વીંટવા સિવાય બીજું તેઓ કરતા નહીં. કેટલાંક કારખાનામાં ચટણી રેશમમાંથી કંઇ કાપડ બનાવતા. ઝીણા રેશમની કારીગરી ઘણી ઘટી ગઇ હતી અને ઇયેજ રેશમ ઉતારવામાં આવતું.

ઘણા યુરોપિયન લોકોને પણ કારખાનાં હતાં, પણ તે કમ્પનીનાં કારખાનાં જેટલાં મોટાં ન હતાં; અને બન્દર કમ્પનીનાજ હાથમાં હતું. હિંદુસ્તાનનું રેશમ ટુંકા તાંતણાનું અને અસ્વચ્છ હતું. હિંદનું ઉત્તમ રેશમ ઉત્તમ ઇટાલિયન રેશમ જેટલી ઉંચી કીંમતે વેચાતું, પણ ઘણે ભાગે હિંદી રેશમ ઉતરતા વડનું હતું. વેપાર બધો કમ્પનીના હાથમાં હતો અને કમ્પની ઉંચું રેશમ બનાવવા માટે જોઇતી દેખરેખ રાખી શકતી ન હતી. પરદેશ ચઢાવવા માટે હિંદી રેશમની ખરીદી થતી નહીં; તે માટે ચીનનું રેશમ પસંદ કરવામાં આવતું.

હિંદુસ્તાનમાં ત્રણ જાતનાં મલબેરી થતાં. યુરોપવાળો ધોળો, ચીનવાળો ધેરો જાંબુડા રંગનો, અને હિંદુસ્તાનનો ખાસ. કીડા પણ બે જાતના સ્વદેશી અને ઇટાલી અને ચીનથી વર્ષો વર્ષ લાવવામાં આવતા તે. પરદેશી કીડા ઉંચું રેશમ બનાવતા. મલબેરીની ખેતી અને કોશેટાની બનાવટ લોકોના હાથમાં હતી. કમ્પની તેમને નાણાં ધીરે અને રેશમ કે કોશેટા હાથમાં આવે તે પછી તેની કિંમત મુકરર થાય. કમ્પનીના આરતીઆને જેટલો માલ મોકલે તેના ઉપર સેંકડે ૨૫ ટકા દલાલી મળતી અને પોતાને હિસાબે પણ તેઓને ખરીદી કરવા દેવાતી. તેઓ રેશમના સારા પરીક્ષક (પારેખ) ન હતા. બંગાળાનું કાચું રેશમ વડમાં ઉતરી ગયું હતું પણ તેનો જથ્થો વધારે ચઢતો હતો, કારણ

કે વેપારનું બારૂં ખુલ્યું અને જકાત ઓછી કરી નાંખવામાં આવી હતી. ૧૮૨૩ થી ૧૮૨૮ સુધી ઈંગ્લાંડ ચઢતા રેશમમાં ૩૫½ ટકા જેટલો વધારો થયો હતો પણ કમ્પનીની ખરીદીમાં તો માત્ર ૧૭½ ટકા જેટલોજ વધારો થયો હતો.

મલબેરી અને એરડાના રોપા રેશમના કીડાને માટે બંગાળામાં વપરાતા. મલબેરીના રોપા છથી આઠ ઈંચને છેટે હારબંધ રોપાતા; અને ત્રણ ફીટ ઉંચા થતા. જલદી ઉત્પન્ન થાય એવો લોકોનો હેતુ હતો જેથી તેમને તાત્કાલિક લાભ થાય, પણ જો તે દક્ષિણ યુરોપમાં ચાલતી રીત અંગીકાર કરે તો ફળ વધારે સારૂં થાય. રોપા વાવે તે પછી ચારે મહિને પાંદડાં તોડવામાં આવે; તે પછી દર આઠ દસ અઠવાડિયે ફરી ફાલ આવે; પહેલા વર્ષમાં ચાર ફાલ થાય, અને બીજામાં છ. એક વીઘા જેટલી જમીનમાં હમેશ ૧૦૦૦ કીડાને જોઇએ તેટલો ખોરાક ઉત્પન્ન થાય. રેશમની જાતમાં કાંતવાની ઋતુના ફેરફારને લીધે ફેર પડે. નવેમ્બર એ સારામાં સારી ઋતુ હતી. તે વખતે શરૂ કરેલું કામ ડીસેમ્બરમાં પૂરૂં થાય. ચોમાસુ ખરાબમાં ખરાબ. સ્વદેશી કીડા વરસમાં ચાર વાર થતા. પરદેશી ફકત એકજવાર. કમ્પનીના આરતીઆ પાદ્દકાર મારફત નાણાં ધીરતા; અને તેમની મારફત કોશેટા લાવતા. ત્યાં તેમના કારખાનામાં તે કોશેટા દેશી મજુરોને હાથે વીંટાતા, તેમને દાડી પણ કારખાનાવાળાએજ આપતા. કમ્પનીની બાર કોઠી હતી. આરતીઆઓ માલ પહોંચ્યા પછી વેપારસભાની મંજુરીની સરતે કિંમત મુકરર કરતા. આ આરતીઆઓ મોટા કારખાનાની દેખરેખ રાખવાને લાયક ન હતા. ૧૮૧૪ થી ૧૮૩૦ સુધીમાં કાચા રેશમની ઉપજમાં સરખો વધારો થયે જતો અને કમ્પનીનો જથ્થો પણ વધતો. કમ્પનીએ રેશમ વીંટવાની ઇટેલિયન રીત દાખલ કરી હતી. વેપાર ફેલણ છૂટો હતો અને ઘણા લોકો ઈંગ્લંડથી હિંદુસ્તાનમાં આવીને માથું મારતા પણ પ્રતેહ પામતા નહિ; પણ ફ્રાન્સનું રેશમ અને ઈટાલીનું રેશમ સારૂં હતું. બંગાળાના રેશમની પણ માગણી એટ-

લીજ હતી પણ તે ફ્રાન્સ ઇટાલી કે હિંદુસ્તાનના રેશમ જેટલું મજબુત ન હતું. તેમજ ઇટાલીના રેશમ કરતાં તે જાતમાં પણ બહુ હલકું હતું; કારણ કે લોકો જાત કરતાં જથા ઉપર વધારે નજર રાખતા; અને ઇટાલી અને ફ્રાન્સ જેટલી કાળજી રાખતા નહીં, તેથી બંગાળાનું રેશમ વધારે અસ્વચ્છ, ગાંઠા વાળું અને વચમાંવચમાં તુટેલું આવતું.

ઉપરથી બંગાળાના રેશમના ઉદ્યોગમાં કમ્પનીના શિતેર વર્ષમાં અસલમાં શો ફેરફાર થયો હતો તે જણાઇ આવશે. સ્વતંત્ર વેપારીઓને હાથ માલ બનાવરાવવા તરફ દીલસોજી ન હતી, એટલું જ નહિ પણ તેમને કેટલીક વાર પ્રત્યક્ષ રીતે અને કેટલીકવાર કમ્પનીના આરતીઆની લાગવગથી સ્પષ્ટ પ્રતિબંધ કરવામાં આવતો. કાપડ વણવાનું તો તદન બંધ પડી ગયું હતું. જે લોકો પોતાની મુડી ઉપર કામ કરતા, અને પોતાની હાથની મહેનતથી પોતાનાજ ગામમાં અને પોતાનાજ ઘરમાં માલ બનાવતા અને નફો લેતા, તેઓ હવે કમ્પનીના આશ્રિત થઇ રહ્યા. તેઓ હવે તેમને રૂ અને રેશમ આપે, અને આરતીઆ મુકરર કરે તે કિંમત લે. રાજકીય સ્વતંત્રતાની સાથે તેમની આર્થિક સ્વતંત્રતા પણ નષ્ટ થઇ, અને જે માલ પેદા કરવાનું તેમને કહેવામાં આવે તેની તેમને કિંમત અને મજુરી મળે. હજારો માણસો કમ્પનીના કારખાનાવાળાઓ ઉપર રોજીનો આધાર રાખીને બેસતા થયા, કારણ કે જગત્ની બજારો માટે પોતાની જવાબદારી ઉપર માલ બનાવતા તેઓ અટકયા. કારખાનાવાળાઓને કાચા માલનો બહુ હતોહ લોકો કાચો માલ પૂરો પાડવા લાગ્યા, તેથી તેમની પ્રાચીન કુશળતા તેઓ ભૂલી ગયા, અને માલ પેદા કરવાનો નફો બેહદ બેઠો. ઈંગ્લંડનું પ્રજાબત યુરોપ અને હિંદના વચ્ચે વેપારનો વધારો થતો તેની નોંધ લે, કાચો માલ ત્યાંથી વધારે ચઢે, અને તૈયાર માલ ત્યાં ઉતરે; અને તેમાં હિંદની આબાદી જાય છે એવી દલીલો કરે. અમીરો અને આમની સભાના દરગુજરથી

આ વધતો જતો વેપાર ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના હાથમાં રહેવો જોઇએ કે ખાનગી વેપારીઓના હાથમાં, તેની તજવીજ કરવા લાગ્યા. પણ આ વધારાથી હિંદુસ્તાનના ઉદ્યમો નાશ થાય છે કે નહિ, અને ઉદ્યમનો નફો હિંદુસ્તાનને મળતો બંધ થાય છે કે નહિ તેની તજવીજ કરવાની કોઇને ચિંતા ન હતી. હિંદુસ્તાનના લોકોના આર્થિક કલ્યાણને માટે હિંદુસ્તાનનો સાળોનો ઉદ્યોગ સજીવન થવાનો સંભવ છે કે નહિ તેની તજવીજ કરવાની કોઇને ઇચ્છા ન હતી.

અનાજ.

હિંદુસ્તાનના ખેડુતો અજ્ઞાન અને કાળજી વિનાના છે એવો ભ્રમ ઇંગ્લંડમાં હમેશાં ચાલે છે, પણ જે અંગ્રેજોએ ખેતીનો અભ્યાસ કર્યો છે તેમણે એ ખોટો વિચાર ખસેડવાને હમેશાં યત્ન કર્યો છે. ડા. વૉલિક જે કલકત્તાની વનસ્પતિ શાળાના ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના સુપ્રીન્ટેન્ડેન્ટ હતા, તેઓ કોમન્સની કમિટિ રૂબરૂ નીચે પ્રમાણે કહે છે.

હિંદુસ્તાનની ખેતીના સંબંધે ઘણે અંશે ગેરસમજુતી થાય છે. બંગાળની ખેતી જો કે ઘણી સાદી અને જુની છે તોપણ લોકો ધારે છે તેટલી હલકી નથી. અને મને ઘણીવાર અનુભવ થયો છે કે અકસ્માત્ ફેરફાર કરવાથી તેમાં કાંઇ ફાયદા થયા નથી. બંગાળામાં યુરોપનાં લોખંડનાં હળ દાખલ કરવાનો પ્રયોગ મેં જોયો છે. હેતુ તો એ હતો કે સાધારણ બંગાળી હળથી ભૂમિ બહુ ઉપર ઉપરથીજ ખેડાતી અને કંટાળો ઉપજતો તેને બદલે જલદી અને ઊંડી ખેડ કરવી. પણ પરિણામ શું આવ્યું ? જમીન અત્યંત આછી હોવાથી ખેડ કરતાં નીચેની હલકી જમીન સાથે ભેળસેળ થઇ ગઇ અને ઉલટો વળ ઉતરી ગયો. એશક હિંદુસ્તાનની ખેતીમાં ઘણા સુધારા થઇ શકે એમ છે, પરંતુ સામાન્ય રીતે મનાય છે તેટલો બધો સુધારો કરવા જેવું નથી. દાખલા તરીકે ડાંગેરનો પાક. આપણે એક હજાર વર્ષ પર્યંત રહીએ તોપણ હું ધારૂં છું કે તેમાં આપણાથી કંઇ સુધારો થઇ શકશે નહિ.

૧૮૩૦ ની સાલ આગમજ, ઈંગ્લંડમાં ચોખા ખાંડવાનું યંત્ર નીકળતાં, બંગાળામાંથી ડાંગેરનો ફોતરાં સુધાંતનો નિકાસ ૧૦૦૦ ટન સુધી પહોંચી ગયો હતો. પહેલાં ડાંગર ખંડાઇને જતી અને તેમાં ઘણી માટી ભળેલી હોય અને કણકી પણ ઘણી હોય.

ઉપરના યંત્રની શોધ થયા પછી ફોતરાં સુતી ડાંગર ચઢવા માંડી, અને ઈંગ્લંડમાં ચોખા ખંડાતા, અમેરિકાના ચોખા જેવા તે પણ સ્વચ્છ દેખાતા. જો કેલિફોર્નિયાની પેઠે હિંદુસ્તાનમાં તે પ્રમાણે સ્વચ્છ થઇ શકતા હોત તો વધારે નિકાસ થઈ શકત; કારણકે ફોતરાં સુદ્ધાંત ચઢાવવામાં તો ભાડું પણ થતું અને જગા પણ બમણી રોકાતી.

ગળી.

આ બાબતમાં કેટલાક પુરાવો અન્યોન્ય વિરૂદ્ધ છે. રામસેએ જાહેર કર્યું કે ગળીના ખેડુતો જેઓ ઈંગ્રેજ બગીચાવાળાઓની મજુરી કરે છે તેમની સ્થિતિ સાધારણ રૈયત કરતાં નબળી છે. યુરોપીયન માલીકો તેમને તેઓ પોતેજ જે-ટલી ગળી વાવે તેના કરતાં વધારે જમીનમાં ગળી વાવવાની ફરજ પાડે છે. અને તેવી રીતે તે ખેડુતોને પોતાની મરજી પ્રમાણે પોતાની જમીન વાવવાના હકમાં તેઓ વચમાં આવે છે. બીજા સાક્ષિઓએ તેના વિરૂદ્ધ પુરાવો આપ્યો, પણ ૧૮૬૦ સુધી બંગાળાની સ્થિતિ જેમણે જોયેલી તેઓ રામસેની હકીકત ખરી હતી એમ તરત કહી શકશે.

" યુરોપિયન વેપારીઓ આગળથી નાણાં ભરે અને ખેડુતો મુકરર કરેલી ગળી–અમુક દરથી આપવા બંધાય. જો બગીચાવાળા જુલમી હોય તો ખેડુને કોર્ટ સિવાય બીજે કંઇજ શરણ નહિ, અને ત્યાં તેનું સાંભળવાનો સંભવ બહુજ થોડો. ઘણું કરીને બંગાળાના નીચાણના ભાગમાં જુલમ બહુ થાય છે કે જ્યાં ઘણા યુરોપિયન અને સંકર જાતિઓએ વસવાટ કર્યો છે.

કેટલાક સ્વદેશી ખેતી કરનારાને ત્યાં પણ કારખાનાં હતાં, પણ તેમની ગણી યુરોપિયનની ગણી જેવી નીકળતી નહિ. હવે સ્વદેશી ગણીનો જથ્થો વધવા માંડ્યો હતો. ૧૫૦૦ યુરોપિયનો ગણીના ધંધામાં કામે લાગ્યા હતા. તેઓ યુરોપમાંથી કંઈ મુડી લાવેલા નહિ કલકત્તામાં દેશીઓ પાસેથી અથવા કમ્પનીના યુરોપીઅન નોકરો પાસેથી કે બીજા આરતીઆ પાસેથી વ્યાજે લેતા, અને તે વડે કારખાનાં ઉભાં કરતા. કોઈ મુડીવાળો વેપારી ગણીનું કારખાનું કાઢવા હિંદુસ્તાનમાં ગયાનો એક પણ દાખલો જણ્યો નથી.

હિંદુસ્તાનમાંથી ગણીનો નીકાસ ૧૭૯૦ થી શરૂ થયો, અને ચાળીશ વર્ષમાં એટલો બધો વધી ગયો હતો કે બીજી બધી તરેહની ગણી બંધ થઈ ગઈ. ધાકાથી દિલ્હી સુધી ગણીનું વાવેતર ચાલતું અને તેવું લાખ રતલ ગણી પરદેશ ચઢતી. બ્રિટીશ વેપારીઓ વર્ષે દહાડે જમીનના દરના અને મજુરોની દાડીના સોળ લાખ એંશીહજાર ૧૬૮૦૦૦ પૈાં. આપતા. કલકત્તે આવતાં ગણીની કિંમત ૨૪૩૦૦૦ પૈાં. થતી અને ઈંગ્લંડમાં તેની ૩૬૦૦૦૦૦ પૈાં. થતી. બંગાળામાં ત્રણસેંથી ચારસેં કારખાનાં હતાં તે જેસર, કૃષ્ણનગર અને તિર્હૂતમાં, ગંગા નદીથી રેલાતી જમીન સારામાં સારી ગણાતી. થોડીક ગણી મદ્રાસ અને મુંબઈમાં પણ પેદા થતી. ઘણે ભાગે વેપારીઓ કલકત્તાની પેઢીઓમાંથી દસબાર ટકાના વ્યાજથી નાણાં કાઢતા અને પોતાની મીલકત ઘરેણે મૂકતા. જોખમ વધારે હોવાથી વ્યાજ ઉંચું હતું. સ્વદેશી ખેડુતો પણ યુરોપિયન રીતનું અનુકરણ કરવા લાગ્યા હતા. ગણીના બનાવટ અને નિકાસ તે કાંઈ યુરોપિયનથી શરૂ થયેલાં ન હતાં, ગણી તો એક રંગ તરીકે પૂર્વમાં ઘણાં વર્ષથી જાણીતી હતી, અને હિંદુસ્તાનની બહાર ઘણી ચઢતી.

ગણી બનાવવાની પ્રાચીન રીત અપૂર્ણ હતી. ૧૮૧૬ થી ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ યુરોપિયનોને નાંણાં ધીરીને તેમની પાસે ગણી બનાવરાવતી અને તેને ઈંગ્લંડ મોકલતી. ગણીના વેપારની એકદમ આબાદી થવાનું કારણ

સેંટ ડોમિંગો જ્યાંથી ફ્રેન્ચ રેવોલ્યુશન પહેલાં આખી દુનિયામાં ગળ્યું પહોંચતી તેનો નાશ થયો, અને ત્યાંની કાળી પ્રજા નષ્ટ થયા પછી ત્યાં એક રતલ પણ ગળી થતી નહિ, તે હતું.

ખાંડ.

દક્ષિણના ઘણા ભાગોમાં શેલડીનો પાક ઉતરતો. તેને પાણી પાવાની જરૂર હતી. ખાંડ તૈયાર કરવાની હિંદુસ્તાનની રીત ઘણી સાદી. તેમના યંત્રો અપૂર્ણ અને સુધારાને અવકાશ ઘણો. શેલડી વાવવાની કપાસ અને ગળીની પેઠે પૂર્ણ સ્વતંત્રતા હતી. અમેરિકાનાં વેસ્ટ ઇન્ડિયન યંત્રો દાખલ કર્યાં, પણ તેનાથી હિંદુસ્તાનના સાદા સાંચામાંથી જેટલો રસ નીકળતો તેટલો નીકળવા ન માંડ્યો અને સટોરીઆઓને નુકસાન થયું. બે યુરોપિયન મલબારમાં મોટા સટ્ટામાં પડ્યા હતા; અને બન્નેએ પાછળથી તે યોજના છોડી દીધી. ગંજમમાં શેલડીનું વાવેતર કરવાનો વિચાર ૧૭૯૬ થી ૧૮૦૩ સુધીમાં કર્યો હતો, પણ તેનું ફળ અસંતોષકારક આવ્યું.

યુરોપિયનની નજર જેટલી ગળીના ઉપર હતી તેટલી શેલડી ઉપર ન હતી. તેઓ બજારમાંથી શેલડી લેતા અથવા ખેડુતને અગાઉથી નાણાં આપીને ખરીદતા. વેસ્ટ ઇન્ડિસમાં જે સાંચા વપરાતા તેના કરતા અહીંના સાંચા હલકા પ્રકારના હતા, અને અહીં શેલડીનાં મોટાં વાવેતર થતાં ન હતાં. અહીંની શેલડી પણ ત્યાંની શેલડી કરતાં હલકા દરની હતી. બંગાળાની શેલડી વેસ્ટ ઇન્ડિસના જેવીજ હતી. ખાસ તજવીજ પછી થોડી ઉંચી ખાંડ પણ પેદા થતી, પણ તેનું ખરચ એટલું ભારે આવતું કે પોસાણ થાય નહિ. બંગાળાની ખાંડની કિંમત ઉપર ૧૨૦ એટલે એકેક ખરચ ઉપર ૨૦૦ ટકા જેટલી જકાત નાંખવામાં આવી હતી.

શેલડીને લાયક જમીન હિંદુસ્તાનમાં પુષ્કળ છે, પણ પેદા કરવાની રીત બહુજ અપૂર્ણ છે. શેલડી પસંદ કરવામાં વધારે વિવેક વપરાય, રસ

કાઢવામાં અને રસની ખાંડ બનાવવામાં જરા કસ વધારે કઢાય તો માગણી વધે. કમ્પનીને બનારસમાં એક ખાંડનું કારખાનું હતું. આરતીઆઓ મુલકમાંથી શેલડી ખરીદ કરી આવતા પણ હાલમાં ખાંડની આયાત બંધ કરવાના હુકમો કાઢવામાં આવ્યા છે.

તમાકુ, રંગ, સુરેાખાર, બુનદાણા અને ચાહ.

હિંદુસ્તાનની તમાકુ અમેરિકાની તમાકુના પ્રમાણમાં ત્રીજા ભાગની પણ સારી નથી. કારણકે તેને વાવવામાં અને તૈયાર કરવામાં ચતુરાઇની ખામી છે. બી પસંદ કરવામાં બહુ વધારે ધ્યાન આપવું જોઇએ, તેમજ જમીન પસંદ કરવામાં નીંદવામાં, લણવામાં, તૈયાર કરવામાં જૂદા બાંધવામાં પણ. હિંદુસ્તાન અમેરિકાની સાથે હરીફાઇ કરી શકે તેમ નથી; પણ જો વધારે કુશળતા, વાપરવામાં આવે અને કંઇક મુડી વધારે નંખાય તો હિંદુસ્તાનની તમાકુની માગણી ઘણી થાય.

યુરેાપિયન તમાકુનો વેપાર કરતા નહિ, અને મુલકી વેપારમાં તેમને હાથ ઘાલવા દેતા નહિ. મુંબઇના ઉત્તર પ્રાંતોમાં તમાકુની ખેતી બહુ હતા. ત્યાંની તમાકુ બહુ ઉંચા વડની થાય છે. તેનો એક જથ્થો ઇંગ્લંડ આવેલો તેની કિંમત અમેરિકાની તમાકુ કરતાં વધારે ઉપજી હતી, પણ પ્રયોગ ખાતર મોકલાવેલી તમાકુ સરાસરી કેળવવામાં ખામીવાળી નીવડી. બંગાળા અને મુંબઇથી જે તમાકુ ઇંગ્લંડ ગઇ તે નિષ્ફળ નીવડી. ગુજરાતની તમાકુની જમીન બહુ ચોખ્ખી અને સારી છે. મદ્રાસમાં કોઇમતુરની તમાકુ બહુ કિંમતી છે.

તમાકુને સ્વદેશી નામ નથી, તેથી તે હિંદુસ્તાનનો સ્વદેશી છોડ નથી, પણ હિંદુસ્તાનમાં પુરાણા વખતથી વવાય છે. તેની ખેતી બહુ ઓછી છે અને ઘણું કરીને ઘરના ઉપયેાગ માટે તૈયાર કરવામાં આવે છે. હિંદુસ્તાનમાં ગોળ, મશાલેા અને ફળના મિશ્રણ સાથે તે વપરાય છે. બહુ ઉંચી જમીનમાં એક-

રની ૧૬૦ રતલ નીપજે છે. સરાસરી જમીનમાં લીલી તમાકુ ૮૦ રતલ નીપજે તો બહુ ઠીક ગણાય. સામાન્ય રીતે હિંદી તમાકુ ખરાબ ગણાય છે. પણ તેમાં સુધારો થઇ શકે તેમ છે. ઉત્તર સિરકારની તમાકુની મસલીપટનમાં છીંકણી થાય છે તે ઇંગ્લંડમાં બહુ વખણાય છે. બંગાળામાં ભાગલપુરમાં હવાનાની ઉત્તમ તમાકુ ઉગાડવામાં આવી હતી.

લાખના રંગ ઘણા જથામાં વિલાયત ચઢાવાતા. ગુંદરની અંદર જીવડું અથવા ઇંડુ હોય તેનો રંગ થાય. રંગના રજકણો જુદા પાડી તેમાંથી રંગ બનાવાય, અને ગુંદરની લાખ જુદી પડે. લાલ રંગનાં કાપડ કરવામાં આ રંગ વપરાતો. પણ બહુ સારો રંગ કરવામાં તે વપરાતો નહિ. લાખ-લાખ તરીકે કામ આવતી.

જીવડાં દક્ષિણમાં મદ્રાસમાં એકઠાં કરાતાં, અને મેક્સિકોના પ્રમાણમાં હલકા દરજ્જાનાં હતાં. આની કિંમત ૧૮૨૦ પછી ચોથા ભાગની ઉતરી ગઇ હતી. આ ફેરફાર લાખના રંગથી થયો હશે. બંગાળામાંથી આ જીવડાં ચઢાવાતાં નહિ.

ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ ૧૮૧૪ માં સુરોઆર ૧૪૦૦૦ હંદરવેટ બંગાળામાંથી ઇંગ્લંડ ચઢાવ્યો હતો. પણ ૧૮૩૨ માં માત્ર ૩૭૩૦૦ હંદરવેટ ચઢાવ્યો હતો. ખાનગી વેપારીઓ ચઢાવવા લાગ્યા તેથી એની કિંમત એટલી હલકી પડી ગઇ કે પછી ખાતર તરીકે ઉપયોગમાં લેવાવા માંડયો ૧૮૧૪ માં તેની કિંમત ૮૯ શી. ૬ પેન્સ હંદરવેટ દીઠ હતી. ૧૮૩૨ માં માત્ર ૩૨ શી. હતી. ૧૮૧૪ પહેલાં કમ્પનીને તે વેપારમાં ફાયદો હતો. તે પછી નફો મળતો બંધ થઇ ગયો.

૧૮૨૩ પછીજ ખુનદાણાની ખેતી ખુષ્કળ થવા માંડી તે પછી સરકારે ખુનદાણાની ખેતી કરવાની રજા આપી. અને વાવવાવાળાઓને જમીનનો લાંબો પટો આપ્યો. આવી રીતની મહેરબાની બીજા કોઇ ખેડુત ઉપર સરકારે

કરેલી ન હતી. બંગાળામાં બુનદાણાના વાવેતરની ૪૦૦૦ એકર જમીન હતી. બેંગલોરના બુનદાણા ઘણા સારા હતા, અને જો કે ચોખા જેવો તો નહિ તો પણ તેનો પ્રચાર વધતો હતો. આર્કટમાં બુન વાવવાનો પ્રયોગ નિષ્ફળ ગયો તેજ પ્રમાણે ગંજામમાં કોકો વાવવાનો. બંગાળાનો તાપ બુન માટે બહુ આકરો ગણાયો પણ કોઇમટુરમાં બુનદાણાનો પાક બહુ સારો ઉતર્યો.

હજી સુધી ચાહની ખેતી દાખલ થઇ ન હતી. પણ ડોક્ટર વોલિકે આ વખતે હિંદુસ્તાનના ડુંગરી ભાગોમાં ચાહાનું વાવેતર કરવામાં બહુ ફાયદો મળવાનો સંભવ છે એ બાબત એક નિબંધ રજુ કર્યો હતો તેમાંથી કેટલાક ઉતારા નીચે આપ્યા છે.

" ચીનમાં ૨૭ થી તે ૩૦ અક્ષાંશની વચમાં ચાહનું વાવેતર થાય છે તેજ પ્રમાણે દક્ષિણમાં કેન્ટનના દરીઆ કીનારાની નજીક પણ થાય છે. તમામ કાળો ચાહ ત્યાંથી તૈયાર થાય છે.

પેનાન્ગમાં મિ. બ્રાઉને તે ટાપુની હવામાં ચાહનો છોડ ઠીક રહ્યો હતો તેથી દોરાઇને ચાહ ઊગાડવાનો પ્રયોગ કર્યો હતો; એકંદર છોડ ઠીક ઉગ્યા. પણ જ્યારે લણવાનો વખત આવ્યો ત્યારે એમ માલુમ પડયું કે ચહા બહુ નબળા વડની નીવડી.

જાવામાં પણ એવા પ્રયોગો ઘણા કર્યા, નિષ્ફળ ગયા અને પાછળથી છોડી દેવામાં આવ્યા. તેજ પ્રમાણે ડચ સરકારે સિલોનના કેટલાક ભાગોમાં પ્રયોગો કરેલા પણ તે વધારે ફતેહમંદ થયા હતા.

વીશ વર્ષ ઉપર રાયો જનેરોમાં ચાલુ વાવેતર શરૂ કર્યું હતું. પણ તે પાક સુધંધમાં એવો તો ખરાબ નીવડયો કે પાછળથી મૂકી દેવો પડયો હતો. બ્રાઝીલમાં ઉગાડેલો ચહા જોવાનું મને મળ્યું હતું, પણ તેનો સ્વાદ અત્યંત ખરાબ લાગ્યો.

હિંદુસ્તાનમાં એવા પ્રદેશો છે કે જે ચહાના પ્રદેશોની સાથે મળતા આવે છે. તેથી ઉંચામાં ઉંચી ચીનાઇ ચહા જેવી ઉંચી ચાહ ત્યાં ઉત્પન્ન થઇ શકશે એમાં શંકા રહે તેવું નથી. કુમાઓન, ગઢવા અને સિલ્હરમોરના મુલકમાં ચીન અને જપાનમાં જ્યાં પુષ્કળ ચહા તૈયાર થાય છે તેવી જમીનો છે.

મેં જોયું છે કે કેમેલીયાની એક જાત નેપાલમાં ઉગે છે. ૧૮૧૮માં તેનો હેવાલ આપતાં મેં બતાવ્યું હતું કે ખટમંડુના એક બગીચામાં ચાહનો છોડ બહુ આબાદ જણાયો હતો, ને દશ ફીટ ઉંચો વધેલો, અને વર્ષના છેલ્લા ચાર મહીનામાં તેના ઉપર પુષ્કળ ફૂલફળ બેઠેલાં હતાં. કેટલાક વર્ષ પછી હું ત્યાં ગયો ત્યારે મેં તે છોડ પાછો જોયો અને તે વખતે મને ખબર મળી કે તેનું બી ગુરખા સરકાર દર ત્રીજે વર્ષે ચીનમાં એલચીઓ મોકલે છે એમાંના એકાદા એલચી ખાતાએ પેકીંગમાંથી આણેલું હતું.

આ બધા મળતા સંયોગો આપણે ધ્યાનમાં લઇએ તો જો રીતસર ગોઠવણ કરવામાં આવે અને સારી દેખરેખ હોય તો યોગ્ય વખતમાં ચહાના છોડનું ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના મુલકમાં પુષ્કળ વાવેતર થવા સંભવ છે. અને તેમ થાય તો સુધરેલી જીંદગીની એક મોટામાં મોટી પ્રજાના સંબંધમાં આપણે આપખુદી પ્રજાના તોર ઉપર જે અત્યારે આધાર રાખીને બેઠા છીએ તેમાંથી મુક્ત થઇ શકીએ."

ડો. વોલિકનો આ પત્ર ૧૮૩૨ ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખનો હતો અને આ ગૃહસ્થને ચહાના ઉદ્યોગના એક મોટા આચાર્ય જેવા ગણાય. બેશક ગુરખા એલચીઓ જે નેપાળમાં ચહા લઇ આવ્યા તેમને ડો. વોલિક ઉપરજ મૂકવા જોઇએ.

સોનું, લોખંડ અને તાંબુ.

નીલગીરીમાં સોનું માલુમ પડ્યું હતું તે શુદ્ધ જણાયું હતું અને પર્વતની બીજુમાં વાઇનાડના જીલ્લામાંથી કેટલોક જથો એકઠો પણ કર્યો હતો.

લોખંડ હિંદુસ્તાનના ઘણા ભાગોમાં હતું. રામનદમાં બ્રિટિશ અથવા સ્વીડીશ લોખંડના કરતાં તેનો ભાવ ઉંચો આવતો. તે બહુજ નરમ હતું. પણ તૈયાર કરેલું હિંદનું લોખંડ વિલાયતી લોખંડ કરતાં ઉતરતું નીવડતું કારણ કે માલ તૈયાર કરવામાં કુચો બહુ પડતો હતો, એટલો તૈયાર કરવાની રીતમાં ફેર હતો. બંગાળામાં બર્દવાનની પડોશમાં ઊંચું લોખંડ માલમ પડતું હતું. પણ મદ્રાસના કીનારા તરફ જે મળતું તે તેના કરતાં ઉંચું હતું. તેની ગજવેલ કરવામાં મુશ્કેલી પડતી પણ જ્યારે બનતી ત્યારે ગજવેલ બહુ ઉંચા પ્રકારની બનતી. મિ. હીથે મદ્રાસ આગળ એક લોખંડનું કારખાનું કાઢયું હતું. તેણે યુરોપિયન સાંચા આણ્યા હતા અને જ્યાં સુધી કમ્પનીનો પટો ચાલે ત્યાં સુધી તેને અનન્યાધિકાર આપવામાં આવ્યો હતો. આ લોખંડ બીજા કોઇ સ્વદેશી લોખંડ કરતાં ઉંચું હતું એટલું જ નહિ પણ સ્વીડિશ લોખંડ કરતાં પણ ઉંચું હતું. કચ્છનું લોખંડ ખાસ કરીને ઊંચું હતું. ત્યાં તો જમીન ઉપર પડેલું જણાતું. ટોપલીઓમાં તે વીણીને એકઠું કરવામાં આવતું અને કોલસામાં પકવવામાં આવતું. આખા હિંદુસ્તાનમાં સારામાં સારી ગજવેલ કચ્છમાં બનતી, અને તેમાંથી તલવાર બખ્તર વિગેરે બનતાં. હિંદુસ્તાનના વાયવ્ય પ્રાંતોમાં તાંબુ જડી આવતું.

કોલસો અને સાગવાન.

બંગાળામાં બર્દવાનમાં કોલસાની મોટી ખાણો હતી. અને ૧૮૩૨ માં વર્ષે દહાડે ૧૪૦૦૦ થી ૧૫૦૦૦ ટન કોલસો કાઢવામાં આવતો. આ ખાણો ઉપયોગમાં લેવાની શરૂવાત ૧૮૧૪ થી થઇ પણ વિશાળ કારખાનાં ૧૮૨૫ થી ચાલવા માંડ્યાં. સપાટીથી ૯૦ ફીટ નીચે આશરે નવ ફીટનો થર જણાયો હતો. અને મહિને ૬ શિલિંગથી આઠ શિલિંગની દાડીથી બેથી ત્રણ હજાર માણસો કામે લાગ્યાં હતાં. કોલસો ઘણે ભાગે અંજનમાં વપરાતો. સિંગાપુર તેજ

ઉપયોગ માટે ચઢાવાતાં, અને ઈંટો પકવવામાં કામે લાગતો. બુંદેલખંડમાં પણ કોલસો માલમ પડ્યો હતો, અને કચ્છમાં પુષ્કળ.

કચ્છનો કોલસો એન્જીન માટે સારો નહતો. મુંબઇમાં વિલાયતી કોલસો સસ્તો પડતો. બર્દવાનનો કોલસો હિંદુસ્તાનમાં સહુથી સારો હતો, અને કલકત્તામાં તો તેજ વપરાતો. બુશેલના દસ આના એની કિંમત હતી. લોખંડ પકવવામાં તે વિલાયતી કોલસા જેટલો સારો ગણાતો ન હતો. શ્રેષ્ઠ વિલાયતી કોલસો અને શ્રેષ્ઠ બંગાળાનો કોલસો, એ વચ્ચે સરસાઇનું પ્રમાણ ૫ અને ૩ નું હતું.

હિંદુસ્તાનનાં જંગલોમાં જગતમાં જેટલાં સાગવાન લાકડાં થાય છે તેટલાં અથવા તેને ઠેકાણે કામ આવે તેવાં થાય છે. મુખ્ય જાત, શેગુણ, શાલ, સિસમ, તુન, નીલ, આંબો–સાલ ઘર અને વહાણ બાંધવામાં વપરાતું, અને લશ્કરી કામમાં ઉપયોગમાં આવતું પણ ખરાબ અને ખરચાળ વહીવટથી શાલ સિસમ અને વાંસ ઉતરી ગયો હતો. **પાઇન અને ઓક** પણ પુષ્કળ હતાં. હિંદુસ્તાનનાં સાગવાનનો પરદેશ સાથે વેપાર થઇ શકે એમ છે.

અફીણ અને મીઠું.

આ બે બાબતોમાં ઈસ્ટ ઇન્ડિયા કમ્પની જે અત્યારે હિંદુસ્તાનની સરકાર જેમ અનધિકાર રાખે છે તેમ તે વખતે પણ રાખી રહી હતી. હોલ્ટમેકેન્ઝી જેમનો પુરાવો ૧૮૩૨ માં લેવાયો હતો તે કહે છે કે અફીણ અને મીઠાનો પાક ઉપજને માટે લેવાય છે, વેપારને માટે નહિ. મારો અભિપ્રાય એવો છે. આ બન્ને ચીજોના સંબંધમાં સૂચવેલા ફેરફારોમાં એક પણ એવો નથી કે જેથી ઉપજને નુકસાન ન થાય. મીઠાના પાકમાં હું નથી ધારતો કે જકાત નાંખવાથી આપણે અત્યારે જાહેર વેચાણથી જે ઉપજ મેળવીએ છીએ તે ઉપજ આપણને મળી શકે.

અરીણુમાંથી પણ આપણને મોટી ઉપજ મળે છે; અને ખરચના પ્રમાણમાં વેચાણ એટલે ઉંચે ભાવે થાય છે કે હું નથી ધારતો કે તેટલો નફો આપણને બીજી કોઇ રીતે મળી શકે. અને જો કે વેપારની દૃષ્ટિએ જોતાં આ રીતની સામે ઘણા વાંધા છે તોપણ ઉપજની જરૂર તે બધા વાંધા સામી તોળવા જેવી છે, અને મારો મત એવો છે કે બીજી કોઇ રીતે તેટલીજ ઉપજ આપણને મળી શકે તેમ નથી.

ઉપસંહાર.

આ ઉપરથી જણાશે કે ૧૮૩૦-૩૨ ની તજવીજ દરમીયાન જે પુરાવો એકઠો કરવામાં આવ્યો છે તે તે વખતની આપણી ઔદ્યોગિક સ્થિતિ બતાવવા માટે બહુ કિંમતી છે. ૧૮૦૦ અને ૧૮૧૫ ની વચ્ચેની સ્થિતિ માટે મિ. બુકાનનનો પુરાવો એટલોજ કિંમતી છે; પણ પાર્લામેન્ટનો પુરાવો કા. બુકનનની તજવીજ કરતાં બહુ અધુરો છે. લોર્ડસ અને કોમન્સની કમિટીને તો ઇંગ્રેજી મુડી જેમાં રોકાયલી હતી અથવા રોકાવાનો સંભવ હતો, તેવા ઉદ્યોગો સંબંધે તજવીજ કરવાની જરૂર હતી. હિંદુસ્તાનના ગરીબ લોક જેમાંથી રોજી કમાતા હતા તે ધંધા, જેવા કે કડીયા સુતારનાં કામ, પત્થર ઘડવાનો, વહાણ બાંધવાનો, ઘરનો સરસામાન બનાવવાનો, તાંબા પીતળનાં વાસણો બનાવવાનો, લોખંડકામનો, સોના રૂપાના કામનો, રંગવાનો, ચામડા કેળવવાનો, અને હિંદુસ્તાનના ગગડી પડતા વણવા કાંતવાના ધન્ધાઓ; તે સંબંધે આ કમિટીને કંઇ લેવાદેવા નહતી.

ઘડેલા પુરાવા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ખેતીવાડીની બાબતમાં ઇંગ્રેજો આપણને કંઇ શીખવી શકે તેમ નહતું. પણ અનાજને સાફ કરવામાં અને ખાંડવાની બાબતમાં, કાંતવા વણવાની બાબતમાં, ગળી, તમાકુ અને ખાંડ તૈયાર કરવાની બાબતમાં, બુનદાણા અને ચાહા ઉગાડવામાં, લોખંડ ઘડવામાં

કોલસા અને સોનાની ખાણોના ઉદ્યોગોમાં, મતલબ જે ધન્ધાનો સાંધાકામ ઉપર આધાર હોય તે બધા ધન્ધાઓના સંબંધમાં ૧૮૩૦ માં ચુરોપે વધારે ચૂકવું રીતો દાખલ કરેલી હતી. જો આપણી સરકાર આપણી પ્રજનાજ લાભ તરફ નજર રાખીને કામ કરતી હોય તો હિંદુસ્તાનના સ્વાભાવિક કૌશલ્યવાળા લોકોમાં તેમણે આ ઉંચી રીતો દાખલ કરી હત, આપણા પોતાના વખતમાં બનાવમાં દાખલ થયેલી આપણે પોતે જોઇ તેમ. પણ એક પરદેશી, પોતાના લાભ માટે મન્થન કરતા વેપારી અને હરીફ ધંધાદારીઓ પાસે આવી આશા રાખવી એ ફોકટ હતું. ઉલટું એનાથી ઉલટીજ નીતિ, હિંદુસ્તાનના માલને બદલે પોતાનો માલ દાખલ કરવાની નીતિ અંગિકાર કરવામાં આવી હતી. ૧૮૩૨ની પાર્લમેન્ટની તજવીજ પછી તરતજ મોન્ટગોમરિ માર્ટિન લખે છે કે:-

આપણા લોભ અને સ્વાર્થીપણાથી જે લોકોને નુકસાન થયું છે તેમને કંઇ લાભ આપવાને માટે આ બધી બાબતની અખર પડ્યા પછી ઈંગ્લંડે કંઇ પગલાં લીધાં છે ? કંઇજ નહિ ! ઉલટું આપણા વેપારના ક્રૂર સ્વાર્થીપણાના અમલ નીચે આવેલી આ કમનસીબ પ્રજને વધારે દરિદ્ર કરવા માટે જેટલું બની શકે તેટલું આપણે કર્યું છે. આ પુસ્તક ઉપરથી સુતર કાંતવા વણવાથી નિર્વાહ ચલાવનારા લોકોની સંખ્યા કેટલી છે તે જણાઇ આવશે.પણ "અપ્રતિબંધ વ્યાપાર" ને બહાને ઈંગ્લંડે હિંદુઓને લેન્કેશીયર યોર્કશીયર અને ગ્લાસગોની વરાળથી ચાલતી સાળોનો માલ, નામની જકાત નાંખીને લેવાની ફરજ પાડી છે. અને બંગાળા અને બીહારનો હાથકારીગરીનો માલ–સુંદર, સારો અને ટકાઉ, તેના ઉપર વિલાયત ઉતરતાં પ્રતિબંધક જકાતો નાખવામાં આવી છે !

કોમન્સની કમિટિએ હોલ્ટ મૅકેન્ઝીને સવાલ કરેલો કે જે ભાગોમાં બ્રિટિશ લોકોની વધારેમાં વધારે સંખ્યા જોવામાં આવે છે ત્યાં લોકોમાં વિલાયતી રીતભાત, વિલાયતી શોખ અને વિલાયતી ટેવોમાં વધારો થયેલો

જોવામાં આવે છે ? હોલ્ટ મેકેન્ઝિ જવાબ દે છે કે કલકત્તા ઉપરથી જોતાં તો તેવો વધારો થયેલો છે. એમાં કાંઇ શક નથી કે વિલાયતી મોજશોખની ચીજોમાં મીઠાશ માણવા તરફ લોકોનું વલણ સ્પષ્ટ દેખાય છે. તેમનાં ઘરોમાં સારો શણગાર દાખલ થઇ ગયો છે, ઘણા ઘડીઆળો રાખે છે, ગાડીઓનો શોખ વધતો જાય છે અને દારૂ પીએ છે, એમ સર્વ માને છે.

હિંદુસ્તાનમાં પશ્ચિમના સુધારાના પ્રચારમાં આ અર્થગર્ભ પુરાવો સાંભળીને ઈંગ્લંડના ગંભીર અને પૂજ્ય કોમનર્સના ચહેરા ઉપર આસુર સંતોષનો આનન્દ ફેલાઇ રહ્યો હશે !

પરદેશી વેપાર.

સન ૧૮૧૩ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીનો મુલકી હિસાબ વેપારી હીસાબથી જુદો રાખવાનો એક કાયદો કરવામાં આવ્યો હતો. તેમાં–

મુલકી હીસાબમાં લશ્કરી ખરચ (૨) વહીવટ અને વેપારી નોકરોનું ખરચ (૩) હિંદુસ્તાનના કરજના વ્યાજનું ખરચ એ ત્રણનો સમાવેશ કરવાનો વેપારી નફો જે આવે તેમાંથી હુંડીઆમણનું ખરચ અને બીજા કરજ પેટે વસુલ આપવું, અને કમ્પનીનું વ્યાજ અને ઇન્ડિયાનું અને વિલાયતનું કરજ આપવું: આવો બંદોબસ્ત કર્યો હતો.

૧૮૧૩ થી ૧૮૨૮ સુધી મુલકી ઉપજ નીચે પ્રમાણે હતી.

બંગાળા	£	૧૬૬, ૧૨૧, ૬૮૩.
મદ્રાસ	,,	૮૨ ૦૪૨ ૬૬૭.
મુંબઇ		૩૦ ૬૮૬ ૮૭૦.
અયોધ્યા અને બીજા તાબાના પ્રાંતો		૧ ૬૩૧ ૪૮૦.
કુલ.	£	૩૧૧૦, ૮૩, ૩૦૦.

આ ઉપરથી મુલકી ઉપજની સરાસરી વાર્ષિક બે કરોડ પાઉન્ડની આવે છે. આ મુલકી ઉપજમાંથી વિલાયતનું ખર્ચ સરાસરી ૧૬૯૩૪૭૨ સોળ લાખ તાણું હજાર ચારસેં બ્હોતેર પાઉન્ડનું આવે છે; અને કુલ મુલકી ઉપજ અને મુલકી ખર્ચના હિસાબમાં £ ૧૨૨૭૩૪૩ પાઉન્ડનો તોટો દેખાય છે. પંદર વર્ષના આ અરસામાં મુલકી કરજ ત્રણ કરોડથી વધીને સુડતાળીસ કરોડ થયું છે. નીચેના કોઠાના આંકડા ઉપરથી તે કરજના વધારાની ગતિ સમજાઇ જશે.

સ. ૧૭૯૨	£	૬૧૪૨૭૨૦
,, ૧૮૦૯	,,	૩૦૮૧૨૪૪૧
,, ૧૮૧૪	,,	૩૦૬૧૬૬૨૦
,, ૧૮૨૬	,,	૪૭૨૫૫૩૭૪

વેલ્સલી અને હેસ્ટિંગ્સની યુદ્ધપ્રધાન કારકીર્દિમાં કરજ ઘણું થયલું છે. વેપારી ઉપજનો વધારો હિંદુસ્તાનનું અને બીજું દસ્તાવેજી કરજ આપવામાં વાપરવાનો હતો. પણ આ નફો જે પ્રથમ દશ લાખ પાઉન્ડ સુધી પહોંચતો હતો તે જેમ જેમ કમ્પનીનો મુલક વધતો ગયો તેમ ઓછો થતો ગયો અને આખરે ૧૯૨૯–૩૦ માં ૩૦૦૦ થી ૪૨૦૦ પાઉન્ડ જેટલો થઇ ગયો હતો. ૧૮૨૪ પછી કમ્પની હિંદુસ્તાન તરફ માલ ચઢાવતી બંધ થઈ હતી. માત્ર લશ્કરી અને રાજ્યનીતિના સંબંધમાંનો કંઇક સામાન ચઢાવતી. હિંદુસ્તાનનો વેપાર બંધ કરવાનું કારણ એ હતું કે ત્યાંથી કાંઇ બદલામાં લે એવી ચીજ મળી શકતી ન હતી. હિંદુસ્તાનના ઉદ્યોગો નષ્ટ થયા હતા, અને હિંદુસ્તાનમાં કાચું રેશમ, કંઇક રેશમી કાપડ અને ગળી સિવાય બીજું કંઇજ વિલાયત ચઢી શકે તેવું ન હતું. ગળીની ખરિદી કલકત્તામાંથી થતી, રેશમ વગેરે પોતાનાં કારખાનામાં તૈયાર થતું હતું; અને રેશમી કાપડ સાળવી લોકો પાસેથી અગાઉ નાણાં ભરીને તૈયાર કરાવાતો હતો. હિંદુસ્તાનની ખાંડ પણ વિલાયત તરફ ચઢતી બંધ થઇ હતી. આમ ક્રમે ક્રમે ઉતરતો

આવેલો વેપાર ૧૮૩૩ માં કમ્પનીનો પટો તાજો થયો તે વખતે કેવળ નષ્ટ થઇ ગયો હતો.

કમ્પનીનો વેપાર જેમ જેમ કમી થતો ગયો તેમ તેમ ખાનગી વેપારીઓના હાથમાં જતો ગયો. સને ૧૮૧૩ માં ખાનગી વેપારીઓને માટે હિંદનો વેપાર ખુલ્લો મુકાયો હતો. તે પછી પંદર વર્ષના અરસામાં કમ્પનીના વેપારની વાર્ષિક સરાસરી ૧૮૮૨૭૧૮ ની હતી ત્યારે ખાનગી વેપારીઓની ૫૪૫૧૪૫૨ ની આવે છે એટલે કમ્પનીના કરતાં ખાનગી વેપારીઓનો વેપાર ત્રણ ગણો થયો એટલે ખાનગી વેપારીઓ વેપાર ચલાવવાને કમ્પની કરતાં વધારે લાયક નીવડ્યા. પણ કમ્પનીના વેપારનો ક્ષયજ વધતો ચાલ્યો. ૧૮૧૩ કલકત્તેથી વીસ લાખ પાઉન્ડનો સુતરાઉ માલ ચઢયો હતો; ૧૮૩૦ માં કલકત્તેથી વીસ લાખ પાઉન્ડનો સુતરાઉ માલ વિલાયત ઉતર્યો. ૧૮૨૩ માં પહેલું બ્રિટિશ સુતર ઇન્ડિયામાં આવ્યું. ૧૮૨૪ માં ૧૨૧૦૦૦ પાઉન્ડનું અને ૧૮૨૯ માં તો તે ૪૦૦૦૦૦૦ ચાળીસ લાખ સુધી પહોંચી ગયું. ઊનનો માલ, તાંબુ, સ્ટીલ, લોખંડ, કાચ, અને માટીનો સામાન પણ વિલાયતથી ચઢતો હતો. હિંદુસ્તાનમાં વિલાયતી માલ ઉપર ૨½ ટકાની નામની જકાત હતી, અને વિલાયત સારૂ હિંદુસ્તાનનો માલ જો ચઢે તો તેના ઉપર કિંમતના ૪૦૦ ટકા સુધી પહોંચેલી પ્રતિબંધક જકાત નાંખવામાં આવી હતી. નીચેના કોઠામાં તે પ્રતિબંધક જકાતનો ફોડ આપવામાં આવેલો છે.

કિંમત ઉપર ટકા.

માલ.	૧૮૧૨	૧૮૨૪	૧૮૩૨
નેતરકામ–શણગારનું.	૭૧	૫૦	૩૦
મઝલીન.	૨૭½	૩૭½	૧૦
કેલીકો.	૭૧½	૬૭½	૧૦

માલ	૧૮૧૨	૧૮૨૪	૧૮૩૨
બીજો સુતરાઉ માલ.	૨૭½	૫૦	૨૦
બકરાંના ઊનની સાલો.	૭૧	૬૭½	૩૦
લાખોટેલો સામાન.	૭૧	૬૨½	૩૦
સાદડી.	૬૮½	૫૦	૨૦
રેશમ કાચું.	પા. શિ. પે. ૨–૧૩–૪ કિંમત ઉપર અને તે ઉપરાંત ૨ તલ ઉપર ૪ શિલિંગ.	૪ શિલિંગ રતલ ઉપર.	૧ પેની રતલ ઉપર.
રેશમી માલ.	પ્રતિબંધ.	પ્રતિબંધ.	૨૦ ટકા કિંમત ઉપર.
દક્ષાટી અથવા બીજો આવા નકસી માલ.	પ્રતિબંધ.	પ્રતિબંધ.	૩૦ ટકા કિંમત ઉપર.
રેશમનો બીજો માલ.	પ્રતિબંધ.	પ્રતિબંધ.	૨૦ ટકા કિંમત ઉપર.
બાંડ બરચ ૧ હંદરવેટનો ૧ પાઉન્ડ.	પા. શિ. ૧–૧૩ હંદરવેટ ઉપર.	પા. શિ. ૩–૩ હંદરવેટ ઉપર.	પા. શિ. ૧–૧૨ હંદરવેટ ઉપર.

માલ.	૧૮૧૨	૧૮૨૪	૧૮૩૨
અર્ક.	૧ શિ. ૮ પે. ગેલન દીઠ ઉપરાંત ૧૯ શિ. ૬½ પે. એકસાઇજ જકાત.	૨ શિ. ૧ પે. ઉપરાંત ૧૭ શી. ૦૩/૪ પેન્સ એકસાઇજ.	૧૫ શિલિંગ ગેલન.
રૂ.	૧૬ શિ. ૧૧ પેન્સ સેા પાઉન્ડ ઉપર.	૬ ટકા.	૨૦ ટકા.

આ અન્યાયી અને અસાધારણ જકાત માટે હાઉસ ઑફ કેામન્સને અરજીઓ કરવામાં આવી હતી પણ કેાણ સાંભળે ? ખાંડ અને અર્ક ઉપરની જકાત સંબંધી અરજી ઉપર તેા ૪૦૦ યુરેાપિયન અને ઇન્ડિયન વેપારીઓની સહીઓ હતી; સુતરાઉ અને રેશમી કાપડ ઉપરની જકાતના સંબંધમાં એક અરજી ઘણા આબરૂદાર વેપારીઓની સહીની હતી; પણ બધું નિષ્ફળ છે.

નીચેના કેાઠા ઉપરથી આ જકાતની હિંદુસ્તાનના વેપાર ઉપર શી અસર થઇ તે જણાશે.

સાલ.	સુતર.	સુતરાઉ માલ.	રેશમ.	રેશમી માલ.	સાળ અને સાળેાટી માલ.	ગળી પેટી.
૧૮૦૦	૫૦૬	૨૬૩૬	૨૧૩			૧૨૮૧૧
૧૮૦૧	૨૨૨	૬૩૪૧	૨૩૮			૯૬૨૮
૧૮૦૨	૨૦૭૨	૧૪૮૧૭	૪૦૦			૮૬૧૪

૧૮૦૩	૨૪૨૦	૧૩૬૪૯	૧૨૩૨		૧૨૬૬૮
૧૮૦૪	૬૦૧	૯૬૩૧	૧૯૨૬		૧૮૩૩૯
૧૮૦૫	૨૪૫૩	૨૩૨૫	૧૩૨૭		૧૩૪૮૬
૧૮૦૬	૭૩૧૫	૬૫૧	૧૬૮૯		૧૭૫૪૨
૧૮૦૭	૩૭૧૭	૧૮૮૬	૪૮૨		૧૯૪૫૨
૧૮૦૮	૨૦૧૬	૨૩૭	૮૧૭		૧૬૬૨૨
૧૮૦૯	૪૦૭૮૧	૧૦૪	૧૧૨૪		૮૮૫૨
૧૮૧૦	૩૪૭૭	૧૧૬૭	૧૪૯		૧૩૨૬૪
૧૮૧૧	૧૬૦	૯૫૫	૨૬૨૩		૧૪૩૬૫
૧૮૧૨	...	૧૪૭૧	૧૮૮૯		૧૩૭૦૩
૧૮૧૩	૧૧૭૦૫	૫૫૭	૬૩૮		૨૬૬૭૨
૧૮૧૪	૨૧૫૮૭	૯૧૯	૧૭૮૬		૧૬૫૪૪
૧૮૧૫	૧૭૨૨૮	૩૮૪૨	૨૦૯૬		૨૬૨૨૧
૧૮૧૬	૮૫૦૨૪	૨૭૧૧	૮૮૮૪		૧૫૭૪૦
૧૮૧૭	૫૦૧૭૬	૧૬૦૪	૨૨૬૦		૧૫૫૮૪
૧૮૧૮	૧૨૭૧૨૪	૬૬૬	૨૦૬૬		૧૩૦૪૪

૧૮૧૯	૩૦૬૮૩	૫૩૬	૬૯૬૮	૪૬૮	...	૧૬૬૭૦
૧૮૨૦	૧૨૯૩૯	૩૧૮૬	૬૮૦૫	૫૨૨		૧૨૫૨૬
૧૮૨૧	૫૪૧૫	૨૧૩૦	૬૯૭૭	૭૦૪		૧૨૬૩૫
૧૮૨૨	૬૫૪૪	૧૬૬૮	૭૮૯૩	૯૫૦	...	૧૬૭૫૧
૧૮૨૩	૧૧૭૧૩	૧૩૫૪	૬૩૫૭	૭૪૨	૧૪૧૯૦	૧૫૮૭૮
૧૮૨૪	૧૨૪૧૫	૧૩૩૭	૭૦૯૮	૧૧૦૫	૧૭૬૦૭	૨૨૪૭૨
૧૮૨૫	૧૫૮૦૦	૧૮૭૮	૮૦૬૧	૧૫૫૮	૧૩૪૬૧	૨૬૮૩૭
૧૮૨૬	૧૫૧૦૧	૧૨૫૩	૬૮૫૬	૧૨૩૩	૧૩૫૭૩	૧૪૬૦૪
૧૮૨૭	૪૭૩૫	૫૪૧	૭૭૧૯	૬૭૧	૧૩૭૫૬	૩૦૭૬૧
૧૮૨૮	૪૧૦૫	૭૩૬	૧૦૪૩૧	૫૫૦	૧૫૩૭૯	૧૬૦૪૧
૧૮૨૯	...	૪૩૩	૭૦૦૦	...	૮૨૫૧	૨૭૦૦૦?

ઉપરના આંકડા ઉપરથી જણાશે કે યુરોપીયન વેપારીનો ગળીનો માલ વધવા માંડ્યો. કાચા રેશમનો માલ ચઢતો કાયમ રહ્યો, પણ રેશમનો પાકો માલ ગગડી પડ્યો. રૂની રવાનગી પણ ગગડવા માંડી, પણ સુતરનું કાપડ અત્યંત ગગડી ગયું. ઓગણીસમા સૈકાનાં પહેલાં ચાર વર્ષોમાં બધા પ્રતિબંધો છતાં કલકત્તાથી ઇંગ્લંડ ઉપર પંદર હજાર ધોકડાં ચઢતાં હતાં. પણ ૧૮૧૩ થી આ આંકડા ગગડવા માંડ્યા. વળી ખાનગી વેપારીઓને માટે વેપાર

ખુલ્લો મુકાયાથી વળી આંકડા ચઢવા લાગ્યા, પણ તે થોડો વખત જ ચાલ્યું. ૧૮૨૦ પછી સૂતરાઉ માલનો ધંધો અને વિલાયતનું ચઢાણ ક્રમે ક્રમે ઉતરવા માંડ્યું તે પાછું વધવા પામ્યું નહિ. તેજ પ્રમાણે અમેરિકા, ડેન્માર્ક, સ્પેન, પોર્ટુગલ, મોરિશ્યસ અને એશિયાનાં બીજાં બજારોમાં હિંદુસ્તાનનું સુતરાઉ કાપડ ચઢતું તેના આંકડા પણ ગગડવા લાગ્યા. અમેરિકામાં જ્યારે ૧૮૦૧ માં ૧૩૬૩૩ ધોકડાં મોકલ્યાં હતાં, ત્યારે ૧૮૨૯ માં ૨૫૮ ધોકડાં થઇ ગયાં. ડેન્માર્ક ૧૮૦૦ માં ૧૪૫૭ ધોકડાં લેતું હતું, તેના ૧૮૨૦ માં ૧૫૦ ધોકડાં થઇ ગયા. પોર્ટુગલ ૧૭૯૯ માં ૧૭૧૪ ધોકડાં લેતું હતું, તે ૧૮૨૫ પછી એક હજારથી વધારે કદી લેતું નહીં. અને ૧૮૧૦ અને ૧૮૨૦ ના ગાળામાં અરેબિયા અને ઇરાની અખાતનો વેપાર જ્યારે ચારથી સાત હજાર ધોકડાં સુધી પહોંચ્યો હતો તે ૧૮૨૫ પછી બે હજાર ઉપર ચઢયોજ નહિ.

બીજી તરફ જેમ હિંદુસ્તાનનો ઉઘોગ પડી ભાગ્યો, તેમ વિલાયતી અને બીજા દેશનો પરચુરણ માલ વધારે ને વધારે આવવા માંડ્યો. નીચેના આંકડા ઉપરથી તે જણાઇ આવશે.

મદ્રાસ ઇલાકામાં આવેલા પરદેશી સામાનની યાદી.

૧૮૨૪	૧૮૨૫	૧૮૨૬	૧૮૨૭	૧૮૨૮	૧૮૨૯	૧૮૩૦
છીંટ +	+	+	૫૧૦	૨૧૯	૩૫૨	૩૭૨
+	+	+	૪૭૦	૩૯૦	૩૪૮	...
+	+	૩૪૨	૯૪૧	૭૮૯	૫૯૮	૨૨૪
+	+	૯૦૩	૫૩૬	૯૫૮	૪૭૪	૧૧૨૧

+	+	૭૧૨	૬૩૭	૫૯૩	૮૫૩	૫૭૭
+	+	+	+	+	૬૪૪	૧૩૬
+	+	૮૩૫	૨૧૭૬	૯૧૫	૧૪૧૭	૧૧૫૮
૧૮૧	૯૨૦	૧૧૫૯	૭૫૪	૧૧૧૫	૪૦૯	૪૭૬
+	+	+	૬૦૧	૪૮૧	૫૮૧	૩૬૫
		૬૧૪	૯૧૫	૧૩૧૦	૮૪૪	૪૫૭

કલકત્તા મારફત બંગાળામાં ઉતરેલો બ્રિટિશ અને પરદેશીમાલ.

વર્ષ.	બનાત તાકા.	સુતર ચૈાંડ.	કોટન ટ્વીસ્ટ.	મ્યુલ ટ્વીસ્ટ.	સુતરાઉ તાકા.	દારૂ.
૧૮૧૩	૩૩૮૧	...	...	...	...	૫૨૨૫૩
૧૮૧૪	૪૬૩૫	...	...	...	...	૫૭૨૦૧
૧૮૧૫	૩૯૦૮	...	...	...	...	૫૯૪૬૨
૧૮૧૬	૩૭૦૭	...	...	...	...	૫૬૪૧૧
૧૮૧૭	૨૩૫૫	...	...	...	...	૫૩૧૫૭
૧૮૧૮	૫૬૩૩	...	...	...	...	૩૬૭૧૨

૧૮૧૯	૯૨૪૪	...	...	...	...	૨૦૬૮૮
૧૮૨૦	૫૫૪૬	...	...	...	...	૨૬૦૪૬
૧૮૨૧	૭૫૬૦	...	...	...	...	૩૦૩૮૨
૧૮૨૨	૫૧૦૮	...	...	...	...	૪૬૨૩૫
૧૮૨૩	૭૩૪૬	...	...	...	૬૪૪૪૬	૩૦૧૨૬
૧૮૨૪	૫૪૦૧	...	...	...	૪૩૦૩૦	૨૨૪૩૬
૧૮૨૫	૧૩૬૮૧	...	...	...	૧૫૮૦૭૬	૧૪૨૨૩
૧૮૨૬	૪૬૨૬	...	...	...	૧૭૮૪૮૧	૫૬૦૫૮
૧૮૨૭	૫૪૩૦	૮૨૭૩૮	૪૩૨૮૭૮	૩૩૬૨૩૪	૨૬૬૧૭૭	૮૦૫૬૫
૧૮૨૮	૭૬૦૬	૧૪૬૦૭૬	૬૪૨૩૦૬	૪૬૪૭૭૬	૨૩૫૮૩૭	૪૧૧૪૨
૧૮૨૯	૧૧૮૩૮	૬૮૧૫૪	૩૬૮૬૩૦	૬૧૮૬૪૬	૧૬૭૨૬૦	૩૧૩૧૧

૧૮૧૩ માં કૉમન્સની કમિટિ રૂબરૂ પુરાવો આપતાં ટૉમસમનોએ હિંદુસ્તાનની શાળોને બદલે વિલાયતી શાલો દાખલ થઇ શકે-એ સવાલ હસી કહાડયો હતો. ૧૮૨૪ માં જ્યારે તે મદ્રાસનો ગવર્નર હતો, ત્યારે યુરોપિયન શાલો હિંદુસ્તાનમાં ઉતરતી જોઇ અને હિંદુસ્તાનના માલને બદલે મસ્લીન બનાત અને બીજો ઉનનો માલ દાખલ થતો જોઇ તે ઘણું આશ્ચર્ય થયું હોવું જોઇએ.

૧૮૩૦ માં સરજોન મેલ્કમ-મુંબઇના ગવર્નર તેમને પણ હિંદુસ્તા-

નની કારીગરીનો નાશ અને હિંદુસ્તાનના લોકોની વધતી જતી દરિદ્રતા જોઇને બહુ ચિંતા થઇ હતી.

" ગ્રેટબ્રિટનને કાચા માલ માટે પરરાજ્ય ઉપર આધાર રાખવો પડે છે તે મટાડી તેવો માલ હિંદુસ્તાનમાંથીજ મળી શકે એવી સ્થિતિ સંપાદન કરવાની બહુ જરૂર છે; કારણ કે તેવા કાચા માલ ઉપર ગ્રેટબ્રિટનનાં ઘણા કિંમતીમાં કિંમતી કારખાનાંઓનો આધાર છે. આ બાબત ઉપર કોર્ટ ઓફ ડિરેક્ટરોનું ધ્યાન ખેંચાયલું અમારા જોવામાં આવે છે.

મારે ઉમેરવું જોઇએ કે, રેશમ જેવી ચીજોનો ઉદ્યોગ દાખલ કરવાથી, રૂની જાત સુધારવાથી અને ખાંડ સાફ કરવાના ઉદ્યોગમાં ફતેહ મેળવવાના યત્નો કરવાથી આપણે આપણા દેશના હૃદયને કંઇક સત્વ આપી શકીશું. અને આપણા બહોળા મુલકનાં સાધનો નભાવી શકીશું. દાણાદુણી સિવાયની ઉપર ગણાય તેવી ઉંચી પેદાશોને ઉત્તેજન આપવાથી, વ્યાપારને સજીવન કરવાથી, અને શ્રીમંત અને ઉત્સાહી રૈયતને અંદરના ભાગોમાં વસવાની અથવા ધંધો કરવાની લાલચ આપવાથી આપણા દેશને આપણે સત્વ આપી શકીશું અને આપણી ઉપજ વધારી શકીશું. આપણા રાજ્ય અને અમલ નીચે રહેતી દેશી રૈયતમાં બુદ્ધિ કે સત્વ એમાંથી એકેની ખામી નથી, પણ તે બહાર કઢાવવાની જરૂર છે. આપણે આપણી પોતાની વિભૂતિ આપણી સત્તા નીચે રહેતી પ્રજાના અભ્યુદયની સાથે કેવી રીતે જોડવી તે સમજીએ છીએ, અને તે સારૂ આપણે વિશાળ નીતિ, ઉત્સાહ અને પ્રવૃત્તિ હાથ ધરવાની જરૂર છે. સર જૉન માલ્કમને પણ એટલી સમજણ ન પડી કે જે તાબાના દેશના રાજ્યકર્ત્તાઓની નીતિ–પોતાના દેશના ઉદ્યોગોને માટે જોઇતો કાચો માલ પૂરો પાડવા સારૂ તે દેશનો ઉપયોગ કરવાનો હોય તે દેશની આબાદી કોઇ દિવસ થઇ શકે નહિ.

હિંદુસ્તાનમાં હાથ ધરાયલી આ નીતિના સંબંધમાં ઇંગ્લંડના જાહેર રાજ્યપુરુષો અથવા લેખકો કંઇ પણ બોલતા વા બળતા નહિ. રીકાર્ડો વગેરે

મોટા મોટા અર્થશાસ્ત્રવેત્તાઓને પણ આ સમ્બન્ધમાં કંઇજ બોલવાનું નહતું. **કૅાર્નલોસ** વિરૂદ્ધ લડત ચલાવનારા અગ્રેસરો–જેમણે ઇંગ્લન્ડના જમીનદારો વિરૂદ્ધ કૃતેહ સાથે લડત ચલાવી ઇંગ્લંડના મજુર વર્ગ માટે રોટલો સસ્તો કર્યો, તેઓ પણ હિંદુસ્તાનના લાખો સાળવી અને બીજા કારીગરોનો રોટલો ખુંચાવી લેનાર આ રાજ્યનીતિ સામે કંઇજ બોલ્યા નથી. કૅાબ્ડન અને બ્રાઇટે **કૅાર્નલોસ**ની વિરૂદ્ધ લડત ચલાવી કૃતેહ મેળવી સર રોબર્ટ પીલે તે કાયદા રદ કરી લોકને સસ્તો અને ન્યાયપુરઃસર હોવાથી વધારે મીઠો લાગે તેવો રોટલો સંપાદન કરી આપ્યો; પણ આપણા દેશના કારીગરોના રોટલા ઉપર હજી અન્યાય ચોપડેલો છે, અને કોઇ પણ રાજપુરુષે તે સવાલ હાથ ધર્યો નથી; હિંદુસ્તાનના પાયમાલ થયેલા હુન્નરોનું રક્ષણ કરવા, કેળવવા અને સજીવન કરવાનો ઉદ્યોગ કર્યો નથી.

પણ યુરોપ ખંડના બીજા ભાગના અર્થશાસ્ત્રીઓ આ બાબતમાં વધારે ન્યાયી વિચાર બાંધી શકયા હતા, અને છૂટથી બોલતા હતા; ૧૮૪૪ માં જર્મનીમાં લખાયલા અર્થશાસ્ત્રના એક મોટા ગ્રંથમાં આ બાબતનું નીચે પ્રમાણે વિવેચન કર્યું છે.

જો ઇંગ્રેજોએ હિંદુસ્તાનના સુતરાઉ અને રેશમી માલનું નિર્બાધ આગમન મંજુર રાખ્યું હત તો ઇંગ્રેજનાં સુતર અને રેશમનાં તમામ કારખાનાં તરત જ અવશ્યમેવ બંધ થયાં હોત. હિંદુસ્તાનને સસ્તી મજુરી અને કાચા માલનું સાન્નિધ્ય એ બે લાભો તો હતા જ અને તેની સાથે સેંકડો વર્ષનો અનુભવ અને કુશળતાનો પણ તેને સંગીન લાભ હતો. નિર્બાધ હરીફાઇની પદ્ધતિમાં આવા લાભોની અસર જણાયા વિના કદી રહે નહિ.

પણ પાકો માલ બનાવવાના ઉદ્યોગમાં હિંદુસ્તાનથી હલકી સ્થિતિમાં રહેવા માટે ઇંગ્લંડે એશિયામાં મુલક કર્યો નહોતો. અને વ્યાપારી અધિષ્ઠાતા-પણું જોઇતું હતું; અને તે બરાબર સમજતું હતું કે નિર્બાધ હરીફાઇ

વાળા બે દેશોમાં જે દેશ કાચો માલ પુરો પાડે તે હમેશાં તાબામાં રહે અને જે પાકો માલ તૈયાર કરે તે સર્વોપરિ થાય. ઉત્તર અમેરિકાનાં સંસ્થાનોમાં ઈંગ્લંડે આ ધોરણે કામ લેતાં તે સંસ્થાનોમાં એક ઘોડાની નાળ સરખી પણ ચીજ બનવા દીધેલી નહિ, એટલું જ નહિ પણ ત્યાંની એક નાળ પણ ઈંગ્લંડમાં ઉતરવા દીધી નહિ. એવી કેમ આશા રાખી શકાય કે પોતાની ભવિષ્યની મહત્તાના પાયા રૂપ પોતાના માલની બજાર હિંદુઓ જેવા સંખ્યાબંધ, કરકસરીઆ, અનુભવી અને માલ બનાવવાની પ્રાચીન રીતિઓમાં પૂર્ણતા પામેલા લોકના તાબામાં રહેવા દે!

તેથી ઈંગ્લંડે જે માલ પોતાનાં કારખાનાંમાં બનતો તે–એટલે સુતર અને રેશમનાં કાપડ–હિંદુસ્તાનમાંથી ઇંગ્લંડ આવતાં બંધ કર્યાં. આ બાંધ પૂર્ણ અને અચૂક હતો. આ સુંદર અને સસ્તો માલ તેને બીલકુલ જોઇએ નહિ, અને પોતાનો હલકો અને વધારે મોંઘો માલ વાપરવાનું તેણે પસંદ કર્યું હતું; પરંતુ યુરોપની પ્રજાને હલકી કિંમતે હિંદુસ્તાનનો સુંદર માલ પુરો પાડવામાં અને તે સસ્તાપણાનો લાભ યુરોપના લોકોને રાજી થઇને આપવામાં તેને હરકત નહતી.

આમ કરવામાં ઈંગ્લંડ મૂર્ખાઇ કરતું હતું? એડમસ્મિથ, અને સે, વગેરેના સિદ્ધાન્તો પ્રમાણે તો બેશકજ. કારણ કે તે પ્રમાણે તો ઈંગ્લંડે જે જોઇએ તે સસ્તામાં સસ્તી બજારમાંથીજ લેવું જોઇતું હતું. પોતાને માટે જે માલ બીજે ઠેકાણેથી સસ્તો મળે તેવા માલના પોતે વધારે પૈસા ખરચવા અને સસ્તાપણાનો તમામ લાભ બીજાને આપી દેવા તે મૂર્ખાઇ જ છે.

અમારા સિદ્ધાન્ત પ્રમાણે ઉલટોજ પ્રકાર છે. આ સિદ્ધાન્તને અમે 'પેદાશની સત્તા' એવું નામ આપીએ છીએ; અને આજ સિદ્ધાન્ત ઇંગ્રેજ પ્રધાનમંડળે શાસ્ત્રસિદ્ધ કર્યા વિના પણ વ્યવહારમાં હિંદુસ્તાનની સાથેના સંબંધમાં–કાચો માલ ઉતારવો અને કાપડ ચઢાવવું–એ નીતિ સ્વીકારમાં-ગ્રહણ કર્યા હતા.

ઇંગ્રેજ પ્રધાનમંડળને હલકી કિંમતનો નશ્વર માલ સંપાદન કરવાની દરકાર ન હતી પણ વધારે કિંમત આપીને 'માલ તૈયાર કરવાની સત્તા' સંપાદન કરવાની જરૂર હતી.

ઉપરથી જણાશે કે બ્રિટિશ અર્થશાસ્ત્રીઓ નિર્બાધ વ્યાપારની નીતિની હિમાયત ઘણા વખતથી કરતા આવતા હતા છતાં બ્રિટિશ પ્રજાએ હિંદુસ્તાનની 'માલ પકવવાની સત્તા' નો નાશ કર્યા પછી અને પોતાની તેવી સત્તા ઉછેર્યા પછી જ તે નીતિ સ્વીકારી. તે પછી બ્રિટિશ પ્રજા નિર્બાધ વ્યાપારી બની અને બીજી પ્રજાઓને તેવો નિર્બાધ વ્યાપાર સ્વીકારવાને આમંત્રણ કર્યું. બીજી પ્રજાઓ તેમજ બ્રિટિશ સંસ્થાનો પોતાનો સ્વાર્થ વધારે સારી રીતે સમજતાં હતાં, તેઓ અત્યારે પોતાની 'સત્તા' રક્ષક નીતિ (Protection) નીતિથી ઉછેરે છે પણ હિંદુસ્તાનની તે સત્તા પ્રથમ બાધક નીતિથી નષ્ટ કરવામાં આવી છે; અને તેનું સંજીવન થતું અટકે તેવી રીતે તેના ઉપર નિર્બાધ વ્યાપારની નીતિની ફરજ પાડવામાં આવી છે.

મુલકી વેપાર; ન્હેરો અને રેલ્વે.

૧૮૧૩-૧૮૩૫.

પાછલા સૈકામાંથી ચાલી આવેલા ચીલાચેરાને લીધે મુલકી વેપાર હજી મંદજ હતો. અત્રે યાદ કરવું જોઇએ કે ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ મુલકી વેપારને જે જકાતો લાગુ હતી તેમાંથી પોતાના વેપારને બાતલ કરવાની મહેરબાની મેળવી આપણા દેશમાં પોતાનો પાયો રોપ્યો હતો. આપણે એ પણ યાદ કરવું જોઇએ કે બંગાળામાં જ્યારે કમ્પનીના નોકરોએ પોતાના ખાનગી વેપારને માટે આવો હક માગ્યો ત્યારે નવાબ મીર કાસીમે ઉદારતાના તોરમાં તમામ ચીલાચેરો એકદમ બંધ કર્યો; અને આ ઉદારતાને લીધે તેણે પોતાની ગાદી ખોઇ. અને આખરે જ્યારે ૧૭૬૫ માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પની બંગાળાની

ધણી થઇ તે વખતે નવાબ મીર કાસીમનું અનુકરણ કરીને મુલકી વેપારને કચરી નાંખતો આ ચીલાવેરો કાઢી નાખી વેપારને મુક્ત કરવાની કમ્પનીને તક મળી. પણ આ વેરાથી થોડી પણ ઉપજ આવતી હતી; અને ઇસ્ટ ઇન્ડિયા કમ્પની જરા પણ ઉપજ ખોવાને તૈયાર ન હતી.

ચીલાવેરો બ્રિટિશ અમલ નીચે પ્રથમ કરતાં વધારે જુલમી થયો. કારણ કમ્પનીની સત્તા વધારે ઘેરી સ્વચ્છંદી અને નિઃસંદેહ હતી, અને ચોકી ઉપરના દરેક હલકા પગારના મહેતાને વધારે જુલમ કરવાનાં સાધન આપનારી હતી. આ અનિષ્ટતા ૬૦ વર્ષ સુધી વધતી ચાલી. પણ આખરે ૧૮૨૫ માં હોલ્ટમેકેન્ઝીએ તે વેરા પોતાની નાપસંદગી જાહેર કરી. તેઓ લખે છે કે,

"કેટલીક ચીજોને દસ દસ ચોકીઓમાંથી પસાર થવું પડે છે. અને આ દેશની મુખ્ય પેદાશમાંની કોઇ પણ ચીજ એવી નથી કે જેની વારંવાર આ કારણથી અટકાયત નહિ થતી હોય. એમ માનીએ કે આ ચોકીઓમાં કંઇ અટકાયત થતી નથી તેમ કાંઇ પૈસા કાઢવા પડતા નથી તોપણ દેશના વ્યાપારને આથી ઘણી અટકાયત થાય છે, કારણકે ચોકીરૂપી દીવાલવાળા દેશો વચ્ચે, ૫ થી ૭½ ટકા જેટલી સરકારી જકાત અને લાવવા લઇજવા વગેરે વાણિજ્યના બીજા ખર્ચો– તે બધાં પોસાઈ શકે તેટલો ભાવનો ફેર ન હોય તો, વેપાર સંભવી શકે જ નહિ. બીજું આથી ભાવના સ્વાભાવિક ફેરફારમાં વધારા થાય છે અને **ઉપભોગ** બલિના ધોરણ વિરૂદ્ધ, જે લોકોને ઉપભોગને માટેજ, જકાત બાદ કરતાં પણ, સહુથી વધારે આપવું પડે છે, તેમના ઉપર આ વેરો પડેછે. " વળી સરકારી જકાતમાં જ્યારે આપણા ચોકીવાળાનાં પાનસોપારી ઉમેરીએ ત્યારે આપણને ખાત્રી થાય છે કે થોડી મુડીથી ચાલતો તમામ વેપાર અટકતોજ હોવો જોઇએ. શ્રીમંત વેપારીને ભારે પાનસોપારી આપવામાં અડચણ આવે નહિ; કારણ કે તેના જથાબંધ વેપારના પ્રમાણમાં ખર્ચ પોસાણ જેટલુંજ આવે, અને તેની પોતાની

પ્રતિષ્ઠાને લીધે તેની પાસેથી જુલમી પાનસોપારી લેવાય પણ નહીં. પણ નાના વેપારીને તો સહેજ સાજ પાનસોપારીમાં પણ તેના સાહસનો નક્ષો હજમ થઇ જાય, અને તેની પાસે વિવેકથી પાન સોપારી લેવાશે તેને માટે કંઇપણ ખાત્રી નહીં." "અત્યાર સુધી ઇંગ્લંડમાં સત્તાધીશોનું તેમજ વ્યાપારી મંડળનું ચિત્ત યુનાઇટેડ કિંગ્ડમના માલને માટે બજાર શોધવામાંજ રોકાયું હોય એમ જણાય છે. તેથી તેમણે હિંદુસ્તાનના આયાત વેપાર ઉપર નિકાસ વેપાર કરતાં વધારે નજર રાખી જણાય છે. ૧૮૧૦ ના નવમા ધારાથી જે જકાત નાંખવામાં આવી હતી તેથી ઇંગ્લંડથી અહીં આવતો કેટલોક માલ બંધ થઇ ગયો છે, અને નિકાસમાં ગળી, કપાસ, ઉન, અને શણ એટલાને નિર્બાધ કર્યા છે, તે પણ હું ધારૂછું કે ઇન્ડિયાના હિત કરતાં ઇંગ્લંડના હિત માટે.

" કલકત્તાના વેપારની ચીજો ઉપર કાળજીથી વિચાર કરતાં મને એમ જણાયું છે કે મુલકી વેપાર ઉપરનો વેરો લાંબા નુકસાન વિના આપણે કાઢી શકીશું,-જો આપણી પશ્ચિમની સીમા ઉપર મીઠા ઉપર જે કર નાંખવામાં આવ્યો છે તે કાયમ રાખીએ તો.

" આયાત નિકાસ જકાતમાં કાંઇ ફેરફાર કર્યા વિના-જો આપણે મુલકી વેરો કાઢી નાંખીએ તો ૩૩ લાખનું નુકસાન થાય છે અને મીઠાનો વેરો કાયમ રાખીએ તો બાવીસ લાખનું હું ધારૂં છું. આ તમામ નુકસાન દરીઆઇ વેપાર ઉપર નવી જકાત તરતમાં નાંખવાથી પુરી શકાશે નહીં, પણ કેટલોક તો ખાડો નિશ્ચયથી પુરી શકાય; અને આ સૂચનાથી વેપાર વધશે, અને ખરચ ઓછું થશે તેથી સરવાળે નુકશાન નહીં આવે એમ હું ધારૂંછું. "

પણ હૉલ્ટ મેકેન્ઝીનું કહેવું કોઇએ સાંભળ્યું નહીં. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની હિંદુસ્તાનના વેપારની આબાદી માટે બાવીસ લાખનું પણ નુકશાન તરતને માટે વેઠે નહીં. હિંદુસ્તાનના લોકોની આબાદી માટે અમને ઘણી ચિંતા છે એમ મ્હોંડેથી કહેતાં છતાં એક પાઇનું પણ નુકશાન ખમવાને કમ્પા-

તૈયાર થાય નહીં. જો મુલકી જકાત રદ કરવાનું કમ્પનીનાજ હાથમાં હોય તો તેમના અમલ દરમીયાન તે કદી પણ રદ થઇ ન હોત.

પણ સદ્‌ભાગ્યે કમ્પનીના પોતાનાજ નોકરોએ ૫૨જ પાડી. કમ્પનીએ પોતાના મોટામાં મોટા અને સારામાં સારા ગવર્નર-જનરલ લોર્ડવિલ્યમ બેન્ટિન્કને મોકલ્યા. તેમણે સરચાર્લ્સ ટ્રેવેલ્યનને આ ચીલા વેરાના સંબંધમાં તપાસ કરવા ઉપર નીમ્યા. ટ્રેવેલ્યને એક પ્રખ્યાત રિપોર્ટમાં તે રીતનાં અનિષ્ટો દયાવિના ખુલ્લાં કર્યાં. તેમાં બતાવ્યું હતું કે બંગાળાના નવાબના વખત કરતાં આ વખતમાં આ ચીલા વેરાનાં દુઃખોમાં વધારો થયો છે. ચોકીદારોના પગાર એટલા હલકા છે કે તેઓ પાન સોપારી વિના નભી શકેજ નહીં. તેને લીધે તમામ પેદાશ મરી ગઇ છે અને મુલકી વેપાર પક્ષાઘાતમાં પડયો છે. મુસાફરોને હેરાન કરવામાં આવે છે અને ચોકી-એથી પસાર થતી સ્ત્રીઓની આબરૂ પણ નિર્ભય નથી; અને જુલમની આ વિશાળ પદ્ધતિ નજીવી ઉપજ માટે દેશમાં રાખવામાં આવી છે. લોર્ડવિલ્યમ બેન્ટિન્કે ટ્રેવેલ્યનનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો અને મુલકી વેપાર ઉપરની જકાતના બાર વગાડયા.

ઇગ્લંડમાં લોર્ડ એલનબરોએ આ રિપોર્ટ ઉપાડી લીધો અને ૧૮૩૫ માં આ રીતની અનિષ્ટતા વજનદાર ભાષામાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પની આગળ રજુ કરી લખ્યું કે—

" ઇગ્લંડના સુતરાઉ માલ ઉપર હિંદુસ્તાનમાં ૫ફત ૩॥ ટકા જકાત સિવાય છે, ત્યારે હિંદુસ્તાનના માલ ઉપર નીચે પ્રમાણે જકાતો લેવાય છે.

કાચા રૂ ઉપર	૫ ટકા
સુતર ,,	૭½ ,,
કાપડ ઉપર	૨½

અને જો પરવાનો સફેત કાપડનો લઇને પછી તેને રંગવામાં આવ્યું હોય તો બીજા ૨½ ,,

આમ એકંદર હિંદુસ્તાનને હિંદુસ્તાનમાંજ સુતર-કાપડ ઉપર ૧૭½ ટકા દાણ લેવાય છે.

વગર કેળવેલાં ચામડાં ઉપર પાંચ ટકા જકાત છે તેને કેળવીને તૈયાર કરે ત્યારે બીજા પાંચ ટકા, અને જ્યારે તેના જોડા બને ત્યારે બીજા પાંચ ટકા; આમ હિંદુસ્તાનમાં ચામડાના માલ ઉપર હિંદુસ્તાનમાંજ વપરાય છતાં ૧૫ ટકા જેટલું દાણ છે.

અને એમની પોતાની ખાંડ ? શહેરમાં આવે ત્યારે ૫ ટકાનું દાણ અને પાંચ ટકા પાછી તે ઉપર જકાત અને જે ગામમાંથી બહાર જાય ત્યાં પાછા ૫ ટકા આમ હિંદુસ્તાનની ખાંડ હિંદુસ્તાનમાંજ વપરાય ત્યાં પણ ૧૫ ટકાનું દાણ લેવાય છે.

આમ કંઈ થોડીને ઘણી ૨૩૫ ચીજો ઉપર દેશદાણ છે. એમના પોતાના ઘરના વપરાશમાં આવતી દરેક ચીજ ઉપર દાણ છે અને તે તથા જડતી લેવાની રીતથી ઉપજમાં કંઈપણ વધારો ન થતાં લોકને ઘણી હેરાનગતી અને દુઃખ છે. જડતીની સત્તાનો જો દરેક ઘણી અમલ કરે તો તેના વિલંબથીજ માત્ર દરેક તરેહનો વેપાર પડી ભાગે પણ જબરાઈથી નાણાં કઢાવવાં હોય ત્યારેજ તેનો અમલ કરવામાં આવે છે.

આપણે આપણી સત્તાથી કરોડ માણસને મુલકી વેપારમાં પૂર્ણ સ્વતંત્રતા આપી શકીએ છીએ. હું ધારું છું કે આ પ્રાન્તના લોકો ઉદ્યમી છે, જમીન ફલદ્રૂપ છે, નૌકાનો સંચાર થઇ શકે તેવી નદી તેના એક છેડાથી બીજા છેડા સુધી આવેલી છે: અને નિષ્પક્ષપાત કાયદાઓથી તેમના માલનું રક્ષણ થાય છે. તો, જો સરકાર પોતાની રાજ્યનીતિ ઊંચા પ્રકારની રાખે તો જગતની કોઇ પણ પ્રજા કરતાં બંગાળાના લોકોને આબાદીનાં વધારે સાધનો મળી શકે. ”

પણ લોર્ડ એલનબરોને કોણ સાંભળે ? અધિષ્ઠાત્રી સભાએ જવાબ દીધો કે આ બાબતની અનિષ્ટતાઓ હિંદુસ્તાનની સરકાર સમજે છે, અને

જ્યારે અનુકૂલ જણાશે ત્યારે આ મુલકી જકાત કહાડી નાંખવાની તેમની ઇચ્છા છે. સ્થાનિક સરકારને આવા વિષયમાં જહાંગીરી હુકમ આપવા, એ અમને કવણતનું અને અનિષ્ટ જણાય છે. બીજા શબ્દોમાં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ હિંદની સરકારને આગળ ધરીને સુધારો કરવાની પોતાની પ્રરજની અવગણના કરી. આ રીત દુર્ભાગ્યે બહુ સાધારણ થઇ પડી હોય એમ જણાય છે.

પણ ભાવીની વક્રતાથી આ વખતે એમનું ચાલ્યું નહિ. ટ્રેવેલ્યનના રિપોર્ટથી હિંદુસ્તાનનો પ્રજા મત હાલી ઉઠયો હતો; અને ઉત્તર પ્રાંતોમાં મિ. રોસે પોતાની હકૂમતમાં પોતાની જવાબદારીથી મુલકી જકાત કહાડી નાંખી અને લોર્ડ વિલ્યમ બેન્ટિંકની પછીના અધિકારીએ એજ પ્રમાણે ૧૮૩૬ ના માર્ચની પહેલી તારીખે બંગાળાની દાણની ચોકીઓ બંધ કરી, અને એ મહીનાથી દરવાજાની જકાતો પણ કહાડી નાંખી. અધિષ્ઠાત્રી સભાને આ પગલાં પસંદ કરવાની તો ફરજ પડી પણ ' ઉપજના નુકશાનનો બદલો લેવાની કંઇ પણ યોજના ઘડયા વિના આપ નામદારને આ કામ એકદમ કરવાની જરૂર પડી ' તેથી પોતાની દીલગીરી બતાવી.

હવે આપણે મહારાણી વિકટોરીઆના રાજ્યારોહણના સમય સુધી આવી પહોંચ્યા છીએ. પણ મુલકી દાણની બાબત પુરી કરવા સારૂ જરાક આગળ જઇએ. લોર્ડ ઑકલંડ ૧૮૩૬ માં મહારાણીના પહેલા ગવર્નર જનરલ થઇને આવ્યા. પણ આનો અમલ એક મોટા મુર્ખાઈના કામથી આરંભાયો. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કની શાન્તિ કરકસર અને સુધારાની રાજ્યનીતિનો અનાદર કરીને આપણે અફઘાન યુદ્ધમાં ઝંપલાવ્યું. પરિણામ એ આવ્યું, કે એક મિત્ર જેવી લડાયક પ્રજાને શત્રુ બનાવી. ૧૮૪૨ માં ૪૦૦૦ સૈનિકો અને ૧૨૦૦૦ અનુયાયિઓ ખોઇને આપણે પાછા આવવું પડયું. અને હિંદુસ્તાનની સરહદ બહારની લડાઇમાં હિંદુસ્તાનની ઉપજનો ભોગ અપાયો.

પછી લોર્ડ એલનબરો જેમણે આપણે ઉપર જોયું તે પ્રમાણે દેશ દાણ કહાડી નાંખવા પ્રથમ મેહેનત કરી હતી તેઓ ૧૮૪૨ માં ગવર્નર જનરલ થઇને આવ્યા. તેમણે ૧૮૪૩ માં સિંધમાંથી, અને ૧૮૪૪ માં એક કાયદો કરીને મદ્રાસમાંથી દેશ દાણ રદ કર્યું.

૧૮૫૩ માં હાઉસ ઓફ કોમન્સની સિલેક્ટ કમિટિમાં લોર્ડ એલનબરો જે એક સભાસદ હતા તેમણે મિ. ટ્રેવેલ્યન જેઓ સાક્ષિ થઇને આવ્યા હતા તેમને આ બાબતમાં સવાલ પુછ્યો હતો. જવાબમાં તેમણે કહ્યું કે જો મારો રિપોર્ટ પ્રસિદ્ધ ન થયો હત અને હમેશની રીત મુજબજ તેની ચર્ચા થઇ હત તો હુ ધારૂ છું વર્ષોનાં વર્ષો નીકળી ગયાં હત; પણ તે રિપોર્ટ પ્રસિદ્ધ થયો અને સહુને આ દેશ દાણની રીત નિંદ્ય જણાઇ,

આ વખતે હિંદુસ્તાનમાં એક સરખો સિક્કો ન હતો કલકત્તાનો સિક્કો મદ્રાસના કરતાં ૬½ ટકા જેટલો વધારે કિમતી હતો. મહોર સોળ રૂપીઆ માટે લેવાતી. પણ સોનાના ભાવ રૂ. ૧૮ સુધી પહોચ્યતાં તેનો ઉપયોગ બંધ થઇ ગયો. બેન્ક ઓફ ઇગ્લંડના ગવર્નરે ૧૮૩૨ માં પોતાની જુબાનીમાં કહ્યું હતુ કેઃ–

હિંદુસ્તાનમાં વાસ્તવિક ચલણ રૂપાનું હોવાથી સોનાનો સિક્કો ચાલતો નથી તેમ ચાલશે પણ નહિ. સોનાનુ ચલણ હિંદુસ્તાનમાં અમલમાં મુકવાની બાબતમાં હું વિરૂદ્ધ છું.

રાતા સમુદ્ર દ્વારા ઇંગ્લંડ અને હિંદ વચ્ચે આગબોટનો વહેવાર શરૂ થઇ ગયો હતો. પણ હજી તેમાં ખરચ બહુ પડતું. તે વખતે મુંબઇથી સ્વેઝ જતાં તેત્રીસ દિવસ થતા. અત્યારે તેના ચોથા ભાગનોજ વખત લાગે છે,

ગંગાળાની નદીઓમાં આગબોટના વહેવાર શરૂ કરવાની અને પ્રયાગ

અને કલકત્તા વચ્ચે એક પ્રયોગયાત્રા કરવાની ચર્ચા ચાલી હતી. મિ. પિન્સેપે આ બાબતમાં છેક ૧૮૨૮ માં એક યોજના રજુ કરી હતી. તેણે લખ્યું છે કે ચીનની નદીઓ સિવાય આખા જગતમાં બીજી કોઇ નદી નથી કે જ્યાં ગંગા નદી જેવો વ્યવહાર ચાલતો હોય. ૧૭૮૦ માં માત્ર આ નદીમાં વહાણ ચલાવવાના ધંધામાં ત્રીસ હજાર માણસોનો નિર્વાહ થતો હતો. તે પછી આ સંખ્યામાં વધારો થયો હતો. એક ક્ષણ પણ એવી નથી જણાતી કે જે વખતે આ નદીમાં વ્હાણોની પરંપરા આવજા કરતી ન હોય. આ વ્યવહાર મુસાફરી અને વેપારની કેટલી સેવા કરે છે તેની ગણત્રી પણ થઇ શકતી નથી." અત્યારની રેલ્વે વેપારની વધારે સંગીન સેવા બજાવે છે. પણ તે પરદેશી મુડીથી બંધાયેલી છે, અને પરદેશી ભાગીદારોને વ્યાજ આપે છે. અને લાખો ખલાસીઓ વહાણ બાંધનારાઓ ગાડાંવાળાંઓ અને બળદની પેઠો રાખનારાઓનો પોતાનો ધંધો ગુમ થયો છે.

આ અરસામાં ન્હેરો રેલ્વેના સવાલની ચર્ચા થઇ હતી. ન્હેર અને એક સડકની રેલ્વે બાંધવાનું ખરચ સરખુ થશે એવી ગણત્રી કરવામાં આવી હતી. આશરે માધલ એકના ૯૦૦ પાઉંડ. અને ન્હેરમાંથી ૧૯૦ પાઉંડ ઉપજે અને રેલ્વેમાંથી ૧૭૫ પાઉંડની ઉપજ થાય.

" વ્યવહારની ન્હેરમાં પાણી પાવા માટે ન્હેરો બાંધવી પડે તેના જેવા કામની જેમ જરૂર નથી તેમ તે કામ તેથી બહુ જુદા પ્રકારનું પણ નથી. પણ જનવરથી ચાલે તેવી રેલ્વે બાંધવી એતો સાદામાં સાદુ કામછે; અને તેમાં ન્હેરોના પ્રમાણમાં કંઇ મુશ્કેલી નથી. તેમજ રેલ્વે ન્હેરો કરતાં વધારે પસંદ કરવા લાયક છે, કારણકે તેમાં પાણી જોઇતું નથી. પણ સવાલ એછે જે અંદરના વ્યવહાર સુધારવામાં જે ખરચ કરવામાં આવે તેના કરતાં પાણી પાવાની જે ન્હેરો અત્યારેછે તે અથવા નવી બાંધવામાં આવે તેન ઉપર ખર્ચ કરવામાં વધારે ફાયદો છે કે નહિ તે જોવાનું છે.....અહીંઆં જે

રેલ્વે રસ્તાઓની વાત કરીએછીએ તે જનવરોની શક્તિથી વાપરવાના રસ્તાઓ-નેજ માટે. કારણ કે એન્જિનના વપરાશના રસ્તાની વાત કરીએ તેમાં તો ફામનો ફેર પડી જાય છે. અને ખરચ પણ ઘણુંજ વધી જાયછે; કેમકે જે ઢોળાવ અને વાંક જનવરના રસ્તામાં રાખી શકાય તે એન્જિનમાંરાખી શકાય નહિ. મેન્ચેસ્ટર અને લીવરપુર વચ્ચે એન્જિનની રેલોમાં માઇલના ૨૫૦૦૦ પાઉંડ ખરચ થયું હતું. જ્યારે ઇંગ્લંડમાં જનવરની રેલવેની બેવડી સડકમાં માત્ર ૫૦૦૦ પાઉંડજ ખરચના આવ્યા હતા. હમણાં તળાવ ખાતામાં જે કામ ચાલેછે તેમાં થોડાંક ગાડાં અને સલેપાટ મોકલી દીધા હોય તો મને યોગ્ય જણાય છે. એક હજાર વાર જેટલા બેવડા સલેપાટ તાત્કાલિક ઉપયોગ સારૂ ઇંગ્લાંડમાં જેવા વપરાય છે તેવા ૨૫૦ પાઉંડમાં મોકલાવી શકાય."

રેલવે અને ન્હેર વચ્ચેની જબરી ચર્ચાનો આમાં આરંભ થાયછે. આ ચર્ચા પછીના દસકાઓમાં ચાલી હતી. અને રેલવેને પસંદ કરવામાં આવી, અને હિંદુસ્તાનની ખેતીને ફાયદો કરે તેવી ન્હેરો બાંધ રહી. બ્રિટિશ વેપારી-ઓની હિંદુસ્તાનની સરકાર ઉપર એટલી વગ હતી કે હિંદુસ્તાનની સરકારે હિંદમાં રેલ્વે બાંધવા સારૂ જમીનગીરીઓ આપી. ૧૯૦૦ ની સાલ સુધી ૨૨૫૦૦૦૦૦૦ પાઉંડ રેલવે પાછળ ખરચાયા તેમાં હિંદુસ્તાનને કાંઈપણ નફો તો મળ્યો નહિ, પણ ઉલટો ૪૦૦૦૦૦૦૦ નું નુકસાન લખાયું. અને હિંદની ખેતીના હિતની તુલના એટલી થોડી હતી કે ન્હેરો પાછળ ૧૯૦૦ સુધી માત્ર ૨૫,૦૦૦૦૦ પાંઉંડ ખર્ચાયા હતા; અને હિંદુસ્તાનમાં જ્યારે વીસ કરોડ એકર જમીન વર્ષોવર્ષ ખેડાય છે ત્યારે આવી રીતની ન્હેરોથી માત્ર બે કરોડ એકર જમીનનું જ રક્ષણ થાય છે.

પ્રકરણ ૭ મું.

રાજ્યવ્યવસ્થા.

વૉરન હેસ્ટિંગ્સ અને લૉર્ડકૉર્નવૉલિસે વહીવટી અને ઇન્સાફી ખાતાના રાજ્યકારભાર માટે જે પગલાં ભર્યાં હતાં, તે સંબંધી વિવેચન પૂર્વે આવી ગયું છે. એમાં ઘણું સારૂં હતું પણ તેની સાથે કેટલાંક દૂષણો પણ હતાં અને તે દૂષણો વખત જતે વૃદ્ધિ પામ્યાં. ન્યાયખાતાની જે રચના કરી હતી તે કમ્પનીની દસ કરોડ રૈયત માટે પુરતી ન હતી; તેમજ આ મોટી સુધરેલી વસતિના જનમાલના રક્ષણની ગોઠવણમાં તેમની પોતાની સહાયતાનો અસ્વીકાર પણ તેની નિષ્ફળતાનું કારણ હતું.

યુરોપિયન ન્યાયાધીશોને લોકની ભાષાનું જ્ઞાન ન હતું તેમજ તેમના રીતવાજની પણ ખબર ન હતી. તેમના તાબાના દેશી અધિકારીઓ હલકા પગારના હતા તેથી ફરવતીયા હતા અને ઇન્સાફ વેચાવા લાગ્યો. અધુરામાં પુરૂં મુકદ્દમાની સંખ્યા એટલી બધી વધી પડી અને નિર્ણય આપતાં એટલા વિલંબ થવા માંડ્યા કે ઇન્સાફનાં દ્વાર બંધ થઇ ગયા જેવું જ થઇ પડ્યું. સાક્ષીઓનાં લશ્કરોને દૂરની કોર્ટોમાં હાજર રહેવા સારૂ ખેંચાવું પડે, અને તે એટલે સુધી કે આખરે હિંદુ મુસલમાન, સહુ સાક્ષી તરીકે કોઇ બોલાવે તો પોતાનેજ એક મોટી શિક્ષા થઇ એમ માનવા લાગ્યા. ઇન્સાફ વધારે ખરચાળ કરવા માટે જુદી જુદી તરેહની ફીઓ લેવા માંડી. ન્યાયાધીશોને વધારાની સત્તાઓ આપવામાં આવી અને કામ ઓછું કરવા માટે અપીલના હકકો ઓછા કરવામાં આવ્યા. આવી અનિષ્ટતા દૂર કરવા સારૂ દરેક સંતાપજનક ઉપાયો અજમાવી જોયા. ન્યારે ઉપાય માત્ર એકજ હતો કે લોકોની સહાયતા સ્વીકારવી અને ઇન્સાફનું કામ તેમને પોતાને સોંપવું. મિલના ઇતિહાસના અનુસંધાનમાં વિલ્સન લખે

છે કે–યુરોપિયનો આવ્યા પહેલાં સેંકડો વર્ષો સુધી ન્યાયવ્યવસ્થા લોકો પોતેજ કરતા; સમાજ એકઠો રહી શકયો હતો અને મુસાફરો અને ઇતિહાસકારો જણાવે છે તે પ્રમાણે એવો પણ વખત હતો કે જ્યારે હિંદુસ્તાનમાં પુષ્કળ વસ્તી હતી, લોકો આબાદ અને સુખી હતા."

ઓગણીસમા સૈકાની શરૂઆતમાં દીવાની ઇન્સાફના ખાતામાં આવી ખામીઓ હતી; પણ ફોજદારી ઇન્સાફના ખાતાની ખામીઓ એથી પણ વધારે હતી. બંગાળામાં–ડેકાઇટ એ નામના લુંટારાઓની ટોળીઓ ઉભરાતી હતી, અને હલકા પગારની અને ફસ્વતીઆ પોલીસની મદદવાળા મેજીસ્ટ્રેટો તેમને અંકુશમાં લાવી શકતા ન હતા. મોટા શહેરોમાં અને વેપારના મથકોમાં માથા વિનાના થઇને આ લોકો લૂંટો ચલાવતા ગામડાંઓતો સતત ત્રાસમાંજ રહેતાં, અને લૂંટારાઓની ટોળીના પ્રખ્યાત મુખીઓને પાળ આપતાં. સને ૧૮૦૦ થી ૧૮૧૦ સુધી આ દેશમાં અવિચ્છિન્ન ત્રાસ વર્તી રહ્યો હતો. બંગાળાના રૉબરોયનાં પરાક્રમોનાં બજારોમાં વર્ણનો થતાં. મેજીસ્ટ્રેટ અને પોલીસ અશક્ત હતી અને લોકો દૈવને શરણ થયા. લોર્ડમિન્ટો એક મિનિટમાં લખે છે કે સર્વો –પરિસત્તાની નજર નીચેજ તેમની રાજધાનીમાંજ, જ્યાં લોકો રક્ષણની સહુથી વધારે આશા રાખી શકે, ત્યાં, આવી રાક્ષસી અને અત્યન્ત અવ્યવસ્થિત વસ્તુ-સ્થીતિ ચાલતી હતી. આ અવ્યવસ્થાને દૂર કરવા ધીમા ઉપાયો કામે લગાડવાનું બની શકે તેમ ન હતું. આપણી નજર નીચેજ લોકો મરતા હતા. જેટલો વિલંબ થાય છે એટલો પુષ્કળ વસતિવાળા દેશોના રક્ષણહીન લોકોના દુર્દૈવને નજીક લાવે છે.

આ દુઃખ દૂર કરવા જે ઉપાયો યોજવામાં આવ્યા તે દરદ કરતાં વધારે ખરાબ હતા. ગુન્હાને દાબી દેવામાં બે મેજીસ્ટ્રેટોની સાથે રહીને કામ કરવા સારૂ બે યુરોપિયન પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટો નીમ્યા; લૂંટફાટ બંધ પાડવા સારૂ આસ સત્તાવાળા આસ મેજીસ્ટ્રેટોને નીમવામાં આવ્યા. તેમણે શકદાર માન્યુસો વિરૂદ્ધ બાતમી આપવા સારૂ બાતમીદારો નીમ્યા, અને આ રીતે ગુન્હાની

ખરાબીમાં બાતમીદારોનાં દુઃખો ભળ્યાં. ખોટી ફરીયાદો ઉપરથી ગામડાઓના લોકોને વિવેકવિના પકડવા માંડયા; મહીનાઓ સુધી અને વખતે વર્ષોનાં વર્ષો સુધી જેલમાં રહે તે પછી તેમના ઉપર કામ પણ ચાલતાં અને કેટલીક વાર તો જેલમાંજ પૂરા થતા. બંગાળાની પ્રત્યેક જેલો સેંકડો અને હજારો નિર્દોષ માણસોથી ઉભરાતી હતી; અને ગામડાના લોકોને માજીસ્ટ્રેટના કરતાં બાતમીદારના દ્વેષનો વધારે ભય રહેતો.

૧૮૧૩ માં અધિષ્ઠાત્રી સભાએ ઈંગ્લંડમાં વસતા અધિકારીઓને ન્યાયખાતા સંબંધે કેટલાક પ્રશ્નો પૂછ્યા તેમાંનો મોટો ભાગ હજી દેશીઓ ઇન્સાફના કામને માટે ના લાયક છે એ જૂના વિચારનેજ વળગી રહ્યા. આ વિચારમાં એક ગુણ એ હતો કે ઇન્સાફની મોટી જગાઓ પોતાના ભાઈ ભત્રીજા અને સગાંવહાલાં માટે ખોટાઇ રખાતી હતી. પણ કમ્પનીના નોકરોમાંના ડાહ્યા અને વિચારવાન નોકરો આ મતનું પોકળપણું સમજી શકતા હતા, અને તેઓએ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે હિંદુસ્તાનને લોકોની પોતાની સહાયતા વિના વ્યવસ્થામાં રાખવું મુસ્કેલ છે. આ અભિપ્રાય તે વખતે દ્રોહી મનાતો હતો.

બંગાળાવાળા સરહેનરીસ્ટ્રેચિ, મદ્રાસના ટોમસ મન્રો અને મુંબઇના કર્નલ વૉકરનાં મુબારકનામ આ અભિપ્રાયને માટે સ્મરણમાં રાખવા જેવાં છે.

મન્રો—મદ્રાસ.

આ અભિપ્રાયોની અસર ઈંગ્લંડના પ્રજામત ઉપર થઇ, અને હિંદુસ્તાનના ઇન્સાફી ખાતામાં સુધારા કરવાનો અધિષ્ઠાત્રી સભાએ વિચાર કર્યો. તેમણે આ બાબતની તપાસ કરવા સરટોમસ મન્રોના પ્રમુખપણા નીચે એક ખાસ કમિશન નીમ્યું તે સને ૧૮૧૪ ના જૂનમાં ઈંગ્લંડથી ચાલ્યો, અને ચાર મહીનામાં મદ્રાસ ઉતર્યો. નાતાલ શરૂ થતાં પહેલાં તો તેણે પોતાની સૂચનાઓ સરકાર આગળ રજુપણ કરી, જે નીચે મુજબ હતી.

૧ કલેક્ટરને મેજીસ્ટ્રેટની સત્તા આપવી; અને ગામડાંઓની પોલિસની વ્યવસ્થા ગામડાંઓમાંના મુખીઓનેજ સોંપવી.

(૨) ગ્રામ પંચાયતોનું પુનઃ સ્થાપન કરવું.

(૩) દેશી ડિસ્ટ્રિક્ટ જજો અને કમિશનરો નીમવા.

(૪) પોટા કાયદાઓનો અમલ કરવાની કલેક્ટરને સત્તા આપવી.

(૫) જમીનદારોની માલ જપ્ત કરવાની સત્તા ઉપર અંકુશ મૂકવા.

(૬) સીમાની તકરારોના નીકાલ કલેક્ટરે કરવા.

આ છ સૂચનાઓમાં બે મુખ્ય તત્ત્વો જોવામાં આવે છે. પહેલું એ કે ન્યાય ખાતું, ગામના મુખી, ડિસ્ટ્રિક્ટ જજજ અને કમિશનરો તરીકે દેશીઓના હાથમાં રાખવું. અને બીજું કે વસુલાતી અધિકારીનું મેજીસ્ટ્રેટનું અને પોલીસનું એ ત્રણે કામ એક અધિકારીની એટલે ડિસ્ટ્રિક્ટ કલેક્ટરના હાથમાં એકત્ર કરવું. પહેલો વિચાર માત્ર અંશતઃ અમલમાં મૂકાયો છે અને હજી ડિસ્ટ્રિક્ટ જજની જગાઓ યુરોપિયનને માટે બોટી રાખવામાં આવી છે. એનો બીજો વિચાર તે વખતની અવ્યવસ્થા અને અરાજ્યને માટે ન્યાયયુક્ત હશે, પણ તે દુર્ભાગ્યે અત્યાર સુધી અમલમાં છે.

આ કમિશને કેટલી મહેનત અને પત્રવ્યવહાર પછી મદ્રાસની સરકાર આગળ સાત કાયદાઓ રજુ કર્યા. અધિષ્ઠાત્રી સભાના પત્રો પણ ૧૮૧૫ ના ડિસેમ્બર સુધીમાં આવી પહોચ્યા, મદ્રાસ સરકારની અને મુખ્ય અદાલતોની સૂચનાનુસાર કેટલાક ફેરફારો કરવામાં આવ્યા; અને આખરે ૧૮૧૬ માં સોળ કાયદાઓ પસાર થયા.

આ કાયદાઓની તાત્કાલિક અસર એ થઇ કે મદ્રાસમાં દેશીઓને મોટી સંખ્યામાં જવાબદારીની નોકરીઓ મળી અને ન્યાયખાતાનું ઘણું કામ એમના હાથમાં આવ્યું. આ સુધારો કમ્પનીના વિચારવંત નોકરોએ ઘણા વર્ષથી ધારી મુકયો હતો. અને તે રાજ્ય વહીવટને સારા પાયા ઉપર મૂકવા માટે જરૂરનો હતો. ટોમસ મન્રોએ પેહેલવહેલોએ અમલમાં મૂકયો.

આ સેવા બજાવવા માટે કૉર્ટ ઓફ ડિરેકટરોએ મદ્રાસ સરકાર ફ્રાન્સિસ સરટોમસ મનરોની ઘણી પ્રશંસા કરી અને હિંદુસ્તાનના પ્રજામતે તે પ્રશંસાને પૂર્ણ અનુમોદન આપ્યું. તોપણ કહેવું જોઇએ કે મનરોના કેટલાક હેતુ હજી સફળ થયા નથી. ગામડાંઓની પોલિસ ગ્રામણીઓના હાથમાં મૂકવાનો તેનો યત્ન છોડી દેવામાં આવ્યો અને અત્યારે આખા હિંદુસ્તાનને માટે પોલિસનું એક જુદુજ દળ છે. તેમજ પંચાયતની યોજના સજીવન કરવાનો યત્ન પણ નિષ્ફળ ગયો. તેનાં કારણો બીજે ઠેકાણે આપ્યાં છે વધારે સારી તજવીજથી ગામ પંચોની યોજના કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે જ્યાં સુધી સરકાર એ યોજના અમલમાં નહી મૂકે ત્યાં સુધી લોક સાથે ઇષ્ટ સંબંધમાં આવી શકશે નહી.

બીજી તરફ મનરોએ કરેલી ભૂલ–કલેકટર મેજીસ્ટ્રેટ અને પોલીસના અધિકાર એકજ હાથમાં મૂકવાની ભૂલ–કાયમ થઇ ગઇ છે. આ ભૂલ થઇ તે વખત સને ૧૮૧૫–૧૬ માં પણ મદ્રાસની સરકારે સખ્ત વાંધો લીધો હતો તે સંબંધે મદ્રાસ સરકારના સભાસદ મિ. ફુલરટન એ બાબતમાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે:—

" મને ખાત્રી છે કે કલેકટરના હાથમાં મેજીસ્ટ્રેટનો અધિકાર મૂકવાથી એવો સંયોગ આવશે કે જે ન્યાયપદ્ધતિ દાખલ કરવાથી જે ફાયદો થશે તેને રદ કરશે. કારણ કે તેથી વહીવટી અધિકારીઓના હાથમાં વધારે પડતી સત્તા આવશે અને ન્યાયખાતાના રક્ષણમાં લોકોને જે શ્રદ્ધા બેસવા માંડી છે તે ઓછી થશે. "

મદ્રાસ સરકારનો પણ એજ અભિપ્રાય હતો. તેમનું ધારવું એવું હતું કે કલેકટરના હાથનાં પોલીસની દેખરેખ રાખવામાં વાંધો નથી પણ મેજીસ્ટ્રેટનો અધિકાર તો તેના હાથમાં રહેવો નજ જોઇએ. આ સવાલ છેક અધિષ્ઠાત્રી સભાની પાસે ગયો અને તેમને મદ્રાસની સરકારનો મત રદ કરી વહીવટી અને મેજીસ્ટ્રેટની સત્તા એક હાથમાં રાખવાનું મંજુર કર્યું.

મદ્રાસની સરકારે આ હુકમ માન્ય તો રાખ્યો પણ બહુજ દીલગીરી સાથે રોબર્ટ પુલરટને ફરીથી નોંધ કરી કે,

" મને બહુ શોક થાય છે કે મારા અભિપ્રાયો ઉપરી સત્તાના હુકમ અને અભિપ્રાયોથી જૂદા નીવડે છે; પરંતુ તે કારણથી હું તે બદલી શકતો નથી. વચમાં વિચાર કરવાની તક મળતાં અને તે પછી મળેલા દસ્તાવેજોનું મનન કરતાં મારા પૂર્વના અભિપ્રાયો દૃઢતર થાય છે. અને મને વધારેને વધારે ખાત્રી થતી જાય છે કે એક જીલ્લાનો તમામ મેજીસ્ટ્રેટનો અધિકાર એકલા કલેકટરના હાથમાં રાખવાથી—જેમાંનો ઘણો ભાગ દેશી મદદનીશોને સોંપવો પડશે અને જેના ઉપર જીલ્લાના જજની કોઇકવાર મુલાકાત થાય તે પ્રસંગ સિવાય બીજી રીતનો અંકુશ રહેવાનો નથી—પરિણામ એ આવશે કે વહીવટીખાતામાં એકલી બધી સત્તા આવશે કે જેના દુરૂપયોગ સામે કોઇ પણ કાયદેસર અને અસરકારક ઉપાય રહેશે નહિ. "

મુંબઈ.

હવે આપણે મુંબઇ, તરફ વળીએ. મુંબઇ, બંગાળા અને મદ્રાસ બ્રિટિશ સરકારના હાથમાં આવ્યાં તે પછી અર્ધા સૈકા પછીથી આવ્યું હતું. ૧૭૫૭ ના પ્લાસીના યુદ્ધ પછી બંગાળામાં બ્રિટિશ સત્તાનો દૃઢ અમલ બેસી ગયો હતો, અને ૧૭૬૧ માં વૉન્ડિવૉશનું યુદ્ધ થયા પછી મદ્રાસમાં પણ પશ્ચિમ હિંદુસ્તાનમાં હજી વોરન હેસ્ટિંગ્સ અને લોર્ડ વેલ્સ્લીનાં યુધ્ધો છતાં મરાઠાઓ પોતાની મહત્તા જાળવી રહ્યા હતા. બ્રિટિશ આયુધની મદદથી ૧૮૦૨ માં છેલ્લા પેશ્વાને પુનાની ગાદીએ બેસાડવામાં આવ્યા હતા; અને તહનામાની રૂએ પોતાના રાજ્યની હદમાં એક બ્રિટિશ સૈન્ય તે રાખતા હતા. અહીંઆ પેશ્વાઈના અંતની શરૂઆત થઇ. પોતાના નવા મળતીયાનું સત્તાનું બળ પેશ્વાને તરતજ જણાયું; અને તેના અંકુશ નીચે અસ્વસ્થ રહેવા લાગ્યા. આખરે તેણે બુરખો કહાડી નાંખ્યો. એક લડાઇમાં તેમણે હાર ખાધી; અને ૧૮૧૭ માં પેશ્વાનો મુલક બ્રિટિશે ખાલસા કર્યો.

મદ્રાસનો રાજ્યવહીવટ સુસ્થિત કરવામાં જે કામ મનોએ કરેલું તે મુંબઇના સંબંધમાં એલ્ફિન્સ્ટને. એલ્ફિન્સ્ટન સત્તર વર્ષની ઉમરે ૧૭૯૬ ની સાલમાં હિંદુસ્તાનમાં આવ્યો હતો. સાત વર્ષ પછી પાછળથી ડયુક ઓફ વેલિંગ્ટન તરીકે પ્રસિદ્ધ થયેલા સર આર્થરવેસ્લીના ખાનગી કારભારી તરીકે નોકરી કરવાની તેને તક મળી. સને ૧૮૦૩ માં એસેના યુદ્ધમાં તે ડયુકની તહેનાતમાં હતો. અને નાગપુરના રેસિડન્ટ તરીકે ૧૮૦૪ થી ૧૮૦૮ સુધીમાં તેને મરાઠા કારભારનું રહસ્ય સમજવાનો પ્રસંગ મળ્યો હતો. તે પછી તેને કાબુલ મોકલવામાં આવ્યો હતો અને તે પ્રસંગમાં ત્યાંના લોક અને સંસ્થાઓ સંબંધે એક બહુજ સારૂ પુસ્તક તેણે રચ્યું. ત્યાંથી પાછા આવ્યા પછી ૧૮૧૬ માં તેને પુનાના રેસિડન્ટ તરીકે નીમવામાં આવ્યો. અને ત્યાં જે રાજ્યક્રાન્તિ થઇ તેમાં તેને અગત્યનો ભાગ બજાવવાનો હતો. ૧૮૧૭ માં આ રાજ્યક્રાન્તિ આવી; છેલ્લા પેશ્વા બાજીરાવને ઉઘાડી મૂક્યો; અને દક્ષિણ બ્રિટિશ હાથમાં સર થયું.

આ નવા મુલકનો એલ્ફિન્સ્ટનનો બહોળો અનુભવ હોવાથી તેના વહીવટ સારૂ તે સર્વથી વધારે લાયક હતો. ૧૮૧૮ ના જાન્યુઆરીમાં તેને દક્ષિણના કમીશનર તરીકે નીમ્યો. ૧૮૧૯ માં તે મુંબઇનો ગવર્નર નીમાયો. આ અધિકાર તેણે આઠ વર્ષ સુધી ભોગવ્યો અને તે દરમીયાન તેણે પશ્ચિમ હિંદુસ્તાનના બ્રિટિશ વહીવટનો પાયો નાંખ્યો.

આ ઉદાર રાજપુરુષ ત્રણ મોટાં કામોથી પ્રખ્યાત થયા છે. ક્રાયદાઓનો સંગ્રહ, તે વખતે જેટલું શક્ય હતું તેટલે સુધી હારતવાસીઓને રાજ્યવ્યવસ્થાનો અધીકાર આપ્યો તે, અને લોકોમાં સંગીન કેળવણીનો પસાર, તે એવા હેતુથી કે ભવિષ્યમાં તેઓ પોતાની બાબતોમાં વધારે જવાબદારીવાળો ભાગ લઇ શકે.

પહેલું કામ તેણે બહુ સારી અને સંતોષકારક રીતે બજાવ્યું. મુંબઇના

તમામ કાયદાઓનો વિષયવાર ગોઠવણવાળો એક સંગ્રહ કર્યો. આ સંગ્રહમાં ૨૭ નાના મોટા કાયદાઓ છે તેમાં પ્રકરણો પાડેલાં અને કલમો ઘડેલી છે. તે બંગાળાના કાયદા જેવાજ વિષયોના કાયદા છે પણ ફેર એટલો છે કે તેમાં ફોજદારી કાયદાનો સમૂહ આવી જાયછે. આ ઉપરાંત એલ્ફિન્સ્ટને લોકોના પોતાના કાનુનો અને રીતરિવાજોનો સંગ્રહ કરાવ્યો. તેણે એક ઠેકાણે લખ્યું છે કે જેને આપણે 'હિંદુ શાસ્ત્ર' એ નામ આપીએ છીએ તે માત્ર બ્રાહ્મણોનેજ લાગુ પડે છે. દરેક નાતના કાયદા અને રિવાજો જુદા જુદા છે. પ્રત્યેક જ્ઞાતિસમુદાય અને કોમેકોમના કાયદા કાનુનો સંગ્રહ કરવાનો એલ્ફિન્સ્ટનનો ઇરાદો હતો. આ ઇરાદો તેના સ્વભાવને અનુસાર હતો, પણ તેને અમલમાં મૂકવાનું અસંભવિત હતું. અને તે સંગ્રહ અપૂર્ણ રહ્યો.

હિંદુસ્તાનમાં ઉત્તમ રાજ્ય પુરુષો ઇંગ્લંડના ઊંચામાં ઊંચા વિચારો અને વિદ્યાના સંબંધમાં હમેશાં રહે છે તેનું એલ્ફિન્સ્ટન એક દૃષ્ટાન્ત છે. અહીંઆં જ્યારે કાયદાઓનો સંગ્રહ કરાવતો હતો ત્યારે જેરેમિ બેન્થામના પુસ્તકોનો તે અભ્યાસ કરતો હતો, તેના સંબંધમાં તે સ્ટ્રેચિને લખે છે કે:—

જેરેમિ બેન્થામ સંબંધે તમે જે હેવાલ આપ્યો છે તેથી મને ઘણો આનંદ થયો, મને તેમના સંબંધમાં મોટી જીજ્ઞાસા હતી તે આજે તૃપ્ત થઇ. ખરેખર તે પહેલા વર્ગની બુદ્ધિનો માણસ છે પણ તેની સાથે પહેલા વર્ગની વિલક્ષણતાનો પણ તે માણસ છે અને હું ધારું છું કે તેના સિદ્ધાંતો અને તેની રીતભાતમાં આ અસ્થિરતા આવવાનું કારણ જગત્ સાથે તેનો સંબંધ બહુ અલ્પ છે એ હશે. તેણે મને પોતાનાં પુસ્તકો ભેટ મોકલ્યાં તેથી મને ઘણું સારૂં લાગ્યું હતું. ખરેખર આ માન બીજા કયા ગ્રંથકાર પાસેથી મળ્યું હોય તો તેની વધારે કિંમત કરવી તેની મને ખબર નથી...આજ પત્રમાં તે લખે છે કે,

જ્યારે મેં તમને પ્રથમ લખ્યું હતું ત્યારે બંગાળાના કાઉન્સેલરોને

કામે લગાડી બ્રાહ્મણોના વખતનો હિંદુ કાયદો અને મહારાષ્ટ્રના રિવાજોનો સંગ્રહ કરવા મારો ઇરાદો હતો પણ મને તેવા કામ કરનારા ગળ્યા નહિ, અને આ ઇરાદો બર લાવવાનો મેં જેમ જેમ વધારે વિચાર કર્યો તેમ તેમ મને તે વધારે ને વધારે ભારે જણાયો.'

હિંદના ઇતિહાસકારોએ આ વાત સ્પષ્ટ કરીને બતાવી નથી કે છેલ્લા ૧૫૦ વર્ષમાં હિંદુસ્તાનના રાજ્યવહીવટની ગતિ હમેશાં યુરોપના ઇતિહાસના પ્રભાવથી રચાયે ગઇ છે. ફ્રેડ્રિક ધિગ્રેટનાં યુદ્ધોથી જ ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇઓ થઈ, જેના પરિણામમાં ફ્રેન્ચનો પગ હિંદમાંથી ટળ્યો. નેપોલિયનના યુદ્ધોએજ વેલ્સ્લી અને લોર્ડ હેસ્ટીંગ્સે બ્હોરી લીધેલાં યુદ્ધોને જન્મ આપ્યો હતો. તે પછી ઇંગ્લંડમાં ન્યાયના વહીવટી અને બીજા આંતર સુધારાઓના યત્નો શરૂ થયા, અને તેણે હિંદુસ્તાનમાં તેવા સુધારાઓને જન્મ આપ્યો; અને મદ્રાસ મુંબઇ અને બંગાળામાં લોકને રાજ્યકાર્યમાં વધારે ભાગ મળ્યો. તે પછીના ૭૦ વર્ષની દરમિયાન પણ ઇંગ્લાંડમાં જ્યારે જ્યારે શાન્તિ અને સુધારાનો યુગ પ્રવર્ત્યો હતો, ત્યારે હિંદમાં પણ કોઇ પ્રકારના સુધારા થતા હતા, અને જ્યારે જ્યારે ત્યાં યુદ્ધ તરફ વલણ દેખાતું ત્યારે અહીં પણ બ્હોટી તૃષ્ણાવાળી યોજનાઓ અને વખતે મૂર્ખાઇભરી લડાઇઓને જન્મ મળતો. આપણા દેશમાં લોકપ્રતિનિધિ જેવું કાંઇ ન હોવાથી દેશ અનેક અર્થમાં ઇંગ્લંડને આધીન રહે છે; અને હિંદુસ્તાનના લોકોને ઘણી વાર ઇંગ્લંડના લોકની ક્ષણિક ઘેલછાને લીધે અકુશલ રાજ્ય કારભાર ને મૂર્ખાઇ ભરેલી લડાઇનાં ખરચોને તાબે થવું પડ્યું છે.

જે સમયની વાત આ પ્રકરણમાં ચાલે છે તે વખતે ઇંગ્લાંડમાં બહુ તન્દુરસ્ત પ્રકારની નીતિ ચાલતી હતી; અને તેને લઇને મનરો, એલ્ફિન્સ્ટન અને મેન્ટિન્કને હિંદુસ્તાનમાં કાયદાઓના સુધારા કરવાનું મન થયું એટલું જ નહિ પણ રાજ્ય વહીવટમાં યોગ્ય ભાગ માગવાના લોકોના ઉપક્રમ ઉપર અનુગ્રહની દૃષ્ટિથી જોવાયું; એલ્ફિન્સ્ટનના અભિપ્રાયો પણ મનરોના જેવાજ સંગીન અને તલસ્પર્શિ

હતા, અને તે વિચારો જ્યારે ત્યારે તે સવાલની ચર્ચા થતી ત્યારે ત્યારે તેણે પત્રોમાં અને નોંધોમાં બતાવ્યા છે. ૧૮૮૨ માં મત્રો ઉપર લખેલા પત્રમાંનો નીચેનો ઉતારો એક ઉદાહરણ રૂપે અહીં આપ્યો છે.

" મેં સાંભળ્યું છે કે તમે એક સ્વદેશી સભા જેવું કાંઇક મદ્રાસમાં સ્થાપ્યું છે. તે યોજનાના સ્વરૂપની મને માહિતી આપશો તો હું તમારો ઘણો ઉપકાર માનીશ. મને તેનો એક લાભ એ જણાયો છે કે તેથી દેશીઓને ઊંચી અને જવાબદારીવાળી જગ્યાઓના અધિકાર આપવાની તક અપાય છે; એ યોજના ન્યાય અથવા બીજા કોઇ ખાતામાં અમલમાં મૂકી શકાય એવી છે કે કેમ તે બાબતમાં તમારો અભિપ્રાય જાણવાની મને ઇચ્છા છે. દેશીઓ ઉપર રાજ્ય ચલાવવા સારૂ સારા દેશી સલાહકારો આવશ્યક છે તે તો સ્પષ્ટ છે, પણ તે ઉપરાંત દેશીઓને પોતાના દેશના રાજ્યવહીવટમાં કાંઇ ભાગ આપવાનો રસ્તો સરળ કરવો તે પણ જરૂરનું છે. આ પ્રમાણે કરવાની આપણને ફરજ પડવાને હજી વખતે પચાસ વર્ષની વાર છે, પણ રાજ્યની અને કેળવણીની જે પદ્ધતિ આપણે સ્થાપિત કરી છે, તે લોકોના મનમાં કોઇક દહાડો પણ એવો ફેરફાર કરશે કે જેથી માત્ર તાબાની નોકરીઓમાં તેમને પૂરી રાખવા એ વખતે સંભવિત નહિ રહે; અને જે આપણે પ્રથમથી તેમના સામર્થ્ય અને અભિલાષોને માટે યોગ્ય દ્વાર નહિ પૂરાં પાડ્યાં હોય તો એવો ધડાકો થશે કે જે આપણા રાજ્યને વખતે ઉથલાવી નાંખે, ચાર વર્ષ પછી હેન્રિ એલિસ ઉપર લખેલા એક પત્રમાં એલ્ફિન્સ્ટન આ બાબતમાં પરિપક્વ થયેલો પોતાનો અભિપ્રાય વધારે જોરદાર ભાષામાં લખે છે.

" હમેશાં મને એમ સૂઝે છે કે આપણે જેવો ચીનાઓ અને ટાર્ટારનો સંબંધ છે તેવી રીતનો સંબંધ હિંદુસ્તાનની રૈયત સાથે હોવો જોઇએ. સર્વોપરિ રાજ્યસત્તા અને લશ્કરી સત્તા આપણા હાથમાં રાખવી અને આખા યંત્રને ગતિ અને તેજ આપી શકાય એટલો કાબુ રાખીને બાકીની

બધી વહીવટી સત્તા ધીમે ધીમે છોડી દેવી. આ સ્થિતિ એવી ધીમી ધીમી આવવાની કે તેથી પોતાના લાગતાવળગતાઓને જગાઓ આપવાના સંબંધમાં ડાયરેક્ટરોને બીવાને કાંઇ કારણ નથી પણ આ ધ્યાનમાં રાખવું જોઇએ અને આપણે જે પગલાં લઇએ તે બધાની ગતિ તે તરફ હોવી જોઇએ.''

એલ્ફિન્સ્ટને આ અભિપ્રાય પોતાની જીંદગી પર્યંત કાયમ રાખ્યો અને ઉપદેશ્યો. હિંદુસ્તાનમાંથી ઉપરામ લીધાને વીસ વર્ષ થઇ ગયા પછી જ્યારે તે સરેમાં પોતાના મકાનમાં પોતાનાં પુસ્તકોના સહવાસમાં શાન્ત અને નિવૃત્તિપરાયણ જીવન ગાળતા હતા તે વખતે પણ તેના પત્રોમાં આજ અભિપ્રાય દૃષ્ટિગોચર થાય છે. આ વખતે હિંદુસ્તાન સંબંધી બાબતોમાં તેમને પ્રમાણ ગણવામાં આવતા હતા અને અનેકવાર ગવર્નર–જનરલના અધિકાર ઉપર જવાને તેમને દબાણ કરવામાં આવી ચૂક્યાં હતાં. ''આપણા તેમજ તેમના અને બાકીના બધા જગતના સ્વાર્થને લાભ થાય તેવી રીતે દેશીઓ રાજ્ય ચલાવતા થાય તેટલે સુધીની સ્થિતિમાં તેમને લાવી મૂકવા તરફ આપણે શ્રમ કરવો જોઇએ, અને આપણા શ્રમના ફળ તરીકે આ મોટું પરાક્રમ કર્યાનો યશ અને આપણી ફરજ બજાવ્યાનો સંતોષજ ગણવો જોઇએ''; આ તેમનો મત હતો.

પોતાના રાજ્ય વહીવટ દરમિયાન આ સિદ્ધ કરવા માટે એલ્ફિન્સ્ટને એનાથી બન્યું તેટલું કર્યું હતું અને મન્રોએ મદ્રાસને દાખલો બેસાડયો હતો તેને લઇને મુંબઇ ઇલાકામાં ન્યાયખાતામાં દેશીઓને મોટો ભાગ આપવાને તે શક્તિવાન થયા હતા.

એલ્ફિન્સ્ટનના રાજ્ય વહીવટનો ત્રીજો અને સહુથી મોટો હેતુ લોકમાં કેળવણીનો પ્રચાર કરવાનો હતો. આ વખતે મુંબઇ કેળવણીની બાબતમાં સર્વ કરતાં વધારે પછાત હતું. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ધર્મગુરુઓ થોડી ધર્માદાની શાળા ઉપર દેખરેખ રાખતા, અને મિશનરીઓના પ્રયત્ન પણ ૧૮૧૪ માં જે થોડા મિશનરીઓ મુંબઇમાં આવેલા તેમના હાથમાંજ સમાઇ રહ્યા હતા.

એલ્ફિન્સ્ટને ૧૮૨૦ માં એક જાહેર સભાનું પ્રમુખ પદ સ્વીકારી "નિર્ધનને" કેળવણીનું ઉત્તેજન આપવાને માટે એક સભા સ્થાપી. તેણે પુસ્તકો છપાવવા અને ઇનામો આપવામાં ૫૦૦૦ પાઉંડની બક્ષિસ આપી અને તે પછીનાં સોળ વર્ષ સુધી આજ સભા મારફત દેશી ભાષામાં કેળવણી અપાઇ. પ્રાથમિક કેળવણીના સંબંધમાં પણ સવિસ્તર તપાસ કરવી શરૂ કરી અને આ તપાસનું પરિણામ જે ૧૮૩૨ માં પ્રસિદ્ધ થયું હતું તેમાંથી માલૂમ પડી આવ્યું કે મુંબઇ ઇલાકામાં ૧૭૦૫ શાળાઓ હતી અને ૩૫૬૪૩ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરતા હતા. ત્યારે વસતિ લગભગ પ્રયાસ લાખની હતી.

જાની કેળવણીનો પ્રચાર કરવાના યત્નમાં એલ્ફિન્સ્ટનને પોતાનીજ રાજ્યસભાની અને અધિષ્ઠાતૃ મંડળની પ્રતિકૂલતા હતી. જુવાન સિવિલિયનોને માટે અને દેશી અમલદારોને કેળવણી આપવાના ખાસ હેતુથી મુંબઇમાં એક મોટી પાઠશાળા સ્થાપવા એલ્ફિન્સ્ટનની ઇચ્છા હતી. એની રાજ્યસભાએ આ ખાસ હેતુની બાબતમાં પ્રતિકૂલતા બતાવી; અને આખી યોજના અધિષ્ઠાતૃ મંડળે મંજુર કરી નહિ.

સામાન્ય કેળવણી માટે એલ્ફિન્સ્ટને એવી દરખાસ્તો કરી કે:—

(૧) દેશી નિશાળો સુધારવી અને વધારવી;
(૨) તેમને માટે શાળા ગ્રંથો પૂરા પાડવા;
(૩) હલકી કોમોને કેળવણી લેવાને ઉત્તેજન આપવું;
(૪) યુરોપીયન વિદ્યા શીખવવાને નવી શાળાઓ સ્થાપવી;
(૫) દેશી ભાષામાં નીતિ અને શારીરિક વિદ્યાનાં પુસ્તકો તૈયાર કરવાં;
(૬) ઇંગ્રેજી ભણાવવા સારૂ નવી નિશાળો સ્થાપવી.
(૭) અને લોકોને દરેક રીતે વિદ્યાની બાબતમાં ઉત્તેજન આપવું.

અધિષ્ઠાતૃ મંડળનું સમાધાન કરવા માટે એલ્ફિન્સ્ટને એવી દલીલ કરી કે આ નવી નિશાળોનું ખરચ ઘણું થોડું થશે અને તેનો ભાર ગામડાંઓ

ઉઠાવી લેશે. પરંતુ આ યોજનાઓને પણ તેણે હિંદુસ્તાન છોડયું તે પહેલાં મંજુરી મળી નહિ. મુંબઇમાં પહેલી ઇંગ્રેજી નિશાળ ૧૮૨૮ માં ઉઘડી. આ વખતે એલ્ફિન્સ્ટનને મુંબઇ છોડયે એક વર્ષ થઇ ગયું હતું. તેજ વર્ષમાં પૂનાની સંસ્કૃત પાઠશાળાની સાથે એક ઇંગ્રેજી ખાતું જોડયું અને મુંબઇવાળી મહાન એલ્ફિન્સ્ટન પાઠશાળા તો ૧૮૩૪ પહેલાં સ્થપાઇ ન હતી.

એલ્ફિન્સ્ટનના આ કાર્યના હેવાલને અંતે ૧૮૨૪ ના તેના દફ્તરી લેખોમાંથી થોડાક ફકરા આપીએ. તે લખે છે કેઃ—

આપણા હિંદી રાજ્યના સંબંધમાં એમ કહેવામાં આવે છે કે આપણે પૂર્વનાં રાજ્યોને ઉથલાવી નાંખ્યાં અને દેશની ધનાઢયતાનાં સર્વ સાધનો બંધ કર્યાં; અને તેની સાથે આપણે પોતે એક પણ કામ ઉપયોગનું કે ભપકાનું કરી બતાવ્યું નથી. પણ હું ધારૂંછું કે આ ન્યાયસર નથી. વધારે ન્યાય પુરઃસર તો એમ કહી શકાય એવું છે કે આપણે તદ્દેશીય જનસમાજના બુદ્ધિના ઝરા સુકાવી નાંખ્યા છે, અને આપણા વિજયનો સ્વભાવજ એવો છે કે જ્ઞાનના વધારાનું સર્વ પ્રકારનું ઉત્તેજન નષ્ટ થયું છે એટલુંજ નહિ પણ આ લોકની વિદ્યમાન વિદ્યા પણ ગુમ થઇ જવાનો અને પૂર્વના મેધાવી પુરૂષોનાં પુસ્તકો ભુલાઇ જવાનો સંભવ છે. આ ઠળકાને દૂર કરવા ખરેખર કાંઇક કરવાની જરૂર છે.

તેજ વર્ષમાં તેઓ લખે છે કેઃ—

જો રાજની નોકરીઓ માટે તદ્દેશીય લોકોને યોગ્ય કરવાની સંભાળ રાખવામાં આવે અને પછીથી તેમને નોકરી લેવાને ઉત્તેજન આપીએ તો આ ચિત્ર તરતજ પલટાઇ જાય. ઘણી થોડી મુદતમાં જે રીતે અત્યારે યુરોપિયનો જીલ્લાના વિભાગો ઉપર દેખરેખ રાખે છે તે પ્રમાણે દેશીઓને રાખતા પણ આપણે જોઇએ. આગળ જતાં તેઓ રજીસ્ટ્રાર અને સબકલેક્ટર અને કલેક્ટરઅને જજજ સુદ્ધાંતના અધિકાર ઉપર આવી શકે અને રાજ્યતંત્ર અને

લશ્કરી સત્તા યુરોપિયનોના હાથમાં રહે અને વહીવટી વગેરે ખાતાની જગાઓનો મોટો ભાગ, અને લશ્કરી ખાતાની તાબાની જગાઓમાંની ઘણી દેશીઓના હાથમાં રહે એવી, સ્થિતિ ચિનાઓ અને તાર્તરીના લોકો વચ્ચે જેવી છે તેવી, ઇંગ્રેજી અને દેશીઓ વચ્ચેના સંબંધની સ્થિતિનો વિચાર કરવો એ કેવળ સ્વપ્નવત્ નહિ ગણાય.

એ જમાનાના બે મોટામાં મોટા રાજપુરુષો એકજ વર્ષમાં હિંદુસ્તાનમાંથી લુપ્ત થયા. સર ટોમસ મનો ૧૮૨૭ માં મરણ પામ્યા અને એલ્ફિન્સ્ટને ચાર માસ પછી હિંદુસ્તાન છોડ્યું. તેજ વર્ષમાં લોર્ડ વિલ્યમ બેન્ટિક ગવર્નર-જનરલના પદ ઉપર નીમાયા, અને મનો અને એલ્ફિન્સ્ટને શરૂ કરેલું કામ પૂર્ણ કરવાનું તેમને હાથ આવ્યું.

લોર્ડ વિલ્યમ બેન્ટિન્ક.

જે વખતે લોર્ડ વિલ્યમ બેન્ટિન્ક હિંદુસ્તાનમાં આવ્યો તે વખતે નેપોલ્યનના વિગ્રહો પછી બંધાતા. તન્દુરસ્ત લોકમતનો તેજસ્વી પ્રતાપ યુરોપમાં વર્તતો હતો. બેન્ટિન્ક ઓગણીસમા સૈકાના પ્રથમ ભાગમાં મદ્રાસનો ગવર્નર હતો, અને ત્યાં બળવો થયાથી તેને પાછો બોલાવી લેવામાં આવ્યો હતો. તે પછી તે યુરોપના રાજ્યપ્રવાહમાં પડ્યો. એક વાર તે સિસિલિ અને ઇટલિમાં ડયુક ઓફ ઓર્લિયાની સાથે ઇટલિની સ્વતંત્રતાને માટે યોજના કરવામાં સામેલ હતો; અને ૧૮૧૪ માં જીનોઆ સર કર્યા પછી તેણે જીનોઇઝને તેમનું જૂનું રાજ્યબંધારણ પુનઃ સ્થાપી આપ્યું, અને ઇટલિયનોને એક સ્વતંત્ર પ્રજા થવાના યત્નો કરવાને આમંત્ર્યા. તેર વર્ષ પછી જ્યારે ફ્રાન્સમાં રાજ્યપરિવર્તનની તૈયારી હતી, અને ઇંગ્લાંડમાં રિફોર્મ એક્ટની ચળવળ થઇ રહી હતી તે વખતે ૧૮૨૮ માં લોર્ડ વિલ્યમ બેન્ટિન્ક હિંદુસ્તાનના ગવર્નર જનરલના અધિકાર ઉપર આવ્યો.

એના વહીવટી અને કેળવણી સંબંધના સુધારા મનો અને એલ્ફિન્સ્ટનના માર્ગો ઉપરજ હતા. ઈન્સાફી કામમાં દેશી અધિકારીઓને મોટો ભાગ આપ્યો, અને સદરઅમીન એ હોદ્દાથી દેશી જજોની એક ઊંચી પાયરી આ ખાતામાં સ્થાપી. કારોબારી અને મહેસુલના ખાતામાં પણ કેટલુંક કામ તેમને સોંપ્યું, અને ડેપ્યુટિ કલેક્ટર એ હોદ્દાથી આ ખાતામાં પણ એક ઊંચી પાયરી સ્થાપી. તે પછી ૭૦ વર્ષના અરસામાં હિંદુસ્તાનના કેળવાયલા લોકે કહણ અને જવાબદારીવાળા કારોબારી કામને માટે પોતાની શક્તિ પ્રામાણિકતા અને લાયકાત સાબીત કરીછે.

ઉત્તર હિંદુસ્તાનમાં ૧૮૨૨ ની સાલમાં થયેલી જમાબંદી જેમાં ઉપજના (ચારમાંથી) ત્રણ ભાગ જેટલો રાજ્યહક્ક ઠરાવવામાં આવ્યો હતો, તે લોકોને અત્યંત જુલમી લાગ્યો હતો. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કે તે રીત ફેરવી નાંખી, અને રાજ્ય હક્ક કમી કરીને ½ જેટલો કર્યો. ૧૮૩૩ માં બર્ડની દેખરેખ નીચે નવીન જમાબંદી કરવામાં આવી તેથી લોકોને બહુ કરાર થયો, અને જમીનની ઉપજમાં વધારો થયો.

એમનાજ અમલ દરમિયાન રાજા રામમોહનરાયે સતીનો રિવાજ બંધ કરવામાં મદદ કરી અને સ્લીમાને ઠગીને નષ્ટ કરી.

કમ્પનીનો **ચાર્ટર** ૧૮૩૩ માં તાજો થયો, અને કમ્પનીનો વેપાર નાબુદ થયો. હવેથી તેઓ હિંદુસ્તાનના વહીવટ કરનારાજ માત્ર રહ્યા અને લોર્ડ વિલ્યમ બેન્ટિક આ કામ માટે બહુ સમર્થ મદદગાર નીવડયો. આજ વખતે ગવર્નર જનરલની સભામાં વ્યવહારમંત્રીની એક જગા નવી સ્થાપવામાં આવી અને વિખ્યાત મેકોલે હિંદુસ્તનના પહેલા વ્યવહારમન્ત્રી નીમાયા.

લોર્ડ વિલ્યમ બેન્ટિન્કને જેવા ઉત્સાહી મન્ત્રીઓ હતા તેના કરતાં વધારે ઉત્સાહી મન્ત્રીઓ બીજા કોઇ ગવર્નર જનરલને નહોતા. ઉપર આવી ગયું છે કે ટ્રેવેલ્યનને હિંદુસ્તાનના વેપારોને આટલા બધા વખત સુધી રોકી

રાખનાર મુલકી જકાત રદ કરવા તરફ પહેલું નિયત પગલું ભર્યું. મેકોલે તમામ વ્યવહારના કામમાં મદદગાર થયા અને પીનલકોડ જે દુનીયાના સાહસ કૃત્યોમાં ઉત્તમ ગણાય છે તેનો મુસદ્દો ઘડયો. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના ઉપરામ પછી મેટકાફે તેનીજ નીતિનું અનુકરણ કર્યું અને પોતાના ટુંકા અમલની દરમિયાન હિંદુસ્તાનને છાપાની સ્વતંત્રતા બક્ષી.

ખરા સુધારાથી હમેશાં ખરચમાં કરકસર થાય છે તે પ્રમાણે લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના સમયમાં ઘણા વખતની જુની ખોટને બદલે વધારો જણાયો. ૧૮૧૪ થી ૧૮૨૮ સુધીમાં બે કરોડ પાઉંડ જેટલી કુલ ખોટ થતી હતી; અને છેલ્લાં છ વર્ષમાં વર્ષે દહાડે ત્રીસ લાખની ખોટ આવતી હતી. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કને હાથે ખોટ તો ગઇ અને ઉલટો બે કરોડનો વધારો થયો.

હિંદના રાજ્યવહીવટનો કાંઈ ખરો સુધારક નિન્દાથી બચી શકયો નથી. હિંદી અમલદારોની સત્તામાં વધારો કર્યો તેથી યુરોપીયનોને માઠું લાગ્યું અને જે કાયદાથી તેમણે દીવાની અપીલો કલકત્તાની સુપ્રિમ કોર્ટ આગળ લાવવાનો હક્ક ખેંચી લેવામાં આવ્યો તેનું નામ 'કાળો કાયદો' પાડયું. અને મેકોલે અને બેન્ટિન્ક ઉપર ગાળોનો વરસાદ વર્ષ્યો. ઇતિહાસકાર થોર્નટન પણ આ જાતિપક્ષપાતને વશ થયો હતો. જે બ્રિટિશ રાજપુરુષોએ હિંદના લોકોના સ્વાર્થમાં સુધારો કર્યો છે તે બધાની આવીજ દશા થયેલી આપણે જોઇએ છીએ. કેનિન્ગ અને રિપન એ તાજા દાખલા છે.

મુંબઇ કરતાં કલકત્તામાં ઇંગ્રેજી કેળવણીનો પ્રચાર વધારે હતો. કલકત્તાના એક ઘડીઆળી ડેવિડ હેરે એક ઇંગ્રેજી નિશાળ માંડી તેનું નામ ઇંગ્રેજી કેળવણીના પિતા તરીકે હજી બંગાળામાં મશહૂર છે. તે પછી ૧૮૧૭ માં માર્કિવસ ઓફ હેસ્ટિંગ્સે કલકત્તાની હિંદુ કોલેજ સ્થાપી. તે પછી તરતજ હિંદુસ્તાનમાં ઇંગ્રેજી ભાષાદ્વારા કેળવણી આપવી કે સંસ્કૃત અરેબિક અને દેશી ભાષાઓ દ્વારા આપવી તે સવાલ ઉપસ્થિત થયો. એમાં પ્રાચ્ય પંડિતો

જેમને આ તરફના સાહિત્યનું સારૂં અને ઊંચું જ્ઞાન હતું તેમજ ઉદાર તુલના હતી તેમણે દેશીઓને પોતાની ભાષાદ્વારા કેળવણી આપવાની ભલામણ કરી પણ મેકોલે અને ટ્રેવેલ્યન જેવા વધારે વ્યવહારજ્ઞ પુરૂષોએ એવો વિચાર બાંધ્યો કે અર્વાચીન વિદ્યાની કેળવણી અર્વાચીન ભાષાદ્વારાજ આપી શકાશે. મેકોલેની સમર્થ યાદી જે એક ઐતિહાસિક દસ્તાવેજ થઇ પડ્યો છે તેણે આ ચર્ચાનો નિર્ણય કર્યો. તેમણે સંસ્કૃત સાહિત્યની તુલના કરવામાં તો ભૂલ કરી હતી તોપણ તેનો નિર્ણય સાચો આવ્યો હતો. તેણે લખ્યું છે કે,

" આપણે એક એવા જનમંડળને કેળવણી આપવાની છે કે જેમને અત્યારે તેમની માતૃભાષામાં કેળવણી આપી શકાય તેમ નથી. તેમને કોઇક પરદેશી ભાષા તો ભણાવવીજ પડશે. આપણી પોતાની ભાષાના હક્ક સંબંધે ફરીથી કાંઇ બોલવા જરૂર નથી. પશ્ચિમની ભાષાઓમાં પણ એ સર્વોત્તમ સ્થિતિ ભોગવે છે એટલુંજ નહિ પણ હિંદુસ્તાનમાં અંગ્રેજી ભાષા રાજ્યકર્તાની ભાષા છે. રાજ્યધાનીઓના શહેરમાં ઊંચા વર્ગના દેશીઓ પણ તેજ ભાષા બોલે છે. પૂર્વના તમામ સમુદ્રમાં વ્યાપારની પણ એજ ભાષા થશે એવો સંભવ છે. બે મોટી યુરોપીયન પ્રજાઓ જે એક દક્ષિણ આફ્રિકામાં અને બીજી ઓસ્ટ્રેલિયામાં ઉત્પન્ન થાય છે તેની પણ તે ભાષા છે. આપણા સાહિત્યની ખરી કિંમત ઉપર વિચાર કરીએ આપણા દેશની વિશેષ સ્થિતિ ઉપર વિચાર કરીએ તોપણ બીજી બધી પરદેશી ભાષાઓ કરતાં આપણી ઇંગ્રેજી ભાષા આપણી દેશી રૈયતને વધારે ઉપયોગી થઇ પડશે એમ માનવાને બળવાન કારણો છે."

મેકોલેની યાદીની અપ્રતિહતતાએથી પ્રાચ્ય પંડિતોને નસાડી મૂક્યા. એવો નિર્ણય થયો કે હિંદવાનોને ઇંગ્રેજી ભાષાદ્વારા કેળવણી આપવી. આ બનાવ પછી ઓગણીસમે વર્ષે ૧૮૫૪ માં કેળવણી સંબંધી ખરીતાથી આ વિચારની યોગ્ય પરિપૂર્તિ થઇ તેમાં એવું શાસન કાઢવામાં આવ્યું કે પ્રાથમિક કેળવણી દેશી ભાષાઓદ્વારા આપવી, અને તેમાં થઇને ઇંગ્રેજી ભાષાદ્વારા

ઊંચી કેળવણી તરફ જવાય. અત્યારે હિંદુસ્તાનની કેળવણીના સંબંધમાં આ રાજ્યનીતિ વર્તે છે.

સાત વર્ષના પરગજુ અને કૃતેહમંદ અમલ પછી ૧૮૩૫ ના માર્ચની ૨૦ મી તારીખે લોર્ડ વિલ્યમ બેન્ટિન્કે હિંદુસ્તાન છોડયું. મેકોલેએ બેન્ટિન્કની પ્રતિમાની પીઠિકા ઉપર લખ્યું છે તે પ્રમાણે–'પ્રજાનું સુખ એ રાજ્યનું સાધ્ય છે' એ એ કદી ચૂક્યો નહતો.

હિંદુસ્તાનમાંથી ઉપરામ લીધા પછી બેન્ટિન્ક ૧૮૩૭ માં લિબરલ પક્ષનો પાર્લમેન્ટનો સભાસદ ગ્લાસગો શહેર તરફથી નિમાયો હતો પણ તેણે પોતાનો ઘણો વખત ફ્રાન્સમાં–ત્યાંનો તે વખતનો રાજા લ્યુઈ ફિલિપ–એનો મિત્ર હતો–ત્યાં ગાળ્યો અને ૧૮૩૯ માં તે પારિસમાં મરણ પામ્યો. યુરોપીયનો તરફથી એના ઉપર જે નિન્દાના વર્ષાદો વરસાવ્યા હતા તે ભૂલાઇ ગયા, અને ચૌદ વર્ષ પછી ટ્રેવેલ્યને નીચેના શબ્દોમાં બેન્ટિન્કના અમલનું વર્ણન આપ્યું છે જેને હિંદુસ્તાનમાં સાર્વત્રિક અનુમોદન અપાય છે.

"લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના સંબંધમાં મારે સાક્ષી પૂરવી જોઇએ કે જોકે હિંદુસ્તાનમાં આપણું રાજ્ય સ્થાપન કરવાનું માન બીજાઓને ઘટે છે તોપણ તે રાજ્યને ખરા પાયા ઉપર મૂકવાનો મોટો યશ બેન્ટિન્કને ઘટે છે. આ પાયો એ કે હિંદનું રાજ્ય હિંદવાનોના ભલા માટે ચલાવવાનું છે, અને એમાંથી જે લાભો આપણને મળે તે તેના આનુષાંગિક લાભોજ હોવા જોઇએ."

મનરો એલ્ફિન્સ્ટન બેન્ટિન્ક ટ્રેવેલ્યન મેટકાફ મેકોલે એમના જેવા પુરુષોએ હિંદુસ્તાનના રાજ્ય વહીવટના સંબંધમાં બહુ ઉંચી ભાવના ધારણ કરી હતી અને જો એક પ્રજા બીજી પ્રજાના લાભસારૂ મહેનત કરે એવું શકય હોત તો આજે હિંદુસ્તાન ઉપર હિંદવાનોના હિત માટે રાજ્ય કરાતું હોત. પણ મનુષ્યસ્વભાવમાંજ એક કોમ બીજી માટે મહેનત કરે એ અસંભવિત છે. અને, અત્યાર સુધી હિંદુસ્તાનના તમામ સ્વાર્થો વ્યાપાર વિષયક ઔદ્યોગિક

આર્થિક અને નાણાં સંબંધી, તમામ સ્વાર્થો ઈંગ્લંડના સ્વાર્થને પોષક કરી નાંખવામાં આવ્યા છે એ વાતને ન સ્વીકારવી એ એક પ્રકારનો પ્રમાદ છે. મનુષ્યજાતિએ હજી સુધી એવી કોઇપણ રાજ્યપદ્ધતિ શોધી કહાડી નથી કે જેમાં આધીન પ્રજાને પોતાના વહીવટમાં યોગ્ય ભાગ–કાંઇક પ્રતિનિધિઓની સગવડ અને કાંઇક સ્વરાજ્ય–આપ્યા વિના એક પર પ્રજા તેને લાભ થાય તેવી રીતે તેના ઉપર રાજ્ય ચલાવી શકે. અને જ્યાં સુધી હિંદુસ્તાનમાં આ નીતિ સ્વીકારાય નહિ ત્યાં સુધી હિંદુસ્તાન ઉપર 'હિંદવાનોને લાભ થાય તેવી રીતે રાજ્ય ચલાવવું જોઇએ' એ શબ્દો વ્યર્થ નહિ તો કૂર મશ્કરી જેવાજ રહેશે.

પ્રકરણ ૮ મું.

મુંબાઇમાં એલ્ફિન્સ્ટન (૧૮૧૭ થી ૧૮૨૭.)

છેલ્લા પેશ્વા બાજીરાવનું રાજ્ય ૧૮૧૭ માં બ્રિટિશે ખાલસા કર્યું, અને વળતા વર્ષમાં તેને પોતાને પણ ઘણી મુશ્કીલી પછી કેદ કર્યો. પછી તેને પેન્શન આપી વાનપ્રસ્થ કર્યો, અને તેનું રાજ્ય તે હાલનો મુંબાઈ ઇલાકાનો સહુથી વધારે સત્વવાળો ભાગ છે.

આ પ્રદેશની જમાબંધી નક્કી કરવાનું કામ કમ્પનીના એક ઉત્તમોત્તમ નોકરના હાથમાં આવ્યું. અગીઆરમા લોર્ડ એલ્ફિન્સ્ટનના એક પુત્ર માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન ૧૭૯૬ માં હિંદુસ્તાનમાં આવ્યા અને વિવિધ અનુભવો મેળવ્યા પછી ૧૮૧૧ માં પુનામાં તેમની નિમણુક થઇ. ૧૮૧૮ માં બાજીરાવના ખાલસા કરેલા મુલકના કમિશનર તરીકે તેઓ નીમાયા.

આના કરતાં વધારે સારી પસંદગી થઇ શકત નહિ. એલ્ફિન્સ્ટન મનરોથી બીસ વર્ષ નાના હતા; તેનામાં મ્હેસુલી કામ કરવાની તેમના જેવીજ શક્તિ હતી; લોકોને માટે એમના જેટલોજ અનુરાગ હતો; તેમના જેવીજ સાક્ષરવૃત્તિ અને ભારતસામ્રાજ્યની આબાદી વધારવાની વિશાળ અને એક રાજપુરૂષને છાજે તેવી અભિલાષા હતી. ઓગણીસમા સૈકાના પહેલા ભાગમાં હિંદુસ્તાનને સદ્‌ભાગ્યે લોકાનુરાગી અને કાર્યદક્ષ રાજ્યપુરૂષો મળી આવ્યા હતા પણ મદ્રાસમાં મનરો અને મુંબઇમાં એલ્ફિન્સ્ટન એ બન્ને કંપનીના બીજા નોકરોને મુકાબલે ઘણાજ ઊંચા હતા એમ કહેવામાં તે નોકરોને ગેરઇનસાફ નથી થતો. ઓગણીસમા સૈકાના પાછળના ભાગમાં આ વર્ગના રાજ્યપુરૂષો ઘટી ગયા એથી દરેક વિચારશીલ પુરૂષને શોક થાય છે.

પેશ્વા પાસેથી જીતેલા મુલક સંબંધી એલ્ફિન્સ્ટને ૧૮૧૯ માં એક યાદી ગવરનર જનરલને મોકલાવી હતી તે યાદીમાં તે દેશનો એક કુશલ કલમે લખાયલો હેવાલ છે; અને તેમાં જમાબંધી વગેરેને માટે લીધેલાં પગલાંનું વર્ણન છે. તે યાદી ઘણી લાંબી છે. અહીંઆં તેમાંથી થોડાક ઉતારા લઇએ.

ગ્રામસંસ્થા.

આપણે જે દૃષ્ટિબિન્દુથી દક્ષિણના સ્વદેશી રાજ્યનું અવલોકન કરીએ તેમાં પહેલી અગત્યની વાત ગ્રામસંસ્થા અને નગરત્વના વિભાગની યોજના છે. આ સંસ્થાઓમાં એક નાની રાજ્યરચનાનાં સર્વ સાધનો વિદ્યમાન જણાય છે; અને તેમનો બહારનો રાજ્યતંત્ર અદૃશ્ય થાય તોપણ પોતાનું રક્ષણ કરવાને તે શક્તિ ધરાવે છે. જોકે ઘણે અંશે એક સારી રાજ્યરચનાને તે અનુકૂલ ન હોય, તોપણ નઠારી રાજ્યરચનાની ખામીઓને માટે તો તે ઉત્તમ ઉપાય છે. તેની બેદરકારી અને નબળાઇની બરાબ અસરોને તે અટકાવે છે અને વિશેષમાં તેના ત્રાસ અને જુલમને સામે કંઇક ટકાવ પણ કરી શકે છે.

દરેક ગામની પાછળ અમુક જમીન નિર્માણ કરેલી હોય છે, જેની વ્યવસ્થા તે ગામની વસતિને સોંપવામાં આવેલી છે. સીમાઓનાં નિશાન બહુ કાળજીથી ઉભાં કરેલાં હોય છે, અને બહુ સંભાળથી તેનું રક્ષણ થાય છે. તે હદમાં જુદાં જુદાં ખેતરો પાડેલાં હોય છે, અને તે ખેતરના શેઢાઓ પણ બરાબર જાણી શકાય છે. દરેક ખેતરને 'પોતાનું' નામ હોય છે, અને તેમાં ખેતી ઘણા વરસથી ન થતી હોય તોપણ તે બીજાથી જુદું જ રાખવામાં આવે છે. ગામ વાસીઓ ઘણું કરીને તમામ જમીનના ખેડુતોજ હોય છે; અને તેમની જરૂરીયતો પુરી પાડવા તેમાં કેટલાક દુકાનદારો અને કારીગરો પણ હોય છે. ગામને એક પાટીલ–નામનો મુખી હોય છે, તેને ચૌગુલ્લા એ નામનો એક મદદગાર હોય છે અને કુલકર્ણી એ નામનો એક કારકુન હોય છે. તે સિવાય બીજા બાર કામ કરવાવાળા હોય છે જેમને બારાબલોતી એ નામથી ઓળખવામાં આવે છે. ગામના જોશી ગોર, સુથાર, હજામ વગેરે પણ ગામના વહીવટ સાથે સંબંધ ધરાવનારા અધિકારી તો સોનાર અથવા પોટદાર છે જે સોની અને નાણાંનો પારખનાર છે; અને મ્હાર જેને બીજાં કેટલાંક કામો સાથે ગામની ચોકી કરવાનું કામ કરવું પડે છે. આ બધામાં મૂલ કુટુંબના વિસ્તારના પ્રમાણમાં એક અથવા વધારે વ્યક્તિઓ હોય છે. મ્હારની સંખ્યા ચાર અથવા પાંચ કરતાં ઓછી ક્વચિત્ હોય છે, અને તેમના સિવાય જ્યાં રામોશીની સંખ્યા વધારે હોય છે ત્યાં તેમને પણ ચોકીના કામમાં સામેલ કરવામાં આવે છે, પણ તેઓને મ્હારનાં બીજાં કામો કરવાં પડતાં નથી.

પાટીલ—એ ગામના સહુથી વધારે મહત્વના અધિકારી છે; અને તેઓનો વર્ગ તે દેશમાં પણ સહુથી વધારે અગત્યનો વર્ગ છે. તેમને અધિકાર રાજ્યના (મોગલ બાદશાહના) ફરમાનની રૂઇએ મળેલો છે, તે અધિકારને અંગે તેમને અમુક જમીન અને કંઇક રકમો મળેછે, તે સિવાય તેમને બીજાં નાનાં મોટાં હક્કો અને આબરૂ છે, જેને માટે તેઓ જમીનના જેટલાજ ચુસ્ત છે. તેમનો અધિ-

કાર અને તે અધિકારની રકમો વંશપરંપરાની છે. સરકારની મંજુરીથી તેઓ તે વેચી શકેછે; પણ બહુ જરૂર વિના તેઓ તે વેચતા નથી, છતાં ઘણીવાર તેઓ ભાગદાર તરીકે કોઇને રાખેછે. પરંતુ જુના કબજેદારની મહત્તાને ખામી ન આવે તેવો બંદોબસ્ત કરવા તેઓ ચૂકતા નથી. પાટીલ એ પોલિસનો મુખી છે, અને પોતાના ગામમાં ન્યાયના કામકાજને માટે પણ તેજ જવાબદાર છે, પણ અહીંઆં તો મહેસુલી અધિકારી તરીકેજ એનું ઓળખાણ કરાવવાની જરૂર છે.

આ દરજ્જામાં તે કલેક્ટર અથવા મામલતદાર મોટા પ્રમાણમાં જે કરે છે તેજ કામ ટુંકા પ્રમાણમાં કરેછે. જે ખેડુતોને પોતાની જમીન ન હોય તેમને તે જમીન સોંપી આપે છે, અને દરેકે શું આપવું તે તે ઠરાવે છે. તમામ રૈયત પાસેથી સરકારને આપવાની મહેસુલ તે ઉઘરાવે છે. સરકાર અને તેમના વચ્ચેની તમામ ગોઠવણો તેજ ચલાવે છે, અને ગામની ખેતીની અને સામાન્ય આબાદીને માટે શ્રમ લે છે. જોકે આરંભમાં તો તે સરકારનો પ્રતિનિધિ હતો પણ હવે તો તે રૈયતનો પણ પ્રતિનિધિ લેખાય છે, અને સરકારના હુકમનો અમલ કરવામાં તે જેટલો ઉપયોગી છે તેટલોજ તે રૈયતના હકકોનું રક્ષણ કરવામાં અથવા લોકની ફર્યાદો રજુ કરવામાં સરકાર આગળ પણ ઉપયોગી થાયછે.

મીરાજદાર.

ખેડુતોનો મોટો ભાગ સરકારને તેમનો હક્ક આપવાની સરતે જમીનના માલીક છે. તેમની મીલકત વંશપરંપરા ઉતરી શકે છે અને ચલહક્ક વાળી છે. જ્યાં સુધી તેઓ સરકારહક્ક આપ્યે જાય ત્યાં સુધી તેમનો કબજો લઇ શકાતો નથી અને એટલુંજ નહિ પણ કદાચ ન ભરાય તોપણ ત્રીસ વર્ષ સુધીમાં સરકારની લાગત ભરીદે તો પોતાની જમીન ફરીથી કબજે લેવાનો તેમનો હક્ક ઉભો

રહે છે. આ સરકાર હક્ક નિયત છે, પણ મરાઠા રાજ્યે તેના ઉપર બીજા એટલા બોજા મુકયા છે કે જેથી આ લાભ હવે નામનોજ રહ્યો છે. છતાં આનાથી તેમની મીલકતની કિમત ઘટી નથી. જોકે સરકારે જમીન જપ્ત કરવાના હક્કનો અમલ કરીને તેમની પાસેથી નાણાં લેવામાં બાકી રાખી નથી અને ઘણા મિરાઝદારોને બીજાની વતી નાણાં આપવાં પડ્યાં છે તોપણ તેમની મીલકત વેચાણ થઈ શકી છે, અને તે દશ વર્ષની ઉપજ જેટલી કિમતે.

મહારાષ્ટ્રમાં એક એવો અભિપ્રાય ફેલાયો છે કે પ્રાચીન હિંદુરાજ્યમાં તમામ જમીન મિરાઝદરોના હાથમાંજ હતી અને જ્યારે જૂના માલકો મુસલેમાનના જુલમ નીચે આવ્યા ત્યારે ઉપ્રી દાખલ થઈ હતી. આ વાતને આટલાથી ટેકો મળે છે કે ઉપ્રીથી ખેડાતાં ઘણાં ખેતરો ગેરહાજર માલીકોનાં નામ ઉપર છે અને આની સાથે જ્યારે આપણે બીજા સંયોગોનો વિચાર કરીએ અને જોઇએ કે મનુએ ઘણોજ થોડો કર મુકરર કર્યો છે ત્યારે હિંદુઓના રાજ્યમાં (જો એક સરખી રીત સર્વત્ર હોય તો) જમીનમાં ખાનગી માલકીના ધોરણે જમીનનો કર મુકરર કરવામાં આવ્યો હશે એવું સબળ અનુમાન થાય છે.

બ્રિટિશ રાજ્ય નીચે થયેલા ફેરફાર.

આપણા હાથમાં આ મુલક આવ્યા પછી મ્હેસુલને માટે જે પદ્ધતિ અંગીકાર કરવામાં આવી છે તે મારા જુલાઇ દશ અને જુલાઇ ચૌદના પત્રોમાં જણાવવામાં આવી છે. આના મુખ્ય ધોરણો એ છે કે બાજરા બાંધ કરવા પણ તે સિવાય બીજી તમામ દેશી રીત કાયમ રાખવી. વાસ્તવિક રીતે જેટલી ખેતી થઇ હોય તેના ઉપરજ મ્હેસુલ લેવી; મ્હેસુલનો દર હલકો રાખવો; નવા કર નાંખવા નહિ; અને જુના દેખીતી રીતે ગેરવાજબી હોય તોજ રદ કરવા, નહિતો નહિ; અને સહુ કરતાં વધારે અગત્યનું એ કે કાંઇપણ નવીનતા કરવી નહિ. પરદેશીય રાજ્ય અને પરદેશી રાજાઓને લીધે ઘણા ફેરફારો થયેલા છે,

પણ મ્હેસુલી ખાતામાં તે ઘણાખરા લાભદાયક નીવડ્યા છે. પ્રથમ આ દેશ જુદા જુદા પ્રમાણના તાલુકા ઉપર દેખરેખ રાખનારા ઘણા મામલતદારોના તાબામાં હતો તેને બદલે મેં હવે પાંચ ગણી વધારે જવાબદારી અને અમલવાળા મુખ્ય અમલદારોના હાથમાં સોંપી દીધા છે. હવે મુખ્ય અધિકારી જીલ્લામાંજ રહે છે તેનો આખો વખત તે જીલ્લાના કામકાજમાંજ ગાળે છે અને તેના તાબાના તમામ માણસોને તેવું અનુકરણ કરવું પડે છે. મરાઠાઓના છૂટા છૂટા મ્હેસુલી વિભાગોને બદલે હવે મેં એકઠા તાલુકાઓ કરી નાંખ્યા છે જે દરેકની વાર્ષિક ઉપજ પચાસથી સીત્તેર હજારની છે અને તે મામલતદારની દેખરેખમાં સોંપ્યા છે.

પરરાજ્યની અનિષ્ટતાઓ.

આ દેશ હજી સુધી ઘણી અનિષ્ટતાઓમાંથી બચી ગયો છે, પણ પરરાજ્યના આવાગમનને લીધે હવે તે તેના ઉપર આવ્યા વિના રહેશે નહિ; તો પણ કદાચ એનો મોટો ભાગ બરાબર કાળજી રાખ્યાથી દૂર રાખી શકાશે. ઉપરની ઘણી ખરી જાતો મુકાબલે ગરીબ થઇ જવાની અને જે લોકો દરબારોમાં અને લશ્કરોમાં નોકરી કરી ખાતા હતા તેઓમાંના ઘણા રોટલા વિનાના થઇ જવાના. આ બે દુઃખો બાજીરાવના રાજ્યના આરંભમાંજ આવ્યાં હતાં, પણ રાજ્યતંત્રનું ચોકઠું તેનું તે કાયમ હોવાથી આની ખરાબ અસરો કેટલેક અંશે નષ્ટ થઇ શકી હતી. આપણે તેજ ચોકઠું કાયમ રાખી શકીશું કે નહિ તે સવાલ હજી ચર્ચવો બાકી છે. ગામડાના સંબંધની ચોકીની પદ્ધતિ તો સહેલાઇથી રાખી શકાશે; પણ તે કાયમ રાખી મામલતદારના તાબામાં સોંપવાથી યોગ્ય થશે કે કેમ તે બાબતમાં મને શક છે. પટેલની આબરૂ અને લાગવગ એના ગામમાં સાચવી રાખવી જોઇએ; અને તેમ કરવા સારૂ ખર્ચની બાબતમાં અને નાના નાના ગુનાઓ ઉપર અંકુશ રાખવાની કંઇ

સત્તા તેને આપવી જોઇએ. બધા ગુનાઓની તપાસ યુરોપિયન અમલદારોને હાથેજ થવી જોઇએ એવી મારી ઇચ્છા નથી એટલું જ નહીં પણ મારી એમ ઇચ્છા છે કે મામલતદારે પણ તે કેટલાક તો પટેલને માથે નાખવા જોઇએ કે જેથી જે સત્તાની મદદ ઉપર આપણા રાજ્યચક્રનો ઘણો આધાર છે તે બની રહે. પટેલની ઉમંગી મદદની મ્હેસુલના મુખ્યાધિકારીને જરૂર છે તેટલીજ દીવાની ફોજદારી ઇન્સાફ અને પોલિસ ખાતાને પણ જરૂર છે; અને હરેક રીતે તે મદદ સંભાળી રાખવી જોઇએ. તેમની ફરજ કઠણ ન થઇ પડે, અને તેમની લાગવગ વારંવાર ઉપરીઓની દરમિયાનગિરીથી નબળી ન પડી જાય તેને માટે પુરતી સંભાળ રાખવી જોઇએ. તેમની સામે જુલમની ફરિયાદ થાયતો તે તરતજ સાંભળવી, પણ અમુક રીતભાત ઉપર ધ્યાન ન આપ્યું તેટલા માટે તેમને હેરાન કરવા એ મને ઠીક લાગતું નથી; એટલું જ નહિ પણ નાની ફરિયાદો–જો કોઇપણ પક્ષકારને ગંભીર પ્રકારની શિક્ષા કરવામાં ન આવે તો તેઓ પોતાની રીત પ્રમાણે ચૂકવે એવી છૂટ પણ હું એમને આપું.

કેળવણી.

ચોપડીઓ બહુ જૂજ છે, અને સામાન્ય વપરાશની ચોપડીઓની પસંદગી પણ ઠીક નથી; તોપણ હિંદુઓની ભાષામાં વાર્તાઓની એવી ઘણી ચોપડીઓ છે કે જે સામાન્ય રીતે વાંચી શકાય અને સારી નીતિ શીખવી શકે. એ ઉપરાંત તેજ અર્થ વધારે પ્રત્યક્ષ રીતે સાધી શકે તેવી ધાર્મિક ચોપડીઓ પણ જોઇએ. જો આવી ચોપડીઓ છપાઇને સસ્તે ભાવે વેચાય અથવા મફત વ્હેંચાય તો બેશક બહુ મોટી અને સારી અસર થાય; પણ એટલું અવશ્યનું છે કે તે શુદ્ધ હિંદુ પુસ્તકો હોવાં જોઇએ. શકપડતી નીતિના ઉપદેશો આપણે મૂકી દઇએ, પણ ધાર્મિક વિષયમાં વિવાદાસ્પદ વિષયોનો જરાપણ સમાવેશ કરવામાં આવે તો આખી યોજના રદ જશે.

હિંદુઓને સુધારવા સારૂ તેમના વ્હેમોનો ઉપયોગ કરવો અને ધર્મના બંધનથી તેમના દુર્ગુણો ઉપર અંકુશ મૂકવો તે વધારે સારૂં છે; કારણ કે કાયદા કરતાં તે વધારે બલવાન છે. એમના હમણાંના સિદ્ધાન્તો સાચવી રાખ્યાથી અને શુદ્ધ કર્યાથી અને તેની સાથે તેમની બુદ્ધિને પ્રકાશ આપ્યાથી આપણે પૂર્ણતાના ધોરણ ઉપર તેમને લાવવા ઇચ્છીએ છીએ તેની નજીક આપણે લાવી શકીશું; પણ તેમના ધર્મના સિદ્ધાન્તો ઉપર કોઇ પણ પ્રકારનો હુમલો થાય અને તે જો કૃતેહમંદ થાય તો જેમ વ્યવહારમાં આપણે જોઇએ છીએ તેમ સિદ્ધાન્તમાં પણ ધર્મ માટે તેમનું તમામ માન નષ્ટ થઇ જાય, અને વ્હેમી સિદ્ધાન્તો પણ કામ ક્રોધાદિક ઉપર જે અંકુશ મૂકેછે તે ઉપયોગી અંકુશમાંથી તેઓ કેવળ નિર્મુક્ત થઇ જાય એ સંભવિત છે."

ગામ પંચાતો.

આ બધી ખામીઓ છતાં મરાઠાનો મુલક આબાદ રહ્યો, અને આપણા વધારે સારા રાજ્યતંત્રનાં કેટલાક દુઃખોમાંથી લોક પણ મુક્ત હતા, તેથી તે પદ્ધતિની દેખીતી ખામીની સામે કંઇ ફાયદા હોવા જોઇએ. મને એમ લાગે છે કે તે ફાયદા એવા હશે કે જોકે રાજ્યતંત્ર લોકને ન્યાય મળે તેને માટે કંઇ કરતું નહિ પણ તે ન્યાય પોતે પોતાની મેળે મેળવી લે એટલી એમને છૂટ આપતું. આનો ફાયદો હલકી જાતોમાં બહુ જણાતો; જે જાતો ઉપર રાજ્યતંત્ર પહોંચી શકે નહિ અને પ્રત્યેક રાજ્યતંત્રમાં જે જાતો વિસરાઇ જવાનો સંભવ પણ છે, તેમાં ખાસ કરીને.

પંચાયતના સાધનથી તેઓ પોતપોતામાં ઇન્સાફ કરી શકતા. આ પદ્ધતિની સામે જે વાંધા લેવામાં આવે છે તે વાંધાઓનો તેમના સંબંધમાં અવકાશ બહુ થોડો જણાયો છે.

એટલામાટે મારી દરખાસ્ત છે કે આ દેશી પદ્ધતિ સાચવી રાખવી; અને તેનો દુરુપયોગ બંધ કરવો અને તેના સત્ત્વનું સંજીવન કરવાનાં પગલાં લેવાં. આવો પ્રયોગ દેશીઓને પણ કોઇ મોટા ફેરપ્રાર કરતાં વધારે પસંદ પડશે, અને જો તે નિષ્ફળ થાય તો આપણી અદાલત દાખલ કરતાં કંઇ વાર નહિ લાગે.

આપણાં મુખ્ય સાધન તરીકે પંચાયત રહેવીજ જોઇએ; અને તેના સંબંધમાં કાંઇ નવા કાયદા કાનુન કે દરમિયાનગિરી આપણા તરફની હોવી જોઇએ નહિં. ”

ઉપરના ઉતારાઓ ઉપરથી જણાશે કે એલ્ફિન્સ્ટનનો વિચાર મરાઠા ઓની સંસ્થાઓમાં જેટલું સારૂં હોય તેટલું સાચવી રાખવાનો હતો. એલ્ફિન્સ્ટનની પછી આવનારા અમલદારો ફેરફારો દાખલ કરવામાં આટલાજ સાવધાન રહ્યા હોત તો આપણા દેશને માટે ઘણું સારૂં હતું, પણ તે પછીના અધિકારીઓના વહીવટ નીચે ગામાતો અદૃશ્ય થઈ ગઇ છે અને વધતી જતી મ્હેસુલની માંગણીથી ખેડુત માલીકોના મુકરર રાજ્યહકકો આપે જવાની શરતે પોતાની જમીનો ધારણ કરવાના હકકો નાબુદ થઇ ગયા છે.

એલ્ફિન્સ્ટનની મોટી શકિતને લીધે રાજ્યચક્રના સર્વોપરિ અધિકારી થવાની તેની યોગ્યતા સ્પષ્ટ જણાઇ આવી; અને સર ટોમસ મન્રોની મદ્રાસના ગવર્નર તરીકે નિમણુક થઇ તેની અગાઉ એક વર્ષ ઉપર એટલે ૧૮૧૯ માં મુંબઇના ગવર્નર તરીકે એલ્ફિન્સ્ટનની નિમણુક થઇ. એના આઠ વર્ષના અમલ દરમિયાન મુંબઈ ઇલાકામાં વાજબી જમાબંદી કરવાના તેના પ્રયત્નોનો ટુંકો હેવાલ આપવાની જરૂર છે.

ભરૂચ.

૧૮૨૧ માં ગવર્નરે ભરૂચની મ્હેસુલના સંબંધમાં એક યાદી લખી છે

તેમાં બ્રિટિશ સામ્રાજ્ય નીચે જમીનની મ્હેસુલનો જે વધારો શરૂ થયો હતો તે બાબતનો પોતાની નાખુશીની નોંધ કરી છે. લખે છે કે:—

મ્હેસુલનો આંકડો ગામે ગામ આખા ગામને માટે મુકરર થાય છે; અને વ્યક્તિઓની સ્થિતિની તપાસ થતી નથી. વર્ષોવર્ષ, ઉપજ લેવાને વખતે એકાદ વંશપરંપરાના મ્હેસુલી અધિકારીને મોલની તજવીજ કરવા મોકલે છે. તે એક પત્રક બનાવે છે. તેમાં જમીનની જાત પાક વગેરેની નોંધ કરેલી હોય છે અને ખેતરવાર અંદાજી ઉપજના આંકડા ભર્યા હોય છે. આનો સરવાળો કર્યો એટલે તે ગામની કુલ દાણાની ઉપજનો આંકડો નીકળી આવે છે. સાધારણ ધોરણ એ છે કે દાણાના વેચાણની જે પેદાશ આવે તેનું અરધ સરકારે લેવું અને અરધ રૈયતને રહે.

હમેશાં કોઇપણ આંકણી ભારે છે કે હલકી તે સમજવું મુશ્કેલ છે. પણ અહીં જે યોજના અમલમાં છે તે ઉપરથી તે અશક્યજ છે. આ વર્ષમાં સાડા ચાર લાખનો વધારો થયો છે અને આ બાબતનો વિચાર કરવાથી મને આનંદ થતો નથી.

અમદાવાદ.

એજ દ્રષ્ટિએ ખેડા અને અમદાવાદની જમીનની મ્હેસુલના સંબંધમાં તેણે એક ચોપડી લખી છે, અને તેમાં પણ તેજ સાવધાની અને તેજ આનાકાની જણાય છે.

અમદાવાદ જીલ્લામાં ગામડાંનાં આમડાં સહુથી વધારે માગણી કરતાં રને આપવામાં આવે છે. આથી ઉપજનાં સર્વ સાધનો મેદાનમાં આવે છે, તેમજ ઇજારદારની સૂચનાથી પંચાયતો દ્વારા વિક્રોટીના આંકડા વધારી દેવામાં આવે છે. આ બધાથી મ્હેસુલનો આંકડો બહુ ભારે થઇ જવા સંભવ છે.

સુરત.

૧૮૨૧ ના મે માસમાં એલ્ફિન્સ્ટને સુરતના સંબંધમાં એક યાદી લખી છે, તેમાં પણ જમીનની મ્હેસુલના ભારેપણા માટે એજ દીલગીરી બતાવી છે.

આ જીલ્લામાં લોકોની જે સ્થિતિ છે તે ઉપર જો મારે નિર્ણય કરવાનો હોય તો હું એમ કહું કે અત્યારે આ જીલ્લો અત્યંત ચૂસાઇ ગયેલો છે. રૈયત કપડાં અને ઘર બન્નેમાં બહુ દુઃખ વેઠે છે, અને જો કે આ જીલ્લાના કેટલાક ભાગમાં બહુ સારી ઉપજ થઇ શકે તેમ છે તોપણ બીજા ભાગોમાં ખેતી બહુજ અપૂર્ણ છે એમ કહેવું જોઇએ. આ દુઃખ અત્યારની પદ્ધતિનાં છે એમ નથી. એથી ઉલટું અત્યારે જે પગલાં લેવામાં આવે છે, તેથી તો તેઓને બહુ સુખ થવા સંભવ છે. મોટામાં મોટું વિઘ્ન એ છે કે જમાબન્દી બહુ ભારે છે અને વખતે અનિયમિત છે.

કોંકણ.

ઉત્તર કોંકણમાં પણ સ્થિતિ અસ્વસ્થ હતી. દેશપતિએ એવી ભલામણ કરી કે રાજ્ય હકક કુલ ઉપજના એક તૃતીયાંશ જેટલો રાખવો જોઇએ; હલકા પ્રકારની જમીનોને માટે એથી હલકો દર રાખવો.—જમીનના ત્રણ અથવા ચાર પ્રકાર પાડવા; વજેનો રિવાજ કહાડી નાંખવો કારણ કે સરકારને એમાં ખરચ ઘણું પડે છે; અને હલકા દરજ્જાના દેશી અમલદારોને નાણાં ઉચાપત કરવાની તક મળે છે. તેને બદલે જે રકમ ઠરાવવામાં આવે તે છ વર્ષને માટે મુકરર કરવી, અને જમાબન્દીનો દર હમેશને માટે ન ઠરાવતાં બાર વર્ષને માટે ઠરાવવો.

દક્ષિણ કોંકણને માટે તેજ વર્ષમાં એક બીજી યાદી લખાઇ હતી; તેમાં ખોટ અને ખેડુતના સામાન્ય હકકોની નોંધ કરેલી છે.

ગામડાઓ કુલાર્ગો કે ખોટગી કહેવાય છે, પહેલી તરેહનાં ગામોમાં ખેડુતને મુકરર વજેભાગ આપવો પડે છે, અને તે સિવાય તેની પાસે બીજું કંઇ લેવાતું નહિ. પણ ખોટગી ગામોમાં ખોટ અથવા મુખી અમુક અનેક પ્રકારની રૈયત પાસેથી અમુકજ લઇ શકે પણ બીજા ખેડુતો પાસેથી અથવા પોતાની જમીન ખેડવાવાળા પાસેથી તેઓ નજરમાં આવે તે રીતે સાહું કરી શકે છે. અને તેથી આ જીલ્લામાં બેજ પ્રકારના ખેડુ હકકની રીત છે. ધરકરી અને અર્ધેલી તેનો ખુલાસો મળી શકે છે.

પહેલી તરેહ દક્ષિણના મિરાસી હકકના જેવી છે; કારણ કે જ્યાં સુધી દેશરીવાજ પ્રમાણે એ આપ્યાં કરે ત્યાં સુધી તેનો કબજો છોડાવી શકાતો નથી. અને જો કે તે વેચાણ કરી શકતો નથી તોપણ તે બેશક ધરેણે મુકી શકે છે. અને એમ મનાય છે કે તેને તેની વ્યવસ્થા કરવાનો સર્વ હક છે.

અર્ધેલી રૈયત બીજે ઠેકાણે ઉપ્રી છે તેના જેવા હકકવાળી છે. તે ખોટ અથવા બીજા કોઇ ધારણ કરનારની ખેડુ હોય છે; તેનાથી તેની જમીન વેચી શકાય નહિ, તેમ ધરેણે મુકી શકાય નહિ; કારણ કે તે જમીન ઉપર હક તો બીજાનોજ છે; અને એ માત્ર રબ્બમંદીથી કબજો ભોગવે છે. જો માલીક પોતાના હાથમાં જમીન રાખવાનો વિચાર કરે અથવા બીજા કોઇને સાંથવાનો વિચાર કરે તો તે કબજેદારનો કબજો છોડાવી શકે છે. જો કે બીજાને આપવામાં જે કબજેદાર નિયમસર વસુલ આપે જતો હોય તેના ઉપર એક પ્રકારની કૂરતા થઇ મનાય. વસુલના કરાર ઘણું કરી વર્ષો વર્ષ નવા થાય છે, એટલે માલીકની જો જમીન છોડાવવાની મરજી હોય તો તેનો હકક એટલે સુધી વધારી મુકે કે જમીન ખેડવી પોસાય નહિ. અર્ધેલી હકક વાળી જે રૈયત કયારીની જમીન વાવે છે તે ઘણે ભાગે માલીકને વજેનો અરધ ભાગ આપે છે.

આ ઉપરથી આપને જણાશે કે ખોટ બંગાળાના નાના જમીનદારો જેવા છે.

દક્ષિણ.

દક્ષિણમાં મિ. ચેપ્લિરન એલિફન્સ્ટન પછી કમિશનરના અધિકાર ઉપર આવ્યા. તેના ૧૮૨૧ ના નવેમ્બરનો અને ૧૮૨૨ ના ઓગસ્ટના રિપોર્ટનાં બીજાં પાંચસેં પાનાં ભરાયાં છે.

પુના, અહમદનગર, ખાનદેશ, ધારવાડ, સતારા અને દક્ષિણની જાગીરોની વસ્તિ ચાળીસ લાખની અડસટવામાં આવી હતી. પ્રથમ જે જમાબન્દી થઇ તેમાં મનોની રૈયતવારી અને મદ્રાસ રેવિન્યુ સભાએ યોજેલી ગ્રામસંસ્થાની રીતોનો સંયોગ કરવામાં આવ્યો હતો. જે જમાબન્દી થઇ તે રૈયતવારી પદ્ધતિની કહેવામાં તેમજ વાસ્તવિક રીતે હતી. પણ જૂદા જૂદા ખેડુતોને વહેંચી આપવાની બાબતમાં ગામના અધિકારીઓને સારી છૂટ આપી હતી. નાના ફડનવિસના વખતમાં જે રીત ચાલતી હતી, તેનાથી આ નવી રીત વસ્તુતાએ જૂદી ન હતી; ફેર એટલો જ કે મામલતદારોને એમાં વધારો ઘટાડો કરવાનો હક્ક થોડો હતો. રૈયતે આપવાની રકમ, ખેતી તથા પ્રથમ જે લેવામાં આવતી રકમ, એ બેને હિસાબે મુકરર કરવામાં આવતી; અને રાજ્યહક્ક વસુલ કરવામાં પ્રથમ કરતાં સખ્તાઇ વધારે રહેતી. ૧૮૧૭ માં નવા પ્રાંતોની ઉપજ ૮,૦૦,૦૦૦ પાઉંડ હતી, તે ૧૮૧૫ માં ૧૧૫૦૦૦૦ પાઉંડ જેટલી થઇ અને તે પછી થોડા વર્ષના અરસામાં ૧૫૦૦૦૦૦ પાઉંડ સુધી પહોંચી. ગામડાંઓના સ્થાનિક અધિકારીઓની સત્તા કમી કરવા માંડી. કમ્પનીના નોકરોને દરેક શબ્બસ જોડે વધારેને વધારે સંબંધમાં આવવાનું ગમવા લાગ્યું; અને તે પછી થોડાજ વખતમાં મદ્રાસની પેઠે મુંબાઇમાંથી પણ ગ્રામસંસ્થાઓ વસ્તુતાએ નાબુદ થઇ ગઇ.

ખાનદેશ.

આ જીલ્લો કેપ્ટન બ્રિગ્સના વહિવટ નીચે હતો. આ ગૃહસ્થ તે હિંદુસ્તાનના "લૅન્ડ ટેકસ" (જમીનનો હક્ક) એ પુસ્તકનો કર્ત્તા; અને પાછળથી ફેરીસ્તાના

હિંદુસ્તાનના ઇતિહાસનો ભાષાન્તરકાર. ખાનદેશમાં ઉદાર અને તેજસ્વી રાજ્ય-નીતિવાળા પ્રથમના મુસલમાન રાજાઓના વખતમાં ઘણે ખરચે બંધાયલા બંધો અને ન્હેરોની પાયમાલીની નિશાનીઓ આ ગૃહસ્થને માલુમ પડી પણ તેના વખતમાં ખાનદેશ ઉજ્જડ અને ગરીબ થઇ ગયો હતો. વારંવાર થતી લડાઇઓ, ભીલ લોકોની લૂંટફાટ અને અધુરામાં પૂરું બાધના દરોડા—જેનાથી ત્રણ મહિનામાં પાંચસેં માણસો અને વીશ હજાર ઢોરનો ઘાણ વળી ગયો હતો, તેનાથી આ જીલ્લાના દુઃખોની અવધિ હતી, અને લોકની સંપત્તિનું પ્રમાણભૂત દફતર ન હોવાથી કેપ્ટન બ્રિગ્સને ઉંચા નીચા દર વચ્ચે નિર્ણય કરવાનું કંઇ સાધન નહતું.

પુના.

પુના જીલ્લો કેપ્ટન રોબર્ટસનના વહિવટમાં હતો. અને કમીશનરોએ પુછેલા સવાલોના જવાબોમાં દક્ષિણના ખેડૂતોના રીતરિવાજો અને તેમની સ્થિતિ ઉપર પુષ્કળ પ્રકાશ પડે છે. દક્ષિણના મિરાસી ખેડૂ વાસ્તવિકરીતે માલદાર હકવાળા ખેડૂત જ છે. સરત માત્ર એટલી કે તેણે સરકારને કર આપે જવો. કેપ્ટન રોબર્ટસન લખે છે કે તેનો હક અસલ રીત પ્રમાણે ઇંગ્લંડના ફ્રિહોલ્ડ ખેડૂતથી જરાપણ જૂદો નથી. દક્ષિણના અત્યારના ખેડૂતોનાં પૂર્વજોમાંના ઘણા અરા તો મુસલમાનોના પ્રવેશ પહેલાંના કબજેદાર ખેડૂતો છે અને તે વખતથી જમીનની ઉપજના છઠ્ઠા ભાગ જેટલો રાજ્યહકક આપે જવાની સરતે તેમનો કબજો ચાલ્યો આવે છે. દક્ષિણના મિરાસદારો શું આપે છે તે બાબતમાં વાસ્તવિક રીતે કંઇ કહેવાતું હોય તો હું એમ કહું છું કે તેઓ કર આપે છે; બાકી નહિ. દક્ષિણ હિંદુસ્તાનમાં ખેડુતોના જમીન ઉપરના હકક અને ઉત્તરના જમીનદારોના તેવા હકક બ્રિટિશ કાયદાની રૂઇએ ઉત્પન્ન થયેલા છે એમ જે હાલના રાજપુરૂષો કહે છે તેમને જૂના વખતના રાજપુરૂષોના સંખ્યાબંધ રિપોર્ટો વાંચવાથી ખાત્રી થશે કે બ્રિટિશોના આગમન પહેલાં વંશજો ભોગવી શકે અને વેચાણ થઇ

એક એવા જમીન ઉપરના હકનો અમારા ખેડુતોનો બળવાન ભોગવટો છે. જમીન પ્રજાની છે, રાજ્યની નહિ; અને રાજ્યને મિરાસદાર પાસેથી કર રૂપે નિયત રાજહક લેવાનો જ હક બીજા કશાનો નહિ.

કેપ્ટન રોબર્ટ્સન કુટુંબોના સહીયારા કબજા ભોગવટાનાં ગામડાંઓ સંબંધમાં જે લખે છે તે પણ સમજવા જેવું છે.

મિરાસી હકની બાબતમાં જે કાગળો અને પત્રકો મારા જોવામાં આવ્યાં છે, તે ઉપરથી આટલું નિઃશંક જણાય છે કે, પૂર્વના કાળમાં ગામનાં ગામ અમુક કુટુંબોમાં વહેંચાયલાં હતાં. એમના વંશજોના સમૂહને 'જૂથ' કહે છે અને મૂળની જમીન તેઓ પોતે અત્યારે સહીયારી ભોગવે છે, એવું અનુમાન થાય છે. અને તેઓ, સંયુક્ત કબજેદારો તરિકે, જે જમીન તેમના કબજામાં હોય તે ઉપરના રાજ્યહક અને બીજા હકો આપવાને પાત્ર છે. સરકાર અથવા બીજા જૂથો એક જૂથને સરકાર હક વગેરે ઉઘરાવવાના કામ સારૂ, મોટપના ધોરણસર પસંદ કરે છે; અને તેજ તમામ હક આપવાને સરકાર વગેરેને જવાબદાર ગણાય છે. અને આ રીતે તેઓ હક અને જવાબદારી બન્ને સંયુક્ત વ્યવહારથીજ ભોગવે છે. આવી રીતે પસંદ કરાયલા જૂથના શખસો પાટીલ એ નામથી ઓળખાય છે, અને મૂળથી એ અથવા બીજું કોઇ ઓળખાણનું નામ એમને ફાળેલું હોય છે. અને આ બધામાંથી મોટપના હકવાળી શાખાઓનો જે પુરૂષ વસ્તુતાએ અધિકાર ભોગવતો હોય તે મુકાદમ એ નામથી ઓળખાય છે,.....તે, ગામ લોકની મરજીથી અને સરકારની નિમણુંકથી એક મેજીસ્ટ્રેટ છે. ઈંગ્લંડમાં જે કાયદાઓને એક કોરપોરેશનના કહીએ, તેવા કાનુનોનો અમલ કરાવવાની તેની સત્તા છે; પહેલાં તો આખા ગામરૂપ સંસ્થાના સંસ્થા તરિકનાં જે ખરચ થાય તે ખરચ માટે અને પટેલ તરીકેનો પોતાનો મોભો સાચવી રાખવા માટે જે રકમ જોઇએ, તે બાબત ઉઘરાણું કરી

શકતો; આખા ગામને નફો થાય તેવા સુધારાની તે સૂચનાઓ કરતો; અને જાહેરશાન્તિ સાચવી રાખીને ગામ લોકોને એકઠા કરી શકતો. હજી સુધી પંચ તરિકે જે લોક એને કામ સોંપે તેમના દિવાની કજીઆ પણ તે ચુકવે છે અને પ્રથમ પણ ચુકવતો, અથવા પોતે ન ચૂકવે તો બીજા લોકોને પંચ તરિકે પોતે નીમ્યા હોય અથવા પક્ષકારોએ નીમ્યા હોય તેના પ્રમુખ તરીકે કામ કરતો.

આ સિવાય બીજાઓને માટે કેપ્ટન રોબર્ટ્સને તેઓ મિરાસદાર છે એવું ઘણા દસ્તાવેજોથી સાબિત કરેલું છે. અને લખે છે કે, આ જીલ્લામાં બધા ગામોમાં મિરાસી રિવાજ અત્યારે ચાલે છે, અને "હમણા નથી એવાં ગામ તો થોડાંજ છે." ૧૮૨૧ માં આ પ્રમાણે તેણે લખ્યું હતું. મરાઠા રાજ્યમાં મુંબઇના ખેડુતોનો મોભો અને હક શા હતા તેનો આ દસ્તાવેજ આપણને સારો ખ્યાલ આપે છે.

અહમદનગર.

આ જીલ્લામાં કેપ્ટન પોટિંજરનો વહિવટ હતો. તે લખે છે કે જે ખેડુતો મિરાસદાર છે, તેઓ પોતાની જમીનની જ્યારે નજરમાં આવે ત્યારે અને જેમ નજરમાં આવે તે પ્રમાણે વ્યવસ્થા કરી શકે છે અને ધરેણે મૂકી શકે છે. હિંદુસ્તાનના આ ભાગમાં (જેમ બધામાં છે તેમ) મિરાસી હક પરાપૂર્વથી ચાલ્યો આવે છે અને એ ક્યારથી શરૂ થયો એમ પૂછવામાં આવે તે સવાલનો જવાબ જમીન કયારથી થઇ એ સવાલનો જવાબ માગવા સરખું છે. હું જોઉં છું કે મિ. એલિસ મિરાસીના સંબંધમાં પોતાના અસંખ્ય જવાબોમાં એક નોંધ કરીને લખે છે કે, 'આ ભૂમિના કાયદા ઘડનારાઓએ જ્યારથી લખવાનું શરૂ કર્યું તે વખતથી મિરાસી હક આ દેશમાં વિદ્યમાન છે, અને હું ધારું છું કે એમનો આધાર સંશય રહિત છે.'

ધારવાડ.

આ જીલ્લાનો મિ. રોબર્ટ સેન્ટ થેકરીના ચર્હિવટમાં હતો. તેઓ એક અનુભવી રેવિન્યુ અમલદાર હતા, લોકો સાથે બહુ મળતા, અને તેમણે પૂછેલા જવાબના કેટલાક લાક્ષણિક ઉત્તરો મોકલ્યા છે. રેવિન્યુ અમલદારો ખેતી સુધારવા સારૂ જાત મહેનતથી શ્રમ લે છે કે નહિ, તેના સંબંધમાં મારો જવાબ એવો છે તે તેઓ ખેડુતને ઉત્તેજન આપવાને બદલે હેરાન કરે છે, અને તેમનો હેતુ કાગળીઆ ઉપર ખેતીનો વધારો બતાવવાનો હોય એમ જણાય છે. દેશની સાધનસંપત્તિ વધારવા તરફ કંઈ લક્ષ્ય હોય એમ જણાતું નથી. ખેડુ પોતાના નફા માટે ખેડે છે, અને જ્યાં આ નફો પૂરતો હોય છે ત્યાં તેને બીજી આરની જરૂર નથી.

દક્ષિણ (સામાન્ય)

આ અને બીજા જીલ્લાઓના રિપોર્ટો સામેલ રાખીને મિ. ચેપ્લિને દક્ષિણની જમાબન્દી સંબંધી એક ખુલાસાવાર રિપોર્ટ કર્યો હતો તેના ઉપર હવે આપણે આવીએ. દક્ષિણમાં પહેલાં મલેક અમ્બરે એક જમાબન્દી કરી હતી તે ઉત્તર હિંદુસ્તાનમાં ટોડરમલવાળી જમાબન્દીના જેવી જ પ્રખ્યાત હતી; મલેક અમ્બરની જમાબન્દી દરેક ગામ માટે નિયત નાણાંની રકમના રૂપમાં હતી. અને તેનું ધોરણ પ્રાચીન ગિરાસી હકને કાયમ કરવા ઉપર હતું. જેથી દેશની ખેડવાણ જમીન માલકી હકની મિલકતના તમામ ગુણો વાળી થઇ શકે.

નવા રચપાયલા બ્રિટિશ રાજ્ય સારૂ હકક મુકરર કરવા ઉપર આવતાં તે લખે છે કે, 'હું ધારૂં છું કે મધ્યમ સ્થિતિના ખેડુત પાસે દશ એકર આકાશી અને એકાદ વિઘો વાડીની જમીન હોય છે; અને તેની પાસે બે હળ અને

ચાર બળદ હોય છે, જેની મદદથી એ વરસ દહાડે ૧૨ પાઉન્ડ જેટલી ઉપજ કરે છે,' તેના ખરચનો અડસટ્ટો નીચે પ્રમાણે.

	પા.શિ.પે.
જમીનનો કર.	૪-૪-૦
બળદનું ખરચ—એક જોડ આઠ વરસ સુધી ચાલે એ ગણત્રીએ.	૧-૫-૦
હળ અને વખતોવખત સાથી વગેરે મજુરો રાખવા પડે તેનું ખરચ.	૦-૧૬-૦
બી.	૦-૧૯-૦
અધિકારીઓની કામદારી અને ગામ ઝાંપા વિગેરે.	૦-૧૨-૦
ખોરાકને માટે દાણો.	૨-૪-૦
કપડાં,	૦-૧૦-૦
પરચુરણ જરૂરી ખરચ.	૦-૧૨-૦
કુલ.	પા.શિ.પે.
	૧૨-૨-૦

ઉપરથી જણાશે કે બાર પાઉંડની અંદાજી ઉપજમાંથી ૪ પાઉંડ ૪ શીલીંગનો સરકાર હક નીપજના ૪૫ થી ૫૦ ટકા જે મદ્રાસ અને મુંબઇના ખેડૂત પાસે સરકારે મૂળ માગેલું તેના કરતાં ઓછો છે પણ આટલા ૪ પાઉંડ ૪ શી. ના કરે પણ ખેડૂતને કંઈ રહેતું નથી; આટલું સ્પષ્ટ સમજાય છે કે અધિકૃત મંડળને રૈયતવારી રીત પસંદ પડવાનું

કારણ એ છે કે સરકાર અને ખેડૂતની વચ્ચે વચમાંથી નફો લઇ જનાર કોઇ ગામખાતુ કે ગામધણી આમાં રહેતો નથી. એક ગુલામના માલીકને ગુલામ ઉપર જેટલો કાબુ હોય છે તેટલો જ કાબુ કમ્પનીનો પોતાના ખેડુ ઉપર હતો; જેથી એના નિર્વાહ માટે પૂરતું થાય તે ઉપરાંતનું તમામ કમ્પની લઇ શકતી. અધિષ્ઠાતૃ સભાના એક સભાસદ તો કહે છે કે રૈયતવારી રીતનો હેતુ એ છે કે સરકાર રૈયત પાસેથી ભાડાના રૂપમાં વધારેમાં વધારે લઇ શકાય એટલું લઇ શકે.

મિરાસી હકના સંબંધમાં ચેપ્લિન લખે છે કે આ હક નવા જીતાયલા પ્રદેશમાં કૃષ્ણાથી ઘાટ સુધી વર્તે છે. એક વાર ખેડૂતને કબજો મળ્યો એટલે તે વંશપરંપરા વેચાણ બક્ષીસ કે ધરેણાના હકકથી ભોગવી શકે છે, અને દક્ષિણના રિવાજ પ્રમાણે તેમાં સરકારની અગાઉથી પરવાનગી જોઇતી નથી. મિરાસદારને ગામની બાબતની દરેક વાતમાં બોલવાનો હક છે, ગામના પંચરમાં તેમજ ગામાત જમીનમાં ઘર બાંધવાનો અને તે ઘરની વેચાણથી વ્યવસ્થા કરી નાખવાનો હક છે. પૂનામાં મિરાસદાર અને ઉપ્રી (માલકી હકક વિનાના) ખેડૂતનું પ્રમાણ ત્રણ અને એક જેટલું હશે. ગોદાવરીની પેલી પાસ ઉત્તર તરફ મિરાસી હક ઓછો થતો જાય છે અને તે અને ઉપ્રિની રીતમાં બહુ ફેર જોવામાં આવતો નથી. દક્ષિણ મરાઠા પ્રદેશમાં મિરાસી હક બીલકુલ જોવામાં આવતો નથી. તોપણ યાવચ્ચંદ્રદિવાકરૌ વંશપરંપરાનો કબજો સ્વીકારાય છે. સતારાના મિરાસદારોના હક દક્ષિણના બીજા ભાગમાં જેવા છે તેવાજ છે.

પૂનાના કલેકટર મિરાસી હકના બહુ બાજબી રીતે વકીલ થઇને બેઠા છે અને તેઓ ઘણે ઠેકાણે આ ધોરણ સ્વીકારવાની આગ્રહથી ભલામણ કરે છે. પણ આ હક ઉપર હુમલો કરવાનો કોઇનો ઇરાદો છે જ નહિ, અને તેથી આ બાબતની લંબાણથી ચર્ચા કરવી નિરર્થક છે. મિ. ચેપ્લિનને એટલું અગાઉથી

ન સૂઝેલું કે તેના પછીની બ્રિટિશ સરકાર વસ્તુતાએ દક્ષિણના ખેડુતોનો મિરાસી હક્ક જપ્ત કરશે. મિ. ચેપ્લિને પોતાના લાંબા રિપોર્ટના છેવટના ભાગમાં લોકો સાથે હળી મળીને ચાલવાની બાબતમાં તાબાના ઇંગ્રેજ અમલદારોને ઉદ્દેશીને એક મોટું ભાષણ કર્યું છે.

આ કિમતી રિપોર્ટ મળ્યા પછી મુંબાઇના ગવર્નર માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને તમામ જીતાયલા પ્રદેશની માપણી અને જમાબન્દી કરવાના હુકમ કહાડ્યા. દરેક ગામમાં પાટીલની સત્તા સાચવી રાખવાનો આગ્રહ કર્યો, જમાબન્દી હલકી રાખવાની અને સરખીરીતે વહેંચી આપવાની ભલામણો કરી અને દરેક પ્રકારના કબજા, ભોગવટા, ખેડૂત હકકો કાયમ રાખવાની સલાહ આપી. સામાન્ય માપણી કરવાના હુકમે અધિકારીવર્ગ મંડળને પણ સંતોષ આપ્યો.

દક્ષિણના કમિશનરે ૧૮૨૪ માં અને પછીથી ૧૮૨૫ માં માપણીના કાનુનોના મુસદ્દા મોકલ્યા. મદ્રાસમાં સર ટૉમસમન્રોએ જમીનના કરનું પ્રમાણ ઘટાડીને ઉપજ નીપજનો ત્રીજો ભાગ નક્કી કર્યો હતો; અને ચેપ્લિને દક્ષિણ માટે સુધારેલા સર્વે કાનુનો સાથે રવાના કરેલા સરકયુલરમાં તેજ પ્રમાણ રાખ્યું. આ સખ્ત સરકાર હકકને લીધે દક્ષિણ હિંદુસ્તાનમાં ખેડૂતની આબાદીની પાયમાલી થઇ છે. મદ્રાસમાં રાજ્ય હકકની વધારેમાં વધારે હદ તરીકે આ નિયમ હજુ કાયમ છે. મુંબાઇમાં હદ મુકરર કરવાનો વિચાર જ માંડી વાળવામાં આવ્યો છે, અને જે જમાબન્દી બીજી ગણત્રીથી ઠરાવવામાં આવી છે તે ઘણીવાર ઉપજ નિપજના ત્રીજા ભાગ જેટલી અથવા વધારે થવા જાયછે.

સામાન્ય માપણી કરવાની દરખાસ્ત હજુ લટકે છે. માઇન્સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને દક્ષિણમાં ગામાતનો રીવાજ કાયમ રાખવાનો પ્રયત્ન કર્યો. ઉપર જણા-

વાયું તે પ્રમાણે રૈયતવારી રીત અને ગામાતની રીતનો સંયોગ કરવાનો તેનો ઇરાદો હતો. માપણી કર્યા પછી દરેક ખેડૂતને શું આપવાનું આવેછે, તે નક્કી કરવું, અને પછી તે પાટીલની મારફત દરેક ગામમાંથી ઉઘરાવવું; આવો તેનો ઇરાદો હતો. 'માપણીથી પ્રત્યેક ખેડૂતના હક અને જવાબદારી નક્કી થશે, અને તે પછી અમુક વર્ષને માટે ગામ પાટીલને ઇજારે આપી શકાશે.'

કબૂલ કરવું જોઇએ કે આ દરખાસ્તમાં એક આરંભની જ ભૂલ હતી. જો માપણી કરીને ગામના પટેલનો અને પંચનો ખેડૂતોમાં જમાબન્દીની વ્હેંચણ કરવાનો હક લઈ લેવાનો હતો તો, પટેલ અને પંચ કાયમ રાખવાનો શો અર્થ હતો? જો પૂર્વે સેંકડો વર્ષોથી ચાલતો આવેલો પટેલનો અધિકાર લઈ લેવાની ઇચ્છા હતી તો ઇજારા તરીકે તેમને કાયમ રાખવાની શી જરૂર હતી?

મદ્રાસે આ સવાલની બાબતમાં તાત્વિક સિદ્ધાન્તોને ધોરણે લડાઈ કરીને નિશ્ચય કર્યો હતો. મદ્રાસની રેવિન્યુસભા (Board of Revenue) તદન સંયુક્ત વ્યવહારના સિદ્ધાન્તને અનુમોદન આપનારી હતી; અને ગામાત સંસ્થા અને તેની સત્તા તેવી ને તેવી બળવાન રાખવાની તેમની ઇચ્છા હતી. ટોમસમનો તદન વ્યક્તિવાદી હતો, અને રાજ્યનો દરેક ખેડૂત સાથે પ્રત્યક્ષ વ્યવહાર રહે એમાં આગ્રહી હતો. એટલે જમીનની મહેસુલના સંબંધમાં ગામાતના અધિકારીઓની કંઇપણ દરમિયાનગિરી જોઇએ નહિ એવા અભિપ્રાયનો હતો. ટૉમસમનો ફાવ્યો, અને મદ્રાસની ગામાતો એકદમ નિર્જીવ થઇ ગઇ અને તેમને બીજી સત્તા આપીને જીવતી રાખવાની મનોની ધારણા નિષ્ફળ ગઇ.

આ પ્રયોગ અને પરિણામોનો બોધ સ્પષ્ટ હતો. હિંદુસ્તાનમાં ગામાત કાયમ રાખવાનું મૂળથી જે સાધન હતું; તે જ એક સાધન હતું; એટલે ગામની અંદરની મ્હેસુલની વ્હેંચણી ગામપંચના હાથમાં જ રાખવી. જમીનની ઉપ-

જના પ્રમાણમાં વધારે પડતી મ્હેસુલ કોઇને ન આપવી પડે તે બાબતમાં થોડાક કાનુનો સરળતાથી થઇ શકત; અને તે કાનુનોને તાબે રહીને ગામડાંઓના ઘરડાઓનો લોક પાસેથી છૂટક છૂટક ઉઘરાવીને રાજ્યને સમગ્ર મ્હેસુલ આપવાનો તેમનો મૂળ અધિકાર કાયમ રાખી શકાયો હોત. આ રીતથી હિંદુસ્તાનની પ્રાચીન રીત સતત ચાલ્યા કરત એટલે એક મ્હોટો ફાયદો દેખીતોજ થાત, અને દરેક ગામમાં સુસ્થાપિત લોકમંડળ બન્યું રહેત. પણ આવી ગોઠવણ કમ્પનીના રાજ્યના અંતસ્તત્વથીજ વિરુદ્ધ હતી. કમ્પનીની નીતિ દરેક ખેડૂતની સાથે પ્રત્યક્ષ સંબંધ બાંધવાની અને તે જેટલો આપી શકે તેટલો કર તેની પાસેથી લેવાની હતી. આ વિચારથી એલ્ફિન્સ્ટન પડે પણ એટલે સુધી દોરવાઇ ગયો હતો કે તેણે પણ સામાન્ય માપણી કરી દરેક ખેડુતની જવાબદારીના નિર્ણય કરવાનું મંજુર કર્યું અને આટલું કર્યા છતાં જ્યારે પટેલની મારફત સમગ્રતાથી ખેડૂત સાથે વ્યવહાર પાડવાની તેની ઇચ્છા થઇ ત્યારે પટેલનો અધિકાર નષ્ટ થયો, એ ટીકાને તેની ઇચ્છા ઉઘાડી રીતે પાત્ર હતી.

એલ્ફિન્સ્ટને ૧૮૨૭ માં હિંદુસ્તાન છોડ્યું તે વર્ષમાં અધિષ્ઠાતૃસભાએ એલ્ફિન્સ્ટનની દરખાસ્તની નબળાઇ પકડી કહાડી અને તેનો લાભ લીધો. લખે છે કે, "જો માપણીથી દરેક ખેડુતના હક્કનો અને જવાબદારીનો નિર્ણય ખરેખરી રીતે થઇ શકે અને તેના હક્કનો ભંગ થતાં ખેડૂત તાત્કાલિક પ્રત્યક્ષ ઉપાય લઇ શકે, એવી પદ્ધતિ બંધાય, તો આ લેખના એક પૂર્વની કલમમાં લખ્યા પ્રમાણે પટેલનો ઉપયોગ થઇ શકે. માજી પેશ્વાઇના વખતમાં ઇજારા આપવાથી જે અનિષ્ટો ઉત્પન્ન થયાં હતાં તેનો આપને અનુભવ છે તો આપે જેમને સત્તાનો દુરૂપયોગ કરવાની આદત પડી છે, તેમના હાથમાં દુરુપયોગ થઇ શકે એવી સત્તા સોંપતાં પહેલાં બહુ સાવધાની રાખવી જોઇએ. તેમજ ઇજારદાર સાથે આપણે માફકસર મ્હેસુલ લેવાનો ઠરાવ કરીએ તેથી પણ તે લોક પાસે જુલમ કરીને વધારે નહિ કઢાવે એવો પણ ભરૂસો અમને રહેતો નથી.

ગામાતના તંત્રના અંતનો આ આરંભ હતો.

મુંબઇમાં રૈયતવારી મ્હેસુલ.

એલ્ફિન્સ્ટન ૧૮૨૭ માં વિલાયત ગયો તે વખતે દરેક પ્રાન્તમાં મ્હેસુલ આકરી છે એમ લોકમાં સામાન્ય રીતે મનાતું હતું અને કમ્પનીના નોકરો તથા મ્હેસુલના અધિકારીઓ પણ તેમજ માનતા હતા. મદ્રાસમાં ડો. ફ્રાન્સિસ બુકનની તપાસ દરમિયાન મ્હેસુલી અધિકારીઓએ જમીનનો વેરો બહુ ભારે હોવાનું અને તેથી લોકની આબાદીમાં હરકત આવવાનું કબુલ કર્યું હતું અને તેથી મનોએ અરધને બદલે ત્રીજે ભાગ સરકાર હકનો કરી નાંખ્યો હતો; છતાં તે પણ હજી ભારે જ હતો. ઉત્તર હિંદુસ્તાનમાં સરએડવર્ડ કોલબ્રુક અને એક પછી એક ગવર્નર જનરલોએ બ્રિટિશ સરકારે આપેલું વચન પાળીને જમીનની મ્હેસુલનો અચલ આંકડો કરવાને માટે અધિષ્ઠાતૃ સભા સાથે બહુ માથાકુટ કરી, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ. આ પ્રમાણે જમાબન્દી હલકી કરવાનો તેમનો હેતુ એ હતો કે લોકોને પૈસો એકઠો કરવાનું અને પોતાની સ્થિતિ સુધારવાનું બની આવે. મુંબઇમાં પણ એલ્ફિન્સટનને મ્હેસુલ વધતી જતી જોઇને ચિંતા ઉત્પન્ન થઇ હતી અને ચેપ્લિને નીપજનો એક તૃતીયાંશ સરકાર હકનો મુકરર કર્યો તેથી રૈયતને કંઇક શાંતિ થશે એમ મનાયું હતું. આખા હિંદુસ્તાનમાં જ્યાં યાવચ્ચન્દ્રદિવાકરૌ જમાબન્દી ન હતી ત્યાં નવા રાજાના હકનો બોજો રૈયતને બહુ ભારે પડયો હતો. અધિષ્ઠાતાઓ ફરિયાદ સાંભળે જ નહિ અને કમ્પનીના જે નોકરોને લોકને થતા ગેરઇન્સાફનું ભાન હતું તેઓ પોતાના અભિપ્રાયો રીતસર રજુ કરતા પણ કંઇ ઉપાય કરવાને તેઓ અશકત હતા.

આ વખતે પ્રખ્યાત અંગ્રેજ બિશપ હેબર હિંદુસ્તાનમાં હતા એમણે ૧૮૨૪-૨૫-૨૬ માં આખા હિંદુસ્તાનમાં મુસાફરી કરી અને આ મુસાફરી દરમિયાન જુદા જુદા પ્રાન્તોના લોકોની સ્થિતિની બારીકાઇથી નિરીક્ષા કરી. તેને લોકોની નિર્ધનતા જોઇને અને ઇસ્ટઇન્ડિયા કમ્પનીએ

તેમના ઉપર મુકેલો મ્હેસુલરૂપી ભારે બોજો જોઇને બહુ દીલગીર થઇ. તેમણે આ વાત સ્પષ્ટ શબ્દોમાં પોતાની નોંધમાં લખેલી નથી કારણ કે તે નોંધ પ્રસિદ્ધ કરવાના હેતુથી લખાઇ હતી. પરંતુ ખાનગી પત્રોમાં એણે પોતાનું હૃદય ખુલ્લા શબ્દોમાં અને છૂટથી ખાલી કર્યું છે. રાઇટ ઓનરેબલ ચાર્લ્સ વિલ્યમ વિનના ઉપર ૧૮૨૬ માં કર્ણાટકથી લખેલો પત્ર દાખલા તરીકે નીચે ટાંકીશું.

"હું ધારૂંછું કે કરના આ દરે દેશી કે યુરોપીયન ખેડુ આબાદ થઇ શકે નહિ. જમીનની નીપજનો અડધ ભાગ સરકાર માગે છે; અને જ્યાં અચળ જમાબન્દી નથી ત્યાં આ દર એટલો તો ભારે પડે છે કે લોક આટલો કરકસરીઓ છે છતાં હમેશની ચાલતી જરૂરીયાતો માટે પણ પુરૂં થાય એટલું તેને રહેતું નથી. તો તો તે લોકો જમીન બહુ જ સસ્તી અને સાદી રીતે ખેડે છે. વળી કોઇ પ્રકારના સુધારાને માટે તો આ દરથી પૂરી અટકાયત થાય છે. સારાં વર્ષોમાં પણ લોકો અત્યંત નિર્ધન દશામાં રહે છે અને જો જરાક પણ દુર્ભિક્ષ જેવું જણાય તો તો સરકારને લાખો રૂપીયાની ઉપજની નુકશાની અને તગાવી વગેરેનું ખરચ થાય છે; અને તે છતાં સંખ્યાબંધ સ્ત્રી પુરુષ અને બાળકો ભુખમરાથી મરણ પામે છે અને શેરીઓમાં રસ્તા ઉપર મુડદાં રખડતાં રહે છે. બંગાળા અત્યંત ફલદ્રુપ હોવાની સાથે અચળ આકાર વાળો છે તેથી ત્યાં દુષ્કાળ અજ્ઞાત છે બીજી તરફ ઉત્તરહિંદુસ્તાનમાં સરકારી નોકરો સામાન્ય રીતે એમ માને છે અને હું પણ એમની સાથે એકમત થાઉંછું કે કમ્પનીના પ્રાંતોમાં રૈયતની સ્થિતિ દેશીરજવાડાંઓની રૈયતની સ્થિતિ કરતાં ખરાબ અને નબળી છે; અને અહીં મદ્રાસમાં જ્યાં જમીન હલકા દરની છે ત્યાં તો આ ફેરફાર બહુ સ્પષ્ટ માલુમ પડી આવે છે. હકીકત એ છે કે કોઇ દેશી રાજ્ય આપણે જેટલો હક્ક માગીએ છીએ તેટલો હક્ક માગતું નથી અને આપણી પદ્ધતિના નિયમિતપણાને માટે યોગ્ય માન રાખતાં પણ મને એવા માણસો બહુ થોડા મળ્યા છે કે જેઓ એમ નથી માનતા કે આપણી રૈયત ઉપર મજા

ઉપરાંત બોજો છે અને તે ધીમે ધીમે ધનહીન થતી જાય છે. કલેકટરોને આ હકીકત જાહેર રીતે સ્વીકારવાનું ગમતું નથી. વખતો વખત કોઈ બહુ સમર્થ કલેકટર આવે છે તે લોકો ઉપરથી બોજો કમી કરવાની સાથે પોતાના ઉદ્યોગ અને હુંશીઆરીથી રાજ્યને ઉપજ વધારી આપે છે; પણ સામાન્ય રીતે શોકપ્રદ ચિત્ર આપવાનું તેઓ દૂર જ રાખે છે. કારણ કે એમ મનાય છે કે તેથી તેમની પોતાની નાલાયકી જણાય છે અને મદ્રાસ અને કલકત્તેથી સેક્રેટરીઓના ઠબકાને તેઓ પાત્ર થાય છે. અને આ કલકત્તા અને મદ્રાસવાળાઓને ખુલાસા આપવાની ફરજ પડે છે ત્યારે તેઓ સર્વાધિષ્ઠાતાઓ વધારે ને વધારે પૈસાની માગણી કરે છે એ નિમિત્ત લાવે છે.

મને ખાત્રી થઇ છે કે આપણું સામ્રાજ્ય સુખી અને ટકાઉ કરવા માટે લોક પાસેથી નાણાં ઓછાં લેવાની, જે લેવાય તેમાંથી દેશમાંને દેશમાં વધારે ખરચ કરવાની, હિંદુસ્તાનના ઉદ્યોગો માટે યુરોપમાં કંઈ માગણી ઉત્પન્ન કરવાની, અને પોતાના જ લોકો ઉપર અધિકાર ભોગવવામાં લોકોને વધારે ભાગ આપવાની જરૂર છે.

ઉપરથી જણાશે કે અમલદાર વર્ગ લોકના ઉપર ગજા ઉપરાંત બોજો છે એમ જાણતા હતા, છતાં તેઓ ઉઘાડી રીતે તે પ્રમાણે કહેવાને નારાજ હતા. પણ આ અમલદારોને જ્યારે પુછવામાં આવ્યું ત્યારે તેમણે પોતાના અભિપ્રાયો સ્પષ્ટ શબ્દોમાં અને ભાર દઇને કહી બતાવ્યા, એથી એમને માન ઘટેછે.

આવા અમલદારોમાં એક રોબર્ટ રીચર્ડ હતા. તેમના જવાબોમાંના થોડા નીચે આપ્યા છે.

" જ્યારે હિંદુસ્તાનમાં લેવાય છે તે પ્રમાણે ઉપજ નિપજનો અડધ ભાગ રૈયત પાસેથી રાજ્ય લે, અને જેમના ઉપર અંકુશ રાખવાનું અશક્ય થઈ પડે તેવા સંખ્યાબંધ અમલદાર આ ઉપજ ઉઘરાવવામાં નીમાય, ત્યારે

કોઇપણ લોક એવો નથી કે જેમની સાથે સારો વેપાર થઇ શકે એવી તેમની આબાદી થાય.

" પરદેશ મોકલવા જેવી વસ્તુઓ પેદા કરવાનું ત્યાંજ બની શકે કે જ્યાં આવો ભારે કર ન હોય. જંગળા કે જ્યાં અચળ જમાબંદી થઇ છે, અને જ્યાં પ્રથમની ભારે લેતરીની અસર હવે દેખાતી નથી ત્યાં તે બની શકે. પણ જ્યાં રૈયતવારી કર લેવાય છે, અથવા જ્યાં ઉપજ નિપજના ૪૫ થી ૫૦ ટકા રાજ્ય હકના લેવાય છે ત્યાં તે બનવું અત્યંત મુસ્કીલ છે.

એવા દાખલાની મને જાત માહિતી છે કે જ્યાં લોક પાસે ઉપજી નીપજ કરતાં વધારે મ્હેસુલ લેવાય છે. મને એવી પણ ખબર છે કે કેટલેક ઠેકાણે મ્હેસુલનો આકાર કયારીની જમીન, અથવા બગીચાની જમીન, કે મરી દ્રાક્ષ અને બીજી ઉંચી પેદાશની જમીન તરીકે મુકરર કરેલો હોય, અને તેનું કારણ ખાસ નોંધેલું હોય; પરંતુ જ્યાં તે જમીન આપણે જોઇએ ત્યાં આપણને માલુમ પડે કે જે જગાનું આવું ઉંચું વર્ણન આપેલું હોય ત્યાં માણસની યાદદાસ્તમાં જંગલ કરતાં બીજું કાંઇ જ ન હોય."

હિંદુસ્તાનમાં મ્હેસુલના આકાર સંબંધી આ લાગણી એક પ્રસિદ્ધ પુસ્તકમાં આખર પ્રકટ થઇ. લેફ્ટેનન્ટ કર્નલ થ્રિગ્સે આ બાબતની પ્રાચીન રીત રીવાજોની સવિસ્તર તપાસ કરી હિંદુસ્તાનની જમીનની મ્હેસુલનું સ્વરૂપ એક પુસ્તકમાં નિરૂપણ કર્યું છે. અત્યાર સુધી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ હિંદુસ્તાનને પોતાની માલકીના મુલક તરીકે જ લેખ્યું હતું, અને પ્રાચીન હક અને રીત રીવાજોની કંઇપણ દરકાર કર્યા વિના તેમાંથી જેમ બને તેમ વધારે ઉપજ લેવાના યત્નો કર્યા હતા, આ રીત વિરુદ્ધ જોન થ્રિગ્સે મોટું યુદ્ધ ઉપસ્થિત કર્યું. પોતાના મહાન અને પ્રમાણભૂત ગ્રંથદ્વારા તેણે પોતાના કાળના અને ભવિષ્યના અંગ્રેજોને સ્પષ્ટ સમજાવ્યું કે હિંદુસ્તાનમાં જમીન ઉપર રાજ્યની માલકી કદી પણ ન હતી. જમીન બધે ઠેકાણે સુધરેલી પ્રજાઓમાં છે.

તે પ્રમાણે હિંદુસ્તાનમાં પણ ખાનગી મીલકતજ હતી; અને જેમ બીજી ખાનગી મીલકત ઉપર દર લેવાને સરકારને હક હતો; તેમ જમીન ઉપર પણ દર લેવાનો જ સરકારને હક હતો.

પાંચસેં પાનાના મોટા પુસ્તકનો સાર માત્ર આપવો એ પણ અત્રે બની શકે તેમ નથી. પણ તેમનાં થોડાંક સિદ્ધાંતોની નોંધ કરવાની જરૂર છે. કારણ કે તે વખતે પણ તે કિમતી હતા અને અત્યારે પણ તેટલા જ કિમતી છે. જેન બ્રિગ્સે બતાવ્યું છે કે પ્રાચીન પ્રજાઓમાં–એટલે ગ્રીક, રોમન, પર્શ્યન, અને ચીનાઓમાં રાજ્ય હક નીપજનો દશાંશ લેવાનો હતો. પ્રાચીન હિંદુઓમાં જમીનની ગુંજાસ અને પડતી મહેનતના પ્રમાણમાં દાણાનો આઠમો છઠ્ઠો અથવા બારમો ભાગ લેવાતો હતો. અને તે પછીના કાળના વ્યવહારની વિગતવાર તપાસ કરીને બ્રિગ્સ લખે છે કેઃ—

જમીનનો કબજેદાર જ તેનો સ્વતંત્ર માલેક છે. એના ઉપર જે રાજ્ય હક લેવામાં આવે તે એક પ્રકારનો ઉપજ ઉપરનો કર હતો, એટલે નીપજનો અમુક મર્યાદિત અંશ. આ હક શાન્તિના વખતમાં મુકરર કરેલો, પણ લડાઇના વખતમાં વધારાઇ શકાય તેવો; અને ગમે તે પ્રસંગ હોય પણ તેમાંથી માલીકને અમુક નફો રહેતોજ. જે Rent કહી શકાય. હું એમ ધારૂં છું કે ઉપરથી હું એટલું બતાવી શક્યો છું કે 'રાજ્યે' કદી જમીનના માલેક હોવાનો દાવો રાખ્યો નથી; તેતો હમેશાં નિયત કર લેવાના જ ધણી છે. ઉપજ ખેડુતને ભાગ્યે પુરૂં થાય તેટલું રાખીને બાકીની લઇ જવામાં સમાયલી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની આ મુખ્ય ધોરણની બેદરકારી, જમીનમાંથી જેટલી ઉપજ થાય તેટલી તમામ ઘસડી લઇ જવાના તેમના પ્રયત્નો, એજ બ્રિટિશ છત્ર નીચે લોકની થયેલી નિર્ધનતાનું જેન બ્રિગ્સ મુખ્ય કારણ માનતો હતો.

"જો હું એમ બતાવી શક્યો હોઉં કે આપણી પૂર્વના વ્યવહારથી આપણે જુદો વ્યવહાર દાખલ કર્યો છે, અને તે કરતાં વધારે સખ્તાઇ

વાળી રીત આપણે હાથ કરી છે, તો હું ધારૂંછું કે તેમાં સુધારો કરવાનાં પુરતાં કારણો છે, અને તપાસ થશે એવી આશા તો અવશ્ય રાખી શકાય.

ધર્મ પ્રમાણે વર્તનારી હિંદુ અથવા મુસલમાની રાજ્ય પદ્ધતિમાં આપણા જેવી, લોકની આબાદીને તદન ઉથલાવી રાખનારી પદ્ધતિ હશે નહિ.

આપણે દરેક ઠેકાણે કબુલ કરીએ છીએ કે કરના બોજનો ભાર એ એમના ઉપર એક ક્રૂરતા છે, તોપણ એક પણ શખસનો તે બોજમાંથી આપણે છુટકારો કર્યો નથી. એટલું જ નહિ પણ કરનું ધોરણ પણ આપણે ખોટું દાખલ કર્યું છે; ઉપજ ને બદલે નાણાંનું બીજા વર્ગો ઉપરના નાના કરો નાબુદ કરવાનું આપણે મિષ કર્યું છે પણ તે તમામ કરોનો બોજો જમીનદાર વર્ગ ઉપર જ આપણે નાંખ્યો છે; અને દરેક શખસની સ્થિતિની બારીક તપાસ કરીને, આપણને પોતાને ઇન્સાફ કરવાને બ્હાને, જે સાધનોથી તેઓ આપણને ભારે કર આપતા હતા તે સાધનો પણ આપણે તેમની પાસેથી લઇ લીધાં છે; અને વધારે ને વધારે સખ્તાઇ કરીને આપણે આપણી ઉપજ વધારી છે અને લોકોને મજુરની સ્થિતિમાં લાવી મુકયા છે. આપણા અમલનું આ ઉધાડું ધોરણ છે, અને તે જમીનમાંથી ઉત્પન્ન થતો તમામ નફો ચસડી જવાનું નિશ્ચિત અને અનિવાર્ય ફલ છે.

"સરકાર જમીનના સ્વતંત્ર માલીક છે એવો સ્વીકાર કરીને આપણી સરકાર એમ ધારે છે કે જમીન એ ઉપજને માટે સર્વથી વધારે ફાયદો આપનાર સાધન છે. તેથી ખેડુત ઉપર દેખરેખ રાખવાને તેઓ સરકારી નોકરનું એક લશ્કર રાખે છે; અને ઉધાડી રીતે તમામ નફો લેવાનું કબુલ કરે છે. જે પ્રકારની લેતરી (જમીનદાર પાસેથી) હમણાં હિંદુસ્તાનમાં ચાલે છે, તેવી કદી પણ યુરોપ કે એશિયામાં કોઇ પણ રાજ્યમાં હોય એવું જાણવામાં નથી."

જગતમાં બીજા કોઇ દેશમાં આવા મોટા અને વિચારવાળા પુસ્તકે તો

કંઈ ઉથલ પાથલ કરી મૂકી હોત, પણ હિંદુસ્તાનમાં મુંબઇના વસુલાતી અધિકારોના આચાર વિચારમાં તેણે કંઈ પણ ફેરફાર કર્યો નહિ. એલ્ફિન્સ્ટને આદરેલી માપણી અને જમાબન્દી ૧૮૨૪-૨૮ માં મુંબઇના સિવિલ સરવિસ વાળા મિ. પ્રિન્ગલે શરૂ કરી હતી અને જમીનની ઉપજના ખોટા અને વધારે પડતા અંદાજ ઉપર આંકણી કરી હતી જેથી બહુ માઠાં પરિણામો આવ્યાં.

પ્રિંગલની આંકણીનો પાયો જમીનની માપણી, જુદી જુદી જમીનની ઉપજનો અંદાજ અને ખેતીનું ખરચ; એ ઉપર રચાયો હતોઃ અને સરકાર હક મુકરર કરવાનું ધોરણ આ રીતે કાઢેલી ચોખ્ખી ઉપજના પપ ટકાનું રાખવામાં આવ્યું હતું. માપણીના પહેલાં જ કામમાં બહુ ભુલો હતીઃ અને ઉપજનો અંદાજ જે આ કામમાં મુખ્ય બાબત હતી અને જે બહુ વિચાર અને શ્રમ પૂર્વક કાઢવામાં આવ્યો હતો, તેમાં એટલી તો ભૂલો હતી કે કંઈ કસર નહિ. પહેલેથીજ ભર આકાર જેવું કાંઇ લઇ શકાશે એ અશકયજ માલમ પડયું. કેટલાક જીલ્લાઓમાં અરધ પણ વસુલ થઇ શક્યું નહિ. દિવસે દિવસે મામલો વધતો ગયો. વર્ષોવર્ષ બકાત વધારે રહેતી ગઇ અને ટીમલો થતો જ ગયો. તેમને તેમ મહેસુલના દરમાં ફેરફારો કરવા પડયા અને ગારીઓ આપવાની જરૂરો પડતી ગઇ. લાચાર ખેડુત પાસેથી જેમ બને તેમ વધારે નાણાં કાઢવાના યત્નો કાયદેસર, ગેરકાયદે, એમ થવા લાગ્યા. જો તેઓ આપે નહિ અથવા આપી શકે નહીં તો તેમને દેહદંડ થાય, અને તેના કેટલાક દાખલા તો બહુજ ક્રૂર અને અવર્ણનીય. સંખ્યાબંધ લોકો પોતાનાં ઘર છોડી પડોશના દેશી રાજ્યોમાં ચાલ્યા ગયા; પ્રદેશોના પ્રદેશો ઉજડ થઇ ગયા, અને કેટલેક ઠેકાણે તો ખેડવાણ જમીનના ત્રીજા ભાગની જમીન અત્યારે ખેડાય છે.

આ પદ્ધતિ છેવટે તજાઇ. મુંબઇની સિવિલ સર્વિસવાળા મી. ગોલ્ડસ મીડ અને લેફ્ટેનન્ટ વિન્ગેટે સન ૧૮૩૫ માં નવી માપણી શરૂ કરી; આ લેફ્ટેનન્ટ વિન્ગેટ પાછળથી સરજ્હેર્જવિન્ગેટ થયા.

"જમીનમાંથી કેટલી ઉપજ થાય છે તેનો અંદાજ કાઢવાનો પ્રયત્ન બાજુ ઉપર મૂકીને માપણીમાં કલાસ વારીની રીત દાખલ કરી. એટલે જમીનનો કસ અને માટીની ઉંડાણ તપાસી તે પ્રમાણે વર્ગો પાડવામાં આવ્યા. આ કામ સારૂ નવ વર્ગો પાડવામાં અને આકારના દર મુકરર કરવામાં જમીનના કસ ઉપર અને જીલ્લાની સામાન્ય સ્થિતિ ઉપર જ તેમણે નજર રાખી હતી.

આ પદ્ધતિ અમલદારોએ પસંદ કરેલી છતાં વાંચનાર જોઈ શકશે કે તે ખોટા ધોરણ ઉપર ઘડાયલીછે. ખેતરની સરાસરી ઉપજને હીસાબે આકાર મુકરર કરવો એ ધોરણ ઘણું જુનું છે; અને એમાં પ્રિન્ગલ નિષ્ફળ થયો તેનું કારણ એ કે તેણે તે ધોરણ બરાબર લાગુ પાડયું નહિ.

જમીનના કસ અને ઉંડાણ ઉપર આકાર દોરવો એ દેખીતો જ ખોટો રસ્તો છે; પણ આમાં વિન્ગેટ સફલ થયો કારણ કે તેણે પોતાના સ્વભાવગત વિવેક અને નરમાસથી એ ધારણનો ઉપયોગ કર્યો; જમીનની ભૂસ્તરશાસ્ત્રની રીતે તપાસ કરવાથી તેની ઉપજનું ખરૂં ધોરણ હાથ ન આવી શકે; અને આ ધોરણ ઉપર ઘડાયેલી મ્હેસુલ પદ્ધતિમાં ઉત્તરોત્તર મ્હેસુલમાં જે વધારા થયા, તેણે કરીને અત્યંત નિર્ધનતા અને કષ્ટ આખા પ્રાન્તમાં ફેલાઇ ગયાં છે.

સને ૧૮૩૫ માં જે માપણી શરૂ થઇ, તેથી અત્યારની મુંબઇની જમીન મ્હેસુલની પદ્ધતિની શરૂવાત થઇ. અને તે પ્રાંતમાં, મહારાણી વિક્ટોરિયા ગાદીએ બેઠાં તેજ સાલમાં પહેલી નિયમસર જમાબન્દી આકારાઇ. આ પદ્ધતિને બારીકીથી તપાસવાની જરૂર છે, કારણ કે અત્યાર સુધી મુંબઇમાં તેજ પદ્ધતિ પ્રમાણે મ્હેસુલ લેવાય છે.

જમાબન્દીનું કામ ઘણાં વર્ષ સુધી ચાલ્યું અને ધીમે ધીમે આખા ઇલાકામાં ફેલાયું. જેમ જેમ અનુભવ વધતો ગયો તેમ તેમ ભવિષ્યની સગવડ માટે કાનુનો બાંધવાને માટે અનુભવ એકત્ર કરવાનું યોગ્ય જણાયું.

૧૮૪૭ માં ગોલ્ડસમિડ, વિન્ગેટ અને ડેવિડસનના સંયુક્ત રિપોર્ટથી આ અનુભવ એકત્રિત થયો.

સંયુક્ત રિપોર્ટમાં સમજાવ્યું છે તે પ્રમાણે આ જમાબન્દીનાં નીચેનાં ધોરણો હતાં.

૧. આ જમાબન્દી ખેતરવાર આકારથી મુકરર કરવામાં આવી હતી. આખી સીમ અથવા ખાતાના સમગ્ર આકારથી નહીં.

૨. તેને આધારે મુકરર કરેલી સાથે ત્રીસ વર્ષના લાંબા પટા કરી આપવામાં આવ્યા હતા; પ્રથમ જે ટુંકી મુદતના પટા હતા તેને બદલે.

૩. ઉપજના અંદાજનું ધોરણ બાજુ ઉપર મૂકી જમીનના કસ અને ગુંજાસના ધોરણ ઉપર જમીનની કિંમત આકારીને આંકણી થઇ હતી.

આ બાબત સંયુક્ત રિપોર્ટમાંથી થોડા ઇન્તેખાબથી સ્પષ્ટ થશે.

" જ્યાં સુધી ખેડૂત પોતાના ખાતાનો આકાર ભરે જાય ત્યાં સુધી તેના ખાતાની જમીન ઉપર તેનો હક્ક અક્ષર છે. એની સાથે સાંથનો કરાર વર્ષોવર્ષ નવો થાય છે એ વાત જો કે સાચી છે તોપણ અને ખેતર દીઠ આકાર મુકરર કરવાથી એક એ સગવડ થઇ છે કે જ્યારે તેને જરુર પડે ત્યારે જે ખેતર મૂકવાં હોય તે મૂકી શકે છે, અને વળી ઇચ્છા થાય ને પડતર પડેલાંમાંથી બીજાં લેવાં હોય તો લઇ શકે છે, એટલે એની સ્થિતિના પ્રમાણમાં પોતાના ખાતાની જમીનમાં ઇષ્ટ ઘટાડો વધારો કરવાનું તેને બની આવે છે. ત્રીસ વર્ષને માટે લાંબા પટા કર્યાથી આપણી માપણીએ ખેડુતનો પ્રાયદો એટલો કરી આપ્યો છે કે ત્રીસ વર્ષના પટાનો તમામ નફો તેને મળે, છતાં ખાતામાં વર્ષોવર્ષ ફેરફાર થઇ શકે; એટલે જે વર્ષે જેટલી જમીન તેના હાથમાં હોય તેટલી જમીનનો આકાર તે વર્ષે તેને સરકારને ભરવો પડે; તે સિવાય બીજી કોઇ બંધણીમાં તેને પડવાનું નહિ.

જમીનના નવ પ્રકાર પાડવાના એના ધોરણની વાત ઉપર આવી ગઇ છે; અનુભવથી એમ માલુમ પડયું છે કે વ્યવહાર માટે આટલા પ્રકાર પુરતા છે. પણ પ્રકાર નિર્ણય કરનાર અમલદારનાજ નિર્ણય ઉપર આધાર રાખીને બેસી રહેવાને બદલે કેવી જમીન કેવા વર્ગમાં મૂકવી જોઇએ એ બાબતના અમે કેટલાક નિયમો બાંધ્યા છે. આ પ્રાન્તમાં અથવા જે પ્રાંતોમાં અમે માપણી કરી છે તે તમામ પ્રાંતોમાં જમીનની ફલદ્રુપતા, પાણી ચૂસવાની તેની શક્તિ ઉપર રહેલી છે અને આ શક્તિ તેની ઉંડાણ ઉપર આધાર રાખે છે, તેથી આ ઉંડાણને અમે મુખ્ય ધોરણ તરીકે સ્વીકારી છે.

જો સરખી ઉંડાણની બધી જમીન એક સરખી ફલદ્રુપ હોય તો આ એક ધોરણ બસ થાય; પણ તેમ નથી. અમે જમીનની ફલદ્રુપતાના ધોરણે તેના ત્રણ મુખ્ય વર્ગ પાડયા છે; અને ઉંડાણનું ધોરણ તેની સાથે જોડવાથી અમારા નવ વર્ગ ઉપજે છે. નીચેના કોષ્ટકથી જણાશે.

વર્ગ.	વર્ગની આનાની કિંમત.	ઝીણી એક સરખીકાળી કયુબિટ ઉંડાણ.	પહેલાં કરતાં જાડી અને ભુંખરી.	બીજા કરતાં જાડી રંગે આછી ભુખરી.
૧	૧૬	૧$\frac{૩}{૪}$	...	...
૨	૧૪	૧$\frac{૧}{૨}$	૧$\frac{૩}{૪}$	...
૩	૧૨	૧$\frac{૧}{૪}$	૧$\frac{૧}{૨}$	...
૪	૧૦	૧	૧$\frac{૧}{૪}$	...
૫	૮	$\frac{૩}{૪}$	૧	...
૬	૪$\frac{૧}{૨}$	$\frac{૧}{૨}$	$\frac{૩}{૪}$	૧

૭	૩	૧/૪	૧/૨	૩/૪
૮	૨	...	૧/૪	૧/૨
૯	૨	...	...	૧/૪

દરેક પ્રકારની જમીનમાંથી જે જે રીતે ઉપજ આવી હોય તે બધાનું એક પત્રક બનાવવું જોઇએ.

આવી રીતે માહિતી એકઠી કર્યા પછી તે જીલ્લાનો પૂર્વનો ઇતિહાસ જોવો અને તેથી તેની પૂર્વની સ્થિતિની ખબર પડશે. અને આ બધાના જ્ઞાનની સાથે સાથેના જીલ્લાઓને મુકાબલે તેની ગુંજાસનો પણ વિચાર થાય ત્યારે શો આકાર મુકરર કરવો તેનો સંતોષકારક નિર્ણય થઇ શકે.

પણ આખા જીલ્લાને માટે એક સામટી રકમ નક્કી કરવાને બદલે, જુમલ્લે તે રકમ થાય તે રીતે દરેક ખેતરની આંકણી કરવી તે વધારે સગવડ પડતું છે. અને આને માટે જૂદી જૂદી જાતની ખેતીને માટે જૂદા જૂદા ઉંચામાં ઉંચા દર નક્કી કરવા. એટલે હલકા દર વર્ગદારીના આપણા ધોરણ પ્રમાણે એની મેળે નક્કી થઈ જશે.

આ ઉપરના ઇન્તેખાબથી મુંબઇ ઇલાકાની જ્હેસુલના ધોરણનો ખ્યાલ આપણને થાય છે. તે ધોરણ ખેડૂતની પોતાના ખેતર ઉપર વંશપરંપરાનો માલકી હક સ્વીકારે છે; પણ મરાઠા રાજ્ય નીચે મિરાસી કબજેદારને અચલ આંકડાનો જે પ્રાચીન હક હતો તે લઇ લે છે. લાખો ખેતરોમાંથી કયા ખેતર ઉપર કેટલો આકાર લેવો તેને માટે ભારે શ્રમ લઇને એક ધોરણ નક્કી કરે છે, પણ તે આકારની કંઇ હદ તે મુકરર કરતું નથી. જમીનની ઉપજના

ઇન્સારી ધોરણને બદલે આકારને માટે કેવળ અવ્યાવહારિક-જુસ્તર શાસ્ત્રનું ધોરણ દાખલ કરે છે; અને જમીનની વર્ગવારી કરવા સારૂ દસ બાર શિલિંગના પગારદાર કલાસરોનાં ટોળેટોળાં ખેડૂત ઉપર છોડી મૂકે છે. વળી આ રીતે ચોકસ નિયમો પ્રમાણે ખેતરવાર આકાર આકારવો, પણ આખા જીલ્લા ઉપર કેટલી રકમ મૂકવી તેનો નિર્ણય તો જીલ્લાની પૂર્વની સ્થિતિ અને તેના પૂર્વના ઇતિહાસ ઉપરથી કરવો. આમ જે એક બાબતમાં લોકો સરકાર પાસેથી ત્રીસ વર્ષ પછી શું થશે તે બાબતમાં તસલ્લી માગે તે બાબતમાં તો તેમને કંઇપણ તસલ્લી મળી નહિ. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના નોકરો પોતાની હકની કાંઇ પણ મર્યાદા બાંધે નહિ. દરેક નવી જમાબન્દીને ટાંકણે લોકોની સ્થિતિ પ્રમાણે પોતાનો હક વધારવા ફેરવવા તેઓએ સત્તા રાખી. દરેક નવી જમાબન્દીને ટાંકણે વસુલાતી અધિકારીઓને આકાર વધારવાની નિરંકુશ સત્તા આપવી એના જેવી ખેડૂતને હમેશને માટે ગરીબ અને સાધન રહિત રાખવાની બીજી રીત યોજવી મુશ્કીલ છે. જમીનનો કર મુકરર કરવામાં ખેડૂતને કંઇજ અવાજ નથી. કર મુકરર કરતી વખતે તેને પુછવામાં આવતું નથી. પણ તે મુકરર કર્યા પછી એને એમ કહેવામાં આવે છે કે અમે મુકરર કરેલો કર તારે આપવો, અથવા તારી બાપ દાદાની જમીન છોડી દેવી અને ભુખે મરવું.

આ જમાબન્દીના કામમાં જેમણે ભાગ લીધો છે તેમના શબ્દોથી આ વાત જરાપણ વધારીને કરવામાં આવેછે એમ નથી. એમ સહજ સમજાશે. ૧૮૫૩ માં કમ્પનીનો પટો તાજો કરવાનો હતો, તે વખતે હમેશની રીત પ્રમાણે પાર્લમેન્ટરી કમિટિ નીમાઇ, અને હિંદુસ્તાનના રાજ્યના દરેક ખાતાની તપાસ થઈ. ૧૮૫૨ માં દિવાને આમ અને દિવાને ખાસની સભાઓની કમિટિએ પુરાવો લઇ રિપોર્ટ ઘડયો. વળી ૧૮૫૩ માં પણ તેમણે બીજો પુરાવો લીધો; ઉમરાવોએ છ રિપોર્ટો કર્યા, અને આમની સભાની કમિટિએ ત્રણ. આ દરીઆમાંથી આપણે મિ. ગોલ્ડસ્મિન્થ નામના એક અમલદારનો

પુરાવો ટાંકીશું. એમણે મુંબઇની જમાબન્દીના કામમાં ભાગ લીધો હતો અને ૧૮૫૩ ના જુનની ૨૦ મી તારીખે પોતાની જુબાની આપી હતી.

સવાલ ૬૭૧૪. તમે એમ સમજો કે એક ખેતર પાંચ વીઘાનું લીધું અને તે કોઇએક કબજેદારના કબજામાં છે; પછી તે ખેતર ઉપર કલેકટર પોતાની મરજી મુજબ આકાર મુકરર કરે? કે તે માલીક અથવા કબજેદારને તમે આટલું આપવાને ખુશી છો કે કેમ? એમ પુછે?

જવાબ. આકાર–સર્વ્હે સુપ્રિન્ટેન્ડેન્ટ ખેડુતને પુછ્યા ગાછ્યા વિનાજ મુકરર કરે છે અને જ્યારે નવો આકાર દાખલ થાય ત્યારે કલેકટર દરેક ખાતાના કબજેદારને તેડાવીને તેને કહે કે હવેથી તમારા ખેતરનો અમુક આકાર વસુલ કરવામાં આવશે. જો એ સરતે રાખવાને તે કબુલ હોય તો તે તેના હાથમાં રહે નહિ તો તે માફુરી આપે.

સ. ૬૭૨૦. તે જીલ્લામાં ચોખ્ખી ઉપજ અને આકાર વચ્ચે સર્વત્ર એક જ પ્રમાણ છે કે જૂદાં જૂદાં?

જ. આ સવાલનો જવાબ હું આપી શકતો નથી હું માત્ર અટકળ કરી શકું કે ચોખ્ખી ઉપજ અને આકાર વચ્ચે શું પ્રમાણ રખાય છે.

સ. ૬૭૨૨. આખા જીલ્લાની માપણી ઉપર દેખરેખ રાખવાનું કામ એક જ અધિકારીનું છે?

જ. હા.

સ. ૬૭૨૩. એટલે એમ ખરૂં ને, કે આકારનું ધોરણ આખા જીલ્લામાં એક સરખું છે?

જ. બેશક.

સ. ૬૭૨૪. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સર્વ્હે,એ અમલદાર કયા ખાતામાંથી આવે છે?

જ. તે ઇજનેરી ખાતામાંથી કેપ્ટન વિન્ગેટ. મિ. ગ્રોહૅડાફિન્ચને એમ જણાયું હતું કે જમીનની મ્હેસુલ ખેડૂતને પુછ્યા ગાછ્યા વિના મુકરર કરવી અને પછીથી તે જમીનને તે સરતે તેને રાખવા ઇચ્છા હોય તો રાખે, અને નહિ તો માધુરી આપે; એ રીત વાજબી હતી. તેને એમ નહીં લાગેલું કે જમીન તો ખેડુતના બાપની છે, અને તેના પૂર્વજો ચોકસ કર આપીને વંશપરંપરાથી ભોગવતા આવ્યા છે; અને માધુરી આપવાની તક આપવી એનો અર્થ તો એની વંશપરંપરાની જમીન જપ્ત કરવા બરાબર છે અને તેમ કરવાથી ઘણું કરીને ભુખમરો અને મરણ એ જ પરિણામનો અવકાશ રહેવાનો.

કેપ્ટન વિન્ગેટને ઇન્સાફ કરવા માટે એટલું કહેવું જોઇએ કે આ ખરાબ પદ્ધતિને તેણે બહુ વિવેક અને રહેમદીલીથી અમલમાં મૂકી અને ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીને ઇન્સાફ કરવા સારૂ કહેવું જોઇએ કે આ રીતમાં રહેલો અન્યાય તે સમજતી હતી, અને આકારની મર્યાદા બાંધવાને તેમણે યત્ન કર્યો હતો. કમ્પનીનો પટો તાજો થયા પછી ત્રણે વર્ષે એટલે ૧૮૫૬ માં તેમણે દફતર ઉપર મૂકયું છે કે સરકારનો હક તે જમીનનું ભાડું એટલે ખેતીનું ખરચ અને ખેતીવાડીનાં સાધનો ઉપર નફો–એ બાદ કરતાં જે રહે તે બધું રાજ્યનું, એમ નથી; પણ માત્ર જમીન ઉપર અમુક મ્હેસુલ લેવાનો હક જ છે. અને ઇસ્ટ ઇન્ડિયા કમ્પની રદ થયા પછી સેક્રેટરી ઓફ સ્ટેટ સરચાર્લ્સવુડે (પાછળથી લોર્ડહેલિફિક્સ) એમણે ૧૮૬૪ ના પ્રખ્યાત ખરીતામાં એવો ઠરાવ કર્યો કે ભાડાનો માત્ર અંશ જ અને તે અર્ધ અંશજ લેવાનો અમારો ઇરાદો છે.

પણ આ બધી ધાર્મિક વૃત્તિઓનો અમલ થઇ શકયો નથી. મુંબઇની પદ્ધતિમાં ખેતરની ઉપજ અને ઉપર કહ્યું તેવું ભાડું–એનો નિર્ણયજ કરવામાં આવ્યો નથી. માત્ર લોકો ભૂતકાલમાં કેટલું આપતા અને ભવિષ્યમાં કેટલું આપી શકશે તેનો ખ્યાલ કરીને જ ત્યાં અગાડી ખાતાની મ્હેસુલો આકારાઇ છે. જ્યાં ખેડુતોને પૂછવામાં આવે નહિ અને જે આકાર મુકરર થાય તે

ઉપર કોર્ટોને અપીલ કરવાનો હક નહિ, ત્યાં દરેક નવી જમાબન્દી વખતે મ્હેસુલના આંકડા વધતાજ ગયા અને ખેડુ ગરીબ અને સાધનહીન થતા ગયા.

લોર્ડ કેનિન્ગ જેઓ ૧૮૫૮ થી ૧૮૬૨ સુધી વૉઇસરોય હતા તેમણે મુંબઇ ઇલાકામાં અચળ આકાર દાખલ કરવાની દરખાસ્ત કરી; પણ ૧૮૮૩ માં ઇન્ડિયા ઓફિસે એ દરખાસ્ત નામંજુર કરી. માર્કવેસ ઓફ રિપન જે ૧૮૮૦-૮૪ સુધી આપણા વૉઇસરોય હતા તેમણે જમીનની મ્હેસુલ ભાવમાં અમુક વધારો થાય તો જ વધારવી એવો ચોખ્ખો નિયમ કરવાની દરખાસ્ત કરી. પણ તે દરખાસ્ત ઇન્ડિયા ઓફિસે ૧૮૮૫ માં રદ કરી.

જમીનના કરના સંબંધમાં જે ન્યાયી અને સમજી શકાય તેવી મર્યાદાઓ મૂકવાની દરખાસ્તો વખતો વખત થઇ તે તમામ દરખાસ્તો રદ ગઇ; અને મુંબઇની પદ્ધતિ ખેડુતોને જાણે દરિદ્ર અને સાધનહીન રાખવાના હેતુથીજ નિર્માઇ હોય તેવી થઇ રહી છે. એને લીધે ખેડુત શાહુકારના પંજામાં વધારેને વધારે સપડાતો જાય છે. અને મુંબઇમાં ઓગણીસમા સૈકાની પૂર્ણાહુતિ એક સર્વવ્યાપી ત્રાસદાયક દુષ્કાળથી થઇ ત્યારે વિવેકી અને વિચારશીલ માણસો એમ ધારતા કે લોર્ડ હેલિફેક્સની મર્યાદાને અમલમાં મૂકવાનાં લોર્ડ રિપનની દરખાસ્ત પ્રમાણે મર્યાદા બાંધવાનાં કંઇ પગલાં લેવાશે. પણ તેવાં કાંઈ પગલાં લેવાયાં નથી; અને એથી ઉલટું લોર્ડ કર્ઝને હમણાં એક એવા નવા કાયદાને મંજુરી આપીછે, કે જેથી મરાઠા રાજ્યે પણ સ્વીકારેલા, અને એલ્ફિન્સ્ટન અને વિન્ગેટના વખતમાં બ્રિટિશ સરકારે મંજુર રાખેલા માલકી હકકો મ્હેસુલમાં ન ભરાયાના કારણથી જ્યારે ખેડુતની જમીન જપ્ત કરવામાં આવે ત્યારે લઇ લેવા એવો ઠરાવ કરવામાં આવ્યો છે. પરિણામ એ આવ્યું છે કે જ્યારે મુંબઇના ખેડુતે રાજ્ય હકની મર્યાદા બાંધવાની અરજ કરી ત્યારે દુનિયામાં તેની જે કાંઇ મીલકત-જમીન-જેની જે કાંઇ બજારમાં કિમત હતી તે લઇ લઇને તેને દુઃખમુક્ત કર્યો.

પ્રકરણ ૯ મું.

નાણાં પ્રકરણ અને આર્થિક અપવાહ.

ઇસ્ટઇન્ડિઆ કમ્પનીનો પટો ૧૮૩૩ માં ૧૮૩૪ થી ૨૦ વર્ષ માટે તાજો થયો. આ વખતે નાણાં સંબંધી જે ગોઠવણ થઇ તે હવે સમજીએ.

એવો ઠરાવ કરવામાં આવ્યો કે તે તારીખથી ઇસ્ટઇન્ડિઆ કમ્પનીએ 'વેપાર તમામ બંધ કરવો,' અને માત્ર રાજ્યકર્ત્તા અને કારભારી તરીકે જ રહેવું. કમ્પનીના સરહદી તેમજ બીજાં કરજો હિંદુસ્તાનની જાહેર ઉપજમાંથી ભરવાં; અને કમ્પનીને તેજ ઉપજમાંથી ભાગીદારોએ ભરેલી મુદ્દી ઉપર દરવર્ષે ૧૦½ પાઉન્ડને દરે વ્યાજ આપવું; ૧૮૭૪ પછી કમ્પનીનો વ્યાજ લેવાનો આ હક્ક દર સો પાઉન્ડે બસેં પાઉંડ આપીને સરકારની મરજી થાય તો રદ કરવાને પાત્ર ઠરાવ્યો; અને છેવટે એમ ઠરાવ્યું કે જો કમ્પની ૧૮૫૪ પછી બંધ થાય અથવા પાર્લમેન્ટની સત્તાથી તેમની પાસેથી હિંદુસ્તાનનો રાજ્યકારભાર લઇ લેવામાં આવે તો ઉપરનાં નાણાં તે તારીખથી એક વર્ષની અંદર સરકાર પાસે માગવાનો કમ્પનીને હક થાય છે; અને આવી રીતે કરેલી માગણીનાં નાણાં ત્રણ વર્ષમાં પુરાં પાડવાની સરકાર ગોઠવણ કરશે. સને ૧૮૩૩ ના કાયદામાં આ પ્રમાણે મુખ્ય ઠરાવો થયા.

આ ગોઠવણના સંબંધમાં ટીકા કરવાની જરૂર નથી. બ્રિટિશપ્રજાએ જગતના બીજા ભાગોમાં રાજ્યો મેળવવાને માટે કરોડો નાણાં ખરચ્યાં હતાં; પણ હિંદુસ્તાનમાં એક સામ્રાજ્ય સાંપડયું, લડાઇઓ લડાઇ, અને રાજ્યવહીવટ ચાલ્યો, તે બધું હિંદુસ્તાનને જ ખરચે: બ્રિટિશ પ્રજાએ એક પૂરિ બદામ સરખી પણ આપેલી નહિ. વળી જે વેપારની કમ્પનીએ આ રાજ્ય મેળવ્યું તેણે બે

જમાના સુધી પોતાની મુડીનું વ્યાજ અને નફો પણ આ રાજ્યની ઉપજમાંથીજ પેદા કર્યાં. જ્યારે ૧૮૩૪માં વેપાર બંધ કર્યો ત્યારે પણ હિંદુસ્તાનના લોકોના ઉપર નાખેલા કરની ઉપજમાંથી તેમનું વ્યાજ તો તેમને મળે એવી ગોઠવણ કરી લીધી અને છેવટે જ્યારે ૧૮૫૮ માં કમ્પની બંધ થઇ ત્યારે તેમની મુડીનાં નાણાં હિંદુસ્તાનને ખાતે કરજ કાઢીને આપી દેવામાં આવ્યાં. આ પ્રમાણે સામ્રાજ્ય કમ્પની પાસેથી સરકારમાં ગયું, પણ અવેજ હિંદુસ્તાનના લોકોએ આપ્યો; અને હજી આજે પણ હિંદનિવાસીઓજ કરજના વ્યાજના સ્વરૂપમાં કૈલાસવાસી કમ્પનીને વ્યાજ આપે જાય છે.

૧૭૯૨ થી મહારાણી વિક્ટોરીયા ગાદીએ આવ્યાં ત્યાં સુધી ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના ઉપજના આંકડા જોઇએ.

પ્રાંત.	જમીનની મહેસુલ. £	કુલ મહેસુલ. £	કુલ ખરચ. £
		૧૭૯૨–૯૩	
બંગાળા	૩૦૯૧૬૧૬	૫૫૧૨૭૬૧	૩૮૭૩૯૫૯
મદ્રાસ	૭૪૨૭૬૦	૨૪૭૬૩૧૨	૨૨૨૨૮૭૮
મુંબઇ	૭૯૦૨૫	૨૩૬૫૫૫	૮૪૪૦૬૬
કુલ	૩૯૧૩૪૦૧	૮૨૨૫૬૨૮	૬૬૪૦૯૩૩

		૧૭૯૩-૯૪	
બંગાળા	૩૧૭૭૦૨૬	૫૮૭૧૬૪૫	૩૭૧૪૧૬૦
મદ્રાસ	૭૮૬૦૫૦	૨૧૧૦૦૪૬	૧૬૭૨૨૨૪
મુંબઈ	૮૨૦૫૭	૨૬૪૭૩૬	૬૦૬૭૪૫
કુલ	૪૦૪૮૧૨૮	૮૨૭૬૭૭૦	૬૫૬૩૧૨૬
		૧૭૬૪-૬૫	
બંગાળા	૩૨૩૫૨૫૬	૫૬૩૭૬૩૧	૩૮૬૩૫૬૧
મદ્રાસ	૮૬૧૬૪૦	૧૭૭૫૭૮૨	૧૮૮૦૩૩૨
મુંબઈ	૭૦૨૩૮	૩૧૨૪૮૦	૮૨૩૬૧૦
કુલ	૪૧૬૭૧૩૭	૮૦૨૬૧૬૩	૬૫૬૭૮૦૮
		૧૭૬૫-૬૬	
બંગાળા	૩૧૩૦૬૬૭	૫૬૬૪૧૬૪	૩૬૮૬૭૪૪
મદ્રાસ	૬૨૬૨૦૦	૧૮૬૪૩૦૪	૨૧૧૬૧૬૬
મુંબઈ	૬૪૦૮૫	૨૭૭૫૬૬	૭૮૩૦૫૭
કુલ	૪૧૨૩૬૮૨	૭૮૬૬૦૬૪	૬૮૮૮૬૬૭

		૧૭૯૬-૯૭	
બંગાળા	૩૧૧૮૫૫૬	૫૭૦૩૯૦૬	૪૧૨૬૬૪૪
મદ્રાસ	૬૦૦૫૩૪	૧૬૬૬૩૨૮	૨૪૪૬૦૦૦
મુંબઇ	૩૬૭૨૪	૩૧૫૬૩૭	૬૩૨૩૬૪
કુલ	૪૦૫૮૮૧૪	૮૦૧૬૧૭૧	૭૫૦૮૦૩૮
		૧૭૯૭-૯૮	
બંગાળા	૩૦૬૭૪૪૩	૫૭૮૨૭૪૧	૪૩૫૧૬૨૬
મદ્રાસ	૭૩૨૬૮૩	૧૬૩૮૬૫૭૦	૨૬૫૫૨૩૨
મુંબઇ	૩૮૮૭૨	૪૩૮૧૮૬	૬૬૮૧૬૬
કુલ	૩૮૬૬૨૬૮	૮૦૫૬૮૮૦	૮૦૧૫૩૨૭
		૧૭૯૮-૯૯	
બંગાળા	૩૦૭૨૭૪૩	૬૧૫૩૬૧૫	૪૪૧૬૬૫૪
મદ્રાસ	૮૫૬૬૬	૨૧૨૩૮૩૧	૩૪૪૨૦૬૪
મુંબઇ	૩૭૦૦૭	૪૭૪૫૮૭	૧૨૮૦૩૧૫
કુલ	૩૬૬૬૪૧૬	૮૬૫૨૦૩૩	૬૧૩૬૩૬૩

		૧૭૯૯-૧૮૦૦	
બંગાળા	૩૨૧૩૨૩૦	૬૪૬૮૪૭૩	૫૦૫૮૬૬૧
મદ્રાસ	૮૮૩૫૩૯	૨૮૨૨૫૩૬	૩૩૧૬૫૪૭
મુંબઇ	૩૧૩૬૪	૪૧૫૬૬૩	૧૫૭૭૧૮૨
કુલ	૪૧૨૮૧૩૩	૯૭૩૬૬૭૨	૯૬૫૫૩૯૦
		૧૮૦૦–૧	
બંગાળા	૩૨૧૮૭૬૬	૬૬૫૮૩૩૪	૫૪૨૦૬૬૬
મદ્રાસ	૯૫૭૭૬૯	૩૫૪૦૨૬૮	૪૬૧૪૩૮૭
મુંબઇ	૪૫૧૩૦	૨૮૬૪૫૭	૧૪૩૨૮૩૨
કુલ	૪૨૨૧૬૯૫	૧૦૪૮૫૦૫૬	૧૧૪૬૮૧૮૫
		૧૭૦૧–૨	
બંગાળા	૩૨૯૬૩૦૩	૭૧૨૭૬૮૮	૫૬૪૭૪૧૫
મદ્રાસ	૧૦૯૫૬૭૨	૪૭૨૬૬૦૬	૫૩૪૭૮૦૫
મુંબઇ	૫૪૫૭૧	૩૦૫૬૯૨	૧૪૧૪૮૨૫
કુલ	૪૪૪૬૮૪૬	૧૨૧૬૩૫૮૬	૧૨૪૧૦૦૪૫

		૧૮૦૨–૩	
બંગાળા	૩૨૯૫૭૬૧	૮૩૮૦૦૮૭	૫૭૦૮૮૫૮
મદ્રાસ	૯૩૩૧૦૮	૪૭૨૪૬૦૪	૫૧૧૭૭૬૯
મુંબઇ	૬૮૦૧૫	૩૫૯૫૪૬	૧૪૧૦૨૫૩
કુલ	૪૨૯૬૮૮૪	૧૩૪૬૪૫૩૭	૧૨૨૩૬૮૮૦
		૧૮૦૩–૪	
બંગાળા	૩૨૫૨૬૨૧	૮૦૬૦૯૯૩	૬૧૯૩૬૩૮
મદ્રાસ	૯૨૧૬૪૬	૪૬૫૧૭૪૪	૬૩૦૬૨૮૪
મુંબઇ	૩૦૫૮૬૧	૫૫૮૬૪૮	૧૮૯૫૪૮૩
કુલ	૪૪૮૦૧૨૮	૧૩૨૭૧૩૮૫	૧૪૩૯૫૪૦૫
		૧૮૦૪–૫	
બંગાળા	૩૨૨૫૪૩૬	૯૩૩૬૭૦૭	૭૪૬૪૨૯૧
મદ્રાસ	૯૯૩૮૪૯	૪૮૯૭૧૪૦	૬૩૧૨૬૧૩
મુંબઇ	૩૮૪૭૪૦	૭૧૫૫૪૮	૨૩૩૮૨૭૯
કુલ	૪૬૦૪૦૨૫	૧૪૯૪૯૩૯૫	૧૬૧૧૫૧૮૩

		૧૮૦૫-૬	
બંગાળા	૩૩૧૧૬૭૩	૬૫૪૨૪૩૦	૮૬૩૧૬૫૮
મદ્રાસ	૧૦૬૭૪૧૬	૫૦૧૪૪૬૩	૫૭૨૮૧૬૪
મુંબઇ	૪૭૧૩૪૪	૮૪૬૪૮૬	૨૭૬૧૨૬૬
કુલ	૪૮૮૦૪૩૩	૧૫૪૦૩૪૦૬	૧૭૪૨૧૪૧૮
		૧૮૦૬-૭	
બંગાળા	૩૨૬૬૬૮૪	૬૧૬૦૧૪૬	૬૨૬૧૮૨૬
મદ્રાસ	૬૬૩૪૪૦	૪૬૦૨૭૨૧	૫૭૪૨૮૨૬
મુંબઇ	૩૮૮૫૩૬	૭૭૨૮૬૬	૨૪૭૪૨૦૬
કુલ	૪૬૪૮૬૬૦	૧૪૫૩૫૭૩૬	૧૭૫૦૮૮૬૪
		૧૮૦૭-૮	
બંગાળા	૩૭૨૬૦૬૮	૬૬૭૧૬૬૫	૭૭૬૦૬૨૦
મદ્રાસ	૧૦૩૬૬૭૧	૪૬૨૭૫૧૬	૫૭૧૭૨૨૮
મુંબઇ	૪૧૭૧૮૬	૭૭૦૬૬૧	૨૩૭૨૧૪૨
કુલ	૫૧૮૫૬૫૫	૧૫૬૬૬૬૦૫	૧૫૮૫૦૨૬૦

		૧૮૦૮–૦૯	
બંગાળા	૩૮૫૧૧૨૮	૬૮૧૬૪૫૮	૭૬૬૮૬૨૪
મદ્રાસ	૧૦૫૭૬૨૮	૪૬૬૮૩૨૬	૫૪૩૧૧૫૧
મુંબઇ	૪૨૭૦૩૩	૭૪૦૨૭૬	૨૦૬૨૮૧૪
કુલ	૫૩૩૫૭૮૬	૧૫૫૨૫૦૫૫	૧૫૩૬૨૮૮૬
		૧૮૦૯–૧૦	
બંગાળા	૩૭૦૬૨૦૦	૬૫૬૦૮૮૦	૭૮૧૫૬૭૫
મદ્રાસ	૧૧૮૪૨૫૩	૫૩૭૩૧૬૧	૫૬૩૭૩૬૫
મુંબઇ	૩૬૬૪૮૨	૬૬૧૬૧૪	૨૦૮૧૬૭૧
કુલ	૫૨૮૬૬૩૫	૧૫૬૫૫૬૮૫	૧૫૫૩૪૭૧૧
		૧૮૧૦–૧૧	
બંગાળા	૩૨૬૫૩૮૨	૧૦૬૮૨૨૪૬	૭૨૪૬૮૩૬
મદ્રાસ	૧૦૭૧૬૬૬	૫૨૩૮૫૭૬	૫૧૧૦૬૭૭
મુંબઈ	૪૩૭૧૦૮	૭૫૮૩૭૨	૧૫૫૭૧૬૫
કુલ	૪૮૦૪૧૫૬	૧૬૬૭૬૧૬૭	૧૩૬૦૬૬૮૧

		૧૮૧૧–૧૨	
બંગાળા	૪૨૯૬૯૦૫	૧૦૭૦૬૧૭૨	૭૦૫૮૮૭૧
મદ્રાસ	૧૦૪૮૮૪૪	૫૧૫૬૭૧૭	૪૬૧૯૬૧૯
મુંબઇ	૪૩૩૭૮૫	૭૪૨૭૨૬	૧૫૪૨૪૮૫
કુલ	૪૭૭૯૫૩૪	૧૬૬૦૫૬૧૫	૧૩૨૨૦૯૬૬
		૧૭૧૨–૧૩	
બંગાળા	૩૩૧૦૮૭૪	૧૦૩૯૦૨૫૭	૭૨૨૨૯૩૬
મદ્રાસ	૧૧૫૯૭૭૮	૫૨૫૮૨૪૪	૪૦૬૯૬૩૦
મુંબઇ	૪૨૦૩૨૩	૬૮૭૭૮૯	૧૪૬૩૨૬૨
કુલ	૪૮૬૦૬૭૫	૧૬૩૩૬૨૬૦	૧૨૮૧૫૮૨૮
		૧૮૧૩–૧૪	
બંગાળા	૩૩૧૦૬૧૭	૧૧૧૭૨૪૭૧	૭૧૩૫૧૭૨
મદ્રાસ	૯૬૨૭૬૫૩	૫૨૬૭૦૮૮	૪૮૬૩૨૨૪
મુંબઇ	૪૦૦૮૦૨	૭૫૬૧૫૨	૧૫૮૬૩૨૬
કુલ	૪૬૦૪૨૧૨	૧૭૨૨૮૭૧૧	૧૩૬૧૭૭૨૫

		૧૮૧૪–૧૫	
બંગાળા	૭૩૭૦૭૪૧	૧૧૧૫૫૯૧૨	૯૧૪૫૫૬૦
મદ્રાસ	૩૮૮૯૫૫૫	૫૩૨૨૧૬૪	૫૧૩૪૨૪૬
મુંબઇ	૪૮૮૯૯૮	૮૧૯૨૦૪	૧૬૭૫૨૦૦
કુલ	૧૧૭૪૯૨૯૪	૧૭૨૯૭૨૮૦	૧૫૯૫૫૦૦૬
		૧૮૧૫–૧૬	
બંગાળા	૭૫૬૬૪૩૯	૧૧૩૧૨૮૯૬	૯૮૩૩૦૬૨
મદ્રાસ	૩૬ ૯૬૬૮	૫૧૦૬૧૦૭	૫૨૮૯૪૭૬
મુંબઇ	૪૬૭૭૭૭	૮૧૮૮૧૬	૧૯૩૭૪૩૦
કુલ	૧૧૬૪૩૮૮૪	૧૭૨૩૭૮૧૯	૧૭૦૫૯૬૬૮
		૧૭૧૬–૧૭	
બંગાળા	૭૮૭૫૬૪૭	૧૧૮૫૬૯૫૩	૧૦૨૦૦૩૦૩
મદ્રાસ	૩૮૨૬૧૦૭	૫૩૬૦૨૨૦	૫૨૦૧૩૯૯
મુંબઇ	૪૯૮૧૦૨	૮૬૦૪૦૫	૧૯૦૨૪૬૦
કુલ	૧૨૧૯૯૮૫૬	૧૮૦૭૭૫૭૮	૧૭૩૦૪૧૬૨

		૧૮૧૭–૧૮	
બંગાળા	૭૬૩૯૧૫૪	૧૧૬૯૨૦૬૮	૧૦૬૮૫૧૫૪
મદ્રાસ	૩૮૫૬૪૩૩	૫૩૮૧૩૦૭	૫૪૭૫૨૫૪
મુંબઇ	૮૬૮૦૪૭	૧૩૦૨૪૪૫	૧૮૮૫૭૮૬
કુલ	૧૨૩૬૩૬૩૪	૧૮૩૭૫૮૨૦	૧૮૦૪૬૧૬૪
		૧૮૧૮–૧૯	
બંગાળા	૮૫૪૮૧૩૮	૧૨૪૩૭૩૮૫	૧૧૯૨૫૩૪૬
મદ્રાસ	૩૭૯૬૪૧૦	૫૩૬૧૪૩૨	૫૯૭૬૦૪૫
મુંબઇ	૧૧૪૩૦૪૧	૧૬૬૦૨૦૦	૨૪૬૨૧૬૩
કુલ	૧૩૪૬૦૫૮૬	૧૬૪૫૬૦૧૭	૨૦૩૬૬૫૮૭
		૧૮૧૯–૨૦	
બંગાળા	૮૧૬૩૬૧૬	૧૨૨૪૫૫૨૬	૧૧૫૬૮૪૧૬
મદ્રાસ	૩૭૬૧૬૩૧	૫૪૦૭૦૦૪	૫૬૬૪૮૪૪
મુંબઇ	૧૦૭૮૧૬૪	૧૫૭૭૬૩૨	૨૩૬૫૮૪૪
કુલ	૧૩૦૩૪૦૧૪	૧૬૨૩૦૪૬૨	૧૬૬૮૬૧૦૭

		૧૮૨૦–૨૧	
બંગાળા	૮૧૩૬૪૧૫	૧૩૫૪૭૪૨૩	૧૨૨૮૭૩૬૭
મદ્રાસ	૩૭૩૮૪૬૦	૫૪૦૩૫૦૬	૪૫૭૨૪૮૬
મુંબઇ	૧૮૧૬૩૧૪	૨૪૦૧૩૧૨	૩૧૬૭૩૬૬
કુલ	૧૩૬૬૬૧૮૬	૨૧૩૫૨૨૪૧	૨૧૦૫૭૨૫૨
		૧૮૨૧–૨૨	
બંગાળા	૮૨૫૮૬૦૩	૧૪૩૬૦૩૩૬	૧૦૮૪૧૦૦૩
મદ્રાસ	૩૭૦૮૪૦૪	૫૫૫૭૦૨૬	૫૪૦૫૫૬૨
મુંબઇ	૧૭૬૧૬૧૦	૨૮૫૫૭૪૦	૩૬૦૬૮૬૪
કુલ	૧૩૭૨૬૨૧૭	૨૧૮૦૩૧૦૮	૧૬૮૫૬૪૮૬
		૧૮૨૨–૨૩	
બંગાળા	૮૨૬૧૮૪૩	૧૪૩૧૨૦૪૪	૧૦૭૪૬૩૦૧
મદ્રાસ	૩૭૬૬૩૬૬	૫૫૮૫૨૧૦	૫૦૭૨૬૬૨
મુંબઇ	૧૫૫૧૫૬૨	૩૨૭૪૪૪૭	૪૨૬૪૪૪૮
કુલ	૧૩૫૮૨૬૦૪	૨૩૧૭૧૭૦૧	૨૦૦૮૩૭૪૧

		૧૮૨૩–૨૪	
બંગાળા	૮૨૧૧૨૫૧	૧૨૯૯૨૯૬૯	૧૧૩૯૭૦૨૪
મદ્રાસ	૩૭૪૧૧૦૦	૫૪૯૮૭૬૫	૬૨૨૮૮૨૪
મુંબઇ	૧૬૦૭૦૮૮	૨૭૮૯૫૫૦	૩૨૨૮૧૫૦
કુલ	૧૩૫૫૯૪૩૯	૨૧૨૮૦૩૮૪	૨૦૮૫૩૯૯૭
		૧૮૨૪–૨૫	
બંગાળા	૮૦૮૧૪૬૨	૧૩૫૨૪૨૨૩	૧૩૫૦૯૯૧૦
મદ્રાસ	૩૭૬૫૨૧૨	૫૪૪૦૭૪૩	૫૭૧૪૮૪૮
મુંબઈ	૧૨૦૮૭૩૫	૧૭૮૫૨૧૭	૩૨૭૯૩૫૯
કુલ	૧૩૦૫૫૪૦૯	૨૦૭૫૦૧૮૩	૨૨૫૦૪૧૫૬
		૧૮૨૫–૨૬	
બંગાળા	૮૧૩૩૬૨૫	૧૩૧૫૧૦૮૦	૧૪૪૫૬૧૬૪
મદ્રાસ	૩૬૭૮૬૮૨	૫૭૧૪૬૧૫	૫૭૦૪૮૨૬
મુંબઇ	૧૬૨૭૨૩૭	૨૨૬૨૩૬૩	૪૦૦૭૦૨૦
કુલ	૧૩૭૩૬૫૪૪	૨૧૧૨૮૩૮૮	૨૪૧૬૮૦૧૩

		૧૮૨૬–૨૭	
બંગાળા	૮૩૫૫૮૦૦	૧૪૮૧૨૮૩૩	૧૩૯૦૪૩૨૨
મદ્રાસ	૩૬૬૯૩૧૨	૫૯૮૧૬૮૧	૫૪૩૨૫૬૨
મુંબઇ	૧૮૭૩૪૨૭	૨૫૮૮૯૮૩	૩૯૭૫૪૧૧
કુલ	૧૩૮૯૮૫૩૯	૨૨૩૮૩૪૯૭	૨૩૩૧૨૨૯૫
		૧૮૨૭–૨૮	
બંગાળા	૮૩૩૧૬૦૪	૧૪૯૭૩૧૧૦	૧૪૦૧૨૭૬૩
મદ્રાસ	૩૬૦૫૨૨૬	૫૩૪૭૮૨૮	૬૦૦૭૫૯૭
મુંબઇ	૧૮૧૭૮૭૩	૨૫૪૨૩૨૫	૪૦૩૩૪૭૭
કુલ	૧૩૭૫૪૭૦૩	૨૨૮૬૩૨૬૩	૨૪૦૫૩૮૩૭
		૧૮૨૮–૨૯	
બંગાળા	૮૨૦૦૭૭૯	૧૪૮૩૩૮૪૦	૧૨૫૬૩૫૫૦
મદ્રાસ	૩૬૪૯૦૧૨	૫૫૭૫૦૪૯	૫૫૦૨૨૨૪
મુંબઇ	૧૭૨૨૩૩૫	૨૩૩૧૮૦૨	૩૬૫૨૭૮૬
કુલ	૧૩૫૭૨૧૨૬	૨૨૭૪૦૬૯૧	૨૧૭૧૮૫૬૦

		૧૮૨૯-૩૦	
બંગાળા	૮૧૯૭૫૬૩	૧૩૮૫૮૧૭૮	૧૧૭૧૦૮૭૦
મદ્રાસ	૩૫૨૨૬૦૦	૫૪૧૫૫૮૭	૫૨૫૬૬૪૭
મુંબાઇ	૧૫૮૫૪૩૨	૨૪૨૧૪૪૩	૩૬૦૦૮૪૧
કુલ	૧૩૩૦૫૦૬૫	૨૧૬૯૫૨૦૮	૨૦૫૬૮૩૫૮
		૧૮૩૦-૩૧	
બંગાળા	૮૨૨૮૧૬૧	૧૪૧૧૬૬૧૪	૧૧૫૩૨૩૬૮
મદ્રાસ	૩૪૬૦૩૨૬	૫૩૫૮૨૬૦	૫૧૦૭૦૨૦
મુંબાઇ	૧૬૫૦૦૬૧	૨૫૪૧૧૩૬	૩૫૬૪૪૭૨
કુલ	૧૩૩૩૮૫૫૧	૨૨૦૧૬૩૧૦	૨૦૨૪૩૮૬૦
		૧૮૩૧-૩૨	
બંગાળા	૬૬૪૨૩૨૪	૧૧૭૪૮૭૫૭	૧૩૪૬૪૫૨૦
મદ્રાસ	૩૨૫૨૧૧૭	૪૪૭૨૧૩૭	૨૧૬૭૫૭૪
મુંબાઇ	૧૩૬૫૮૬૧	૨૦૬૬૩૪૩	૧૪૧૬૦૭૬
કુલ	૧૧૫૬૦૩૩૨	૧૮૩૧૭૨૭૭	૧૭૦૪૮૧૭૩

		૧૮૩૨–૩૩	
બંગાળા	૭૦૬૬૨૪૬	૧૨૨૪૪૫૨૩	૧૦૫૩૬૫૨૭
મદ્રાસ	૨૬૪૦૭૦૩	૪૧૦૮૦૬૧	૪૩૧૨૪૫૨
મુંબઇ	૧૪૪૧૬૮૬	૨૧૨૫૩૪૦	૨૬૬૨૭૪૧
કુલ	૧૧૪૮૧૬૩૮	૧૮૪૭૭૬૨૪	૧૭૫૧૪૭૨૦
		૧૮૩૩–૩૪	
બંગાળા	૬૬૩૭૬૬૧	૧૧૬૧૬૫૪	૬૮૮૧૬૨૭
મદ્રાસ	૩૧૭૬૭૦૮	૪૩૫૮૨૦૭	૪૩૮૨૩૬૮
મુંબઇ	૧૬૨૬૫૮૦	૨૨૬૨૨૦૭	૨૬૬૦૦૩૭
કુલ	૧૧૪૪૪૨૪૬	૧૮૨૬૭૩૬૮	૧૬૬૨૪૩૩૨
		૧૮૩૪–૩૫	
બંગાળા	૩૨૩૪૩૩૬	૧૫૨૬૦૪૧૪	૮૪૭૦૪૭૨
વાયવ્યપ્રાન્તો	૪૦૧૮૩૪૪	૪૮૬૬૨૭૪	૧૪૬૪૦૨૭
મદ્રાસ	૩૨૫૬૮૫૫	૪૪૮૦૦૨૫	૪૧૨૮૭૫૩
મુંબઇ	૧૫૪૪૧૮૩	૨૧૮૬૬૩૪	૨૫૬૧૨૪૪
કુલ	૧૨૦૫૩૭૧૮	૨૬૮૫૬૬૪૭	૧૬૬૮૪૪૬૬

		૧૮૩૫–૩૬	
બંગાળા.	૩૩૦૪૨૬૪	૮૨૮૬૨૮૭	૭૬૪૨૫૦૧
વાયવ્ય પ્રાન્તો.	૪૨૧૭૬૮૧	૪૮૩૮૧૩૩	૧૬૪૦૪૭૮
મદ્રાસ.	૩૨૬૭૬૦૨	૪૫૬૬૨૬૧	૩૮૩૬૭૫૮
મુંબઇ.	૧૭૧૬૮૬૫	૨૪૨૪૪૪૪	૨૫૭૨૦૬૭
કુલ.	૧૨૫૩૬૭૭૨	૨૦૧૪૮૧૨૫	૧૫૬૬૪૮૦૪
		૧૮૩૬–૩૭	
બંગાળા.	૩૫૭૫૦૫૬	૬૮૧૮૪૭૦	૮૪૫૫૨૮૭
વાવ્ય પ્રાન્તો.	૪૪૭૮૪૧૭	૫૦૫૬૪૮૬	૧૭૩૫૪૧૬
મદ્રાસ.	૩૧૬૧૪૬૦	૪૬૧૮૩૦૬	૪૧૭૨૭૮૪
મુંબઇ.	૧૮૪૨૭૫૬	૨૭૦૫૬૮૨	૨૬૬૬૮૭૮
કુલ.	૧૩૦૫૭૭૨૫	૧૬૧૬૮૬૫૦	૧૭૩૬૩૩૬૮
		૧૬૩૭–૩૮	
બંગાળા.	૩૬૧૫૬૭૫	૬૦૮૧૦૧૪	૮૫૩૬૪૨૩
વાયવ્ય પ્રાન્તો	૩૭૬૫૬૭૩	૪૩૬૬૩૫૧	૧૮૦૭૨૦૬
મદ્રાસ	૩૪૩૧૨૦૦	૪૮૧૬૮૬૦	૪૨૬૫૦૩૬
મુંબઇ	૧૮૫૮૫૨૫	૨૫૮૮૫૬૫	૨૬૧૪૮૫૭
કુલ	૧૨૬૭૧૬૭૩	૨૦૮૫૮૮૨૦	૧૭૫૫૩૫૨૫

આ નીરસ આંકડાઓના કોષ્ટકમાં જો આપણે તે કાળનો ઇતિહાસ વાંચીએ તો ઘણો અર્થ સમાયલો માલુમ પડશે. કમ્પની સરકારની રાજ્યનીતિમાં જ્યાં જ્યાં ફેરફારો થયા છે, જ્યારે જ્યારે યુદ્ધ તરફ વલણ થયું છે, અથવા શાન્તિ અને કરકસર તરફ વલણો થયાં છે, ત્યારે ત્યારે હિંદુસ્તાનના રાજ્યકોષ ઉપર તેની અસર જણાયા વિના રહી નથી. ઉપરના આંકડા કૉર્નવૉલિસ અને વાલેસ્લીથી-એન્ટિન્ક અને મેટકાફના વખત સુધીના વહિવટી સુધારાની સાક્ષી પૂરે છે.

૧૭૯૩ માં જ્યારે લૉર્ડ કૉર્નવૉલિસે હિંદુસ્તાન છોડયું ત્યારે તેણે ૭૦ લાખની અંદર ખરચ રાખી પંદર લાખનો વધારો રહે એવી ગોઠવણ કરી હતી. આ તારીખથી બાર વર્ષની અંદર માર્કવેસ ઑફ વેલ્સ્લીની યુદ્ધપરાયણ રાજ્યનીતિથી ખરચ દોઢ કરોડ સુધી પહોંચ્યું હતું; અને ૨૦ લાખ ઉપરાંત દરવર્ષ નુકશાની આવતી હતી. આ સ્થિતિથી અધિષ્ઠાતૃસભાને માઠું લાગ્યું હતું. એક વેપારી પેઢીના નિયંતાને જ્યાં સુધી નફો મળ્યે જાય ત્યાં સુધી હિંદુસ્તાનમાં લડાઇ ચાલે છે કે શાન્તિનો સમય છે તે જોવાની જરૂર ન હતી; રાજ્યવહિવટ કેવો ચાલે છે તેનો ખ્યાલ જે નાણાં તેમના ઉપર ખીડાતાં તે ઉપરથી જ તેઓ કરી લેતા; અને જ્યારે સરવૈયામાં નફાને બદલે નુકશાની જણાઇ ત્યારે તે કદી શાન્તિ રાખી શકતા નહિ. વેલ્સ્લીની યુદ્ધપરાયણનીતિ તેઓને નાપસંદ પડી કારણ કે તેની નીતિ ખરચાળ હતી; અને તે મોટા અધિકારીને તેમણે હિંદુસ્તાનમાંથી બેઆબરૂ કરીને પાછો બોલાવી લીધો.

૧૭૯૫ થી ૧૮૧૦ દરમિયાનનાં પંદર વર્ષમાં બંગાળામાં નફો હતો, પણ મદ્રાસ અને મુંબાઇમાં નુકશાન હતું. અચળ આકારની પદ્ધતિથી નિયત અને એકસરખી ઉપજ આપવાથી બંગાળાએ બ્રિટિશ પ્રજાને હિંદનું સામ્રાજ્ય સ્થાપી આપવાની તક આપી એમ કહેવું એ વધારીને કહ્યું એમ ગણાશે નહિ. ઉત્તર અને દક્ષિણ હિંદુસ્તાનની ખરચાળ લડાઇઓનાં નાણાં બંગાળાએ પુરાં પાડ્યાં; અને આ વર્ષોમાં મદ્રાસ અને મુંબાઇમાંથી વહિવટ પુરતાં નાણાં

પણ વસુલ થતાં નહિ અને હિંદુસ્તાનનું સામ્રાજ્ય સંપાદન કરવામાં ગ્રેટબ્રિટને એક અરધી પણ આપી નથી.

લોર્ડવેલ્સ્લીના સિધાવ્યા પછી પાછું સરવૈયું સરભર થવા માંડયું. અને ૧૮૧૩ અને ૧૮૧૪ ની વચમાં હિંદુસ્તાનના શાન્તિને ચાલનારા કાર્યભારીઓએ એક કરોડ ત્રીસ લાખમાં ખરચ લાવી મૂક્યું; એટલે વર્ષે દહાડે વીસથી ચાળીસ જેટલી પુરાંત બતાવાઇ; તેથી નિયંતાઓના આત્માને કરાર થયો. પણ વળી મ કર્વેસ ઑફ હેસ્ટિંગ્સના યુદ્ધપરાયણ કારભારમાં આ પુરાંત પાછી અદૃસ્ય થઇ અને ૧૮૧૮ માં જ્યારે છેલ્લું મરાઠા યુદ્ધ પુરું થયું, ત્યારે વળી પાછી નુકશાની જણાઈ. પણ ૧૮૨૨ માં વીસ લાખની પુરાંત બતાવીને હેસ્ટિંગ્સે નિયંતાઓને કંઇક શાન્ત કર્યા. હજી સુધી મુંબાઇ પોતાનું ખરચ આપતું નહતું. દસલાખની ખોટ પેશ્વાનો મુલક ખાલસા કર્યે પાંચ વર્ષ થયાં પછી પણ મુંબઈમાં જણાતી; અને બંગાળામાં ત્રીસ લાખની સીલક રહેતી. એટલે શુદ્ધ સત્ય પરાયણતાથી કહી શકાય કે વેલ્સ્લીના યુધ્ધોથી માંડીને માર્કવેસ હેસ્ટિંગ્સના યુધ્ધોનાં નાણાં પણ અચળ આકાર વાળા બંગાળામાંથી પુરાં પડતાં.

લોર્ડ એમ્હર્સ્ટના બ્રહ્મદેશના યુધ્ધે વળી સરવૈયું ફેરવી નાંખ્યું અને ૧૮૨૪ થી ૧૮૨૭ સુધી પાછી ખોટ જણાઇ. આ વખતે હિંદુસ્તાનની ઉપજ બે કરાડ વીસ લાખ સુધી પહોંચી હતી, કારણ કે સામ્રાજ્યની સીમામાં વધારો થયો હતો, અને જમીનની મ્હેસુલ સખ્તાઇથી ઉઘરાવાતી હતી. પણ એ અરસામાં ખરચ પણ એક કરોડ ઉપર ત્રીસથી ચાળીસ લાખ સુધી પહોંચ્યું હતું.

તે પછી લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કે દાખલ કરેલી શાન્તિ કરકસર અને સુધારાની રાજ્યનીતિના આશ્ચર્યકારક પરિણામો જણાયાં. રાજ્યકોષના સુધારક તરીકે પણ બેન્ટિન્ક હિંદુસ્તાન આવેલા કાર્યભારીઓમાં અનન્ય છે. હિંદુસ્તાનમાં રાજ્યકોષના સુધારાનો સમાવેશ કરકસરમાં જ થાય છે, કર લેવાના સાધનો શોધવામાં નહિ; કેમ કે તેવાં સાધનો વિદ્યમાન નથી. જમીનની વધુ

પડતી મ્હેસુલ સર્વત્ર કમી કરવામાં આવી, અને ૧૮૨૫ થી ૧૮૩૧ દરમિયાનનાં છ વર્ષમાં ૧ કરોડ ત્રીસ લાખ ઉપરથી ખસીને એક કરોડ સાડા અગ્યાર લાખ સુધી ઉતરી આવી. પણ ખરચમાં કરકસર કરવાથી આ ખોટ પુરી પડી ગઇ. ૧૮૨૮ માં જ્યારે બેન્ટિન્ક હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે બે કરોડ ચાળીસ લાખ જેટલું ખરચ હતું; જ્યારે તેણે ૧૮૩૫ માં હિંદુસ્તાન છોડ્યું ત્યારે એક કરોડ સાઠ લાખ જેટલું ખરચ થઇ ગયું હતું અને ચાળીસ-લાખ જેટલી પુરાંત પડી રહેવા માંડી હતી.

હિંદુસ્તાનમાં આ તરેહના કાર્યભારીઓની પરંપરા આવી હત તો હિંદુસ્તાનને બહુ સુખ હતું. પણ ખરચમાં જેટલી કરકસર કરવામાં આવે તેટલા બધાની ઇંગ્લંડના ઉપરના વર્ગ ઉપર અવળી અસર થવા લાગી; અને કમ્પની સરકારની નીચેના કોઇ પણ ગવર્નર જનરલની નિન્દા નથી થઇ તેવી લોર્ડ વિલ્યમ બેન્ટિન્કની નિંદા થઇ. હિંદુસ્તાનના લોકનાં હિત સાચવવામાં પોતાના દેશબંધુઓનો કોપ વ્હોરી લેવો એ મનુષ્યસ્વભાવમાં નથી. રાજ્યના અત્યારના તંત્રમાં ખરચમાં વધારો કરવાને હમેશાં દબાણ ચાલુજ રહે છે, પણ કરકસર કરવા તરફ કાંઇ પણ સૂચના થતી નથી. લૉર્ડ વિલ્યમ બેન્ટિન્કના વખત પછી જાહેર કરજ કુદકા મારતું વધ્યું છે; અને આને માટે લોકને પોતાના વહિવટમાં કાંઇ ભાગ આપ્યા સિવાય બીજો કાંઇ જ ઉપાય નથી. જ્યારે ખરચ કરનારના હાથમાં જ તમામ લગામ હોય છે ત્યારે સ્વાભાવિક રીતે ખરચો વધ્યે જાય છે. જ્યારે કર ભરનારાઓનો કંઇ હાથ હોય છે, ત્યારે અવશ્ય ખરચ ઉપર કંઇક અંકુશ મૂકાય છે. આ પ્રમાણે આખી દુનિયામાં નિયમ છે, અને હિંદુસ્તાન અપવાદ નથી.

ઉપર કહેવાઇ ગયું છે કે હિંદુસ્તાનની લડાઇઓનાં તમામ ખરચ તેમજ વહિવટનાં ખરચ પણ હિંદની ત્રિજોરીમાંથી જ કાઢવામાં આવેલાં છે. અહીંઆ એટલું નોંધવું જોઇએ કે આ બધાં ખરચ કાઢતાં મહારાણી

વિક્ટોરિયા ગાદીએ બેઠાં તે તારીખે પાછલાં છેંતાળીસ વર્ષના હિસાબમાં સંગીન વધારો દેખાય છે.

ઉપર જે આંકડા આપવામાં આવ્યા છે તે ઉપરથી જણાશે કે ચૌદ વર્ષ ખોટનાં હતાં તો બત્રીસ વર્ષ નફાનાં હતાં; અને જ્યારે કુલ ખોટ એક કરોડ શીત્તેર લાખની હતી ત્યારે નફો ચાર કરોડ નવ લાખનો અથવા લગભગ પાંચ કરોડનો હતો; એટલે આ છેંતાળીસ વર્ષમાં ત્રણ કરોડ બે લાખનો નફો થયો હતો. પણ આ ધન હિંદુસ્તાનમાં સંચિત થયું નહીં, તેમજ જલાશય કે એવાં બીજાં સુધારાનાં કામો પાછળ વપરાયું પણ નહીં. પણ કમ્પનીના ભાગીદારોને વ્યાજમાં આપવા માટે વર્ષોવર્ષ ઇંગ્લંડને જમા તરીકે આપવામાં આવતું. વળી વિશેષમાં હિંદુસ્તાનમાંથી જે નાણાં આવી રીતે જતાં તે આ વ્યાજ પુરતાં ન હોવાથી હિંદને હિસાબે કરજ થતાં; જેનું નામ હિંદુસ્તાનનું 'જાહેર કરજ': અને તે પણ હિંદની રૈયત ઉપર જ બોજો, કારણ કે તે 'કરજ,' નું વ્યાજ તેમને જ આપવું પડતું. હિંદુસ્તાનના દુઃખદ નાણાં પ્રકરણી ઇતિહાસમાં આ બીના દુઃખદમાં દુઃખદ છે.

આ વ્યાજી કરજ ૧૭૯૨ માં શિત્તેર લાખથી સહેજ વધારે હતું; ૧૭૯૯ માં એક કરોડ સુધી પહોંચ્યું; વેલ્સ્લીના યુધ્ધોને લીધે ૧૮૦૫ માં તો બે કરોડ એક લાખ સુધી થઇ ગયું, અને તેમાં ૧૮૦૭ સુધીમાં વળી છ લાખ ઉમેરાયા; અને ૧૮૨૯ માં ત્રણ કરોડ સુધી પહોંચ્યું. લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના ભલા રાજ્ય વહિવટથી આ કરજ ધીમે ધીમે ઓછું થતું ગયું, અને ૧૮૩૬ માં બે કરોડ સાત લાખ સુધી આવ્યું હતું.

હિંદ અને ઇંગ્લંડની પ્રજાઓ વચ્ચે જો ન્યાયી ગોઠવણ હોય તો હિંદુસ્તાને તમામ વહિવટી ખરચ આપવું જોઇએ; અને ઇંગ્લંડે સામ્રાજ્ય સ્થાપવાનું–જેનાથી પોતાની સત્તા અને વેપારને આટલો લાભ થયો, અને જે પોતાના છોકરાઓને માટે રોજગારનું એક મોટું સાધન છે તે સ્થાપવાનું–

તમામ ખરચ ભરી આપવું જોઇએ. જો હિંદમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપનાથી બન્ને પ્રજાઓને લાભ થયો છે એમ ધારીએ તો બન્નેએ ખરચનો હિસ્સો આપવો જોઇએ. હિંદુસ્તાને હિંદુસ્તાનમાં જે વહિવટી ખરચ થાય તે તમામ આપવું, અને ઇંગ્લંડે ઇંગ્લંડમાં જે નાણાં આપવાં પડે છે તે આપવાં. *પણ હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યની સ્થાપનાના કાળથી જ જુદું ધોરણ હાથ* ધરવામાં આવ્યું હતું; અને પરિણામે હિંદુસ્તાનમાંથી સતત અપવાહ ચાલ્યાં કર્યો. જેમ જેમ વર્ષો જતાં ગયાં તેમ તેમ વધવા માંડયો અને તેણે એકવાર આબાદી ભોગવતી ઉદ્યમી અને શાન્તિને ચાહનારી પ્રજાને નિર્ધન કરી નાંખી. આ પરિણામ તે વખતે પણ વિચારશીલ અંગ્રેજો દીર્ઘ દૃષ્ટિથી જોઇ શક્યા હતા.

૧૮૩૯ માં મેાન્ટગૉમરિમાર્ટિન લખે છે કે "બ્રિટિશ હિંદુસ્તાનમાંથી આ અપવાહ જે અત્યારે ૩૦ લાખ પાઉંડ જેટલો છે તે બાર ટકાને ચક્રવૃદ્ધિ વ્યાજે ત્રીશ વર્ષમાં બેાંતેર કરોડ ઓગણચાળીસ લાખ સત્તાણું હજાર નવસેં સત્તર પાઉંડ જેટલો થાય; અને વ્યાજનો દર હલકો ગણીએ તો પણ પચાસ વર્ષમાં આઠ અબ્જ ચાળીસ કરોડ જેટલો થાય. આવો સતત અને વધતો જતો અર્થશોષ ઇંગ્લંડ જેવા દેશને પણ પાયમાલ કરી નાખે તો હિંદુસ્તાન કે જ્યાં એક મજુરની રોજી એ પેન્સથી ત્રણ પેન્સ જેટલી જ છે, ત્યાં તેની કેવી અસર થતી હોવી જોઇએ?

"પચાસ વર્ષ થયાં આપણે વર્ષોવર્ષ વીસથી ત્રીસ અને ચાળીસ લાખ સુધી હિંદુસ્તાનમાંથી ઘસડતા ચાલીએ છીએ; અને તે ઇંગ્લંડમાં વેપારીની બેાટો પૂરી પાડવામાં, ફરજના વ્યાજ તરિકે, ઇંગ્લંડના હિંદના ખાતાના અધિકારીઓના પગાર માટે, અને જેમનાં જીવનો હિંદુસ્તાનમાં ગયાં છે, તેમના સંચયનો ઇંગ્લંડની ભૂમિમાં વિનિયોગ કરવા માટે આવી રીતનો આવો મેાટો સતત શોષ, જે કાંઇપણ આકારમાં હિંદને પાછો મળતો નથી તેની માઠી અસરનો પ્રતિકાર કરવો અશક્ય છે."

આ અર્થશોષના સંબંધે જે જે લખાયું છે તે બધું ઉતારવા જતાં ગ્રંથોના ગ્રંથો ભરાઇ જાય, એટલે હિંદુસ્તાનનો ચારે ખુણે અમલ ભોગવનાર ચાર પ્રખ્યાત કાર્યભારીઓના અભિપ્રાયો ટાંકીને આપણે સંતોષ માનીશું.

પહેલો આપણે ઓ. જોન શૉરનો અભિપ્રાય લઇએ. આ પુરુષ ઇતિહાસપ્રસિદ્ધ છે. તેમણે હિંદુસ્તાનના સંબંધમાં એક પુસ્તક લખ્યું છે તેમાં પોતાના અવલોકનો સ્પષ્ટતાથી અને વિસ્તારથી નોંધ્યા છે.

લખે છે કે;—

" હું આ દેશમાં આવ્યો તેને સત્તર વર્ષ થઇ ગયાં છે. પણ હું આવ્યો તે વખતે અને તે પછી એક વર્ષ હું કલકત્તામાં રહ્યો તે દરમિયાન અંગ્રેજોના મનની હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યની સ્થાપના કર્યાથી હિંદીઓ ઉપર આપણે મોટો ઉપકાર કર્યો છે, તે વાતની શાન્ત, સુખી અને નિશ્ચિત બુદ્ધિ મારા જોવામાં આવી તે મને બરાબર યાદ આવે છે. તે વખતે જે દેશી રાજ્યોને ઉત્થાપીને આપણે આપણું સ્થાપન કર્યું, તે દેશી રાજ્યોને મુકાબલે આપણી શ્રેષ્ઠતા; આપણે જે ન્યાયપદ્ધતિ દાખલ કરી છે તેની ઉત્તમતા; આપણો વિવેક; લોકનું ભલુ કરવાની આપણી ચિંતા; ટુંકામાં આપણા દરેક તરેહના સદ્‌ગુણોની સુસ્થાપિત સત્ય તરીકે જ વાત થતી: અને તેના વિરુદ્ધ કોટિ કરવી એ પાપ જેવું મનાતું. કોઇકવાર દેશના અંદરના ભાગમાં રહેનારા કોઇક પાસેથી જુદો હેવાલ સાંભળવામાં આવતો; પણ એવી વાત આવવાની સાથે જે તોફાન ઉઠતું તે જોતાં અત્યંત છાતીદારને પણ એ કહેતાં પાછા હઠવું પડતું. આથી બ્રિટિશ ઇન્ડિયન રાજ્યપદ્ધતિનાં ધોરણ અને રીતરીવાજની તપાસ કરવાની મને ઇચ્છા થઇ આવી. અને જેમ હું આમાં આગળ વધતો તેમ તેમ આપણી સરકાર તરફ અને આપણા પોતાના તરફ લોકની

લાગણી શી છે તે સમજવામાં મને કંઇ મુશ્કેલી જણાઇ નહિ. મને જે જણાયું તેથી બીજી રીતનું હોત તો ખરેખર મને આશ્ચર્ય થાત. અંગ્રેજનો મુખ્ય સિદ્ધાન્ત આકે દરેક રીતે હિંદી પ્રજાને પોતાના સ્વાર્થને તાબે કરવી, અને પોતાને લાભ થાય તેવી રીતે તેમને રાખવી. તેમના ઉપર હદ ઉપરાંત કર નાખવામાં આવ્યા છે; જેમ જેમ પ્રાન્તો આપણા હાથમાં આવતા ગયા તેમ તેમ વધારેને વધારે નાણાં લેવાનાં તે ક્ષેત્રો બન્યાં છે; અને દેશી રાજ્યાધિકારીઓ જે નાણાં લઇ શકતાં તેના કરતાં આપણે કેટલાં વધારે લેવા શક્તિમાન થયા છીએ એવું આપણે હમેશાં ગુમાન કરીએ છીએ. દેશીને નથી માન, નથી અધિકાર અને હલકામાં હલકા ઇંગ્રેજોને ખપે તેવી એક જગ્યા પણ નથી."

બીજે સ્થળે અર્થશોષના સંબંધમાં બોલતાં શૅાર લખે છે કે " હિંદુસ્તાનનો ચઢતીનો દહાડો ભરાઇ રહ્યો છે. તેના ધનના ઘણા ભાગનો શોષ થઇ ગયો છે; અને થોડાના લાભને માટે લાખોના ભલાને ભોગ આપનાર દુર્વ્યવસ્થાથી તેમનો ઉત્સાહ પણ ઠીંગરાઇ ગયો છે.

જૅાન સુલિવાન ૧૮૦૪ માં ઇંન્ડિયામાં આવેલા અને ૧૮૪૧ સુધી રહ્યા હતા. તે દરમિયાન તેમણે મ્હૈસૂરના રેસિડન્ટનો, કોઇમટુરના કલેકટરનો, મદ્રાસ રેવિન્યુ સભાના સદસ્યનો, અને મદ્રાસના મંત્રી મંડળના સભાસદનો, એવા જોખમદારીના હોદ્દાઓ ભોગવ્યા હતા. કમ્પનીનો પટો તાજો કરવા વખતે તેમની જુબાની થઇ હતી; અને લોકોને ઉંચી નોકરીમાંથી બાતલ કરવાની બાબતમાં તેઓ લાગણીથી નીચે પ્રમાણે બોલ્યા હતા.

સ૦ ૫૦૩ બ્રિટિશ સરકાર સાથેના સંબંધમાં દેશીઓને શાં શાં નુકસાન જણાય છે ?

જ૦ વિશ્વાસ અને મોટા પગારની તમામ જગાઓમાંથી અને દેશી રાજ્યોના વખતમાં વહિવટી અને લશ્કરી બાતામાં જે મોટા હોદ્દાઓ તેમને મળતા તે બધામાંથી તેમને બાતલ કરવામાં આવ્યા છે.

સ૰ ૫૦૯ જે રાજ્યપદ્ધતિ બ્રિટિશ સરકારે દાખલ કરી છે તેના ફાયદા, એ આ મોટી જગાઓ જેને માટે તેઓ પ્રથમ હકદાર ગણાતા તેમાંથી તેમને બાતલ કરવામાં આવ્યા, તેનો, પુરતો બદલો નથી ?

જ૰ હું એમ કહી શકું છું કે આવી રીતે જ્યાં તેમને બાતલ કરવામાં આવ્યા હોય ત્યાં બદલાનું કામ કોઇપણ વસ્તુ સારી શકે નહિ. ”

આજ સાક્ષીની વીસ વર્ષ પછી ૧૮૫૩ માં ફરીથી જુબાની લેવામાં આવી હતી. અને આ વખતે તેમણે વધારે ભાર ઇજને જુબાની આપી હતી.

સ૰ ૪૮૬૬ તમે એમ ધારો છે કે તેમનામાં એવી કર્ણ પરંપરા ચાલે છે કે પ્રથમ દેશી રાજ્યાધિકાર નીચે જ્યારે તેઓ હતા ત્યારે તેમની આર્થિક સ્થિતિ અત્યાર કરતાં સારી હતી ?

જ૰ હું ધારું છું કે, સામાન્ય રીતે બોલતાં, આ વાત ઇતિહાસ જ કહે છે. ઇતિહાસ કહે છે તે પ્રમાણે છેક જુના વખતથી તેઓ મ્હોટી આબાદી ભોગવતા હતા.

૪૮૬૯ સ૰ તેઓ અત્યારના કરતાં વધારે પૈસો નિરર્થક ખરચતા હતા અને અત્યારના કરતાં યુદ્ધમાં તેમનાં વધારે માણસો માર્યાં જતાં હતાં, છતાં તેમની લડાઈઓ પરમુલકની જીત કરવાની નહિ પણ પોતાના દેશમાંજ થતી એ વાત ધ્યાનમાં લેતાં, તેઓ અત્યારે છે તેનાં કરતાં વધારે સારી આર્થિક સ્થિતિ ભોગવતા હતા, અને ન્હેરો, કુવા અને તળાવો પાછળ નાણાં ખરચવાની તેમનામાં શક્તિ હતી તેનો તમે શું ખુલાસો આપો છો ?

જ૰ આપણા વહિવટમાં એક ખરચનું મોટું ખાતું છે જેમાંથી તેઓ મુક્ત હતા. તે ખાતું તે આપણું યુરોપિયનનું તત્વ; જે વહિવટી તેમજ લશ્કરી ખાતામાં ઉપજનો મોટો ભાગ ગળી જાય છે તે. તે કારણથી આપણો વહિવટ વધારે ખરચાળ છે. અને તેજ મોટું કારણ છે.

જ્યારે તેને પૂછવામાં આવ્યું હિંદના સામ્રાજ્યનો લશ્કરી કાબુ બ્રિટિશના હાથમાં રાખીને બાકીની બધી બાબતમાં તમામ મુલક દેશી રાજાઓને સોંપી દેવાનું તમે યોગ્ય ધારો ? એવો સવાલ જ્યારે તેને પૂછવામાં આવ્યો. ત્યારે ન્યાય પુરઃસર જવાબ આપતાં તેમણે આંચકો ખાધો નહિ.

" ૪૮૬૦ સ૦ ઇન્સાફના કરવાના હેતુ માટે તમે ઘણોખરો મુલક દેશી રાજ્યાધિકારીઓને પાછો સોંપી દો ?

જ૦ હા. કારણ કે ઘણોખરો મુલક વાજબી હક્ક વગર માત્ર બલાત્કારથી જ આપણે કબજે કર્યો છે. હું ઇન્સાફ કરવાને માટે તેમજ આર્થિક હેતુ માટે તે મુલક પાછો સોંપી દઉં."

જૉન સુલિવાનના સમકાલીનોમાંના કોઇએ એમના જેવો અભિપ્રાય આપ્યો ન હતો. પણ ઘણાખરા હિંદુસ્તાનના લોકોને રાજ્ય વ્યવહારમાંથી તદ્દન બાતલ કરવામાં થતો ગેર ઇન્સાફ બરાબર સમજતા હતા.

હૉલ્ટ મેકેન્ઝી–જેમના કામની નોંધ ઉત્તર હિંદુસ્તાનમાં જમાબન્દીના પ્રકરણમાં આપણે લીધી છે તેમણે ૧૮૩૦ ના નિવેદનપત્રમાં નીચે પ્રમાણે લખ્યું છે. (આ લેખ ૧૮૩૩ ની સિલેક્ટ કમિટિના નિવેદનપત્રમાં સામીલ કરવામાં આવી છે).

" પરગજુ માણસો પણ દેશીઓના ઉપર તિરસ્કારની નજરથી જુવે છે, કારણ કે જગત્ નિર્માયું ત્યારથી તે આજ સુધી વહિવટી બાબતમાં આવી આપખુદીનો દાખલો હજી સુધી મળ્યો નથી. આપણા રાજ્યને આપણે ભલે દિવાની અથવા વહિવટી કહીએ પણ વાસ્તવિક રીતે તેનું બંધારણ લશ્કરીદોર ઉપર જ છે. લશ્કરી બાબતોમાં તો હજી સિપાઈની જરૂર પડે છે, પણ રાજ્ય વ્યવહારમાંતો લોકોને તદ્દન બાતલ કરવામાં આવ્યા છે. આજ ધોરણ દરેક કામકાજમાં ચાલ્યું આવે છે; છેક કાયદા બાંધવાની સત્તાથી તે અધિકારની હલકામાં હલકી જગા ઉપર નીમણુક કરવા સુધી.

સરકારી અમલદારોને લોકના કામકાજની ઝીણી ઝીણી બાબતોમાં વચમાં પડવાની જરૂર પડે તેવી પદ્ધતિ આપણે એકવાર રાખીએ તો પછી કોઇપણ કાયદો લોકને કનડગત અને ખરચમાંથી બચાવી શકે નહીં. છતાં કમનસીબે આપણે વિરૂદ્ધ ધોરણે જ કામ લીધું છે, અને લગભગ દરેક વસ્તુમાં આપણે વચમાં પડીએ છીએ; લોકાભિમત સંસ્થાઓ જ્યાં છે ત્યાં તેની બેદરકારી કરીએ છીએ, અને જ્યાં જરૂર છે ત્યાં નવી સ્થાપવાની પરવા રાખતા નથી."

પણ સહુથી વધારે વજનદાર પુરાવો સરજૉન માલ્કમનો છે. આ માલ્કમ તે તેજ કે જેનું નામ મન્રો અને એલ્ફિન્સ્ટનની સાથે હિંદનું સામ્રાજ્ય સ્થાપનાર તરીકે જાણીતું છે. આ ગૃહસ્થ ઓગણીસમી સદીના પહેલા ભાગમાં થઇ ગયેલા અમલદારોમાં સૌથી વધારે સમર્થ અને માયાળુ અમલદાર હતો. એ મરાઠા યુધ્ધોમાં હિમતથી ફતેહમંદ થઇને તે પ્રખ્યાતિ પામ્યો હતો; અને વિનય અને માયાળુપણાથી હિંદી લશ્કર અને રૈયતનો પ્રેમ સંપાદન કરવા તે શક્તિવાન થયો હતો. અને એ રીતે પચીસ વર્ષ સુધી નોકરી કર્યા પછી એલ્ફિન્સ્ટનની જગાએ ૧૮૨૭ માં મુંબઇના ગવર્નર તરીકે નીમાયો હતો. એટલે જ્યારે ૧૮૩૨ માં દિવાને–આમની કમિટિ આગળ તેની જુબાની થઇ ત્યારે બ્રિટિશ છત્ર નીચે રહેતો. હિંદી રૈયતના સંબંધમાં તેણે જે જ્ઞાન અને પ્રામાણિકપણાથી જુબાની આપી હતી તે જ્ઞાન અને પ્રામાણિકતામાં તે વખતે કે હમણાં બીજા થોડા સરખાઇ ધરાવતા હશે, સરસાઇ તો કોઇજ કરી શકયું નથી.

૨૭૮ તમારા અભિપ્રાય પ્રમાણે પૂર્વની દેશીરાજ્યોની ગેરવ્યવસ્થાને ઠેકાણે આપણો અમલ દાખલ થયાથી ખેડુત અને વેપારી વર્ગને ફાયદો થયેલો કે નહિ ?

જ૦ આ સવાલનો ઉત્તર હું હિંદુસ્તાનના દરેક પ્રાન્તને માટે આપી શકું તેમ નથી. પણ મારો અનુભવ જ્યાંનો છે તેના સંબંધમાં આપીશ. હું

નથી ધારતો કે તે ફેરફારથી દેશી રજવાડાઓની રૈયતને, વેપારી, શાહુકાર કે ખેડુતને, કોઇને, ફાયદો થયો હોય, કે થઇ શકે; વખતે તે સિવાય બીજાને થયો હોય. જ્યારે હું ૧૮૦૩ માં નામદાર (હાલના) ડ્યુક ઑફ વેલિંગટનની સાથે દક્ષિણ મહારાષ્ટ્રમાં ગયો હતો ત્યારે ખેતીમાં અને ખેતીની ઉપજમાં કે વેપારના ધનમાં મને એ દેશ જેવો સમૃદ્ધ લાગ્યો હતો, તેવો સમૃદ્ધ દેશ હું ફરી જોઇ શકયો નથી. વિશેષે કરીને કૃષ્ણા નદીના કિનારા ઉપરના દેશો પેશ્વાઇની રાજધાનીનું શહેર પૂના–તે બહુ ધનવાન અને આબાદ વેપારવણજનું શહેર હતું, અને દક્ષિણ જેવો સુકા દેશમાં જેટલી ખેતી હોઇ શકે તેટલી ખેતી ત્યાં જોવામાં આવતી હતી.

માળવાના સંબંધમાં પણ મને માહિતી છે, કારણ કે તે દેશનો કબજો કરવાનું અને ત્યાંનો દિવાની લશ્કરી અને રાજ્ય પ્રકરણી વહિવટ ચલાવવાનું મને સોંપવામાં આવ્યું હતું; એટલે સરકારી દફ્તર વગેરે માહિતીનાં બીજાં સાધનો મને ઉપલબ્ધ હતાં. મેં જ્યારે અધિકાર ધારણ કર્યો ત્યારે મારા મનમાં એવી સંપૂર્ણ ખાત્રી હતી કે અહીં તો સર્વે વેપારથી અજ્ઞાન જ હશે અને આંટનું નામ પણ નહિ હોય; પણ જ્યારે મેં જોયું કે ઉજ્જન અને બીજા શેહેરો કે જ્યાં આબરૂદાર શાહુકારો અને શરાફો વેપાર ચલાવતા હતા તેમની સાથે રજપુતાના બુંદેલખંડ હિંદુસ્તાન (ઉત્તર) અને ગુજરાતના વેપારીઓ ધમધોકાર વેપાર ચલાવતા; અને આખા પ્રદેશમાં માલની આવ જા એમને એમ ચાલતી એટલું જ નહિ પણ વીમાવાળાઓએ આ ભયના કારણથી દર બહુ ચડાવી દીધા હતા તોપણ તેમાંના કોઇએ વીમાનાં નાણાં આપવાં બંધ કર્યાં ન હતાં. (હિંદુસ્તાનના આ આખા ભાગમાં વીમા સુદ્ધાંતની ગોઠવણ છે એ વાત પણ નોંધવા જેવી છે.) હું નથી ધારતો કે એ પ્રદેશમાં, આપણા પ્રત્યક્ષ અમલથી–પૂર્વના રાજા રજવાડાઓના વખત કરતાં, વેપાર વાણિજ્યના અને ખેતીના સંબંધમાં આપણે કાંઇ પણ વધારો કરી શકીએ.

દક્ષિણ મહારાષ્ટ્રના સંબંધમાં મારે કહેવું જોઇએ કે પટવરધન અને બીજા કેટલાંક કુટુંબના હાથમાં જે મુલક છે તેમાં ખેતી અને વેપારની જે આબાદી છે તેવી મેં બીજે કોઇ ઠેકાણે જોઇ નથી. આનું કારણ વહિવટની પદ્ધતિ છે એમ હું માનું છું; આ પદ્ધતિમાં જો કે કેટલીક વખતે નાણાં કઢાવવામાં આવતાં હશે પણ તે ઘણે ભાગે માયાળું અને વત્સલતા વાળી છે. બીજાં કારણો મને એ લાગે છે કે ફેરફાર બહુ ઓછા થાય છે; ખેતીના કામમાં હિંદુ પૂર્ણ જ્ઞાન ધરાવે છે એટલુજ નહિ પણ તેની પાછળ તેઓ તનમનથી લાગેલા છે; વહિવટી કામની અને ખાસ કરીને ઉજ્જડ થઇ ગયેલાં ગામડાં અને શહેરોને આબાદ કરવામાં તેઓની સમજણ આપણા કરતાં વધારે સારી છે, અને વ્યાવહારિક કુશળતા તો વધારે છેજ. પૈસાદાર માણસોને ઉત્તેજન અપાય છે અને મુડીનો ઉપયોગ થાય છે; જાગીરદારો પોતાની જાગીરોમાં જ રહેછે; અને સામાન્ય રીતે તમામ વહિવટ મજબત આબરૂ વાળા અધિકારીઓ ચલાવે છે, જે પોતપોતાના અધિકારના સ્થળોમાં જીવે ત્યાં સુધી રહે છે, અને જેમની પાછળ તે અધિકાર તેમના પુત્રો અથવા નજીકના સગાંઓને જ મળેછે. આ લોકો કોઇવાર મરજી મુજબ પૈસા કઢાવતા હશે તોપણ તેમનાં તમામ ખરચ અને તમામ ઉપજ તેજ મુલકમાં રહેછે. પણ આબાદીનું સહુથી વધારે સંગીન કારણ જે મને માલુમ પડયું છે તે એ છે કે ગાંમડાઓને તેમ જ બીજી બધી વર્ત્તમાન સંસ્થાઓને પૂર્ણ અધિકાર આપવામાં આવેછે, અને આપણી પદ્ધતિથી જેનો સંભવ જ નથી એવી રીતે તમામ વર્ગની રૈયતને રોજગાર મળેછે.”

આ રીતે ઊંચી નોકરીમાંથી લોકને બાતલ કરવામાં આવેછે તે અને વર્ષોવર્ષ મ્હોટી રકમો હિંદુસ્તાનની બહાર ઘસડાઇ જાય છે, તે બે દરદો સર જૅન માલ્કમ અને બીજા સાક્ષીઓએ સિલેક્ટ કમિટિ રૂબરૂ રજુ કર્યાં હતાં. ઉપાય બિશપહીબરે પ્રથમ બતાવ્યો હતો. તે એજ કે દેશીઓને વધારે

સંખ્યામાં પોતાના દેશના વહિવટમાં રોજી આપવી: અને હિંદુસ્તાનની સર્વ ઉપજ હિંદુસ્તાનમાં જ ખર્ચવી. પહેલી બાબતમાં મનો, એલ્ફિન્સ્ટન અને મેન્ટિન્કે કંઇક નિવારણ કર્યું હતું અને ૧૮૩૩ માં કમ્પનીનો પટો તાજી કરતી વખતે બ્રિટિશ પાર્લમેન્ટે એક કલમ એવી ઉમેરી કે જેથી નાત જાત અને ધર્મના ભેદને બાજુ ઉપર મૂકી હિંદુસ્તાનની સમસ્ત રૈયતને સમસ્ત અધિકારને માટે યોગ્ય ઠરાવી; પણ બીજી બાબતમાં પાર્લમેન્ટે કંઇ પણ નિવારણ કર્યું નથી એટલું જ નહિ પણ ૧૮૩૪ થી તેમણે કમ્પનીનો વેપાર બંધ કર્યો છતાં ઉપર કહ્યું છે તે પ્રમાણે સાડા દસ ટકા વ્યાજ હિંદુસ્તાનની ત્રિજોરીમાંથી કમ્પનીની મુડી ઉપર કમ્પનીને આપવાનો ઠરાવ કર્યો છે. આ હિંદુસ્તાનને એક ગેરઇન્સાફ હતો; અને તે સામે એક બીજા ઈંગ્રેજે જ્યારે ૧૮૫૮ માં કમ્પનીના હાથમાંથી તાજના હાથમાં હિંદુસ્તાનની માલકી ગઇ ત્યારે મજબૂત વાંધો ઉઠાવ્યો હતો.

ઉપરના પ્રકરણમાં આપણે જોઇ ગયા છીએ કે સરજૅન વિન્ગેટે મુંબઇની જમાબન્ધીના કામમાં નામના મેળવી હતી. તેમને ખોટી પદ્ધતિ પ્રમાણે કામ કરવાનું હતું, પણ માયાળુપણાથી અને વિવેકથી કામ લઇને તેમણે તે ખોટી પદ્ધતિને પણ સફળ બનાવી હતી. ત્રીસ વર્ષ સુધી હિંદુસ્તાનના લોકોમાં મ્હેનત કરી તેમણે ઉપરામ લીધો હતો; તેઓને હિંદના કામકાજની પૂરી અને પાકી વાકેફગારી હતી; તેઓ સરકારનાં માન અકરામ પામ્યા હતા, અને મુંબઇની મ્હેસુલ પદ્ધતિના પિતા તરીકે તેમનો નામના થઇ હતી. પણ હિંદુસ્તાન અને ઇંગ્લાંડ વચ્ચેનાં નાણાં પ્રકરણી સંબંધથી તેમને ચિંતા અને દુઃખ ઉત્પન્ન થયાં હતાં; અને જ્યારે હિંદુસ્તાનનો વહિવટ કમ્પનીના હાથમાંથી તાજના અમલમાં ગયો ત્યારે તેમણે તે વખતે જે નવી ગોઠવણ કરવામાં આવે તેમાં હિંદુસ્તાનને વધારે ઇન્સાફ કરવા પોતાના સ્વદેશી જનોને વિનંતિ કરી હતી. તેઓએ લખ્યું છે કે,

" ત્યારે જો આપણે હિંદુસ્તાન ઉપર માત્ર દેશીઓને માટે નહિ પણ આપણા પોતાના સ્વાર્થ સારૂ પણ રાજ્ય કર્યું છે અને કરીએ છીએ, તો તેના રાજ્ય વહિવટના ખર્ચમાં કંઇ ભાગ આપણે ન આપીએ તો પરમેશ્વર અને માનવ જાતિની નજરમાં આપણે ઠપકાને પાત્ર છીએ. જે બ્રિટિશ સ્વાર્થોની ગણતરીથી આપણી હિંદ સંબંધી રાજ્યનીતિ ઘડાઇ હોય તેના પ્રમાણમાં આપણે આપણો વાજબી હિસ્સો ન્યાયની રીતે આપવો જોઇએ. પણ આવો હિસ્સો આપણે કદી આપ્યો નથી, અને અત્યારે ઘણા વર્ષથી ચઢયે જતું એક મોટું કરજ આપણા સામું એકઠું થયું છે. ઇંગ્લાંડ સત્તાધીશ છે, હિંદુસ્તાન તેને પગે પડયું છે, અને સબળા પાસે નબળાનું કંઇ જોર ચાલે નહિ એ સ્વભાવિક છે.

"હિંદુસ્તાનને જે જમા આપવી પડે છે તેની આર્થિક અસર ઉપર વિચાર કરીએ તો તે અત્યંત વાંધા ભરેલી છે એમ તરત સમજાશે. જે દેશમાંથી કર લેવામાં આવે તે દેશમાંજ તે કરનો ઉપયોગ થાય એ એક જુદી વાત છે, અને તે કરનો બીજા દેશમાં ઉપયોગ થાય એ જુદું છે. પહેલા પ્રસંગમાં લોક પાસે ઉઘરાવેલાં નાણાં સરકારની નોકરીના માણસોના હાથમાં જાય છે, અને તેમના ખરચ ખુટણ દ્વારા તે નાણાં પાછાં ઉદ્યોગી પ્રજાના હાથમાં આવે છે. તેમાં માત્ર માલિકીનો ફેરફાર થાય છે, પણ સમગ્રતાએ પ્રજાને જેરલાભ નથી; અને તેથી, સુધારામાં આગળ વધેલા દેશો કે જ્યાં યાંત્રિક યોજનાઓ અને કુદરતની શક્તિઓના વિવેકી ઉપયોગથી દ્રવ્યોત્પાદક શક્તિમાં ઘણો વધારો થયેલો છે ત્યાં લોક ઉપર જૂજ બોજાથી કરની ઘણી મોટી રકમ પેદા કરી શકાય છે. પણ જ્યાં જે દેશમાંથી કર લેવામાં આવ્યા હોય તે દેશ સિવાય બીજા દેશોમાં તે કરનાં નાણાં ખર્ચાતાં હોય ત્યાં તો જુદો જ પ્રસંગ છે. ત્યાં અગાડી એક વર્ગની રૈયત પાસેથી રૈયતના બીજા વર્ગ પાસે નાણાં જાય છે એમ નથી, પણ કર આપનાર દેશમાંથી તેટલું નાણું કેવળ

અદૃશ્ય થાય છે, એટલે તે દેશને તેટલુ નુકસાન જ છે. સગ્રગ્ર પ્રજાની દ્રવ્યોત્પાદનની શક્તિ ઉપર આની શી અસર થાય છે તેનો વિચાર કરીએ તો એમાં અને એ તમામ નાણુ દરીઆમાં નાખી દેવામાં આવે તે બેમાં કંઇ જ ફેર નથી કારણ કે એ નાણાંનો કંઇ પણ અંશ મૂળ દેશમાં કોઇ પણ આકારમાં પાછો આવવાનો નથી. હિંદુસ્તાનમાંથી આપણે જે જમા આટલા લાંબા કાળથી લેતા આવ્યા છીએ તેનું આ સ્વરૂપ છે.

"આ જમા ઇન્સાફના તાજવામાં તોળતાં, કે આપણા સ્વાર્થના દૃષ્ટિબિંદુથી તપાસતાં, માનવ હિતની સ્વભાવિક અકલની અને અર્થશાસ્ત્રના સુસ્થાપિત સિધ્ધાન્તોની વિરૂદ્ધ જણાશે. તેથી હિંદી સરકારને માટે આપણે અહીંઆ જે કાંઇ ખરચ કરવાનું હોય તે ઇગ્લંડની બાદશાહી ત્રિજોરીમાંથી આપવાની ગોઠવણ કરવી એમાં ડહાપણ સમાયલું છે. આ ખરચ આટલા પ્રકારનું છે (૧) ઇસ્ટ ઇન્ડિયાની મુડીનું વ્યાજ. (૨) ઇંગ્લંડમાં થયેલા કરજનું વ્યાજ. (૩) હિંદી સરકાર સંબંધી કામકાજ કરવા માટે ઇંગ્લંડમાં જે અધિકારીઓ અને તેમના હાથ નીચે માણસો રાખવા પડે તેનું તેમજ મકાનો વગેરેનું ખરચ (૪) હિંદુસ્તાનના લશ્કરી અને વહિવટી અધિકારીઓ અહીં રજા ઉપર હોય ત્યારે અથવા ઉપરામ લઇને આવે તે વખતે તેમને પગાર ભથ્થુ વગેરે આપવું પડે તે (૫) હિંદુસ્તાનમાં નોકરી ઉપર ગયેલા બ્રિટિશ સૈનિકોને માટે ઇંગ્લંડમાં જેને ખરચ કરવું પડે તે તમામ અને (૬) બ્રિટિશ લશ્કરને હિંદુસ્તાનથી લાવવા લઇ જવામાં જે ખરચ થાય તેનો અમુક હીસ્સો.

" જો ઇન્ડિઆ ઉપરથી આ કૂર બોજો ઓછો થાય અને હિંદુસ્તાનની રૈયત પાસેથી જે કર લેવાય તે બધા તે દેશમાં જ ખરચવામાં આવે તો તે દેશની ઉપજમાં એવી સ્થિતિસ્થાપકતા આવે કે જેનો આપણને અત્યારે ખ્યાલ પણ આવી શકે તહીં."

પણ આ વિનંતિ નિષ્ફળ નીવડી. આ 'ખરચ' જે મહારાણી વિક્ટોરિયા ગાદી ઉપર બેઠાં તે વખતે ત્રીસ લાખ જેટલું હતું, તે તેઓ સદ્ગત થયાં ત્યારે એક કરોડ ૭ લાખ સુધી વધી ગયું હતું. આવો અર્થશોષ દુનીઆમાંના આબાદમાં આબાદ દેશને પણ પાયમાલ કરવા સમર્થ છે; તેણે હિંદુસ્તાનને એક દુષ્કાળની ભૂમિ બનાવી મૂકી છે, જ્યાં, જેવા વારંવાર દુષ્કાળ આવે છે, જેવા વિસ્તારમાં આવે છે, અને જેવા હાનિકારક આવે છે તેવા દુષ્કાળો હિંદુસ્તાનના પૂર્વના ઇતિહાસમાં અથવા જગતૂના ઇતિહાસમાં અજ્ઞાત છે.

પ્રકરણ ૧૦ મું.

મહારાણી વિક્ટોરિયાનું રાજ્યારોહણ.

૧૮૩૩ માં કમ્પનીનો પટો તાજો કરવા બાબત જે કાયદો થયો તેમાંના નાણાં સંબંધી ઠરાવો ઉપર આવી ગયા, પણ તે સિવાય બીજી પણ કેટલીક ગોઠવણો તેમાં થયેલી તેના ઉપર હવે આવીએ.

૧૮૦૨ અને ૧૮૦૩ માં લોર્ડ વેલ્લસ્લીનાં ઉત્તર હિંદુસ્તાનનાં યુધ્ધો અને મુલકો બાલસા કરવાની નીતિથી બંગાળાની સરહદમાં મોટો વધારો થયો હતો. ઉત્તર હિંદુસ્તાનના મુલકનો હવે જુદો પ્રાન્ત બનાવ્યો. આ વખતથી ત્રણને બદલે ચાર મુખ્ય ઇલાકાઓમાં હિંદુસ્તાન વહેંચાયું અને તેજ કારણથી છેલ્લા પ્રકરણમાં જે કોષ્ટક આપવામાં આવ્યાં છે તેમાં ત્રણને બદલે ચાર પ્રાન્તો આ તારીખથી બતાવવામાં આવ્યા છે.

મી. વૉરન હેસ્ટિંગ્સના વખતથી ગવર્નર જનરલની 'બંગાળાના ગવર્નર

જનરલ' એ પદવી હતી; અને તેને બીજા પ્રાન્તોપર દેખરેખ રાખવાનો અધિકાર હતો. ૧૮૩૪ માં આ અધિકારીને 'હિંદુસ્તાનના ગવર્નર જનરલ' એ પદવી મળી એટલે લૉર્ડ વિલ્યમ બેન્ટિન્ક હિંદુસ્તાનનો પહેલો ગવર્નર જનરલ થયો. અત્યાર સુધી દરેક પ્રેસીડન્સીઓમાં પોતપોતાના બંદોબસ્ત સારૂ જુદાજુદા કાયદા થતા. હવે હિંદુસ્તાનના ગવર્નર જનરલને આખા હિંદુસ્તાનને લાગુ પડે તેવા કાયદા પસાર કરવાની સત્તા આપવામાં આવી. ગવર્નર જનરલના મંત્રીમંડળમાં અત્યાર સુધી ચાર સભાસદો હતા તેમાં હવે એક ઉમેરીને પાંચ કર્યા; અને આ પાંચમા સભાસદને વ્યવહાર (legal) મંત્રી એ સંજ્ઞા આપવામાં આવી અને હિંદુસ્તાનના પહેલા વ્યવહારમંત્રી તરીકે મેકૉલેને નીમ્યા. વળી ગવર્નર જનરલને હિંદુસ્તાન માટે કાયદા ઘડવા સારૂ ખાસ અધિકારીઓ નીમવાની સત્તા આપવામાં આવી. અને આ અધિકારવાળી સભાના પ્રમુખ તરિકે મેકૉલેએ પીનલકોડ ઘડ્યો, જેનો પ્રખ્યાત મુસદ્દો ચોવીસ વર્ષ પછી કાયદો થયો.

વળી યુરોપિયનોને હિંદુસ્તાનમાં વસવાટ ન કરવા દેવાના તમામ અંકુશો દૂર કર્યા. કલકત્તાના ધર્માધ્યક્ષની જૂની જગાના જેવી બીજી બે જગાઓ નવી કહાડી અને કમ્પનીના નિયંતાઓએ પસંદ કરેલા હિંદની સિવિલ સરવીસના ઉમેદવારોને કેળવણી લેવા સારૂ હેઇલિબરીમાં એક કૉલેજ સ્થાપી. સને ૧૮૮૪ ના પિટના પ્રબંધે સરકારી અધિકારીઓનું જે મંડળ કમ્પનીના વહિવટ ઉપર દેખરેખ રાખવા સારૂ નીમ્યું હતું તે કાયમ રાખ્યું.

કમ્પનીના વધારેમાં વધારે સમર્થ નોકરોને પણ લોકોની સહાયતા વિના રાજ્ય વહિવટ યોગ્ય રીતે ચલાવવાનું અશક્ય જણાતું હતું, અને મનો એલ્ફિન્સ્ટન અને બેન્ટિન્કે ઉપર જણાવાઇ ગયું છે તે પ્રમાણે ન્યાયખાતામાં કેટલીક જવાબદારીવાળી જગાઓ ઉપર દેશીઓને દાખલ કર્યા હતા. આ

ઉદ્ગાર નીતિનો આ કાયદાની એક કલમમાં સબળ રીતે ઉદ્ઘોષ કર્યો. જે નીચે પ્રમાણે હતોઃ—

" અને એવો કાયદો કરીએ છીએ કે ઉપર લખેલા મુલકનો કોઈ વતની, અથવા જન્મથી જ મહારાજાધિરાજની રૈયત થયેલો તે મુલકમાં રહેનારો, કોઈપણ, માત્ર ધર્મ, જન્મસ્થળ, કુલ, વર્ણ કે એમાંના કોઇ એક કારણથી કમ્પનીના તાબામાં કોઈ પણ જગા અધિકાર અથવા રોજગારી મેળવવા માટે નાલાયક ગણાશે નહિં.

આ કાયદો પસાર થયો તે વખત મેકૉલે હાઉસ ઑફ કૉમન્સમાં હતો; અને આ કલમ ઉપર તેનું પ્રખ્યાત ભાષણ ઘણીવાર પ્રમાણ તરીકે ઉચ્ચારવામાં આવેલું છે તો પણ વળી એકવાર આપણે યાદ કરીએ.

" પરંતુ આ પ્રબંધનો એક ભાગ એવો છે કે જેના સંબંધમાં બીજે ઠેકાણે જે વ્યાપાર ચાલી રહ્યો છે તેને લઇને બે શબ્દ બોલવાના મારા વેગને અટકાવવાને હું અસમર્થ છું. જે કલમ ઉપર હું આપનું ધ્યાન ખેંચવા માગું છું તે એ ડાહી, પરહિતેચ્છુ, અને અમીરી કલમ છે, જેમાં આપણે એવો ઠરાવ કર્યો છે કે આપણા ભારત સામ્રાજ્યનો કોઇ વતની તેના વર્ણ, કુલ કે ધર્મ માત્રના કારણથી અધિકાર મેળવવાને નાલાયક ગણાશે નહિં. સ્વાર્થી હૃદય અને સાંકડા મનવાળા મનુષ્યોને જે નામ બહુ અપમાનકારક લાગે છે તેવું— ' વેદીઓ ' એવું નામ પડવાનું જોખમ વેઠીને પણ હું કહું છું અને મારે કહ્યા વિના ચાલે એમ નથી કે મારા જન્મ પર્યન્ત આ કાયદો ઘડવામાં હું સામેલ હતો એ વાતનું મને અભિમાન રહેશે.

"બર્નીયરે કહ્યું છે કે, હિંદુસ્તાનમાં કેટલાક જુલમી રાજાઓને એવી ટેવ હતી કે જ્યારે પોતાની રૈયતમાંના કોઇ મોટા અને પ્રખ્યાત માણસની શક્તિ

અને તેજનો એમને ડર લાગે છતાં તેમને મારી નાંખી શકે નહિ, ત્યારે તેનો હમેશાં 'પુસ્ત' એ નામની અફીણની એક દવા આપે, જેની અસર એવી થાય કે થોડા મહીનામાં એ બીચારાની તમામ શારીરિક અને માનસિક શકિત નષ્ટ થઇ જાય; અને તે પોતે એક લાચાર ઘેલા જેવો થઇ રહે. આ ધિક્કારવા લાયક યુકિતની સ્થિતિમાં એક આખી પ્રજાને મુકતાં આપણે આનાકાની ન કરીએ તો આપણી સ્વતંત્રતા અને સુધારો કાંઈ જ કામનાં નથી. આપણે હિંદુસ્તાનના લોકોને આપણા તાબામાં રાખી શકીએ તેટલા માટે શું તેમને અજ્ઞાન રાખીશું ? અથવા આપણે એમ માનીએ છીએ કે એમને જ્ઞાન આપ્યા છતાં તેમનામાં અધિકાર લોભ જાગ્રત નહિ થાય ? અથવા આપણે તેવી રીતે અધિકાર લોભ જાગ્રત કરીને તેને માટે કંઇ માર્ગ નહીં કરી આપીએ ? આમાંના કોઇ પણ પ્રશ્નનો ઉત્તર 'હ' કારમાં કોણ આપી શકશે ? છતાં જે લોકો હમેશને માટે ત્યાંના વતનીઓને ઊંચા અધિકારમાંથી બાતલ રાખવાને માગે છે તેમને આમાંના એકાદ પ્રશ્નનો જવાબ હકારમાં આપ્યા વિના ચાલે તેમ નથી. મને કોઇ પણ પ્રકારનો ભય નથી. ધર્મનો માર્ગ આપણી આગળ સ્પષ્ટ છે અને તેજ ડહાપણનો માર્ગ છે, આપણી પ્રજાની સમૃદ્ધિનો અને આપણી પ્રજાની પ્રતિષ્ઠાનો પણ માર્ગ છે.

આપણા ભારત સામ્રાજ્યનું ભવિષ્ય ઘાટ અંધકારમાં વીંટાયલું છે. રાજકીય સૃષ્ટિમાં નવાજ પ્રકારના પ્રસંગો રૂપ, જેના સરખું ઇતિહાસમાં બીજું એક સામ્રાજ્ય હજી સુધી થયું નથી, તેનું ભવિષ્ય શું થશે તેનો તર્ક કરવો અશક્ય છે. એના અરતોદયના નિયમો અજ્ઞાત છે. એમ પણ બને કે હિંદુસ્તાનના જન મંડળનું આંતર જીવન આપણી રાજ્ય પદ્ધતિ નીચે વૃદ્ધિ પામતાં પામતાં એટલે સુધી વધે કે પછી તેને માટે આપણી પદ્ધતિ અયોગ્ય થઇ જાય; તેમના ઉપર સદ્‌રાજ્ય કર્યાથી આપણે તેમને વધારે સારા રાજ્યતંત્રને માટે કેળવી શકીએ; તેમને યુરોપિયન જ્ઞાન આપ્યાથી તેમનામાં ભવિષ્યમાં યુરોપિયન સમાજસંસ્થાઓની માગણીઓ કરવાની ઇચ્છા થાય.

આવો દિવસ કોઇ દિવસ આવશે કે નહિ તે હું જાણતો નથી. પણ એવા દિવસને પાછો વાળવા કે વિલંબિત કરવાનો યત્ન હું કદી કરવાનો નથી. એ જ્યારે આવશે ત્યારે ઈંગ્લંડના ઇતિહાસમાં મ્હોટામાં મ્હોટો દિવસ ગણાશે. ગુલામગિરી અને વ્હેમના ઊંડામાં ઊંડા ખાડામાં પડેલી એક પ્રજા ઉપર એવી રીતે રાજ્ય કરવું કે નાગરિક તરીકેના હકકને માટે તેમને ઇચ્છા થાય અને તે હક્ક ભોગવવા તેઓ લાયક થાય, એવું બને તો તે નિર્વિશેષ કીર્તિનું કારણ થશે. આપણા હાથમાંથી કદાચ રાજદંડ જતો રહે; રાજ્ય નીતિની ગંભીર યોજનાઓ અગુપ્તાર્યા કારણોને લીધે અસ્તવ્યસ્ત થઇ જાય; આપણાં આયુષ્યોને હમેશાં યશ ન મળે; એ બધું બને; પણ કેટલાંક એવાં પરાક્રમો છે કે જેના પછી કોઇ વિપરીત પ્રસંગ આવવો સંભવે જ નહિ. એક એવું સામ્રાજ્ય છે કે જેને ક્ષયનાં કુદરતી કારણો સ્પર્શ કરી શકતાં નથી. તે સામ્રાજ્ય તે આપણી કલાઓનું, આપણા નીતિ સિદ્ધાન્તોનું, આપણા સાહિત્યનું અને આપણા કાયદાઓનું અક્ષય સામ્રાજ્ય છે.''

મેકૉલેની રીત પ્રમાણે ઉપરના ભાષણમાં રંગ ઘેરા પૂરેલા છે. જ્યારે હદ બહારની આકરી ભાષા વપરાય છે, ત્યારે આપણે એમજ માનવું જોઇએ કે ઈંગ્રેજોનામાં પોતાના દેશ બહારની પ્રજાઓનાં સંપત્તિઓ અને રીતરીવાજોની પૂરતી તુલનાશક્તિ નથી અને મેકૉલો એ ખામીને લીધે જ મોઘલોને નિંદાપાત્ર જુલમગાર કહે છે, અને બ્રાહ્મણ વર્ગની ગુલામગિરી અને વ્હેમના ઉંડામાં ઉંડા ગર્તની વાતો કરે છે.

તોપણ ઉપર મેકૉલેએ જે ઊંચી રાજ્યનીતિની હિમાયત કરી છે, તેજ રાજ્યનીતિ ૧૮૩૩ માં ઈંગ્લંડની રાજ્યનીતિ હતી; અને એ જ રાજ્યનીતિ હિંદુસ્તાનમાં દાખલ કરવાની અને અમલમાં મૂકવાની ઇંગ્રેજોને ઇચ્છા હતી. તે વખતના ઇંગ્રેજોને એકલહાથ્યો અધિકાર અને અતડાપણું ગમતું ન હતું. જેમણે પોતે લોકોના પ્રતિનિધિઓ મોકલવાના અધિકારમાં હમણાં જ વિસ્તાર

કર્યો હતો તેમને એક આખી પ્રજાને ઊંચા અધિકારમાંથી બાતલ કરવાનું ગમતું ન હતું; એક તાબાની પ્રજાની સાથે પણ ન્યાયથી વર્ત્તવું એ સમગ્ર સાચા સુધારકોનો તેમજ બ્રિટિશ ટાપુઓની વસ્તિનો વિચાર હતો; અને ઉપર જે કલમ આપણે ટાંકી છે તે તે વખતના જીવનતત્વનું જ પરિણામ હતું, હિંદુસ્તાનને માટે બ્રિટિશ પ્રજાની ઇષ્ટ નીતિનું દસ્ય સ્વરૂપ હતું.

તે પછીના શીત્તેર વર્ષમાં તેજ ડહાપણભરી અને ઉદાર નીતિ એકસરખી રીતે ચાલી હત તો હિંદુસ્તાન અત્યારે ઘણું સુખી હોત. જો વસ્તિને રાજ્ય વહિવટમાં યોગ્ય ભાગ આપ્યો હત તો બ્રિટિશ સામ્રાજ્ય આજ વધારે લોકપ્રિય અને વધારે પ્રતેહમંદ હોત. અને હિંદુસ્તાનની રાજકીય ઉપજનો મોટો ભાગ લોકોના વેપાર ઉદ્યોગને પ્રલિત કરવા સારૂ પાછો લોકોમાં જ વ્હેંચાયો હત તો લોકોની આર્થિક સ્થિતિ પણ ઘણી સારી હોત. પણ જે દેશમાં લોકોને કાંઇ હક નથી તે દેશમાં અનન્યાધિકારને નાશ પામતાં વાર લાગે છે; અને આ શીત્તેર વર્ષમાં મેકૉલે જેને 'ડાહી, પરહિતેચ્છુ અને અમીરી' કલમ કહે છે તેને વાસ્તવિક રીતે બાજુ ઉપર રાખવામાં આવી છે.

આ કલમ ઘડાયા પછી પચાસ વર્ષે હિંદુસ્તાનના એક બ્હાઇસરોય લખે છે કેઃ-ઉપરનો કાયદો પસાર થતાની સાથેજ સરકાર તેને પરિપૂર્ણ કરવાનું બાજુ ઉપર રાખવાની ભારે યોજનાઓ કરવા લાગી. આ કાયદો, જે, કેળવાયલા વર્ગની વૃદ્ધિના ઉપાય બતાવે છે પણ જેમના વિદ્યમાન વર્ગની ઇચ્છાઓને પરિપૂર્ણ કરવાની જેનામાં શકિત નથી, તેને હમેશ વધતા જતા કેળવાયલા વર્ગે ગોખી રાખ્યો છે ને હૃદયમાં જડી રાખ્યો છે; તે કાયદા પ્રમાણે 'કોવિનેનન્ટેડ નોકરોને' માટે ખોટી મુકેલી જગામાંથી કોઇ પણ જગા ઉપર કોઇ દેશી દાખલ થયો તો પછી તે નોકરીની ઊંચામાં ઊંચી જગા ઉપર જવાની આશા વાજબી નિયમો પ્રમાણે રાખવાને હકદાર થાય છે. આપણે બધા જાણીએ છીએ કે આ દાવો અને આ આશા કદી પરિપૂર્ણ થવાનાં નથી.

આ પ્રસંગમાં એક તેમને નિષેધ કરવાનો અને બીજો તેમને છેતરવાનો એ બે માર્ગો આપણી પાસે હાજર હતા; એ બેમાંથી અનૃજુ માર્ગ આપણે પસંદ કરેલો છે. ઈંગ્લંડની તીવ્ર પરીક્ષાની પદ્ધતિ દેશીઓને લાગુ પાડવી, અને પરીક્ષામાં બેસવાની ઉમરમાં હાલમાં ઘટાડો કર્યો છે તે આ કાયદાને નિરર્થક કરવાની પાકી અને પારદર્શક યુક્તિઓ માત્ર જ છે. અને હું આ બાનગીમાં લખું છું એટલે મને કહેવાને માટે કાંઇ સંકોચ નથી કે અત્યાર સુધી તો ઈંગ્લંડ અને હિંદી સરકારે 'બોલવું કંઇક ને ચાલવું કંઇક' એ તહોમતને પાત્ર થવાને જે જોઇએ તે કર્યું છે, અને તેનો સંતોષકારક ખુલાસો આપી શકે તેમ નથી."

૧૮૩૩ ના કાયદાની જે કલમનાં આટલી વાગ્મિતાની હાઉસ ઑફ કૉમન્સમાં વખાણ થયાં હતાં, અને જે બ્રિટિશ પ્રજાએ આટલી સબળ રીતે પસંદ કર્યો હતો, તે કલમ નિરર્થક થશે એમ કોઇના ધારવામાં તે વખતે ન હતું. એથી ઉલટું તે વખતે હિંદુસ્તાનમાં કેળવણી વધારવી અને કેળવાયલા વતનીઓને પોતાના દેશની નોકરીમાં વધતો વધતો ભાગ આપવો એવી સબળ ઇચ્છા હતી. અંગ્રેજો ન્યાયી થવાની ઇચ્છા રાખતા હતા, અને ભારતીય પ્રજાના મનમાં ન્યાયી અને સત્યાચરણવાળા સામ્રાજ્યના છત્ર નીચે સમુત્કર્ષ અને સ્વરાજ્યની ઊંચી આશાઓ આનંદ સાથે ઉત્પન્ન થઇ હતી.

આ બીના પછી ચારે વર્ષે મહારાણી વિક્ટોરીઆ ગાદીએ બેઠાં. આ વખતે ઈંગ્લંડનો હિંદુસ્તાનનો રાજ્ય તન્ત્ર જેવો લોકાનુરાગી અને લોક હિતેચ્છુ હતો, અને લોકનામાં તે રાજ્ય માટે જેવું માન અને જેવી રાજ્યભક્તિ હતી તેના કરતાં વધારે બીજી કોઇ ક્ષણે બતાવી શકાય તેમ નથી. લોર્ડ વેલ્સ્લી, હેસ્ટિંગ્સ અને લોર્ડ એમ્હર્સ્ટ આદરેલાં યુદ્ધો પૂરાં થઇ ગયાં હતાં અને ભૂમિમાં શાન્તિ પથરાઇ હતી. કાર્યભારના વહિવટની ભૂલો પણ ઘણીખરી સુધરી ગઇ હતી. લોકોને, પોતાના દેશના કાર્યભારમાં કંઇક ભાગ

આપવામાં આવ્યો હતો; મદ્રાસમાં મનરોના મુંબાઇમાં એલ્ફિન્સ્ટનના અને બંગાળામાં મેન્ટિન્કના રાજ્યોનાં શુભસ્મરણો હજી લોકના મનમાં તાજાં હતાં. હિંદુસ્તાનમાં અંગ્રેજી કેળવણીનો પ્રચાર કરવાનો નિશ્ચય થયો હતો. ઉડાઉ ખરચ કમી કરવામાં આવ્યું હતું, અને બજેટમાં વધારો દેખાયો હતો. ક્રૂર અને જુલમી જમીનની મહેસુલ ઘટાડી નાંખવામાં આવી હતી, અને ઉત્તરમાં બર્ડ અને મુંબાઇમાં વિન્ગેટ લાંબા પટાની વધારે માયાળુ જમાબન્દી કરવામાં ગુંથાયા હતા. ઇસ્ટ ઇન્ડિયા કમ્પની વેપાર કરતી બંધ થઇ અને હવેથી વહિવટનો કાબુ ધરાવનાર તરીકે જ રહી. બ્રિટિશ પાર્લમેન્ટે નાત જાત કે ધર્મના તફાવત વિના લોકોને રાજ્યની ઊંચામાં ઊંચી નોકરીઓમાં દાખલ કરવાનું વચન આપ્યું હતું; એક બાળ મહારાણી બ્રિટિશ સામ્રાજ્યના સિંહાસન ઉપર આરૂઢ થયાં હતા; અને નારીજાતિની માયાળુ ઉપરીપણાથી જેવી આશાઓ પૂર્વ તરફના લોકોમાં ઉત્પન્ન થાય છે તેવી ઊંચી આશાઓ હિંદુસ્તાનના લોકોના મનમાં તે બનાવે ઉત્પન્ન કરી હતી.

વળી વહિવટી સુધારામાં જેમ આ સમય તેજસ્વી હતો તેમજ સાક્ષર-વ્યાપારમાં પણ તેજસ્વી હતો. સાહિત્ય જ મનની જે વિશાળતા ઉત્પન્ન કરી શકે છે તે વિશાળતા મેકોલેએ હિંદુસ્તાનમાં દાખલ કરી હતી. હોરેસ હેમેન વિલ્સન આરંભમાં એક પ્રખ્યાત પ્રાચ્યવિદ્યાનિપુણ પંડિત હતો, અને પાછળથી પ્રસિદ્ધ ઇતિહાસકાર થયો. એલ્ફિન્સ્ટન પણ એક વિદ્વાન હતો અને પોતાનો 'હિંદુસ્તાનનો ઇતિહાસ' પ્રસિદ્ધ કરવાની તૈયારીમાં હતો. બ્રિગ્સે પોતાનું 'જમીન મહેસુલ' ઉપરનું મહાન્ પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું, અને તે ફેરીસ્તાનો નામી તરજુમો તૈયાર કરતો હતો. કર્નલ ટૉડ જે અનુરાગમાં લગભગ રજપૂત જ હતો, તેણે રાજસ્થાનનો કલ્પિતકથાના કરતાં પણ વધારે હૃદયસ્પર્શી અને ચિત્તાકર્ષક એક રજપૂતોનો ઇતિહાસ લખ્યો. ગ્રાન્ટ ડફ મરાઠાના ઇતિહાસનું અચળ મૂલ્યવાળું મોટું પુસ્તક રચતો હતો. આ વખતે હિંદુસ્તાનમાં આવેલા યુરોપીઓ જે સાહિત્યપરાયણતા અને સાક્ષરતા બતાવી હતી તેવી કદી

પણ બતાવી નથી. જે સાચો લોકાનુરાગ આ વખતે તેઓ બતાવતા તેવો લોકા-નુરાગ કદી જોવામાં આવ્યો નથી. ૧૮૩૧–૩૨ ની પાર્લમેન્ટની કમિટિ રૂબરૂ પડેલી જુબાની વાંચીને આપણને એવું લાગ્યા વિના રહેજ નહિ કે તે લોકો તે વખતે હિંદુસ્તાનના લોકોને માટે માન ધરાવતા અને તેમના સદ્‌ગુણ અને લાયકાતની તુલના કરી શકતા.

ચેપ્લિન કહે છે કે સામાન્ય રીતે ભારતવાસીના શીલસ્વરૂપનો મને સારો અભિપ્રાય છે. હું ધારું છું કે દુનીઆના કોઇપણ દેશના વતનીઓ સાથે મુકાબલો કરીશું તોપણ તેઓ ચઢી જશે. આ ચેપ્લિન તે તે કે જેના મુંબઇ ઇલાકાના મ્હેસુલી કામકાજનું નિરીક્ષણ આપણે પૂર્વના એક પ્રકરણમાં કર્યું છે.

મદ્રાસ સિવિલ સર્વિસવાળા જ્હૉન સુલિવાનને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે તમે તમારા સ્વદેશીઓ ઉપર જેટલો વિશ્વાસ મૂકો, તેટલો વિશ્વાસ હિંદુસ્તાનના વતનીઓ ઉપર મૂકો કે નહિ ? સુલિવાને જવાબ દીધો કે " હા. જો તેઓની સાથે આપણે તેટલી જ સારાઇથી વર્તીએ તો. "

અને જેમ્સ સધર્લંન્ડ જે કલકત્તાના એક ઉત્તમ પંડિતના બંગાલ નામના વર્તમાનપત્રના કેટલાંક વર્ષસુધી તંત્રી હતા તેમણે કેળવાયલા હિંદીઓ માટે કહ્યું હતું કે 'તેઓ જગતમાં કોઇ પણ મનુષ્યો જેટલાજ વિશ્વાસપાત્ર છે.'

લોક ઉપર વિશ્વાસ રાખવાની આ વૃત્તિથી લોકનાં મન બહુ સંતુષ્ટ થયાં. હતાં. ભારતીય જન સમાજના અગ્રણીઓ, હિંદુસ્તાનના સાંસારિક અને ધાર્મિક સુધારકો, કલકત્તાની હિંદુ કોલેજમાં કેળવણી પામેલા પ્રખ્યાત વિદ્યાર્થીઓ; એ સર્વેના મનમાં ઇંગ્લિશ સાહિત્ય અને ઇંગ્લિશ વિચારસરણીને માટે તુલના થઇ, અને બ્રિટિશ જનસમાજના શીલસ્વરૂપને માટે અને બ્રિટિશ સામ્રાજ્યને માટે ઊંડો ભક્તિભાવ ઉત્પન્ન થયો. રાજા રામમોહનરાય, તે યુગના સર્વથી વધારે તેજસ્વી પુરુષે, બ્રહ્મો સમાજ સ્થાપ્યો, અને તે કાલના સર્વ સાંસારિક અને ધાર્મિક સુધારાઓમાં મદદ કરી; અને ' સતી ' નો ક્રૂર રીવાજ નાબુદ કર-

વામાં એમણે કરેલી નિષ્ઠાપૂર્વકની મદદને માટે સર વિલ્યમ બેન્ટિન્કે તેમનો સારો સત્કાર કર્યો. તે પછી રાજા રામમોહનરાય ઇંગ્લંડ ગયા, અને લોર્ડ વિલ્યમ બેન્ટિન્કના આ પગલાની સામેની એક અરજ ઉપર ચર્ચા થતી હતી તે વખતે હાઉસ ઑફ કોમન્સમાં હાજર હતા, અને હિંદુસ્તાનની સરકારના ઠરાવ ઉપર બ્રિટિશ પાર્લમેન્ટને મંજુરી આપતી નજરે જોવાનો તેને સંતોષ થયો. અને જે સુધારકવૃત્તિ, પશ્ચિમના સાહિત્ય અને વિચારતન્ત્રને માટે જે પ્રેમ અને બ્રિટિશ સામ્રાજ્ય ઉપર જે શ્રદ્ધા, રાજા રામમોહનરાયના જીવનને પ્રેરતાં હતાં, તેજ વૃત્તિ, તેજ પ્રેમ અને તેજ શ્રદ્ધાએ અંગ્રેજી નિશાળો અને કૉલેજોમાંથી તરતજ નીકળેલા હજારો જુવાન ઇન્ડિયનોનાં મનમાં ઘર કર્યું.

આ પ્રમાણે જ્યારે મહારાણી વિકટોરીયા બ્રિટિશ સામ્રાજ્યની ગાદીએ બેઠાં તે વખતે તેમની ભારતીરૈયતના મનમાં તેમને માટે ઊંડો, વિશાળ અને ભક્તિયુક્ત પ્રેમ હતો; કારણ કે ઇંગ્લંડની રાજ્યનીતિ ઉદાર અને વિશ્વાસુ હતી. એ મહારાણીશ્રીના લાંબા રાજ્યના અંત સુધી એજ ઔદાર્ય અને વિશ્વાસની નીતિ ચાલુ રહી હત તો હિંદુસ્તાનને ઘણું ઠીક હતું. હિંદુસ્તાનના રાજ્ય વહિવટનું કામ બ્રિટિશ પ્રજાએ માથે લીધેલા કામમાં સૌથી વધારે વિકટ અને અગત્યનું છે, અને તે કામ લોકોની સહાયતા વિના, અને તેમના ઉપર વિશ્વાસ મૂક્યા વિના કદી પણ પાર પાડી શકાય તેમ નથી.

મહારાણીશ્રી ગાદીએ આવ્યાં તેજ વર્ષમાં બ્રિટિશ વહિવટનું કામ કેટલું કઠણ છે તે પ્રત્યક્ષ થયું. ૧૮૦૩ અને ૧૮૦૪ લોર્ડ વેલ્સ્લીના યુધ્ધોના પરિણામમાં મોટા દુકાળો મુંબઇ અને ઉત્તર હિંદુસ્તાનમાં પડ્યા હતા. ૧૮૧૩ માં એક બીજો દુકાળ મુંબાઇમાં પડયો હતો અને જુલમી જમાબન્દીથી પીડાતા મદ્રાસમાં ૧૮૦૭–૧૮૨૩ અને ૧૮૩૩ માં મોટા દુકાળો પડયા હતા. અને અત્યારે મહારાણીના અમલના પહેલાજ વર્ષમાં તેમજ જુલમી જમાબન્દીથી

પીડાતા ઉત્તર હિંદુસ્તાનમાં આ બધા દુકાળો કરતાં વધારે સબળ દુકાળ પડ્યો. બર્ડની નવી જમાબન્દી હજી પૂરી થઇ ન હતી. લોકો સાધનહીન થઇ ગયેલા અને કરજમાં ડુબી ગયા હતા, અને ૧૮૩૭ માં વરસાદની ખામીથી ત્રાસદાયક દુષ્કાળના પંજામાં સપડાયા.

જેન લૉરેન્સ (જેઓ પાછળથી લૉર્ડ લૉરેન્સ થયા) લખે છે કે હાડાલ અને પાવલના પરગણામાં અત્યારે જે પીડા જોવામાં આવે છે તેવી મેં મારી જીંદગીમાં કદી જોઇ નથી. અસંખ્ય માણસો મરતાં; જેની ગણત્રી પણ થતી નહિ. કાનપુરમાં, શહેરમાં અને નદી ઉપર મુડદાં ઠેકાણે કરવા માટે માણસોને મરતા રાખવાની જરૂર પડી હતી. ફતેહપુર અને આગ્રામાં પણ એવાંજ પગલાં ભરવાની જરૂર જણાઇ હતી. લાખો માણસો અપ્રસિદ્ધ ગામડાઓમાં મરણ પામ્યાં જેની કોઇ દરકાર કરતું નહિ! જે બાબત કાંઈ જાણવામાં પણ ન આવતી. રસ્તા ઉપર વગર બાળેલાં વગર દાટેલાં મુડદાં પડ્યાં રહેતાં અને આખરે જંગલી પ્રાણીઓ તેમને ઠેકાણે કરતાં.

આમ નવા અમલની શરૂવાતમાંજ હિંદુસ્તાનની સરકારની મુશ્કેલીઓની, દેશમાં ફેલાયેલ દુઃખ અને નિર્ધનતાની, સૂચના આપવામાં આવી હતી. મહારાણી વિકટોરીઆના રાજ્યમાં ઘણા ફેરફારો હિંદુસ્તાનમાં થયા છે. સિંધ, પંજાબ, અયોધ્યા, મધ્યપ્રાન્તો, બ્રહ્મદેશ અને બલુચિસ્તાનના પ્રદેશો ખાલસા થયાથી સામ્રાજ્યની સીમાનો વિસ્તાર વધ્યો છે. આખો ભરતખંડ, રેલ્વે અને તારથી છવાઇ રહ્યો છે. જુદા જુદા પ્રાન્તોમાં હાઇ કોર્ટ અને યુનિવ્હર્સિટિઓની સ્થાપનાઓ થઇ છે, શહેરો વધ્યાં છે, અને ઘણો મુલક ખેડવાણ કરવામાં આવ્યો છે. લેજીસ્લેટિવ કાઉન્સિલો, અને ડિસ્ટ્રિક્ટ અને મ્યુનિસિપલ સભાઓની રચનાઓ થઇ છે. શહેરોમાં અંગ્રેજી કેળવણીનો અને ગામડાં અને કસબાઓમાં સ્વદેશી ભાષામાં અપાતી કેળવણીનો વિસ્તાર પણ ઘણો થયો છે, પણ આ રાજ્યમાં બે મહોટા સુધારા જોવામાં આવ્યા નથી.

આ બે સુધારા તે આ છે. આ રાજ્યમાં હજી લોકોને રાજ્યની કાર્યભાર* સભાઓમાં ભાગ અપાયો નથી. અને આ રાજ્યમાં લોકની સાંપત્તિક સ્થિતિ સુધરી નથી. આ, લોકોની સહાયતા વિના કદી થવાનું નથી. જ્હોન સ્ટુઅર્ટ મિલ કહે છે કે બીજાનાં હિત સાચવવાનો ગમે તેવો સાચો ઇરાદો હોય, પણ તે ઇરાદા સામે તે બીજાઓના હાથપગ બાંધી લેવાની રીત કદી સહીસલામત કે સારી અસર કરે તેવી નથી. જીવનમાં જે કાંઈ સ્થાયી સુધારા કરવા હોય તે પોતાનાજ શ્રમથી થઇ શકે છે, પણ હવે મહારાણી વિકટોરિયાનાઅમલના ભારતવર્ષના આર્થિક ઇતિહાસ સાથે સવિસ્તર પરિચય કરીએ.

વિભાગ ૧ લો સમાપ્ત.

---

* હાલ લોર્ડ મોર્લેના રાજ્યકીય સુધારામાં આ અગત્યના સુધારાને સ્થાન મળ્યું છે, એ બહુ ખુશીની વાત છે.